- મોટાભાગની ક્રેડિટકાર્ડ સંસ્થાઓ ઓનલાઈન વ્યવહારોને સુરક્ષિત બનાવવા માટે **SET (Secure Electronic Transfer)** નો ઉપયોગ કરે છે.

ડેબિટકાર્ડ



- ડેબિટકાર્ડ દેખાવમાં ક્રેડિટકાર્ડ જેવું લાગે છે, પરંતુ તેનુ કાર્ય અલગ છે.
- ગ્રાહકના બેન્ક ખાતામાંથી સીધા જ વ્યાપારીને રકમનું હસ્તાંતરણ કરી શકાય તે પ્રકારનું આ કાર્ડ છે.
- ડેબિટકાર્ડ ગ્રાહકને ખરીદીની મર્યાદામાં રાખે છે અને તેની ક્ષમતાથી વધુ ખરીદી કરવાની પરવાનગી આપતું નથી. ગ્રાહકના ખાતામાંથી રકમની તત્કાલ કપાત કરવામાં આવે છે.

સ્માર્ટકાર્ડ



- સ્માર્ટકાર્ડ દેખાવમાં ક્રેડિટકાર્ડ જેવું હોય છે, પરંતુ સપાટી પર માઈક્રોચિપ જડેલી હોવાથી તેનું કાર્ય અલગ પડે છે.
- ખાતાઓની માહિતી, આરોગ્ય સંબંધિત વીમાની માહિતી, અંગત કી અને ઉપયોગકર્તાની અન્ય અંગત માહિતીનો સ્માર્ટકાર્ડમાં સંગ્રહ કરવામાં આવે છે.

35 ગુજરાત સરકારની ઈ-ગવર્નન્સ પહેલ

જી-સ્વાન (GSWAN)

- GSWAN : Gujarat State Wide Area Network
- શરૂઆત ઈ.સ. 2001 માં થઈ હતી.
- GSWAN એ VPN (Virtual Private Network) છે.
- GSWAN એ IP આધારિત મલ્ટિ સર્વિસ (વોઈસ, ડેટા અને વીડિયો) સેવાઓ માટે 33 જિલ્લાઓ અને 247 તાલુકાઓ સાથે ગાંધીનગરથી સંચાલિત આઈટી ઈન્ફ્રાસ્ટ્રકચરથી કાર્યરત પ્રોગ્રામ છે.
- ગાંધીનગર સચિવાલયની મહત્વની ઓફિસોને હાઈસ્પીડ ઈન્ટરનેટ કનેકટીવિટી માટે SCAN (સચિવાલય કેમ્પસ એરીયા નેટવર્ક) બનાવાયું છે.
- GSWAN એ 'End To End' IP આધારિત તમામ જિલ્લાઓ અને તાલુકા કેન્દ્રોને સ્ટેટ ડેટા સેન્ટર સાથે જોડતું નેટવર્ક છે.

GSDC

- GSDC : Gujarat State Data Center
- ગુજરાત સ્ટેટ ડેટા સેન્ટર (GSDC) એ National e-Government Plan હેઠળ કાર્યરત ભારતનું પ્રથમ રાજ્યકક્ષાનું ડેટા સેન્ટર છે.
- ગુજરાત સરકાર દ્વારા ગવર્નન્સના દરેક કાર્યો ઓનલાઈન થઈ શકે તે હેતુથી GSDC ની સ્થાપના કરવામાં આવી છે.
- GSDC ને GSWAN સાથે કનેકટ કરવામાં આવ્યું છે.

SICN

- SICN : Sachivalaya Integrated Communication Network
- આ સર્વિસ સચિવાલયના કમ્યુનિકેશન માટે છે.
- SICN વડે ગાંધીનગર સ્થિત સચિવાલય, દરેક બોર્ડ તેમજ ઓફિસોને વોઈસ કમ્યુનિકેશન માટે સુવિધા પૂરી પાડવામાં આવે છે.

Icreate

- Icreate : International Centre for Entrepreneurship & Technology
- ગુજરાતમાં બાવળા નજીક દેવધોલેરા ખાતે Icreate કેન્દ્ર રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવ્યું છે.
- આ ઈમારત ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા ઈઝરાયેલના વડાપ્રધાન બેંજમીન નેતાન્યાહુની હાજરીમાં રાષ્ટ્રને સમર્પિત થઈ.
- આ પ્રોજેકટ માટે 4i (idea, innovation, internet, new India) નો શબ્દ પ્રયોગ થયો હતો.
- હેતુ : ઉદ્યોગ સાહસીકોને રચનાત્મકતા, નવીનીકરણ તથા ટેકનોલોજીના યોગ્ય ઉપયોગના મિશ્રણથી ઉદ્યોગ નવસાહસિકતાને સરળ બનાવવું.

IWDMS

- IWDMS : Integrated Workflow and Document Management System
- હેતુ : સરકારી વહીવટમાં પારદર્શિતા અને અસરકારકતા લાવવી.
- આ યોજનાથી સરકારી કર્મચારીઓના કાર્યોને મોનીટર કરી શકાશે.

આપણો તાલુકો વાઈબ્રન્ટ તાલુકો (ATVT)

- ATVT : આપણો તાલુકો વાઈબ્રન્ટ તાલુકો
- ગુજરાત સરકાર દ્વારા ઈ.સ. 2011-12 થી ATVT નામની ઓનલાઈન સિસ્ટમ શરૂ કરવામાં આવી છે.

36 ઈ-ગવર્નન્સ ક્ષેત્રે ભારતમાં લેવાયેલા પગલાં

આધારકાર્ડ



- ભારત સરકાર વતી **UIDAI (The Unique Identification Authority of India)** દ્વારા બહાર પાડવામાં આવેલ **12** અંકનો વ્યકિતગત ઓળખ નંબર છે.
- જે મિનિસ્ટ્રી ઓફ ઈલેકટ્રોનિકસ અને ઈન્ફર્મેશન ટેકનોલોજી, અંતર્ગત કાર્ય કરે છે.
- પ્રથમ આધારકાર્ડ **28** જાન્યુઆરી, **2009** ના રોજ બન્યું હતું.
- 'આધાર' એ વિશ્વની સૌથી મોટી બાયોમેટ્રિકસ આધારિત ઓળખ પદ્ધતિ છે.
- **Website : https://uidai.gov.in**

ઈ-નામ (e-Nam)



- **e-Nam : Electronic National Agriculture Market**
- **e-Nam** એ ભારતમાં કૃષિ ચીજવસ્તુઓ માટેનું ઓનલાઈન વેપાર મંચ છે.
- જેની શરૂઆત **14** એપ્રિલ, **2016** થી થઈ છે.
- જે ભારત સરકારના કૃષિ મંત્રાલય અંતર્ગત કાર્યરત છે.
- **Website : https://enam.gov.in**

BHIM



- **BHIM : Bharat Interface for Money**
- **BHIM** એ **UPI (Unified Payments Interface)** આધારિત, **NPCI (National Payments Corporation of India)** દ્વારા વિકસિત એક ભારતીય મોબાઈલ પેમેન્ટ એપ્લિકેશન છે.
- જેની શરૂઆત **30** ડિસેમ્બર **2016** થી કરાઈ છે.
- **Website : www.bhimupi.org.in**

CCTNS



- **CCTNS : Crime and Criminal Tracking Network & Systems**
- ભારત સરકાર હેઠળ ઈ-ગર્વનન્સ દ્વારા અસરકારક કામગીરી થાય તે માટે એક વ્યાપક અને સંકલિત સિસ્ટમ બનાવવા માટેનો પ્રોજેકટ છે.
- આ પ્રોજેકટ નેશનલ ક્રાઈમ રેકોર્ડસ બ્યુરો દ્વારા લાગુ કરવામાં આવ્યો છે.

Digi Locker



- ડિજિલોકર એ 'કાગળવિહીન શાસન' **(Paperless Governance)** ના વિચાર પર આધારિત એક ઓનલાઈન પ્લેટફોર્મ છે
- જેની શરૂઆત 'ડિજિટલ ઈન્ડિયા' મિશન અંતર્ગત કરવામાં આવી છે.
- ડિજિલોકરમાં વ્યકિત પોતાના દસ્તાવેજો અને પ્રમાણપત્રો અપલોડ કરી ઓનલાઈન સ્ટોર કરી શકે છે અને જરૂરી જગ્યાએ તેની ચકાસણી કે આદાન-પ્રદાન કરી શકે છે.
- ડિજિલોકરની સ્ટોરેજ ક્ષમતા **1 GB** સુધી જોવા મળે છે.
- આધાર નંબરનો ઉપયાગ કરી ડિજિલોકરમાં ખાતું ખોલાવી શકાય છે.
- ડિજિલોકર દસ્તાવેજોની પ્રમાણિકતાને માન્ય બનાવવાનું સરળ બનાવે છે કારણ કે તેમાં દસ્તાવેજો નોંધાયેલ દસ્તાવેજ આપતી સંસ્થા દ્વારા સીધા જ જારી કરવામાં આવે છે.
- **Website : www.digilocker.gov.in**

37 સાયબર સિક્યુરિટી

સાયબર સ્પેસ



- કમ્પ્યૂટરમાં રહેલી માહિતીના અખૂટ સ્ત્રોતને 'સાયબર સ્પેસ' તરીકે ઓળખવામાં આવે છે.
- સૌ પ્રથમ આ શબ્દનો ઉપયોગ વિલિયમ ગિબ્સને પોતાની બુક ન્યુરોમેસરમાં કર્યો હતો.

સાયબર વોરફેર



- સાયબર વોરફેર : માહિતી માટે કમ્પ્યૂટર દ્વારા થતું યુદ્ધ
- કમ્પ્યૂટર નેટવર્કને અડચણરૂપ બને તેને પણ 'સાયબર વોરફેર' કહે છે.

Spam



- ઈન્ટરનેટ માધ્યમથી ગેરકાયદેસર મોકલાયેલા મેસેજને 'સ્પામ' કહે છે.

Hacker



- કમ્પ્યૂટરમાં રહેલ મહત્વની માહિતી ચોરી લેનાર અથવા તેને નુકસાન પહોંચાડનાર વ્યક્તિને 'હેકર' કહેવામાં આવે છે.
- નુકસાન પહોંચાડવાની પ્રક્રિયાને 'હેકિંગ' કહે છે.
- હેકરના પ્રકાર :
  - **White Hat Hacker** : નેટવર્ક કે સોફ્ટવેરમાં રહેલી ખામી શોધનાર વ્યકિત
  - **Blue Hat Hacker** : સોફ્ટવેર લોન્ચ થતા પેહલા ખામી શોધી તેને વ્યવસ્થિત કરનાર વ્યકિત
  - **Black Hat Hacker** : ગેરકાનૂની કાર્ય કરવા માટે હેક કરનાર વ્યકિત

Cracker



- કોઈ લાયસન્સ સોફ્ટવેર અથવા નેટવર્કનો કોઈપણ રીતે પાસવર્ડ મેળવી તેનો ઉપયોગ કરે છે તેને 'ક્રેકર' કહે છે.

Malicious Code

- કમ્પ્યૂટર કે સિસ્ટમને નુકસાન પહોંચાડતા કોડને 'દુષિત કોડ' **(Malicious Code)** તરીકે ઓળખવામાં આવે છે.

Denial of Service Attack



- ઉપયોગકર્તા મશીન કે નેટવર્કને બંધ કરી તેને નિરુપયોગ બનાવવાને 'સેવાના અસ્વીકાર સ્વરૂપે આક્રમણ' **(Denial of Service Attack)** કહે છે.
- તે ઉપયોગકર્તાને અનેકગણા સંદેશાઓ મોકલે છે.
- નેટવર્ક પર યાતાયાતની મુશ્કેલીઓ ઊભી કરે છે.

Sniffing



- ડેટા અંતિમ સ્થાન સુધી પહોંચે તે પહેલા વચ્ચેથી જ તેમાં રહેલી માહિતીને શોધી રેકોર્ડ કરી લેવામાં આવે તેને 'સ્નિફિંગ' કહે છે.
- સ્નિફર પ્રોગ્રામનો ઉપયોગ ટેલિફોન પર થતી વાતચીતને નોંધવા સમાન છે.

Cyber Vandalism



- હયાત વેબસાઇટ પર કરવામાં આવતી ઇલેક્ટ્રોનિક ભાંગફોડીયા પ્રવૃત્તિને 'સાયબર જંગાલિયાત' **(Cyber Vandalism)** કહે છે.
- આક્રમણકાર વેબસાઈટની મૂળભૂત વિગતોને પોતાની વિગતો સાથે બદલી નાખે છે.
- મિલકતનો નાશ અથવા કોઈના ફોટોગ્રાફ પર કરવામાં આવતા દુષિત ફેરફારનું ઇલેક્ટ્રોનિક સ્વરૂપ છે.

39 કમ્પ્યૂટર સલામતી

- ઈન્ટરનેટનો ઉપયોગ કરતી વખતે રહેલાં ભયસ્થાનો અને ધમકીઓને પહોંચી વળવા માટે અનેક સુરક્ષાના ઉપાયોનું પ્રયોજન કરવામાં આવે છે. જે નીચે મુજબ છે :

Anti Virus



- વાઈરસથી બચવા માટે ઉપયોગમાં લેવાતા સોફ્ટવેરને **'Anti Virus'** સોફ્ટવેર કહે છે.
- ઉદાહરણ : **Norton, Avast, AVG, Mcfee, Quick Heal, Kaspersky**
- **Clam** ઓપન સોર્સ **Anti Virus** સોફ્ટવેર છે.

Firewall



- સંસ્થાના નેટવર્ક અને બહારની દુનિયા વચ્ચે સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતી નેટવર્કની સુરક્ષા સીમાને 'ફાયરવોલ' કહે છે.
- ફાયરવોલનો પ્રાથમિક હેતુ અનધિકૃત વ્યક્તિઓને સંસ્થાની ઈ-કોમર્સ વેબસાઈટના માળખાથી દૂર રાખવાનો છે.
- ફાયરવોલ એ બાબતની ખાતરી આપે છે કે સંસ્થાની અતિ મહત્વની વિગતો સલામત રીતે સચવાયેલી છે અને અનધિકૃત વ્યક્તિ તેનો દુરુપયોગ કરી શકશે નહીં.

Digital Certificate



- ઇલેક્ટ્રોનિક વ્યવહારમાં ઉપયોગકર્તાની ઓળખ સાબિત કરવા માટે ઉપયોગી સર્ટિફિકેટને 'ડિજિટલ સર્ટિફિકેટ' કહે છે.
- ધારકની ઓળખ પ્રસ્થાપિત કરવા માટે વિશ્વસનીય ત્રાહિત પક્ષ **(TTP : Trusted Third Party)** દ્વારા ડિજિટલ સર્ટિફિકેટ આપવામાં આવે છે.
- ડિજિટલ સર્ટિફિકેટ આપનાર ત્રાહિત પક્ષને 'સર્ટીફીકેશન ઓથોરિટી' **(CA : Certification Authority)** કહે છે.
- ડિજિટલ સર્ટિફિકેટમાં નીચેની બાબતોનો સમાવેશ કરવામાં આવેલ હોય છે :
  - ક્રમ
  - ધારકનું નામ
  - સમાપ્તિ તારીખ
  - ડિજિટલ સર્ટિફિકેટ ધારકની પબ્લિક કી
  - ધારકની સહી
  - સર્ટીફીકેટ આપનાર અધિકૃત પક્ષની સહી

SSL



- **SSL : Secure Sockets Layer**
- ઇન્ટરનેટ પર વેબ વ્યવહારની સુરક્ષા માટે **SSL** પ્રોટોકોલનો ઉપયોગ કરવામાં આવે છે.
- આ પ્રોટોકોલની રચના નેટસ્કેપ દ્વારા કરવામાં આવી હતી.
- **SSL** પ્રોટોકોલ એ ડિજિટલ સર્ટિફિકેટ દ્વારા વ્યાપારી કે દુકાનદારની અધિકૃતતા પ્રમાણિત કરે છે, જેથી ગ્રાહકને માન્ય માલિક સાથેના વ્યવહારની ખાતરી થાય છે.



- **VeriSign** ના લોગો દ્વારા વેબસાઈટ સુરક્ષિત છે કે નહીં તે જાણી શકાય છે.
- વેબસાઈટની સુરક્ષાનો અન્ય નિર્દેશ એ છે કે સુરક્ષિત જોડાણ ધરાવતી સાઇટનું સરનામું **http://** ના સ્થાને **https://** થી શરૂ થાય છે.

42 સોફ્ટવેર

સોફ્ટવેર



- કમ્પ્યૂટરના દરેક હાર્ડવેરને કાર્ય કરવા માટે સૂચનાઓ અને આદેશની જરૂર હોય છે. આ કામ સોફ્ટવેર દ્વારા થાય છે.
- સોફ્ટવેર હાર્ડવેરને જણાવે છે કે તેણે શું કરવાનું છે, ક્યારે કરવાનું છે અને કેવી રીતે કરવાનું છે.



System Software

- કમ્પ્યૂટર હાર્ડવેર સિસ્ટમને ચલાવવા માટે સિસ્ટમ સોફ્ટવેરની જરૂર પડે છે.



System Management Program

Operating System



- સમગ્ર કમ્પ્યૂટર સિસ્ટમનું સંચાલન કરે છે.
- ઉદાહરણ :
  - **DOS (Disk Operating System)**
  - **Windows**
  - **Linux**
  - **Unix**

Device Driver



- કોઈપણ હાર્ડવેરને ચલાવવા માટે ઉપયોગી સોફ્ટવેરને તે હાર્ડવેરનો 'ડિવાઇસ ડ્રાઇવર' કહેવાય છે.
- પ્રિન્ટર, મોનિટર કે સ્કેનર જેવા સાધનો સાથે ડ્રાઈવરની સીડી પણ આવે છે.

43 ઓપરેટિંગ સિસ્ટમ

ઓપરેટિંગ સિસ્ટમ



- ઓપરેટિંગ સિસ્ટમને ગુજરાતીમાં 'ચાલક પધ્ધતિ' કહે છે.
- હાર્ડવેર અને યુઝર વચ્ચે ઇન્ટરફેસનું કાર્ય કરે છે.
- કાર્ય :
  - ઇનપુટ અને આઉટપુટ સાધનોનું સંચાલન
  - પ્રોસેસિંગ માટે સૂચના અને આદેશ આપે છે.
  - મેમરીનું સંચાલન
  - ઓપરેટિંગ સિસ્ટમની મદદથી દરેક એપ્લિકેશન સોફ્ટવેર કાર્ય કરે છે.

કાર્યપદ્ધતિના આધારે પ્રકાર

Single User



- એક સમયે એક જ યુઝર કાર્ય કરી શકે.
- ઉદાહરણ : **DOS, Windows 3, Windows 95 / 97 / 98**
  - **DOS : Disk Operating System**

Multi User



- એક સમયે એક કરતાં વધુ યુઝર કાર્ય કરી શકે.
- ઉદાહરણ : **Unix, Linux, Windows 2000**

UNIX



- સ્થાપક : કેન થોમ્પસન અને ડેનિસ રિચી
- મલ્ટી યુઝર ટાઈમ શેરીંગ ઓપરેટિંગ સિસ્ટમ છે.
- મુખ્ય ઉપયોગ : વેબ સર્વર માટે
- કર્નલ દ્વારા ડેટા મેનેજમેન્ટ થતું હોય છે.
- વડુ મથક : ન્યૂયોર્ક (USA)
- હાલના CEO : સ્ટીવ નૂન

LINUX



- સ્થાપક : લીનસ ટોરવાલ્ડ્સ
- ઓપન સોર્સ ઓપરેટિંગ સિસ્ટમ છે.
- પ્રથમ આવૃત્તિ ઈ.સ.1991 માં જાહેર થઈ હતી.
- ઓળખ ચિહ્ન : પેંગ્વિન
- વડુ મથક : કેલિફોર્નિયા (USA)
- હાલના CEO : જિમ ઝેમલિન

Multi Processing



- એક કરતા વધારે પ્રોસેસર દ્વારા પ્રોસેસ કરી શકે.
- ઉદાહરણ : **Linux, Unix, Windows XP**

Multi Tasking



- એક સાથે એક કરતાં વધુ સોફ્ટવેર પર કાર્ય કરી શકે.
- ઉદાહરણ : **Linux, Unix, Windows 10 / 8 / 7 / XP**

Windows Operating System



- GUI મોડમાં કાર્ય કરતી ઓપરેટિંગ સિસ્ટમ છે.
  - GUI : Graphical User Interface
- આ ઓપરેટિંગ સિસ્ટમમાં ડિસ્પ્લે પર દેખાતો કન્ટેન્ટ અલગ-અલગ વિન્ડોમાં હોવાથી તે સિસ્ટમનું નામ Windows રાખવામાં આવ્યું છે.



જાણવા જેવું :

➡ Desktop :

- કમ્પ્યૂટરને શરૂ કરતાં પ્રથમ આવતી સ્ક્રીનને 'Desktop' કહે છે.
- Desktop ની પાછળ દેખાતા પિકચરને 'Wallpaper' કહે છે.

➡ Icon :

- Icon : Image on Console
- Desktop પર રહેલા નાના નાના પિકચરને 'Icon' કહે છે.
- Icon નું Extension : .ico / .png

➡ File :

- ડેટાના સમૂહને 'ફાઈલ' કહે છે.

➡ Folder :

- ફાઈલોના સમૂહને 'ફોલ્ડર' કહે છે.
- ફાઈલ કે ફોલ્ડરનું નામ બદલવાની શોર્ટકટ કી : F2
- નવું ફોલ્ડર બનાવવામાં આવે તો તેનું ડિફોલ્ટ નામ : New Folder
- Windows પ્રોગ્રામમાં ફાઈલનું નામ 255 કેરેકટર સુધી હોઈ શકે છે.

➡ Task Bar :

- Desktop માં સૌથી નીચે જોવા મળતી આડી પટ્ટીને 'Task Bar' કહે છે.

➡ Recycle Bin :

- Recycle Bin માં કમ્પ્યૂટરમાંથી ડીલીટ કરેલી ફાઈલ જોવા મળે છે.
- ફાઈલને સંપૂર્ણપણે ડીલીટ કરવા માટેની શોર્ટકટ કી : Shift + Del

અત્યાર સુધીમાં પુછાયેલા પ્રશ્નો

1) Microsoft ના સ્થાપક :
   Ans : બિલ ગેટ્સ અને પૌલ એલન
2) Microsoft નું વડુમથક :
   Ans : વોશિંગ્ટન (USA)
3) DOS નું પૂર્ણ નામ :
   Ans : Disk Operating System
4) DOS Command - CLS :
   Ans : સ્ક્રીનને ક્લિયર કરવા
5) બેચ ફાઈલનું File Extension :
   Ans : .BAT
6) એક્ઝિક્યુટેબલ ફાઈલનું File Extension :
   Ans : .EXE
7) CLI નું પૂર્ણ નામ :
   Ans : Command Line Interface
8) GUI નું પૂર્ણ નામ :
   Ans : Graphical User Interface

45 કમ્પ્યૂટર પ્રોગ્રામિંગ લેંગ્વેજ

કમ્પ્યૂટર પ્રોગ્રામિંગ



- પ્રોગ્રામ લખવાની પ્રક્રિયાને 'પ્રોગ્રામિંગ' કહેવાય છે.
- પ્રોગ્રામ જે ભાષામાં લખવામાં આવે છે તેને 'પ્રોગ્રામિંગ લેંગ્વેજ' કહેવાય છે.
- કમ્પ્યૂટર સોફ્ટવેર તૈયાર કરનાર વ્યક્તિને 'પ્રોગ્રામર' કહેવાય છે.

Computer Programming Language

- **Computer Programming Language** ના મુખ્ય પ્રકાર :



Low Level Language

Machine Language



- બાઈનરી ડિજિટ 1 અથવા 0 માં લખાયેલી ભાષાને 'મશીન લેંગ્વેજ' કહેવાય છે.

Assembly Language



- અક્ષર અને અંકોના બનેલા ન્યુમોનિક કોડનો ઉપયોગ થાય છે.
- એસેમ્બલી લેંગ્વેજમાં લખાયેલ પ્રોગ્રામને 'સોર્સ પોગ્રામ' કહેવામાં આવે છે.
- મશીન લેંગ્વેજમાં રૂપાંતર થઈ જાય પછી તેને 'ઓબ્જેક્ટ પ્રોગ્રામ' કહેવાય છે.
- ઍસેમ્બ્લર : એસેમ્બલી લેંગ્વેજને મશીન લેંગ્વેજમાં ફેરવે છે.

High Level Language



- **High level Language** ને 'ત્રીજી પેઢીની લેંગ્વેજ' પણ કહેવાય છે.
- પ્રોગ્રામર માટે સરળ લેંગ્વેજ છે.
- કમ્પાઈલર અને ઈન્ટરપ્રીટર દ્વારા મશીન લેંગ્વેજમાં ફેરવવામાં આવે છે.
  - કમ્પાઈલર : હાઇ લેવલ લેંગ્વેજને એકસાથે મશીન લેંગ્વેજમાં ફેરવે છે.
  - ઈન્ટરપ્રીટર : હાઇ લેવલ લેંગ્વેજને લાઈન-બાય-લાઈન મશીન લેંગ્વેજમાં ફેરવે છે.
- **High Level Language :**
  - **FORTRAN**
  - **COBOL**
  - **ALGOL**
  - **BASIC**
  - **Short Code**
  - **C**
  - **C++**
  - **JAVA**
  - **PASCAL**
  - **LOGO**



46 HTML

HTML



- **HTML : Hyper Text Markup Language**
- **HTML** વેબપેજનુ વર્ણન કરતી એક ભાષા છે.
- **HTML** એ માર્કઅપ એટલે કે સંજ્ઞાકિત ભાષા છે.
- **HTML** વેબપેજના શીર્ષક, મથાળું, કોષ્ટક, છબી વગેરે પ્રકારના લખાણને નિશાની આપવા માટેની દસ્તાવેજી ભાષા છે.
- **HTML** એ **SGML (Standardized General Markup Language)** ભાષા પરથી ઉતરી આવેલી ભાષા છે.
- **SGML** ભાષા એ ઈ.સ. **1986** માં **ISO (International Organization for Standardization)** દ્વારા મશીન વાંચી શકે તેવા દસ્તાવેજોના આદાન-પ્રદાનની સુવિધા માટે તૈયાર કરવામાં આવી હતી.
- **HTML** માં વપરાતા વિવિધ ટેગ અને તેના ઉપયોગ નીચે મુજબ છે :

ટેગ	ઉપયોગ
<html>	ડોકયુમેન્ટને વ્યાખ્યાયિત કરવા માટે
<head>	ડોકયુમેન્ટની માહિતી વ્યાખ્યાયિત કરવા માટે
<title>	ડોકયુમેન્ટનું ટાઈટલ વ્યાખ્યાયિત કરવા માટે
<h1> to <h6>	ડોકયુમેન્ટમાં વિવિધ સાઈઝના હેડિંગ આપવા માટે
<!-----.....-----!>	ડોકયુમેન્ટમાં કમેન્ટ ઉમેરવા માટે
<p>	લખાણને ફકરા સ્વરૂપે દર્શાવવા માટે
  અથવા 	લખાણને નવી લીટી પરથી શરૂ કરવા માટે
<pre>	લખાણને પ્રિ-ફોર્મેટેડ સ્વરૂપે દર્શાવવા માટે
<b>	લખાણને ઘાટા અક્ષરે દર્શાવવા માટે
<u>	લખાણની નીચે અંડરલાઈન કરવા માટે
<i>	લખાણને ત્રાંસા કરવા માટે
<s> અથવા <strike>	લખાણ છેકી નાંખેલ હોય તે સ્વરૂપે દર્શાવવા માટે
<tt>	લખાણને ટાઈપ રાઈટર જેવા અક્ષરોમાં દર્શાવવા માટે
<form>	**HTML** ફોર્મ દર્શાવવા માટે
<hr>	વેબપેજમાં આડી લીટી દર્શાવવા માટે

- ફ્લોચાર્ટમાં વપરાતાં પ્રતીકો :
- **ANSI (American National Standard Institute)** એ ફ્લોચાર્ટમાં ઉપયોગમાં લેવાતા પ્રમાણભૂત પ્રતીકો નિશ્ચિત કર્યા છે.
- આ પ્રતીકો, તેમના આકારો અને તે શાનો નિર્દેશ કરે છે જે નીચે મુજબ છે :

	Symbol	Example	Functional
1	 Terminal (Oval)		Start Action. End Action.
2	 Input / Output (Parallelogram)		Assign a value to X. Write the value of Y.
3	 Process (Rectangle)		Add the value of A and B and store the result in C.
4	 Decision (Diamond)		If X > Y then, Yes path is followed; otherwise No path is followed.
5	 Connector (Circle)		Entry in the flowchart is made at connecting point 1.
6	Flow Line (Arrow)		Shows the path to be followed.

સ્યૂડો કોડ

- કોઈ કાર્યના અમલીકરણ માટે પ્રોગ્રામ લોજિક તૈયાર કરવાની રીત છે.
- તર્કોને ટૂંકી ભાષામાં લખવામાં આવે છે.
- સ્યૂડો કોડને પ્રોગ્રામિંગ લેંગ્વેજમાં રૂપાંતરીત કરવું સરળ હોય છે.

```
pseudocode is useful:

• to describe how an algorithm
should work

• to explain a computing process
to less-technical users

• to design code in a group setting
```

અત્યાર સુધીમાં પુછાયેલા પ્રશ્નો

1) અલ્ગોરિધમના ચિત્રાત્મક રૂપાંતરને _____ કહે છે.

   Ans : ફ્લોચાર્ટ

2) કોઈપણ કાર્યના ઉકેલ માટે પદ્ધતિસર માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવે છે. તેમા દરેક કાર્યરૂપી પગથિયાં સ્પષ્ટ રીતે વર્ણવેલ હોય છે. આ માર્ગદર્શિકા કે જે સામાન્ય રીતે સરળ અંગ્રેજી ભાષામાં લખેલ હોય છે. તેને _____ કહેવામાં આવે છે.

   Ans : અલ્ગોરિધમ

48 ડેટાબેઝ મેનેજમેન્ટ સિસ્ટમ

ડેટા



- દરેક પ્રકારની હકીકત, આંકડાઓ અને વ્યક્તિઓ વિશેની વિગત, જગ્યાઓ, વસ્તુઓ અથવા પ્રસંગોને 'ડેટા' કહેવામાં આવે છે.
- ડેટા મૌખિક, લેખિત, કમ્પ્યૂટીકરણ અથવા કમ્પ્યૂટીકરણ ન કરેલા પણ હોઈ શકે.

ઈન્ફોર્મેશન



- ડેટા ઉપર પ્રક્રિયા કરીને મેળવેલ જરૂરી પરિણામ એટલે ઇન્ફોર્મેશન.
- ઇન્ફોર્મેશન બીજું કઈ નથી પણ પ્રક્રિયા કરેલા ડેટા છે.

ડેટાબેઝ



- એકબીજા સાથે સંબંધિત સુવ્યસ્થિત રીતે સંગૃહીત ડેટા-આઇટમ્સનો જથ્થો છે.

Database Management System (DBMS)



- ડેટાબેઝના નિયંત્રણ સંબંધિત બધી ક્રિયાઓ 'ડેટાબેઝ મૅનેજમેન્ટ' તરીકે ઓળખાય છે.
- આ પ્રકારના ખાસ કામ કરવા માટે વિશિષ્ટ પ્રકારના સોફ્ટવેરની જરૂર પડે છે. આવા સોફ્ટવેરને 'ડેટાબેઝ મૅનેજમેન્ટ સિસ્ટમ' (DBMS) તરીકે ઓળખવામાં આવે છે.
- કાર્ય : ડેટાને સંગ્રહ કરે, જાળવણી કરે તથા જરૂર પડ્યે ઇન્ફોર્મેશન આપવાનું

Relational Database Management System (RDBMS)



- જ્યારે સંગ્રહિત થયેલ ડેટાનો સંબંધ અન્ય સંગ્રહિત ડેટા સાથે જોડવામાં આવે છે. તેને 'રિલેશનલ ડેટાબેઝ મૅનેજમેન્ટ સિસ્ટમ' કહે છે.

DBMS Software



- **Oracle**
- **Ingress**
- **DB2**
- **SQL Server**
- **My SQL**
- **MS Access**
- **Base**

ડેટાબેઝના ઘટકો

Table



- ડેટાબેઝમાં ડેટાનો સંગ્રહ ટેબલ (કોષ્ટક) સ્વરૂપે થયેલો હોય છે.

Forms



- ટેબલમાં નવા રેકોર્ડ ઉમેરવા, હાલના રેકોર્ડમાં ફેરફાર કરવા કે રેકોર્ડને જોવા માટે ફોર્મ્સનો ઉપયોગ થાય છે.

49 ક્લાઉડ કમ્પ્યૂટિંગ

ક્લાઉડ કમ્પ્યૂટિંગ



- ક્લાઉડ એટલે પબ્લિક કે લોકો.
- કમ્પ્યૂટરના ઉપયોગ દ્વારા કરવામાં આવતી ક્રિયાઓને 'કમ્પ્યૂટિંગ' કહે છે.
- ક્લાઉડ એક એવું સુવ્યવસ્થિત જાળું છે કે જેમાં સર્વરની સ્ટોરેજ ક્ષમતાને વિવિધ ઉપયોગકર્તામાં વહેંચી દેવામાં આવે છે.
- ઉપયોગકર્તાને તેમના ડેટા અને સંસાધનોને દુનિયાનાં કોઈપણ ખૂણામાંથી ઉપયોગ કરવાની સુવિધા આપે છે.

Cloud Computing



- ક્લાઉડ કમ્પ્યૂટિંગનો ઉપયોગ અંગત તેમજ ઓફિસ એમ બંને માટે કરી શકાય છે.
- ઉપયોગની દ્રષ્ટિએ બે પ્રકાર :
  - 1) અંગત ઉપયોગ માટે અંગત ક્લાઉડ કમ્પ્યૂટિંગ
  - 2) કચેરી કે ઓફિસ માટે ક્લાઉડ કમ્પ્યૂટિંગ
- **Google Drive** એ અંગત ક્લાઉડ કમ્પ્યૂટિંગનું પ્રચલિત ઉદાહરણ છે.
- તમામ પ્રકારની ફાઈલોના નિ:શુલ્ક સંગ્રહ અને ઉપયોગ માટે પ્રારંભમાં **5 GB (અત્યારે 15 GB)** જેટલી જગ્યા પૂરી પાડવામાં આવે છે.

Cloud Computing Service Models



- ઉદ્યોગ-ધંધા માટે ક્લાઉડ કમ્પ્યૂટિંગની રૂપરેખાના જુદા જુદા ત્રણ મોડેલ છે.
  - **1) SaaS : Software as a Service**
  - **2) IaaS : Infrastructure as a Service**
  - **3) PaaS : Platform as a Service**

SaaS



- **SaaS : Software as a Service**
- કલાઉડની સેવા પ્રદાનકર્તા, ધંધાકીય એકમોના સોફ્ટવેરને પોતાના સર્વર પર મૂકે છે.
- જેથી સેવા લેનાર કંપનીએ પોતાના કમ્પ્યૂટર પર સોફ્ટવેર ઇન્સ્ટોલ કરવાની જરૂર રહેતી નથી.
- ધંધાકીય એકમોને નીચેની બાબતોમાંથી મુક્તિ આપે છે.
  - સોફ્ટવેર ખરીદવાની
  - સોફ્ટવેર ઇન્સ્ટોલ કરવાની
  - સોફ્ટવેરની જાળવણી કરવાની
- ઉદાહરણ : **CRM : Customer Relationship Management**

IaaS



- **IaaS : Infrastructure as a Service**
- કલાઉડ સેવા પ્રદાનકર્તા પાસેથી ધંધાકીય એકમો હાર્ડવેર સાધનોને ભાડે લે છે.
- ધંધાકીય એકમોને પોતાના ભૌતિક સંસાધનો વસાવવાની જરૂર રહેતી નથી.
- ધંધાકીય એકમોને નીચેની બાબતોમાંથી મુક્તિ આપે છે.
  - ગણતરીઓ
  - સંગ્રહ અને બેકઅપ
  - નેટવર્કના ભાગ

53 RFID અને Biometrics

RFID

- **RFID : Radio Frequency Identification**
- વસ્તુને શોધવા અને પરખ કરવા માટે બજારમાં સૌથી વધુ ઉપયોગમાં લેવાતી ટેક્નોલૉજી છે.
- રેડિયો ફ્રિક્વન્સી આઈડેન્ટિફિકેશન સિસ્ટમ ત્રણ ભાગોની બનેલી છે.



1) એન્ટેના (Antenna)

- તે ટૂંકા અંતરની અંદર રેડિયો ફ્રિક્વન્સી સંકેતો ઉત્પન્ન કરવા માટે ઉપયોગમાં લેવાય છે.
- તેમાં અંતર 10 સેન્ટિમીટરથી 200 મીટરની વચ્ચે હોઈ શકે છે.

2) ટ્રાન્સિવર (Transceiver)

- તે રેડિયો ફ્રિક્વન્સી સંકેતોને વાંચે છે.
- તે 'રેડિયો ફ્રિક્વન્સી રીડર' પ્રકારના પ્રક્રિયા કરતા સાધનને માહિતી પહોંચાડે છે.
- તે ટ્રાન્સપોન્ડરમાં સંગ્રહાયેલ ડેટાનું અર્થઘટન કરવા 'ડીકોડર' તરીકે કાર્ય કરે છે.

3) ટ્રાન્સપોન્ડર (Transponder)

- ટ્રાન્સપોન્ડર એ RFID ટેગ છે.
- તે ઓબ્જેક્ટ સાથે જોડાયેલ હોય છે.
- ટેગ એ પ્રોગ્રામનો સંગ્રહ કરેલ માઈક્રોચીપ છે.
- તેમાં આશરે 2000 બાઈટ્સ કે તેથી ઓછા બાઈટ્સ જેટલી માહિતીનો સંગ્રહ કરી શકાય છે.
- ટેગ એ સક્રિય કે નિષ્ક્રિય હોઈ શકે છે.
- ક્રિયાશીલ ટેગ બેટરી સાથે આવે છે. જ્યારે અક્રિયાશીલ ટેગને કાર્ય કરવા માટે બેટરીની જરૂર પડતી નથી.
- જ્યારે ટેગ એન્ટેનાના ક્ષેત્રમાંથી પસાર થાય છે, ત્યારે જ RFID ટેગમાંથી ડેટાનું પ્રસારણ થાય છે.
- ટેગ ત્યારપછી એન્ટેનામાંથી સક્રિય થયાના સંકેતોને ચકાસે છે. આમ થવાથી RFID ટેગ સક્રિય થાય છે. ત્યારબાદ સ્કેનિંગ એન્ટેના દ્વારા ઝીલવા માટે તેની માઈક્રોચીપ પર રહેલી માહિતી પ્રસારિત કરે છે.
- RFID ટેક્નોલૉજીનો વિવિધ ક્ષેત્રમાં ઉપયોગ નીચે મુજબ છે :
  - 1) RFID નો ઓલિમ્પિક ગેમ્સમાં ઉપયોગ
  - 2) RFID નો પશુપાલન અને કૃષિવ્યવસ્થાપનમાં ઉપયોગ
  - 3) RFID નો ગ્રંથાલયોમાં ઉપયોગ
  - 4) RFID નો સુપરમાર્કેટમાં ઉપયોગ

Biometrics

- હાલના સમયમાં જે પ્રમાણે ટેક્નોલૉજીનો ઉપયોગ થઈ રહ્યો છે તેને જોતા માહિતીના ઉપયોગ પર નિયંત્રણ મુકવું જરૂરી બન્યું છે.
- માહિતીના નિયંત્રણ માટે નીચે મુજબની જુદી જુદી પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે.
  - પાસવર્ડ દ્વારા સુરક્ષા (Password Protection)
  - માહિતીના ઉપયોગ માટેના અધિકાર (Access Rights)
  - સાંકેતીકરણ (Encryption)

55 માઈક્રોસોફ્ટ ઓફિસનો પરિચય

Microsoft Office

- MS Office અલગ-અલગ એપ્લિકેશન સોફ્ટવેરનું પેકેજ છે.
- MS Office ની પ્રથમ આવૃત્તિ ઈ.સ.1990 માં મુખ્ય 3 સોફ્ટવેરનો ઉપયોગ થયો હતો. જેમાં MS Word, MS Excel અને MS PowerPoint હતા.
- MS Office ના મુખ્ય 5 સોફ્ટવેર :

1	MS Word	Word Processing Software
2	MS Excel	Spreadsheet / Tabular Data Formatting Software
3	MS PowerPoint	Presentation Software
4	MS Access	Data Management Software
5	MS Outlook	Email Client Software



- MS Officeના અગત્યના અન્ય સોફ્ટવેર :

6	MS OneNote	Notetaking Software
7	MS Publisher	Desktop Publishing Software
8	MS InfoPath	Collaborative Software
9	MS Project	Project Management Software









Open Office

1	Writer	Word Processing Software
2	Calc	Spreadsheet Software
3	Impress	Presentation Software
4	Base	Data Management Software
5	Drawing	Draw Software

56 માઈક્રોસોફ્ટ વર્ડ

Microsoft Word



- MS Word એ એક Word Processor Software છે.
- ઉપયોગ : નવું ડોક્યુમેન્ટ બનાવવા માટે, તેમાં સુધારા કરવા માટે, લખાણની સાથે વિવિધ પ્રકારના ગ્રાફિક સેટ કરી ડોક્યુમેન્ટ બનાવવા માટે
- સૌ પ્રથમ Word Processor Software : WordStar
- અન્ય Word Processor Software : Notepad, WordPad
- MS Word ચાલુ કરવાની પ્રથમ રીત :
  - Press Windows Key + Rની મદદથી Run Menu ખોલવું.
  - Run Menu માં winword લખવું
  - Enter આપવાથી Word શરુ થશે



- MS Word ચાલુ કરવાની બીજી રીત :
  - સૌપ્રથમ Start બટન પર ક્લિક કરવું
  - ત્યારબાદ All Program પર ક્લિક કરવું
  - ત્યારબાદ Microsoft Office 2013 પર ક્લિક કરવું
  - ત્યારબાદ Word 2013 પર ક્લિક કરવાથી Word શરુ થશે
- MS Word ચાલુ કરવાની ત્રીજી રીત :
  - સૌપ્રથમ Desktop પર Right Click કરવું
  - ત્યારબાદ New પર ક્લિક કરવું
  - ત્યારબાદ Microsoft Word Document પર ક્લિક કરવાથી Word શરુ થશે
- MS Word ચાલુ કરવાની ચોથી રીત :
  - સૌપ્રથમ Start બટન પર ક્લિક કરવું.
  - ત્યારબાદ Search Box માં word લખવું.
  - ત્યારબાદ Word 2013 પર ક્લિક કરવાથી Word શરુ થશે.



Title Bar

- Word Window માં સૌથી ઉપર દેખાતી પટ્ટીને 'Title Bar' કહે છે.
- Default File Name : Document 1



Menu Bar

- Title Bar ની નીચે આવેલા બારને 'Menu Bar' કહે છે



Ribbon

- દરેક મેનુની નીચે ખુલતા વિકલ્પને 'Ribbon' કહે છે.



Ruler

- પેજમાં લખાણના ભાગને માપવા માટે **Horizontal Ruler** તથા **Vertical Ruler** નો ઉપયોગ કરવામાં આવે છે.



Scroll Bar

- વર્ડના પેજમાં લખાણને ડાબેથી જમણે તથા ઉપરથી નીચે જોવા માટે **Scroll Bar** નો ઉપયોગ કરવામાં આવે છે.



Status Bar

- **Word Window** માં સૌથી નીચે દેખાતી પટ્ટીને **'Status Bar'** કહે છે.



Document Window

- **Word Window** માં લખાણ માટે વચ્ચે રહેલ ભાગને **'Document Window'** કહે છે.



Important Facts

- **Default Name : Document 1**



- **Default Font Name : Calibri (Body)**



Styles

- **Styles :** લખાણની અલગ અલગ સ્ટાઈલ આપવા માટે



Editing

- **Find :** શબ્દ શોધવા માટે
  - **Shortcut : Ctrl + F**
- **Replace :** શબ્દ બદલવા માટે
  - **Shortcut : Ctrl + H**
- **Select :** લખાણને સિલેક્ટ કરવા માટે



Insert menu



Pages

- **Cover Page :** ડિઝાઇનવાળુ પ્રથમ પેજ ઉમેરવા માટે
- **Blank Page :** ખાલી પેજ ઉમેરવા માટે
- **Page Break :** પેજને બ્રેક કરવા માટે



Tables

- **Tables :** ટેબલ ઉમેરવા માટે



Illustrations

- **Picture :** કમ્પ્યૂટરમાં રહેલી કોઈ Image ઉમેરવા માટે
- **Online Picture :** ઇન્ટરનેટની મદદથી Image ઉમેરવા માટે
- **Shapes :** વિવિધ પ્રકારના Shapes ઉમેરવા માટે
- **SmartArt :** સ્માર્ટ ગ્રાફિક્સ ઉમેરવા માટે
- **Chart :** માહિતીને ચાર્ટ સ્વરૂપે દર્શાવવા માટે
- **Screenshot :** Screenshot માટે







Shortcut	Description
Ctrl + G	Go to Option
Ctrl + H	Replace
Ctrl + I	Italic
Ctrl + J	Justify
Ctrl + K	Hyperlink
Ctrl + L	Left Alignment
Ctrl + M	Increase Indent
Ctrl + Shift + M	Remove Indent
Ctrl + N	New File
Ctrl + O (Ctrl + F12)	Open an existing File
Ctrl + P	Print
Ctrl + Q	Remove Indent
Ctrl + R	Right Alignment
Ctrl + S	Save
Ctrl + T	Create a Hanging Indent
Ctrl + Shift + T	Remove a Hanging Indent
Ctrl + U	Underline
Ctrl + V	Paste
Ctrl + W	Close Document Window
Ctrl + X	Cut
Ctrl + Y	Redo
Ctrl + Z	Undo
Ctrl +]	ફોન્ટ સાઇઝ વધારવા (+1 pt)
Ctrl + Shift + >	ફોન્ટ સાઇઝ વધારવા (+2 pt)
Ctrl + [	ફોન્ટ સાઇઝ ઘટાડવા (-1 pt)

અત્યાર સુધીમાં પુછાયેલા પ્રશ્નો

1) સૌપ્રથમ Word Processor Software :

Ans : WordStar

2) Word Window માં સૌથી ઉપર દેખાતી પટ્ટીને _____કહે છે.

Ans : Title Bar

3) MS Word 2013 Default File Name :

Ans : Document 1

4) Word Window માં Title Bar ની નીચે આવેલા બારને _____કહે છે

Ans : Menu Bar

5) Word Window માં સૌથી નીચે દેખાતી પટ્ટીને _____કહે છે.

Ans : Status Bar

6) MS Word 2013 Default Font Size :

Ans : 11

7) MS Word 2013 Min Zoom :

Ans : 10%

8) MS Word 2013 Max Zoom :

Ans : 500%

9) MS Word 2013 Default Gutter Position :

Ans : Left

10) MS Word 2013 Default Save Name :

Ans : Doc1

11) MS Word 2013 Default Font Size :

Ans : 11

12) MS Word 2013 નું File Extension :

Ans : .docx

13) Shortcut Key - Cut :

Ans : Ctrl + X

14) Shortcut Key - Copy :

Ans : Ctrl + C

15) Shortcut Key - Paste :

Ans : Ctrl + V

16) Shortcut Key - Bold :

Ans : Ctrl + B

17) MS Word 2013 માં શબ્દ પર આડી લાઈન કરવા માટે ઉપયોગી વિકલ્પ :

Ans : Strikethrough

18) MS Word 2013 માં લખાણની નીચેના ભાગે કોઈ લખાણ લખવા માટે ઉપયોગી વિકલ્પ :

Ans : Subscript

19) MS Word 2013 માં લખાણની ઉપરના ભાગે કોઈ લખાણ લખવા માટે ઉપયોગી વિકલ્પ :

Ans : Superscript

20) Shortcut Key - Subscript :

Ans : Ctrl + =

21) Shortcut Key - Superscript :

Ans : Ctrl + Shift + +

57 માઈક્રોસોફ્ટ એક્સેલ

Microsoft Excel

- MS Excel એ Spreadsheet પ્રોગ્રામ છે.
- Spreadsheet ને 'Worksheet' પણ કહેવામાં આવે છે.
- ઉપયોગ :
  - ગણતરી કરવા
  - બજેટ બનાવવા
  - બિલ બનાવવા
  - એકાઉન્ટિંગને લગતા કાર્યો
  - ડેટાના આધારે વિવિધ પ્રકારના ચાર્ટ, ગ્રાફ અને રિપોર્ટ તૈયાર કરવા માટે
- MS Excel ચાલુ કરવાની પ્રથમ રીત :
  - Press Windows Key + R ની મદદથી Run Menu ખોલવું
  - Run Menu માં excel લખવું
  - Enter આપવાથી Excel શરુ થશે



- MS Excel ચાલુ કરવાની બીજી રીત :
  - સૌપ્રથમ Start બટન પર ક્લિક કરવું
  - ત્યારબાદ All Program પર ક્લિક કરવું
  - ત્યારબાદ Microsoft Office 2013 પર ક્લિક કરવું
  - ત્યારબાદ Excel 2013 પર ક્લિક કરવાથી Excel શરુ થશે
- MS Excel ચાલુ કરવાની ત્રીજી રીત :
  - સૌપ્રથમ Desktop પર Right Click કરવું
  - ત્યારબાદ New પર ક્લિક કરવું
  - ત્યારબાદ Microsoft Excel Worksheet પર ક્લિક કરવાથી Excel શરુ થશે
- MS Excel ચાલુ કરવાની ચોથી રીત :
  - સૌપ્રથમ Start બટન પર ક્લિક કરવું
  - ત્યારબાદ Search Box માં excel લખવું
  - ત્યારબાદ Excel 2013 પર ક્લિક કરવાથી Excel શરુ થશે



Title Bar

- Excel Window માં સૌથી ઉપર દેખાતી પટ્ટીને 'Title Bar' કહે છે.
- Default File Name : Book 1



Menu Bar

- Title Bar ની નીચે આવેલા બારને 'Menu Bar' કહે છે.



- **Minimum Font Size : 8**
- **Maximum Font Size : 72**



- **Default Font Style : Regular**



- **Default Page Orientation : Portrait**



- **Min Zoom : 10%**



- **Max Zoom : 400%**



- **Default Align : Bottom**



- **Default Chart : Column**



- **Default Row Height : 15**



- **Default Column Width : 8.43**



- **Default Save Name : Book1**
- **Default Save Location : Documents**
- **File Extension : .xlsx**





File Menu



- **Info :** વર્કબુકની ઇન્ફોર્મેશન હોય છે.
- **New :** નવી વર્કબુક બનાવી શકાય.
- **Open :** કમ્પ્યૂટરમાં રહેલી એક્સેલ ફાઇલ ઓપન કરી શકાય.
- **Save :** વર્કબુકને સેવ કરી શકાય.
- **Save as :** અન્ય નામે તથા બીજા ફોર્મેટમાં સેવ કરી શકાય.

Data Menu



Get External Data

- **Get External Data : બહારથી ડેટા વર્કશીટમાં મેળવવા માટે**





Connections

- **Refresh All : બનાવેલ ડેટા કનેક્શનને રિફ્રેશ કરવા**
  - **Shortcut : Ctrl + Alt + F5**
- **Connections : વર્કબુકમાં રહેલા ડેટા કનેક્શનને જાણવા માટે**



Sort & Filter

- **Sort : લખાણને ચડતા અથવા ઉતરતા ક્રમમાં ગોઠવવા**
- **Filter : વર્કશીટમાં રહેલ ડેટા માંથી કોઈ ચોક્કસ શરતવાળા જ Data જોઈ શકાય છે.**
- **શરત સાથે મેચ ના થાય તે ડેટા Hide થઇ જશે**
  - **Shortcut : Ctrl + Shift + L**



Data Tools

- **Text to Columns : Text ને Column માં ફેરવવા માટે**
- **Flash Fill : ઇનપુટ કરેલ ડેટાને પેટર્ન મુજબ Automatically Fill કરવા માટે**
  - **Shortcut : Ctrl + E**
- **Remove Duplicates : Duplicate ડેટાને દૂર કરવા માટે**
- **Data Validation : એક્ટિવ વર્કશીટમાં ડેટા એન્ટ્રી કરતી વખતે તેની રેન્જ નક્કી કરી શકાય. જો તે રેન્જ બહાર વેલ્યુ લખાય તો યુઝરને મેસેજ મળે છે.**
- **Consolidate : વર્કશીટના કોઈ ચોક્કસ એરિયામાંથી સિલેક્ટ કરેલ ડેટાને Summarize કરી તેને Table માં દર્શાવી શકાય.**
- **What-If Analysis : Worksheet માં રહેલ સૂત્ર માટેના વિવિધ મૂલ્યો જાણવા માટે**
- **Scenario Manager :**
- **Goal Seek :**
- **Data Table :**











Maths function

Function	Description
SUM ( )	સરવાળા માટે
PRODUCT ( )	ગુણાકાર માટે
SUMPRODUCT ( )	ગુણાકાર કરી સરવાળો મેળવવા માટે
AVERAGE ( )	સરેરાશ માટે
MIN ( )	નાની સંખ્યા મેળવવા માટે
MAX ( )	મોટી સંખ્યા મેળવવા માટે
LCM ( )	લ.સા.અ. મેળવવા માટે
GCD ( )	ગુ.સા.અ. મેળવવા માટે
ODD ( )	એકી સંખ્યા મેળવવા માટે
EVEN ( )	બેકી સંખ્યા મેળવવા માટે
ISODD ( )	એકી સંખ્યા છે કે નહીં તે ચકાસવા માટે
ISEVEN ( )	બેકી સંખ્યા છે કે નહીં તે ચકાસવા માટે
POWER ( )	વર્ગ કે ઘન મેળવવા માટે
SQRT ( )	વર્ગમૂળ મેળવવા માટે
FLOOR ( )	અપૂર્ણાંક સંખ્યાથી નાની પૂર્ણાંક સંખ્યા મેળવવા માટે
CEILING ( )	અપૂર્ણાંક સંખ્યાથી મોટી પૂર્ણાંક સંખ્યા મેળવવા માટે
ROW ( )	આપેલ સેલ કેટલામી રો માં છે તે ગણવા માટે
CONVERT ( )	ઈંચને સેન્ટિમીટરમાં ફેરવવા

અત્યાર સુધીમાં પુછાયેલા પ્રશ્નો

1) MS Excel એ _____પ્રોગ્રામ છે.

Ans : Spreadsheet

2) Spreadsheet ને _____પણ કહેવામાં આવે છે.

Ans : Worksheet

3) MS Excel Default File Name :

Ans : Book 1

4) એક્સેલમાં સેલનું એડ્રેસ જોવા માટે _____હોય છે.

Ans : Address Bar

5) એક્સેલમાં ગાણિતીય સમીકરણ જોવા માટે _____હોય છે.

Ans : Formula Bar

6) MS Excel 2013 Min Zoom :

Ans : 10%

7) MS Excel 2013 Max Zoom :

Ans : 400%

8) MS Excel 2013 Default Align :

Ans : Bottom

9) MS Excel 2013 First Cell Address :

Ans : A1

10) MS Excel 2013 First Cell Address :

Ans : A1

11) MS Excel 2013 Last Row :

Ans : 10,48,576

12) MS Excel 2013 Last Column :

Ans : XFD (16,384)

13) MS Excel 2013 Default Row Height :

Ans : 15

14) MS Excel 2013 Default Column Width :

Ans : 8.43

15) MS Excel 2013 નું File Extension :

Ans : .xlsx

16) MS Excel 2013 માં લાંબુ લખાણ એક જ સેલમાં પ્રદર્શિત કરવા માટે ઉપયોગી વિકલ્પ :

Ans : Wrap Text

17) _____એ ડેટા સારાંશ Table છે. જેનો ઉપયોગ ડેટા પ્રોસેસીંગના સંદર્ભમાં થાય છે.

Ans : Pivot Table

18) MS Excel 2013 માં ગ્રાફિકલી ડેટા ફિલ્ટર કરવા માટે ઉપયોગી વિકલ્પ :

Ans : Slicer

19) MS Excel 2013 માં ગાણિતિક તેમજ ત્રિકોણમિતિ ફંકશન ઉમેરવા માટે ઉપયોગી વિકલ્પ :

Ans : Math & Trig

20) MS Excel 2013 માં સેલમાં આપેલ ફોર્મ્યુલા કોના પર આધારિત છે તે તીર વડે દર્શાવવા માટે ઉપયોગી વિકલ્પ :

Ans : Trace Precedents

21) MS Excel 2013 માં ઇનપુટ કરેલ ડેટાને પેટર્ન મુજબ Automatically Fill કરવા માટે ઉપયોગી વિકલ્પ :

Ans : Flash Fill

58 માઈક્રોસોફ્ટ પાવર પોઈન્ટ

Microsoft PowerPoint



- MS PowerPoint એ પ્રેઝન્ટેશન માટેનો સોફ્ટવેર છે.
- MS PowerPoint ના પેજને 'સ્લાઈડ' તરીકે ઓળખવામાં આવે છે.
- ઉપયોગ :
  - માહિતીની રજૂઆત માટે મલ્ટિમીડિયા ફીચર્સ જેવા કે મૂવી, વિડીયો, સાઉન્ડ અને વિવિધ પ્રકારની એનીમેશન ઇફેક્ટ સેટ કરી શકાય છે.

- MS PowerPoint ચાલુ કરવાની પ્રથમ રીત :
  - Press Windows Key + R ની મદદથી Run Menu ખોલવું
  - Run Menu માં powerpnt લખવું
  - Enter આપવાથી PowerPoint શરુ થશે



- MS PowerPoint ચાલુ કરવાની બીજી રીત :
  - સૌપ્રથમ Start બટન પર ક્લિક કરવું
  - ત્યારબાદ All Program પર ક્લિક કરવું
  - ત્યારબાદ Microsoft Office 2013 પર ક્લિક કરવું
  - ત્યારબાદ PowerPoint 2013 પર ક્લિક કરવાથી PowerPoint શરુ થશે

- MS PowerPoint ચાલુ કરવાની ત્રીજી રીત :
  - સૌપ્રથમ Desktop પર Right Click કરવું
  - ત્યારબાદ New પર ક્લિક કરવું
  - ત્યારબાદ Microsoft PowerPoint Presentation પર ક્લિક કરવાથી PowerPoint શરુ થશે
- MS PowerPoint ચાલુ કરવાની ચોથી રીત :
  - સૌપ્રથમ Start બટન પર ક્લિક કરવું
  - ત્યારબાદ Search Box માં PowerPoint લખવું
  - ત્યારબાદ PowerPoint 2013 પર ક્લિક કરવાથી PowerPoint શરુ થશે



Title Bar

- PowerPoint Window માં સૌથી ઉપર દેખાતી પટ્ટીને 'Title Bar' કહે છે.
- Default File Name : Presentation 1



Menu Bar

- Title Bar ની નીચે આવેલા બારને 'Menu Bar' કહે છે.







- **Title Slide :**
  - **Default Alignment : Centre**
  - **Default Text Direction : Horizontal**
  - **Default Align Text : Bottom**





- **Slide :**
  - **Click to add title : Default Font : Calibri Light (Headings)**
  - **Click to add title : Default Font Size : 44**
  - **Click to add text : Default Font : Calibri (Body)**
  - **Click to add text : Default Font Size : 28**



File Menu



- **Info :** પ્રેઝન્ટેશનની ઇન્ફોર્મેશન હોય છે.
- **New :** નવું પ્રેઝન્ટેશન બનાવી શકાય.
- **Open :** કમ્પ્યૂટરમાં રહેલી પ્રેઝન્ટેશન ફાઇલ ઓપન કરી શકાય.
- **Save :** પ્રેઝન્ટેશનને સેવ કરી શકાય.
- **Save as :** અન્ય નામે તથા બીજા ફોર્મેટમાં સેવ કરી શકાય.
- **Share :** પ્રેઝન્ટેશનને શેર કરી શકાય.
- **Export :** પ્રેઝન્ટેશન અન્ય ફાઈલ સ્વરૂપે એક્સપોર્ટ કરી શકાય.
- **Close :** પ્રેઝન્ટેશન બંધ થઈ જશે.

Home Menu



Clipboard

- **Cut :** લખાણને કટ કરવા માટે
  - **Shortcut : Ctrl + X**
- **Copy :** લખાણને કોપી કરવા માટે
  - **Shortcut : Ctrl + C**
- **Paste :** કટ કે કોપી કરેલા લખાણને અન્ય સ્થળે પેસ્ટ કરવા માટે
  - **Shortcut : Ctrl + V**
- **Format Painter :** લખાણની ઈફેક્ટને કોપી કરવા માટે



Slides

- **New Slide :** નવી સ્લાઈડ ઉમેરવા માટે
  - **Shortcut : Ctrl + M**
- **Layout :** સ્લાઈડમાં લખાણ કઈ રીતે ગોઠવવું તેના માટે
- **Reset :** સ્લાઇડને મુળભૂત સ્વરૂપમાં પાછી ફેરવવા માટે
- **Section :** સ્લાઇડના વિભાગ કરવા માટે



Color / Grayscale



- **Color :** સ્લાઇડને Color આપવા માટે
- **Grayscale :** સ્લાઇડને Grayscale કરવા માટે
- **Black and White :** સ્લાઇડને Black & White કરવા માટે

Window



- **New Windows :** પ્રેઝન્ટેશનને નવી વિન્ડોમાં ઓપન કરવા માટે
- **Arrange All :** બધાજ પ્રેઝન્ટેશનને એક સાથે જોવા માટે
- **Cascade :** ઓપન થયેલી પ્રેઝન્ટેશન વિન્ડોને સ્ક્રીન સાથે જોવા માટે
- **Move Split :** પ્રેઝન્ટેશનને બે ભાગમાં વિભાજીત કરવા માટે
- **Switch Windows :** એક વિન્ડોમાંથી બીજી વિન્ડોમાં Switch થવા માટે

Macros



- **Macros :** મેક્રો બનાવવા માટે
  - **Shortcut : Alt + F8**

Shortcut Keys

Shortcut	Description
Ctrl + D	ડુપ્લીકેટ સ્લાઈડ
Ctrl + M	નવી સ્લાઈડ
Ctrl + N	નવું પ્રેઝન્ટેશન
Ctrl + T	ફોન્ટ મેનુ
F5	પ્રથમ સ્લાઈડથી જ સ્લાઈડ શો શરુ કરવા માટે
Shift + F5	જે સ્લાઈડ પર હોય અને ત્યાંથી જ સ્લાઈડ શો શરુ કરવા માટે
Esc	સ્લાઈડ શોને બંધ કરવા માટે
B	સ્લાઈડ શો દરમિયાન સ્ક્રીનને બ્લેક કરવા માટે
W	સ્લાઈડ શો દરમિયાન સ્ક્રીનને વ્હાઇટ કરવા માટે
S	સ્ટોપ કરેલા સ્લાઈડ શો ને ફરી શરૂ કરવા માટે
1+Enter	સ્લાઈડ શો દરમિયાન પ્રથમ સ્લાઈડ પર પાછા જવા માટે
Alt + F5	Presenter View
Alt + F10	Shows / Hides the Selection Pane
Ctrl + F1	રિબન Open અથવા Close કરવા માટે
Ctrl + F2	Print Preview
Ctrl + F5	Present Online
Ctrl + Shift + Tab	આઉટલાઈન વ્યુ અને સ્લાઈડ વ્યુ વચ્ચે મુવ થવા માટે
Ctrl + Shift + G	Ungroup Objects
Ctrl + G	Group Objects
Shift + F3	Change Case

59 માઈક્રોસોફ્ટ આઉટલૂક

Microsoft Outlook

- માઈક્રોસોફ્ટનો પર્સનલ ઇન્ફોર્મેશન મેનેજર પ્રોગ્રામ છે.
- મુખ્ય ઉપયોગ : E-mail Application તરીકે થાય છે.

- MS Outlook ચાલુ કરવાની પ્રથમ રીત :
  - Press Windows Key + R ની મદદથી Run Menu ખોલવું.
  - Run Menu માં outlook લખવું.
  - Enter આપવાથી Outlook શરુ થશે.



- MS Outlook ચાલુ કરવાની બીજી રીત :
  - સૌપ્રથમ Start બટન પર ક્લિક કરવું.
  - ત્યારબાદ All Program પર ક્લિક કરવું.
  - ત્યારબાદ Microsoft Office 2013 પર ક્લિક કરવું.
  - ત્યારબાદ Outlook 2013 પર ક્લિક કરવાથી Outlook શરુ થશે.
- MS Outlook ચાલુ કરવાની ત્રીજી રીત :
  - સૌપ્રથમ Start બટન પર ક્લિક કરવું.
  - ત્યારબાદ Search Box માં outlook લખવું.
  - ત્યારબાદ Outlook 2013 પર ક્લિક કરવાથી Outlook શરુ થશે.

Microsoft Outlook



60 TBIL ડેટા કન્વર્ટર

TBIL Data Converter

- TBIL : Transliterator between Indian Languages
- TBIL Data Converter ડેસ્કટોપ એપ્લિકેશન છે.
- Text, Word, Excel, Access તથા SQL ની ફાઈલને યુનિકોડ ડોક્યુમેન્ટમાં રૂપાંતર કરે છે.





Languages



Convert Process

- Step : 1 Select one of the conversion option :



- Step : 2 Select Source Language, Target Language and Format / Font :



- Step : 3 Select File(s) For Conversion :



64 ટ્રબલ શૂટીંગ

Trouble Shooting

- કમ્પ્યૂટરમાં આવતી ટેકનિકલ સમસ્યાનું કારણ શોધવાની અને તેનુ નિરાકરણ લાવવાની પ્રક્રિયાને 'ટ્રબલ શૂટીંગ' કહે છે.
- જ્યારે આપણે **Troubleshooters** શરૂ કરીએ છીએ ત્યારે આપણને સમસ્યા વિશેના પ્રશ્નો ક્રમિક પૂછવામાં આવે છે.
- ઉપયોગકર્તાએ આ પ્રશ્નોના યોગ્ય જવાબ આપવાના રહે છે.
- **Troubleshooters** ના ઉપયોગ દ્વારા ઉપયોગકર્તા જાતે જ સમસ્યા શોધી તેને નિવારી શકે છે.

Virus નું ટ્રબલ શૂટીંગ

- **Virus : Vital Information Resources Under Seize**
- **Virus** ને કારણે કમ્પ્યૂટરની કાર્યક્ષમતામાં ઘટાડો થાય છે.
- **Solution :**
  - **Antivirus** સોફ્ટવેરનો ઉપયોગ કરી **Virus** ને રોકી શકાય છે.

OS નું ટ્રબલ શૂટીંગ

- **OS : Operating System**
- કમ્પ્યૂટરને **Turn Off** કર્યા વગર પાવર સ્વિચ બંધ કરવાથી કે પાવર સપ્લાય બંધ થઈ જવાથી કે બીજા કોઈ કારણસર કમ્પ્યૂટરમાં ઓપરેટિંગ સિસ્ટમની ફાઈલોમાં ખરાબી આવી શકે છે.
- સિસ્ટમની ફાઈલો કરપ્ટ થવાથી કમ્પ્યૂટર સ્ટાર્ટ થતું નથી.
- **Solution :**
  - ઓપરેટિંગ સિસ્ટમની **CD** નાખી કમ્પ્યૂટર **OS** ને **Repair** અથવા **Upgrade** કરો.
  - જેથી **Delete** અથવા કરપ્ટ થઈ ગયેલી ફાઈલ ફરી પાછી કોપી થઈ જશે અને કમ્પ્યૂટર સ્ટાર્ટ થશે.
  - જો **Repair** કરવાથી કમ્પ્યૂટર શરૂ ન થાય તો તેને **Format** કરી ફરીથી **OS Install** કરવી.

Application માં આવતી Error નું ટ્રબલ શૂટીંગ

- એક સાથે અનેક પ્રોગ્રામ અને સોફ્ટવેર ઓપન હોય ત્યારે અન્ય **Application** ખૂલી શકતી નથી અને ઓપન થાય તો **Not-Responding** આવે છે.
- આ પરિસ્થિતિમાં કમ્પ્યૂટર હેંગ થઈ જાય છે.
- **Solution :**
  - કી-બોર્ડ પરથી **Ctrl+Alt+Del** આ ત્રણેય કી એક સાથે પ્રેસ કરવાથી **Task Manager Window** ખૂલશે.
  - જેમાંથી **End Task** પર ક્લિક કરવાથી શરૂ કરેલ **Application** બંધ થઈ જશે.
  - ત્યારબાદ તે **Application** ને ફરીથી શરૂ કરી શકાય છે.

કમ્પ્યૂટર Turn On દરમિયાન આવતી Error નું ટ્રબલ શૂટીંગ

- કમ્પ્યૂટર હાર્ડવેરના **Drivers** ની ફાઈલ ખરાબ થઈ જવાને કારણે કમ્પ્યૂટર સ્ટાર્ટ થઈ શકતું નથી.
- **Solution :**
  - કમ્પ્યૂટરની પાવર સ્વિચ ઓન કરી **F8** કી પ્રેસ કરો.
  - જેથી કમ્પ્યૂટર **Normal Mode** કે **Safe Mode** માં શરૂ કરવું તેના વિશે પૂછશે.
  - **Safe Mode** માં શરૂ કરવાથી ઓછા હાર્ડવેર સાથે શરૂ થશે.
  - ત્યારબાદ ખરાબ થયેલી ફાઈલો ફરીથી **Install** કરી કમ્પ્યૂટરને **Normal Mode** માં ફરીથી શરૂ કરો.
  - ફરીથી શરૂ કરવા છતાં પણ શરૂ ન થાય તો **Bootable CD** ની મદદ લેવી.

65 Full Forms

- **IBM : International Business Machines**
- **ENIAC : Electronic Numerical Integrator And Computer**
- **ENIAC : Electrical Numerical Integrator And Calculator**
- **UNIVAC : Universal Automatic Computer**
- **IC : Integrated Circuit**
- **FORTRAN : Formula Translation**
- **COBOL : Common Business Oriented Language**
- **ALGOL : Algorithmic Language**
- **LSI : Large Scale Integration**
- **VLSI : Very Large Scale Integration**
- **SQL : Structured Query Language**
- **GUI : Graphical User Interface**
- **ULSI : Ultra large Scale Integration**
- **SLSI : Super Large Scale Integration**
- **AI : Artificial Intelligence**
- **PC : Personal Computer**
- **PDA : Personal Digital Assistance**
- **MIPS : Million Instructions per Second**
- **FLOPS : Floating Point Operations per Second**
- **C-DAC : Centre for Development of Advanced Computing**
- **BARC : Bhabha Atomic Research Centre**
- **CAD : Computer Aided Design**
- **CAM : Computer Aided Manufacturing**
- **ECG : Electrocardiogram**
- **GIGO : Garbage In Garbage Out**
- **VIRUS : Vital Information Resources Under Seize**
- **PS : Personal System**
- **USB : Universal Serial Bus**
- **LMB : Left Mouse Button**
- **RMB : Right Mouse Button**

66 કમ્પ્યૂટરના વર્તમાન પ્રવાહો

ઓનલાઈન ક્યૂરેટેડ કન્ટેન્ટ (OCC)



- **Over the Top (OTT)** પ્લેટફોર્મ્સ પર દર્શાવવામાં આવતું કન્ટેન્ટ છે.
- આ કન્ટેન્ટ ઈન્ટરનેટ દ્વારા એક જ પ્લેટફોર્મ પર દર્શાવવામાં આવે છે.
- તેના પર ઈન્ટરનેટ એન્ડ મોબાઈલ એસોસિએશન ઓફ ઈન્ડિયા **(IAMAI)** ની ડિજિટલ મનોરંજન સમિતિ દ્વારા નિયંત્રણ રાખવામાં આવે છે.

સક્ષમ પોર્ટલ (SAKSHAM)

- સક્ષમ **(SAKSHAM - શ્રમિક શકિત મંચ)** એક ડાયનેમિક પોર્ટલ છે જે દેશના **MSME** ક્ષેત્રે તેમજ અન્ય ઉદ્યોગોની જરૂરિયાતો અને શ્રમિકોના કૌશલ્યને એકબીજા સાથે જોડી સહિયારો મંચ પૂરો પાડશે.

ઈ-છાવણી (E-CHHAWANI) પોર્ટલ



- **62** કેન્ટોનમેન્ટ (છાવણી) બોર્ડના **20** લાખથી વધુ રહેવાસીઓને ઓનલાઈન નાગરિક સેવાઓ પ્રદાન કરવા માટે ઈ છાવણી પોર્ટલ અને મોબાઈલ એપ્લિકેશન લોન્ચ કરવામાં આવી છે.
- આ પોર્ટલ **e-Gov** ફાઉન્ડેશન, ભારત ઈલેકટ્રોનિકસ લિમિટેડ **(BEL)**, ડિરેકટોરેટ જનરલ ડિફેન્સ એસ્ટેટ **(DEDE)** અને નેશનલ ઈન્ફોર્મેટિકસ સેન્ટર **(NIC)** દ્વારા સંયુકત રીતે વિકસાવાયું છે.

LiFi ટેકનોલોજી આધારિત ઈન્ટરનેટ મેળવનાર સૌપ્રથમ સ્માર્ટ વિલેજ



- **LiFi : Light Fidelity**
- **LiFi** ટેકનોલોજી આધારિત ઈન્ટરનેટ કનેકિટવિટી મેળવનાર ગુજરાતના અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના આકરૂન્દ અને નવાનગર ગામો લાઈફાઈ ટેકનોલોજી ધરાવતા ભારતના સૌપ્રથમ સ્માર્ટ વિલેજ બન્યા છે.
- **LiFi** ટેકનોલોજી મોબાઈલ વાયરલેસ ટેકનોલોજી છે જે ડેટા ટ્રાન્સમિટ કરવા માટે રેડિયો ફ્રિકવન્સીના બદલે વિઝયુઅલ લાઈટ સ્પેકટ્રમનો ઉપયોગ કરે છે.

'સંદેશ' ઈન્સ્ટન્ટ મેસેજિંગ એપ



- તાજેતરમાં ભારત સરકારના ઈલેકટ્રોનિકસ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય અંતર્ગત નેશનલ ઈન્ફોર્મેટિક સેન્ટર દ્વારા સંદેશ ઈન્સ્ટન્ટ મેસેજિંગ એપ ચાલુ કરવામાં આવેલ છે.
- આ સિવાય સંચાર મંત્રાલયના **C-DOT (Center for Development of Telematics)** વિભાગ દ્વારા સંવાદ એપનો વિકાસ કરવામાં આવ્યો છે.

Koo App



- ટિવટ્રના વિકલ્પ તરીકે કૂ **(Koo)** સ્વદેશી એપ્લિકેશનનો ઉપયોગ કરાશે.
- જે એક માઈક્રોબ્લોગિંગ પ્લેટફોર્મ છે.
- અપ્રમેય રાધાકિષ્ન અને મયંક બિદવાટકા દ્વારા આ એપ્લિકેશન વિકસાવેલ છે.

9 ફેબ્રુઆરી : સેફર ઈન્ટરનેટ ડે (સુરક્ષિત ઈન્ટરનેટ દિવસ)

- આ દિવસ **Insafe/INHOPE** અવેરનેસ સેન્ટર નેટવર્ક દ્વારા ઉજવાય છે અને તેને યુરોપિયન યુનિયનના કનેકટેડ યુરોપિયન ફેસિલિટીઝ પ્રોજેકટ **(CEF)** દ્વારા ભંડોળ પૂરું પડાય છે.
- ઉદ્દેશ : ઓનલાઈન ટેકનોલોજી અને મોબાઈલ ફોનના સુરક્ષિત અને અધિક જવાબદાર ઉપયોગને પ્રોત્સાહન આપવાનો.

MS Word

01) છેલ્લે કરેલ કામગીરીની અસરને નાબૂદ કરવા માટે કયા વિકલ્પનો ઉપયોગ કરવામાં આવે છે? **[GSSSB Sub-Overseer 2020]**

(A) Undo (B) Redo

(C) Back (D) Restore

02) MS Word માં અક્ષરને થોડા ઉપરની તરફ દર્શાવવા માટે કોનો ઉપયોગ કરવામાં આવે છે? **[GSSSB Assistant Pharmacist (Ayurveda) 2020]**

(A) Superscript (B) Upperscript

(C) Topscript (D) Levelupscript

03) MS Word માં Cut કે Copy કરેલી માહિતીનો કામચલાઉ ધોરણે શેમાં સંગ્રહ કરવામાં આવે છે? **[GSSSB Librarian 2020]**

(A) Officeboard (B) Memoryboard

(C) Clipboard (D) Pasteboard

04) Fill in the blank:

'-' is called _____ **[GSSSB Inspector - (Main Exam) 2019]**

(A) hyphen (B) full stop

(C) comma (D) colon

05) MS Word માં કઈ શોર્ટકટ કીનો ઉપયોગ કરીને કોપીરાઈટનો લોગો © ઉમેરી શકાય છે? **[GSSSB Probation Officer 2019]**

(A) Ctrl + Shift + C (B) Ctrl + Alt + C

(C) Shift + Alt + C (D) Ctrl + Tab + C

06) MS Word માં પૂર્વનિર્ધારિત રીતે ફાઈલનું નામ શું જોવા મળે છે? **[GSSSB Technical Assistant 2019]**

(A) Untitled 1 (B) Document 1

(C) File 1 (D) Word 1

07) In word Document, we can insert a page number at **[GSSSB Technical Assistant 2019]**

(A) Header (B) Footer

(C) Both (A) and (B) (D) None of the above

08) Which feature starts a new line whenever word or sentence reached a border? **[GSSSB Technical Assistant 2019]**

(A) New Line (B) Text Aline

(C) Text Wrapping (D) Text Line

09) In MS Word, a number of letter that appearas little above the normal text is called **[Technical Assistant 2019]**

(A) Superscript

(B) Subscript

(C) Supertext

(D) Toptext

10) MS Word માં ટાઈટલબારની જમણી બાજુ કુલ કેટલા કંટ્રોલ બટન્સ જોવા મળે છે? **[GSSSB Laboratory Technician 2019]**

(A) 3 (B) 4

(C) 5 (D) 6

11) MS Word માં Change Case ના આઈકોન ઉપર કયું લખાણ જોવા મળે છે? **[GSSSB Laboratory Technician 2019]**

(A) Aa (B) Bb

(C) Cc (D) Dd

12) MS Word માં લીટીની અંતમાં વધુ અક્ષરોને તોડીને નીચેની લીટીમાં દર્શાવવાની પ્રક્રિયાને શું કહે છે? **[GSSSB Laboratory Technician 2019]**

(A) Auto Break (B) Word Break

(C) Text Wrapping (D) Hyphenation

13) MS Word માં લખાણને Change Case હેઠળ બદલવાના કુલ કેટલા વિકલ્પો ઉપલબ્ધ છે? **[GSSSB Laboratory Technician 2019]**

(A) 3 (B) 4

(C) 5 (D) 6

14) MS Word માં પેરેગ્રાફના પ્રથમ અક્ષરને અમુક લાઈન જેટલાં મોટાં કદમાં દર્શાવવા માટે કઈ સુવિધા ઉપલબ્ધ છે? **[GSSSB Laboratory Technician 2019]**

(A) Auto Cap (B) Word Cap

(C) Make Cap (D) Drop Cap

15) ફાઈલમાં કોઈપણ શબ્દને શોધવા કઈ કીનો ઉપયોગ થાય છે? **[GSSSB Supervisor Instructor (Computer Group) 2019]**

(A) Ctrl+A (B) Ctrl+E

(C) Ctrl+F (D) Ctrl+P

16) Cut અને Copy કરેલ લખાણનો કામચલાઉ રીતે કયા સંગ્રહ થાય છે? **[GSSSB Supervisor Instructor (Civil Construction and Infrastructure Group) 2019]**

(A) Filpboard (B) Recycleboard

(C) Clipboard (D) Tempboard

17) MS Word માં Selection Mode ને ડિસેબલ કરવા માટે કી-બોર્ડની કઈ કીનો ઉપયોગ કરવામાં આવે છે? **[GSSSB Supervisor Instructor (Automobile Group) 2019]**

(A) Ctrl (B) Esc

(C) Tab (D) End

18) છેલ્લે કરેલ કામગીરીની અસરને નાબૂદ કરવા માટે કયા વિકલ્પનો ઉપયોગ કરવામાં આવે છે? **[GSSSB Supervisor Instructor (Automobile Group) 2019]**

(A) Undo (B) Redo

(C) Back (D) Restore

1-**A** / 2-**A** / 3-**C** / 4-**A** / 5-**B** / 6-**B** / 7-**C** / 8-**B,C** / 9-**A** / 10-**A** / 11-**A** / 12-**D** / 13-**C** / 14-**D** / 15-**C** / 16-**C** / 17-**B** / 18-**A**

411) Which integrated circuit is having more than 1000 gates?
[GSSSB Instructor- Grade- B (EC) 2016]

(A) Small-scale integration (SSI)

(B) Medium-scale integration (MSI)

(C) Large-scale integration (LSI)

(D) Very large-scale integration (VLSI)

412) તમારા મહત્વના બધા ડેટા ક્યાં સ્ટોર થાય છે?
[GSSSB Head Clerk Class III 2011]

(A) ERAM (B) RAM

(C) MONITOR (D) HARD DISK

413) Main memory is also known as. **[GSSSB Senior Surveyor 2016]**

(A) Auxiliary memory (B) Primary memory

(C) Secondary memory (D) None of the above

414) કમ્પ્યૂટરમાં માહિતી સંગ્રહનો સૌથી નાનો એકમ કયો છે?
[GSSSB Bin Sachivalay Clerk 2014]

(A) Bit (B) Byte

(C) KB (D) MB

415) બાયનરી પધ્ધતિમાં કેટલા અંક હોય છે?
[GSSSB Bin Sachivalay Clerk 2014]

(A) શૂન્ય (B) ચાર

(C) બે (D) એક

416) કમ્પ્યૂટરનો નાનો એકમ એટલે _____
[GSSSB Junior Clerk / Typist 2012]

(A) KB (B) MB

(C) Bit (D) Kbps

417) What is the next binary number following $(10111)_2$ in the counting sequence ? **[GSSSB Instructor- Grade- B (EC) 2016]**

(A) 11100 (B) 11001

(C) 10110 (D) 11000

Operating System & Software

418) કમ્પ્યૂટરના નિયંત્રણ માટે વિન્ડોઝની કઈ સુવિધા ઉપયોગી બને છે?
[GSSSB Assistant Binder 2020]

(A) Control Panel

(B) System Panel

(C) Computer Panel

(D) Task Panel

419) કમ્પ્યૂટરને રિસ્ટાર્ટ કરવા માટે કયા વિકલ્પનો ઉપયોગ કરશો?
[GSSSB Assistant Machineman 2020]

(A) Ctrl + Alt + Delete

(B) Ctrl + Tab + Delete

(C) Ctrl + Shift + Delete

(D) Ctrl + Shift + Alt

420) Start બટન કયા બાર ઉપર આવેલું છે?
[GSSSB Assistant Machineman 2020]

(A) સ્ટેટસબાર (B) ટાઈટલબાર

(C) ટાસ્કબાર (D) મેનૂબાર

421) વિન્ડોઝના કોઈપણ પ્રોગ્રામની સૌથી ઉપરના ભાગમાં કયો બાર જોવા મળે છે?
[GSSSB Assistant Pharmacist (Ayurveda) 2020]

(A) ટાઈટલબાર (B) મેનૂબાર

(C) ટાસ્કબાર (D) સ્ટેટસબાર

422) નીચેના પૈકી કયું ડિજિટલ ગ્રંથાલય સોફ્ટવેર છે?**[GSSSB Librarian 2020]**

(A) ડા-સ્પેસ (B) લાઈબ્રેરીયન

(C) લિબસીસ (D) સ્લિમ

423) અલ્ગોરિધમ મુજબ કોઈ ચોક્કસ કાર્ય કરવા માટે જે તર્ક તૈયાર કરેલ હોય છે તેને શું કહે છે?
[GSSSB Physiotherapist/ Tutor cum Physiotherapist 2020]

(A) સોફ્ટવેર (B) ફ્લોચાર્ટ

(C) પ્રોગ્રામ (D) ફંક્શન

424) કોઈ સોફ્ટવેરની જૂની આવૃત્તિના સ્થાને નવી અદ્યતન આવૃત્તિ ઉમેરવાની પ્રક્રિયાને શું કહે છે?
[GSSSB Office Superintendent / Superintendent 2019]

(A) રિસ્ટોર (B) બેકઅપ

(C) અપગ્રેડ (D) રાઈટ

425) કમ્પ્યૂટર સોફ્ટવેર તૈયાર કરતી નામાંકિત કંપની માઈક્રોસોફ્ટ કોર્પોરેશનનું મુખ્ય મથક ક્યાં આવેલું છે? **[GSSSB Probation Officer 2019]**

(A) કેલિફોર્નિયા (B) લંડન

(C) વોશિંગ્ટન (D) ચીન

426) નીચેનામાંથી કયો વિકલ્પ Control Panel માં જોવા મળતો નથી?
[GSSSB Mines Supervisor 2019]

(A) Sound (B) Mouse

(C) Display (D) My Account

427) નીચેનામાંથી કયો વિકલ્પ એડિટર પ્રોગ્રામ દર્શાવે છે?
[GSSSB Mines Supervisor 2019]

(A) નોટપેડ (B) પાવરપોઈન્ટ

(C) એડ્રેસ બુક (D) પેઈન્ટ બ્રશ

428) કોઈપણ પ્રોગ્રામને મિનીમાઈઝ કરતાં તે ક્યાં જોવા મળે છે?
[GSSSB Technical Assistant 2019]

(A) સ્ટેટસબાર (B) ટાસ્કબાર

(C) મેનૂબાર (D) ટાઈટલબાર

429) DOS નું પૂરું નામ જણાવો.
[GSSSB Supervisor Instructor (Computer Group) 2019]

(A) Disk Operating System

(B) Soc Operating Syastem

(C) Desk Operating System

(D) Dummy Opening System

411-**D** / 412-**D** / 413-**B** / 414-**A** / 415-**C** / 416-**C** / 417-**D** / 418-**A** / 419-**A** / 420-**C** / 421-**A** / 422-**A** / 423-**A** / 424-**C** / 425-**C** / 426-**D** / 427-**A** / 428-**B** / 429-**A**

Other

705) નીચેનામાંથી કયો વિકલ્પ ASCII નો પ્રકાર દર્શાવે છે?

[GSSSB Probation Officer 2019]

(A) ASCII-4, ASCII-5 (B) ASCII-5, ASCII-6

(C) ASCII-6, ASCII-7 (D) ASCII-7, ASCII-8

706) ASCII નું પૂરું નામ શું છે? **[GSSSB Laboratory Technician 2019]**

(A) American Standard Code for Information Interchange

(B) American Standard Code for Interchange Information

(C) American Standard Code for International Information

(D) American Standard Code for Information International

707) ASCII સ્કીમમાં કેટલા કેરેક્ટર હોય છે?

[GSSSB Supervisor Instructor (Computer Group) 2019]

(A) 64 (B) 128

(C) 256 (D) ઉપરોક્ત પૈકી એકપણ નહિ

708) ASCII નું પૂરું નામ શું છે?

[GSSSB Supervisor Instructor (Electrical Group) 2019]

(A) American Standard Code for Interchange Information

(B) American Standard Code for Interchange Interconnected

(C) American Standard code for Information Interchange

(D) American Standard Code for Information Interconnected

709) ઈન્ટેલ 8086 _____ બીટનું માઈક્રોપ્રોસેસર છે.

[GSSSB Supervisor Instructor (Information Technology) 2019]

(A) 8 (B) 32

(C) 64 (D) 16

710) નીચેનામાંનો એક કમ્પ્યૂટિંગનો પ્રકાર છે તે જણાવો.

[GSSSB Accountant / Inspector 2018]

(A) ગ્રીન (B) બ્લ્યુ

(C) યલો (D) એકેય નહીં

711) કાયમી ખાતા નંબર (PAN)_____'આલ્ફા-ન્યૂમેરિક કેરેક્ટર' ધરાવે છે?

[GSSSB Accountant / Inspector 2018]

(A) 4 (B) 12

(C) 6 (D) 10

712) સામૂહિક સંદેશા વ્યવહાર માટે સૌથી શક્તિશાળી મીડિયાનું ઉદાહરણ જણાવો. **[GSSSB Live Stock Inspector 2018]**

(A) ટેલીવિઝન (B) પુસ્તક

(C) ચોપાનિયું (D) ફાઈલ ફોલ્ડર

713) Gujarati IME માં IME નું પૂરું નામ શું છે?

GSSSB Municipal Deputy Accountant - Class III 2017]

(A) Information Method Editor

(B) Internal Method Editor

(C) Input Method Editor

(D) Inside Method Editor

714) CAD is concerned with the use of the computer to support

[GSSSB Senior Industries Inspector 2017]

આ પુસ્તકમાં લેખન શુદ્ધિ, ટાઈપિંગ, પ્રૂફ રીડિંગમાં અવિરતપણે મદદ કરનાર શ્રીશંકરભાઈ, કાનજીભાઈ, પ્રકાશ પ્રજાપતિ, અપૂર્વ પંચોટિયા, મયૂર પટેલ, કુલદીપ ચૌહાણ, નીતિન નંદાણિયા તથા ટાઈપિંગ અને ફોર્મેટિંગ ટીમનાં સ્ટાફ ખુશ્બુ, પ્રિયંકા, બિનલ, ભાવના, કોમલ, કરણભાઈ અને સમગ્ર WebSankul Publication ટીમનો હું ઋણી છું.

ઉપરાંત આ પુસ્તક તૈયાર કરવા માટે જે-તે આધિકારીક સરકારી પુસ્તકોનો સંદર્ભ લીધો છે, આથી એ તમામ પુસ્તકોના પ્રકાશકો અને લેખકો પ્રત્યે પણ ઋણ વ્યક્ત કરું છું.

આહિર મહેશ સોલંકી

અનુક્રમણિકા

ક્રમ	પ્રકરણ	પેજ નં.
1.	ગુજરાતીમાં ભાષાનું શબ્દભંડોળ..... (ગુજરાતીમાં તદ્‌ભવ / તત્સમ શબ્દો - હિન્દી, મરાઠી, ફારસી, અરબી, બંગાળી, અંગ્રેજી વગેરે) • સંદર્ભ - ભાષા નિયામક કચેરીનાં પુસ્તકો	1
2.	કૃત અને તદ્ધિત પ્રત્યય..... (સંસ્કૃત ઉપસર્ગ, પૂર્વગ, પ્રત્યય) • સંદર્ભ - ભાષા નિયામક કચેરીનાં પુસ્તકો	5
3.	સમાનાર્થી શબ્દો ..... • સંદર્ભ - GCERT (Old + New), ભાષા નિયામક કચેરીનાં પુસ્તકો • પૂછાયેલા પ્રશ્નો	7
4.	વિરુદ્ધાર્થી શબ્દો ..... • સંદર્ભ - GCERT (Old + New), ભાષા નિયામક કચેરીનાં પુસ્તકો • પૂછાયેલા પ્રશ્નો	57
5.	અનેકાર્થી શબ્દો ..... • સંદર્ભ - ભાષા નિયામક કચેરીનાં પુસ્તકો	69
6.	ઉચ્ચારણ કે વર્ણ સામ્યતાવાળા ભિન્ન અર્થભેદવાળા શબ્દો..... • સંદર્ભ - ભાષા નિયામક કચેરીનાં પુસ્તકો	74
7.	તળપદા શબ્દો ..... • સંદર્ભ - GCERT (Old + New) • પૂછાયેલા પ્રશ્નો	77
8.	શબ્દ સમજૂતી..... • સંદર્ભ - GCERT (Old + New),	90
9.	જોડણી..... (શુદ્ધ - અશુદ્ધ જોડણી, અંગ્રેજી શબ્દોની જોડણી) • સંદર્ભ - ભાષા નિયામક કચેરીનાં પુસ્તકો • પૂછાયેલા પ્રશ્નો	103

10.	**શબ્દસમૂહ.....** • **સંદર્ભ - GCERT (Old + New), ભાષા નિયામક કચેરીનાં પુસ્તકો** • **પૂછાયેલા પ્રશ્નો**	**116**
11.	**રૂઢિપ્રયોગ.....** • **સંદર્ભ - GCERT (Old + New), ભાષા નિયામક કચેરીનાં પુસ્તકો**	**148**
12.	**કહેવતો.....** • **સંદર્ભ - GCERT (Old + New), ભાષા નિયામક કચેરીનાં પુસ્તકો** • **પૂછાયેલા પ્રશ્નો**	**183**
*	**અન્ય પ્રશ્નપત્રો**	
	PSI - 2012.....	**197**
	PSI - 2015.....	**201**
	PSI - 2017.....	**204**
	Assistant Inspector of Motor Vehicle (RTO Class - 3).....	**206**
	GMDC Assistant Class - 3.....	**208**
	Staff Nurse.....	**210**
	Inspector of Motor Vehicle Class - 2.....	**211**

1 ગુજરાતી ભાષાનું શબ્દભંડોળ

1) તત્સમ શબ્દો / તદ્‌ભવ શબ્દો :

⇒ ગુજરાતી ભાષા સંસ્કૃતમાંથી ઊતરી આવેલી હોઈ એના શબ્દભંડોળમાં મૂળભાષાના શબ્દો સ્વાભાવિકપણે જ ઊતરી આવે. ગુજરાતી ભાષાના ઉદ્‌ભવકાળે ગુજરાતી ભાષાને બે પ્રકારે શબ્દવારસો મળ્યા છે : (1) તત્સમ શબ્દો (સંસ્કૃત) (2) તદ્‌ભવ શબ્દો (સંસ્કૃત)

⇒ **તત્સમ ::** એટલે મૂળના જેવા જ. ગુજરાતીની જનનીરૂપ ભાષા સંસ્કૃત હતી. એટલે સંસ્કૃતના કેટલાક શબ્દો એના ધ્વનિસ્વરૂપમાં જરાય ફેરફાર પામ્યા વિના ગુજરાતીમાં ઊતરી આવ્યા છે.

⇒ **તદ્‌ભવ :-** એટલે મૂળમાંથી ઉદ્‌ભવેલા. કેટલાક શબ્દો સંસ્કૃતમાંથી અપભ્રંશ દ્વારા ગુજરાતીને મળ્યા છે. ભાષાની અવાંતર ભૂમિકાઓમાંથી પસાર થતા શબ્દોના ધ્વનિસ્વરૂપમાં ફેરફાર થયો હોય કે વિકાર પામીને આવ્યા હોય એવા શબ્દોને તદ્‌ભવ શબ્દો કહે છે.

કેટલાક શબ્દો ગુજરાતીની ભૂમિકાએ સંસ્કૃતમાંથી થોડાક ફેરફાર સાથે પણ સ્વીકારાયા હોઈ કેટલાક 'અર્વાચીન તદ્‌ભવ' એવો એક વર્ગ પણ પાડે છે.

♦ સંસ્કૃતના વારસારૂપ તત્સમ શબ્દો આ પ્રમાણે છે.

કર્મ	અનુપસ્થિત	ગ્રંથિ	બાષ્પ
કાર્ય	અપયશ	છિદ્ર	બિંદુ
અગ્નિ	આચાર	તંતુ	ભાનુ
અજ્ઞાન	આજ્ઞા	તીક્ષ્ણ	ભીતિ
અદૃશ્ય	આવરણ	ધૂર્ત	મદ્ય
અદ્‌ભુત	ઈચ્છા	ધૈર્ય	મધુર
અદ્ય	ઉત્તીર્ણ	પરિગ્રહ	મૂર્ત
અધિક	ઉદાત્ત	પુષ્ટ	રજનિ
અધીન	ઉદાર	પુસ્તક	લક્ષણ
અનાચાર	ખાદ્ય	પ્રક્ષેપ	વર્ષા
અનાદર	ગર્ભ	પ્રાપ્ત	વાચન
અનુકૂલ	ગર્વ	પ્રૌઢ	વિશુદ્ધ
અનુગ્રહ	ગ્રંથ	બલિષ્ઠ	વિસ્તૃત
વેષ	શૂન્ય	સત્ય	સ્વ
વ્યક્તિ	શૌચ	સંગ્રહ	હ્રાસ
વ્યોમ	શ્રમ	હર્ષ	
શિથિલ	શ્લિસ્ટ	હસ્ત	
શુષ્ક	શ્વેત	હૃદય	

2) સંસ્કૃત તદ્‌ભવ શબ્દો

અવાન્તર ભૂમિકામાંથી પસાર થતાં જેમના ધ્વનિસ્વરૂપમાં ફેરફાર થયો હોય એવા શબ્દો. કૌંસમાં સં. તત્સમ શબ્દ દર્શાવ્યો છે.

કામ (કર્મ)	તીખું (તીક્ષ્ણ)
કાજ (કાર્ય)	ધીરજ (ધૈર્ય)
આગ(અગ્નિ)	પોથી (પુસ્તક)
અજાણ(અજ્ઞાન)	બાફ (બાષ્પ)
આજ (અદ્ય)	રેન (રજનિ)
આધીન (અધીન)	લખણ (લક્ષણ)
અનુકૂળ (અનુકૂલ)	વરસાદ (વર્ષા)
અપજશ (અપયશ)	ઢીલું (શિથિલ)
આણ (આજ્ઞા)	સૂકું (શુષ્ક)
ખાજ (ખાદ્ય)	સૂનું (શૂન્ય)
ગાભ (ગર્ભ)	સાચ (સત્ય)
ગાંઠ (ગ્રંથિ)	સંઘરો (સંગ્રહ)
છેદ (છિદ્ર)	હાથ (હસ્ત)
તાંતણો (તંતુ)	હૈયુ (હૃદય)

♦ અર્વાચીન તદ્‌ભવ શબ્દો :

કરમ	મગર	અબરખ	મધ
કારજ	બગલો	અમરત	વકરો
ધરમ	કાગડો	કઠણ	શુકન
ભરમ	વખ	કિરપા	શ્રાપ
મરમ	ભાખે	ગત	સનાન
પરભુ	વરસ	રીત	સમરમ
અપવાસ	હરખ	ચક્કર	સલોક
અપાસરો	દુરિજન	પ્રગટ	સૂરજ
જમના	અનોપમ	મુગટ	ભારજા

WEBSANKUL®

3) દેશ્ય કે અજ્ઞાતમૂળના શબ્દો :

ઉપર દર્શાવ્યા એ શબ્દોનું મૂળ સંસ્કૃતમાં છે પણ કેટલાક એવા શબ્દો છે જેમનું મૂળ ક્યું તે જાણવા મળતું નથી. આવા શબ્દોને અજ્ઞાતમૂળના કે દેશ્ય શબ્દો કહે છે:

બાપ	કોકડું	ડબો	રોડું
કીધું	કોચલું	ડોઘલું	રોંચું
બાકી	કાચલી	ડોબું	હડકાયું
ઝાડ	ખોખું	તોતડું	હેલી
ઝાંખરું	ગોબરું	થોથું	ડુંગર
ઢેફું	ચિચોડો	ફાંફાં	ઓઢવું
ઠીકરું	ટાંગો	ફોલ્લો	ખડકી
ડોળો	ટાંટિયો	બણગું	પેટ
બોકડો	ટેકો	બોદું	પકડવું
ગાઉ	ટંટો	બોબડું	
ઘાસ	ઠોઠ	રીઢું	

◆ તળપદા શબ્દો

દેતવા	ડંગારો	પેટિયું	ભોમકા
અંગારો	અબળખા	દુહાઈ	ઓસાણ
અગાડી	ઓરતા	હરખપદૂડું	વાવડ
મોર્ય	દાખડો	સંચોડું	જુહાર
વાયરો	હેડ્ય	લથરપથર	અડવાણું
અડાયું	અટાણે	વાલમો	

4) ભારતીય ભાષાઓમાંથી સ્વીકૃત શબ્દો :

ભારતના અન્ય પ્રદેશો સાથેના સાંસ્કૃતિક કે વાણિજ્યિક વ્યવહાર કે સંપર્કને પરિણામે ગુજરાતીમાં ભારતીય ભાષાઓ જેવી કે, કાનડી, તેલગુ, હિંદી, મરાઠી, બંગાળીમાંથી, પણ શબ્દો સ્વીકાર્યા છે :

વકટ, લેણ, મૂર, નાર -એ રમતગમતના શબ્દો કાનડી છે, જ્યારે અબનૂસ, પાન, ઢબુ, જેવા તેલુગુ શબ્દો પણ છે.

(ક) હિન્દી શબ્દો :

'અપનાવવું'

અચાનક	ચારપાઈ	રોટી	આબાદી
અછૂત	તીનપાંચ	લુંગી	આસાની
કંગન	દાટી	સબરસ	શહીદ
કાટછાંટ	દુલારી	બુઢ્ઢો	હસ્તી
કિસાન	દૂસરું	બિરાજવું	જિંદગી
ખટમલ	નઈતાલીમ	બોજો	સિતમ
ખંજરી	પનઘટ	બત્તી	મંજિલ
ખિડકી	પીછેહઠ	બાલ	શાયર
ગઠડી	પ્યાસ	બંસી	હમદર્દી
ગલી	બલિહારી	બડભાગી	તમન્ના
ગિનતી	બિલ્લી	બાદલ	આરજૂ
ગિરદી	મખ્ખીચૂસ	બહાર	પનિહારી
ગોલમાલ	ભૈયા	જોબન	ગાયકી
ચમડી	મૈયા	નેન	
ચલો	રબડી	ગહેરાઈ	

(ખ) મરાઠી શબ્દો :

નિદાન, વાટાઘાટ, ચળવળ, અટકળ, ફુટકળ, હલકટ, મવાળ, તાબડતોબ, નિમણૂક, લબાડ, જંજાળ, પંતૂજી, કાદંબરી, ટિળક, કુલકર્ણી, જાસ્તી વગેરે મરાઠી શબ્દો આવ્યા છે.

(ગ) બંગાળી શબ્દો :

બિપિન, રજની, મહાશય, શ્રીયુત, બાબુ, બાની, શિલ્પ વગેરે શબ્દો નોંધપાત્ર છે.

5) વિદેશી સ્વીકૃત શબ્દો :

ગુજરાતી ભાષાના શબ્દભંડોળમાં જૂનામાં જૂના વિદેશીય શબ્દો હોય તો તે અરબી-ફારસી છે. ઈ.સ.ની આઠમી સદીથી ગુજરાતીમાં અરબ-મુસ્લિમોએ વેપારાર્થે પ્રવેશ કર્યો. એથી ચીજવસ્તુના વાણિજ્યને લગતા, વહાણવટાના શબ્દો મળ્યા છે. ગુજરાતમાં મુસ્લિમ શાસન સ્થપાતાં ફારસી રાજ્યવહીવટની ભાષા બની હતી. પરિણામે રોજબરોજના વ્યવહારના અનેક શબ્દો ફારસીમાંથી આવ્યા છે. અરબી શબ્દો ફારસી મારફતે જ ગુજરાતીમાં આવ્યા છે.

(ક) અરબી શબ્દો :

અકરામ	ઈસમ	ખજાનો	ફના
અક્કલ	ઈસ્લામ	ખબર	ફિદા
અખબાર	ઈજા	ખમીર	બંદૂક
અદાલત	ઈદ	ખસૂસ	મકાન
અદાવત	ઉમદા	ખુમારી	મજબૂત
અફવા	ઉર્ફે	ગરીબ	મના
અમલ	એશ	ગુલામ	મરજી
અમીન	ઓરત	ગુસ્સો	રવાના
અમીર	ઓલાદ	જરૂર	રાજી
અસર	કબજો	જલસો	રાહત
આદત	કબૂલ	જવાબ	વજન
આદમી	કરાર	તકદીર	વજીફો
આફત	કલમ	તકરાર	વસૂલ
આલમ	કસબ	તકલીફ	સગીર
ઈજાજત	કસબો	દફતર	સનદ
ઈજારો	કસૂર	દીવાન	સલામ
ઈજ્જત	કાનૂન	દુકાન	સલાહ
ઈનકાર	કાયદો	નકશી	સોગંદ
ઈનામ	કાયમ	નકશો	હકીકત
ઈન્સાફ	કિતાબ	નસીબ	હકીમ
ઈરાદો	કિસ્સો	ફક્ત	હક્ક
ઈલાકો	કેદ		હજીરો

(ખ) ફારસી શબ્દો :

અકલમંદ	ખાલસા	દંગલ	મિજાબાન
અજમાયશ	ખુવારી	નજીક	મેદાન
અફસોસ	ખુશ	નમાજ	મેજ
અંદાજ	ખુશબો	નમૂનો	મોરચો
આતશ	ગમગીન	પરદો	યાદી
આફરીન	ગરમી	પરવાનગી	રવાનગી
આબરૂ	ગિરદી	પરેશાન	રૂમાલ
આપનો	ઘુંઘટ	પસંદ	વારસ
આરજૂ	ચમન	પાયમાલ	વેરાન
આસમાન	ચરખો	ફરમાન	શક
આસાન	જખમ	ફરજંદ	શરમ
ઉમેદવાર	જમાનો	ફુવારો	શાબાશ
ઉસ્તાદ	જબાન	બક્ષિસ	શિરસ્તો
કજિયો	જલદી	બગીચો	સજા
કારંજ	જાગીર	બજાર	સરપાવ
કારકુન	ઝરૂખો	બદમાશ	સરભરા
કારભાર	ઝુંબેશ	બરતરફ	સરંજામ
કારીગર	તમાચો	બાહોશ	સામાન
કીમિયાગર	તમાશો	બેચેન	સિપાઈ
કુસ્તી	તવંગર	બેહદ	સૂબેદાર
ખરીદ	તહેનાત	બેશુમાર	હપતો
ખાનગી	દગો	મગજ	હંમેશ
ખાનદાન	દરકાર	મજૂર	હરગિજ
ખામોશ	દરિયો	મહેમાન	હોશિયાર

(ગ) પોર્ટુગીઝ શબ્દો :

કમ્માન	પાટલૂન	અનેનાસ	મિસ્ત્રી
કોફી	પિસ્તોલ	અલમારી	નાતાલ
તમાકુ	ચાવી	આયા	પાંઉ
બટાટા	મેજ	બારકસ	પુરાવો
આફૂસ	બાલદી	બૂચ	સાબુ
પાયરી	પીપ	ઈસ્કોતરો	તિજોરી
મોસંબી	ફલાણું	ઈસ્ત્રી	વરંડો
પાદરી	ફાલતું	કાજુ	
પલટણ	છીંટ	કારતૂસ	
પગાર	લિલામ	મજાગરું	

(ઘ) અંગ્રેજી શબ્દો :

અકાદમી	બેગ	ચેરમેન	ડિબેન્ચર
એસિડ	બારકાઉન્સિલ	ચેમ્બર	ડિગ્રી
એકર	બેટરી	ચાન્સેલર	ડેલિગેશન
એડમિરલ	બેંચ	ચાર્જ	ડિપોઝીટ
એડવોકેટ	બ્લેકબોર્ડ	ચેકપોસ્ટ	ડેપ્યુટી
એજન્ટ	બોગસ	સિવિલ	ડુપ્લીકેટ
એજન્સી	બોન્ડ	ક્લાસ	એજ્યુકેશન
એલાર્મ	બોનસ	ક્લાર્ક	ઈલેક્ટ્રિક
આલ્બમ	કેમ્પ	ક્લબ	ઈલેક્શન

અપીલ	કેન્વાસ	કોલેજ	એક્ષપોર્ટ
આર્મી	કેન્સલ	કોલોની	ફેકલ્ટી
એસ્ટેટ	કેપિટલ	કમિશન	ફિલ્મ
એસેમ્બલી	કેશ	કમિટી	ગેઈમ
આસિસ્ટંટ	કેટેગરી	કંપની	ગેઝેટ
ઓડિટ	સેંટર	કંટ્રોલ	ગ્રાઉન્ડ
ઓથોરિટી	સેન્ચ્યુરી	ડેરી	હીટર
બેચલર	સર્ટિફિકેટ	ડેમ	હેલ્પર
હાઈકોર્ટ	લોયર	પાસપોર્ટ	ટેન્ડર
હાઈવે	મશીન	પેન્શન	યુનિયન
કોમ્પ્યુટર	મેગેઝિન	રેડિયો	યુનિટ
ઈમ્પોર્ટ	મેજિસ્ટ્રેટ	રેલવે	યુનિવર્સિટી
ઈન્કમ	મેઈલ	રેલી	વિસા
ઈન્ડસ્ટ્રી	મેલેરિયા	રીડર	વિઝીટ
ઈન્કવાયરી	મેનેજર	રિબેટ	વિટામિન
ઈન્વેસ્ટ	ન્યૂઝ	સ્કેલ	વોટ
જેલ	નોટ	સ્કીમ	વાઉચર
જોબ	નંબર	સ્કોલર	યાર્ડ
જોઈન્ટ	નર્સ	સ્કૂલ	ઝિરો
જજ	ઓફિસ	સ્કોર	ઝોન
જંકશન	ઓફર	સ્કાઉટ	ઝેરોક્ષ
જુનિયર	ઓઈલ	ટેબલ	
નોબ	પેકેટ	ટેબલેટ	
લેબર	પાર્કિંગ	ટેંકર	
લેટ્રિન	પાર્સલ	ટેપ	

WEBSANKUL®

3 સમાનાર્થી શબ્દો

GCERT New

⇒ **ગમ :** સમજ
⇒ **ગર્વ :** અભિમાન, અહંકાર, મદ, બડાઈ
⇒ **સરિતા :** નદી
⇒ **વિભુ :** ભગવાન
⇒ **નિશા :** રાત
⇒ **હૈયું :** દિલ
⇒ **ઉપવન :** બગીચો
⇒ **ગિરિવર :** પર્વત
⇒ **સમીર :** પવન
⇒ **કંઠ :** ગળું
⇒ **અસલથી :** પહેલાંથી
⇒ **પક્ષપાત :** તરફદારી
⇒ **અશક્ત :** નબળા
⇒ **તસ્દી :** તકલીફ, મહેનત
⇒ **અલબત્ત :** જોકે
⇒ **ઠેર ઠેર :** ઠેકાણે ઠેકાણે, સ્થળે સ્થળે
⇒ **વિદ્યુત :** વીજળી
⇒ **શૂલપાણેશ્વર મહાદેવ :** ત્રિશૂળધારી શિવ
⇒ **સુખાકારી :** સુખી હાલત, તંદુરસ્તી
⇒ **રેવા :** કૂદનારી, નર્મદા
⇒ **ધુંવા :** ધુમાડો
⇒ **જમના :** યમુના
⇒ **ઝળકે :** ચમકે
⇒ **ઝલ્લક ઝલ્લક :** ઝળક ઝળક
⇒ **ઢોલક :** ઢોલ
⇒ **બંસી :** વાંસળી
⇒ **પૂર્વ :** ઉગમણી
⇒ **આભમાં :** આકાશમાં, ગગનમાં
⇒ **ઉમંગ :** ઉત્સાહ, હોંશ, આનંદ
⇒ **ચોપાસ :** ચારેબાજુ
⇒ **વેગળું :** જુદું, અલગ
⇒ **ફિરસ્તો :** દેવદૂત, પેગંબર
⇒ **સાફો :** ફેંટો
⇒ **ફરમાન :** આદેશ, હુકમ
⇒ **ઉપાધિ :** ચિંતા
⇒ **તારીફ :** વખાણ, પ્રશંસા
⇒ **લેખ :** કરાર, દસ્તાવેજ
⇒ **બક્ષિસ :** ભેટ
⇒ **માન મરતબો :** માન મોભો
⇒ **દશા :** હાલત, સ્થિતિ
⇒ **પરિસ્થિતિ :** સંજોગ
⇒ **એકરાર :** કબૂલાત
⇒ **ગફલત :** ભૂલ
⇒ **હિંડોળો :** હીંચકો, ઝૂલો
⇒ **રૂપું :** ચાંદી
⇒ **સુરવાલ :** પાયજામો, ચોરણો
⇒ **ચટકંતુ :** રુઆબદાર, ભપકાદાર
⇒ **જણસ :** ચીજ, દાગીનો
⇒ **ધરપત :** ધીરજ, આશ્વાસન
⇒ **પુરુષાર્થ :** ઉદ્યમ, મહેનત
⇒ **પારંગત :** હોશિયાર, પ્રવીણ
⇒ **ઉન્નતિ :** પ્રગતિ, વિકાસ
⇒ **નિધિ :** ફાળો
⇒ **પરિનિર્વાણ :** અવસાન
⇒ **બાંય :** હાથ, મદદ
⇒ **ખંત :** કાળજી, ચીવટ, હોંશ
⇒ **નેહ :** પ્રેમ, સ્નેહ
⇒ **બાંધવા :** સગાં
⇒ **ગૌરવ :** મહત્તા, મોટાઈ
⇒ **દારૂણ :** ભયાનક
⇒ **નંદનવન :** હરિયાળું
⇒ **ન્યારા :** અનોખા
⇒ **કંદન :** રુદન
⇒ **દેવભૂમિ :** પવિત્ર ભૂમિ
⇒ **જિન :** જૈન
⇒ **બક્ષી :** આપી
⇒ **તવંગર :** પૈસાદાર
⇒ **નિરક્ષર :** અભણ

WEBSANKUL®

⇒ **સ્તંભ :** થાંભલો
⇒ **મંજૂરી :** પરવાનગી
⇒ **આજીજી :** વિનંતી
⇒ **નાનપ :** હીનતા, નાનમ
⇒ **મહિમાવંતું :** ગૌરવવાળું
⇒ **કાચુંપોચું :** ડરપોક
⇒ **નિર્ભય :** નીડર
⇒ **છાતીસમાણું :** છાતીસરખું
⇒ **વહારે :** મદદે
⇒ **હેવાન :** ખરાબ માણસ
⇒ **મોસમ :** ઋતુ
⇒ **કિલ્લોલ :** આનંદ
⇒ **સીમાડો :** ગામની હદ
⇒ **અમીદૃષ્ટિ :** મહેરબાની, મીઠી નજર
⇒ **વેરાન :** ઉજ્જડ
⇒ **ધોમ :** સૂર્ય, સખત તડકો
⇒ **ધૈર્ય :** ધીરજ
⇒ **ખાંડુ :** તલવાર
⇒ **સાવધ :** સાવચેત
⇒ **યુક્તિ :** કરામત, ઉપાય
⇒ **ચતુરાઈ :** ચાલાકી, હોશિયારી
⇒ **ઝરુખો :** છજું
⇒ **હાંફળુંફાફળું :** ગભરાયેલું, બેબાકળું
⇒ **કમનસીબ :** કમભાગી
⇒ **ધાક :** બીક, ડર
⇒ **મુદ્રાલેખ :** આદર્શ વાક્ય
⇒ **વહાલાજી :** શ્રીકૃષ્ણ
⇒ **વાયરો :** પવન
⇒ **રળિયામણું :** સુંદર
⇒ **ઘડી :** ક્ષણ, પળ
⇒ **વીંજણો :** પંખો
⇒ **જમ :** યમ
⇒ **મોલ :** પાક
⇒ **મસ્તાન :** મદભર્યું
⇒ **નિશ્ચય :** નિર્ણય
⇒ **ખેવના :** કાળજી
⇒ **ભીડ :** ગિરદી
⇒ **પોસાવું :** પરવડવું
⇒ **પેસેન્જર :** મુસાફર
⇒ **અમૂલ્ય :** કીંમતી
⇒ **રહમ :** દયા
⇒ **સહજ :** સ્વાભાવિક
⇒ **આર્તસ્વર :** દુ:ખભર્યા અવાજ
⇒ **હાંફળું-ફાંફળું :** ગભરાયેલું, બેબાકળું
⇒ **જુલમ :** ત્રાસ
⇒ **વિલાસ :** મોજમજા
⇒ **સ્વર :** અવાજ
⇒ **તૃષ્ણા :** ઇચ્છા
⇒ **લીન :** એકધ્યાન
⇒ **ઘેલછા :** ધૂન
⇒ **લઘરવઘર :** ચીંથરેહાલ
⇒ **બાનુ :** સન્નારી, મેડમ
⇒ **દૃઢ :** મક્કમ
⇒ **વદન :** ચહેરો
⇒ **રાન :** જંગલ
⇒ **શરમિંદું :** ઝંખવાણું
⇒ **ઉદ્યોગ :** ધંધો-રોજગાર
⇒ **કળાવું :** દેખાવું
⇒ **શાખ :** આબરૂ
⇒ **મુનસફ :** દીવાની ન્યાયાધીશ
⇒ **સિંહલદ્વીપ :** શ્રીલંકા
⇒ **મતિ :** બુદ્ધિ
⇒ **કામઢા :** ઉદ્યમી, મહેનતુ
⇒ **નિરંતર :** હંમેશાં
⇒ **અખિલાઈ :** સમગ્રતા
⇒ **ચાકળી :** નાની ગાગર
⇒ **છિન્ન–ભિન્ન :** વેરણ–છેરણ
⇒ **ખેરાત :** દાન
⇒ **જીવનસ્ત્રોત :** જીવનપ્રવાહ
⇒ **મોખરે :** આગળ, પ્રથમ
⇒ **ઔષાધાલય :** દવાખાનું
⇒ **ઇતર :** બીજું
⇒ **ક્લેશ :** દુ:ખ
⇒ **જીવનસૂત્ર :** જીવનમંત્ર

WEBSANKUL®

⇒ **તોતિંગ :** વજનદાર

⇒ **જનની :** માતા

⇒ **મધુ :** મધ

⇒ **અમી :** અમૃત

⇒ **દોહ્યલાં :** દુર્લભ

⇒ **જ્યેષ્ઠ :** મોટા

⇒ **શશી :** ચંદ્ર

⇒ **ઉજાસ :** પ્રકાશ, તેજ

⇒ **ગફલત :** ભૂલ

⇒ **નઠારું :** ખરાબ

⇒ **અવગણના :** ઉપેક્ષા

⇒ **લોલવિલોલ :** સૌંદર્યો

⇒ **જાજ્વલ્યમાન :** પ્રકાશતું, ઝગમગતું

⇒ **શૈશવ :** બાળપણ

⇒ **અસ્તિત્વ :** હયાતી, હસ્તી

⇒ **તીવ્ર :** અતિશય

⇒ **પરમાણું :** માપ

⇒ **ઉત્કંઠા :** આતુરતા

⇒ **વેણ :** વચન

⇒ **આક્રોશ :** ગુસ્સો

⇒ **અવિરત :** સતત

⇒ **વિષાદ :** ખેદ, નિરાશા, શોક

⇒ **ક્ષુલ્લક :** થોડું, અલ્પ, તુચ્છ

⇒ **મૃદુ :** કોમળ

⇒ **અનિલ :** પવન

⇒ **ઉત્સાહ :** હોંશ

⇒ **કૃષીવલ :** ખેડૂત

⇒ **કમલવત્ :** કમળ જેવા

⇒ **વેકૂર :** રેતી

⇒ **કર :** હાથ, કિરણ

⇒ **કુતૂહલ :** આશ્ચર્ય, કૌતુક

⇒ **શિથિલ :** ઢીલા

⇒ **કૃષિક :** ખેડૂત

⇒ **તૃષા :** તરસ

⇒ **પાત્ર :** વાસણ, પ્યાલો

⇒ **બિન્દુ :** ટીપું

⇒ **ધરા :** ધરતી, જમીન

⇒ **નૃપ :** રાજા

⇒ **ઈશ :** ઈશ્વર

⇒ **મિષ્ટ :** મીઠો

⇒ **દ્રવ્યમાન :** શ્રીમંત, ધનવાન

⇒ **ગરજ :** ખપ, જરૂર, સ્વાર્થ

⇒ **સૂરદાસજી :** અંધ

⇒ **કબૂલ :** મંજૂર

⇒ **તદબીર :** યુક્તિ, ઉપાય

⇒ **શિરસ્તો :** પ્રથા, રિવાજ

⇒ **અઢળક :** પુષ્કળ

⇒ **પારખું :** પરીક્ષા

⇒ **મામૂલી :** તુચ્છ

⇒ **દેશાવર :** પરદેશ

⇒ **પંથક :** ઈલાકો, પ્રદેશ

⇒ **ઘાલમેલ** : ખટપટ, પ્રપંચ

⇒ **ખેવના :** ઈચ્છા

⇒ **ઉત્કર્ષ :** વિકાસ

⇒ **ઔદાર્ય :** ઉદારતા

⇒ **ખેરાત :** દાન

⇒ **ઉદ્ધતાઈ :** અવિનય

⇒ **દબડાવવું :** ધમકાવવું

⇒ **પ્રતીતિ :** સમજ, ભરોસો, વિશ્વાસ

⇒ **સુરક્ષાકર્મી :** ચોકીદાર

⇒ **અલ્પાહાર :** નાસ્તો

⇒ **ફોરવું :** મહેકવું

⇒ **ટીપણું :** પંચાંગ

⇒ **કારસું :** ભયંકર

⇒ **લાજ :** આબરૂ

⇒ **રાંકડી :** ગરીબડી

⇒ **રૈયત :** પ્રજા

⇒ **ભાવવિભોર :** લાગણીવશ

⇒ **અધ્યયન :** અભ્યાસ

⇒ **પ્રતીતિ :** ખાતરી

⇒ **સેજ્યા :** સેજ, શય્યા, પથારી

⇒ **સેવવું :** લગાવવું, ચોપડવું

⇒ **ઉખેવવું :** ઉખેડવું

⇒ **જાચવું :** માગવું

WEBSANKUL®

⇒ **અંબર :** વસ્ત્ર
⇒ **ઉપહાર :** ભેટ
⇒ **ફૂટડું :** સુંદર
⇒ **મરાલ :** હંસ
⇒ **રવેશી :** પડાળી
⇒ **પ્રતિક્ષણ :** પળેપળ
⇒ **ભાર્યા :** પત્ની
⇒ **ભગિની :** બહેન
⇒ **દળદર :** દારિદ્ર, ગરીબી
⇒ **હુન્નર :** કારીગરી, કસબ
⇒ **ક્લેશ :** કજિયો, કંકાસ, લડાઈ
⇒ **અડપલું :** તોફાની, અટકચાળું
⇒ **લગીર :** થોડું
⇒ **રૂક્ષ :** બરડ
⇒ **દમડી :** દામ
⇒ **દ્વિજ :** બ્રાહ્મણ
⇒ **પત્રી :** પત્ર, કમળ
⇒ **ધાવું :** દોડવું
⇒ **કંદર્પ :** કામદેવ
⇒ **વિપ્ર :** બ્રાહ્મણ
⇒ **અલકાપુરી :** સ્વર્ગ
⇒ **વિધાતા :** બ્રહ્મા
⇒ **વિપત્તિ :** દુ:ખ, આફત
⇒ **સુધ્ધાં :** સહિત, સાથે
⇒ **ઔદાર્ય :** ઉદારતા
⇒ **અમીરી :** શ્રીમંતાઈ
⇒ **સુભગ :** સુંદર, રમણીય
⇒ **વિઘ્ન :** અડચણ
⇒ **સંવાદિતા :** એકરાગ, સહમતી
⇒ **અવસ્થા :** ઘડપણ (અહીં)
⇒ **વિલાવું :** કરમાવું
⇒ **કરુણા :** દયા
⇒ **શીળું :** ઠંડું
⇒ **રંજ :** દુ:ખ, દિલગીરી
⇒ **સરવાણી :** ઝરણું
⇒ **સ્મિત :** મંદ હાસ્ય
⇒ **પતન :** પડતી
⇒ **સાહેબી :** સમૃદ્ધિ
⇒ **ઉદ્યમ :** યત્ન, મહેનત
⇒ **સાલિયાણું :** વર્ષાસન, વાર્ષિક વેતન
⇒ **સલ્તનત :** રાજ્ય , પાદશાહ
⇒ **કરાર :** કબૂલાત, ઠરાવ
⇒ **સુરવાલ :** પાયજામો, ચોરણો
⇒ **દરકાર :** કાળજી
⇒ **રિયાસત :** રાજ્ય, જાગીર, અધિકાર
⇒ **હેમ :** સોનું, કનક
⇒ **ચુઆ :** સુગંધી તેલ
⇒ **હળધર :** બલરામ
⇒ **આળ :** આક્ષેપ, વહાલ
⇒ **શશિયર:** ચંદ્ર
⇒ **ધતૂરાનાં ડોડવા :** ધતૂરાનાં ઝીંડવાં
⇒ **ભ્રાત :** ભાઈ
⇒ **કાષ્ઠ :** લાકડાં, બળતણ
⇒ **ખાંધ :** ખભો
⇒ **વાદ :** ચર્ચા
⇒ **કેર :** જુલમ
⇒ **જૂજવા :** જુદા, અલગ
⇒ **વિલક્ષણ :** અદ્‌ભુત, અસાધારણ
⇒ **ધોરીમાર્ગ :** મુખ્ય રસ્તો, સરિયામ માર્ગ
⇒ **વિસ્મય :** આશ્ચર્ય, અચંબો
⇒ **કોકિલ :** નરકોયલ
⇒ **પૌરુષ :** પુરુષાતન
⇒ **સુફલિત :** ફળદ્રુપ
⇒ **પરિચારિકા :** સેવિકા
⇒ **ચાકરી :** સેવા
⇒ **ઉપચાર :** સારવાર
⇒ **વસવસો :** અફસોસ
⇒ **જથરવથર :** અવ્યવસ્થિત
⇒ **ક્રૂર :** ઘાતકી
⇒ **મજિયારું :** સહિયારું
⇒ **ખમીર :** જોશ, તાકાત
⇒ **વેળા :** સમય, ટાણું, વખત
⇒ **બુલંદ :** ઊંચો
⇒ **મૂળ :** પ્રાચીન, અસલ, જૂનું

WEBSANKUL®

⇒ **ઉચાટ :** ચિંતા
⇒ **દૂઝે :** ઝમે, ટપકે
⇒ **વસુધા :** ધરતી, પૃથ્વી
⇒ **સૂગ :** અણગમો, ઘૃણા
⇒ **દળદર :** દેવું
⇒ **ફડશ :** ટુકડો
⇒ **બ્રહ્માંડ :** બૃહદ વિશ્વ
⇒ **યોજન :** ચારગાઉ
⇒ **યજ્ઞોપવીત :** જનોઈ
⇒ **પ્રવ્રજ્યા :** સંન્યાસ [સંસ્કૃતમાં વ્રજ- 'ચાલવું', 'જવું' પરથી]
⇒ **ધૂંસાભૂંસા :** છેડાં
⇒ **અનુજ્ઞા :** (અનુ+જ્ઞા) રજા
⇒ **વયસ્ય :** મિત્ર
⇒ **રાજીપો :** ખુશી
⇒ **નાયી :** વાળંદ
⇒ **પરિચારક :** સેવક, નોકર
⇒ **પરિષદ :** સભા
⇒ **પરીક્ષણ :** તપાસ
⇒ **સાંપ્રત :** વર્તમાન
⇒ **જડબાતોડ :** સમાનતા
⇒ **સુચારુ :** સારું
⇒ **પ્રખર :** સખત, ઉગ્ર
⇒ **અપાર :** પુષ્કળ
⇒ **ઉપકૃત :** આભારવશ
⇒ **સ્વાભિમાન :** આત્મગૌરવ
⇒ **અમાનુષી :** જંગલી, ક્રૂર
⇒ **પહેરેગીર :** ચોકીદાર
⇒ **દિગ્મૂઢ :** આશ્ચર્યચકિત
⇒ **ધિક્કાર :** તિરસ્કાર
⇒ **સન્નાટો :** શાંતિ, નીરવતા, સ્તબ્ધતા
⇒ **કલેવર :** ખોળિયું, શરીર
⇒ **પ્રજ્ઞા :** બુદ્ધિ, ડહાપણ, સમજણ
⇒ **ભોર :** સવાર
⇒ **પ્રવર્તન :** પ્રચાર, પ્રસાર
⇒ **ભય શૂન્ય :** નિર્ભય
⇒ **વસુધા :** પૃથ્વી
⇒ **ઉન્નત :** ઊંચું
⇒ **શિર :** મસ્તક
⇒ **તુચ્છ :** સામાન્ય
⇒ **ગ્રસવું :** પકડવું
⇒ **પૌરુષ :** પરાક્રમ
⇒ **જોગંધર :** જોગીન્દ્ર / યોગીન્દ્ર
⇒ **નમણું :** સુંદર
⇒ **ઓઘ :** પૂર
⇒ **કોડભરી :** આશાભરી
⇒ **સરવાણી :** ઝરો
⇒ **ચેહ :** ચિતા
⇒ **જાજ્વલ્યમાન :** તેજસ્વી

GCERT OLD

⇒ **વહેવારિયો :** વેપારી
⇒ **વરણ :** જ્ઞાતિ કે જાતિ
⇒ **લેખું :** હિસાબ
⇒ **વહોરવું :** ખરીદવું
⇒ **પૂંજી :** મૂડી
⇒ **આવરો :** આવક
⇒ **ચિઠ્ઠી :** હૂંડી, ચબરખી
⇒ **ગોવિંદ :** શ્રીકૃષ્ણ
⇒ **ભાવવું :** ગમવું
⇒ **સંગત :** સાથ, સોબત
⇒ **સાંઢ :** સાંઢણી
⇒ **દુજો :** બીજો
⇒ **વસવું :** રહેવું
⇒ **વિષ :** ઝેર
⇒ **સહાય :** મદદ
⇒ **કાંય :** ક્યાંય
⇒ **લાડણી :** લાડલી
⇒ **નાવલિયો :** પતિ
⇒ **આળ :** આરોપ
⇒ **તણું :** નું
⇒ **પાતળિયો :** (1) પાતળો (2) દેખાવડો

WEBSANKUL®

⇒ **ચાચર :** ચોક
⇒ **વાઢ :** કાપો
⇒ **છેદ :** છિદ્ર, કાણું
⇒ **શિરોમણિ :** સર્વશ્રેષ્ઠ, સર્વોચ્ચ
⇒ **ગિરિ :** પર્વત
⇒ **જેષ્ટિકા :** લાકડી
⇒ **શલ્યા :** શિલા
⇒ **કર્દમ :** કાદવ
⇒ **વપુ :** શરીર
⇒ **તેજ :** પ્રકાશ
⇒ **શશિયર :** ચંદ્ર
⇒ **ભાણ :** સૂર્ય
⇒ **સંદેહ :** શંકા
⇒ **અગાધ :** પુષ્કળ
⇒ **હૃષીકેશ :** શ્રીકૃષ્ણ
⇒ **દીપોત્સવી :** દિવાળી
⇒ **ગજ :** હાથી
⇒ **અભ્ર :** વાદળ, ઘન
⇒ **જામની :** યામિની, રાત્રિ
⇒ **દીસવું :** દેખાવું
⇒ **રવૈયો :** રવાઈ
⇒ **થોભણ :** ટેકો
⇒ **ઊખણ :** ખાંડણિયો
⇒ **નિમિત્ત :** બહાનું
⇒ **વૃષ્ટ :** વરસાદ, વૃષ્ટિ
⇒ **ભાનુ :** સૂર્ય
⇒ **જૂતવું :** જોડવું
⇒ **એમાન :** શ્રદ્ધા
⇒ **કાગદ :** કાગળ
⇒ **લખિયલ :** લખાયેલા
⇒ **ત્રંબાળું :** નગારું
⇒ **સાગવી :** સ્વજન
⇒ **મુસલમીન :** મુસલમાન
⇒ **સારું :** સમગ્ર, આખું
⇒ **બૂડવું :** ડૂબવું
⇒ **રોણું :** રુદન
⇒ **તાગ :** માપ, અંદાજ
⇒ **કાશી :** બનારસ, વારાણસી
⇒ **ધરા :** ધરતી
⇒ **ઘોષ :** મોટો અવાજ
⇒ **કરુણા :** અનુકંપા, દયા
⇒ **આય :** (1) આયુષ્ય, આવરદા (2) કૌવત, જોર
⇒ **વ્યંગ :** કટાક્ષ
⇒ **ગર્દભ :** ગધેડો, ખર
⇒ **વ્રણ :** ઘા
⇒ **રિપુ :** દુશ્મન
⇒ **રિપુત્વ :** દુશ્મનાવટ
⇒ **ધ્વસ્ત :** નાશ
⇒ **તર્ક :** વિચાર-પ્રક્રિયા
⇒ **ઝાઝું :** વધારે
⇒ **વિફલ :** નિષ્ફળ
⇒ **ઉર :** હૃદય
⇒ **ઉપવન :** બગીચો
⇒ **દગ્ધી :** બાળીને [દગ્ધ - સળગી ગયેલું]
⇒ **તર્કચકવો :** વિચારચક્ર
⇒ **દાખવવું :** દર્શાવવું
⇒ **કોટિ :** કરોડ
⇒ **વિરાજવું :** શોભવું
⇒ **કતાર :** હાર
⇒ **રાંક :** રંક, ગરીબ
⇒ **સહસા :** એકાએક
⇒ **કાનન :** જંગલ, વન
⇒ **દુઝવું :** ઝમવું, ઝરવું
⇒ **પત્ર :** પાંદડું
⇒ **વસુંધરા :** પૃથ્વી, વસુધા
⇒ **મંગલ :** કલ્યાણકારી
⇒ **સ્કંધ :** ખભો
⇒ **રસાળ :** રસવાળું
⇒ **તૃણ :** ઘાસ
⇒ **ચૂવું :** ટપકવું
⇒ **ભીતર :** અંદર
⇒ **જ્વર :** તાવ
⇒ **ઇન્દ્રધામ :** સ્વર્ગ
⇒ **કોટિ :** કરોડ

WEBSANKUL®

⇒ **બદન :** શરીર
⇒ **કાસાર :** સરોવર
⇒ **તૃષ્ટિ :** સંતોષ
⇒ **કંથ :** પતિ
⇒ **ધરણી :** ધરતી
⇒ **કુંજર :** હાથી
⇒ **મહોલાત :** મહેલ, હવેલી
⇒ **કારમું :** ભયંકર
⇒ **ભાત :** છાપ
⇒ **કોડ :** ઇચ્છા
⇒ **ઘાવ :** ઘા
⇒ **સુરગંગા :** આકાશગંગા
⇒ **ગઢ :** કિલ્લો
⇒ **મોઝાર :** મધ્યમાં
⇒ **પુર :** નગર
⇒ **સંગ :** સાથે
⇒ **સાજ :** શણગાર
⇒ **રણમોડ :** શિરસ્ત્રાણ
⇒ **રણલીલા :** યુદ્ધલીલા
⇒ **ચિર :** વસ્ત્ર
⇒ **યાચના :** વિનંતી, પ્રાર્થના, માંગણી
⇒ **સાદ :** અવાજ, બૂમ
⇒ **બુંદ :** ટીપું
⇒ **આંકવું :** આલેખવું
⇒ **ભાલ :** કપાળ, લલાટ
⇒ **ઝાકમઝાળ :** (1) દેદીપ્યમાન (2) મહાલવું
⇒ **ઇન્દ્રધનુ :** મેઘધનુષ્ય
⇒ **સિંધુ :** સાગર
⇒ **વીંજણો :** પંખો
⇒ **નીંદ :** ઊંઘ
⇒ **વેળા :** સમય
⇒ **અદનું :** રાંક, સાધારણ, સામાન્ય
⇒ **જાયો :** પુત્ર
⇒ **અવગણવું :** ટાળવું
⇒ **બડભાગી :** નસીબદાર
⇒ **ખમીર :** જોશ, તાકાત
⇒ **સજલ :** જળભર્યું
⇒ **દંગ :** દૃષ્ટિ, નજર
⇒ **ભોર :** પરોઢિયું
⇒ **મેઘ :** વાદળ
⇒ **રંગધનુષ :** મેઘધનુષ્ય
⇒ **સોહવું :** શોભવું
⇒ **નિબિડ :** ગાઢ, ઘેરું
⇒ **કોશ :** ભંડાર
⇒ **ચિતારો :** ચિત્રકાર
⇒ **મિલાવટ :** મિશ્રણ, મેળવણી
⇒ **નીલો :** આસમાની
⇒ **છાંટ :** છાંટણાં
⇒ **ધોરી :** મુખ્ય, સરિયામ, મોટું
⇒ **ટાણું :** સમય
⇒ **ઢૂંઢવું :** શોધવું
⇒ **દીપવું :** શોભવું, પ્રકાશવું
⇒ **ઢબૂકવું :** વાગવું
⇒ **સાફો :** ફેંટો
⇒ **પાદર :** ભાગોળ
⇒ **ફળિયું :** આંગણું
⇒ **શૈશવ :** બાળપણ
⇒ **ઝંખવું :** ઇચ્છવું
⇒ **ગુજારવું :** વિતાડવું
⇒ **વાસવું :** વસવું
⇒ **કચેરી :** અદાલત
⇒ **પરાયું :** પારકું
⇒ **બાજીગર :** જાદુગર
⇒ **છલબલ :** છલપ્રપંચ
⇒ **કાજી :** ન્યાયાધીશ
⇒ **ઉન્મત્ત :** ગાંડું
⇒ **કટુ :** કડવું
⇒ **કીમિયો :** યુક્તિ, ઇલમ
⇒ **ગ્રીવા :** ડોક, ગરદન
⇒ **ઉમરાવ :** અમીર, શ્રીમંત
⇒ **અનુચર :** સેવક
⇒ **વત્સલ :** પ્રેમાળ
⇒ **અધિક વૈરી :** શત્રુ
⇒ **લગાર :** સહેજ

WEBSANKUL®

⇒ **પરુષ :** કઠોર
⇒ **તથાપિ :** તોપણ
⇒ **નીરખવું :** જોવું
⇒ **ખિજા :** દુઃખી
⇒ **ઉર :** હૃદય
⇒ **ઐક્ય :** એકતા
⇒ **ભીતિ :** ભય
⇒ **નૃપતિ :** રાજા
⇒ **શીત :** ઠંડું
⇒ **શૈત્ય :** ઠંડક
⇒ **સ્વાન્ત :** હૃદય, અંત:કરણ
⇒ **સત્ત્વર :** જલદી
⇒ **ભૂપાલ :** રાજા (ભૂ-ધરતી પાળ-પાલન કરનાર)
⇒ **સચિવ :** મંત્રી
⇒ **પિછાણ :** ઓળખાણ
⇒ **વૈશ્ય :** વેપારી
⇒ **ભવન :** ઘર
⇒ **ઢગ :** ઢગલો
⇒ **વિમળ :** નિર્મળ
⇒ **માંહે :** અંદર
⇒ **ક્ષુદ્ર :** તુચ્છ, સામાન્ય
⇒ **દિલાસો :** આશ્વાસન
⇒ **તરણિ :** સૂર્ય
⇒ **પ્રાસાદ :** મહેલ
⇒ **આપ્ત :** સ્વજન
⇒ **વ્યંજન :** પંખો
⇒ **શીઘ્ર :** જલદી
⇒ **નિજ :** પોતાનું
⇒ **કૈતવ :** કપટ
⇒ **પ્રીતિ :** પ્રેમ
⇒ **વિપત :** વિપદ, મુશ્કેલી
⇒ **શેવાળ :** લીલ
⇒ **કજ્જલ :** કાજળ
⇒ **શ્યામતા :** કાળાશ
⇒ **પાષાણ :** પથ્થર
⇒ **શીલ :** ચારિત્ર્ય
⇒ **દુરિજન :** દુર્જન
⇒ **વક્રતા :** વાંકાપણું, છળકપટ
⇒ **શૌર્ય :** શૂરવીરતા
⇒ **પુરુષત્વ:** મર્દાનગી
⇒ **દ્રવતું :** પીગળવું
⇒ **હોલવું :** હોલવવું, બૂઝવવું
⇒ **ફાંફાં :** ડાફરિયાં
⇒ **ભવ :** સંસાર
⇒ **શાહુકાર :** શરાફ, નાણાવટી
⇒ **અવળું :** ઊંધું
⇒ **બેઅદબી :** અવિવેક
⇒ **શ્વાન :** કૂતરું
⇒ **અઘરણી :** સીમંત
⇒ **શાહુકારી :** શરાફત
⇒ **વાસ્તે :** માટે
⇒ **કળવું :** સમજવું
⇒ **આકરું :** તીવ્ર, અસહ્ય
⇒ **સદૈવ :** હંમેશાં
⇒ **ધોખો :** ગુસ્સો, રોષ
⇒ **લવારી :** બકવાસ
⇒ **સંત્રી :** પહેરેગીર
⇒ **મુક્તિ :** સ્વાતંત્ર્ય
⇒ **નાદ :** અવાજ
⇒ **ખંધાઈ :** લુચ્ચાઈ
⇒ **સહાનુભૂતિ :** સમભાવ
⇒ **નામર્દ :** કાયર
⇒ **નિરંતર :** સતત
⇒ **હુજ્જત :** હઠ
⇒ **આર્જવ :** મૃદુતા, કોમળતા
⇒ **ઠસરડો :** વેઠ
⇒ **અંગત :** ખાનગી
⇒ **ઉસ્તાદ :** કાબેલ, પ્રવીણ, કુશળ
⇒ **ઉપ :** ગૌણ
⇒ **ભેજું :** મગજ
⇒ **જબરદસ્ત :** બળવાન, જબરું
⇒ **અફસર :** ઉપરીસાહેબ
⇒ **ભાંડુ :** ભાઈ-બહેન
⇒ **તુચ્છકાર :** તિરસ્કાર

WEBSANKUL®

⇒ **રુક્ષ :** કઠોર
⇒ **પારખું :** પારખનાર
⇒ **કૃતાર્થ :** ધન્ય
⇒ **ગુર્જર :** ગુજરાત
⇒ **વાચા :** વાણી
⇒ **જતિ :** યોગી, યતિ
⇒ **મઢૂલી :** કુટિર, ઝૂંપડી
⇒ **જાજ્વલ્યમાન :** તેજસ્વી
⇒ **અમાત્ય :** પ્રધાન, મંત્રી
⇒ **સંપાદલક્ષ :** અજમેર
⇒ **કાન્યકુબ્જ :** કનોજ
⇒ **મુત્સદી :** રાજદ્વારી પુરુષ
⇒ **અરિ :** દુશ્મન
⇒ **ચલ્લું :** ચાંગળું, અંજલિ
⇒ **દિલગીર :** નાખુશ, અપ્રસન્ન
⇒ **ચૌટું :** બજાર
⇒ **શાસન :** આજ્ઞા
⇒ **સુશિમા :** સુષમા, સૌંદર્ય
⇒ **અરસો :** મુદત
⇒ **અણસારો :** ઈશારો
⇒ **બરામદા :** વરંડો
⇒ **બબરચી :** રસોઈયો
⇒ **અડચણ :** મુશ્કેલી
⇒ **ફિકર :** ચિંતા
⇒ **હુંસાતુંસી :** રકઝક
⇒ **પટાવવું :** ફોસલાવવું
⇒ **કુફલ :** તાળું
⇒ **જંજીર :** સાંકળ
⇒ **શરીફ :** ખાનદાન
⇒ **આખિર :** અંતે
⇒ **બદતમીજ :** અસભ્ય
⇒ **નફરત :** તિરસ્કાર
⇒ **ખામોશ :** શાંત
⇒ **વાંસો :** પીઠ, બરડો
⇒ **મિન્નત :** કાલાવાલા, આજીજી
⇒ **ખાતરદારી :** આગતા-સ્વાગતા
⇒ **ખટખટિયું :** ખટપટવાળું
⇒ **તારાજ :** નાશ
⇒ **ફના :** નાશ, પાયમાલ
⇒ **તિત્તરબિત્તર :** વેરવિખેર
⇒ **કિરતાર :** ભગવાન
⇒ **મગતરું :** (1) મચ્છર (2) સામાન્ય
⇒ **શુકર :** આભાર
⇒ **ફાંફાં :** વલખાં
⇒ **હીણું :** ઊતરતું
⇒ **ભળભાંખડું :** ભરભાંખળું, મોસૂઝણું, મળસકું
⇒ **દસકત :** સહી
⇒ **ખુશબખ્તી :** ભેટ, બક્ષિસ
⇒ **અલાયદો :** જુદો
⇒ **કાનૂન :** કાયદો, નિયમ
⇒ **આલમ :** દુનિયા
⇒ **મશહૂર :** પ્રખ્યાત
⇒ **શેહ :** પ્રભાવ, ધાક
⇒ **તાજુબી :** નવાઈ
⇒ **અનુમોદન :** ટેકો
⇒ **વિયોગ :** વિરહ
⇒ **વિશ્રાંતિ :** આરામ
⇒ **ગ્લાનિ :** દુ:ખ
⇒ **હીટ :** ગરમી(અં)
⇒ **મોલ :** પાક
⇒ **ખપ :** જરૂર
⇒ **મિજબાની :** ઉજાણી
⇒ **પરવાશ્યે :** પરોઢિયે
⇒ **હબક :** કંઠ, સૂર
⇒ **સેંધી :** પંગથી
⇒ **ખડ :** ઘાસ
⇒ **બદબો :** દુર્ગંધ
⇒ **ભવન :** સ્થાન, ઘર
⇒ **ફીવર :** તાવ(અં.)
⇒ **અરધિયાણ :** અડધું
⇒ **હતવીર્ય :** શક્તિહીન
⇒ **ધારાધોરણ :** નીતિનિયમ
⇒ **શાશ્વત :** સનાતન
⇒ **એકાકી :** અટૂલું

WEBSANKUL®

⇒ **પ્રતીતિ :** ખાતરી
⇒ **કુમકુમઅક્ષત :** કંકુચોખા
⇒ **અરણ્ય :** જંગલ, વન
⇒ **સોડમ :** સુગંધ
⇒ **સૂર :** અવાજ
⇒ **સુરભિ :** સુગંધ
⇒ **પરિતોષ :** સંતોષ
⇒ **ઉન્માદભર્યું :** મસ્તીભર્યું
⇒ **નવોઢા :** નવવધૂ
⇒ **રમમાણ :** તલ્લીન
⇒ **મુફલિસ :** ગરીબ
⇒ **શલ્ય :** તીર, શૂળ
⇒ **વલોપાત :** આક્રંદ, કલ્પાંત
⇒ **ગોઠિયણ :** સખી
⇒ **આપ્રજન :** સગું
⇒ **દ્વિગુણિત :** બમણું
⇒ **અસૂરું :** મોડું
⇒ **કાપડું :** કાંચળી
⇒ **દાદ :** હક્ક, હિસ્સો
⇒ **કૌમુદી :** ચાંદની
⇒ **ગુલતાન :** તલ્લીન
⇒ **સાહેદી :** સાક્ષી
⇒ **દિલ્લગી :** પ્રેમ
⇒ **કુલેકું :** વરઘોડો
⇒ **મરવો :** ડમરો
⇒ **અટંક :** ટેકી
⇒ **વિલક્ષણ :** વિશિષ્ટ
⇒ **સમવેત :** એકરૂપતા
⇒ **ધરપત :** ધરવ, સંતોષ
⇒ **જર :** પૈસો, નાણું
⇒ **ઉપદ્રવ :** પજવણી, પીડા
⇒ **ઊંઘરેટું :** સુસ્તીભર્યું
⇒ **ઉપાલંતી :** ઠપકો
⇒ **નિપુણતા :** હોશિયારી
⇒ **કુતૂહલ :** ઈંતેજારી, ઉત્કંઠા
⇒ **તોછડ :** ઓછપ, ખામી
⇒ **સનેપાત :** અજંપો, મૂંઝારો
⇒ **પાકટ :** પ્રૌઢ
⇒ **મીજાન :** માપ
⇒ **વિહ્વળ :** વ્યાકુળ
⇒ **ઉપહાસ :** મશ્કરી
⇒ **યાતના :** દુ:ખ
⇒ **દ્વેષ :** ઈર્ષા
⇒ **નિશદિન :** રાત-દિવસ
⇒ **સહેલ :** સફર
⇒ **પરાજિત :** હારેલું
⇒ **કાફલો :** સમુદાય, સંઘ
⇒ **ઇત્યાદિ :** વગેરે
⇒ **મહિષ :** પાડો
⇒ **પંક :** કાદવ
⇒ **કર્દમ :** કાદવ
⇒ **તૃપ્તિ:** સંતોષ
⇒ **સનાતન :** શાશ્વત
⇒ **વાસુદેવ :** શ્રીકૃષ્ણ (વસુદેવ એટલે શ્રીકૃષ્ણના પિતા)
⇒ **પુંજ :** ઢગલો
⇒ **પ્રકૃતિ :** કુદરત, નિસર્ગ
⇒ **વૈભવ :** સમૃદ્ધિ
⇒ **પ્રતિકૃતિ :** છબિ, નકલ
⇒ **ઇન્દ્રગોપ :** ગોકળગાય
⇒ **શાંકભરી :** દુર્ગા
⇒ **મૂક :** મૂંગું
⇒ **રસિક :** રસિયું
⇒ **પરિપુષ્ટ :** સંતોષ
⇒ **હજમ :** પચાવવું
⇒ **કીટ :** કીડો
⇒ **માદક :** આનંદદાયક
⇒ **ભીતર :** અંદર
⇒ **સ્મૃતિ :** યાદ, સ્મરણ
⇒ **કરાર :** કબૂલાત, ઠરાવ
⇒ **હિત :** કલ્યાણ
⇒ **વટ :** રોફ
⇒ **ગર્વીલું :** અભિમાની
⇒ **પક્ષપાત :** તરફેણ
⇒ **ભાજન :** પાત્ર

WEBSANKUL®

પૂછાયેલા પ્રશ્નો

01) સમાનાર્થી શબ્દ જણાવો : 'ઝોક' **[GSSSB Senior Clerk 2021]**

(A) ઘેટાં - બકરાંનો વાડો

(B) વચ્ચેથી વળી જવું તે

(C) એક તરફનો અભિપ્રાય

(D) ગામઠી લોકોનો સમૂહ

02) આપેલ શબ્દોમાં કયો શબ્દ 'કંચુકી' શબ્દનો સમાનાર્થી નથી?
[GSSSB Senior Clerk 2021]

(A) લાંબો ઝભ્ભો પહેરનાર (B) દરવાન

(C) શીલવંત પુરુષ (D) બખ્તર

03) શબ્દાર્થ (અર્થભેદ) જણાવો : 'અલિ'
[GSSSB Senior Clerk 2021]

(A) ભમરો (B) કુસ્તિબાજ

(C) પરમાત્મા (D) સખીને સંબોધન

04) આપેલ શબ્દનો સાચો સમાનાર્થી શબ્દ જણાવો.
'દયિત' **[GSSSB Senior Clerk 2021]**

(A) પ્રિય (B) દાનમાં મળેલું

(C) દાનમાં આપેલું (D) લાવણ્યસભર

05) શબ્દાર્થ (અર્થભેદ) જણાવો : 'ઝલક'
[GSSSB Senior Clerk 2021]

(A) સસ્મિત (B) શોભા

(C) પવિત્ર (D) લાવણ્ય

06) સમાનાર્થી શબ્દ જણાવો : 'કોઢાર' **[GSSSB Senior Clerk 2021]**

(A) ખેડૂતનાં ઓજારો રાખવાનો કક્ષ

(B) મંદિરનો પ્રસાદ રાખવાની જગ્યા

(C) અનાજ ભરવાનો ઓરડો

(D) ઢોરને બાંધવાની જગા

07) આપેલ શબ્દનો સમાનાર્થી શબ્દ જણાવો : 'પયોદ'
[GSSSB Assistant Tribal Development Officer 2021]

(A) નભોમંડળ (B) વાદળ

(C) તારાઓનું મંડળ (D) મેઘધનુષના રંગો

08) આપેલ શબ્દનો સાચો સમાનાર્થી શબ્દ જણાવો : 'પસાયતો'
[GSSSB Assistant Tribal Development Officer 2021]

(A) તપસ્વીનો કક્ષ (B) રક્ષક

(C) આફત (D) મોટો પટારો

09) નીચે જણાવેલ શબ્દનો અર્થ જણાવો : 'રસના'
[GSSSB Assistant Tribal Development Officer 2021]

(A) રસપ્રદ (B) રસભર્યું

(C) જીભ (D) સ્વાદિષ્ટ

10) આપેલ શબ્દનો સમાનાર્થી શબ્દ જણાવો : 'જમાલ'
[GSSSB Assistant Tribal Development Officer 2021]

(A) વાક્છટા (B) સૌંદર્ય

(C) વાણી-વિલાસ (D) શૌર્યગાન

11) નીચે આપેલા વિકલ્પોમાં ક્યો શબ્દ સમાનાર્થી નથી તે જણાવો.
[GSSSB Assistant Tribal Development Officer 2021]

(A) કાદંબરી (B) કોકિલા

(C) કાદર (D) કોયલ

12) નીચે આપેલા વિકલ્પોમાં ક્યો શબ્દ સમાનાર્થી નથી તે જણાવો.
[GSSSB Assistant Tribal Development Officer 2021]

(A) પિપાસા (B) તૃષા

(C) તરસ (D) પિધાન

13) જણાવેલ શબ્દનો અર્થ જણાવો : 'હય'
[GSSSB Assistant Tribal Development Officer 2021]

(A) હાથી (B) શિયાળ

(C) ઘોડો (D) શ્વાન

14) નીચેનામાંથી કયો શબ્દ સમાનાર્થી નથી?
[GSSSB Mechanic 2021]

(A) નિર્વ્યાજ (B) સાલસ

(C) ઋણમુક્ત (D) કપટરહિત

15) નીચે આપેલ શબ્દોમાંથી કયો શબ્દ 'અસ્મિતા' શબ્દનો સમાનાર્થી નથી તે જણાવો. **[GSSSB Surveyor 2021]**

(A) મમત્વ (B) અહંકાર

(C) ભ્રમણા (D) ભાન

16) શબ્દનો અર્થ જણાવો : 'મુસલસલ'
[GSSSB Surveyor 2021]

(A) વિભાજિત (B) સળંગ

(C) મોં બોલેથી (D) મુશળધાર

17) સમાનાર્થી શબ્દ જણાવો : 'વિજન'
[GSSSB Surveyor 2021]

(A) દીર્ઘદૃષ્ટિ

(B) વિશાળતા

(C) માણસની અવરજવર વાળું

(D) વેરાન

18) નીચે આપેલા વિકલ્પોમાં કયો શબ્દ સમાનાર્થી નથી તે જણાવો.
[GSSSB Additional Assistant Engineer Electrical 2021]

(A) નિયતિ (B) નિધિ

(C) ખજાનો (D) શેવધિ

1-**A** / 2-**C** / 3-**A** / 4-**A** / 5-**B** / 6-**D** / 7-**B** / 8-**B** / 9-**C** / 10-**B** / 11-**C** / 12-**D** / 13-**C** / 14-**C** / 15-**C** / 16-**B** / 17-**D** / 18-**A**

WEBSANKUL®

19) નીચે આપેલા શબ્દોમાંથી કયો શબ્દ 'અજરાલ' શબ્દનો સમાનાર્થી નથી તે જણાવો.
[GSSSB Economic Investigator 2021]
(A) અછત (B) ભયંકર
(C) યમદૂત (D) વિશાળ

20) આપેલ શબ્દ માટે વિકલ્પોમાંથી સમાનાર્થી શબ્દ શોધો : સૂર્ય -
[GSSSB Economic Investigator 2021]
(A) કુસુમ (B) ભાનુ
(C) શશી (D) વ્યોમ

21) સમાનાર્થી શબ્દ જણાવો : 'આદિમ'
[GSSSB Laboratory Assistant 2021]
(A) આળસુ (B) પ્રારંભનું
(C) આકાર (D) અળવિતરું

22) નીચે આપેલા વિકલ્પોમાં કયો શબ્દ સમાનાર્થી નથી તે જણાવો.
[GSSSB Technical Assistant 2021]
(A) પીયૂષ (B) વલ
(C) ઓસ (D) શબનમ

23) આપેલ શબ્દ માટે વિકલ્પોમાંથી સમાનાર્થી શબ્દ શોધો : ગર્દભ
[GSSSB Laboratory Assistant 2021]
(A) હય (B) તુરંગ
(C) ખર (D) ઊંટ

24) નીચે આપેલ શબ્દોમાંથી કયો શબ્દ 'વલય' શબ્દનો સમાનાર્થી નથી તે જણાવો.
[GSSSB Laboratory Assistant 2021]
(A) તોરણ (B) પ્રલય
(C) કપટ (D) કંકણ

25) આપેલ શબ્દનો સમાનાર્થી શબ્દ જણાવો : 'ગંજન'
[GSSSB Accountant / Auditor / Sub Accountant 2021]
(A) તિરસ્કાર (B) અહોભાવ
(C) મનોવ્યથા (D) ક્ષમાપન

26) નીચે આપેલા વિકલ્પોમાં કયો શબ્દ સમાનાર્થી નથી તે જણાવો.
[GSSSB Accountant / Auditor / Sub Accountant 2021]
(A) વિદ્વાન (B) વેશ્યા
(C) પંડિત (D) કોવિદ

27) નીચેનામાંથી કયો શબ્દ સમાનાર્થી નથી?
[GSSSB Assistant Machineman 2020]
(A) વિનીત (B) વિવશ
(C) સૌમ્ય (D) વિવેકી

28) નીચેનામાંથી કયો શબ્દ સમાનાર્થી નથી?
[GSSSB Agriculture Overseer 2020]
(A) શુચિ (B) પૂત
(C) પુનિત (D) પાવરી

29) આપેલ શબ્દનો સાચો સમાનાર્થી વિકલ્પ શોધો : ગોધો
[GSSSB Agriculture Overseer 2020]
(A) ગીધ (B) ઘોડો
(C) ગોદી (D) આખલો

30) નીચે આપેલ શબ્દોમાંથી કયો શબ્દ 'પરિત્રાણ' શબ્દનો સમાનાર્થી નથી?
[GSSSB Agriculture Overseer 2020]
(A) આત્મરક્ષણ (B) સંબંધિત
(C) અટકાવ (D) કવચ

31) નીચેનામાંથી કયો શબ્દ સમાનાર્થી નથી?
[GSSSB Librarian 2020]
(A) ધવ (B) કંથ
(C) ભરથાર (D) વ્રણ

32) આપેલ શબ્દનો અર્થ જણાવો : ફોફળ
[GSSSB Agriculture Overseer 2020]
(A) સોપારી (B) શ્રીફળ
(C) જાયફળ (D) ગૂગળ

33) આપેલ શબ્દનો અર્થ જણાવો : ધાંખ **[GSSSB Librarian 2020]**
(A) સ્વાભિમાન (B) આતુરતા
(C) કડકપણું (D) નિ:સ્વાર્થ

34) આપેલ શબ્દનો સાચો સમાનાર્થી વિકલ્પ શોધો : ભૂસુર
[GSSSB Librarian 2020]
(A) રક્ષક (B) વિપ્ર
(C) અમર (D) ધરતી

35) નીચે આપેલ શબ્દોમાંથી કયો શબ્દ 'કહેર' શબ્દનો સમાનાર્થી નથી? તે જણાવો. **[GSSSB Librarian 2020]**
(A) ભારે (B) ગજબ
(C) સિતમ (D) મુશ્કેલ

36) નીચે આપેલ શબ્દોમાંથી કયો શબ્દ 'અંદેશો' શબ્દનો સમાનાર્થી નથી તે જણાવો. **[GSSSB Senior Pharmacist 2020]**
(A) વેર (B) જોખમ
(C) મનન (D) આનાકાની

37) આપેલ શબ્દનો અર્થ જણાવો : હય
[GSSSB Senior Pharmacist 2020]
(A) હાથી (B) શિયાળ
(C) ઘોડો (D) શ્વાન

38) નીચેનામાંથી કયો શબ્દ સમાનાર્થી નથી?
[GSSSB Physiotherapist/ Tutor cum Physiotherapist 2020]
(A) તરણિ (B) કષાય
(C) મેલ (D) વિકાર

19-**A** / 20-**B** / 21-**B** / 22-**A** / 23-**C** / 24-**B** / 25-**A** / 26-**B** / 27-**B** / 28-**D** / 29-**D** / 30-**B** / 31-**D** / 32-**A** / 33-**B** / 34-**B** / 35-**D** / 36-**A** / 37-**C** / 38-**A**

39) નીચે આપેલ શબ્દોમાંથી કયો શબ્દ 'વરખ' શબ્દનો સમાનાર્થી નથી તે જણાવો.
[GSSSB Physiotherapist/ Tutor cum Physiotherapist 2020]
(A) બળદ (B) વૃક્ષ
(C) વરસવું તે (D) વર્ષ

40) આપેલ શબ્દનો અર્થ જણાવો : ભાવન
[GSSSB Physiotherapist/ Tutor cum Physiotherapist 2020]
(A) તિરસ્કાર (B) વાક્છટા
(C) વૈવિધ્ય (D) ગુણગાન

41) આપેલ શબ્દનો સાચો સમાનાર્થી વિકલ્પ શોધો : ભેષજ
[GSSSB Physiotherapist/ Tutor cum Physiotherapist 2020]
(A) વેશ (B) ભેંસ
(C) ઓસડ (D) આસ્વાદ

42) નીચે આપેલો અર્થભેદ : શબ્દભેદમાંથી ખોટો વિકલ્પ શોધો.
[GSSSB Inspector - (Main Exam) 2019]
(A) સફર - રસ્તો
(B) સફળ - સાર્થક
(C) લક્ષ્ય - ધ્યેય
(D) લક્ષ - લાખ

43) નીચે આપેલા વિકલ્પોમાંથી કયો શબ્દ સમાનાર્થી નથી તે જણાવો. **[GSSSB Inspector - (Main Exam) 2019]**
(A) પરિયટ (B) પરિવેષ્ટન
(C) ઢાંકણ (D) આચ્છાદન

44) આપેલ શબ્દનો સાચો સમાનાર્થી શબ્દ જણાવો : વ્યાસંગ
[GSSSB Inspector - (Main Exam) 2019]
(A) મહાવરો (B) વ્યસન
(C) વ્યસ્ત (D) સંગતિ

45) નીચે આપેલા અર્થભેદ : શબ્દભેદમાંથી ખોટો વિકલ્પ શોધો.
[GSSSB Office Superintendent 2019]
(A) પ્રણામ - નમન
(B) પ્રમાણ - નમસ્કાર
(C) કુજન - ખરાબ માણસ
(D) કૂજન - મધુર અવાજ

46) આપેલ શબ્દનો સાચો સમાનાર્થી શબ્દ જણાવો : ધ્વાંક્ષ
[GSSSB Office Superintendent 2019]
(A) આંખ (B) કાગડો
(C) કંકર (D) કંદોઈ

47) આપેલ શબ્દનો સમાનાર્થી શબ્દ જણાવો : જંબાલ
[GSSSB Office Superintendent / Superintendent 2019]
(A) પથ્થર (B) જંગલ
(C) કાદવ (D) જંતુ

48) આપેલા અર્થભેદ : શબ્દમાંથી ખોટો વિકલ્પ શોધો.
[GSSSB Office Superintendent / Superintendent 2019]
(A) સુવા - એક વનસ્પતિના બીજ
(B) સૂવા - ઊંઘવા
(C) સ્વાગત - આવકાર
(D) સ્વગત - બીજાને કહેવું

49) નીચે આપેલા વિકલ્પોમાં કયો શબ્દ સમાનાર્થી નથી તે જણાવો.
[GSSSB Chief Officer 2019]
(A) ગરલ (B) અમી
(C) સુધા (D) પીયૂષ

50) આપેલ શબ્દનો સાચો સમાનાર્થી શબ્દ જણાવો : વાંતિ
[GSSSB Chief Officer 2019]
(A) વૃત્તિ (B) ઊલટી
(C) ઉપદેશ (D) ઇચ્છા

51) આપેલ શબ્દનો અર્થ (શબ્દ-સમજૂતી) દર્શાવો : 'ચેહા'
[GSSSB Chief Officer 2019]
(A) ચહેરાની રોનક
(B) ચિતા
(C) સ્પૃહા
(D) પાણીની નીક

52) નીચે આપેલ શબ્દનો સાચો સમાનાર્થી શબ્દ જણાવો : રાજીવ
[GSSSB Mines Supervisor 2019]
(A) જીવંત (B) સરોજ
(C) રાજા (D) હાર

53) આપેલ શબ્દનો અર્થ (શબ્દ-સમજૂતી) દર્શાવો : 'જાચજચના'
[GSSSB Mines Supervisor 2019]
(A) મનોભાવના (B) પરસ્પર
(C) વિવિધ (D) યાચકવૃત્તિ

54) નીચે આપેલ શબ્દોમાંથી કયો શબ્દ 'નિયતિ' શબ્દનો સમાનાર્થી નથી તે જણાવો. **[GSSSB Mines Supervisor 2019]**
(A) અગમ્ય
(B) ધર્માચરણ
(C) વહીવટ
(D) લલચાવનાર

55) નીચે જણાવેલ શબ્દોમાંથી કયો શબ્દ 'લઢણ' શબ્દનો સમાનાર્થી શબ્દ નથી? **[GSSSB Technical Assistant 2019]**
(A) આચરણ
(B) ઝીણું વાટવું
(C) પ્રક્રિયા
(D) અભ્યાસ

39-**C** / 40-**D** / 41-**C** / 42-**A** / 43-**A** / 44-**A** / 45-**B** / 46-**B** / 47-**C** / 48-**D** / 49-**A** / 50-**B** / 51-**૨૬** / 52-**B** / 53-**D** / 54-**A** / 55-**C**

WEBSANKUL®

56) નીચે આપેલા અર્થભેદ : શબ્દભેદમાંથી ખોટો વિકલ્પ શોધો.
[GSSSB Technical Assistant 2019]
(A) શિલા - પથ્થર (B) શીલા - ચરિત્ર્યહીન સ્ત્રી
(C) સુદિન - શુભ દિવસ (D) સુદીન - ખૂબ નમ્ર

57) આપેલ શબ્દનો અર્થ (શબ્દ-સમજૂતી) દર્શાવો : 'પાગ'
[GSSSB Laboratory Technician 2019]
(A) પાત્ર (B) છીદ્ર
(C) સુક્ષ્મ (D) અતિશય ભારે

58) આપેલ શબ્દનો સાચો સમાનાર્થી શબ્દ જણાવો : બંધકી
[GSSSB Laboratory Technician 2019]
(A) બંધન (B) બગી
(C) વેશ્યા (D) પ્રાર્થના

59) નીચે જણાવેલ શબ્દોમાંથી કયો શબ્દ 'દહન' શબ્દનો સમાનાર્થી નથી? **[GSSSB Clerk & Office Assistant 2019]**
(A) ચિત્રો (B) પરાકાષ્ટા
(C) ગૂગળ (D) કબૂતર

60) આપેલ શબ્દનો અર્થ (શબ્દ - સમજૂતી) દર્શાવો : 'થેપાડું'
[GSSSB Clerk & Office Assistant 2019]
(A) જાડું સુતરાઉ કોરનું ધોતિયું
(B) કાણ સમયે માથે મૂકવાનું સફેદ વસ્ત્ર
(C) હાથથી સીવેલી બાળકને સુવાડવાની ગોદડી
(D) ગામઠી લોકોને ખભે રાખવાનું જાડું વસ્ત્ર

61) આપેલ શબ્દનો સાચો સમાનાર્થી શબ્દ જણાવો : 'નિપાત'
[GSSSB Clerk & Office Assistant 2019]
(A) આશ્ચર્ય પમાડે તે
(B) ચપટી વગાડવી તે
(C) જેનું મૂળ હોય તેવો શબ્દ
(D) પાંદડાં વગરનું હોય તે

62) નીચે આપેલા અર્થભેદ : શબ્દભેદમાંથી ખોટો વિકલ્પ શોધો.
[GSSSB Clerk & Office Assistant 2019]
(A) પુષ્ટ - પાતળું (B) પૃષ્ઠ - પીઠ
(C) પ્રસાદ - કૃપા (D) પ્રાસાદ - મહેલ

63) નીચે આપેલ વિકલ્પોમાંથી કયો શબ્દ સમાનાર્થી નથી?
[GSSSB Supervisor Instructor (Computer Group) 2019]
(A) બહાર (B) બારું
(C) પ્રવેશદ્વાર (D) બારણું

64) નીચે આપેલ વિકલ્પોમાંથી કયો શબ્દ સમાનાર્થી નથી?
[GSSSB Supervisor Instructor (Electrical Group) 2019]
(A) છિલ્લો (B) વ્યભિચારિણી
(C) કુલટા (D) છિનાળ

65) આપેલ શબ્દનો સાચો સમાનાર્થી વિકલ્પ શોધો : ઝલ્લરી
[GSSSB Supervisor Instructor (Electrical Group) 2019]
(A) મંજીરા (B) ઝાલર
(C) લત્તા (D) ચળકાટ

66) નીચે આપેલ વિકલ્પોમાંથી કયો શબ્દ સમાનાર્થી નથી?
[GSSSB Supervisor Instructor (Fabrication Group) 2019]
(A) શસ્ય (B) અનાજ
(C) શિષ્ય (D) ધાન્ય

67) આપેલ શબ્દનો સાચો સમાનાર્થી વિકલ્પ શોધો : ભૂસુર
[GSSSB Supervisor Instructor (Fabrication Group) 2019]
(A) રક્ષક (B) વિપ્ર
(C) અમર (D) ધરતી

68) આપેલ શબ્દનો સાચો સમાનાર્થી વિકલ્પ શોધો : ગહ્વર
[GSSSB Supervisor Instructor (Mechanical Group) 2019]
(A) સરોવર (B) કૂવો
(C) આશિષ (D) બખોલ

69) નીચે આપેલ વિકલ્પોમાંથી કયો શબ્દ સમાનાર્થી નથી?
[GSSSB Supervisor Instructor (Mechanical Group) 2019]
(A) ન્યાયી
(B) દિલહીન
(C) આદિલ
(D) ન્યાયપરાયણ

70) નીચે આપેલ વિકલ્પોમાંથી કયો શબ્દ સમાનાર્થી નથી?
[GSSSB Supervisor Instructor (Plastic Group) 2019]
(A) ઈખ (B) ઇસ્મત
(C) શીલ (D) શિયળ

71) આપેલ શબ્દનો સાચો સમાનાર્થી વિકલ્પ શોધો : કશિશ
[GSSSB Inspector 2019]
(A) સંમોહન (B) નસીબ
(C) ઉપહાર (D) પ્રયાસ

72) નીચે આપેલા વિકલ્પોમાં કયો શબ્દ સમાનાર્થી નથી તે જણાવો.
[GSSSB Supervisor Instructor (Civil Construction and Infrastructure Group) 2019]
(A) સ્નિગ્ધ (B) મુલાયમ
(C) નાજુક (D) વાસવ

73) આપેલ શબ્દનો સાચો સમાનાર્થી વિકલ્પ શોધો : ભેષજ
[GSSSB Supervisor Instructor (Civil Construction and Infrastructure Group) 2019]
(A) વેશ
(B) ભેંસ
(C) ઓસડ
(D) આસ્વાદ

56-**B** / 57-**૨૬** / 58-**C** / 59-**B** / 60-**A** / 61-**B** / 62-**A** / 63-**A** / 64-**A** / 65-**A,B** / 66-**C** / 67-**B** / 68-**D** / 69-**B** / 70-**A** / 71-**A** / 72-**D** / 73-**C**

74) નીચે આપેલા અર્થભેદ : શબ્દભેદમાંથી ખોટા વિકલ્પ શોધો.
[GSSSB Supervisor Instructor (Civil Construction and Infrastructure Group) 2019]
(A) શિલ્પા - પથ્થર
(B) શીલા - ચારિત્ર્યહીન સ્ત્રી
(C) સુદિન - શુભ દિવસ
(D) સુદીન - ખૂબ નમ્ર

75) આપેલ શબ્દનો સાચો સમાનાર્થી વિકલ્પ શોધો : ઉપવાત
[GSSSB Supervisor Instructor (Automobile Group) 2019]
(A) ઉપેક્ષા (B) વાતચીત
(C) અનિલ (D) આનલ

76) નીચે આપેલ વિકલ્પમાંથી કયો શબ્દ સમાનાર્થી નથી?
[GSSSB Supervisor Instructor (Beauty Culture and Hair Dresses Group) 2019]
(A) કુસુમાયુધ (B) હલાયુધ
(C) હળધર (D) બલરામ

77) નીચે આપેલા અર્થભેદ : શબ્દભેદમાંથી ખોટો વિકલ્પ શોધો.
[GSSSB Supervisor Instructor (Beauty Culture and Hair Dresses Group) 2019]
(A) આંગલું - ઝભલું (B) આગલું - આંગળું
(C) ઈનામ - બક્ષિસ (D) ઈમાન - પ્રામાણિકતા

78) આપેલ શબ્દનો અર્થ (શબ્દ-સમજૂતી) દર્શાવો : 'ચળીતર'
[GSSSB Supervisor Instructor (Beauty Culture and Hair Dresses Group) 2019]
(A) અવળચંડો માણસ
(B) ગામનો છેવાડાનો ભાગ
(C) ચાળેલું ભૂસું
(D) ચરિત્ર

79) નીચે આપેલ શબ્દોમાંથી કયો શબ્દ 'કેર' શબ્દનો સમાનાર્થી નથી તે જણાવો? **[GSSSB Assistant Curator 2019]**
(A) ભારે (B) ગજબ
(C) સિતમ (D) મુશ્કેલ

80) આપેલ શબ્દનો અર્થ (શબ્દ - સમજૂતી) દર્શાવો : 'વિરજ'
[GSSSB Assistant Curator 2019]
(A) અતિસૂક્ષ્મ (B) વિરાટ
(C) સ્વચ્છ (D) છૂટું પાડેલું

81) આપેલ શબ્દનો સમાનાર્થી શબ્દ જણાવો : નહોરા
[GSSSB Assistant Curator 2019]
(A) નહેર
(B) નખ
(C) આજીજી
(D) દિવસ

82) નીચે આપેલા અર્થભેદ : શબ્દભેદમાંથી ખોટો વિકલ્પ શોધો.
[GSSSB Assistant Curator 2019]
(A) ખાધ - ખોટ
(B) ખાદ્ય - ખવાય એવું
(C) અબજ - સો લાખની સંખ્યા
(D) અજબ - નવાઈ ઊપજે એવું

83) નીચે જણાવેલ શબ્દોમાંથી કયો શબ્દ 'માલક' શબ્દનો સમાનાર્થી શબ્દ નથી?
[GSSSB Jamadar (Main Exam) 2019]
(A) મુખત્યાર (B) કાચલી
(C) રખેવાળ (D) વિનાશકારી

84) આપેલ શબ્દનો સાચો સમાનાર્થી વિકલ્પ શોધો : અતિસંધાન
[GSSSB Jamadar (Main Exam) 2019]
(A) આક્રમણ (B) અત્યાચાર
(C) અલક્ષ્ય (D) છેતરપિંડી

85) આપેલ શબ્દનો અર્થ (શબ્દ - સમજૂતી) દર્શાવો : 'પ્રવર્તન'
[GSSSB Jamadar (Main Exam) 2019]
(A) પ્રચાર (B) પ્રવર્તમાન
(C) પ્રચુર (D) પ્રદર્શન

86) નીચે આપેલ શબ્દોમાંથી કયો શબ્દ 'વરખ' શબ્દનો સમાનાર્થી નથી તે જણાવો. **[GSSSB Jamadar (Main Exam) 2019]**
(A) બળદ (B) વૃક્ષ
(C) વરસવું તે (D) વર્ષ

87) નીચે આપેલ વિકલ્પોમાંથી કયો શબ્દ સમાનાર્થી નથી?
[GSSSB Supervisor Instructor (Garments Group) 2019]
(A) નિઘંટુ (B) નિતલ
(C) શબ્દકોશ (D) શબ્દસૂચિ

88) નીચે આપેલ વિકલ્પોમાંથી કયો શબ્દ સમાનાર્થી નથી?
[GSSSB Supervisor Instructor (Chemical Group) 2019]
(A) મિસ્કીન (B) મુફલિસ
(C) દરિદ્ર (D) માખણ

89) નીચે આપેલ વિકલ્પોમાંથી કયો શબ્દ સમાનાર્થી નથી?
[GSSSB Supervisor Instructor (Instrumentation Group) 2019]
(A) સખા (B) સૌહાર્દ
(C) અનીસ (D) અનુગંજ

90) આપેલ શબ્દનો સાચો સમાનાર્થી વિકલ્પ શોધો : ખાલિસ
[GSSSB Supervisor Instructor (Refrigeration and Air Conditioning Group) 2019]
(A) સર્જનહાર (B) નિખાલસ
(C) નિસરણી (D) નાવિક

74-**B** / 75-**C** / 76-**A** / 77-**B** / 78-**D** / 79-**D** / 80-**C** / 81-**C** / 82-**C** / 83-**C** / 84-**D** / 85-**A** / 86-**C** / 87-**B** / 88-**D** / 89-**D** / 90-**B**

91) આપેલ શબ્દનો સાચો સમાનાર્થી વિકલ્પ શોધો : ઓશ
[GSSSB Supervisor Instructor (Information Technology) 2019)
(A) લોથું (B) છાતી
(C) ઝાળક (D) વલ

92) નીચે આપેલ વિકલ્પોમાંથી કયો શબ્દ સમાનાર્થી નથી?
[GSSSB Supervisor Instructor (Information Technology) 2019)
(A) નિજારત (B) વાણિજ્ય
(C) વેપાર (D) અપેક્ષા

93) આપેલ શબ્દનો અર્થ (શબ્દ - સમજૂતી) દર્શાવો : 'ઓધાર્યા'
[GSSSB Social Welfare Inspector 2018]
(A) પધાર્યા (B) ઉદ્ધાર કર્યો
(C) અણધાર્યા (D) ઘેરાયેલા

94) આપેલ શબ્દનો અર્થ (શબ્દ - સમજૂતી) દર્શાવો : 'વિરજ'
[GSSSB Social Welfare Inspector 2018]
(A) અતિસુક્ષ્મ (B) વિરાટ
(C) સ્વચ્છ (D) છૂટું પાડેલું

95) આપેલ શબ્દનો સાચો સમાનાર્થી શબ્દ જણાવો : ધ્વાન્ત
[GSSSB Social Welfare Inspector 2018]
(A) નભ (B) હેરત
(C) તમિસ્ત્ર (D) ઉમેદ

96) નીચે આપેલા વિકલ્પોમાંથી કયો શબ્દ સમાનાર્થી નથી તે જણાવો. **[GSSSB Social Welfare Inspector 2018]**
(A) પિયાસા (B) તૃષા
(C) તરસ (D) પિધાન

97) નીચે આપેલા વિકલ્પોમાંથી કયો શબ્દ સમાનાર્થી નથી તે જણાવો. **[GSSSB Social Welfare Inspector 2018]**
(A) વિદ્વાન (B) વેશ્યા
(C) પંડિત (D) કોવિદ

98) નીચે આપેલા વિકલ્પોમાંથી કયો શબ્દ સમાનાર્થી નથી તે જણાવો. **[GSSSB Assistant Social Welfare Officer 2018]**
(A) બોસા (B) ચૂમી
(C) ચુંબન (D) લબ

99) આપેલ શબ્દનો અર્થ (શબ્દ - સમજૂતી) દર્શાવો : 'અણગાર'
[GSSSB Assistant Social Welfare Officer 2018]
(A) કલ્પના (B) બિનઆવડતવાળું
(C) ઘર વિનાનું (D) અણસાર

100) નીચે આપેલા અર્થભેદ : શબ્દભેદમાંથી ખોટો વિકલ્પ શોધો :
[GSSSB Assistant Social Welfare Officer 2018]
(A) અંશ - કિરણ (B) અંસ - ખભો
(C) અહિ - સાપ (D) અહીં - આ સ્થળે

101) નીચે આપેલા વિકલ્પોમાં કયો શબ્દ સમાનાર્થી નથી તે જણાવો.
[GSSSB Assistant Social Welfare Officer 2018]
(A) સિકતા (B) ધૂળ
(C) વેળુ (D) રેતી

102) આપેલ શબ્દનો અર્થ (શબ્દ - સમજૂતી) દર્શાવો : 'ઓબાળ'
[GSSSB Assistant Social Welfare Officer 2018]
(A) બાળકનું સ્મિત (B) બાળપણનું સંસ્મરણ
(C) બાલ્યાવસ્થા (D) બળતણ

103) આપેલ શબ્દનો સાચો સમાનાર્થી શબ્દ જણાવો : દ્રવ્ય
[GSSSB Assistant Social Welfare Officer 2018]
(A) પાણી (B) પશુ
(C) વસુ (D) તસુ

104) નીચે આપેલા વિકલ્પોમાંથી કયો શબ્દ સમાનાર્થી નથી તે જણાવો. **[GSSSB Nursing Tutor - Paper - 2 2018]**
(A) ગરલ (B) અમી
(C) સુધા (D) પીયૂષ

105) 'પીમળ' શબ્દનો પર્યાયવાચી જણાવો.
[GSSSB Nursing Tutor - Paper - 2 2018]
(A) વાયુ (B) ગંદું
(C) સુગંધ (D) દુર્ગંધ

106) નીચે આપેલા અર્થભેદ : શબ્દભેદમાંથી ખોટો વિકલ્પ શોધો.
[GSSSB Nursing Tutor - Paper - 2 2018]
(A) નશો - કેફ (B) નસો - પરિચારિકા
(C) ભવન - ગૃહ (D) ભુવન - જગત

107) નીચે આપેલા અર્થભેદ : શબ્દભેદમાંથી ખોટો વિકલ્પ શોધો.
[GSSSB Assistant Social Welfare Officer - Class III 2018]
(A) ખાધ - ખોટ
(B) ખાદ્ય - ખવાય તેવું
(C) અબજ - સો લાખની સંખ્યા
(D) અજબ - નવાઈ ઊપજે એવું

108) નીચે આપેલા વિકલ્પોમાં કયો શબ્દ સમાનાર્થી નથી તે જણાવો.
[GSSSB Assistant Social Welfare Officer - Class III 2018]
(A) ઉપવન (B) રાન
(C) કાનન (D) વિપિન

109) આપેલ શબ્દનો અર્થ (શબ્દ-સમજૂતી) દર્શાવો : 'દુઝે'
[GSSSB Homeopathy Medical Officer 2018]
(A) ટપકે (B) સ્પર્શે
(C) નિહાળે (D) બોલે

110) નીચે આપેલા શબ્દોમાંથી કયો શબ્દ સમાનાર્થી નથી તે જણાવો.
[GSSSB Homeopathy Medical Officer 2018]
(A) આત્મજા (B) તનુજા
(C) તનયા (D) તમા

91-**B** / 92-**D** / 93-**B** / 94-**C** / 95-**૨૬** / 96-**D** / 97-**B** / 98-**D** / 99-**C** / 100-**A** / 101-**૨૬** / 102-**D** / 103-**C** / 104-**A** / 105-**C** / 106-**B** / 107-**C** / 108-**A** / 109-**A** / 110-**D**

111) નીચે આપેલા અર્થભેદ : શબ્દભેદમાંથી ખોટો વિકલ્પ શોધો.
[GSSSB Homeopathy Medical Officer 2018]
(A) દ્વિપ - હાથી (B) દ્વીપ - સાગર
(C) ગુણ - તાસીર (D) ગૂણ - કોથળો

112) નીચે આપેલ અર્થભેદ: શબ્દભેદમાંથી ખોટો વિકલ્પ શોધો.
[GSSSB Electrical Sub Inspector 2018]
(A) સહજ-સ્વાભાવિક (B) સહેજ -સહાય
(C) શાન-ભભકો (D) સાન-ઈશારો

113) નીચે આપેલા વિકલ્પોમાંથી કયો શબ્દ સમાનાર્થી નથી તે જણાવો. **[GSSSB Electrical Sub Inspector 2018]**
(A) રેવંત (B) હય
(C) વાજી (D) હસ્તી

114) આપેલ શબ્દનો અર્થ (શબ્દ-સમજૂતી) દર્શાવો : 'ચતુરંગિણી'
[GSSSB Electrical Sub Inspector 2018]
(A) ચાર રંગવાળી (B) ચાર દિશાવાળી
(C) ચાર ભાવવાળી (D) ચાર અંગવાળી

115) નીચે આપેલ અર્થભેદ: શબ્દભેદમાંથી ખોટો વિકલ્પ શોધો.
[GSSSB Nurse 2018]
(A) અંશ - કિરણ (B) અંસ - ખભો
(C) અહિ - સાપ (D) અહીં - આ સ્થળે

116) નીચે આપેલા વિકલ્પોમાં કયો શબ્દ સમાનાર્થી નથી તે જણાવો.
[GSSSB Nurse 2018]
(A) પુંગવ (B) વર
(C) મર્દ (D) શ્રેષ્ઠ

117) આપેલ શબ્દનો અર્થ (શબ્દ-સમજૂતી) દર્શાવો : 'અનિરૂદ્ધ'
[GSSSB Nurse 2018]
(A) અવમાન્ય (B) રોકેલું
(C) ઈચ્છા વિરુદ્ધ (D) અહર્નિશ

118) નીચે આપેલા અર્થભેદ: શબ્દભેદમાંથી ખોટો વિકલ્પ શોધો.
[GSSSB Royalty Inspector 2018]
(A) સફર - રસ્તો (B) સફળ - સાર્થક
(C) લક્ષ્ય - ધ્યેય (D) લક્ષ - લાખ

119) આપેલ શબ્દનો અર્થ (શબ્દ-સમજૂતી) દર્શાવો : મો'લાતું
[GSSSB Surveyor 2018]
(A) મહોલ્લા (B) શેરીઓ
(C) મહેલો (D) પગદંડીઓ

120) નીચે આપેલા વિકલ્પોમાંથી કયો શબ્દ સમાનાર્થી નથી તે જણાવો. **[GSSSB Surveyor 2018]**
(A) વયાતીત (B) જરઠ
(C) જઠર (D) વાર્ધક્ય

121) નીચે આપેલા વિકલ્પોમાંથી કયો શબ્દ સમાનાર્થી નથી તે જણાવો. **[GSSSB Accountant 2018]**
(A) ઉપહાર (B) ઉપાહાર
(C) નજરાણું (D) બક્ષિસ

122) આપેલ શબ્દનો અર્થ (શબ્દ-સમજૂતી) દર્શાવો : 'ડાંફ'
[GSSSB Accountant 2018]
(A) સાપેક્ષ (B) નશો
(C) મોટું પગલું (D) નિશ્ચિત દીશા

123) નીચે આપેલા અર્થભેદ : શબ્દભેદમાંથી ખોટો વિકલ્પ પસંદ કરો. **[GSSSB Accountant 2018]**
(A) સંચિત - ઉઘરાવેલું
(B) સચિંત - ચિંતાવાળું
(C) ગાત્ર - શરીર
(D) ગોત્ર - કુળ

124) નીચે જણાવેલ શબ્દનો અર્થ (શબ્દ-સમજૂતી) દર્શાવો : 'કોરવું'
[GSSSB Accountant 2018]
(A) તોડવું (B) સાફ કરવું
(C) સ્પષ્ટ કરવું (D) ખનન કરવું

125) આપેલ શબ્દનો અર્થ (શબ્દ-સમજૂતી) દર્શાવો : 'પસાયતો'
[GSSSB Wireman 2018]
(A) ગામનો ભજનિક
(B) રક્ષક
(C) પંચાયતનો મંત્રી
(D) ભૂવો

126) નીચે આપેલા અર્થભેદ : શબ્દભેદમાંથી ખોટો વિકલ્પ શોધો.
[GSSSB Wireman 2018]
(A) પુષ્ટ - પાતળું (B) પૃષ્ઠ - પીઠ
(C) પ્રસાદ - કૃપા (D) પ્રાસાદ - મહેલ

127) આપેલ શબ્દનો સાચો સમાનાર્થી શબ્દ જણાવો : રાજીવ
[GSSSB Wireman 2018]
(A) જીવંત (B) સરોજ
(C) રાજા (D) હાર

128) નીચે આપેલા વિકલ્પોમાં કયો શબ્દ સમાનાર્થી નથી તે જણાવો. **[GSSSB Wireman 2018]**
(A) પીયૂષ (B) વલ
(C) ઓસ (D) શબનમ

129) આપેલ શબ્દનો અર્થ (શબ્દ-સમજૂતી) દર્શાવો : 'ડમણી'
[GSSSB Female Staff Nurse (Ayurveda Service) 2018]
(A) બારશાખ (B) ભારે પવન
(C) સાદું ગાડું (D) વિંઝણો

111-**B** / 112-**B** / 113-**D** / 114-**D** / 115-**A** / 116-**C** / 117-**B** / 118-**A** / 119-**C** / 120-**C** / 121-**B** / 122-**C** / 123-**A,C** / 124-**A** / 125-**B** / 126-**A** / 127-**B** / 128-**A** / 129-**C**

5 અનેકાર્થી શબ્દો

⇒ **અક્ષર :** અવિનાશી, વર્ણ, બોલ, દસ્કત, બ્રહ્મ

⇒ **અટક :** નડતર, અવરોધ, મુશ્કેલી, શંકા, કાચી કેદ, સંકલ્પ, પ્રતિજ્ઞા, ઠેસ, સરનેમ

⇒ **અનંત :** અપાર, વિષ્ણુ, રુદ્ર, બ્રહ્મા, શેષનાગ, બલરામ, આકાશ, જૈનોના ચૌદમા તીર્થંકર, અનંત સંખ્યા- 'ઈન્ફિનિટી'

⇒ **કક્ષા :** ગ્રહનો આકાશમાં ફરવાનો માર્ગ, સ્થિતિ, શ્રેણી, કેડ, પડખું, કાછડી, ઓરડી, અંત:પુર

⇒ **ઉપાધિ :** પીડા, આપદા, જંજાળ, ચિંતા, પંચાત, સંજ્ઞા, ખિતાબ કે પદવી, અટક, ઉપનામ

⇒ **ઉત્તર :** જવાબ, વધારે, બાકીનું, પાછલું ડાબું, બચાવનું કથન, વચન, ઉત્તરદિશા

⇒ **અમલ :** સત્તા, વહીવટ, હુકમ, અફીણ, કેફ કે કેફી વસ્તુ, સમયનો સુમાર

⇒ **અમી :** અમૃત, મીઠાશ, કૃપા, થૂંક, રસકસ, પાણી

⇒ **આંટી :** ગડ, ગૂંચ, ફાળકા ઉપરથી ઉતારેલી સૂતરની ગડી, કીનો, ફાંસો, પ્રપંચ, કોયડો, શાખ, આબરૂ

⇒ **આંકડો :** સંખ્યા, લેણદેણનો હિસાબ, કાગળ, બિલ, છેડેથી વાળેલો સળિયો, ગલ, ડંખ, મૂછનો વાળ

⇒ **અરુણ :** રક્તવર્ણ, સોનેરી, સૂર્યનો સારથિ, પરોઢ

⇒ **અર્થ :** હેતુ, સમજૂતી, ધન, ગરજ, ધર્માદિ, ચાર પુરુષાર્થોમાં બીજો

⇒ **આંક :** સંખ્યા, ભાવ, નિશાની, અડસટ્ટો, સીમા, ઘરી, ઘડિયા

⇒ **આસામી :** માણસ, દેણદાર, પૈસાદાર, પ્રતિષ્ઠિત માણસ, ઘરાક, અસીલ

⇒ **અર્ક :** સત્ત્વ, સૂર્ય, કિરણ, આકડો, ઉત્તરા ફાલ્ગુની

⇒ **ચાર :** એક સંખ્યા, જાસૂસ, ખેપિયો, લીલું ઘાસ

⇒ **ઘોર :** કબર, બિહામણું, કમકમાટી ઉપજાવે તેવું ગાઢ, અવાજ, રણકો

⇒ **ઘોડો :** અશ્વ, નદી કે દરિયાનું મોટું મોજું, ચાંપ, મોટી ઘોડી, એક ઘરેણું, ઘોડા જેવા આકારની ખીંટી

⇒ **કર :** હાથ, વેરો, મહેસૂલ, લાગો, કિરણ, સૂંઢ

⇒ **કાટ :** ઈમારતી લાકડું, સામો દાવ અથવા પ્રતિકાર, નડતર, પહોંચેલ માણસ, ચીકણો, ધૂર્ત, ધાતુનો વિકાર

⇒ **કડી :** આંકડી (હૂક), ગોળ વાળેલો તાર કે સળિયો, કાનનું એક ઘરેણું, બેડી, કવિતાનું પદ, હાર, બારણાની સાંકળ

⇒ **ઘાટ :** આકાર, બાંધેલો આરો, સ્ત્રીઓને પહેરવાનું એક રેશમી વસ્ત્ર, પહાડી રસ્તો, બાગ, તજવીજ, શોભા

⇒ **ઘર :** માણસ કે પશુ-પંખીનું રહેવાનું ઠેકાણું, ગ્રહનું જે રાશિમાં સ્થાન હોય તે, કુટુંબ, કુળ

⇒ **ઘન :** નક્કર, ઘોડું, ઘણું, લંબાઈ, પહોળાઈ અને ઊંચાઈ વાળું, કોઈ સંખ્યાને તેનાથી જ ત્રણ વાર ગુણવાથી આવતો ગુણાકાર, વાદળું

⇒ **કાંટો :** શૂળ, તેના જેવા આકારની કોઈ વસ્તુ, તોલ કરવાનું સાધન, નાકે પહેરવાનું સ્ત્રીનું ઘરેણું, ખાવા માટેનું સાધન, પોપટના ગળામાં થતો રોગ, અંટસ, નડતર

⇒ **કાંત :** પ્રિય, અનુકૂળ, સુંદર, પ્રીતમ, પતિ, ચંદ્ર, કિંમતી પથ્થર, કંકુ, એક પ્રકારનું લોઢું

⇒ **કૂટ :** ન સમજાય કે ન વંચાય તેવું, કઠણ, અઘરું, અટપટું, ગૂંચવણભર્યું, જુઠું, ઠગાઈ, શિખર, ઢગલો

⇒ **ઘટ :** ઘડો, શરીર, હૃદય, ઘટાડો, ખોટ, ગાઢું

⇒ **ગુરુ :** મોટું, ભારે, દીર્ઘ, શિક્ષક, ગોર, એ નામનો ગ્રહ, ગુરુવાર

⇒ **ગુણ :** લક્ષણ, ધર્મ, સદ્‌ગુણ, અસર, ફાયદો, ઉપકાર, પણછ, દોરી, દોરડું, દોકડો, માર્ક

⇒ **કોટિ :** કરોડ, આલિંગન, વર્ગ, કમાનનો છેડો, પૂર્વપક્ષ, ઊંચામાં ઊંચું બિંદુ

⇒ **કોઠો :** પેટ, શરીર, મન, અંત:કરણ, ખાનું, ઘર(સોગઠાં ઇત્યાદિની બાજીનું), મોટી કોઠી, મોટો કૂવો, વ્યૂહરચના, કોષ્ટક, વારાંગનાનું સ્થાન કે આવાસ

⇒ **ગાળો :** સ્ત્રીઓને પહેરવાનું વસ્ત્ર, અમુક સમય, ફેર, પહોળાઈ, દળણું ઓરવાનું ઘંટીનું મોં, બંગડીનો વ્યાસ, ફાંસો

⇒ **ખંડ :** ભાગ, કકડો, પ્રકરણ, પૃથ્વીના પાંચ ભાગોમાંનો એક, ઓરડો, નાનું, ટૂંકું

⇒ **ખાણ :** ખનિજ પદાર્થ કાઢવા માટે ખોદેલો ખાડો, અનાજ ભરવા બનાવેલું ભોંયરું, હથિયારની ધારમાં પડેલો ખચકો, ઉત્પત્તિસ્થાન, ઢોરને ખાવાનું અનાજ કે ગોતું

WEBSANKUL®

⇒ **ખાતર :** માટે, ખેતરને ફળદ્રુપ બનાવવા વપરાતી ચીજ, ચોરે ભીંતમાં પાડેલું બાકું, ચોરી, તરફદારી

⇒ **ગતિ :** ચાલ, ઝડપ, પ્રવેશ, સમજ, મતિ, શક્તિ, બળ, સ્થિતિ, દશા, મૂઆ પછીની હાલત

⇒ **ખોખું :** હાડપિંજર, ખાલી, તકલાદી પેટી, બીબું (નમૂનો), કાચું લખાણ (મુસદ્દો)

⇒ **ગજ :** હાથી, લંબાઈ ભરવાનું ચોવીસ તસુનું માપ, બારણાની ભોગળ, ધાતુનો નક્કર સળિયો, બંદૂકની નાળમાં દારૂ ઠાંસવા માટે વપરાતો સળિયો

⇒ **પાટી :** સ્લેટ, સૂતર કે રેશમની વણેલી કે ગૂંથેલી સાંકડી પટી, લોઢાની પાટી, ટોપલો, ગામમાં ગરાસદારનો હિસ્સો, પ્રસંગ, બનાવ

⇒ **પાટ :** બાજઠ, તાકો, બેથી વધારે નંગનો સામટો વણાટ, મોટું તામ્રપત્ર, આંકનો ઘડિયો, રાજગાદી, પાટિયાની ઊંચી બેઠક, જમીનનો લાંબો પટ

⇒ **પાનું :** પાંદડું, પૃષ્ઠ, ગંજીફાનું પત્તું, ચપ્પુ કે છરીનું ફળ, લીલા રંગનું એક રત્ન, નસીબનું પાનિયું, નટ-ચાકી ફેરવવાનું ઓજાર, જિંદગીભરનો સંબંધ

⇒ **ચાલ :** રિવાજ, ચાલવાની પદ્ધતિ, વર્તણૂક, ચાલી

- $(a-b-c)^2 = a^2+b^2+c^2-2ab+2bc-2ac$
- $a^3+b^3+c^3-3abc =$

  $(a+b+c)(a^2+b^2+c^2-ab-bc-ca)$
- $a^4-b^4 = (a-b)(a+b)(a^2+b^2)$

➢ જ્યારે કોઈ પણ રકમ $\frac{(a+b)^2+(a-b)^2}{a^2+b^2}$ પ્રકારની હોય, ત્યારે સાદું રૂપ હંમેશાં 2 જ આવે.....

➢ જ્યારે કોઈ પણ રકમ $\frac{(a+b)^2-(a-b)^2}{ab}$ પ્રકારની હોય, ત્યારે સાદું રૂપ હંમેશાં 4 જ આવે.....

Ex : $527\times823+823\times473$ = ?

→ અહીં, a = 527, b = 473, x = 823 લેતાં,

$= ax+bx$

$= x(a+b)$

$= 823\,(527+473)$

$= 823\,(1000)$

$= 823000$

Ex : $(287\times287+269\times269-2\times287\times269)$ = ?

→ અહીં, a = 287, b = 269 લેતાં,

$= a^2+b^2-2ab$

$=(a-b)^2$

$= (287-269)^2$

$= (18)^2$

$= 324$

Ex : $107\times107-93\times93$ = ?

→ અહીં, a = 107, b = 93 લેતાં,

$= a^2-b^2$

$= (a-b)(a+b)$

$= (107-93)\,(107+93)$

$= (14)\,(200)$

$= 2800$

Ex : $\frac{(256\times256-144\times144)}{112}$ = ?

→ અહીં, a = 256, b = 144 તથા a − b = 256 − 144 = 112

$= \frac{a^2-b^2}{a-b}$

$= \frac{(a-b)(a+b)}{(a-b)}$

$= (a+b)$

$= (256+144)$

$= 400$

Ex : જો a = 11 અને b = 9 હોય, તો $\frac{(a^2+b^2+ab)}{(a^3-b^3)}$ = ?

$= \frac{(a^2+b^2+ab)}{(a-b)(a^2+b^2+ab)}$

$= \frac{1}{(a-b)}$

$= \frac{1}{11-9}$

$= \frac{1}{2}$

Ex : $15^2+2\times15\times25+25^2$ = ?

→ અહીં, a = 15 તથા b = 25 લેતાં,

$= a^2+2ab+b^2$

$= (a+b)^2$

WebSankul

17 મધ્યક, મધ્યસ્થ અને બહુલક

✦ મધ્યક ✦

- આપેલ અવલોકનોનો સરવાળો કરી, અવલોકનોની કુલ સંખ્યા વડે ભાગતાં મધ્યક મળે છે.
- મધ્યક $=\frac{\text{અવલોકનોનો સરવાળો}}{\text{અવલોકનોની કુલ સંખ્યા}}$
- મધ્યકને $\bar{x}$ વડે દર્શાવાય.

$$\bar{x}=\frac{\sum xi}{ni}$$

જ્યાં, $\sum$ = સરવાળો

$\bar{x}$ = મધ્યક

n = અવલોકનોની કુલ સંખ્યા

- મધ્યક એ વિશ્વસનીય માપ છે.
- સામાન્ય રીતે, મધ્યક એટલે સરાસરી કે સરેરાશ.
- મધ્યવર્તી સ્થિતિનું સ્થિર માપ એટલે મધ્યક.
- પ્રથમ 'n' પ્રાકૃતિક સંખ્યાનો મધ્યક $\Rightarrow \frac{n+1}{2}$
- પ્રથમ 'n' એકી સંખ્યાઓનો મધ્યક $\Rightarrow n$
- પ્રથમ 'n' બેકી સંખ્યાઓનો મધ્યક $\Rightarrow n+1$

✦ મધ્યસ્થ ✦

- આપેલ અવલોકનોને ચડતા ક્રમમાં ગોઠવ્યા બાદ મધ્યમાં આવતું અવલોકન એટલે મધ્યસ્થ.
- મધ્યસ્થ ને 'M' વડે દર્શાવાય.
- અવલોકનોની સંખ્યા એકી હોય, ત્યારે મધ્યસ્થ

$$\text{M}=\left(\frac{n+1}{2}\right)\text{ મું અવલોકન}$$

- અવલોકનોની સંખ્યા બેકી હોય,ત્યારે મધ્યસ્થ

$$\frac{\left(\frac{n}{2}\right)\text{ મું અવલોકન}+\left(\frac{n}{2}+1\right)\text{ મું અવલોકન}}{2}$$

✦ બહુલક ✦

- આપેલાં અવલોકનોમાં સૌથી વધુ વખત પુનરાવર્તિત થતું અવલોકન એટલે બહુલક.
- તેને 'Z' વડે દર્શાવાય.
- બહુલકને સંભાવના સરેરાશ પણ કહેવાય.

- મધ્યક $(\bar{x})$, મધ્યસ્થ (M) અને બહુલક (Z) વચ્ચેનો સંબંધ દર્શાવતું સૂત્ર,

$$\text{Z}=3\text{M}-2\bar{x}$$

Ex : 7, 10, 16, 20 અને 27 નો મધ્યક શોધો.

$$\text{મધ્યક}=\frac{\text{અવલોકનોનો સરવાળો}}{\text{અવલોકનોની કુલ સંખ્યા}}$$

$$=\frac{7+10+16+20+27}{5}$$

$$=\frac{80}{5}$$

$$=16$$

→ આમ, આ માહિતીનો મધ્યક 16 થાય.

Ex : પ્રથમ સાત પ્રાકૃતિક સંખ્યાઓનો મધ્યક કેટલો થાય?

રીત - 1

$$\text{મધ્યક}=\frac{\text{અવલોકનોનો સરવાળો}}{\text{અવલોકનોની કુલ સંખ્યા}}$$

$$=\frac{1+2+3+4+5+6+7}{7}$$

$$=\frac{28}{7}$$

$$=4$$

રીત - 2

પ્રથમ 'n' પ્રાકૃતિક સંખ્યાઓનો મધ્યક $=\frac{n+1}{2}$

$$=\frac{7+1}{2}$$

$$=\frac{8}{2}$$

$$=4$$

Ex : 2, 9, 8, x, 3 અને 9 નો મધ્યક 6 હોય, x ની કિંમત શોધો.

$$\text{મધ્યક}=\frac{\text{અવલોકનોનો સરવાળો}}{\text{અવલોકનોની કુલ સંખ્યા}}$$

$$\therefore\ 6=\frac{2+9+8+x+3+9}{6}$$

$$\therefore\ 36=31+x$$

$$\therefore\ x=36-31$$

$$\therefore\ x=5$$

→ આમ, x ની કિંમત 5 મળે.

WEBSANKUL

20 બહુપદીઓ

✦ એક ચલ બહુપદીઓ ✦

- **ચલ :** જે ભિન્ન કિંમતો ધારણ કરી શકે તેવી સંજ્ઞાને ચલ કહે છે.
- **બૈજિક પદાવલીઓ :** બૈજિક પદાવલીએ ચલ અને અચલને સરવાળા, બાદબાકી, ગુણાકાર કે ભાગાકારની ક્રિયાથી સાંકળતા મળે છે.

  દા.ત., $2x + 3, 5 - 7x, \frac{x}{2}$
- જે બહુપદીમાં ફક્ત એક જ ચલ આવેલો હોય તેને એકચલ બહુપદી કહે છે.

  દા.ત. $2x + 3, 5 - 7x, \frac{x}{2}, x^3 - x^2 + x + 5,$

  $x^2 - 2x + 7$ વગેરે....
- **બહુપદી :** $a_n x^n + a_{n-1} x^{n-1} + a_{n-2} x^{n-2} + ... + a_0$, $a_n \neq 0$, $a_0, a_1, a_2, ... a_n \in R$. સ્વરૂપે દર્શાવતી પદાવલીને ચલ x માં બહુપદી કહે છે. જ્યાં, $n \in N \cup \{0\}$
- બહુપદીઓ $P(x)$, $Q(x)$, $p(x)$, $q(x)$.... વગેરે સંકેત વડે દર્શાવાય.
- બહુપદીનાં પદોને x ના ઊતરતા ઘાતાંકના ક્રમમાં ગોઠવીએ ત્યારે તે પ્રમાણિત સ્વરૂપમાં લખેલ છે, તેમ કહેવાય.
- $P(x) = a_0$ ને અચલ બહુપદી અથવા શૂન્ય બહુપદી કહે છે.

✦ દ્વિચલ બહુપદી ✦

- જે બહુપદીમાં બે ચલ હોય, તેને દ્વિચલ બહુપદી કહે છે.

  દા.ત. $x^2 - y, 2x + 2y = 0$ વગેરે....

✦ ત્રિચલ બહુપદી ✦

- જે બહુપદીમાં ત્રણ ચલ હોય તેને ત્રિચલ બહુપદી કહે છે.

  દા.ત., $x^3 + 2y + z, x + \frac{y}{2} - z$ વગેરે....
- જે બહુપદીમાં માત્ર એક પદ આપેલ હોય, તેને એકપદી કહે છે.
- જે બહુપદીમાં બે પદો હોય, તેને દ્વિપદી કહે છે.
- જે બહુપદીમાં ત્રણ પદો હોય, તેને ત્રિપદી કહે છે.

✦ સુરેખ બહુપદી ✦

- જે બહુપદીની ઘાત 1 હોય, તે બહુપદીને સુરેખ બહુપદી કહે છે.

  ∴ એકચલ સુરેખ બહુપદીનું વ્યાપક સ્વરૂપ $P(x) = ax + b$

  જ્યાં $a \neq 0$ & $a, b \in R$

  દા.ત. $3x - 7, x + \sqrt[3]{7}$

✦ દ્વિઘાત બહુપદી ✦

- જે બહુપદીની ઘાત 2 હોય, તે બહુપદીને દ્વિઘાત બહુપદી કહે છે.

  ∴ એકચલ દ્વિઘાત બહુપદીનું વ્યાપક સ્વરૂપ

  $P(x) = ax^2 + bx + C$, $a \neq 0$ & $a, b, c \in R$

  દા.ત. $3x^2 - 11, \frac{3}{7}x - x^2, \sqrt{3}x^2 + 9$ વગેરે.

✦ ત્રિઘાત બહુપદી ✦

- જે બહુપદીની ઘાત 3 હોય, તે બહુપદીને ત્રિઘાત બહુપદી કહે છે.

  ∴ એકચલ ત્રિઘાત બહુપદીનું વ્યાપક સ્વરૂપ

  $P(x) = ax^2 + bx^2 + Cx + d$, $a \neq 0$, $a, b, c, d \in R$

  દા.ત. $x^3 - 4x^2 + 7, \sqrt{3}x^2 - 3x^3 + 15x + 17,$

  $x^3 - x^2 + x + 1$ વગેરે.

✦ બહુપદીનાં શૂન્યો ✦

- જો કોઈ $x \in R$ માટે $p(x) = 0$ હોય, તો તે x ને $p(x)$ નું શૂન્ય કહે છે.
- બહુપદી $p(x)$ નાં શૂન્યો (જો તેઓ અસ્તિત્વ ધરાવતાં હોય તો) ને બહુપદી સમીકરણ $p(x) = 0$ ના બીજ અથવા ઉકેલ કહે છે.

Ex-1 : $2x + 7$ માં બહુપદીની ઘાત કેટલી છે?

→ અહીં, x ની 1 ઘાત છે, તેથી બહુપદીની ઘાત 1 છે.

Ex-2 : $3x^4 + x^5 - 7x^3 + x - 1$ માં બહુપદીની ઘાત કેટલી છે?

→ અહીં, બહુપદીને પ્રમાણિત સ્વરૂપમાં લખતાં

$x^5 + 3x^4 - 7x^3 + x - 1$

→ અહીં, x ની વધારેમાં વધારે ઘાત 5 છે. તેથી બહુપદીની ઘાત 5 છે.

Ex-3 : $4x^3 - 3x^2 + 2x + 1$ માં x નો સહગુણક જણાવો.

→ અહીં, x^3નો સહગુણક 4 છે.

Ex-4 : $x^{100} - (x^{10})^{20} + 3x^{50} + x^{25} + x^5 - 7$ બહુપદીની ઘાત જણાવો.

→ અહીં, બહુપદીમાં $(x^{10})^{20}$

$= x^{10 \times 20}$

$= x^{200}$

∴ આપેલ બહુપદીની ઘાત 200 છે.

Ex-5 : $4x^2 + 7x^3 + 3$ આ બહુપદીનો પ્રકાર જણાવો.

(A) સુરેખ (B) દ્વિઘાત (C) ત્રિઘાત (D) દ્વિચલ સુરેખ

→ આપેલ બહુપદીને પ્રમાણિત સ્વરૂપમાં લખતાં

$7x^3 + 4x^2 + 3 = 0$

→ અહીં, બહુપદીમાં મોટી ઘાત 3 છે, તેથી આ બહુપદી ત્રિઘાત બહુપદી છે.

→ **જવાબ : (C) ત્રિઘાત**

Ex-6 : $P(x) = x^2 - 4$ નું શૂન્ય કયું છે?

(A) 1 (B) 2 (C) 3 (D) 4

લ.સા.અ અને ગુ.સા.અ

➢ વિદ્યાર્થી મિત્રો, લ.સા.અ. અને ગુ.સા.અ. સમજતા પહેલા અવયવ અને અવયવી વિશેનો ખ્યાલ હોવો જરૂરી છે.

✦ અવયવ ✦

➢ આપેલી સંખ્યાને જે-જે સંખ્યાઓ વડે નિઃશેષ ભાગી શકાય તે દરેક સંખ્યાને તે સંખ્યાનો અવયવ કહેવાય.
➢ એકનો એક અવયવ બીજી વખત ગણાય નહીં.
➢ અવયવોની સંખ્યા ચોક્કસ હોય છે.
➢ કોઈ પણ સંખ્યાનો નાનામાં નાનો અવયવ હંમેશાં 1 હોય , જ્યારે મોટામાં મોટો અવયવ તે સંખ્યા પોતે હોય.

દા.ત. 12ના અવયવો :- 1, 2, 3, 4, 6, 12
36ના અવયવો :- 1, 2, 3, 4, 6, 9, 12, 18, 36

✦ અવયવી ✦

➢ આપેલી સંખ્યાના ગુણાંકને અવયવી કહેવાય.
➢ કોઈ પણ સંખ્યાનો નાનામાં નાનો અવયવી તે સંખ્યા પોતે હોય , જ્યારે મોટામાં મોટો અવયવી અનંત (અનિશ્ચિત) હોય.
➢ અવયવીની સંખ્યા અસંખ્ય (અનંત) હોય છે.

દા.ત. 6 ના અવયવી :- 6, 12, 18, 24, 30,.....
12 ના અવયવી :- 12, 24, 36, 48, 60,.....

EX. : 12 ના અવયવો અને અવયવીની સંખ્યા કેટલી થાય?

રીત- 1

→ 12 ના અવયવો = 1, 2, 3, 4, 6, 12
∴ કુલ અવયવ = 6

→ અવયવીની સંખ્યા કોઈ પણ સંખ્યા માટે અસંખ્ય હોય.

રીત – 2

→ ધારો કે , N એ ભાજ્ય સંખ્યા છે.
$N = a^x . b^y . C^z$

→ કુલ ભાજકો (અવયવો) = (x+1) (y+1) (z+1)

12
3 × 4
↓ ↓
3^1 2^2

∴ કુલ અવયવો = (x + 1) (y + 1)
= (1 + 1) (2 + 1)
= (2) (3)
= 6

➢ ☺ જો બકા ! જ્યારે કોઈ મોટી સંખ્યા આપી હોય , ત્યારે અવયવો આ જ રીતથી ગણવા સરળ પડશે.
➢ કોઈ પણ સંખ્યાના અવયવીની સંખ્યા અસંખ્ય હોય.
∴ 12 ના અવયવી = 12 , 24, 36, ...

✦ લ.સા.અ. (લઘુતમ સામાન્ય અવયવી) ✦

➢ આપેલી બે કે તેથી વધુ સંખ્યાઓના સૌથી નાના સામાન્ય અવયવીને લ.સા.અ. કહે છે.
➢ જો x અને y નો લ.સા.અ. z હોય, તો z એ એવી નાનામાં નાની સંખ્યા મળે કે, જેને x અને y વડે નીઃ શેષ ભાગી શકાય.

દા.ત., 4 ના અવયવી = 4, 8, 12 , 16, 20, ...
6 ના અવયવી = 6, 12, 18, 24, 30,.....
∴ લ.સા.અ. = 12

✦ ગુ.સા.અ. (ગુરુતમ સામાન્ય અવયવ) ✦

➢ આપેલી સંખ્યાઓના સામાન્ય અવયવોમાં જે અવયવ સૌથી મોટો હોય, તે અવયવને આપેલી સાંખ્યાનો ગુ.સા.અ. કહે છે.
➢ જો x અને y નો ગુ.સા.અ. z હોય, તો z એ એવી મોટામાં મોટી સંખ્યા મળે છે, કે જેના વડે x અને y ને નિઃશેષ ભાગી શકાય.

દા. ત. 9 અને 24 ના અવયવ.
9 ના અવયવ = 1, 3, 9
24ના અવયવ = 1, 2, 3, 4, 6, 8, 12, 24
∴ ગુ.સા.અ. = 3

✦ અવિભાજ્ય સંખ્યાઓ માટે ✦

➢ અવિભાજ્ય સંખ્યાઓનો ગુ.સા.અ. હંમેશાં 1 હોય.
➢ અવિભાજ્ય સંખ્યાઓનો લ.સા.અ. તે સંખ્યાઓના ગુણાકાર જેટલો હોય.
➢ બે ક્રમિક સંખ્યાઓનો લ.સા.અ. તેના ગુણાકાર જેટલો થાય.
દા.ત. સંખ્યાઓ 5, 7 અને 11 નો ગુ.સા.અ. અને લ.સા.અ. શોધો.
➢ ગુ.સા.અ. = 1
લ.સા.અ. = 5 × 7 × 11
= 385

✦ સહઅવિભાજ્ય સંખ્યા ✦

➢ જે બે સંખ્યાઓનો ગુ. સા. અ 1 આવે તે બંને સંખ્યા સહઅવિભાજય સંખ્યા કહેવાય.
➢ તેને 'Co- prime Number' પણ કહેવાય છે.
દા.ત. (2, 9), (3, 11), (19, 20), (5, 13), (1, 15), (12, 19) વગેરે.....

✦ લ.સા.અ. અને ગુ.સા.અ. મેળવવાની રીત ✦

EX : 12 અને 15 નો લ સા.અ. અને ગુ.સા.અ. શોધો.

રીત- I



→ ગુ.સા.અ. : બંનેમાં સામાન્ય હોય એવો મોટો અવયવ.

→ અહીં, બંનેમાં સામાન્ય અવયવ 3 છે.

∴ ગુ.સા.અ. = 3

→ લ.સા.અ. : બંનેમાં સામાન્ય હોય એ અવયવ તો ખરો જ તથા બાકીનું બધું.....

∴ લ.સા.અ. = 3 × 4 × 5

∴ લ.સા.અ. = 60

રીત- II

→ 12 ના અવયવ = 1, 2 , (3), 4, 6, 12

→ 15 ના અવયવ = 1, (3), 5, 15

∴ ગુ. સા. અ = 3

→ 12 ના અવયવી = 12, 24, 36, 48, (60), 72,.....

→ 15 ના અવયવી = 15, 30, 45, (60), 75, ...

∴ લ.સા.અ. = 60

રીત- III

→ ☺ જો બકા ! બાળપણ યાદ કરાવતી રીત પણ સરળ છે....!!

2	12	15
2	6	15
(3)	3	15
5	1	5
	1	1

લ.સા.અ. = 2 × 2 × 3 × 5

= 60

→ ગુ.સા.અ. = 3 (∵ જ્યારે ગણતરી કરતાં હોય ત્યારે આપેલ દરેક સંખ્યાના ભાગ જે સંખ્યા વડે પડે તેના ફરતે ◯ (રાઉન્ડ) કરતાં જાવ, તે આપણો ગુ.સા.અ. થશે)
[આપેલ સંખ્યાના સામાન્ય ભાજક એટલે ગુ.સા.અ.]

✦ સમાન આધાર વાળા ઘાતાંકોનો લ.સા.અ અને ગુ.સા.અ. ✦

- ➢ લ.સા.અ. = સૌથી મોટી ઘાત વાળી સંખ્યા
- ➢ ગુ.સા.અ. = સૌથી નાની ઘાત વાળી સંખ્યા

EX : 2^5, 2^9, 2^7 નો લ.સા.અ. અને ગુ.સા.અ. શોધો.

→ લ.સા.અ. = સૌથી મોટી ઘાત વાળી સંખ્યા = 2^9

→ ગુ.સા.અ. = સૌથી નાની ઘાત વાળી સંખ્યા = 2^5

EX : 3^{-7}, 3^{-5}, 3^{-11} નો ગુ.સા.અ. અને લ.સા.અ. કેટલો થાય?

→ લ.સા.અ. = સૌથી મોટી ઘાત વાળી સંખ્યા = 3^{-5}

(∵ - માં નાની એટલે મોટી સંખ્યા બંને)

→ ગુ.સા.અ. = સૌથી નાની ઘાત વાળી સંખ્યા = 3^{-11}

(∵ - માં મોટી એટલે નાની સંખ્યા બને)

✦ અલગ-અલગ આધાર અને અલગ-અલગ ઘાત હોય ત્યારે ✦

- ➢ લ.સા.અ. = સામાન્ય આધારની મોટામાં મોટી ઘાત અને બાકીનું બધું
- ➢ ગુ.સા.અ. = સામાન્ય આધાર અંકની નાનામાં નાની ઘાત અને બીજું કંઈ નહીં.

Ex : $(2^5 \times 3^2 \times 5^7)$, $(2^7 \times 3^3 \times 5^6)$, $(2^3 \times 3^7 \times 5^{11} \times 7^2)$ નો લ.સા.અ. અને ગુ.સા.અ. શોધો.

→ અહીં , સામાન્ય આધાર 2, 3, 5 છે.

∴ લ.સા.અ. = $(2^7 \times 3^7 \times 5^{11} \times 7^2)$

∴ ગુ.સા.અ. = $(2^3 \times 3^2 \times 5^6)$

✦ બહુપદીના લ.સા.અ અને ગુ.સા.અ. ✦

Ex : $p(x) = x^2 + 1$ અને $q(x) = x^2 - 1$ હોય, તો $p(x)$ અને $q(x)$ નો ગુ.સા.અ. શોધો.

(A) $x^2 - 1$ (B) $x^2 + 1$ (C) 1 (D) x^2

→ $p(x) = x^2 + 1$

(જેના અવયવ પડતા નથી)

→ $q(x) = x^2 - 1$

$= (x + 1)(x - 1)$

→ ગુ.સા.અ. = બંનેમાં સામાન્ય હોય એવો અવયવ

→ કોઈ સામાન્ય અવયવ નથી.

∴ ગુ.સા.અ. = 1

→ **જવાબ : (C) 1**

EX : $(x^4 - y^4)$ અને $(x^3 - y^3)$ નો ગુ.સા.અ. શોધો.

(A) $x^7 - y^7$ (B) $x^3 - y^3$

(C) $x^3 - y^2$ (D) $x - y$

→ $p(x) = x^4 - y^4$

$= (x^2 - y^2)(x^2 + y^2)$

$= (x - y)(x + y)(x^2 + y^2)$

→ $q(x) = x^3 - y^3$

$= (x - y)(x^2 + xy + y^2)$

∴ ગુ.સા.અ. = $(x - y)$

→ **જવાબ : (D) $x - y$**

23 સમય, કામ અને મહેનતાણું

- સામાન્ય રીતે, પ્રકરણમાં કોઈ વ્યક્તિ કે યંત્રને કોઈ ચોક્કસ કામ કરતાં કેટલો સમય લાગશે, આ કામ માટે મહેનતાણું કેટલું મળશે, વ્યક્તિની કાર્યક્ષમતા, કામનો દર વગેરે બાબતો પર આધારીત પ્રશ્નો પૂછાય છે.
- કાર્યક્ષમતા અને સમય એકબીજાના વ્યસ્ત પ્રમાણમાં હોય છે.

$$\text{કાર્યક્ષમતા} \propto \frac{1}{\text{સમય}}$$

એટલે કે, કોઈ વ્યક્તિની કાર્યક્ષમતા જેટલી વધારે હશે એટલો તે વ્યક્તિને કામ કરવા માટે સમય ઓછો લાગશે.

- કાર્યક્ષમતા અને મહેનતાણું એકબીજાના સમપ્રમાણમાં હોય છે.

$$\text{કાર્યક્ષમતા} \propto \text{મહેનતાણું}$$

એટલે કે, જે વ્યક્તિની કાર્યક્ષમતા વધુ હશે, તે વ્યક્તિને મહેનતાણું વધારે તથા જેની કાર્યક્ષમતા ઓછી હશે તેને મહેનતાણું ઓછું મળશે.

- આમ, મહેનતાણું (રકમ)ની વહેંચણી કાર્યક્ષમતાના આધારે કરવામાં આવે છે.
- વ્યક્તિનું એક દિવસનું કામ $= \frac{1}{\text{કુલ સમય}}$

દા.ત; કોઈ વ્યક્તિ એક કામ n દિવસમાં પૂર્ણ કરી શકે છે. તો,

1 દિવસનું કામ $= \frac{1}{n}$ થાય.

❖ કામનો દર :

- કોઈ વ્યક્તિ કે વસ્તુ/ યંત્ર દ્વારા એકમ સમયમાં થયેલ કામને તેનો કામનો દર કહેવામાં આવે છે.

$$\text{કામનો દર} = \frac{\text{કરેલ કામ}}{\text{તે માટે લાગેલ સમય}}$$

દા.ત; એક વ્યક્તિને એક દિવાલ ચણવા માટે 5 દિવસનો સમય લાગે છે, તો તેના કામનો દર $\frac{1}{5}$ કામ/દિવસ થાય.

Ex-1 : ગીતા એક કામ 3 કલાકમાં પૂર્ણ કરી શકે છે. તો તેણીના કામનો દર પ્રતિ મિનિટમાં શોધો.

(A) $\frac{1}{20}$ **કામ/મિનિટ** **(B)** $\frac{1}{180}$ **કામ/મિનિટ**

(C) 20 કામ/મિનિટ **(D)** $\frac{1}{3}$ **કામ/મિનિટ**

→ અહીં, કામનો દર $= \frac{\text{કરેલ કામ}}{\text{તે માટે લાગેલ સમય}}$

$= \frac{1}{3}$ કામ/કલાક

$= \frac{1}{180}$ કામ/મિનિટ

(∵ 3 કલાક = 180 મિનિટ)

→ **જવાબ : (B)** $\frac{1}{180}$ **કામ/મિનિટ**

Ex-2 :એક વ્યક્તિ-A ને કોઈ કામ કરતાં 15 કલાક લાગે છે. જ્યારે વ્યક્તિ- B ને તે જ કામ કરતાં 60 કલાક લાગે છે. જો બંને ભેગા મળીને આ કામ કરે તો કેટલો સમય લાગશે?

(A) 8 દિવસ **(B) 18 દિવસ**

(C) 20 દિવસ **(D) 12 દિવસ**

☺ જો બકા! આ પ્રકરણનાં દરેક દાખલાઓ માટે અલગ-અલગ સૂત્રો યાદ ન રાખવા માટે, આપણે દરેક દાખલાઓ એક જ રીતથી ગણીશું !!!

→ કુલ કામ આપેલ સમય (કલાક,દિવસ) ના લ.સા.અ. જેટલું લેવું.

→ કાર્યક્ષમતા વ્યક્તિ રોજ (એક દિવસ) માં કેટલા કામ કરી શકે તે દર્શાવે છે.



→ હવે, બંને સાથે મળીને કામ કરે છે.

$$\text{તેથી, દિવસ} = \frac{\text{કુલ કામ}}{\text{બંનેનું રોજનું કામ}}$$

$$= \frac{60}{A+B}$$

$$= \frac{60}{4+1}$$

$$= \frac{60}{5}$$

$$= 12 \text{ દિવસ}$$

→ આમ, બંને સાથે મળીને 12 દિવસમાં આ કામ પૂર્ણ કરી શકે.

→ **જવાબ : (D) 12 દિવસ**

Ex-3 : A એક કામ 12 દિવસમાં પૂર્ણ કરી શકે છે. જ્યારે B તે જ કામ 24 દિવસમાં પૂર્ણ કરી શકે છે. જો બંને સાથે મળીને કામ કરે તો આ કામ કેટલા દિવસમાં પૂર્ણ થાય?

(A) 12 દિવસ **(B) 8 દિવસ**

(C) 14 દિવસ **(D) 18 દિવસ**



→ બંને સાથે મળીને કામ કરે છે.

$$\text{તેથી, દિવસ} = \frac{\text{કુલ કામ}}{A+B}$$

$$= \frac{24}{2+1}$$

WebSankul

24 નળ અને ટાંકી

- નળ અને ટાંકી સંબંધિત પ્રશ્નોમાં સામાન્ય રીતે એક ટાંકી કે હોજને આપેલ બે કે તેથી વધુ નળ વડે ભરવા તેમજ ખાલી કરવા પર આધારિત બાબતો પૂછાય છે.
- નળ અને ટાંકી પ્રકરણના પ્રશ્નો સામાન્ય રીતે સમય અને કાર્ય સાથે સમાનતા ધરાવે છે.
- વિદ્યાર્થી મિત્રો, નળ અને ટાંકીના પ્રશ્નોને હલ કરવા માટે આપણે સમય અને કાર્યના પ્રશ્નોની જેમ એક જ રીતનો ઉપયોગ કરીશું.

❖ ટાંકીની ક્ષમતા આપેલ સમય (કલાક/મિનિટ) ના લ.સા.અ. જેટલ લેવી.

સમય × કાર્યક્ષમતા = ટાંકીની ક્ષમતા

❖ જો ટાંકી ભરવાનું પુછ્યું હોય તો જે નળ ટાંકી ખાલી કરતો હોય તેની કાર્યક્ષમતા (-) લેવી, તથા જો ટાંકી ખાલી કરવાનું પુછ્યું હોય તો જે નળ ટાંકી ભરતો હોય તેની કાર્યક્ષમતા (-) લેવી. .

Ex-1 : બે નળ A અને B કોઈ ટાંકીને અનુક્રમે 24 કલાક અને 30 કલાકમાં ભરી શકે છે. જો બંને નળ એક સાથે ખોલવામાં આવે તો ખાલી ટાંકીને ભરવામાં કેટલો સમય લાગે?

(A) 13 કલાક 20 મિ. **(B) 12 કલાક 10 મિ.**
(C) 14 કલાક **(D) 10 કલાક 5 મિ.**

→ અહીં, ટાંકીની ક્ષમતા સમયના લ.સા.અ. જેટલી લેવી,



→ બંને નળ એક સાથે ખોલવામાં આવે છે.

તેથી, લાગતો સમય = $\frac{\text{ટાંકીની ક્ષમતા}}{A+B} = \frac{120}{5+4}$

$= \frac{120}{9}$

$= 13\frac{3}{9}$ કલાક

$= 13\frac{1}{3}$ કલાક

= 13 કલાક 20 મિનિટ

→ **જવાબ : (A) 13 કલાક 20 મિ.**

Ex-2 : નળ A અને B એક ટાંકી અનુક્રમે 15 અને 30 મિનિટમાં ભરી શકે છે. જો બંને નળ એક સાથે શરૂ કરવામાં આવે, તો ટાંકી કેટલા સમયમાં ભરાય શકે?

(A) 10 મિનિટ **(B) 8 મિનિટ**
(C) 12 મિનિટ **(D) 15 મિનિટ**

→ અહીં, ટાંકીની ક્ષમતા સમયના લ.સા.અ.જેટલી લેવી,



→ બંને નળ એક સાથે ખોલવામાં આવે છે.

તેથી, લાગતો સમય = $\frac{30}{2+1}$

$= \frac{30}{3}$

= 10 મિનિટ

→ **જવાબ : (A) 10 મિનિટ**

Ex-3 : એક નળ-A કોઈ ટાંકી 8 કલાકમાં ભરી શકે છે. બીજો નળ-B આ ટાંકી 16 કલાકમાં ખાલી કરી શકે છે. જો બંને નળ એક સાથે શરૂ કરવામાં આવે, તો ટાંકી ભરાતાં કેટલો સમય લાગે?

(A) 12 કલાક **(B) 14 કલાક**
(C) 16 કલાક **(D) 18 કલાક**



→ અહીં, ટાંકી ભરવાનું પૂછ્યું હોવાથી જે નળ ખાલી કરે તેની કાર્યક્ષમતા (-) લેવી,

$\therefore$ સમય = $\frac{16}{2-1}$

$= \frac{16}{1}$

= 16 કલાક

→ **જવાબ : (C) 16 કલાક**

Ex-4 : એક નળ વડે એક ટાંકી 40 મિનિટમાં ભરી શકાય છે. બીજા નળ વડે આ ટાંકી 120 મિનિટમાં ખાલી થાય છે. જો બંને નળ એક સાથે ખુલ્લા કરવામાં આવે તો ટાંકીને ભરાતાં કેટલો સમય લાગે?

(A) 1 કલાક
(B) 1 કલાક 20 મિનિટ
(C) 1.5 કલાક
(D) 1 કલાક 40 મિનિટ

25 ટકાવારી

- ટકાવારી એટલે શતમાન
- ટકાને અંગ્રેજીમાં "Percent" કહે છે, જે લેટિન શબ્દ "Per centum" પરથી આવ્યો છે.
- 'Centum' નો અર્થ 100 એવો થાય છે.
- સામાન્ય રીતે કોઇ પણ સંખ્યાનું 100 ની સાપેક્ષે મૂલ્ય એટલે ટકા.
- ટકાને સંકેતમાં % વડે દર્શાવાય છે.

✦ TYPE – I ✦

❖ **સંખ્યાનું ટકાવારીમાં રૂપાંતર :-**

- આપેલ સંખ્યાને ટકાવારીમાં ફેરવવા માટે 100 વડે ગુણવી અને ટકાની (%) નિશાની મૂકવી.
- દા.ત.
  - $\frac{4}{5} \Rightarrow \frac{4}{5} \times 100 = 80\%$
  - $\frac{3}{4} \Rightarrow \frac{3}{4} \times 100 = 75\%$
  - $\frac{1}{4} \Rightarrow \frac{1}{4} \times 100 = 25\%$
  - $\frac{2}{3} \Rightarrow \frac{2}{3} \times 100 = \frac{200}{3} = 66\frac{2}{3}\%$

❖ **ટકાવારીનું સંખ્યા કે અપૂર્ણાંકમાં રૂપાંતર :-**

- આપેલ ટકાવારી વાળી સંખ્યાને 100 વડે ભાગવી અને ટકાની (%) નિશાની દૂર કરવી.
- દા .ત.
  - $8\% = \frac{8}{100} = 0.08 = \frac{2}{25}$
  - $50\% = \frac{50}{100} = 0.5 = \frac{1}{2}$
  - $33\frac{1}{3}\% = \frac{\frac{100}{3}}{100} = \frac{100}{300} = \frac{1}{3}$
  - $60\% = \frac{60}{100} = 0.6 = \frac{3}{5}$

✦ TYPE – II ✦

❖ **કોઇ પણ સંખ્યાના અમુક ટકાનું મૂલ્ય કઇ રીતે શોધવું?**

$$\text{ટકાવારીનું મૂલ્ય} = \frac{\text{સંખ્યા} \times \text{ટકાવારીનો દર}}{100}$$

- સામાન્ય રીતે, આ પ્રકારમાંથી વિદ્યાર્થીઓની ગાણિતિક ક્ષમતા ચકાસવાના હેતુથી અચૂક પ્રશ્ન પુછાય છે.

Ex-1 : 1500 ના 30% = _____

(A) 250 (B) 350 (C) 450 (D) 550

રીત : 1

→ 1500 ના 30%

$= 1500 \times \frac{30}{100}$

$= 15 \times 30$

$= 450$

રીત : 2

100% ⟶ 1500

30% ⟶ (?)

$= \frac{30 \times 1500}{100}$

$= 450$

→ **જવાબ : (C) 450**

Ex-2 : 250 ના 18% + 320 ના 40% = _____

(A) 145 (B) 128 (C) 173 (D) 237

→ $250 \times \frac{18}{100} + 320 \times \frac{40}{100}$

$= 45 + 128$

$= 173$

→ **જવાબ : (C) 173**

Ex-3 : 2000 ના 50% ના 20% ના 10% = _____

(A) 40 (B) 80 (C) 20 (D) 60

→ $2000 \times \frac{50}{100} \times \frac{20}{100} \times \frac{10}{100}$

$= 20$

→ **જવાબ : (C) 20**

Ex-4 : 900 ના 25% = 45 x હોય, તો x = _____

(A) 15 (B) 5 (C) 24 (D) 10

→ $900 \times \frac{25}{100} = 45x$

$\therefore 900 \times \frac{1}{4} = 45x$

$\therefore x = \frac{900}{45 \times 4}$

$\therefore x = 5$

→ **જવાબ : (B) 5**

$\therefore \frac{3A}{5} = \frac{3B}{4}$

$\therefore \frac{A}{5} = \frac{B}{4}$

$\therefore \frac{A}{B} = \frac{5}{4}$

$\therefore A : B = 5 : 4$

→ **જવાબ : (D) 5 : 4**

Ex-11 : બે સંખ્યાઓ કોઈ ત્રીજી સંખ્યાથી ક્રમશઃ 20% અને 50% મોટી છે, તો પહેલી સંખ્યાએ બીજી સંખ્યાના કેટલા ટકા હશે?

(A) 25% (B) 88% (C) 62% (D) 80%

→ ધારો કે, ત્રણ સંખ્યાઓ x, y અને z છે.

x	y	z
120	150	100

→ પ્રશ્ન અનુસાર,

→ બીજી સંખ્યાના x % = પહેલી સંખ્યા

$\therefore$ 150 ના x % = 120

$\therefore 150 \times \frac{x}{100} = 120$

$\therefore x = \frac{100 \times 120}{150}$

$\therefore x = 80\%$

→ આમ, પહેલી સંખ્યા બીજી સંખ્યાના 80% હોય.

→ **જવાબ : (D) 80%**

✦ TYPE – III ✦

Ex-12 : એક પુસ્તકમાં 50% પાનાં સફેદ છે. 40% પાનાં લીલા છે. બાકી વધેલાં 150 પાનાં પીળા છે. તો લીલા રંગના પાના કેટલા હશે?

(A) 600 (B) 6000 (C) 450 (D) 1500

→ ધારો કે, પુસ્તકમાં કુલ પાનાં 100% છે.

$\therefore$ પીળા પાનાં = 100% − (સફેદ પાનાં+ લીલા પાનાં)

150 = 100% − (50% + 40%)

150 = 100% − 90%

150 = 10%

→ હવે, લીલા પાનાં 40% હોવાથી,

10% ⟶ 150

40% ⟶ (?)

$= \frac{40 \times 150}{10}$

= 600

→ આમ, આ પુસ્તકમાં 600 લીલા પાનાં હોય.

→ **જવાબ : (A) 600**

Ex-13 : એક વર્ગમાં 70 વિદ્યાર્થીઓ છે. 30% વિદ્યાર્થીઓ ગણિતમાં નાપાસ થાય છે, તો કેટલા વિદ્યાર્થીઓ ગણિતમાં પાસ થાય?

(A) 21 (B) 28 (C) 55 (D) 49

→ ધારો કે, વર્ગમાં કુલ 100% વિદ્યાર્થીઓ છે.

$\therefore$ પાસ વિદ્યાર્થીઓ = 100% − નાપાસ (%)

= 100% − 30%

= 70%

→ $\therefore$ પાસ વિદ્યાર્થી = 70 ના 70%

$= 70 \times \frac{70}{100}$

= 49

→ આમ, ગણિતમાં 49 વિદ્યાર્થીઓ પાસ થયા હોય.

→ **જવાબ : (D) 49**

Ex-14 : એક લગ્ન સમારોહમાં 32% મહિલાઓ તથા 54% પુરુષો છે. આ ઉપરાંત 196 બાળકો છે, તો સમારોહમાં પુરુષોની સંખ્યા કેટલી હશે?

(A) 756 (B) 448 (C) 332 (D) 324

→ ધારો કે, લગ્નસમારોહમાં કુલ સંખ્યા 100% છે.

→ બાળકો (%) = 100% − [પુરુષો (%) + મહિલાઓ (%)]

= 100% − [54% + 32%]

= 100% − (86%)

= 14%

$\therefore$ 14% ⟶ 196

54% ⟶ (?)

$= \frac{54 \times 196}{14}$

= 756

→ આમ, લગ્ન સમારોહમાં 756 પુરુષો હોય.

→ **જવાબ : (A) 756**

✦ TYPE - IV ✦

❖ **ટકાવારીમાં સમાન વધારો-ઘટાડો :-**

→ જ્યારે કોઈ કિંમતમાં વધારો કે ઘટાડો સમાન હોય ત્યારે એકંદરે કિંમતમાં ઘટાડો જ થાય.

ઘટાડો = $\frac{x^2}{100}$

જ્યાં, x = ટકાવારીનું મૂલ્ય (વધારો / ઘટાડો)

Ex-15 : ચોખાના ભાવમાં શરૂઆતમાં 20% નો વધારો થાય છે. થોડા સમય બાદ ભાવમાં 20% નો ઘટાડો થાય છે, તો એકંદરે ચોખાના ભાવમાં શું ફરક પડે ?

(A) 2% નો વધારો (B) 4% નો ઘટાડો

(C) 4% વધારો (D) કંઈ ફરક ન પડે

રીત : 1

→ ઘટાડો = $\frac{x^2}{100}$

WEBSANKUL

26 નફો – ખોટ

- નફો અને ખોટ સામાન્ય રીતે વ્યાપાર અને વ્યાપારિક લેણ-દેણ સાથે સંકળાયેલ શબ્દ છે.
- વર્તમાન પરીક્ષાઓને ધ્યાનમાં રાખીને આ પ્રકરણ અંતર્ગત પુછાતા પ્રશ્નોના હલ માટે આ પ્રકરણ સાથે સંકળાયેલા મહત્ત્વના શબ્દો સમજવા જરૂરી બને છે.

- **મૂળકિંમત :-**

  કોઈ વસ્તુ ખરીદવા માટે આપવી પડતી કિંમતને મૂળકિંમત કે ખરીદકિંમત કહેવાય છે.

- **ખરાજાત :-**

  વસ્તુને વેચવા લાયક બનાવવા માટે થતાં વધારાના ખર્ચાને ખરાજાત કહે છે.

- **પડતરકિંમત :-**

  ખર્ચ ઉમેરેલી મૂળકિંમત એટલે પડતરકિંમત.

- પડતરકિંમત = મૂળકિંમત + ખરાજાત

- **વેચાણકિંમત :-**

  કોઈ પણ વસ્તુને જે કિંમતે વેચવામાં આવે, તેને વેચાણકિંમત કહે છે.

- **છાપેલી કિંમત :-**

  કોઈ પણ વસ્તુની પડતરકિંમતમાં અપેક્ષિત નફો ઉમેરીને છાપવામાં આવેલી કિંમત એટલે છાપેલી કિંમત.

- **વળતર :-**

  કોઈ વસ્તુની છાપેલી કિંમત પર આપવામાં આવતી છૂટને વળતર કહેવાય.

- વળતર હંમેશાં છાપેલી કિંમતના આધારે જ ગણાય.

- **નફો (લાભ) :-**

  વસ્તુનું વેચાણ કર્યા પછી મૂળકિંમત/પડતરકિંમત કરતાં વધારાની મળતી રકમને નફો કહેવાય.

- સામાન્ય રીતે, મૂળકિંમત કરતાં વેચાણકિંમત વધારે હોય, ત્યારે નફો થાય.
- નફો (રૂ.) = વે.કિં. – મૂ.કિં.
- નફો (%) = $\frac{\text{નફો (રૂ.)}}{\text{મૂ.કિં.}} \times 100$

- **ખોટ (નુકસાન) :-**

  જ્યારે કોઈ વસ્તુનું વેચાણ કર્યા પછી મૂ.કિં. / પ.કિં. કરતાં ઓછી રકમ મળતી હોય, તો તેને ખોટ કહેવાય.

- સામાન્ય રીતે, વેચાણકિંમત કરતાં મૂળકિંમત વધારે હોય, ત્યારે ખોટ જાય.
- ખોટ (રૂ.) = મૂ.કિં. – વે.કિં.
- ખોટ (%) = $\frac{\text{ખોટ (રૂ.)}}{\text{મૂ.કિં.}} \times 100$
- **નોંધ :** નફો/ખોટની ટકાવારીની ગણતરી હંમેશા મૂ.કિં. (પ.કિં.) ના આધારે જ થાય.

✦ TYPE – I ✦

❖ **મૂળકિંમત અને વેચાણકિંમત આપેલ હોય ત્યારે નફો કે ખોટ શોધવા :**

Ex. એક વસ્તુને રૂ. 700માં ખરીદીને રૂ. 920માં વેચતા કેટલા રૂપિયા નફો થાય?

→ નફો (રૂ.) = વેચાણકિંમત – મૂળકિંમત
= 920 – 700
= 220 રૂપિયા

Ex. એક વસ્તુ રૂ. 650માં ખરીદીને રૂ. 600માં વેચતા કેટલા રૂપિયા ખોટ જાય?

→ ખોટ (રૂ.) = મૂળકિંમત – વેચાણકિંમત
= 650 – 600
= 50 રૂપિયા

Ex. એક સાઇકલ રૂ. 60ની ખોટ ખાઈને રૂ. 840માં વેચી, જો તે સાઇકલ રૂ. 1020માં વેચે, તો તેને કેટલા રૂપિયા નફો થાય?

→ મૂળકિંમત = વેચાણકિંમત + ખોટ
= 840 + 60
= 900 રૂપિયા

→ નફો (રૂ.) = વેચાણકિંમત – મૂળકિંમત
= 1020 – 900
= 120 રૂપિયા

Ex. રૂ. 4500નો મોબાઇલ રૂ. 5400માં વેચતા કેટલા ટકા નફો થાય?

રીત : 1

→ નફો (રૂ.) = વેચાણકિંમત – મૂળકિંમત
= 5400 – 4500
= 900 રૂપિયા

→ નફો (%) = $\frac{\text{નફો (રૂ.)}}{\text{મૂળકિંમત}} \times 100$

$= \frac{900}{4500} \times 100$

= 20 %

રીત : 2

મૂળકિંમત		નફો
4500 રૂ.	⟶	900 રૂ.
100	⟶	(?)

$= \frac{100 \times 900}{4500}$

= 20 %

WEBSANKUL

145) અજયે રૂ. 2400 દીઠ બે ઘડિયાળ વેચી. એમ કરતાં એક ઘડિયાળ પર 20 % ખોટ ગઇ અને બીજી ઘડિયાળ પર 20 % નફો થયો. આ વ્યવહારમાં કેટલા ટકા નફો કે ખોટ ગઈ?
(A) 4 % ખોટ (B) 4 % નફો
(C) 2.5 % ખોટ (D) 2.25 % નફો

146) 8 ખુરશીની કિંમત 3 ટેબલની કિંમત બરાબર થાય છે. એક ખુરશી અને એક ટેબલની કુલ કિંમત રૂ. 605 થાય છે, તો ખુરશીની કિંમત કેટલા રૂપિયા હશે?
(A) 165 (B) 55 (C) 192 (D) 83

147) બાટલી અને બૂચની ભેગી કિંમત રૂ. 2.25 છે. બાટલી કરતાં બૂચની કિંમત રૂ. 1.65 ઓછી હોય, તો બૂચની કિંમત કેટલી હશે?
(A) રૂ. 1.05 (B) 30 પૈસા
(C) 60 પૈસા (D) રૂ. 1.20

148) જો એક મકાન 50,000 રૂપિયામાં વેચતા તેની ઉપર 20 % નુકસાન થાય છે, તો તે મકાનની મૂળકિંમત કેટલી હશે?
(A) રૂ. 60,000 (B) રૂ. 62,500
(C) રૂ. 62,000 (D) રૂ. 57,500

149) એક વેપારી 20 % વળતરે રૂ. 600ની કિંમતની એક એવી અમુક સાડીઓ લાવે છે. અને દરેક સાડી રૂ. 520 માં વેચે છે, તો તેને સાડીદીઠ કેટલા રૂપિયા નફો થશે ?
(A) રૂ. 80 (B) રૂ. 20
(C) રૂ. 40 (D) રૂ. 60

150) એક વ્યક્તિએ કેટલાંક સંતરાં રૂ. 1 માં 3ના હિસાબે તથા તેટલાં જ સંતરાં રૂ. 1 માં 2 ના હિસાબે ખરીદ્યા, તો 20 % નફા મેળવવા માટે આ વ્યક્તિને તે સંતરાંને પ્રતિ ડઝન કેટલી કિંમત વેચવાં જોઇએ?
(A) રૂ. 4 (B) રૂ. 5 (C) રૂ. 6 (D) રૂ. 7

151) એક દુકાનદારે 15 કિલો ખાંડ અને 20 કિલો ઘઉં ક્રમશ : રૂ. 50 તથા રૂ. 75 પ્રતિ કિલોના ભાવે ખરીદ્યા. તેને વેચતા સમયે ખાંડ પર 10 % અને ઘઉં પર 20 % નફો મેળાવ્યો છે, તો વેચાણકિંમત કેટલી હશે?
(A) રૂ. 1800 (B) રૂ. 2625 (C) રૂ. 1950 (D) રૂ. 1575

ANSWER KEY

(1) C	(32) B	(63) A	(94) C	(125) B
(2) B	(33) C	(64) B	(95) B	(126) B
(3) C	(34) A	(65) B	(96) A	(127) D
(4) D	(35) D	(66) A	(97) D	(128) A
(5) C	(36) A	(67) C	(98) B	(129) D
(6) B	(37) C	(68) B	(99) A	(130) C
(7) D	(38) D	(69) B	(100) A	(131) B
(8) C	(39) B	(70) C	(101) C	(132) A
(9) B	(40) D	(71) B	(102) A	(133) B
(10) A	(41) A	(72) C	(103) D	(134) C
(11) A	(42) C	(73) B	(104) D	(135) A
(12) C	(43) B	(74) A	(105) C	(136) A
(13) C	(44) D	(75) B	(106) D	(137) B
(14) D	(45) C	(76) B	(107) D	(138) D
(15) A	(46) C	(77) A	(108) A	(139) A
(16) B	(47) C	(78) B	(109) B	(140) A
(17) A	(48) D	(79) C	(110) B	(141) D
(18) D	(49) B	(80) D	(111) C	(142) C
(19) B	(50) A	(81) B	(112) A	(143) C
(20) C	(51) D	(82) C	(113) B	(144) C
(21) D	(52) A	(83) D	(114) B	(145) A
(22) B	(53) D	(84) A	(115) D	(146) A
(23) A	(54) B	(85) B	(116) B	(147) B
(24) C	(55) A	(86) D	(117) C	(148) B
(25) B	(56) A	(87) B	(118) D	(149) C
(26) A	(57) B	(88) C	(119) D	(150) C
(27) D	(58) B	(89) B	(120) D	(151) B
(28) B	(59) B	(90) C	(121) A	
(29) D	(60) A	(91) B	(122) B	
(30) D	(61) D	(92) B	(123) C	
(31) D	(62) B	(93) B	(124) D	

27 સાદું વ્યાજ

➢ જ્યારે કોઈ વ્યક્તિ બેંક, શાહુકાર કે કોઈ અન્ય સ્ત્રોત દ્વારા અમુક રકમ ઉધારી પર લે, તો તેને રકમ પાછી આપવાના સમયે મૂળ રકમ કરતાં અમુક રકમ વધારે આપવી પડે છે. આ રીતે આપવામાં આવેલી વધારાની રકમ એટલે વ્યાજ.

✦ સાદું વ્યાજ ✦

➢ કોઈ રકમ પર વર્ષો સુધી એકસરખું વ્યાજ મળે તો તેને સાદું વ્યાજ કહેવાય છે.

$$I = \frac{PRN}{100}$$

જ્યાં, I = વ્યાજ (₹.)
P = મુદ્દલ (₹.)
R = વ્યાજનો દર (%)
N = મુદ્દત (વર્ષ/મહિનો/દિવસ)

✦ મુદ્દલ ✦

➢ કોઈ વ્યક્તિ દ્વારા ઉધાર લેવામાં કે આપવામાં આવેલી મૂળ રકમ એટલે મુદ્દલ
➢ તેને 'P' વડે દર્શાવાય છે.

✦ મુદ્દત ✦

➢ કોઈ વ્યક્તિ દ્વારા જેટલા સમય ગાળા માટે રકમ લેવામાં કે મૂકવામાં આવે, તે સમય ગાળો એટલે મુદ્દત.
➢ જેને 'N' વડે દર્શાવાય.
➢ મુદ્દત વર્ષ, મહિના કે દિવસોમાં આપેલી હોય છે.

✦ વ્યાજનો દર ✦

➢ આપેલી રકમ પર આપવામાં કે લેવામાં આવતાં વ્યાજની ટકાવારીને વ્યાજનો દર કહેવાય.
➢ જેને 'R' વડે દર્શાવાય.

✦ વ્યાજમુદ્દલ (રાશ) ✦

➢ કોઈ પણ રકમ પરના વ્યાજ સહિતની કુલ રકમ એટલે વ્યાજમુદ્દલ.
➢ તેને 'A' વડે દર્શાવાય.
➢ વ્યાજમુદ્દલ(A) = મુદ્દલ(P) + વ્યાજ(I)

- જ્યારે મુદ્દત મહિનામાં આપી હોય, ત્યારે સાદું વ્યાજ મેળવવા,

$$I = \frac{PRN}{100\times12}$$

જ્યાં, N = મહિના

- જ્યારે મુદ્દત દિવસોમાં આપી હોય, ત્યારે સાદું વ્યાજ મેળવવા,

$$I = \frac{PRN}{100\times365}$$

જ્યાં, N = દિવસો

- અલગ-અલગ વ્યાજદર અને વ્યાજનો તફાવત આપેલ હોય, ત્યારે મુદ્દલ મેળવવા માટે,

$$\text{મુદ્દલ (P)} = \frac{\text{વ્યાજનો તફાવત} \times 100}{R_1N_1 - R_2N_2}$$

- વ્યાજમુદ્દલ આપેલ હોય ત્યારે,

$$\text{મુદ્દલ (P)} = \frac{\text{વ્યાજમુદ્દલ (A)}\times100}{100+RN}$$

$$\text{સાદું વ્યાજ (I)} = \frac{\text{વ્યાજમુદ્દલ (A)}\times R\times N}{100+RN}$$

EX-1 : ₹. 1500 નું 2 વર્ષનું 10% લેખે સાદું વ્યાજ કેટલું થાય?
(A) ₹. 300 (B) ₹. 320 (C) ₹. 330 (D) ₹. 30

→ અહીં, P = 1500 ₹.
R = 10%
N = 2 વર્ષ

હવે, $I = \frac{PRN}{100}$

$= \frac{1500\times10\times2}{100}$

I = 300 ₹.

→ **જવાબ : (A) ₹. 300**

EX-2 : ₹. 1200 નું 5% વાર્ષિક વ્યાજના દરે 10 વર્ષનું સાદું વ્યાજ કેટલું થશે?
(A) ₹. 600 (B) ₹. 120 (C) ₹. 1200 (D) ₹. 60

→ અહીં, P = 1200 ₹.
R = 5%
N = 10 વર્ષ

હવે, $I = \frac{PRN}{100}$

$= \frac{1200\times5\times10}{100}$

I = 600 ₹.

→ **જવાબ : (A) ₹. 600**

EX-3 : ₹. 6000નું 8% લેખે સાદા વ્યાજે 3 વર્ષનું વ્યાજમુદ્દલ કેટલું થાય?
(A) ₹. 7440 (B) ₹. 7840 (C) ₹. 7340 (D) ₹. 8540

29 ગુણોત્તર પ્રમાણ

✦ ગુણોત્તર ✦

➢ જો કોઈ બે સંખ્યા એકસરખા એકમમાં હોય, તો તેને ગુણોત્તરમાં છે તેમ કહેવાય.

➢ ગુણોત્તરને ' : ' વડે દર્શાવાય. તથા અંશ અને છેદ સ્વરૂપે દર્શાવાય.
દા.ત., x અને y ગુણોત્તરમાં છે.

$\frac{x}{y}$ ← અંશ
← છેદ
$\therefore x : y$

✦ ગુણોત્તરના પ્રકાર ✦

➢ **એકમ ગુણોત્તર :**

- જે ગુણોત્તરમાં અંશ અને છેદની કિંમત સમાન હોય, તે ગુણોત્તરને એકમ ગુણોત્તર કહેવાય.
  દા.ત., $\frac{1}{1}, \frac{5}{5}$

➢ **શૂન્ય ગુણોત્તર :**

- જે ગુણોત્તરમાં અંશ શૂન્ય હોય, તેવા ગુણોત્તરને શૂન્ય ગુણોત્તર કહેવાય.
  દા.ત., $\frac{0}{7}, \frac{0}{24}, \frac{0}{735}$

➢ **એકાધિક ગુણોત્તર :**

- જે ગુણોત્તરમાં અંશની કિંમત છેદની કિંમત કરતાં વધારે હોય, તેવા ગુણોત્તરને એકાધિક ગુણોત્તર કહેવાય.
  દા.ત., $\frac{5}{4}, \frac{11}{7}$

➢ **એકોન ગુણોત્તર :**

- જે ગુણોત્તરમાં અંશની કિંમત છેદની કિંમત કરતાં ઓછી હોય, તેવા ગુણોત્તરને એકોન ગુણોત્તર કહેવાય.
  દા.ત., $\frac{12}{17}, \frac{2}{5}, \frac{5}{7}$

➢ **વ્યસ્ત ગુણોત્તર :**

- જો $x : y$ શૂન્યેતર ગુણોત્તર હોય, તો $y : x$ ને $x : y$ નો વ્યસ્ત ગુણોત્તર કહે છે.
- બે વ્યસ્ત ગુણોત્તરનો ગુણાકાર હંમેશાં 1 થાય છે.
  દા.ત. $\frac{x}{y} \times \frac{y}{x} = 1$

✦ પ્રમાણ ✦

➢ બે અલગ-અલગ ગુણોત્તરોને સરખાવવા માટે જે ચલ વપરાય તેને પ્રમાણ કહે છે.

➢ તેને દર્શાવવા ' :: ' અથવા ' = ' નિશાની વપરાય છે.
દા.ત., A, B, C, D પ્રમાણમાં હોય, તો
A : B :: C : D

➢ **સમપ્રમાણ :**

- જ્યારે એક રાશિ વધે/ઘટે, ત્યારે બીજી રાશિમાં પણ તેટલા જ પ્રમાણમાં વધારો/ઘટાડો થાય, તો તે રાશિઓ સમપ્રમાણમાં છે, તેમ કહેવાય.
- જો કોઈ સંખ્યા x બીજી સંખ્યા y ના સમપ્રમાણમાં હોય, તો
  $x \propto y$
  x = Ky જ્યાં, K = અચળાંક

➢ **વ્યસ્ત પ્રમાણ :**

- જ્યારે એક રાશિ વધે, ત્યારે બીજી રાશિમાં પણ તેટલા જ પ્રમાણમાં ઘટાડો થાય અથવા જ્યારે એક રાશિ ઘટે, ત્યારે બીજી રાશિમાં પણ તેટલા જ પ્રમાણમાં વધારો થાય, તો તે રાશિઓ વ્યસ્ત પ્રમાણમાં છે તેમ કહેવાય.
- જો કોઈ સંખ્યા x બીજી સંખ્યા y ના વ્યસ્ત પ્રમાણમાં હોય, તો
  $x \propto \frac{1}{y}$
  $x = K\frac{1}{y}$
  $x = \frac{K}{y}$ જ્યાં, K = અચળાંક

✦ TYPE – I ✦

➢ **ગુણોત્તર મધ્યક :**

- કોઈ બે ઘન સંખ્યાના ગુણાકારના વર્ગમૂળને તે સંખ્યાઓનો ગુણોત્તર મધ્યક કહેવાય.
  દા.ત., x અને y નો ગુણોત્તર મધ્યક,
  $M = \sqrt{xy}$

Ex-1 : 4 અને 36 નો ગુણોત્તર મધ્યક કેટલો થાય?
(A) 6 (B) 8 (C) 12 (D) 16

→ ગુણોત્તર મધ્યક (M) $= \sqrt{xy}$
$= \sqrt{4 \times 36}$
$= \sqrt{144}$
$M = 12$

→ **જવાબ : (C) 12**

Ex-2 : 2 અને x નો ગુણોત્તર મધ્યક 4 હોય, તો x ની કિંમત કેટલી થાય?
(A) 2 (B) 8 (C) 4 (D) 6

→ ગુણોત્તર મધ્યક (M) $= \sqrt{xy}$
$\therefore 4 = \sqrt{2 \times x}$
$(4)^2 = \left(\sqrt{2x}\right)^2$
$16 = 2x$

WEBSANKUL

30 ભાગીદારી

➢ વિદ્યાર્થીમિત્રો, આ પ્રકરણમાં આપણે વ્યવસાય, ભાગીદાર અને ભાગીદારી સંબંધિત મહત્ત્વપૂર્ણ અવધારણાઓનો ખ્યાલ મેળવીશું તથા વિવિધ પ્રકારના ભાગીદારી પર આધારિત પ્રશ્નોને સરળવિધિથી ઉકેલવાનો પ્રયત્ન કરીશું.

✦ ભાગીદારી (Partnership) ✦

➢ બે કે તેથી વધુ વ્યક્તિઓ સાથે મળીને કોઈ ધંધો કે વ્યાપાર ચાલુ કરે તો તેને ભાગીદાર કહેવાય અને આવા ધંધાકીય વ્યવહારને ભાગીદારી કહેવાય.

✦ ભાગીદારીના પ્રકાર ✦

➢ ભાગીદારી બે પ્રકારે થાય છે :

(A) સરળ ભાગીદારી :

➢ જો ભાગીદાર કોઈ વ્યાપારમાં સમાન સમય માટે રોકાણ કરે તો આ પ્રકારની ભાગીદારીને સરળ ભાગીદારી કહેવાય.

દા.ત., કૌશિક અને ખુશાલ કોઈ વ્યાપારમાં અનુક્રમે રૂ. 25000 અને રૂ. 20000 એક વર્ષ માટે રોકાણ કરે.

➢ સમાન સમય માટે રોકાણ કરેલ હોય તો નફાની વહેંચણી તેના રોકાણના પ્રમાણમાં થાય.

નફો ∝ રોકાણ

(B) મિશ્ર ભાગીદારી :

➢ જો ભાગીદાર કોઈ વ્યાપારમાં અલગ-અલગ સમય માટે રોકાણ કરે તો આવી ભાગીદારીને મિશ્ર ભાગીદારી કહેવાય.

દા.ત., જ્યદીપ અને અંકિત કોઈ વ્યાપારમાં અનુક્રમે રૂ. 3000 તથા રૂ. 2000 ક્રમશઃ 9 મહિના અને 3 મહિના માટે રોકાણ કરે છે.

➢ અલગ-અલગ સમય માટે રોકાણ કરેલું હોય, તો નફાની વહેંચણી તેના રોકાણ અને તેના સમયના ગુણાકારના પ્રમાણમાં હોય.

નફો ∝ રોકાણ × સમય

✦ ભાગીદાર ✦

➢ બે કે તેથી વધુ વ્યક્તિઓ મળીને કોઈ ધંધામાં રોકાણ કરે તો તેને એકબીજાના ભાગીદાર કહેવાય.

✦ ભાગીદારના પ્રકાર ✦

(1) સક્રિય ભાગીદાર :

➢ એવા ભાગીદાર કે જે વ્યાપારમાં રોકાણ કરતાં હોય અને તેની દેખભાળ પણ કરતાં હોય તેને સક્રિય કે જાગૃત ભાગીદાર કહેવાય.

(2) નિષ્ક્રિય ભાગીદાર :

➢ એવા ભાગીદાર કે જે વ્યાપારમાં માત્ર રોકાણ જ કરતાં હોય પરંતુ તેની દેખભાળ કરતાં ન હોય તેને નિષ્ક્રિય ભાગીદાર કહેવાય.

❖ **<u>યાદ રાખો</u> :-**

➢ જો બધા જ ભાગીદારોનું રોકાણ સરખા સમય માટે હોય, તો વેપારમાં થતો નફો કે નુકસાન તેમણે કરેલાં રોકાણના ગુણોત્તરમાં હોય.

- **દા.ત.,** A અને B વ્યક્તિ અનુક્રમે રૂ. x અને રૂ. y એક વર્ષ માટે રોકે, તો વર્ષના અંતે થતો નફો,

A નો નફો : B નો નફો

$$x : y$$

➢ જ્યારે ભાગીદારોની મૂડી અલગ-અલગ સમય માટે રોકેલી હોય ત્યારે નફાની વહેંચણી તેમણે, કરેલ મૂડીરોકાણના સમયના આધારે કરવામાં આવે છે.

નફો = મૂડીનું રોકાણ × સમય

$$\text{મૂડીનું રોકાણ} = \frac{\text{નફો}}{\text{સમય}}$$

- **દા.ત.,** A અને B વ્યક્તિઓ રૂ. a ને x મહિના માટે તથા રૂ. b ને y મહિના માટે રોકે તો,

A નો નફો = ax

B નો નફો = by

$x : y$ નો નફો = $ax : by$

Ex : સુરેશ, રમેશ તથા મહેશ અનુક્રમે રૂ. 36000, રૂ. 45000 તથા રૂ. 54000 રોકીને એક વેપારની શરૂઆત કરે છે. જો વર્ષના અંતે કુલ રૂ. 75000 નફો થાય, તો ત્રણેયના ભાગે કેટલા-કેટલા રૂપિયા આવે?

→ અહીં, રોકાણ સમાન સમય માટે હોવાથી,

	સુરેશ		રમેશ		મહેશ	
રોકાણ ⟹	36000	:	45000	:	54000	
	36	:	45	:	54	
	4	:	5	:	6	⟹ 15

→ સુરેશનો ભાગ = $\frac{\text{સુરેશનું રોકાણ}}{\text{કુલ રોકાણ}} \times$ નફો / ખોટ (રૂ.)

$= \frac{4}{15} \times 75000$

= 20000 રૂ.

→ રમેશનો ભાગ = $\frac{5}{15} \times 75000$

= 25000 રૂ.

33 સુરેખ (રૈખિક) સમીકરણ

✦ સુરેખ સમીકરણ ✦

➢ જે સમીકરણમાં ચલની મોટામાં મોટી ઘાત 1 હોય, તેવા સમીકરણને સુરેખ સમીકરણ કહે છે.

દા.ત., $2x$, $2x + 1$, $3y - 7$, $12 - 5z$, $3x + y$

$x + y = 3$, $\frac{5}{4}(x - 4) + 10$ વગેરે....

✦ એક ચલ સુરેખ સમીકરણ ✦

➢ જે સુરેખ સમીકરણમાં એક જ ચલ હોય, તેવા સમીકરણને એક ચલ સુરેખ સમીકરણ કહે છે.

દા.ત., $5x + 1$, $2x - 3$, $4x = 1$ વગેરે....

✦ સમીકરણનો ઉકેલ ✦

➢ સમીકરણમાં બરાબરની ડાબી બાજુ અને જમણી બાજુએ આવેલી પદાવલીઓનું મૂલ્ય સમાન હોય છે. આવું ફક્ત ચલનાં અમુક ચોક્કસ મૂલ્યો માટે જ સાચું છે, તેથી ચલનાં આવાં મૂલ્યને સમીકરણનો ઉકેલ કહે છે.

દા.ત., $x = 5$ એ સમીકરણ $2x - 3 = 7$ નો ઉકેલ છે.

$\therefore$ $2(5) - 3 = 7$

$10 - 3 = 7$

$\therefore$ (ડા.બા.) $7 = 7$ (જ.બા.)

$\therefore$ ડાબી બાજુ = જમણી બાજુ

➢ એકચલ સુરેખ સમીકરણનું વ્યાપક સ્વરૂપ,

$ax + b = 0$ છે. જ્યાં, $a, b \in R$, $a \neq 0$

Ex-1 : $2x - 3 = 7$ સમીકરણનો ઉકેલ મેળવો.

$\rightarrow$ $2x - 3 = 7$

$\therefore$ $2x = 7 + 3$

$\therefore$ $2x = 10$

$x = \frac{10}{2}$

$\therefore$ $x = 5$

Ex-2 : એક ચલ સુરેખ સમીકરણ $\frac{x}{3} + \frac{5}{2} = \frac{-3}{2}$ નો ઉકેલ મેળવો.

$\rightarrow$ $\frac{x}{3} + \frac{5}{2} = \frac{-3}{2}$

$\frac{x}{3} = \frac{-3}{2} - \frac{5}{2}$

$\frac{x}{3} = \frac{-8}{2}$

$\frac{x}{3} = -4$

$\therefore$ $x = -12$

Ex-3 : એક ચલ સુરેખ સમીકરણ $1.6 = \frac{y}{1.5}$ નો ઉકેલ _____ થશે.

$\rightarrow$ $1.6 = \frac{y}{1.5}$

$\therefore$ $y = 1.6 \times 1.5$

$\therefore$ $y = 2.4$

Ex-4 : એક ચલ સુરેખ સમીકરણ $2x - 3 = x + 2$ નો ઉકેલ કેટલો થાય?

$\rightarrow$ $2x - 3 = x + 2$

$\therefore$ $2x - x = 2 + 3$

$\therefore$ $2x - x = 5$

$\therefore$ $x = 5$

Ex-5 : $5K + \frac{7}{2} = \frac{3}{2}K - 14$ નો ઉકેલ _____ છે.

$\rightarrow$ $5K + \frac{7}{2} = \frac{3}{2}K - 14$

$5K - \frac{3}{2}K = -14 - \frac{7}{2}$

$\frac{5K(2) - 3K}{2} = \frac{-14(2) - 7}{2}$

$\frac{10K - 3K}{2} = \frac{-28 - 7}{2}$

$\frac{7K}{2} = \frac{-35}{2}$

$\therefore$ $7K = \frac{-35 \times 2}{2}$

$\therefore$ $7K = -35$

$\therefore$ $K = \frac{-35}{7}$

$\therefore$ $K = -5$

Ex-6 : $\frac{x+1}{2x+3} = \frac{3}{8}$ નો ઉકેલ _____ થશે.

$\rightarrow$ $\frac{x+1}{2x+3} = \frac{3}{8}$

$(x + 1)\,8 = (2x + 3)\,3$

$8x + 8 = 6x + 9$

$8x - 6x = 9 - 8$

$\therefore$ $2x = 1$

$\therefore$ $x = \frac{1}{2}$

Ex-7 : $3(5z - 7) - 2(9z - 11) = 4(8z - 13) - 17$ છે, તો તેનો ઉકેલ મેળવો.

$\rightarrow$ $3(5z - 7) - 2(9z - 11) = 4(8z - 13) - 17$

12) $\frac{2x}{x-1} - \frac{2x}{x+1} = \frac{1}{x+1}$ નો ઉકેલ _____ છે.

(A) $\frac{-1}{3}$ (B) $\frac{1}{3}$ (C) 3 (D) -3

13) $\frac{7y+4}{y+2} = \frac{-4}{3}$ નો ઉકેલ _____ છે.

(A) $-\frac{4}{3}$ (B) $-\frac{4}{5}$ (C) $\frac{4}{3}$ (D) $\frac{4}{5}$

14) $15(y-4) - 2(y-9) + 5(y+6) = 0$ નો ઉકેલ મેળવો.

(A) $\frac{3}{2}$ (B) 3 (C) $\frac{2}{3}$ (D) -3

15) $0.25(4f-3) = 0.05(10f-9)$ નો ઉકેલ _____ છે.

(A) 0.3 (B) -0.6 (C) 0.8 (D) 0.6

16) $m - \frac{m-1}{2} = 1 - \frac{m-2}{3}$ નો ઉકેલ _____ છે.

(A) $\frac{5}{7}$ (B) $\frac{7}{5}$ (C) $-\frac{7}{5}$ (D) $-\frac{5}{7}$

17) $x + 7 - \frac{8x}{3} = \frac{17}{6} - \frac{5x}{2}$ નો ઉકેલ શું થાય?

(A) -5 (B) 5 (C) 8 (D) -8

18) $\frac{6x+1}{2} = \frac{7x-3}{3} + 1$ નો ઉકેલ જણાવો.

(A) $\frac{3}{4}$ (B) $\frac{4}{3}$ (C) $\frac{-3}{4}$ (D) $\frac{-4}{3}$

ANSWER KEY

(1) A	**(6) B**	**(11) A**	**(16) B**
(2) B	**(7) A**	**(12) A**	**(17) A**
(3) D	**(8) C**	**(13) B**	**(18) C**
(4) A	**(9) D**	**(14) C**	
(5) C	**(10) B**	**(15) D**	

SOLUTION

1) $ax + b = 0$ એ એકચલ સુરેખ સમીકરણનું વ્યાપક સ્વરૂપ છે, જ્યાં $a, b \in R, a \neq 0$

→ **જવાબ : (A)** $ax + b = 0$

2) સુરેખ સમીકરણમાં ચલની મોટામાં મોટી ઘાત 1 હોય છે.

→ **જવાબ : (B) 1**

3) $ax + b = 0$

$ax = -b$

$\therefore x = \frac{-b}{a}$

∴ જે એકચલ સુરેખ સમીકરણ $ax + b = 0$ નો અનન્ય ઉકેલ છે.

→ **જવાબ : (D)** $\frac{-b}{a}$

4) $\frac{2x}{3} = 18$

$2x = 18 \times 3$

$\therefore x = \frac{18 \times 3}{2}$

$\therefore x = 27$

→ **જવાબ : (A) 27**

5) $\frac{x}{3} + 1 = \frac{7}{15}$

$\therefore \frac{x + 1(3)}{3} = \frac{7}{15}$

$\therefore x + 3 = \frac{7 \times 3}{15}$

$\therefore x + 3 = \frac{7}{5}$

$\therefore (x + 3)\,5 = 7$

$\therefore 5x + 15 = 7$

$\therefore 5x = 7 - 15$

$\therefore 5x = -8$

$\therefore x = -\frac{8}{5}$

→ **જવાબ : (C)** $-\frac{8}{5}$

6) $2y + \frac{5}{3} = \frac{26}{3} - y$

$\frac{3(2y) + 5}{3} = \frac{26 - y(3)}{3}$

$\frac{6y + 5}{3} = \frac{26 - 3y}{3}$

$\therefore 6y + 5 = \frac{(26 - 3y)\,3}{3}$

$\therefore 6y + 5 = 26 - 3y$

$\therefore 6y + 3y = 26 - 5$

$\therefore 9y = 21$

$\therefore y = \frac{21}{9}$

$\therefore y = \frac{7}{3}$

→ **જવાબ : (B)** $\frac{7}{3}$

14) $15(y-4)-2(y-9)+5(y+6)=0$

$15y-60-2y+18+5y+30=0$

$15y+5y-2y-60+18+30=0$

$18y-12=0$

$18y=12$

$y=\frac{12}{18}$

$y=\frac{2}{3}$

→ **જવાબ : (C)** $\frac{2}{3}$

15) $0.25(4f-3)=0.05(10f-9)$

$1f-0.75=0.5f-0.45$

$\therefore 1f-0.5f=-0.45+0.75$

$\therefore 0.5f=0.3$

$\therefore f=\frac{0.3}{0.5}$ (∵ છેદમાં 100 કરવા 200 વડે ગુણતાં)

$\therefore f=\frac{0.3\times200}{0.5\times200}$

$\therefore f=\frac{60}{100}$

$\therefore f=0.6$

→ **જવાબ : (D) 0.6**

16) $m-\frac{m-1}{2}=1-\frac{m-2}{3}$

$\frac{2m-m+1}{2}=\frac{3-m+2}{3}$

$\frac{m+1}{2}=\frac{5-m}{3}$

$3m+3=10-2m$

$5m=7$

$m=\frac{7}{5}$

→ **જવાબ : (B)** $\frac{7}{5}$

17) $x+7-\frac{8x}{3}=\frac{17}{6}-\frac{5x}{2}$

$x+7-\frac{8x}{3}=\frac{34-30x}{12}$

$x+7=\frac{34-30x}{12}+\frac{8x}{3}$

$x+7=\frac{102-90x+96x}{36}$

$36x+252=102+6x$

$36x-6x=102-252$

$30x=-150$

$x=\frac{-150}{30}$

$x=-5$

→ **જવાબ : (A) -5**

18) $\frac{6x+1}{2}=\frac{7x-3}{3}+1$

$\frac{6x+1}{2}=\frac{7x-3+3}{3}$

$\frac{18x+3}{2}=7x$

$18x+3=14x$

$4x=-3$

$x=\frac{-3}{4}$

→ **જવાબ : (C)** $\frac{-3}{4}$

✦ દ્વિચલ સુરેખ સમીકરણ ✦

→ જો a, b અને c એ વાસ્તવિક સંખ્યાઓ હોય અને a અને b એક સાથે શૂન્ય ન હોય, તો જે સમીકરણને $ax+by+c=0$ સ્વરૂપમાં મૂકી શકાય, તેને ચલ x અને y માં દ્વિચલ સુરેખ સમીકરણ કહે છે.

→ ચલ x અને y માં દ્વિચલ સુરેખ સમીકરણનું વ્યાપક સ્વરૂપ $a_1x+b_1y+c_1=0$ અને $a_2x+b_2y+c_2=0$ છે. અહીં, a_1, b_1, c_1, a_2, b_2, c_2 બધી વાસ્તવિક સંખ્યાઓ છે અને $a_1^2+b_1^2\neq0$, $a_2^2+b_2^2\neq0$.

1) જો $\frac{a_1}{a_2}\neq\frac{b_1}{b_2}$, તો સમીકરણ – યુગ્મનો અનન્ય ઉકેલ છે. આવાં સમીકરણોને સુસંગત સમીકરણો કહે છે.

2) જો $\frac{a_1}{a_2}=\frac{b_1}{b_2}$, પરંતુ $\frac{a_1}{a_2}\neq\frac{c_1}{c_2}$ અથવા $\frac{b_1}{b_2}\neq\frac{c_1}{c_2}$ તો સમીકરણને એકપણ ઉકેલ નથી, તેમનો ઉકેલ ગણ $\emptyset$ છે. આવાં સમીકરણો સુસંગત નથી.

3) જો $\frac{a_1}{a_2}=\frac{b_1}{b_2}=\frac{c_1}{c_2}$, તો સમીકરણો સમાન છે. અને તેમને અનંત ઉકેલો છે, તેથી તેમનો ઉકેલગણ અનંત ગણ છે. આવાં સમીકરણો પણ સુસંગત છે.

Ex-1 : દ્વિચલ સુરેખ સમીકરણ $3x-5y=1$ અને $4x+3y=11$ માં x અને y નું મૂલ્ય મેળવો.

→ $3x-5y=1$ ..... (1)

$4x+3y=11$ ..... (2)

→ સમીકરણ (1) ને 4 અને સમીકરણ (2) ને 3 વડે ગુણતાં અને બાદ કરતાં,

WebSankul

$12x - 20y = 4$
$12x + 9y = 33$
$- \quad - \quad -$
$-29y = -29$
$y = 1$

→ y ની કિંમત સમીકરણ (1) અથવા (2) માં મૂકતાં,
$3x - 5y = 1$ જ્યાં $y = 1$ મૂકતાં
$3x - 5(1) = 1$
$3x = 1 + 5$
$3x = 6$
$x = \frac{6}{3}$
$x = 2$

Ex-2 : જો $x = 2, y = 1$ એ સમીકરણ $2x + 3y = K$ નો એક ઉકેલ હોય, તો K ની કિંમત શોધો.

→ $x = 2, y = 1$ એ સમીકરણ $2x + 3y = K$ નો એક ઉકેલ છે.
→ આથી, $x = 2$ અને $y = 1$ દ્વારા સમીકરણનું સમાધાન થાય.
$\therefore 2x + 3y = K$
$\therefore 2(2) + 3(1) = K$
$\therefore 4 + 3 = K$
$\therefore 7 = K$
$\therefore K = 7$

Ex-3 : $2x + 4y = 8$ અને $4x + 2y = 4$ હોય, તો $x + y$ = ?

→ બંને સમીકરણોનો સરવાળો કરતાં,
$2x + 4y = 8$
$4x + 2y = 4$
$+ \quad + \quad +$
$6x + 6y = 12$
$6(x + y) = 12$
$x + y = \frac{12}{6}$
$x + y = 2$

Ex-4 : $3x + 2y = 7$ તથા $ax + 3y = 8$ ને અનન્ય ઉકેલ હોય તે માટે $a \neq$ _____.

→ અહીં, અનન્ય ઉકેલ માટેની શરત,
$\frac{a_1}{a_2} \neq \frac{b_1}{b_2}$
$a_1 = 3, \quad a_2 = a, \quad b_1 = 2, \quad b_2 = 3$
$\frac{3}{a} \neq \frac{2}{3}$
$a \neq \frac{9}{2}$

✦ EXERCISE ✦

1) દ્વિચલ સુરેખ સમીકરણ યુગ્મને અનન્ય ઉકેલ હોવા માટેની શરત જણાવો.

(A) $\frac{a_1}{a_2} \neq \frac{b_1}{b_2}$ (B) $\frac{a_1}{a_2} = \frac{b_1}{b_2}$

(C) $\frac{b_1}{b_2} = \frac{c_1}{c_2}, \frac{a_1}{a_2} = \frac{b_1}{b_2}$ (D) $\frac{a_1}{a_2} \neq \frac{c_1}{c_2}, \frac{b_1}{b_2} \neq \frac{c_1}{c_2}$

2) સમીકરણ $\frac{x}{2} - \frac{y}{3} = 1$ ને પ્રમાણિત સ્વરૂપે _____ લખી શકાય.

(A) $2x - 3y - 6 = 0$ (B) $3x - 2y - 6 = 0$
(C) $3x - 2y = 1$ (D) $2x - 3y = 3$

3) દ્વિચલ સુરેખ સમીકરણનું વ્યાપક સ્વરૂપ _____ છે.

(A) $a_1x + b_1y + c_1 = 0$
(B) $a_2x + b_2y + c_2 = 0$
(C) $a_1x^2 + b_1y + c_1 = 0$
(D) A અને B બંને

4) સમીકરણ - યુગ્મ $x - 3y = 1$ અને $3x + y = 3$ નો ઉકેલ ગણ _____ છે.

(A) {(0, 1)} (B) {(1, 1)}
(C) {(1, 0)} (D) $\{(\frac{1}{3}, 0)\}$

5) આપેલ સમીકરણ $3x + 2y = 6$ અને $6x + 8y = 14$ છે, તો (x, y) ના કેટલાં મૂલ્ય (ઉકેલ) સંભવિત છે?

(A) 0 (B) 1
(C) 2 (D) અનંત

6) જો $2x + 3y = 7$ અને $3x + 2y = 3$ હોય, તો $x - y$ = ___ છે.

(A) 4 (B) -4
(C) 2 (D) -2

7) સમીકરણો $3x + y = 7$....(1) અને $-x + 2y = 2$....(2) માંથી x નો લોપ કરવા માટે સમીકરણ....(2) નો _____ વડે ગુણાકાર કરવો જોઈએ.

(A) 1 (B) 2
(C) 3 (D) -1

8) જો $y = \frac{1}{2}x$ અને $3x + 4y = 20$ હોય, તો x = _____

(A) 1 (B) 2
(C) 3 (D) 4

9) જો $x = 1$ અને $\frac{4}{x} + \frac{3}{y} = 5$ હોય, તો y = _____

(A) 1 (B) $\frac{1}{3}$
(C) 3 (D) -3

દ્વિઘાત સમીકરણ

✦ દ્વિઘાત સમીકરણ ✦

- જો બહુપદીય સમીકરણમાં બહુપદીની ઘાત 2 હોય, તો તેવા સમીકરણને દ્વિઘાત સમીકરણ કહેવાય.
- એમ માનવામાં આવે છે કે, બેબીલોન વાસીઓ આવા પ્રકારના પ્રશ્નોથી પરિચિત હતા. યુકિલડે પણ આવા સમીકરણોના ઉકેલ માટેની રીતોનો ઉલ્લેખ કર્યો છે. હિંદુ સંસ્કૃતિમાં બ્રહ્મગુપ્તે દ્વિઘાત સમીકરણને કેમ ઉકેલવા તેની રીતો આપેલી છે. શ્રીધર આચાર્યે દ્વિઘાત સમીકરણના ઉકેલની વ્યાપક રીત આપી છે.
- અલ ખ્વારીઝમી (800 A.D) ભારતની મુલાકાતે આવ્યા અને ભારતીય ગણિતનો અભ્યાસ કર્યો. તેમણે આ જ્ઞાન અત્યારે આપણે જેને મધ્ય-પૂર્વે કહીએ છીએ તે વિસ્તારમાં પ્રચલિત કર્યું.
- દ્વિઘાત સમીકરણ $P(x) = ax^2 + bx + c = 0$ જ્યાં $a \neq 0$, $a, b, c \in R$ નાં બીજ માટે વિવેચક $(D) = b^2 - 4ac$ થાય છે.
- $P(x)$ એ આપેલ બહુપદી છે, જો કોઇક $k \in R$ માટે $P(k) = 0$ થાય, તો k ને બહુપદી $P(x)$ નું એક શૂન્ય કહેવાય.
- $\frac{1+\sqrt{5}}{2}$ ને સુવર્ણ સંખ્યા કહે છે. ભૂમિતિમાં આ સંખ્યાને સુવર્ણ ગુણોત્તર કહેવામાં આવે છે. આ સંખ્યા ફિબોનાકી શ્રેણી સાથે સંકળાયેલ છે.
- દ્વિઘાત સમીકરણના ઉકેલોને તે સમીકરણનાં બીજ પણ કહે છે. કોઈ પણ દ્વિઘાત સમીકરણને વધુમાં વધુ બે બીજ કે શૂન્યો કે ઉકેલ હોય છે.
- દ્વિઘાત સમીકરણનું વ્યાપક સ્વરૂપ $ax^2 + bx + c = 0$ છે. જ્યાં $a \neq 0$, $a, b, c \in R$.
- વિવેચક $(D) = b^2 - 4ac$
  - જો $D < 0$ તો સમીકરણનો કોઈ વાસ્તવિક ઉકેલ મળે નહીં.
  - જો $D = 0$ તો સમીકરણનાં બીજ વાસ્તવિક અને સમાન મળે છે, જે પૂર્ણવર્ગ બહુપદી હોય.
  - જો $D > 0$ તો સમીકરણનાં બીજ વાસ્તવિક અને ભિન્ન હોય.
- શ્રીધર આચાર્યના સૂત્ર દ્વારા દ્વિઘાત સમીકરણનાં બીજ મેળવવા,
  - જો સમીકરણનાં બે બીજ $\propto$ અને β હોય, તો
  - $\propto = \frac{-b + \sqrt{D}}{2a}$, $\beta = \frac{-b - \sqrt{D}}{2a}$

Ex-1 : સમીકરણ $2x^2 - 4x + 5 = 0$ નો વિવેચક મેળવો.

(A) 24 (B) -24 (C) 56 (D) -56

→ $2x^2 - 4x + 5 = 0$

$a = 2, b = -4, c = 5$

→ વિવેચક $(D) = b^2 - 4ac$

$= (-4)^2 - 4(2)(5)$

$= 16 - 40$

$= -24$

→ **જવાબ : (B) -24**

Ex-2 : સમીકરણ $\sqrt{3}x^2 - 2x - \sqrt{3} = 0$ નો વિવેચક _____ છે.

(A) 16 (B) 8 (C) -16 (D) -8

→ $\sqrt{3}x^2 - 2x - \sqrt{3} = 0$

$a = \sqrt{3}, b = -2, c = -\sqrt{3}$

→ વિવેચક $(D) = b^2 - 4ac$

$= (-2)^2 - 4(\sqrt{3})(-\sqrt{3})$

$= 4 - (-12)$

$= 4 + 12$

$= 16$

→ **જવાબ : (A) 16**

Ex-3 : સમીકરણ $x^2 - 4x + k = 0$ નું એક બીજ 2 હોય તો k = _____.

(A) -4 (B) -2 (C) 4 (D) 3

→ $x^2 - 4x + k = 0$ નું એક બીજ 2 છે.

$\therefore P(2) = x^2 - 4x + k = 0$

$\therefore (2)^2 - 4(2) + k = 0$

$\therefore 4 - 8 + k = 0$

$\therefore -4 + k = 0$

$\therefore k = 4$

→ **જવાબ : (C) 4**

Ex-4 : જો સમીકરણ $x^2 - 3x - k = 0$ નાં વિવેચકનું મૂલ્ય 1 હોય, તો k = _____.

(A) -3 (B) -2 (C) 3 (D) 8

→ વિવેચક $(D) = 1, a = 1, b = -3, c = -k$

→ વિવેચક $(D) = b^2 - 4ac$

$1 = (-3)^2 - 4(1)(-k)$

$1 = 9 - (-4k)$

$1 - 9 = 4k$

$\therefore 4k = -8$

$k = \frac{-8}{4}$

$\therefore k = -2$

→ **જવાબ : (B) -2**

Ex-5 : $2x^2 - 7x + 3 = 0$ હોય, તો તેનો ઉકેલ મેળવો.

(A) $3, \frac{1}{2}$ (B) $-3, \frac{1}{2}$ (C) $2, \frac{3}{2}$ (D) 2, 3

રીત – I

→ $2x^2 - 7x + 3 = 0$

$2x^2 - 6x - x + 3 = 0$

WEBSANKUL

સમય, અંતર અને ઝડપ

✦ ઝડપ ✦

- કોઈ પણ વસ્તુ કે પદાર્થે એકમ સમયમાં કાપેલા અંતરને ઝડપ કહેવાય.
- ઝડપને 'કિમી/કલાક' તથા 'મીટર/સેકન્ડ' એકમમાં મપાય છે.
- ઝડપ = $\frac{\text{અંતર}}{\text{સમય}}$

✦ અંતર ✦

- કોઈ બે બિંદુ વચ્ચેના ગતિપથની કુલ લંબાઈ એટલે અંતર
- અંતર 'કિમી' અને 'મીટર' એકમમાં મપાય છે.
- અંતર = ઝડપ × સમય
- 1 કિમી = 1000 મીટર

✦ સમય ✦

- કોઈપણ કામ કરવા માટે લાગતી અવધિ એટલે સમય.
- સમયને 'કલાક', 'મિનિટ' કે 'સેકન્ડ'માં મપાય છે.
- સમય = $\frac{\text{અંતર}}{\text{ઝડપ}}$
- 1 મિનિટ = 60 સેકન્ડ
  1 કલાક = 60 મિનિટ
  1 કલાક = 3600 સેકન્ડ
- 1 કિમી./કલાક = $\frac{1000}{3600}$ મીટર/સેકન્ડ
  = $\frac{5}{18}$ મીટર/સેકન્ડ
- 1 મી./સેકન્ડ = $\frac{3600}{1000}$ કિમી./કલાક
  = $\frac{18}{5}$ કિમી./કલાક

Ex-1 : એક બસ 300 કિમીનું અંતર 3 કલાકમાં કાપે છે, તો તેની ઝડપ શોધો.
(A) 91 કિમી/કલાક (B) 100 કિમી/કલાક
(C) 97 કિમી/કલાક (D) 78 કિમી/કલાક

→ ઝડપ = $\frac{\text{અંતર}}{\text{સમય}}$
= $\frac{300}{3}$
= 100 કિમી/કલાક
→ **જવાબ : (B) 100 કિમી/કલાક**

Ex-2 : એક બસની ઝડપ 54 કિમી/કલાકની છે, તો તેની ઝડપ મીટર/સેકન્ડમાં શોધો.
(A) 14 મીટર/સેકન્ડ (B) 21 મીટર/સેકન્ડ
(C) 15 મીટર/સેકન્ડ (D) 27 મીટર/સેકન્ડ

→ 1 કિમી/કલાક → $\frac{1000}{3600}$ મીટર/સેકન્ડ
54 કિમી/કલાક → (?)
= 54 × $\frac{1000}{3600}$
= 15 મીટર/સેકન્ડ
→ **જવાબ : (C) 15 મીટર/સેકન્ડ**

Ex-3 : એક કારની ઝડપ 10 m/s છે, તો તેની ઝડપ કેટલા km/hr થાય?
(A) 36 km/hr (B) 32 km/hr
(C) 40 km/hr (D) 50 km/hr

→ 1 m/s → $\frac{3600}{1000}$ km/hr
10 m/s → (?)
= 10 × $\frac{3600}{1000}$
= 36 km/hr
→ **જવાબ : (A) 36 km/hr**

Ex-4 : એક વ્યક્તિ 2 મિનિટમાં 90 મીટર ચાલે છે. 225 મીટર ચાલવા માટે તેને કેટલી મિનિટ લાગશે?
(A) 3.5 મિનિટ (B) 5 મિનિટ
(C) 4.5 મિનિટ (D) 7 મિનિટ

→ ઝડપ = $\frac{\text{અંતર}}{\text{સમય}}$
= $\frac{90}{120}$ m/s
= $\frac{3}{4}$ m/s
→ હવે, સમય = $\frac{\text{અંતર}}{\text{ઝડપ}}$
= $\frac{225}{3/4}$
= $\frac{225\times4}{3}$
= 300 સેકન્ડ
= 5 મિનિટ

WEBSANKUL

✦ સરેરાશ ઝડપ ✦

➢ જ્યારે કોઇ વ્યક્તિ P બિંદુથી x km/hr ની ઝડપે Q બિંદુ તરફ જાય છે. તથા Q બિંદુથી P બિંદુ તરફ y km/hr ની ઝડપે જાય...

P $\xrightarrow[y \text{ km/hr}]{x \text{ km/hr}}$ Q

$\therefore$ સરેરાશ ઝડપ = $\frac{2xy}{x+y}$

➢ જ્યારે કોઇ વ્યક્તિ P બિંદુથી x km/hr ની ઝડપે Q બિંદુ તરફ જાય છે. તથા Q બિંદુથી y km/hr ની ઝડપે R બિંદુ તરફ જાય છે તથા R બિંદુથી z km/hr ઝડપે P બિંદુ તરફ જાય...



$\therefore$ સરેરાશ ઝડપ = $\frac{3xyz}{xy+yz+zx}$

Ex-14 : એક બસ ભાવનગરથી તળાજા 30 km/hr ની ઝડપે જાય છે, તથા બમણી ઝડપે તળાજાથી ભાવનગર પાછી ફરે છે. તો આ બસની સરેરાશ ઝડપ કેટલી?

(A) 35 km/hr **(B) 40 km/hr**
(C) 38 km/hr **(D) 42 km/hr**

રીત – 1



→ સરેરાશ ઝડપ = $\frac{2xy}{x+y}$

= $\frac{2\times30\times60}{90}$

= 40 km/hr

રીત – 2

→ ધારો કે, ભાવનગરથી તળાજા વચ્ચેનું અંતર x km છે.

$\therefore$ સરેરાશ ઝડપ = $\frac{\text{કુલ અંતર}}{\text{કુલ સમય}}$

= $\frac{x+x}{\frac{x}{30}+\frac{x}{60}}$ $\left(\because \text{સમય} = \frac{\text{અંતર}}{\text{ઝડપ}}\right)$

= $\frac{2x}{\frac{60x+30x}{1800}}$

= $\frac{2x\times1800}{90x}$

= 40 km/hr

રીત – 3

→ બે શહેર વચ્ચેનું અંતર ઝડપના લ.સા.અ. જેટલું લેતાં,



↓

2 + 1 = 3

$\therefore$ ઝડપ = $\frac{\text{કુલ અંતર}}{\text{સમય}}$

= $\frac{60+60}{3}$ = $\frac{120}{3}$

= 40 km/hr

→ **જવાબ : (B) 40 km/hr**

Ex-15 : સાક્ષી ઘરેથી ઑફિસે 10 km/hr ની ઝડપે, ઑફિસેથી રેલવે સ્ટેશન 60 km/hr ની ઝડપે તથા રેલવે સ્ટેશનથી ઘરે 12 km/hr ની ઝડપે જાય છે, તો તેની સરેરાશ ઝડપ કેટલી?

(A) 16 km/hr **(B) 15 km/hr**
(C) 25 km/hr **(D) 32 km/hr**

રીત – 1



$\therefore$ સરેરાશ ઝડપ = $\frac{3xyz}{xy+yz+zx}$

= $\frac{3\times10\times60\times12}{600+720+120}$

= $\frac{720\times30}{1440}$

= 15 km/hr

WEBSANKUL

રીત – 2

$\therefore$ સરેરાશ ઝડપ $= \frac{\text{કુલ અંતર}}{\text{કુલ સમય}}$

$= \frac{x+x+x}{\frac{x}{10}+\frac{x}{60}+\frac{x}{12}}$ ($\because$ સમય $= \frac{\text{અંતર}}{\text{ઝડપ}}$)

$= \frac{3x}{\frac{6x+x+5x}{60}}$

$= \frac{3x \times 60}{12x}$

$= 15$ km/hr

રીત – 3

$\rightarrow$ ઝડપનો લ.સા.અ. લેતાં,



$\therefore$ સરેરાશ ઝડપ $= \frac{60+60+60}{12}$

$= \frac{180}{12}$

$= 15$ km/hr

$\rightarrow$ **જવાબ : (B) 15 km/hr**

❖ **જ્યારે એક વ્યક્તિ બે ચોક્કસ સ્થાન વચ્ચેનું અંતર S_1 km/hr ની ઝડપે કાપે તો T_1 જેટલો મોડો પહોંચે છે, તથા S_2 km/hr ની ઝડપે કાપે તો T_2 જેટલો વહેલો પહોંચે છે, ત્યારે બંને સ્થાન વચ્ચેનું અંતર....**

$$\text{અંતર} = \frac{\text{ઝડપનો ગુણાકાર}}{\text{ઝડપનો તફાવત}} \times \text{સમયનો તફાવત}$$

- મોડો, વહેલો $\rightarrow$ સમયનો સરવાળો
- મોડો, મોડો $\rightarrow$ સમયની બાદબાકી
- વહેલો, વહેલો $\rightarrow$ સમયની બાદબાકી

Ex-16 : જો સોનિકા 7 km/hr ની ઝડપે ચાલે તો, તે શાળાએ 9 મિનિટ મોડી પહોંચે છે, પણ જો તે 8 km/hr ની ઝડપે ચાલે તો 6 મિનિટ વહેલા પહોંચે છે, તો શાળા ઘરથી કેટલી દૂર હશે?

(A) 14 km **(B) 21 km**
(C) 16 km **(D) 28 km**

રીત – 1

$\rightarrow$ ધારો કે, શાળા x km દૂર છે.

$\rightarrow$ સમયનો તફાવત લેતાં,

$t_1 - t_2 = T$

$\therefore \frac{x}{7} - \frac{x}{8} = 15$ ($\because$ મોડી, વહેલો હોવાથી 7 + 8)

$\therefore \frac{8x-7x}{56} = \frac{15}{60}$ ($\because$ 1 મિનિટ $= \frac{1}{60}$ કલાક)

$\therefore x = \frac{56 \times 15}{60}$

$\therefore x = 14$ km

રીત – 2

$\therefore$ અંતર $= \frac{\text{ઝડપનો ગુણાકાર}}{\text{ઝડપનો તફાવત}} \times$ સમયનો તફાવત

$\therefore$ અંતર $= \frac{S_1 \times S_2}{S_1 - S_2} \times T$

$= \frac{8 \times 7}{8-7} \times \frac{15}{60}$

$= \frac{56}{1} \times \frac{15}{60}$

$= 14$ km

રીત – 3

$\rightarrow$ કુલ અંતર ઝડપના લ.સા.અ. જેટલું લેતાં,



$\therefore$ 1 hr (60 મી) $\rightarrow$ 56 km

15 મી $\rightarrow$ (?)

$= \frac{15 \times 56}{60}$

$= 14$ km

$\rightarrow$ **જવાબ : (A) 14 km**

Ex-17 : એક ચોક્કસ સ્થળેથી દર 12 મિનિટના સમયાંતરે ગોળી છોડવામાં આવે છે. એક વ્યક્તિ પોતાની કાર લઈને તે જ દિશામાં ચોક્કસ ઝડપથી જઈ રહી છે. તે માણસ જુએ છે કે, જ્યારે તે પહેલો અવાજ સાંભળે તે જ સમયે બીજી ગોળી છોડવામાં આવે છે તથા 11 મિનિટ બાદ બીજો અવાજ સાંભળે છે. જો હવામાં ધ્વનિનો વેગ 330 m/s હોય, તો કારની ઝડપ શોધો.

(A) 108 km/hr **(B) 54 km/hr**
(C) 3 km/hr **(D) 48 km/hr**

WEBSANKUL

37 હોડી અને પ્રવાહ

✦ સ્થિર (શાંત) પાણી ✦

➢ જ્યારે પાણીની ઝડપ 0 km/hr હોય, તેને સ્થિર પાણી કે શાંત પાણી કહેવાય.

❖ **પ્રવાહની ઝડપ :** પાણી જ્યારે વહેતું હોય ત્યારે તે ચોક્કસ ઝડપથ વહેતું હોય છે, જેને પ્રવાહની ઝડપ કહેવાય.

❖ **સ્થિર (શાંત) પાણીમાં,**
હોડીની ઝડપ = B km/hr (∴ B = Boat)
પ્રવાહની ઝડપ = W km/hr (∴ W = Water)

❖ **હોડીની પ્રવાહની દિશામાં ઝડપ = B + W**
(અનુકૂળ / અનુપ્રવાહ)
(Down Stream Speed)



❖ **પ્રવાહની વિરુદ્ધ દિશામાં હોડીની ઝડપ = B − W**
(પ્રતિકૂળ / ઊર્ધ્વપ્રવાહ)
(UP Stream Speed)



Ex-1 : સ્થિર પાણીમાં એક હોડીની ઝડપ 18 km/hr છે. તથા પ્રવાહની ઝડપ 4 km/hr છે, તો પ્રવાહની દિશામાં હોડીની ઝડપ કેટલી?
(A) 14 km/hr **(B) 22 km/hr**
(C) 25 km/hr **(D) 30 km/hr**

→ અહીં, B = 18 km/hr
W = 4 km/hr

→ પ્રવાહની દિશામાં હોડીની ઝડપ (DSS) = B + W
= 18 + 4
= 22 km/hr

→ **જવાબ : (B) 22 km/hr**

Ex-2 : સ્થિર પાણીમાં એક હોડીની ઝડપ 10 km/hr છે. તથા પ્રવાહની ઝડપ 3 km/hr છે, તો પ્રવાહની વિરુદ્ધ દિશામાં હોડીની ઝડપ શોધો.
(A) 7 km/hr **(B) 5 km/hr**
(C) 10 km/hr **(D) 12 km/hr**

→ અહીં, B = 10 km/hr
W = 3 km/hr

→ પ્રવાહની વિરુદ્ધ દિશામાં હોડીની ઝડપ (USS) = B − W
= 10 − 3
= 7 km/hr

→ **જવાબ : (A) 7 km/hr**

Ex-3 : એક વ્યક્તિ સ્થિર પાણીમાં 5 m/s ઝડપથી તરે છે. તથા પ્રવાહની ઝડપ 2 km/hr છે, તો પ્રવાહની વિરુદ્ધ દિશામાં વ્યક્તિની ઝડપ શોધો.
(A) 12 km/hr **(B) 16 km/hr**
(C) 15 km/hr **(D) 18 km/hr**

→ વ્યક્તિની ઝડપ (B) = 5 m/s
$= 5 \times \frac{3600}{1000}$
= 18 km/hr

→ પ્રવાહની ઝડપ (W) = 2 km/hr
∴ પ્રવાહની વિરુદ્ધ દિશામાં ઝડપ (USS) = B − W
= 18 − 2
= 16 km/hr

→ **જવાબ : (B) 16 km/hr**

Ex-4 : એક હોડીની ઝડપ સ્થિર પાણીમાં 10 km/hr છે. તથા પ્રવાહની ઝડપ હોડીની ઝડપથી 20% ઓછી છે, તો પ્રવાહની દિશામાં હોડીની ઝડપ કેટલી?
(A) 12 km/hr **(B) 18 km/hr**
(C) 15 km/hr **(D) 20 km/hr**

→ અહીં, B = 10 km/hr
W = B ના 20% જેટલી ઓછી
$= 10 \times \frac{20}{100}$
= 2 km/hr જેટલી ઓછી
= 8 km/hr

→ પ્રવાહની દિશામાં હોડીની ઝડપ (DSS) = B + W
= 10 + 8
= 18 km/hr

→ **જવાબ : (B) 18 km/hr**

ક્રમચય અને સંચય

- સામાન્ય રીતે, દરેક સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં આ પ્રકરણમાંથી કોયડા આધારિત પ્રશ્ન અચૂક પૂછાય છે.
- આવા પ્રશ્નોમાં, અમૂક વસ્તુઓને અલગ-અલગ કેટલી રીતે ગોઠવી શકાય? તથા આપેલ વસ્તુઓમાંથી અમૂક વસ્તુઓની પસંદગી કઇ રીતે કરી શકાય? વગેરે બાબતો પૂછવામાં આવે છે.
- આમ, આવા તર્ક આધારિત પ્રશ્નોને સરળતાથી ઉકેલવા આપણે ક્રમચય અને સંચય સમજીશું.

✦ ક્રમચય (Permutations) ✦

- જ્યારે n ભિન્ન (જુદી-જુદી) વસ્તુઓ આપેલી હોય ત્યારે તેમાંથી r ભિન્ન વસ્તુઓને r સ્થાનમાં ગોઠવવાની હોય, તો આવી પ્રત્યેક ગોઠવણીને ક્રમચય કહેવાય.
- સામાન્ય રીતે ક્રમચય એટલે વસ્તુઓની ગોઠવણીનો પ્રકાર.
- સંકેત : npr અથવા ${}^{n}P_{r}$

✦ ફેક્ટોરીયલ (Factorial) ✦

- ફેક્ટોરીયલ એટલે ક્રમગુણિત....
- સંકેત : ! અથવા ⌊
- n ! એટલે 1 થી શરૂ કરીને n સુધીની તમામ પ્રાકૃતિક સંખ્યાઓનો ગુણાકાર.

  દા.ત; $0! = 1$

  $1! = 1$

  $2! = 2 \times 1 = 2$

  $3! = 3 \times 2 \times 1 = 6$

  $4! = 4 \times 3 \times 2 \times 1 = 24$

  $5! = 5 \times 4 \times 3 \times 2 \times 1 = 120$

  $6! = 6 \times 5 \times 4 \times 3 \times 2 \times 1 = 720$

❖ **યાદ રાખો :**

1) ${}^{n}P_{r} = \frac{n!}{(n-r)!}$

2) ${}^{n}P_{r} = n \times (n-1) \times (n-2) \times .... \times (n-r+1)$

3) ${}^{n}P_{n} = n!$

4) ${}^{n}P_{1} = n$

5) ${}^{n}P_{0} = 1$

6) $0! = 1$

7) ${}^{n}P_{n-1} = n!$

8) 'અને' શબ્દનો અર્થ 'ગુણાકાર' સમજવો.

9) 'અથવા' શબ્દનો અર્થ 'સરવાળો' સમજવો.

Ex-1 : ${}^{9}P_{4}$ = _____ થાય.

(A) 4035 (B) 3024 (C) 3820 (D) 3645

→ ${}^{n}P_{r} = \frac{n!}{(n-r)!}$

$\therefore {}^{9}P_{4} = \frac{9!}{(9-4)!}$

$= \frac{9!}{5!}$

$= \frac{9 \times 8 \times 7 \times 6 \times 5!}{5!}$

$= 9 \times 8 \times 7 \times 6$

$= 3024$

→ **જવાબ : (B) 3024**

Ex-2 : મૂલ્ય શોધો : ${}^{8}P_{5}$

(A) 6720 (B) 5040 (C) 7230 (D) 6870

→ ${}^{n}P_{r} = \frac{n!}{(n-r)!}$

$= \frac{8!}{(8-5)!}$

$= \frac{8!}{3!}$

$= \frac{8 \times 7 \times 6 \times 5 \times 4 \times 3!}{3!}$

$= 8 \times 7 \times 6 \times 5 \times 4$

$= 6720$

→ **જવાબ : (A) 6720**

Ex-3 : ${}^{3}P_{2} + {}^{3}P_{3}$ = _____

(A) 8 (B) 12 (C) 16 (D) 24

→ $= {}^{n}P_{r} + {}^{n}P_{n}$

$= \frac{3!}{(3-2)!} + 3! \quad (\because {}^{n}P_{n} = n!)$

$= \frac{3!}{1!} + 3!$

WEBSANKUL

$$= \frac{5!}{(5-3)!}$$

$$= \frac{5!}{2!}$$

$$= \frac{5\times4\times3\times2!}{2!}$$

$$= 5 \times 4 \times 3 = 60$$

→ **જવાબ = (D) 60**

Ex-12 : ચાર અંકો 1, 2, 3 અને 4 નો ઉપયોગ કરીને 3 અંકોવાળી કેટલી નંબર પ્લેટ બનાવી શકાય?

(A) 12 (B) 24 (C) 48 (D) 60

→ 4 અંકોનો ઉપયોગ કરીને 3 અંકવાળી નંબર પ્લેટ બનાવવા,

$$^{n}P_{r} = {}^{4}P_{3}$$

$$= \frac{4!}{(4-3)!}$$

$$= \frac{4!}{1!}$$

$$= 4 \times 3 \times 2 \times 1 = 24$$

→ **જવાબ = (B) 24**

✦ સંચય (Combinations) ✦

→ આપેલી n ભિન્ન વસ્તુઓમાંથી અમુક (r) કે બધી વસ્તુઓને પસંદ કરીને બનાવવામાં આવેલ ગ્રુપ એટલે સંચય.

→ સામાન્ય રીતે, સંચય એટલે પસંદગીનો પ્રકાર.

→ આમ, n જુદી-જુદી વસ્તુઓમાંથી r વસ્તુઓ પસંદ કરવાના પ્રકારને સંકેતમાં $^{n}C_{r}$ અથવા $\binom{n}{r}$ વડે દર્શાવાય.

❖ **યાદ રાખો :**

- $^{n}C_{r} = \frac{^{n}P_{r}}{r!}$
- $^{n}P_{r} = {}^{n}C_{r} \times r!$
- $^{n}C_{r} = \frac{n!}{(n-r)!\times r!}$
- $^{n}C_{n} = 1$
- $^{n}C_{0} = 1$
- $^{n}C_{1} = n$
- $^{n}C_{n-1} = n$
- $^{n}C_{r} = {}^{n}C_{n-r}$
- $^{n}C_{r-1} + {}^{n}C_{r} = {}^{n+1}C_{r}$
- $^{n}C_{P} = {}^{n}C_{q}$ **માટે,**

  P + q = n અથવા P = q થાય.

> - 'અને' શબ્દનો અર્થ ગુણાકાર સમજવો.
> - 'અથવા' શબ્દનો અર્થ સરવાળો સમજવો.

Ex-1 : $^{9}C_{4}$ = _____

(A) 45 (B) 56 (C) 126 (D) 212

→ $^{n}C_{r} = \frac{n!}{(n-r)!\times r!}$

$$\therefore {}^{9}C_{4} = \frac{9!}{(9-4)!\times4!}$$

$$= \frac{9!}{5!\times4!}$$

$$= \frac{9\times8\times7\times6\times5!}{5!\times4\times3\times2\times1}$$

$$= 126$$

☺ **જો બકા ! આવા પ્રશ્નોમાં સૂત્રમાં નય પડવાનું !!!**

→ નીચે (r) જેટલા અંક આપ્યા હોય એટલા અંક ઉપરના અંક (n) ને ઉતરતા ક્રમમાં લખવા અને ગુણાકાર કરવો.

→ નીચે (r) અંકને પણ એક (1) સુધી ઉતરતા ક્રમમાં લખવો.

$$\therefore {}^{9}C_{4} = \frac{9\times8\times7\times6}{4\times3\times2\times1}$$

$$= 126$$

→ **જવાબ : (C) 126**

Ex-2 : $\left({}^{10}C_{4} + {}^{10}C_{5}\right)$ **ની કિંમત શોધો.**

(A) 462 (B) 465 (C) 466 (D) 469

$$= {}^{10}C_{4} + {}^{10}C_{5}$$

$$= \frac{10\times9\times8\times7}{4\times3\times2\times1} + \frac{10\times9\times8\times7\times6}{5\times4\times3\times2\times1}$$

$$= 210 + 252$$

$$= 462$$

→ **જવાબ : (A) 462**

39 સંભાવના

- સંભાવના એટલે શકયતા.
- કોઈપણ ઘટના બનવા અંગેની શકયતા કે અનુમાનને આંકડાકીય કે સંખ્યાત્મકરૂપે દર્શાવવાની પદ્ધતિ એટલે સંભાવના

$$\text{સંભાવના} = \frac{\text{શક્ય પરિણામ}}{\text{કુલ પરિણામ}}$$

✦ સંભાવના અંગેના મહત્વપૂર્ણ તથ્યો ✦

- સંભાવનાનું મૂલ્ય $\Longrightarrow 0 \leq P(E) \leq 1$
  - સંભાવનાનું મૂલ્ય 0 કે તેના કરતાં વધારે પરંતુ 1 કે તેના કરતાં ઓછું હોય છે.
- ચોક્કસ ઘટનાઓની સંભાવના હંમેશા 1 થાય.

  દા.ત.
  - સૂર્ય પૂર્વમાં ઊગે છે.
  - ઝાડ પરથી છૂટું પડેલ ફળ જમીન પર પડશે.
  - જન્મ લેનાર દરેક માનવ મૃત્યુ પામશે.
- અશકય ઘટનાઓની સંભાવના હંમેશા 0 થાય.

  દા.ત.
  - સૂર્ય પશ્ચિમમાં ઊગે છે.
  - તમારા હાથમાં રહેલ પ્રશ્નપત્રમાં 100 માંથી 101 ગુણ આવવા.
  - સોમવાર પછીનો તરતનો દિવસ ગુરુવાર હોય.
  - એક સમતોલ સિક્કો ઉછાળતા ઉપરની બાજુએ કાટ અને છાપ બંને મળે.
- ઘટકોની સંભાવનાનો સરવાળો હંમેશા 1 થાય.

$$\boxed{P(A) + P(A') = 1}$$

- કોઈ ઘટના A ઉદ્ભવે તેની સંભાવના P (A) અને ઘટના A ન ઉદ્ભવે તેની સંભાવના P (A') કે $P(\overline{A})$ વડે દર્શાવાય.
- ઈ.સ. 1654માં જુગારના વિવાદને કારણે બે પ્રખ્યાત ફ્રેન્ચ ગણિતશાસ્ત્રી બ્લેઇઝ પાસ્કલ અને પિયર ડી ફર્મેટ દ્વારા સંભાવનાના ગાણિતિક સિધ્ધાંતની રચના થઇ.

Ex-1 : તમારા હાથમાં રહેલા પ્રશ્નપત્રમાં 50 માંથી 51 ગુણ આવવાની સંભાવના કેટલી?

(A) 0 (B) 1 (C) $\frac{1}{50}$ (D) $\frac{1}{51}$

→ અહીં, પ્રશ્નપત્રમાં 50 માંથી 51 ગુણ આવવા એ અશકય ઘટના છે તેથી સંભાવના = 0

→ **જવાબ : (A) 0**

Ex-2 :'સૂર્ય પશ્ચિમમાં આથમે છે' – આ ઘટનાની સંભાવના કેટલી થાય?

(A) 0 (B) 1 (C) 0.5 (D) 2

→ અહીં, 'સૂર્ય પશ્ચિમમાં આથમે છે' એ એક ચોક્કસ ઘટના છે. તેથ સંભાવના = 1

→ **જવાબ : (B) 1**

Ex-3 : 50 ગુણના પેપરમાં 35 ગુણ મેળવવાની સંભાવના કેટલી?

(A) $\frac{1}{50}$ (B) $\frac{35}{50}$ (C) $\frac{1}{51}$ (D) $\frac{35}{51}$

→ અહીં, 50 ગુણમાંથી 35 આવવાએ 1 પરિણામ થાય.

→ પરંતુ 50 ગુણમાંથી 0, 1, 2, 3, 4, ...,49, 50 ગુણ આવી શકે, એટલે કુલ પરિણામ 51 મળે.

$$\therefore \text{સંભાવના} = \frac{\text{શક્ય પરિણામ}}{\text{કુલ પરિણામ}}$$

$$= \frac{1}{51}$$

→ **જવાબ : (C) $\frac{1}{51}$**

Ex-4 : જો P (A) = 0.36 હોય, તો P (A') = _____ થાય.

(A) 0.6 (B) 0.18 (C) 0.72 (D) 0.64

→ P (A) અને P (A') બંને પૂરક ઘટકો છે.

$\therefore P(A) + P(A') = 1$

$\therefore P(A') = 1 - P(A)$

$\therefore P(A') = 1 - 0.36$

$\therefore P(A') = 0.64$

→ **જવાબ : (D) 0.64**

Ex-5 : બે ખેલાડીઓ, સંગીતા અને રેશ્મા ટેનિસ મેચ રમે છે. સંગીતા મેચ જીતે તેની સંભાવના 0.62 આપેલ છે, તો રેશ્મા મેચ જીતે તેની સંભાવના _____ થાય.

(A) 0.32 (B) 0.48 (C) 0.38 (D) 0.62

→ અહીં, બંને ઘટના પૂરક છે.

$\therefore P(A) + P(A') = 1$ થાય.

→ રેશ્મા મેચ જીતે તેની સંભાવના = 1 – 0.62

= 0.38

→ **જવાબ : (C) 0.38**

Ex-6 : 1 થી 20 સુધીના અંકોમાંથી પસંદ થયેલ અંક અવિભાજય હોય, તેની સંભાવના કેટલી હોય?

(A) $\frac{2}{5}$ (B) $\frac{3}{5}$ (C) $\frac{1}{20}$ (D) $\frac{4}{21}$

→ 1 થી 20 સુધીમાં આવતી અવિભાજય સંખ્યા :- 2, 3, 5, 7, 11, 13, 17, 19 (કુલ 8 શક્ય પરિણામ)

$$\therefore \text{સંભાવના} = \frac{\text{શક્ય પરિણામ}}{\text{કુલ પરિણામ}}$$

$$= \frac{8}{20}$$

$$= \frac{2}{5}$$

→ **જવાબ : (A) $\frac{2}{5}$**

WEBSANKUL

✦ પરિમિતિ ✦

➢ કોઈ પણ આકૃતિના ક્ષેત્રનો ઘેરાવો કરતી રેખા કે રેખાખંડોની કુલ લંબાઈને તેની પરિમિતિ કહે છે.

- દા.ત.; ચોરસની પરિમિતિ



∴ પરિમિતિ = $l + l + l + l$

= $4l$

✦ ક્ષેત્રફળ ✦

➢ કોઈ પણ આકૃતિ દ્વારા એક જ સમતલમાં ઘેરાયેલા ક્ષેત્રને તેનું ક્ષેત્રફળ કહે છે.

➢ સામાન્ય રીતે, દ્વિપરિમાણવીય આકૃતિએ સમતલમાં રોકેલી જગ્યાના માપને ક્ષેત્રફળ કહે છે.

- દા.ત.; ચોરસનું ક્ષેત્રફળ



∴ ક્ષેત્રફળ = લંબાઈ × લંબાઈ

= $l \times l$

= l^2

➢ ક્ષેત્રફળનો એકમ ચોરસ સેમી, સેમી^{2}, ચોરસ મીટર, મીટર^2 વગેરે છે.

➢ લંબચોરસનું ક્ષેત્રફળ = લંબાઈ × પહોળાઈ

= $l \times b$

= lb



✦ ઘનફળ ✦

➢ કોઈપણ આકૃતિની લંબાઈ, પહોળાઈ અને ઊંચાઈ વડે ઘેરાયેલા કદને ઘનફળ કહે છે.

➢ સામાન્ય રીતે, ત્રિપરિમાણવીય આકૃતિએ અવકાશમાં રોકેલી જગ્યાના માપને ઘનફળ કહે છે.

➢ ઘનફળના એકમ ઘનસેમી, સેમી^{3}, ઘનમીટર, મીટર^3 છે.

- દા.ત.; નળાકારનું ઘનફળ



➢ નળાકારનું ઘનફળ = લંબાઈ × પહોળાઈ × ઊંચાઈ

= ક્ષેત્રફળ × ઊંચાઈ

= $\pi r^2 \times h$

= $\pi r^2 h$

ચોરસ

✦ ચોરસ ✦

➢ ચાર સમાન લંબાઈની બાજુઓથી બનતી બંધ આકૃતિ કે જેના દરેક ખૂણાનાં માપ 90° હોય, તેને ચોરસ કહે છે.



જ્યાં, l = બાજુની લંબાઈ
d = વિકર્ણ

➢ સામસામેનાં શિરોબિંદુને જોડતો રેખાખંડ એટલે વિકર્ણ.

➢ ચોરસના વિકર્ણો સમાન હોય, તેમજ પરસ્પર એકબીજાને કાટખૂણે દુભાગે છે.

➢ ચોરસના વિકર્ણો ખૂણાના દ્વિભાજક હોય છે.

ચોરસની પરિમિતિ = $l + l + l + l$
$= 4l$

ચોરસનું ક્ષેત્રફળ = લંબાઈ × લંબાઈ
$= l \times l$
$= l^2$

ચોરસનો વિકર્ણ ⇒ પાયથાગોરસના પ્રમેય મુજબ,

$\therefore d^2 = l^2 + l^2$

$\therefore d^2 = 2l^2$

$\therefore d = \sqrt{2}\, l$

➢ વિકર્ણ અને ક્ષેત્રફળ વચ્ચેનો સંબંધ દર્શાવતું સૂત્ર,

$\therefore$ ક્ષેત્રફળ = $\frac{1}{2} \times$ (વિકર્ણ)^2

Ex-1 : ચોરસની પરિમિતિ 40 મીટર છે, તો તેની બાજુની લંબાઈ કેટલી હશે?

(A) 10 મીટર **(B) 20 મીટર**
(C) 30 મીટર **(D) 25 મીટર**

→ ચોરસની પરિમિતિ = $4l$

$\therefore 40 = 4l$

$\therefore l = \frac{40}{4}$

$\therefore l$ = 10 મીટર

આમ, ચોરસની બાજુની લંબાઈ 10 મીટર હોય.

→ **જવાબ : (A) 10 મીટર**

Ex-2 : એક ચોરસની બાજુની લંબાઈ 1.3 એકમ હોય, તો તેની પરિમિતિ _____ એકમ થાય.

(A) 10.2 એકમ **(B) 7.29 એકમ**
(C) 5.2 એકમ **(D) 5.6 એકમ**

→ ચોરસની પરિમિતિ = $4l$
$= 4(1.3)$
$= 5.2$ એકમ

આમ, ચોરસની પરિમિતિ 5.2 એકમ થાય.

→ **જવાબ : (C) 5.2 એકમ**

Ex-3 : એક ચોરસની પરિમિતિ 100 મીટર હોય, તો તેનું ક્ષેત્રફળ કેટલું થાય?

(A) 100 ચો.મી. **(B) 265 ચો.મી.**
(C) 625 ચો.મી. **(D) 1000 ચો.મી.**

→ ચોરસની પરિમિતિ = $4l$

$\therefore 100 = 4l$

$\therefore l = \frac{100}{4}$

$\therefore l$ = 25 મીટર

→ હવે, ચોરસનું ક્ષેત્રફળ = l^2
$= (25)^2$
$= 625$ ચો.મીટર

આમ, ચોરસનું ક્ષેત્રફળ 625 ચો.મી. થાય.

→ **જવાબ : (C) 625 ચો.મી.**

Ex-4 : ચોરસના વિકર્ણનું માપ $8\sqrt{2}$ cm છે, તો ચોરસની પરિમિતિ = _____

(A) 32 cm **(B) 128 cm**
(C) $32\sqrt{2}$ cm **(D) 64 cm**

→ ચોરસનો વિકર્ણ (d) = $\sqrt{2}\, l$

$\therefore 8\sqrt{2} = \sqrt{2}\, l$

$\therefore l = \frac{8\sqrt{2}}{\sqrt{2}}$

$\therefore l = 8$ cm

→ હવે, ચોરસની પરિમિતિ = $4l$
$= 4(8)$
$= 32$ cm

આમ, આ ચોરસની પરિમિતિ 32 cm થાય.

→ **જવાબ : (A) 32 cm**

Ex-5 : એક ચોરસની બધી બાજુઓને ⊙(0,7) અંદરથી સ્પર્શે છે. તો તે ચોરસની પરિમિતિ _____ થાય.

(A) 10 **(B) 56**
(C) 120 **(D) 40**

→ અહીં, ચોરસની બધી બાજુઓને ⊙(0,7) અંદરથી સ્પર્શે છે.

WEBSANKUL

42 ત્રિકોણ

- ત્રણ અસમરેખ બિંદુઓ દ્વારા નિશ્ચિત થતાં રેખાખંડોના યોગ ગણને 'ત્રિકોણ' કહેવાય.
- સામાન્ય રીતે, ત્રણ બાજુઓથી બનતી બંધ આકૃતિને 'ત્રિકોણ' કહે છે.
- ત્રિકોણનાં ત્રણેય ખૂણાના માપનો સરવાળો 180° થાય.

✦ ત્રિકોણના પ્રકાર ✦

(A) <u>કાટકોણ ત્રિકોણ</u> :-

- જે ત્રિકોણમાં એક ખૂણો કાટખૂણો (90°) હોય અને બાકીના બંને ખૂણાઓ લઘુકોણ હોય, તેને કાટકોણ ત્રિકોણ કહે છે.



- પરિમિતિ = AB + BC + AC
- ક્ષેત્રફળ = $\frac{1}{2}$ × પાયો × વેધ

(B) <u>સમબાજુ ત્રિકોણ</u> :-

- જે ત્રિકોણની ત્રણેય બાજુનાં માપ સમાન હોય, તેને સમબાજુ ત્રિકોણ કહે છે.



- પરિમિતિ = a + a + a
  = 3a
- ક્ષેત્રફળ = $\frac{\sqrt{3}}{4}a^2$
- પરિવૃત્તની ત્રિજ્યા (R) = $\frac{a}{\sqrt{3}}$
- અંતઃવૃત્તની ત્રિજ્યા (r) = $\frac{a}{2\sqrt{3}}$

(C) <u>સમદ્વિબાજુ ત્રિકોણ</u> :-

- જે ત્રિકોણની કોઈપણ બે બાજુનાં માપ સમાન હોય, તેને સમદ્વિબાજુ ત્રિકોણ કહેવાય.



- પરિમિતિ = a + a + b
  = 2a + b
- ક્ષેત્રફળ = $\frac{b}{4}\sqrt{4a^2 - b^2}$
- ઊંચાઈ (h) = $\frac{\sqrt{4a^2 - b^2}}{2}$

(D) <u>સમદ્વિબાજુ કાટકોણ ત્રિકોણ</u> :-

- જે ત્રિકોણની કોઈ બે બાજુનાં માપ સમાન હોય અને એક ખૂણો કાટકોણ (90°) હોય, તે ત્રિકોણને સમદ્વિબાજુ કાટકોણ ત્રિકોણ કહેવાય.



- પરિમિતિ = a + a + b
  = 2a + b
- ક્ષેત્રફળ = $\frac{1}{2}a^2$
- h (કર્ણ) = $a\sqrt{2}$

(E) <u>વિષમબાજુ ત્રિકોણ</u> :-

- જે ત્રિકોણની ત્રણેય બાજુનાં માપ અસમાન (જુદાં-જુદાં) હોય, તેને વિષમબાજુ ત્રિકોણ કહે છે.



- ક્ષેત્રફળ = $\sqrt{s\,(s-a)\,(s-b)(s-c)}$

  જ્યાં, S = અર્ધપરિમિતિ

  S = $\frac{a+b+c}{2}$

- આ સૂત્ર 'હેરોન' નામના ગણિતજ્ઞએ આપ્યું હોવાથી તે હેરોનના સૂત્ર તરીકે પણ ઓળખાય.

17) કોઈ ત્રિકોણની બાજુઓનાં માપ અનુક્રમે 9 cm, 10 cm અને 11 cm છે. તો આ ત્રિકોણનું ક્ષેત્રફળ કેટલું થાય?
(A) 30 સેમી^{2} (B) 60 સેમી^{2}
(C) $30\sqrt{2}$ સેમી^{2} (D) $60\sqrt{2}$ સેમી^{2}

18) એક ત્રિકોણાકાર ખેતરની ત્રણ બાજુઓનાં માપ અનુક્રમે 15 મીટર, 20 મીટર અને 25 મીટર છે. આ ખેતરમાં 5 ₹/મીટર^2 ના દરે બીજ રોપવામાં આવે, તો કુલ ખર્ચ કેટલો થાય?
(A) 750 ₹. (B) 150 ₹. (C) 300 ₹. (D) 600 ₹.

19) એક સમબાજુ ત્રિકોણનું ક્ષેત્રફળ a તથા ઊંચાઈ b હોય, તો $\frac{b^2}{a}$ નું મૂલ્ય શોધો.
(A) 3 (B) $\frac{1}{3}$ (C) $\sqrt{3}$ (D) $\frac{1}{\sqrt{3}}$

20) એક સમબાજુ ત્રિકોણનું ક્ષેત્રફળ $48\sqrt{3}$ સેમી^{2}. છે, તો તેની બાજુનું માપ શોધો.
(A) $4\sqrt{3}$ સેમી (B) $8\sqrt{3}$ સેમી
(C) 16 સેમી (D) $\sqrt{8} \times 4$ સેમી

21) એક ત્રિકોણની પરિમિતિ 54 મીટર છે તથા તેની બાજુઓ 5:6:7 ના ગુણોત્તરમાં છે. તો આ ત્રિકોણનું ક્ષેત્રફળ શોધો.
(A) 18 મીટર^2 (B) $54\sqrt{6}$ મીટર^2
(C) $27\sqrt{2}$ મીટર^2 (D) 25 મીટર^2

22) B આધાર ધરાવતા ત્રિકોણની ઊંચાઈ આધાર કરતાં બમણી છે, તો ત્રિકોણનું ક્ષેત્રફળ કેટલું થાય?
(A) $\frac{1}{2}$ B^2 (B) B^2 (C) 2B^2 (D) 4B^2

23) જો કોઈ ત્રિકોણની ઊંચાઈમાં 20% નો વધારો અને તેના પાયાની લંબાઈમાં 30% નો વધારો કરવામાં આવે, તો તેના ક્ષેત્રફળમાં કેટલા ટકાનો વધારો થાય?
(A) 36 % (B) 56 % (C) 50 % (D) 62 %

24) એક ત્રિકોણની ઊંચાઈ 40% ઘટાડવામાં આવે તથા પાયાની લંબાઈ 40% વધારવામાં આવે, તો તેના ક્ષેત્રફળમાં શું ફેરફાર થાય?
(A) 8 % ઘટાડો (B) 16 % વધારો
(C) 16 % ઘટાડો (D) કંઈ ફેરફાર ન થાય.

25) એક ત્રિકોણની બાજુઓ $\frac{1}{2} : \frac{1}{3} : \frac{1}{4}$ ના ગુણોત્તરમાં છે તથા તેની પરિમિતિ 52 સેમી. છે, તો આ ત્રિકોણની સૌથી નાની બાજુનું માપ શોધો.
(A) 9 સેમી (B) 10 સેમી (C) 11 સેમી (D) 12 સેમી

26) એક ત્રિકોણની બાજુઓનાં માપ 3:4:5 ના પ્રમાણમાં છે તથા તેનું ક્ષેત્રફળ 216 સેમી^{2} હોય, તો ત્રિકોણની પરિમિતિ કેટલી થાય.
(A) 24 સેમી (B) 36 સેમી (C) 48 સેમી (D) 72 સેમી

27) એક સમબાજુ ત્રિકોણની દરેક બાજુનાં માપના 20% નો ઘટાડો કરવામાં આવે, તો તેના ક્ષેત્રફળમાં કેટલા ટકાનો ઘટાડો થાય?
(A) 36 % (B) 40 % (C) 60 % (D) 64 %

28) એક વિષમબાજુ ત્રિકોણની ત્રણે બાજુઓનાં માપ બમણાં કરવામાં આવે તો નવા ત્રિકોણનું ક્ષેત્રફળ, જૂના ત્રિકોણના ક્ષેત્રફળનું K ગણું થાય, તો K = _____
(A) $\sqrt{2}$ (B) 2 (C) 3 (D) 4

29) જો કોઈ ત્રિકોણનું ક્ષેત્રફળ 130 મીટર^2 તથા અંતઃત્રિજ્યા 6.5 મીટર હોય, તો આ ત્રિકોણની પરિમિતિ શોધો.
(A) 20 મીટર (B) 10 મીટર (C) 40 મીટર (D) 30 મીટર

30) એક સમબાજુ ત્રિકોણનું ક્ષેત્રફળ $100\sqrt{3}$ મીટર^2 છે, તો આ ત્રિકોણની પરિમિતિ કેટલી હોય?
(A) 20 મીટર (B) 40 મીટર (C) 60 મીટર (D) 80 મીટર

31) એક ત્રિકોણની પરિમિતિ 32 cm તથા એક બાજુનું માપ 11 cm છે. જો બાકીની બે બાજુઓનાં માપનો તફાવત 5 cm હોય, તો આ ત્રિકોણનું ક્ષેત્રફળ શોધો.
(A) $8\sqrt{30}$ cm^2 (B) $30\sqrt{8}$ cm^2
(C) $75\sqrt{3}$ cm^2 (D) એકપણ નહીં

32) એક અર્ધવર્તુળની ત્રિજ્યા x એકમ છે. તો આ અર્ધવર્તુળની અંદર બનતા મહત્તમ (મોટા) ત્રિકોણનું ક્ષેત્રફળ શોધો.
(A) $\frac{1}{x}$ (B) x^2 (C) $2x$ (D) $\frac{1}{2}x^2$

33) એક સમદ્વિબાજુ ત્રિકોણનો પાયો તથા બીજી બે બાજુનાં માપ અનુક્રમે 10 સેમી તથા 13 સેમી છે. તો આ ત્રિકોણનું ક્ષેત્રફળ _____ અને પરિમિતિ _____ થાય.
(A) 30 સેમી^{2}, 24 સેમી (B) 60 સેમી^{2}, 30 સેમી
(C) 60 સેમી^{2}, 36 સેમી (D) 38 સેમી^{2}, 32 સેમી

34) એક ત્રિકોણાકાર મેદાનની બે બાજુઓ અનુક્રમે 85 મીટર અને 154 મીટર છે તથા તેની પરિમિતિ 324 મીટર છે. જો આ મેદાનને સાફ કરવાનો ખર્ચ ₹. 5/મીટર^2 હોય, તો કુલ ખર્ચ કેટલો થાય?
(A) ₹. 12,680 (B) ₹. 13,860
(C) ₹. 18,360 (D) ₹. 12,320

✦ ANSWER KEY ✦

(1) C	(10) C	(19) C	(28) D
(2) A	(11) C	(20) B	(29) C
(3) B	(12) C	(21) B	(30) C
(4) D	(13) D	(22) B	(31) A
(5) A	(14) B	(23) B	(32) B
(6) B	(15) B	(24) C	(33) C
(7) C	(16) C	(25) D	(34) B
(8) B	(17) C	(26) D	
(9) A	(18) A	(27) A	

✦ નળાકાર ✦

➢ લંબચોરસને તેની કોઇ એક બાજુથી પરિભ્રમણ કરી સામેની બાજુ સાથે જોડતા નળાકાર તૈયાર થાય છે.



જ્યાં, r = ત્રિજ્યા, h = ઊંચાઇ

➢ નળાકારના પાયાનું ક્ષેત્રફળ = πr^2

➢ નળાકારના પાયાનો પરિઘ = $2\pi r$

➢ નળાકારની વક્રસપાટીનું ક્ષેત્રફળ = $2\pi rh$

➢ નળાકારની કુલ સપાટીનું ક્ષેત્રફળ (બંધ નળાકાર)

$= 2\pi rh + \pi r^2 + \pi r^2$

$= 2\pi rh + 2\pi r^2$

$= 2\pi r(h + r)$

➢ તળિયે બંધ, ખુલ્લા નળાકારનું ક્ષેત્રફળ = $2\pi rh + \pi r^2$

$= \pi r(2h + r)$

➢ ખુલ્લા નળાકારનું ક્ષેત્રફળ = $2\pi rh$

➢ નળાકારનું ઘનફળ = $\pi r^2 h$

- સિક્કાનો આકાર નળાકાર હોય છે.

Ex-1 : એક નળાકારના પાયાનું ક્ષેત્રફળ 616 સેમી² છે, તો નળાકારના પાયાની ત્રિજ્યા કેટલી થાય?

(A) 14 સેમી. **(B) 28 સેમી.**
(C) 42 સેમી. **(D) 35 સેમી.**

→ નળાકારના પાયાનું ક્ષેત્રફળ = πr^2

$616 = \frac{22}{7} \times r^2$

$r^2 = \frac{616 \times 7}{22}$

$r^2 = 196$

$r = 14$

→ **જવાબ : (A) 14 સેમી.**

Ex-2 : જો નળાકારની ત્રિજ્યા 7 સેમી. અને તેની ઊંચાઇ 13 સેમી હોય, તો તેની કુલ સપાટીનું ક્ષેત્રફળ શોધો.

(A) 420 સેમી² **(B) 440 સેમી²**
(C) 880 સેમી² **(D) 620 સેમી²**

→ અહીં, r = 7 સેમી. અને h = 13 cm

→ નળાકારની કુલ સપાટીનું ક્ષેત્રફળ = $2\pi rh + 2\pi r^2$

$= 2\pi r\,(h + r)$

$= 2 \times \frac{22}{7} \times 7\,(13 + 7)$

$= 44 \times 20$

$= 880$ સેમી²

→ **જવાબ : (C) 880 સેમી²**

Ex-3 : એક નળાકારની ઊંચાઇ 12 સેમી. અને તેનો વ્યાસ 14 સેમી. હોય, તો તેની વક્રસપાટીનું ક્ષેત્રફળ કેટલું થાય?

(A) 528 સેમી² **(B) 428 સેમી²**
(C) 242 સેમી² **(D) 548 સેમી²**

→ અહીં, d = 14 સેમી. ∴ r = 7 સેમી.

→ નળાકારની વક્રસપાટીનું ક્ષેત્રફળ = $2\pi rh$

$= 2 \times \frac{22}{7} \times 7 \times 12$

$= 24 \times 22$

$= 528$ સેમી²

→ **જવાબ : (A) 528 સેમી²**

Ex-4 : એક નળાકારની ત્રિજ્યાનું માપ બમણું કરવામાં આવે તથા તેની ઊંચાઇ અડધી કરવામાં આવે તો તેનું ઘનફળ કેટલા ગણું થાય?

(A) 4 ગણું **(B) 3 ગણું**
(C) 2 ગણું **(D) ફેરફાર ન થાય**

→ નળાકારનું ઘનફળ = $\pi r^2 h$

હવે, ત્રિજ્યા બમણી અને ઊંચાઇ અડધી કરતાં,

∴ ઘનફળ = $\pi \times (2r)^2 \times \frac{h}{2}$

$= \pi 4r^2 \frac{h}{2}$

$= 2\,\pi r^2 h$

→ આમ, ઘનફળ 2 ગણું (બમણું) થાય.

→ **જવાબ : (C) 2 ગણું**

49 પ્રિઝમ

- સામાન્ય રીતે કોઈ નળાકારનો પાયો અને છત વર્તુળની જગ્યાએ કોઈ બહુકોણ /બહુભુજ હોય, તો તેને પ્રિઝમ તરીકે લઈ શકાય.
- પ્રિઝમએ તેના પાયા અને છત (ઉપરની બાજુ) પર રહેલાં બહુભુજના પ્રકાર પર આધાર રાખે છે.
- પ્રિઝમનો પાયો કોઈ પણ બહુભુજ એટલે કે, ત્રિકોણ, ચોરસ, લંબચોરસ, ષટ્કોણ વગેરે, હોય શકે.





- પ્રિઝમની કિનારીની સંખ્યા = પાયાની બાજુઓની સંખ્યા × 3
- પ્રિઝમની કુલ બાજુઓની સંખ્યા = પાયાની બાજુઓની સંખ્યા + 2

- પ્રિઝમની વક્રસપાટીનું ક્ષેત્રફળ = પાયાની પરિમિતિ × પ્રિઝમની ઊંચાઈ
- પ્રિઝમની કુલ સપાટીનું ક્ષેત્રફળ = પ્રિઝમની વક્રસપાટીનું ક્ષેત્રફળ + (2 × પાયાનું ક્ષેત્રફળ)
- પ્રિઝમનું ઘનફળ = પાયાનું ક્ષેત્રફળ × પ્રિઝમની ઊંચાઈ

Ex-1 : એક પ્રિઝમનો પાયો સમબાજુ ત્રિકોણ છે, તો તેના દ્વારા બનેલા પ્રિઝમને કુલ કેટલી કિનારીઓ હોય ?

(A) 3 (B) 6 (C) 9 (D) 8

→ અહીં, પાયો ત્રિકોણ હોવાથી ત્રિકોણની બાજુઓની સંખ્યા 3 હોય

∴ પ્રિઝમની કિનારીની સંખ્યા = પાયાની બાજુઓની સંખ્યા × 3

= 3 × 3

= 9

આમ, પ્રિઝમને કુલ 9 કિનારીઓ હોય.

→ **જવાબ : (C) 9**

Ex-2 : એક સમબાજુ ત્રિકોણ કે, જેની બાજુઓનું માપ 5 મીટર છે, જેને પાયો માનીને બનાવવામાં આવેલા પ્રિઝમનું ઘનફળ શોધો.

(A) 175 મી^{3} (B) $\frac{175}{4}$ મી^{3}

(C) $175\sqrt{3}$ મી^{3} (D) $\frac{175\sqrt{3}}{4}$ મી^{3}

→ અહીં , પ્રિઝમનો પાયો સમબાજુ ત્રિકોણ છે.

∴ પ્રિઝમનું ઘનફળ = પાયાનું ક્ષેત્રફળ × પ્રિઝમની ઊંચાઈ

$= \left(\frac{\sqrt{3}}{4}\, a^2\right) \times 7$

$= \frac{\sqrt{3}}{4} \times (5)^2 \times 7$

$= \frac{\sqrt{3}}{4} \times 25 \times 7$

$= \frac{175\sqrt{3}}{4}$ મીટર^3

આમ, પ્રિઝમનું ઘનફળ $\frac{175\sqrt{3}}{4}$ મીટર^3 થાય.

→ **જવાબ : (D) $\frac{175\sqrt{3}}{4}$ મી^{3}**

Ex-3 : એક પ્રિઝમનો પાયો 4 મીટર × 5 મીટર માપ ધરાવતું લંબચોરસ છે અને પ્રિઝમની ઊંચાઈ 6 મીટર છે, તો આ પ્રિઝમનું ઘનફળ શોધો.

(A) 120 મી^{3} (B) 140 મી^{3}

(C) 118 મી^{3} (D) 116 મી^{3}

→ અહીં, પ્રિઝમનો પાયો લંબચોરસ છે.

∴ પ્રિઝમનું ઘનફળ = પાયાનું ક્ષેત્રફળ × પ્રિઝમની ઊંચાઈ

$= (lb) \times$ પ્રિઝમની ઊંચાઈ

$= (4 \times 5) \times 6$

$= 20 \times 6$

$= 120$મી^{3}

આમ, આ પ્રિઝમનું ઘનફળ 120 મીટર^3 થાય.

→ **જવાબ : (A) 120 મી^{3}**

Ex-4 : 8 સેમી. બાજુ ધરાવતાં ચોરસને પાયો માની બનાવવામાં આવેલા પ્રિઝમની ઊંચાઈ 12 સેમી. છે, તો આ પ્રિઝમની વક્રસપાટીનું ક્ષેત્રફળ શોધો.

(A) 484 સેમી^{2} (B) 384 સેમી^{2}

(C) 441 સેમી^{2} (D) 380 સેમી^{2}

→ અહીં પ્રિઝમનો પાયો ચોરસ છે.

∴ પ્રિઝમની વક્રસપાટીનું ક્ષેત્રફળ = પાયાની પરિમિતિ × પ્રિઝમની ઊંચાઈ

$= (4l) \times 12$

$= (4 \times 8) \times 12$

$= 32 \times 12$

$= 384$ સેમી^{2}

આમ, આ પ્રિઝમની વક્રસપાટીનું ક્ષેત્રફળ 384 સેમી^{2} થાય.

→ **જવાબ : (B) 384 સેમી^{2}**

Ex-5 : એક પ્રિઝમનો પાયો ત્રિકોણ છે. તેની વેધ અને પાયાનાં બાજુનાં માપ અનુક્રમે 20 અને 24 સેમી. છે. પ્રિઝમની ઊંચાઈ 40 સેમી. હોય, તો આ પ્રિઝમનું ઘનફળ શોધો.

(A) 4000 સેમી^{3} (B) 9600 સેમી^{3}

(C) 4800 સેમી^{3} (D) 2400 સેમી^{2}

→ અહીં, પ્રિઝમનો પાયો ત્રિકોણ છે.

∴ પ્રિઝમનું ઘનફળ = પાયાનું ક્ષેત્રફળ × પ્રિઝમની ઊંચાઈ

$= \left(\frac{1}{2} \times \text{પાયો} \times \text{વેધ}\right) \times$ પ્રિઝમની ઊંચાઈ

51 ક્ષેત્રફળ અને ઘનફળ આધારિત મિક્સ દાખલાઓ

- આ પ્રકારના પ્રશ્નો મોટે ભાગે કેન્દ્ર સરકાર દ્વારા આયોજિત પરીક્ષાઓમાં વધુ પુછાય છે.
- આ ટોપિકમાંથી સામાન્ય રીતે, બે કે તેથી ભૌમિતિક આકારોના પરસ્પર સંબંધો કે સરખામણી કે જોડાણ આધારિત તથા રેખાંકિત ભાગોનાં ક્ષેત્રફળ કે ઘનફળ મેળવવાના પ્રશ્નો પુછાય છે.

Ex-1 : એક અર્ધગોળાકાર પાત્રની ત્રિજ્યા 15 સેમી. છે. તે પાણીથી પૂરેપૂરું ભરેલ છે. તો તેમાંથી 3 સેમી. ત્રિજ્યા અને 5 સેમી. ઊંચાઈ ધરાવતી કેટલી નળાકાર શીશીઓ ભરી શકાય ?
(A) 80 (B) 45 (C) 38 (D) 50

→ અહીં, અર્ધગોળાકાર પાત્રમાંથી નળાકાર શીશીઓ ભરવાની છે.

$$\therefore \text{શીશીની સંખ્યા} = \frac{\text{અર્ધગોળાનું ઘનફળ}}{\text{નળાકારનું ઘનફળ}}$$

$$= \frac{\frac{2}{3}\pi r^3}{\pi r^2 h}$$

$$= \frac{2 \times 15 \times 15 \times 15}{3 \times 3 \times 3 \times 5}$$

$$= 50$$

→ આમ, 50 નળાકાર શીશીઓ ભરી શકાય.

→ **જવાબ : (D) 50**

Ex-2 : ડિપ્લોમા કૉલેજના પ્રોજેક્ટ પ્રદર્શન વખતે એક વિદ્યાર્થીને નળાકારના બંને છેડે પાતળી એલ્યુમિનિયમ સીટમાંથી બનેલો શંકુ બેસાડીને એક નમૂનો તૈયાર કરવાનું કહેવામાં આવ્યું. નમૂનાનો વ્યાસ 3 સેમી. અને લંબાઈ 12 સેમી. છે, જો શંકુની ઊંચાઈ 2 સેમી. હોય, તો વિદ્યાર્થીએ બનાવેલ આ નમૂનામાં કેટલી હવા સમાશે તે મેળવો.
(A) 66 સેમી^{3} (B) 52સેમી^{3}
(C) 48 સેમી^{3} (D) 64 સેમી^{3}

→ આ નમૂનામાં નમૂનાના ઘનફળ જેટલી હવા સમાઈ શકે.

→ અહીં, d = 3 cm ∴ r = $\frac{3}{2}$ cm



∴ નમૂનાનું ઘનફળ = નળાકારનું ઘનફળ + 2 (શંકુનું ઘનફળ)

$$= \pi r^2 h_1 + 2\left(\frac{1}{3}\pi r^2 h_2\right)$$

$$= \pi r^2\left(h_1 + \frac{2}{3}h_2\right)$$

$$= \frac{22}{7} \times \frac{3}{2} \times \frac{3}{2}\left(8 + \frac{2}{3}(2)\right)$$

$$= \frac{99}{14} \times \left(8 + \frac{4}{3}\right)$$

$$= \frac{99}{14} \times \frac{28}{3}$$

$$= 66 \text{ cm}^3$$

→ આમ, આ નમૂનામાં 66 cm^3 હવા સમાઈ શકે.

→ **જવાબ : (A) 66 સેમી.^{3}**

Ex-3 : એક શંકુનો પાયો તથા ગોળાની ત્રિજ્યા r સમાન છે. શંકુ અને ગોળાની વક્રસપાટીનાં ક્ષેત્રફળ પણ સમાન છે, તો શંકુની ઉંચાઇ કેટલી હશે.?
(A) $\sqrt{15}\,r$ (B) $5\sqrt{3}\,r$ (C) $3\sqrt{5}\,r$ (D) $4\,r$

→ શંકુ અને ગોળાની ત્રિજ્યા સમાન છે.

→ ધારો કે, શંકુની ઉંચાઇ h છે.

→ હવે, પ્રશ્ન અનુસાર

∴ શંકુની વક્રસપાટીનું ક્ષેત્રફળ = ગોળાની વક્રસપાટીનું ક્ષેત્રફળ

$$\pi r l = 4\pi r^2$$

$$\therefore \pi r \sqrt{h^2 + r^2} = 4\pi r^2$$

$$(\because l = \sqrt{h^2 + r^2})$$

$$\therefore \sqrt{h^2 + r^2} = 4r$$

→ હવે, બંને બાજુનો વર્ગ કરવાથી

$$\therefore h^2 + r^2 = 16r^2$$

$$\therefore 16r^2 - r^2 = h^2$$

$$\therefore 15r^2 = h^2$$

$$\therefore h = \sqrt{15}\,r$$

આમ,શંકુની ઊંચાઈ $\sqrt{15}\,r$ થાય.

→ **જવાબ : (A) $\sqrt{15}\,r$**

Ex-4 : એક બાળક 24 સેમી. ઉંચાઇ અને 6 સેમી. ત્રિજ્યા ધરાવતાં માટીના શંકુમાંથી ગોળો બનાવે છે, તો આ ગોળાની ત્રિજ્યા કેટલા સેમી. હશે ?
(A) 6 સેમી. (B) 12 સેમી. (C) 24 સેમી. (D) 48 સેમી.

→ શંકુનું ઘનફળ = $\frac{1}{3}\pi r^2 h$

$$= \frac{1}{3}\pi \times 6 \times 6 \times 24$$

∴ ગોળાનું ઘનફળ = $\frac{4}{3}\pi r^3$ = શંકુનું ઘનફળ

$$\therefore \frac{4}{3}\pi r^3 = \frac{1}{3}\pi \times 6 \times 6 \times 24$$

$$\therefore r^3 = 6 \times 6 \times 6$$

$$\therefore r = 6 \text{ સેમી.}$$

આમ, આ ગોળાની ત્રિજ્યા 6 સેમી. થાય

→ **જવાબ : (A) 6 સેમી.**

14) આપેલ આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણેના 14 સેમી. બાજુવાળ ચોરસ ABCD માં આપેલ રેખાંકિત પ્રદેશનું ક્ષેત્રફળ શોધો.



(A) 154 cm^2 (B) 52 cm^2
(C) 78 cm^2 (D) 42 cm^2

15) આપેલ આકૃતિમાં, એક વર્તુળના ચતુર્થાંશ OPBQની અંતર્ગત ચોરસ OABC છે. જો OA = 20 સેમી હોય, તો રેખાંકિત પ્રદેશનું ક્ષેત્રફળ શોધો.(π= 3.14 લો)



(A) 628 cm^2 (B) 228 cm^2
(C) 400 cm^2 (D) 198 cm^2

16) નીચેની આકૃતિમાં A, B, C વર્તુળનાં કેન્દ્રો છે તથા દરેક વર્તુળની ત્રિજ્યા 4 મીટર હોય, તો ABC ની પરિમિતિ શોધો.



(A) 16 મીટર (B) 24 મીટર (C) 18 મીટર (D) 12 મીટર

17) એક શંકુને ઓગાળીને તેના જેટલો જ પાયો ધરાવતાં નળાકારમ પરિવર્તિત કરવામાં આવે છે. આ નળાકારની ઊંચાઈ 7 સેમી. હોય, તો આ શંકુની ઊંચાઈ કેટલી હશે ?
(A) 20 cm (B) 21 cm (C) 28 cm (D) 24 cm

18) એક ગોળો અને એક નળાકારનાં ઘનફળ સમાન છે તથા તેની ત્રિજ્યા પણ સમાન છે, તો નળાકાર અને ગોળાની વક્રસપાટીઓનો ગુણોત્તર કેટલો મળે ?
(A) 4 : 3 (B) 2 : 3 (C) 3 : 2 (D) 3 : 4

19) એક પોલા ગોળાના આંતરિક તથા બાહ્ય પૃષ્ઠનો વ્યાસ અનુક્રમે 6 સેમી. તથા 10 સેમી. છે. જો આ ગોળાને ઓગાળીને $\frac{8}{3}$ સેમી. લંબાઈ ધરાવતો નળાકાર બનાવવામાં આવે, તો આ નળાકારનો વ્યાસ શોધો.
(A) 14 cm (B) 16 cm (C) 7 cm (D) 10 cm

20) નીચે આપેલી આકૃતિમાં રેખાંકિત ભાગનું ક્ષેત્રફળ શોધો.



(A) 962.5 $મી^2$ (B) 262.5 $મી^2$
(C) 762.5 $મી^2$ (D) 562.4 $મી^2$

21) એક લંબચોરસ તથા ચોરસની પરિમિતિ અનુક્રમે 160 મી. અને 160 મી. છે. લંબચોરસનું ક્ષેત્રફળ, ચોરસના ક્ષેત્રફળથી 100 $મી^2$ ઓછું છે. તો લંબચોરસની લંબાઈ શોધો.
(A) 30 મી. (B) 60 મી. (C) 40 મી. (D) 50 મી.

22) 2 સેમી. ત્રિજ્યા વાળા એક અર્ધવર્તુળની અંદર આવેલા ત્રણ સમબાજુ ત્રિકોણોનું કુલ ક્ષેત્રફળ શોધો.
(A) 12 $સેમી^2$ (B) $\frac{3\sqrt{3}}{4}$ $સેમી^2$
(C) $\frac{9\sqrt{3}}{4}$ $સેમી^2$ (D) $3\sqrt{3}$ $સેમી^2$

23) આપેલ આકૃતિના રેખાંકિત ભાગનું ક્ષેત્રફળ શોધો.



(A) 17.5 $સેમી^2$ (B) 18.5 $સેમી^2$
(C) 20.5 $સેમી^2$ (D) 21.5 $સેમી^2$

24) 50 મી. × 50 મી. આકાર ધરાવતાં ચોરસ ખેતરના એક ખૂણે 20 મી. લાંબા દોરડાથી ગાય બાંધવામાં આવી છે, તો ગાય દ્વારા ચરવામાં આવતાં ભાગનું ક્ષેત્રફળ શોધો. (π = 3.14 લો.)
(A) 1256 $મીટર^2$ (B) 942 $મીટર^2$
(C) 628 $મીટર^2$ (D) 314 $મીટર^2$

25) એક અર્ધગોળાને ઓગાળીને શંકુમાં પરિવર્તિત કરવામાં આવ્યે છે, જેની ત્રિજ્યા (R) અર્ધગોળાની ત્રિજ્યા જેટલી છે. જો શંકુની ઊંચાઈ H હોય, તો.....
(A) H = 2R (B) H = $\frac{2}{3}$ R
(C) H = $\sqrt{3R}$ (D) 8 = 3R

26) ધાતુના બનેલા ત્રણ ગોળાઓ કે જેનો વ્યાસ અનુક્રમે 6 સેમી., 8 સેમી. અને 10 સેમી. છે. આ ગોળાને ઓગાળીને એક મોટો ગોળે બનાવવામાં આવે, તો તેનો વ્યાસ કેટલો થાય ?
(A) 4 સેમી. (B) 6 સેમી. (C) 8 સેમી. (D) 12 સેમી.

ભૂમિતિ

- ભૂમિતિને અંગ્રેજીમાં 'Geometry' કહે છે.
- Geometry શબ્દ બે ગ્રીક શબ્દનાં સંયોજનથી બનેલો છે : Geo અને metrein.
  - Geo નો અર્થ – પૃથ્વી (જમીન)
  - metrein નો અર્થ – માપણી
- આમ, જમીનના માપનની જરૂરિયાતમાંથી ભૂમિતિનો ઉદ્‌ભવ થયો છે.
- એવું માનવામાં આવે છે કે, ભૂમિતિનું જ્ઞાન ઈજિપ્તવાસીઓ પાસેથી ગ્રીકવાસીઓ પાસે આવ્યું.
- 'વર્તુળને તેના વ્યાસ દ્વારા બે સરખા ભાગમાં વિભાજિત કરી શકાય.' આ વિધાનની પ્રથમ સાબિતી આપવાનું માન ગ્રીક ગણિતશાસ્ત્રી થેલ્સને ફાળે જાય છે.
- થેલ્સને ભૂમિતિના પ્રણેતા ગણવામાં આવે છે, કારણકે, તેણે સૌપ્રથમ ભૂમિતિ શબ્દનો પ્રયોગ કર્યો હતો.
- થેલ્સનો ખ્યાતનામ વિદ્યાર્થી પાયથાગોરસ હતો, તેણે કાટકોણ ત્રિકોણ માટેનો પ્રમેય આપ્યો.
- એલેકઝાન્ડ્રિયા શહેરના ગણિત શિક્ષક યુક્લિડે બધાં જાણીતાં પરિણામો એકઠાં કર્યાં અને તેમને 13 પ્રકરણોની શ્રેણીમાં સંપાદિત કર્યાં.
  - આ સંપાદનને 'Elements' નામ આપ્યું.
  - આ 'Elements' એ દુનિયાને આવનારાં વર્ષોમાં ભૂમિતિના અભ્યાસ માટે પ્રેરિત કર્યા.
- આ ઉપરાંત યુક્લિડે ભૂમિતિને એક અલગ વિષય તરીકેની માન્યતા પ્રાપ્ત કરાવી, તેથી તેને 'ભૂમિતિના પિતા' ગણવામાં આવે છે.
- યુક્લિડિયન ભૂમિતિના માળખામાં ફેરફાર કરીને આધુનિક ભૂમિતિની રચના ડેવિડ હિલબર્ટે કરી, તેથી તેને 'શુદ્ધ ભૂમિતિના પિતા' ગણવામાં આવે છે.
- ભૂમિતિના ચાર મૂળભૂત પાયાના ખ્યાલોમાં બિંદુ, રેખા, સમતલ અને અવકાશનો સમાવેશ થાય છે.
- પ્રાચીન ભારતમાં 'સુલ્બાસૂત્ર' એ ભૌમિતિક રચનાઓ માટેનો મહત્ત્વપૂર્ણ ગ્રંથ હતો.

✦ બિંદુ ✦

- જેની લંબાઇ, પહોળાઇ કે ઊંચાઇ માપી ન શકાય, તેને બિંદુ કહે છે.
- બિંદુને ટપકા (•) વડે દર્શાવાય છે.
- સામાન્ય રીતે, ઘન પદાર્થને ત્રણ પરિમાણ હોય, સપાટીને બે પરિમાણ હોય, રેખાને એક પરિમાણ હોય, પરંતુ બિંદુને પરિમાણ હોતું નથી.
- બિંદુને અંગ્રેજીના મૂળાક્ષરો વડે પણ દર્શાવી શકાય.
- દા.ત., •A, •X
- એક જ બિંદુમાંથી અસંખ્ય રેખાઓ પસાર થઇ શકે છે, તેને સંગામી રેખા પણ કહે છે.

દા.ત.,



❖ બે બિંદુઓ વચ્ચેનું અંતર કઇ રીતે શોધવું?

- અંતર = |B ને સંગત સંખ્યા – A ને સંગત સંખ્યા|

Ex : બે બિંદુઓ A અને Bને સંગત સંખ્યાઓ અનુક્રમે -4 અને 5 હોય, તો તેમની વચ્ચેનું અંતર શોધો .

→ અંતર = |B ને સંગત સંખ્યા – A ને સંગત સંખ્યા|
= |5 – (–4)|
= |5 + 4|
= 9

Ex : બે બિંદુઓ A અને B ને સંગત સંખ્યાઓ અનુક્રમે -3 અને 9 હોય, તો તેમની વચ્ચેનું અંતર શોધો.

→ અંતર = |B ને સંગત સંખ્યા – A ને સંગત સંખ્યા|
= |9 – (–3)|
= |9 + 3|
= |12|
= 12

❖ સમરેખ બિંદુઓ :

- આપેલાં તમામ બિંદુઓમાંથી પસાર થતી કોઇ એક જ રેખા મળે તો તે બિંદુઓને સમરેખ બિંદુઓ કહેવાય.
- સામાન્ય રીતે, એક જ રેખા પર આવેલાં તમામ બિંદુઓને સમરેખ બિંદુઓ કહેવાય.

દા.ત.,



❖ અસમરેખ બિંદુઓ :

- આપેલાં તમામ બિંદુઓ એક જ રેખા પર ન હોય, તો તેને અસમરેખ બિંદુઓ કહે છે.

દા.ત.,



$\theta_1 + \theta_2 + \theta_3 = 180°$ ($\because \theta_1 = \theta_2$)

$\theta_1 + \theta_1 + 90° = 180°$

$2\theta_1 = 180° - 90°$

$2\theta_1 = 90°$

$\theta_1 = 45°$

→ $\therefore \theta_1 = \angle A = 45°$

→ **જવાબ : (D) 45°**

❖ **ત્રિકોણની મધ્યગા :**

➢ ત્રિકોણનું કોઈ શિરોબિંદુ અને તેની સામેની બાજુનાં મધ્યબિંદુને જોડતાં રેખાખંડને ત્રિકોણની મધ્યગા કહે છે.



➢ અહીં, $\overline{AE}$, $\overline{BF}$ અને $\overline{CD}$ એ ત્રિકોણની મધ્યગા છે.

➢ મધ્યગાએ ત્રિકોણના ક્ષેત્રફળને બે સરખા ભાગમાં વિભાજિત કરે છે.

❖ **ત્રિકોણનું મધ્યકેન્દ્ર :**

➢ ત્રિકોણની મધ્યગાઓના સંગમબિંદુને ત્રિકોણનું મધ્યકેન્દ્ર કહે છે.

➢ અહીં, ΔABC માં $\overline{AB}$, $\overline{BC}$ અને $\overline{AC}$ નાં મધ્યબિંદુઓ અનુક્રમે D, E અને F છે.

➢ મધ્યગાઓ $\overline{AE}$, $\overline{BF}$ અને $\overline{CD}$ નાં સંગમબિંદુ

➢ દુ P ને ત્રિકોણનું મધ્યકેન્દ્ર કહેવાય.

➢ ત્રિકોણનું મધ્યકેન્દ્ર એ પ્રત્યેક મધ્યગાનું શિરોબિંદુ તરફથી 2:1ના પ્રમાણમાં વિભાજન કરે છે.

Ex : ΔABCનું મધ્યકેન્દ્ર P છે. D, E અને F એ અનુક્રમે AB, BC, AC નાં મધ્યબિંદુઓ છે, જો PD = 7 cm હોય, તો CD નું માપ કેટલું?

(A) 14 cm (B) 7 cm (C) 21 cm (D) 28 cm

→ મધ્યકેન્દ્ર એ મધ્યગાનું શિરોબિંદુ તરફથી 2:1 માં વિભાજન કરે....



$\therefore \frac{CP}{DP} = \frac{2}{1}$

$\therefore \frac{CP}{7} = \frac{2}{1}$

$\therefore CP = 14$ cm

→ હવે, CD = DP + CP

= 7 + 14

CD = 21

→ આમ, CD નું માપ 21 થાય.

→ **જવાબ : (C) 21**

❖ **પરિવૃત્ત, પરિકેન્દ્ર, પરિત્રિજ્યા :**

➢ કોઈ પણ ત્રિકોણનાં ત્રણેય શિરોબિંદુમાંથી પસાર થતું કોઈ એક વર્તુળ મળે, તેને **પરિવૃત્ત** કહેવાય.

➢ ત્રિકોણની બાજુઓનાં લંબદ્વિભાજકોના સંગમબિંદુને ત્રિકોણનું **પરિકેન્દ્ર** કહેવાય.

➢ પરીકેન્દ્રથી ત્રિકોણનાં કોઈપણ શિરોબિંદુ વચ્ચેનું અંતર એટલે ત્રિકોણની **પરિત્રિજ્યા.**



દા.તઃ OA, OB, OC

→ પરિત્રિજ્યા (R) = $\frac{AB \times BC \times AC}{4 \times \text{ત્રિકોણનું ક્ષેત્રફળ}}$

→ અહીં, $\angle BOC = 2\angle A$

$\angle AOB = 2\angle C$

$\angle AOC = 2\angle B$

❖ **અંતઃકેન્દ્ર, અંતઃત્રિજ્યા :**

➢ ત્રિકોણના ત્રણેય ખૂણાના દ્વિભાજકના છેદબિંદુને ત્રિકોણનું 'અંતઃકેન્દ્ર' કહેવાય.

➢ અંતઃકેન્દ્રથી ત્રિકોણની ત્રણેય બાજુ પર દોરેલા લંબનાં માપ સમાન હોય છે, જેને 'અંતઃત્રિજ્યા' કહેવાય.



દા.ત., ID, IE, IF

➢ અંતઃત્રિજ્યા (r) = $\frac{\text{ત્રિકોણનું ક્ષેત્રફળ}}{\text{અર્ધ પરિમિતિ (S)}}$

❖ **પરિવૃત્ત :**

➢ ત્રિકોણનાં તમામ શિરોબિંદુમાંથી પસાર થતાં વર્તુળને ત્રિકોણનું પરિવર્તુળ કહેવામાં આવે છે.



❖ **અંતઃવૃત્ત :**

➢ ત્રિકોણની ત્રણ બાજુઓને સ્પર્શતા વર્તુળને ત્રિકોણનું અંતઃવર્તુળ કહેવાય.



❖ **ચક્રીય ચતુષ્કોણ :**

➢ જો ચતુષ્કોણનાં બધાં જ શિરોબિંદુઓ એક જ વર્તુળ પર આવેલ હોય, તો તે ચતુષ્કોણને ચક્રીય ચતુષ્કોણ કહેવાય.



➢ ચક્રીય ચતુષ્કોણના સામસામેના ખૂણાઓ પૂરકકોણ હોય.

$\therefore \angle A + \angle C = 180^\circ$

$\angle B + \angle D = 180^\circ$

✦ Important Fact ✦

- **અર્ધવર્તુળમાં આવેલો ખૂણો કાટકોણ હોય,**



- **જો PXYએ છેદિકા હોય, જે વર્તુળને x અને y માં છેદે તથા PT સ્પર્શક હોય, ત્યારે....**



➢ અહીં, $(PT)^2 = PX \times PY$

- **વર્તુળના કેન્દ્રમાંથી જીવા પર દોરેલો લંબ જીવાને દુભાગે છે.**



➢ અહીં, $OP \perp AB$

$\therefore AP = PB$

- **કોઈ વર્તુળની બે એકરૂપ (સમાન) જીવાઓ કેન્દ્ર આગળ સમાન ખૂણો બનાવે.**



જો AB = CD, તો $\angle AOB = \angle COD$

- **વર્તુળના કોઈપણ ચાપ દ્વારા કેન્દ્ર આગળ આંતરેલો ખૂણો એ તે જીવા દ્વારા વર્તુળના કોઈ પણ ભાગ પર આંતરેલા ખૂણા કરતાં બમણો હોય.**



અહીં, $\angle x = 2\angle y$

- **સ્પર્શકના વર્તુળ પરનાં સ્પર્શબિંદુ A અને B તથા સ્પર્શક સાથે બનાવેલ ખૂણો θ હોય, તો....**



35) ΔABCમાં D, E અને F અનુક્રમે $\overline{AB}, \overline{BC}$ અને $\overline{AC}$ નાં મધ્યબિંદુઓ હોય, તો ΔDEFનું ક્ષેત્રફળ = _____

(A) $\frac{1}{2}$ × ΔABC નું ક્ષેત્રફળ

(B) 2 × ΔABC નું ક્ષેત્રફળ

(C) $\frac{1}{4}$ × ΔABC નું ક્ષેત્રફળ

(D) $\frac{1}{6}$ × ΔABC નું ક્ષેત્રફળ

36) ΔABC માં સંગતતા ABC ↔ BAC સમરૂપતા છે, તો નીચેના પૈકી _____ સત્ય છે.

(A) ∠B ≅ ∠C (B) ∠C ≅ ∠A

(C) ∠A ≅ ∠B (D) ∠A ≅ ∠B ≅ ∠C

37) વર્તુળનું ક્ષેત્રફળ શોધવાનું સૂત્ર કયું નથી?

(A) πr^2 (B) $2\pi r$ (C) $\frac{22}{7} \times r^2$ (D) $\frac{\pi d^2}{4}$

38) વર્તુળની તમામ ત્રિજ્યાઓનો છેદગણ _____ થાય.

(A) વર્તુળ પોતે (B) જીવ

(C) વર્તુળનું કેન્દ્ર (D) ત્રિજ્ય

39) વર્તુળની જીવાનો લંબદ્વિભાજક શેમાંથી પસાર થાય છે?

(A) વ્યાસનાં અંત્યબિંદુ

(B) વ્યાસનાં મધ્યબિંદુ

(C) આપેલ જીવાનાં અંત્યબિંદુ

(D) ચાપનાં અંત્યબિંદુ

40) આપેલા એક બિંદુમાંથી પસાર થતાં વર્તુળોની સંખ્યા કેટલી?

(A) શૂન્ય (B) ચાર (C) એક (D) અસંખ્ય

41) ચતુષ્કોણના ચારેય ખૂણાનાં માપનો સરવાળો _____ થાય.

(A) 180° (B) 360° (C) 530° (D) 720°

42) 40° ના માપના ખૂણાનાં કોટિકોણના પૂરકકોણનું માપ કેટલું?

(A) 110° (B) 130°

(C) 90° (D) 50°

43) 126° ના માપના ખૂણાના પૂરકકોણનાં કોટિકોણનું માપ કેટલું?

(A) 54° (B) 63° (C) 23° (D) 36°

44) જો નીચેની આકૃતિમાં k અને l સમાંતર રેખાઓ હોય, તો y - x ની કિંમત કેટલી?



(A) 15° (B) 30° (C) 45° (D) 90°

45) આકૃતિ પરથી જણાવો, $\theta_1 + \theta_2$ = _____



(A) 180° (B) 90° (C) 120° (D) 60°

46) જો $m \parallel n$ હોય, તો ∠AOB = ?



(A) 140° (B) 180° (C) 100° (D) 60°

47) જો $\overleftrightarrow{AB}$ એક સીધી રેખા હોય તથા $x : y : z = 5 : 4 : 6$ હોય, તો y નું મૂલ્ય શોધો?



(A) 60° (B) 48° (C) 72° (D) 32°

48) બે રેખાઓ $\overleftrightarrow{AB}$ અને $\overleftrightarrow{CD}$ પરસ્પર બિંદુ O પર છેદે છે. જો ∠AOC = 50° હોય, તો ∠BOC = ?



(A) 40° (B) 50° (C) 140° (D) 130°

49) જો $\overleftrightarrow{AB} \parallel \overleftrightarrow{DE}$ હોય, તો θ = ?



(A) 160° (B) 130°

(C) 145° (D) 60°

WEBSANKUL

135) કયાં ચતુષ્કોણના વિકર્ણો સમાન નથી પરંતુ એકબીજાને પરસ્પર કાટખૂણે દુભાગે છે?
(A) સમાંતરબાજુ ચતુષ્કોણ (B) સમભુજ ચતુષ્કોણ
(C) વર્તુળ (D) ચોરસ

136) જો ABCD એક સમચતુષ્કોણ હોય, AC લઘુતમ વિકર્ણ હોય તથા $\angle ABC = 60^\circ$ તથા AC = 6cm હોય, તો સમચતુષ્કોણ ની બાજુની લંબાઈ શોધો.
(A) 3 cm (B) $6\sqrt{2}$ cm
(C) $3\sqrt{3}$ cm (D) 6 cm

137) એક સમચતુષ્કોણની બાજુનું માપ 10cm છે તથા વિકર્ણનું માપ 16 cm હોય, તો સમચતુષ્કોણનું ક્ષેત્રફળ = _____
(A) 96 cm^2 (B) 160 cm^2
(C) 100 cm^2 (D) 40 cm^2

138) કોઈ ચતુષ્કોણમાં ત્રણ ખૂણા 9:7:3 ગુણોત્તરમાં છે. જો ચોથ ખૂણાનું માપ 132° હોય, તો સૌથી નાના ખૂણાનું માપ શોધો.
(A) 42° (B) 52° (C) 36° (D) 84°

139) એક સમચતુષ્કોણ ABCD માં, $\angle A = 60^\circ$ તથા AB 12 cm હોય, તો વિકર્ણ BD નું માપ _____ થાય.
(A) $2\sqrt{3}$ cm (B) 6 cm
(C) 12 cm (D) 10 cm

140) એક સમલંબ ચતુષ્કોણ ABCD માં $\overline{AB} \parallel \overline{DC}$ તથા $\overline{AD}$ અને $\overline{CB}$ નાં મધ્યબિંદુઓ અનુક્રમે M અને N છે. જો AB = 45 cm અને DC = 21 cm હોય, તો MN = _____
(A) 66 cm (B) 33 cm (C) 38 cm (D) 44 cm

141) એક સમદ્વિબાજુ સમલંબ ABCD માં, AD = BC, AB ∥ CD અને AB = 2CD છે. જેના વિકર્ણ O બિંદુમાં એકબીજાને દુભાગે છે. જો ΔAOB નું ક્ષેત્રફળ 84 cm^2 હોય, તો ΔCOD નું ક્ષેત્રફળ _____ થાય.
(A) 42 cm^2 (B) 72 cm^2
(C) 26 cm^2 (D) 21 cm^2

142) ABCD એક સમલંબ ચતુષ્કોણ છે. જેમાં AB = CD તથ AB ∥ CD અને AD = 5 cm, BC = 9 cm છે. જો ABCD નું ક્ષેત્રફળ 35 cm^2 હોય, તો CD ની લંબાઈ શોધો.
(A) 5 cm (B) 6 cm
(C) $\sqrt{21}$ cm (D) $\sqrt{29}$ cm

143) કોઈ ષટ્કોણના પ્રત્યેક અંતઃકોણનું માપ કેટલું?
(A) 60° (B) 160° (C) 120° (D) 80°

144) એક બહુકોણમાં દરેક અંતઃકોણનું માપ 144° હોય, તો બહુકોણની બાજુઓની સંખ્યા કેટલી હશે?
(A) 8 (B) 9 (C) 10 (D) 11

145) એક બહુકોણના અંતઃકોણોનો સરવાળો 1440° હોય, તે બાજુઓની સંખ્યા કેટલી હશે?
(A) 8 (B) 12 (C) 6 (D) 10

146) જો પાંચ બાજુઓ વાળા કોઈ બહુકોણના અંતઃકોણ 2:3:3:5:5 ના પ્રમાણમાં હોય, તો સૌથી નાના ખૂણાનું માપ = _____
(A) 20° (B) 30° (C) 60° (D) 90°

147) એક બહુકોણમાં અંતઃકોણ અને બાહ્યકોણનાં માપનો તફાવત 150° છે, તો બહુકોણની બાજુઓની સંખ્યા શોધો.
(A) 24 (B) 15 (C) 30 (D) 10

148) બહુકોણમાં દરેક અંતઃકોણો એ બાહ્યકોણ કરતાં 3 ગણો છે, તો બહુકોણની બાજુઓની સંખ્યા કેટલી થાય?
(A) 12 (B) 6 (C) 8 (D) 18

149) બહુકોણમાં દરેક અંતઃકોણોએ અને બાહ્યકોણના માપને તફાવત 60° હોય, તો બહુકોણની બાજુઓની સંખ્યા શોધો.
(A) 6 (B) 8 (C) 5 (D) 9

150) એક બહુકોણમાં અંતઃકોણ અને બાહ્યકોણનો ગુણોત્તર 5:1 છે, તો બહુકોણની બાજુઓની સંખ્યા કેટલી થાય?
(A) 8 (B) 10 (C) 12 (D) 14

151) એક પંચકોણના ખૂણાઓ 1:2:3:5:9 ના પ્રમાણમાં છે, તો સૌથી મોટા ખૂણાનું માપ કેટલું થાય?
(A) 81° (B) 135° (C) 243° (D) 249°

152) કોઈ સમબહુકોણના પ્રત્યેક અંતઃકોણનું માપ 140°હોય, તો તે બહુકોણના વિકર્ણોની સંખ્યા શોધો.
(A) 18 (B) 27 (C) 36 (D) 12

153) જો કોઈ સમબહુકોણના પ્રત્યેક અંતઃકોણનું માપ 135° હોય, તે બહુકોણના વિકર્ણોની સંખ્યા કેટલી હોય?
(A) 54 (B) 48 (C) 20 (D) 18

ગણ પરિચય

- ગણિતની તમામ શાખાઓમાં ગણની સંકલ્પના આધારભૂત છે.
- ગણિતશાસ્ત્રી જ્યૉર્જ કેન્ટરે ગણ-સિદ્ધાંતોની પાયારૂપ સંકલ્પના આપી.
- ગણ-સિદ્ધાંતોના પિતા - જ્યૉર્જ કેન્ટર
- સુનિશ્ચિત વસ્તુઓનો સમુદાય 'ગણ' દર્શાવે છે.
- ગણ અવ્યાખ્યાયિત પદ છે.

✦ ખાલી ગણ ✦

- જે ગણમાં એકપણ સભ્ય ન હોય તેવા ગણને ખાલી ગણ કહે છે.
- ખાલી ગણને ϕ (ફાઇ) કે { } વડે દર્શાવાય.
- જેને રિક્તગણ પણ કહેવાય છે.

✦ એકાકી ગણ ✦

- જે ગણમાં માત્ર એક જ સભ્ય હોય તેવા ગણને એકાકી ગણ કહે છે.

• દા.ત.; {3}, {a}

✦ સાન્ત ગણ ✦

- જો કોઈ ગણની સભ્ય-સંખ્યા નિશ્ચિત ધન પૂર્ણાંક હોય, તો તેને સાન્ત ગણ કહે છે.

• દા.ત; A = {1, 3, 5, 7, 9}
ગણ A માં સભ્યસંખ્યા 5 છે, જેને n (A) વડે દર્શાવાય.
∴ n (A) = 5

→ ખાલીગણ એ સાન્તગણ છે

✦ અનંત ગણ ✦

- જે ગણ સાન્ત ન હોય તેવા ગણને અનંત ગણ કહે છે.
- આમ, જે ગણની સભ્યસંખ્યા નિશ્ચિત ન હોય, તેવા ગણને અનંત ગણ કહે છે.
- અનંત ગણને 'Z' વડે દર્શાવાય.

• દા.ત; {1, 2, 3, 4, 5,..... ∞}

✦ ઉપગણ ✦

- જો ગણ A નો પ્રત્યેક સભ્ય ગણ B નો પણ સભ્ય હોય, તો ગણ A ને ગણ B નો ઉપગણ કહે છે.
- આ પરિસ્થિતિને સંકેતમાં $A \subset B$ થી દર્શાવાય છે.

• દા.ત;
A = {1, 2, 3}, B = {1, 2, 3, 4, 5, 6, 7}

- અહીં, ગણ-Aના તમામ સભ્યોનો સમાવેશ ગણ-Bમાં થાય છે.
∴ $A \subset B$
- ખાલી ગણને પ્રત્યેક ગણનો ઉપગણ છે. સંકેતમાં પ્રત્યેક ગણ A માટે, $\phi \subset A$
- પ્રત્યેક ગણ એ પોતાનો ઉપગણ છે. સંકેતમાં પ્રત્યેક ગણ A માટે $A \subset A$

❖ ઉપગણોની સંખ્યા શોધવા :

- જો કોઈ ગણ A માં n ઘટકો હોય, તો A ના ઉપગણની સંખ્યા = 2^n થાય.
- દા.ત.; A = {1, 2, 3} ના ઉપગણોની સંખ્યા શોધો.

રીત – I

- ઉપગણો = 2^n (∵ સભ્યસંખ્યા n = 3)
= 2^3
= 8

રીત – II

- {1}, {2}, {3}
{1,2}, {2, 3}
{1, 3}, {1,2,3}
{ }

✦ સાર્વત્રિક ગણ ✦

- સામાન્ય રીતે નિશ્ચિત ગણને પ્રશ્નના સંદર્ભમાં 'સાર્વત્રિક ગણ' તરીકે ઓળખાય છે.
- તેને 'U' વડે દર્શાવાય છે.
- ભૂમિતિમાં અવકાશ કે સમતલ સાર્વત્રિક ગણ છે.
- સુરેખ સમીકરણોના ઉકેલ માટે વાસ્તવિક સંખ્યાઓનો ગણ સાર્વત્રિક ગણ છે.

✦ પૂરક ગણ ✦

- સાર્વત્રિક ગણ 'U' માં હોય, પરંતુ આપેલ ગણ A માં ન હોય તેવા તમામ સભ્યોના ગણને (U ના સંદર્ભમાં) A નો પૂરક ગણ કહે છે.
- તેને A' વડે દર્શાવાય છે.

• દા.ત.; U = {1, 2, 3, 4, 5}
A = {1, 3, 5}
A' = {2, 4}

• **નોંધ :-**

- $\in$ એ અવ્યાખ્યાયિત સંકેત છે, તેનો અર્થ 'માં હોવું' એવો થાય છે.
- જો x એ ગણ Aનો સભ્ય હોય, તો $x \in A$ થી દર્શાવાય. x એ ગણ A નો સભ્ય ન હોય, તો $x \notin A$ થી દર્શાવાય.

WEBSANKUL

લઘુગણક

➢ 17 મી સદીમાં ગણિતશાસ્ત્રી જહૉન નેપિયરે પ્રથમ વખત લઘુગણક વિશેનો ખ્યાલ રજૂ કર્યો. ત્યારબાદ બ્રિટિશ ગણિતશાસ્ત્રી હેનરી બ્રિગ્સે લઘુગણકીય કોષ્ટકો તૈયાર કર્યાં.

❖ લઘુગણક

➢ ધારો કે, $a \in R^+ - \{1\}$ $y \in R^+$, $x \in R$, જો $a^x = y$, તો x ની કિંમતને a ના આધાર પરનો y નો લઘુગણક કહે છે.

➢ તેને $\log_a y$ વડે દર્શાવાય છે. (વંચાય : log y આધાર a)

✦ લઘુગણકના ગુણધર્મો ✦

1) ગુણાકારનો નિયમ :

→ જો $a \in R^+ - \{1\}$, $x, y \in R^+$ માટે

$\log_a(xy) = \log_a x + \log_a y$

2) ભાગાકારનો નિયમ :

→ જો $a \in R^+ - \{1\}$, અને $x, y \in R^+$, તો

$\log_a\left(\frac{x}{y}\right) = \log_a x - \log_a y$

3) ઘાતનો નિયમ :

→ જો $a \in R^+ - \{1\}$, $x \in R^+$, $n \in R$, તો

$\log_a x^n = n \log_a x$

4) $\log_a n^m = \frac{1}{n} \log_a m$

5) $\log_a m = \frac{\log_b m}{\log_b a} = \frac{\log m}{\log a}$

6) $a^{\log_b m} = m^{\log_b a}$

7) $\log_a a = 1$

8) $\log_a 1 = 0$

9) $\log_{a^b} m^n = \frac{n}{b} \log_a m$

10) $\log_a m = \frac{1}{\log_m a} \Leftrightarrow \log_a m \cdot \log_m a = 1$

11) $a^{\log_a m} = m$

12) $\log 10 = 1$

Ex-1 : $\log_2 x = 3$ માં x નું મૂલ્ય મેળવો.

(A) 2 (B) 4 (C) 8 (D) 16

→ $\log_2 x = 3$ને $\log_a x = y$ સાથે સરખાવતાં,

$x = a^y$

$\therefore x = 2^3$

$= 8$

→ **જવાબ : (C) 8**

Ex-2 : $\log_3 x = -2$ હોય તો x નું મૂલ્ય જણાવો.

(A) 3 (B) 9 (C) 6 (D) $\frac{1}{9}$

→ $\log_3 x = -2$ ને $\log_a x = y$ સાથે સરખાવતાં,

$x = a^y$

$\therefore x = 3^{-2}$

$= \frac{1}{3^2}$

$= \frac{1}{9}$

→ **જવાબ : (D)** $\frac{1}{9}$

Ex-3 : $\log_{10}(0.0001)$ નું મૂલ્ય શોધો.

(A) $\frac{1}{4}$ **(B)** $\frac{-1}{4}$ **(C) -4 (D) 4**

$\log_{10} 0.0001 = \log_{10} (10)^{-4}$

$= -4 \log_{10} 10$

$= -4$ [$\because \log_a a = 1$]

→ **જવાબ : (C) -4**

Ex-4 : $\log_3\left(\frac{17}{25}\right) + \log_3\left(\frac{600}{119}\right) - \log_3\left(\frac{8}{7}\right)$

(A) 1 (B) -1 (C) 0 (D) 2

$= \log_3\left(\frac{17}{25} \times \frac{600}{119}\right) - \log_3\left(\frac{8}{7}\right)$

$= \log_3\left(\frac{17}{25} \times \frac{600}{119} \div \frac{8}{7}\right)$

$= \log_3\left(\frac{17}{25} \times \frac{600}{119} \times \frac{7}{8}\right)$

$= \log_3\left(\frac{24}{7} \times \frac{7}{8}\right)$

$= \log_3 3$

$= 1$ ($\because \log_a a = 1$)

→ **જવાબ : (A) 1**

WEBSANKUL

$\rightarrow \frac{(1-\cos^2 A)}{(2-\sin^2 A)} = \frac{\sin^2 A}{2-\sin^2 A}$

$= \frac{\left(\frac{\sqrt{3}}{2}\right)^2}{2-\left(\frac{\sqrt{3}}{2}\right)^2}$

$= \frac{\frac{3}{4}}{2-\frac{3}{4}}$

$= \frac{\frac{3}{4}}{\frac{8-3}{4}}$

$= \frac{3}{5}$

→ જવાબ : (A) $\frac{3}{5}$

34) $\tan A = \frac{3}{4}$



$\Longrightarrow (\cos^2 A - \sin^2 A) = ?$

$= \left(\frac{4}{5}\right)^2 - \left(\frac{3}{5}\right)^2$

$= \frac{16}{25} - \frac{9}{25}$

$= \frac{7}{25}$

→ જવાબ : (D) $\frac{7}{25}$

35) $\tan A = \frac{4}{3}$



$\therefore \sin A = \frac{4}{5}$

$= \sqrt{\frac{1-\sin A}{1+\sin A}}$

$= \sqrt{\frac{1-\frac{4}{5}}{1+\frac{4}{5}}}$

$= \sqrt{\frac{\frac{5-4}{5}}{\frac{5+4}{5}}}$

$= \sqrt{\frac{1}{9}}$

$= \frac{1}{3}$

→ જવાબ : (B) $\frac{1}{3}$

36)

રીત - 1

$\sec\theta = \sqrt{5} \quad \therefore \cos\theta = \frac{1}{\sqrt{5}}$



$\therefore AC^2 = AB^2 + BC^2$

$(\sqrt{5})^2 = (AB)^2 + (1)^2$

$AB^2 = 5 - 1$

$AB = \sqrt{4}$

$\therefore AB = 2$

$\Longrightarrow \tan\theta - \sqrt{5}\sin\theta$

$= \frac{2}{1} - \sqrt{5}\left(\frac{2}{\sqrt{5}}\right)$

$= 2 - 2$

$= 0$

રીત - 2

$= \tan\theta - \sqrt{5}\sin\theta$

$= \frac{\sin\theta}{\cos\theta} - \sqrt{5}\sin\theta$

$= \frac{\sin\theta}{\frac{1}{\sec\theta}} - \sqrt{5}\sin\theta$

$= \sec\theta \cdot \sin\theta - \sqrt{5}\sin\theta$

$= \sqrt{5}\sin\theta - \sqrt{5}\sin\theta$

$= 0$

→ જવાબ : (C) 0

WEBSANKUL

✦ ક્ષૈતિજ કિરણ ✦

➢ નિરીક્ષકની આંખમાંથી નીકળતા અને પૃથ્વીની સપાટીને સમાંતર કિરણને ક્ષૈતિજ કિરણ અથવા સમક્ષિતિજ કિરણ કહેવાય.



✦ દ્રષ્ટિ કિરણ ✦

➢ નિરીક્ષકની આંખમાંથી નીકળતા અને નિરીક્ષણ હેઠળના પદાર્થમાંથી પસાર થતાં કિરણને દ્રષ્ટિ કિરણ કહેવામાં આવે છે.



✦ ઉત્સેધકોણ ✦

➢ જે નિરીક્ષણ હેઠળનો પદાર્થ નિરીક્ષકની આંખથી ઊંચે હોય, તો નિરીક્ષણ બિંદુથી તે પદાર્થ તરફના દ્રષ્ટિકોણ અને નિરીક્ષણબિંદુમાંથી પસાર થતાં સમક્ષિતિજ કિરણનાં યોગગણથી બનતાં ખૂણાને તે પદાર્થનો નિરીક્ષણબિંદુની સાપેક્ષે ઉત્સેધકોણ કહે છે.



✦ અવસેધ કોણ ✦

➢ નિરીક્ષણ હેઠળનો પદાર્થ જ્યારે નિરીક્ષકની આંખથી નીચે હોય પણ નિરીક્ષકની બિલકુલ નીચે ન હોય, ત્યારે નિરીક્ષણ બિંદુમાંથી પસાર થતાં સમક્ષિતિજ કિરણ અને નિરીક્ષણબિંદુથી તે પદાર્થ તરફના દ્રષ્ટિકિરણનાં યોગથી બનતાં ખૂણાને તે પદાર્થનો નિરીક્ષણ બિંદુની સાપેક્ષે અવસેધ કોણ કહે છે.



❖ **નોંધ :**

➢ કોઈ કાટકોણ ત્રિકોણ ΔABC માટે,



➢ $\sin\theta = \frac{\text{સા.બા}}{\text{કર્ણ}}$

➢ $\cos\theta = \frac{\text{પા.બા.}}{\text{કર્ણ}}$

➢ $\tan\theta = \frac{\sin\theta}{\cos\theta}$

$= \frac{\text{સા.બા.}}{\text{પા.બા.}}$

➢ $\sec\theta = \frac{1}{\cos\theta}$

➢ $\cot\theta = \frac{1}{\tan\theta}$

$= \frac{\cos\theta}{\sin\theta}$

➢ $\text{cosec}\,\theta = \frac{1}{\sin\theta}$

યામભૂમિતિ

- ફ્રેંચ તત્ત્વચિંતક અને ગણિતશાસ્ત્રી રેને 'દ' કાર્તેએ ગણિતશાસ્ત્રની એક ખૂબ જ મહત્ત્વની યામભૂમિતિ નામે ઓળખાતી શાખા વિકસાવી.
- યામભૂમિતિના જનક :- **રેને દ' કાર્તે**
- રેને 'દ' કાર્તેના માનમાં તેને કાર્તેઝિયન યામ પદ્ધતિ પણ કહે છે.





Ex-1 : બિંદુ (4, 3) કયા ચરણમાં આવે?

(A) પ્રથમ ચરણ
(B) દ્વિતીય ચરણ
(C) તૃતીય ચરણ
(D) ચતુર્થ ચરણ



∴ બિંદુ (4, 3) એ પ્રથમ ચરણમાં આવશે.

→ **જવાબ : (A) પ્રથમ ચરણ**

Ex-2 : બિંદુ (4, -3) કયા ચરણમાં આવે?

(A) પ્રથમ ચરણ
(B) દ્વિતીય ચરણ
(C) તૃતીય ચરણ
(D) ચતુર્થ ચરણ



∴ બિંદુ (4, -3) એ ચતુર્થ ચરણમાં આવશે.

→ **જવાબ : (D) ચતુર્થ ચરણ**

WebSankul

= 19 વર્ગ એકમ

→ **જવાબ : (A) 19 વર્ગ એકમ**

❖ **રેખાનો ઢાળ :**



ઢાળ (m) = $\frac{y_2-y_1}{x_2-x_1}$

❖ **રૈખિક સમીકરણ માટે,**

→ $ax + by + c = 0$

↓

$by = -ax - c$

$y = \left(-\frac{a}{b}\right)x + \left(-\frac{c}{b}\right)$

→ $y = mx + c$ ⟸ રેખાનું સ્વરૂપ

ઢાળ (m) = $-\frac{x \text{ નો ગુણાંક}}{y \text{ નો ગુણાંક}}$

Ex-11 : રેખા $y = 4x + 5$ નો ઢાળ શોધો.

(A) 9 **(B)** $\frac{4}{5}$ **(C) 4** **(D) 5**

→ $y = \textcircled{m}x + c$

$y = \textcircled{4}x + 5$

∴ ઢાળ $(m) = 4$

→ **જવાબ : (C) 4**

Ex-12 : બિંદુઓ (3, 4) તથા (4, 3) વડે બનતી રેખાનો ઢાળ શોધો.

(A) -1 **(B) 1** **(C) 2** **(D)** -2

→ ઢાળ $(m) = \frac{y_2-y_1}{x_2-x_1}$

$= \frac{3-4}{4-3}$

$= \frac{-1}{1}$

$= -1$

→ **જવાબ : (A)** -1

Ex-13 : રેખાઓ $ax + 5y = 8$ નો ઢાળ $-\frac{4}{3}$ હોય, તો a ની કિંમત શોધો.

(A) $\frac{20}{3}$ **(B)** $\frac{3}{20}$ **(C)** $\frac{-20}{3}$ **(D)** $\frac{-3}{20}$

→ ઢાળ $(m) = -\frac{x \text{ નો સહગુણક}}{y \text{ નો સહગુણક}}$

$-\frac{4}{3} = -\frac{a}{5}$

$-\frac{20}{3} = -a$

$\therefore a = \frac{20}{3}$

→ **જવાબ : (A)** $\frac{20}{3}$

✦ EXERCISE ✦

1) બિંદુ $(-2, -6)$ કયા ચરણમાં આવે?
(A) પ્રથમ (B) દ્વિતીય (C) તૃતીય (D) ચતુર્થ

2) બિંદુ $(-3, 4)$ કયા ચરણમાં આવે?
(A) પ્રથમ (B) દ્વિતીય (C) તૃતીય (D) ચતુર્થ

3) બિંદુ $(5, -6)$ કયા ચરણમાં આવે?
(A) પ્રથમ (B) દ્વિતીય (C) તૃતીય (D) ચતુર્થ

4) બિંદુ (6, 7) કયા ચરણમાં આવે?
(A) પ્રથમ (B) દ્વિતીય (C) તૃતીય (D) ચતુર્થ

5) બિંદુ (0, 1) કયાં સ્થાને આવે?
(A) x- અક્ષ પર (B) y- અક્ષ પર
(C) પ્રથમ ચરણ (D) ચતુર્થ ચરણ

6) નીચેનામાંથી કયાં બિંદુઓ તૃતીય ચરણમાં આવે?
(1) -3, 2 (2) -4, -4 (3) -6, -1 (4) 3, -2
(A) 1, 2, 4 (B) 2, 3
(C) 2, 3, 4 (D) 1, 2, 3

7) યામાક્ષોના છેદબિંદુના યામ _____ છે.
(A) (0, 1) (B) (1, 0) (C) (0, 0) (D) (0, 1)

8) બિંદુ (-2, 0) એ _____ પરનું બિંદુ છે.
(A) $\overrightarrow{OY}$ (B) $\overrightarrow{OX'}$ (C) પ્રથમ ચરણ (D) $\overline{XO}$

9) જો $x = 3$, $y = 2$, $u = -9$, $v = 13$ હોય, તો બિંદુ $(x + y, u + v)$ કયા ચરણમાં આવે?
(A) પ્રથમ (B) દ્વિતીય (C) તૃતીય (D) ચતુર્થ

10) ઉગમબિંદુ O ના, x − યામ અને y − યામ બંને _____ છે.
(A) 1 (B) -1 (C) 0 (D) 0.5

11) ત્રીજું ચરણ _____ નો અંદરનો ભાગ છે.
(A) ∠YOX′ (B) ∠X′OY′
(C) ∠Y′OX (D) ∠ XOY

આંકડા/માહિતીની પર્યાપ્તતા

- આંકડા કે માહિતીની પર્યાપ્તતા એટલે Data Sufficiency.
- આ પ્રકરણના પ્રશ્નોમાં સામાન્ય રીતે એક પ્રશ્ન તથા બે વિધાનો/કથનો આપેલા હોય છે.
- (☺ જો બકા ! ઘણી વખત ત્રણ-ચાર કથનો પણ જોવા મળે !)
- પ્રશ્નો સામાન્ય રીતે ક્ષેત્રફળ-ઘનફળ, અંકણિત, ભૂમિતિ, બિજગણિત વગેરે વિભાગમાંથી ગમે તે હોઈ શકે છે.
- આ પ્રકરણમાં આપણે ગણિત તથા રિજનીંગ બંને સંબંધીત પરીક્ષાઓમાં પૂછાતાં પ્રશ્નોને આવરી લીધા છે.
- આ પ્રશ્નોમાં આપણે પ્રશ્નને ધ્યાનપૂર્વક સમજીને આપેલા વિધાનો પર વિચારવાનું હોય છે અને નક્કી કરવાનું કે કયું વિધાન પ્રશ્નનો ઉકેલ આપવા માટે પર્યાપ્ત છે.
- વિકલ્પો ચાર કે પાંચ પણ હોઈ શકે છે. યોગ્ય અભ્યાસ કરીને જ નક્કી કરવું.

Ex-1 : લંબચોરસનું ક્ષેત્રફળ શોધો.

I. તેમની બાજુઓનો તફાવત 7 સેમી. છે.

II. તેના વિકર્ણની લંબાઇ 13 સેમી. છે.

(A) વિધાન-I એકલું જ પર્યાપ્ત છે, પણ વિધાન-II એકલું પર્યાપ્ત નથી.

(B) વિધાન-II એકલું જ પર્યાપ્ત છે, પણ વિધાન-I એકલું પર્યાપ્ત નથી.

(C) વિધાન-I અને II સાથે મળીને પર્યાપ્ત છે.

(D) વિધાન-I અને II સાથે મળીને પણ પર્યાપ્ત નથી.

- **સમજૂતી :-**

→ અહીં, વિધાન-I પરથી,

$l - b = 7$

∴ ફક્ત વિધાન-I પર્યાપ્ત નથી.

→ વિધાન-II પરથી,

વિકર્ણ $= \sqrt{l^2 + b^2}$

$13 = \sqrt{l^2 + b^2}$

$\therefore 169 = l^2 + b^2$

$\therefore (l - b)^2 + 2lb = 169$

∴ ફક્ત વિધાન-II પર્યાપ્ત નથી.

→ હવે, વિધાન-I અને II બંને પરથી,

$l - b = 7$ તથા $(l - b)^2 + 2lb = 169$

$\therefore (7)^2 + 2lb = 169$

$\therefore 49 + 2lb = 169$

$\therefore 2lb = 169 - 49$

$\therefore 2lb = 120$

$\therefore lb = \frac{120}{2}$

$= 60$

→ આમ, વિધાન (I) અને (II) બંને સાથે મળીને ઉત્તર આપવા માટે પર્યાપ્ત છે.

→ **જવાબ : (C) વિધાન-I અને II સાથે મળીને પર્યાપ્ત છે.**

Ex-2 : સંખ્યા શોધો.

I. બે સંખ્યાનો સરવાળો 8 છે તથા તેનો ગુણોત્તર 1 : 3 છે.

II. બે સંખ્યાનો ગુણોત્તર 12 છે તથા તેનો ભાગાકાર 3 છે.

(A) ફક્ત વિધાન-I પર્યાપ્ત છે.

(B) ફક્ત વિધાન-II પર્યાપ્ત છે.

(C) વિધાન-I અથવા વિધાન-II બંને સ્વતંત્ર રીતે પર્યાપ્ત છે.

(D) વિધાન-I અને વિધાન-II બંને માંથી એકપણ પર્યાપ્ત નથી.

- **સમજૂતી :-**

→ અહીં, વિધાન-I પરથી,

$x + y = 8$ તથા $\frac{x}{y} = \frac{1}{3}$

$\therefore y = 3x$ થાય.

→ હવે, $x + y = 8$

$\therefore x + 3x = 8$

$\therefore 4x = 8$

$\therefore x = 2$ તથા $y = 3x$

$y = 3(2)$

$y = 6$

∴ આમ, વિધાન-I પ્રશ્નનો જવાબ આપવા માટે પર્યાપ્ત છે.

→ વિધાન II પરથી,

$xy = 12$ તથા $\frac{x}{y} = \frac{3}{1}$

$\therefore x = 3y$ થાય.

→ હવે, $xy = 12$

$\therefore 3y(y) = 12$

$\therefore 3y^2 = 12$

$\therefore y^2 = \frac{12}{3}$

$= 4$

$\therefore y = 2$ તથા $xy = 12$

$x = \frac{12}{2}$

$x = 6$

→ આમ, વિધાન-II પ્રશ્નનો જવાબ આપવા માટે પર્યાપ્ત છે.

→ અહીં, વિધાન-I અથવા વિધાન-II બંને સ્વતંત્ર રીતે પ્રશ્નનો જવાબ આપવા માટે પર્યાપ્ત છે.

→ **જવાબ : (C) વિધાન-I અથવા વિધાન-II બંને સ્વતંત્ર રીતે પર્યાપ્ત છે.**

WebSankul

માહિતીનું વ્યવસ્થાપન / અર્થઘટન

- માહિતીનું વ્યવસ્થાપન એટલે Data Interpretation.
- આ પ્રકરણમાંથી સામાન્ય રીતે 3 થી 5 માર્કસમાં અલગ-અલગ પ્રશ્નો પૂછાય છે.
- આ પ્રકારના પ્રશ્નોમાં તમને અલગ-અલગ રીતે માહિતી આપેલી હોય છે. જે માહિતીના આધારે આપેલ પ્રશ્નોનાં જવાબ નક્કી કરવાના હોય છે.
- આ માહિતી સામાજિક, રાજનૈતિક, ભૌગોલિક, આર્થિક, ખગોળીય કે કોઈ સંસ્થાના ખર્ચ, ઉત્પાદન, આવક, વિસ્તાર વગેરેને સંબંધિત હોય છે.
- સામાન્ય રીતે આવા પ્રશ્નો પૂછવાનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓની તાર્કિક, વિશ્લેષણાત્મક તથા ગણતરી સંબંધિત ક્ષમતા તપાસવાનો હોય છે.
- આ માહિતી સામાન્ય રીતે નીચે મુજબ જોવા મળે છે :
  - I) ટેબલ (ચાર્ટ) સ્વરૂપે
  - II) પાઇ ચાર્ટ સ્વરૂપે
  - III) બાર ગ્રાફ સ્વરૂપે
  - IV) લાઈન ચાર્ટ સ્વરૂપે
- અમુક વખત આ માહિતી કોઈ ચાર્ટ કે ગ્રાફ સ્વરૂપે આપવાને બદલે સીધી જ પેરેગ્રાફ સ્વરૂપે પણ આપેલી હોય છે. જેના આધારે યોગ્ય વિશ્લેષણ કરીને ટેબલ કે ચાર્ટ બનાવવાથી આપેલ પ્રશ્નોનાં સરળતાથી ઉકેલ મેળવી શકતા હોય છે.

❖ **વિવિધ દેશો A,B C, D, E અને F માંથી આવેલા વિદ્યાર્થીઓએ એક વિશિષ્ટ સેમિનારમાં ભાગ લીધો છે. પાઇ ચાર્ટ દ્વારા દર્શાવવામાં આવ્યું છે કે કયા દેશમાંથી કેટલા વિદ્યાર્થીઓ આવેલા છે. તો આ માહિતીનો અભ્યાસ કરીને નીચે આપેલા પ્રશ્નોનાં જવાબ આપો.**



Ex-1 : વિદ્યાર્થીઓનો સૌથી મોટો સમૂહ કયા દેશમાંથી આવ્યો?

(A) A (B) D (C) B (D) E

→ અહીં, પાઇ ચાર્ટ દ્વારા સ્પષ્ટ છે કે સૌથી મોટો સમૂહ દેશ-B નો છે, જેમાં 30 વિદ્યાર્થીઓ છે.

→ **જવાબ : (C) B**

Ex-2 : દેશ-A દર્શાવતાં ક્ષેત્રનું કોણીય માપ કેટલું છે?

(A) 100° (B) 25° (C) 50° (D) 120°

→ અહીં, વર્તુળનું કુલ કોણીય માપ 360° છે.

કુલ વિદ્યાર્થીઓ = 25 + 30 + 15 + 5 + 10 + 5

= 90

∴ 90 વિદ્યાર્થી → 360°

25 વિદ્યાર્થી → ?

$$= \frac{360^\circ \times 25}{90}$$

$$= 100^\circ$$

→ **જવાબ : (A) 100°**

Ex-3 : આ સેમિનારમાં દેશ-Bના વિદ્યાર્થીઓ, દેશ-Eના વિદ્યાર્થીઓની તુલનામાં કેટલા ટકા વધુ છે?

(A) 40% (B) 20% (C) 18% (D) 200%

→ દેશ-Bના વિદ્યાર્થીઓ = 30

→ દેશ-Eના વિદ્યાર્થીઓ = 10

$$\text{વધારો}(\%) = \frac{30-10}{10} \times 100$$

$$= \frac{20}{10} \times 100$$

$$= 200\%$$

→ **જવાબ : (D) 200%**

Ex-4 : જો સેમિનાર માટે પરિવહન ખર્ચ કુલ રૂ. 9 લાખનો થયો હોય તથા ભોજનનો ખર્ચ પ્રતિ વિદ્યાર્થી રૂ.15000 નો થયો હોય, તો બધા વિદ્યાર્થીનો ભોજન ખર્ચ તથા પરિવહન ખર્ચનો ગુણોત્તર કેટલો થાય?

(A) 2 : 5 (B) 3 : 2 (C) 1 : 1 (D) 1 : 2

કુલ ભોજનનો ખર્ચ = 15000 × 90

= રૂ. 1350000

કુલ પરિવહન ખર્ચ = 900000

$$\text{ગુણોત્તર} = \frac{1350000}{900000}$$

$$= \frac{135}{90}$$

$$= \frac{3}{2}$$

= 3 : 2

→ **જવાબ : (B) 3 : 2**

❖ **કોઈ કંપનીને એક મહિનામાં કુલ રૂ.60,000નો ખર્ચ થાય છે. વિવિધ ક્ષેત્રમાં થતો ખર્ચ પાઇ-ચાર્ટ દ્વારા દર્શાવવામાં આવેલ છે. આ ચાર્ટની માહિતીનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરીને નીચેના પ્રશ્નોનાં યોગ્ય જવાબ આપો.**

WEBSANKUL



[કુલ ક્ષેત્રફળ = 7200 એકર]

17) વેરાન જમીન તથા ખેતી લાયક જમીનનો ગુણોત્તર કેટલો થાય?
(A) 3 : 2 (B) 1 : 2
(C) 4 : 3 (D) 3 : 1

18) જો ગામનું કુલ ક્ષેત્રફળ 7200 એકર હોય, તો ગૌચરણ માટે કેટલી જમીન રોકાયેલ છે?
(A) 1028 એકર (B) 5040 એકર
(C) 3600 એકર (D) 1400 એકર

19) કુલ જમીનનો કેટલા ટકા ભાગ ખેતીલાયક છે?
(A) 24% (B) 50%
(C) 25% (D) 90%

20) કુલ જમીનનો કેટલા એકર ભાગ વસ્તી ધરાવે છે?
(A) 1200 એકર (B) 1400 એકર
(C) 1028 એકર (D) 1650 એકર

❖ **આ પાઇ ચાર્ટમાં મકાન બનાવવા માટે થયેલ ખર્ચ દર્શાવાયો છે. આ ચાર્ટનો અભ્યાસ કરીને આપેલ પ્રશ્નોના યોગ્ય જવાબ આપો. (પ્ર.નં. 21 થી 22)**



[કુલ ખર્ચ = રૂ. 150000]

21) મજૂરી માટે કેટલા રૂપિયા ચૂકવવા પડ્યા?
(A) રૂ. 9000 (B) રૂ. 25000
(C) રૂ. 36000 (D) રૂ. 37500

22) બાંધકામ દરમિયાન લાકડાં માટે રૂપિયા ખર્ચવા પડ્યાં છે?
(A) રૂ. 15000 (B) રૂ. 20000
(C) રૂ. 12500 (D) રૂ. 13200

❖ **આ ચાર્ટમાં અલગ-અલગ વેપારીઓ એ કરેલ ચોખાનું વેચાણ દર્શાવવામાં આવેલું છે. જેનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરીને આપેલ પ્રશ્નોના જવાબ આપો. (પ્ર.નં. 23 થી 26)**



[કુલ ચોખા = 800 kg]

23) વેપારી C એ કરેલ ચોખાના વેચાણનું કોણીય માપ કેટલું થાય?
(A) 78.6° (B) 68.4° (C) 72.8° (D) 76°

24) વેપારી B, C અને D દ્વારા વેચેલ ચોખાની સરેરાશ (કિગ્રામાં) કેટલી થશે?
(A) 138 kg (B) 144 kg (C) 136 kg (D) 152 kg

25) વેપારી A અને B એ કરેલ વેચાણ તથા વેપારી D અને E એ કરેલ વેચાણ વચ્ચેનો તફાવત શોધો?
(A) 36 kg (B) 40 kg (C) 38 kg (D) 32 kg

26) વેપારી-B એ કરેલ વેચાણએ વેપારી-E એ કરેલ વેચાણ કરતાં કેટલા ટકા ઓછું છે?
(A) 25% (B) 20% (C) 15% (D) 30%

❖ **આપેલ પાઇ ચાર્ટમાં એક પ્રકાશક દ્વારા પુસ્તકને પ્રકાશિક કરવા માટે થયેલ ખર્ચ દર્શાવવામાં આવેલો છે. આ ચાર્ટનો અભ્યાસ કરીને આપેલ પ્રશ્નોના યોગ્ય જવાબ આપો. (પ્ર.નં. 27 થી 31)**



27) જો પુસ્તક પર જાહેરાત ખર્ચ રૂ. 5400 થયો હોય , તો કુલ ખર્ચ કેટલો થયો હશે?
(A) રૂ. 30,000 (B) રૂ. 25000
(C) રૂ. 28000 (D) રૂ. 32000

28) વેપારી દ્વારા પ્રથમ વખત કુલ 500 નકલો તૈયાર કરવામાં આવી હોય, તો એક નકલ તૈયાર કરવાનો ખર્ચ કેટલો થયો હોય?
(A) રૂ. 30 (B) રૂ. 60 (C) રૂ. 80 (D) રૂ. 68

29) છાપણી ખર્ચ અને રોયલ્ટીનો ગુણોત્તર કેટલો થશે?
(A) 3 : 7 (B) 7 : 3 (C) 7 : 1 (D) 1 : 7

30) કુલ ખર્ચમાંથી કેટલા રૂપિયા કાગળ માટે ખર્ચ થયા?
(A) રૂ. 3800 (B) રૂ. 4000
(C) રૂ. 4500 (D) રૂ. 5000



43) કયાં દેશનો જન્મદર જર્મની કરતાં 25% વધુ છે?
(A) ન્યૂઝીલેન્ડ (B) ઇંગ્લેન્ડ (C) ભારત (D) ચીન

44) ભારતમાં જન્મદર ઇંગ્લેન્ડના જન્મદરના કેટલાં ટકા છે?
(A) 10% (B) 50% (C) $66\frac{2}{3}$ % (D) $33\frac{1}{3}$ %

45) ભારતના જન્મદર અને સ્વીડનના જન્મદરનો ગુણોત્તર કેટલો થાય?
(A) 11 : 5 (B) 5 : 11 (C) 2 : 3 (D) 5 : 16

46) સ્વીડન, જર્મની, ભારત અને ચીનનો સરેરાશ જન્મદર કેટલો થાય?
(A) 24 (B) 28 (C) 32 (D) 26

❖ **વર્ષ 1970 થી 1982 સુધીના ઘઉંના ઉત્પાદનની માહિતી નીચે સ્તંભાલેખ (બારગ્રાફ) માં આપવામાં આવેલી છે. આ માહિતીનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરીને નીચે આપેલ પ્રશ્નોના યોગ્ય જવાબ આપો. (પ્ર.નં. 47 થી 50)**



47) વર્ષ-1974 માં થયેલ ઉત્પાદન એ બધા વર્ષમાં થયેલ સરેરાશ ઉત્પાદનના કેટલા ટકા છે?
(A) 190% (B) 85% (C) 115 % (D) 125 %

48) કયા વર્ષમાં આગળના વર્ષ કરતાં સૌથી વધારે ઘઉંનું ઉત્પાદન થયું છે?
(A) 1982 (B) 1973 (C) 1975 (D) 1974

49) વર્ષ-1982 માં ઉત્પાદન, 1981 માં થયેલ ઉત્પાદન કરતાં કેટલા ટકા વધારે છે?
(A) 25% (B) 6% (C) 125% (D) 80%

50) વર્ષ-1976 માં થયેલ ઉત્પાદન એ 1971 માં થયેલ ઉત્પાદન કરતાં અંદાજીત કેટલા ગણું છે?
(A) 0.31 (B) 3.23
(C) 1.68 (D) 2.41

❖ **નીચે દર્શાવેલ બાર ગ્રાફમાં એક અઠવાડિયા દરમિયાન એક મોલ દ્વારા વેચાણ કરવામાં આવેલ ટી-શર્ટની સંખ્યા દર્શાવવામાં આવેલી છે. આ ગ્રાફ નો અભ્યાસ કરીને નીચે આપેલ પ્રશ્નોના જવાબ આપો. (પ્ર.નં. 51 થી 52)**



51) અઠવાડિયામાં કુલ કેટલાં ટી-શર્ટ વેચાયાં?
(A) 850 (B) 900
(C) 950 (D) 1000

52) લઘુત્તમ અને મહત્તમ વેચાણનો ગુણોત્તર કેટલો થાય?
(A) 1 : 2 (B) 1 : 4
(C) 1 : 3 (D) 1 : 1

❖ **નીચે આપેલ બાર ગ્રાફનો અભ્યાસ કરીને આપેલ પ્રશ્નોના યોગ્ય જવાબ આપો. (પ્ર.નં. 53 થી 57)**



53) વર્ષ-2003, 2005 અને 2006 માં યુનિવર્સિટી 'B' માંથી પાસ થનાર વિદ્યાર્થીઓની કુલ સંખ્યા કેટલી થાય?
(A) 80000 (B) 60000
(C) 50000 (D) 75000

54) યુનિવર્સિટી-B માં વર્ષ 2007, 2008 અને 2004 માં પાસ થયેલ વિદ્યાર્થીઓનો ગુણોત્તર કેટલો થશે?
(A) 6 : 5 : 3 (B) 6 : 3 : 5
(C) 3 : 5 : 6 (D) 6 : 3 : 3

❖ નીચે આપેલા પત્રકમાં 5 પ્રકારના સ્ટોર્સ P, Q, R, S અને T દ્વારા 5 મહિના દરમ્યાન વેચવામાં આવેલ પુસ્તકોની વિગતો આપેલી છે. આ પત્રકનો અભ્યાસ કરી તેમાં આપેલી માહિતીનો ઉપયોગ કરી આપેલા પ્રશ્નોના જવાબ આપો. (પ્ર.નં. 92 થી 96)

Stores → Month ↓	P	Q	R	S	T
March	115	253	187	230	175
Apr l	200	211	234	145	214
May	310	215	188	190	276
June	120	243	300	175	182
July	140	140	180	190	420

92) સ્ટોર P દ્વારા મે મહિનામાં વેચવામાં આવેલ પુસ્તકોની સંખ્યા, સ્ટોર T દ્વારા જુલાઈમાં વેચવામાં આવેલ પુસ્તકોની સંખ્યા કરતાં આશરે કેટલા ટકા ઓછી છે?
(A) 26% (B) 36%
(C) 46% (D) ઉપરના પૈકી કોઈ નહ

93) સ્ટોર P દ્વારા એપ્રિલ અને જૂનમાં વેચવામાં આવેલ કુલ પુસ્તકો અને સ્ટોર T દ્વારા મે અને જુલાઈમાં વેચવામાં આવેલ કુલ પુસ્તકોનો ગુણોત્તર આશરે કેટલો છે?
(A) 5 : 16 (B) 5 : 13 (C) 5 : 11 (D) 5 : 9

94) જો સ્ટોર્સ Q, S અને T દ્વારા એપ્રિલમાં વેચેલ કુલ પુસ્તકો પૈકી 30% પુસ્તકો શૈક્ષણિક પ્રકારના હોય તો, આ જ સ્ટોર્સ દ્વાર આ જ મહિના દરમ્યાન વેચેલ કુલ બિન શૈક્ષણિક પાઠ્યપુસ્તકોની સંખ્યા કેટલી હશે?
(A) 389 (B) 413
(C) 399 (D) ઉપરના પૈકી કોઈ નહ

95) સ્ટોર R દ્વારા એપ્રિલ, જૂન અને જુલાઈ માં વેચેલ કુલ પુસ્તકોની સરેરાશ કેટલી?
(A) 238 (B) 241
(C) 243 (D) ઉપરના પૈકી કોઈ નહ

96) સ્ટોર Q દ્વારા મે અને જુલાઈમાં વેચેલ કુલ પુસ્તકો અને સ્ટોર S દ્વારા માર્ચ અને જૂનમાં વેચવામાં આવેલ કુલ પુસ્તકોનો તફાવત કેટલો છે?
(A) 60 (B) 85
(C) 143 (D) ઉપરના પૈકી કોઈ નહ

❖ એક કંપની દ્વારા આપેલા વર્ષોમાં વિવિધ પ્રકારની બેટરીઓના વેચાણની માહિતીનો અભ્યાસ કરી આપેલા પ્રશ્નોના જવાબ આપો. (પ્ર.નં. 97 થી 100)

વર્ષ	બેટરીનો પ્રકાર					
	4AH	7AH	32AH	35AH	55AH	કુલ
2000	75	144	114	102	108	543
2001	90	126	102	84	126	528
2002	96	114	75	105	135	525
2003	105	90	150	93	76	514
2004	90	77	134	69	99	469
2005	107	60	165	45	121	498
2006	115	85	160	100	145	605

97) 55 AH બેટરીના વેચાણમાં વર્ષ 2000 ને સાપેક્ષ વર્ષ 2006 માં આશરે કેટલા ટકા વધારો થયો?
(A) 31% (B) 32%
(C) 33% (D) 34%

98) આપેલા તમામ વર્ષોમાં 32 AH બેટરીના કુલ વેચાણ ને સાપેક્ષ 55 AH બેટરીનું તમામ વર્ષોમાં કુલ વેચાણ કેટલા ટકા હતું?
(A) 70% (B) 90%
(C) 95% (D) આમાનું એક પણ નહીં.

99) આ માહિતીનો બહુલક કેટલો થશે?
(A) 75000 (B) 105000
(C) 90000 (D) 60000

100) આપેલા વર્ષોમાં થયેલ વેચાણની દ્રષ્ટિએ કઇ બેટરી સૌથી વધુ એકધારું (Consistent) રહ્યું છે?
(A) 4AH (B) 7AH
(C) 35AH (D) 55AH

❖ નીચેના આલેખોનો અભ્યાસ કરી પ્રશ્નોના જવાબ આપો. (પ્ર.નં. 101 થી 105)





130) જો ધોરણ 10 માં વિદ્યાર્થીઓની સંખ્યા 100 હોય તો, ધોરણ 8 ની છોકરીઓ અને ધોરણ 6 ની છોકરીઓની સંખ્યાના તફાવત કરતા, ધોરણ 10 ના છોકરાઓ અને ધોરણ 9 ના છોકરાઓની સંખ્યાનો તફાવત કેટલો ઓછો છે?

(A) 25 (B) 40
(C) 45 (D) ઉપરના પૈકી એક પણ નહીં.

131) ધોરણ 7, 8 અને 9 માં વિદ્યાર્થીઓની કુલ સંખ્યા કેટલી છે?

(A) 925 (B) 746
(C) 825 (D) ઉપરના પૈકી એક પણ નહીં.

❖ **નીચેની માહિતીનો અભ્યાસ કરી પ્રશ્નોના જવાબ આપો. (પ્ર.નં. 132 થી 135)**

→ S, P, R ,K અને G એ પાંચ વ્યક્તિઓ છે. તે પૈકી બે ડૉકટર છે, જ્યારે બાકીના ત્રણ એન્જિનીયર, આર્કિટેક્ટ અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે. ડૉકટર અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દરેક પાસે સમાન કાર ઈન્ડિકા છે. બાકીના ત્રણ પાસે સિટી, સિયાઝ અને વેરના એમ ત્રણ કાર છે. આ પાંચ પૈકીના બે મુંબઈમાં રહે છે. જ્યારે બાકીન ત્રણ જુદા શહેર દિલ્હી, પૂણે અને બેંગ્લોરમાં રહે છે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ સૌથી ઊંચો છે, જ્યારે ઈ એન ટી ડૉકટર સૌથી નીચો છે. બીજો ડૉકટર આંખોનો સ્પેશિયાલિસ્ટ છે. જે ઊંચાઇ મુજબ એન્જિનીયર અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ વચ્ચે આવે છે. K આંખોનો સ્પેશિયાલિસ્ટ છે. અને તેની પાસે ઈન્ડિકા છે, જ્યારે G દિલ્હીમાં રહે છે. અને તેની પાસે સિટી છે. P બેંગ્લોરમાં રહે છે, જ્યારે S મુંબઈમાં રહે છે અને તે ઈ એન ટી છે.

132) P નો વ્યવસાય કયો છે?

(A) ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (B) ડૉકટર
(C) એન્જિનીયર (D) એકાઉન્ટન્ટ

133) R પાસે કઈ કાર છે?

(A) ઈન્ડિક (B) સિટી (C) સિયાઝ (D) વેરન

134) આ પાંચમાં સૌથી ઊંચો કોણ છે?

(A) R (B) S
(C) P (D) ઉપરના પૈકી કોઇ નહીં.

135) પૂણેમાં કોણ રહે છે?

(A) S (B) P (C) K (D) R

❖ **નીચે આપેલી માહિતીનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરીને આપેલ પ્રશ્નોના યોગ્ય જવાબ આપો. (પ્ર.નં. 136 થી 138)**

- B અને E નાટ્યશાસ્ત્ર અને કમ્પ્યૂટર વિજ્ઞાનમાં હોંશિયાર છે.
- A અને B કમ્પ્યૂટર વિજ્ઞાન અને ભૌતિક શાસ્ત્રમાં હોંશિયાર છે.
- A, D અને C ભૌતિક વિજ્ઞાન અને ઈતિહાસમાં હોંશિયાર છે.
- C અને A ભૌતિક વિજ્ઞાન અને ગણિતમાં હોંશિયાર છે.
- D અને E ઈતિહાસ તથા નાટ્યશાસ્ત્રમાં હોંશિયાર છે.

136) ભૌતિક વિજ્ઞાન, નાટ્યશાસ્ત્ર અને ઈતિહાસમાં કોણ હોંશિયાર છે?

(A) A (B) B
(C) D (D) E

137) કોણ ભૌતિક વિજ્ઞાન, ઈતિહાસ અને ગણિતમાં હોંશિયાર છે, પરંતુ કમ્પ્યૂટર વિજ્ઞાનમાં હોંશિયાર નથી?

(A) A (B) B (C) C (D) D

138) કમ્પ્યૂટર વિજ્ઞાન, ઈતિહાસ અને નાટ્યશાસ્ત્રમાં કોણ હોંશિયાર છે?

(A) A (B) B (C) C (D) E

❖ **નીચેની માહિતી વાંચો અને નીચેના પ્રશ્નોના જવાબ આપો. (પ્ર.નં. 139 થી 142)**

જુદા-જુદા રંગોના સાત બોક્સ-લાલ, નારંગી, પીળો, લીલો, કાળો, વાદળી અને લીલો-એક ઉપર એક મૂકવામાં આવ્યા છે. જે તે જ ક્રમમાં મુકેલ હોય તે જરૂરી નથી. પ્રત્યેક બોકસને 101, 121, 151, 191, 231, 221 અને 225 એમ અલગ અલગ નંબર આપેલા છે, જે તે જ ક્રમમાં હોય તે જરૂરી નથી. નીલા રંગના બોક્સ અને 221 નંબરના બોકસની વચ્ચે માત્ર 03 બોક્સ મુકેલા છે. નીલા રંગન બોક્સ અને નારંગી રંગના બોક્સ વચ્ચે બે બોક્સ મુકેલા છે. નારંગ રંગનું બોક્સ 221 નંબરના બોકસની નીચે ક્યાંક મુકેલ છે. નારંગ રંગના બોક્સ અને 121 નંબરના બોકસની વચ્ચે માત્ર 01 બોક્સ મુકેલા છે. કાળા રંગનું બોક્સ 225 નંબરના બોકસની તરત નીચે અને 221 નંબરના બોકસની તરત ઉપર મૂકેલું છે. કાળા રંગન બોક્સ અને વાદળી રંગના બોક્સ અને બોક્સ નંબર 101 વચ્ચે માત્ર એક બોક્સ છે. કાળા રંગના બોકસને આપેલ નંબર 191 કે 231 નથી. 151 નંબરના બોક્સ અને વાદળી રંગના બોક્સ વચ્ચે માત્ર બે બોક્સ છે. વાદળી રંગના બોક્સ અને તેની તરત નીચે મુકેલ બોકસને આપેલ નંબર વચ્ચેનો તફાવત 80 કરતાં ઓછો છે. પીળ રંગનું બોક્સ સૌથી ઉપર નથી. પીળા રંગના બોકસનો નંબર 121 નથી. પીળા રંગના બોકસ અને લાલ રંગના બોક્સ વચ્ચે માત્ર 02 બોક્સ મુકેલા છે.

139) નીચે આપેલા ચાર વિકલ્પો પૈકી કોઇ ત્રણ એક ચોક્કસ રીતે સરખાં છે. અને એક સમૂહ બનાવે છે. તે પૈકી કયો વિકલ્પ તે સમૂહમાં આવતો નથી ?

(A) નારંગી રંગનું બોક્સ 121 (B) પીળા રંગનું બોક્સ 191
(C) લાલ રંગનું બોક્સ 231 (D) કાળા રંગનું બોક્સ 101

140) આપેલી બોકસની ગોઠવણીમાં લીલા રંગના બોકસની સ્થિતિ કઇ છે?

(A) ઉપરથી પ્રથમ
(B) નીચેથી બીજું
(C) ઉપરથી ચોથું
(D) ઉપરોક્ત પૈકી કોઇ નહીં.

141) નીચે પૈકી કયા બોકસને નંબર 231 આપેલો છે?

(A) વાદળી (B) નારંગ
(C) લાલ (D) નીલો

142) કાળારંગના બોક્સ અને 121 નંબરના બોકસની વચ્ચે કેટલા બોક્સ મૂકેલા છે?

(A) એક (B) બે
(C) ત્રણ (D) ત્રણ કરતાં વધારે

60 માપનના ૮૮ એકમો

- વિદ્યાર્થી મિત્રો, તમે ઘણી વખત જોયું હશે કે, દરેક પરીક્ષામાં એકાદ – બે પ્રશ્ન માપન તથા તેના એકમ પર આધારિત હોય છે.
- આ પ્રકરણમાં આપણે લંબાઈ, વજન, કદ, ખૂણા, દબાણ, ક્ષેત્રફળ, તાપમાન વગેરેના એકમોનો અભ્યાસ કરીશું.

✦ લંબાઈના વિવિધ એકમો ✦

- 1 કિલોમીટર = 1000 મીટર
- 1 કિલોમીટર = 0.621371 માઇલ
- 1 કિલોમીટર = 0.539957 નોટિકલ માઇલ
- 1 મીટર = 100 સે.મી.
- 1 મીટર = 1000 મિલીમીટર
- 1 મીટર = 10^6 માઇક્રોમીટર
- 1 મીટર = 10^9 નેનોમીટર
- 1 મીટર = 1.09361 વાર
- 1 મીટર = 3.280 84 ફૂટ
- 1 મીટર = 39.3701 ઇંચ
- 1 સેમી.= 10 મિલીમીટર
- 1 સે.મી. = 0.39 ઇંચ
- 1 મિલીમીટર = 1000 માઇક્રોમીટર
- 1 યાર્ડ = 91.44 સેમી.
- 1 વાર = 3 ફૂટ
- 1 વાર = 36 ઇંચ
- 1 વાર = 0.914 મીટર
- 1 ફૂટ = 12 ઇંચ
- 1 ઇંચ = 2.54 સેમી.
- 1 ઇંચ = 0.0254 મીટર
- 1 માઇલ = 1.61 કિલોમીટર
- 1 નોટિકલ માઇલ = 185200 સેમી.
- 1 માઇલ = 1609 મીટર
- 1 માઇલ = 5280 ફૂટ
- 1 માઇલ = 1760 વાર
- 1 યાર્ડ = 3 ફૂટ = 36 ઇંચ

✦ વજનના વિવિધ એકમો ✦

- 1 ક્વિન્ટલ = 5 મણ
- 1 ક્વિન્ટલ = 100 કિલોગ્રામ
- 1 ટન = 10 ક્વિન્ટલ
- 1 કિગ્રા = 1000 ગ્રામ
- 1 કિગ્રા = 10^6 મિલીગ્રામ
- 1 કિગ્રા = 10^9 માઇક્રોગ્રામ
- 1 કિગ્રા = 2.20462 પાઉન્ડ
- 1 કિગ્રા = 35.274 ઔંસ
- 10 ડેસિગ્રામ = 1 ગ્રામ
- 10 ગ્રામ = 1 ડેકાગ્રામ
- 10 મિલીગ્રામ = 1 સેન્ટિગ્રામ
- 10 સેન્ટિગ્રામ = 1 ડેસીગ્રામ
- 1 મેટ્રિક ટન = 1000 કિગ્રા.
- 1 ટન = 1000 કિગ્રા.
- 1 ટન = 2204.62 પાઉન્ડ
- 1 ટન = 35274 ઔંસ
- 1 ઇમ્પિરિયલ ટન = 1016.05 કિગ્રા.
- 1 ઇમ્પિરિયલ ટન = 2240 પાઉન્ડ
- 1 સ્ટોન = 6.35 કિગ્રા. = 14 પાઉન્ડ = 224 ઔંસ
- 1 પાઉન્ડ = 0.453592 કિગ્રા. = 16 ઔંસ
- 1 ક્વાર્ટર = 28 પાઉન્ડ
- 1 તોલા = 11.66 ગ્રામ
- 1 હન્ડ્રેડવેઇટ = 4 ક્વાર્ટર

✦ ક્ષેત્રફળના વિવિધ એકમો ✦

- 1 હેક્ટર = 0.01 ચો.કિમી.
- 1 હેક્ટર = 10000 ચો.મી.
- 1 હેક્ટર = 107639 ચો.ફૂટ
- 1 હેક્ટર = 100 અર
- 1 હેક્ટર = 2.471 એકર
- 1 હેક્ટર = 6.25 વિઘા
- 1 એકર = 2.5 વિઘા = 40 ગૂંઠા
- 1 એકર = 0.404686 હેક્ટર
- 1 એકર = 4046.86 ચો.મી.
- 1 અર = 100 ચો.મી.
- 1 ચો.કિમી. = 10^6 ચો.મી.
- 1 ચો.કિમી. = 100 હેક્ટર
- 1 ચો.કિમી. = 247.105 એકર
- 1 ચો.માઇલ = 2.5899 ચો.કિમી.

1500 + પૂછાયેલા પ્રશ્નોનું PDF સોલ્યુશન



PDF

Video

WEBSANKUL®
PUBLICATION

બીજી આવૃત્તિ

રિઝનિંગ

તાર્કિક ક્ષમતા

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ, જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ, લોકરક્ષક ભરતી બોર્ડ તથા પોલીસ ભરતી બોર્ડ ઉપરાંત કેન્દ્ર સરકાર દ્વારા આયોજિત SSC, Bank Clerk, PO, MTS, Railway, Army, AirForce, Navy વગેરે જેવી તમામ પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી



- અગાઉની પરીક્ષામાં પૂછાયેલ તમામ પ્રશ્નોનો સમાવેશ
- શોર્ટટ્રિક્સ તેમજ પાયાની સમજ સાથે સરળ સમજૂતી
- દરેક પ્રકારના અંતે પ્રેક્ટિસ પ્રશ્નોનો સમજૂતી સાથે સમાવેશ
- પરીક્ષાલક્ષી તમામ ટોપીકની ઝીણવટપૂર્વક વિસ્તૃત સમજૂતી
- બદલાયેલ પરીક્ષા પદ્ધતિને અનુરૂપ તૈયાર કરેલ પરીક્ષાલક્ષી પુસ્તક

સંપાદક : અભિજીત ગઢવી

લેખક : વિશાલ ખોડીફાડ

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ, જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ, લોકરક્ષક ભરતી બોર્ડ તથા પોલીસ ભરતી બોર્ડ ઉપરાંત કેન્દ્ર સરકાર દ્વારા આયોજિત SSC, Bank Clerk, PO, MTS, Railway, Army, AirForce, Navy વગેરે જેવી તમામ પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી

રિઝનિંગ



સંપાદક

અભિજીત ગઢવી

WEBSANKUL PUBLICATION

305, Shalin Galleria Complex, Sangeet Cir G1,

Gandhinagar (Gujarat) - 382006

HelpLine No : 77 77 99 13 48

પ્રસ્તાવના

यथा शिखा मयूराणां, नागानां मणयो यथा ।
तद् वद् वेदाङ्गशास्त्राणां गणितं मूर्धनि स्थितम् ॥

જેવી રીતે મોરના મસ્તક ઉપર કલગી હોય છે અને સાપના મસ્તક ઉપર મણિ હોય છે,તેવી જ રીતે બધાં શાસ્ત્રોમાં પણ ગણિત સર્વશ્રેષ્ઠ છે.

વિદ્યાર્થી મિત્રો,

વર્તમાન યુગમાં ગણિત એ માનવ જીવનનો અભિન્ન ભાગ છે. ગણિત ઉપરથી ઊતરી આવેલું તર્કશાસ્ત્ર (રિઝનિંગ) પણ ખૂબ જ મહત્ત્વનું છે, એટલે જ આ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં તર્કશાસ્ત્રના પ્રશ્નોનું ભારણ વધતું જાય છે. તેથી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કરવા રિઝનિંગનો યોગ્ય સમજૂતી સાથે અભ્યાસ કરવો ખૂબ જરૂરી બની જાય છે.

મિત્રો, આપ જ્યારે સ્પર્ધાત્મક પરીક્ષારૂપી આકાશમાં ઉડાન ભરવા પ્રયત્નો કરી રહ્યા છો, ત્યારે તમને આ ઉડાન ભરવામાં અમારું આ પુસ્તક " asonin " પાંખ બનીને મદદરૂપ નીવડશે, તેવા હેતુથી asonin નું આ પુસ્તક આપની સમક્ષ મૂકતાં અમે હર્ષની લાગણી અનુભવી રહ્યાં છીએ.

સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં બદલાતા જતા અભ્યાસક્રમ અને વધતી જતી સ્પર્ધાના સમયમાં અમે asonin વિષયના અભ્યાસક્રમને મહદંશે આવરી લેવાનો પ્રયાસ કર્યો છે. આ પુસ્તકમાં વર્તમાન પરીક્ષા પદ્ધતિને ધ્યાનમાં રાખીને સરળતાથી સમજી શકાય તેવી પાયાની પદ્ધતિસર સમજ, ઝડપી ઉકેલ માટે short trick, અગાઉની પરીક્ષાઓમાં પુછાયેલા પ્રશ્નો અને આવનારી પરીક્ષાઓમાં કેવા પ્રશ્નો પુછાઈ શકે તેને આવરી લેવામાં આવ્યા છે, જેથી તૈયારી કરનાર ઉમેદવારોની મૂંઝવણો દૂર થાય. આશા રાખું છું કે, અમારો આ પ્રયાસ (પુસ્તક) વિદ્યાર્થીઓને તેમની સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીમાં ખૂબ જ ઉપયોગી નીવડશે.

આ પુસ્તકને તૈયાર કરવામાં મને મદદ કરનાર કૌશિક ચૌહાણ અને સંપૂર્ણ WebSankul Publication ની ટીમનો હું હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરુ છું. તેમની અથાક મહેનતના કારણે જ ખૂબ જ ટૂંકા સમયમાં આ પુસ્તક તમારી સમક્ષ રજૂ કરવામાં સફળ થયેલ છીએ, છતાં આ બાબતે કોઈ ત્રુટિ રહી ગઈ હોય અથવા અન્ય કોઈ સૂચનો, પ્રતિભાવો હોય તો તે હંમેશાં આવકાર્ય રહેશે.

સંપાદક
અભિજીત ગઢવી

લેખક
વિશાલ ખોડીફાડ

INDEX

1.	ઘડિયાળ	1
2.	રોમન અંક	10
3.	દિશા અને અંતર	12
4.	ક્રમ કસોટી	22
.	બેઠક વ્યવસ્થા	28
6.	કેલેન્ડર	3
.	કોડિંગ ડિકોડિંગ	0
8.	મૂળાક્ષર શ્રેણી	60
9.	સંખ્યા શ્રેણી	6
10.	શબ્દ નિર્માણ	6
11.	શબ્દનો તાર્કિકક્રમ	80
12.	ગાણિતિક સાદુંરૂપ	86
13.	વર્ગીકરણ	90
14.	સમસંબંધ	96
1 .	લોહીનો સંબંધ	103
16.	તાર્કિક કોયડાઓ	111
1 .	તુલનાત્મક કોયડાઓ	11
18.	સંખ્યા આધારિત કોયડાઓ	121
19.	તાર્કિક વેન આકૃતિ	126
20.	પાસા	134
21.	જલ પ્રતિબિંબ	144
22.	દર્પણ પ્રતિબિંબ	148

23. ખૂટતા અંક (લુપ્ત સંખ્યા)..... 1 3

24. ભૌમિતિક આકારોની ગણતરી..... 162

2 . ક્રમચય સંચય..... 169

26. સંભાવના..... 180

● પુછાયેલા પ્રશ્નો

⇒ પોલીસ ભરતી બોર્ડ..... 194

⇒ ગૌણ સેવા..... 204

⇒ પંચાયત સેવા..... 221

⇒ ડેપો મેનેજર..... 224

1 ઘડિયાળ

→ આ પ્રકરણમાં આપણે ઘડિયાળ પર આધારીત પ્રશ્નોને ઉકેલવાની પદ્ધતિઓ જોઈશું.

→ સામાન્ય રીતે, ઘડિયાળ બે પ્રકારની જોવા મળે છે : (A) એનાલૉગ ઘડિયાળ (B) ડિજિટલ ઘડિયાળ

- ડિજિટલ ઘડિયાળમાં સમય આંકડાઓમાં તથા બે કોલમમાં જોવા મળે છે. (કલાક, મિનિટ)



- એનાલૉગ ઘડિયાળમાં 1 થી 12 સુધીની સંખ્યાઓ અંકિત કરેલી હોય છે. ઘણીવાર આ આંકડો રોમન અંકોમાં પણ હોય છે.
- જેમાં સામાન્ય રીતે કલાક કાંટો અને મિનિટ કાંટો જોવા મળે છે.
- અમૂક ઘડિયાળમાં સેકન્ડ કાંટો પણ જોવા મળે છે.



→ ઘડિયાળમાં કુલ ખૂણાનું માપ (પરિભ્રમણ) 360° હોય છે.

→ **<u>યાદ રાખો</u> :-** $2\pi = 360^\circ$, $\pi = 180^\circ$

- ઘડિયાળના અભ્યાસને "હોરોલોજી" કહેવાય.

✦ પરિભ્રમણ ✦

કલાક કાંટો	મિનિટ કાંટો
કલાક કાંટો 12 કલાકમાં એક ચક્કર પૂર્ણ કરે છે. ∴ 12 કલાકમાં પરિભ્રમણ $= 360^\circ$	મિનિટ કાંટો એક કલાકમાં એક ચક્કર પૂર્ણ કરે છે. ∴ 1 કલાક (60 મિ.) માં પરિભ્રમણ $= 360^\circ$
1 કલાકમાં પરિભ્રમણ 12 કલાક ⟶ 360° 1 કલાક ⟶ ? $= \frac{360^\circ}{12}$ $= 30^\circ$	**5 મિનિટમાં પરિભ્રમણ** 60 મિનિટ ⟶ 360° 5 મિનિટ ⟶ ? $= \frac{360^\circ \times 5}{60}$ $= 30^\circ$
5 મિનિટમાં પરિભ્રમણ 60 મિનિટ ⟶ 30° 5 મિનિટ ⟶ ? $= \frac{5 \times 30^\circ}{60}$ $= 2.5^\circ$	**1 મિનિટમાં પરિભ્રમણ** 60 મિનિટ ⟶ 360° 1 મિનિટ ⟶ ? $= \frac{360^\circ}{60}$ $= 6^\circ$
1 મિનિટમાં પરિભ્રમણ 60 મિનિટ ⟶ 30^0 1 મિનિટ ⟶ ? $= \frac{30^\circ}{60}$ $= \frac{1^\circ}{2}$ અથવા 0.5^0	———

→ આમ, કલાક કાંટો એક મિનિટમાં 0.5°, જ્યારે મિનિટ કાંટો 6° પરિભ્રમણ કરે છે.

→ મિનિટ કાંટો કલાક કાંટા કરતાં 12 ગણો ઝડપી પરિભ્રમણ કરે છે.

→ સેકન્ડ કાંટો 60 સેકન્ડ (1 મિનિટ)માં 366° પરિભ્રમણ કરે.

Ex-1 : બપોરે 3:00 વાગ્યાથી શરૂ કરીને સાંજના 6:30 વાગ્યા સુધીમાં કલાક કાંટાએ કેટલું પરિભ્રમણ કર્યું હોય?

રીત : 1

→ 3 થી 6:30 એટલે કુલ 3 કલાક અને 30 મિનિટ

∴ 3 કલાકમાં પરિભ્રમણ $= 3 \times 30^\circ$

$= 90^\circ$

∴ 30 મિનિટમાં પરિભ્રમણ $= 30 \times \frac{1^\circ}{2}$

$= 15^\circ$

આમ કુલ પરિભ્રમણ $= 90^0 + 15^0$

$= 105^0$

રીત : 2

→ 3 થી 6:30 એટલે કુલ 210 મિનિટ

∴ 1 મિનિટમાં પરિભ્રમણ ⟶ 0.5°

210 મિનિટમાં પરિભ્રમણ ⟶ ?

$= 210 \times 0.5^\circ$

$= 105^\circ$

Ex-2 : 12:00 વાગ્યાથી શરૂ કરીને 4:20 સુધીમાં કલાક કાંટાએ કેટલું પરિભ્રમણ કર્યું હોય?

રીત : 1

→ 12 થી 4:20 એટલે કુલ 4 કલાક અને 20 મિનિટ

∴ 4 કલાકમાં પરિભ્રમણ $= 4 \times 30^\circ$

$= 120^\circ$

∴ 20 મિનિટમાં પરિભ્રમણ $= 20 \times \frac{1^\circ}{2}$

$= 10^\circ$

આમ કુલ પરિભ્રમણ $= 120^\circ + 10^\circ$

$= 130^\circ$

WEBSANKUL

→ આમ, 12 કલાકમાં બંને કાંટા 11 વખત ભેગા થાય તથા 11 વખત સામ-સામે આવે, તેથી 12 કલાકમાં કુલ 22 વખત બંને કાંટા સુરેખ સ્થિતિ (સુરેખા)માં આવે.

→ આ ઉપરાંત આપણે નીચે મુજબની રીતથી પણ સમજી શકીએ.



→ 12 વાગ્યે બંને કાંટા ભેગા થાય. તેથી આજુબાજુના કલાકમાં (11 થી 12 અને 12 થી 1) ભેગા ન થાય, પરંતુ સામ-સામે આવે.

→ તે જ રીત 6 વાગ્યે બંને કાંટા સામ-સામે આવે, તેથી આજુબાજુના કલાકમાં (5 થી 6 અને 6 થી 7) સામ-સામે ન આવે, પરંતુ ભેગા તો થાય જ.

→ અન્ય દર એક કલાકના સમયગાળામાં 1 વખત ભેગા થાય અને 1 વખત સામ-સામે આવે.

→ આમ, 12 કલાક (અડધો દિવસ) માં 22 વખત સુરેખ સ્થિતિમાં આવે.

24 કલાક (એક દિવસ) માં 44 વખત સુરેખ સ્થિતિમાં આવે.

48 કલાક (બે દિવસ) માં 88 વખત સુરેખ સ્થિતિમાં આવે.

✦ ઘડિયાળનું અરીસામાં પ્રતિબિંબ ✦



→ કોઈપણ વસ્તુ કે પદાર્થને જયારે અરીસામાં જોવામાં આવે, ત્યારે પ્રતિબિંબ ઉલટું દેખાય છે. એટલે કે, વસ્તુની ડાબી અને જમણી બાજુની પરસ્પર અદલા-બદલી જોવા મળે છે. તથા ઉપર-નીચેની બાજુ બદલતી નથી.

→ પરીક્ષામાં ઘડિયાળ દોરવાથી સમય વધુ બગડે છે, તેથી આવા પ્રકારના પ્રશ્નોમાં નીચેની રીતનો ઉપયોગ કરવો.

- આપેલ સમયને 11:60 માંથી બાદ કરતાં મળતો સમય અરીસામાં જોવા મળતા પ્રતિબિંબનો સમય દર્શાવે.
- 12:00 વાગ્યાના સમય માટે 00:00 લખવાથી ગણતરી સરળ પડશે.

❖ **8:20 વાગ્યાનું અરીસામાં પ્રતિબિંબ કયો સમય દર્શાવે?**

11:60
— 8:20 ← ઘડિયાળમાં સમય
3:40 ← અરીસામાં સમય

❖ **12:30 વાગ્યાનું અરીસામાં પ્રતિબિંબ કયો સમય દર્શાવે?**

11:60
— 00:30 ← ઘડિયાળમાં સમય (∵ 12 = 00)
11:30 ← અરીસામાં સમય

❖ **11:45 વાગ્યાનું અરીસામાં પ્રતિબિંબ કયો સમય દર્શાવે?**

11:60
— 11:45 ← ઘડિયાળમાં સમય
00:15 → 12:15 ← અરીસામાં સમય

❖ **અત્યારે ઘડિયાળમાં 5:30 વાગ્યાનો સમય થયો છે. જો આ ઘડિયાળને ક્રમબદ્ધ રીતે ગોઠવેલા 171 માં અરીસામાં જોવામાં આવે, તો પ્રતિબિંબ કયો સમય દર્શાવે?**

એકી ક્રમના અરીસા	બેકી ક્રમના અરીસા
એકી ક્રમના અરીસામાં જોવામાં આવે, તો પ્રતિબિંબ ઉલટું દેખાય.	બેકી ક્રમના અરીસામાં જોવામાં આવે, તો પ્રતિબિંબ મૂળસ્થિતિમાં જ જોવા મળે.
તેથી આપેલ સમયને 11:60 માંથી બાદ કરીને લખવો.	તેથી જે સમય આપેલ હોય તે જ પ્રતિબિંબનો સમય હોય.

→ **અહીં, 171માં ક્રમનો અરીસો એટલે કે એકી ક્રમનો અરીસો**

તેથી, 11:60
— 5:30 ← ઘડિયાળમાં સમય
6:30 ← 171માં અરીસામાં સમય

❖ **અત્યારે ઘડિયાળમાં 8:25 વાગ્યાનો સમય થયો છે. જો આ ઘડિયાળને ક્રમબદ્ધ રીતે ગોઠવેલા 256માં અરીસામાં જોવામાં આવે, તો પ્રતિબિંબ કયો સમય દર્શાવે?**

→ અહીં, 256માં ક્રમનો અરીસો એટલે બેકી ક્રમનો અરીસો.
તેથી, બેકી ક્રમના અરીસામાં જોતાં પ્રતિબિંબ મૂળ સમય જ દર્શાવે.

∴ 8:25

✦ EXERCISE ✦

1) ઘડિયાળમાં તમામ અંકને 1 ને બદલે A, 2 ને બદલે B, 3ને બદલે C તેમ લાઇનસર બદલવામાં આવે, તો 7:25 કલાકે નાનો કાંટો (કલાક કાંટો) કયા બે અક્ષર વચ્ચે હશે?

(A) H અને I (B) E અને F

(C) G અને H (D) F અને G

2) સવારના 6:00 વાગ્યાથી બપોરના 12:48 સુધીમાં કલાક કાંટાએ કેટલું પરિભ્રમણ કર્યું હોય?

(A) 214° (B) 204° (C) 234° (D) 324°

WEBSANKUL

2 રોમન અંક

→ રોમન અંક એ એક સંખ્યા પદ્ધતિ છે. જેનો ઉદ્‌ભવ પ્રાચીન રોમમાંથી થયો હોવાનું મનાય છે.

→ આ સંખ્યા પદ્ધતિમાં લેટિન મૂળાક્ષરોનો ઉપયોગ થાય છે.

→ વિદ્યાર્થી મિત્રો, તમે જાણો જ છો કે શૂન્યની શોધ થયા બાદ રોમન અંકનું મહત્વ રહ્યું નથી. પરંતુ ઘણીબધી પરીક્ષાઓમાં રોમન અંક સંબધિત પ્રશ્નો પૂછાય છે. તેથી આપણે રોમન અંકનો ખ્યાલ મેળવવો જરૂરી છે.

→ રોમન અંકોમાં ગોઠવણી સ્થાનકિંમતના આધારે કરવામાં આવે છે. તેથી સ્થાનકિંમત વિશેનો ખ્યાલ હોવો જરૂરી છે.

✦ સ્થાનકિંમત ✦

→ કોઈપણ સંખ્યાના અંકોના સ્થાનના આધારે મળતી કિંમતને સ્થાનકિંમત કહેવાય.

→ દા.ત; 72475 માટે,



→ અંકોની સ્થાનકિંમતનો સરવાળો મૂળ સંખ્યા જેટલો જ હોય.

✦ અગત્યના નિયમો ✦

→ અંકોની ગોઠવણી સ્થાનકિંમતના આધારે થાય.

→ રોમન અંકમાં કોઈપણ નિશાની ચાર વખત આવશે નહીં.

→ રોમન અંકો લખવા માટે લેટિન મૂળાક્ષરોનો ઉપયોગ થાય.
દા.ત; 1 ને I, 2 ને II, 3 ને III

→ કોઈપણ નિશાનીની આગળ બીજી નિશાની મૂકતાં તે મૂળઅંકમાંથી બાદ થાય.
દા.ત; 9ને IX વડે દર્શાવાય.
અહીં, 10ને X વડે દર્શાવાય, પરંતુ 9 લખવા માટે 'I' આગળ મૂકવાથી તે મૂળસંખ્યા (10)માંથી બાદ થાય.

→ કોઈપણ નિશાનીની પાછળ બીજી નિશાની મૂકતાં તે મૂળઅંકમાં ઉમેરાય
દા.ત; 7ને VII વડે દર્શાવાય.
અહીં, 5ને V વડે દર્શાવાય, પરંતુ 7 લખવા માટે 'II' પાછળ મૂકવાથી તે મૂળસંખ્યા (5)માં ઉમેરાય.

- **<u>યાદ રાખો :</u>**

→ રોમન અંક 3999 સુધી જ લખી શકાય.

→ રોમન અંકમાં સૌથી લાંબો લખાતો અંક 3888 છે.

✦ અગત્યના રોમન અંકો ✦

1 – I	20 – XX	200 – CC
2 – II	30 – XXX	300 – CCC
3 – III	40 – XL	400 – CD
4 – IV	50 – L	500 – D
5 – V	60 – LX	600 – DC
6 – VI	70 – LXX	700 – DCC
7 – VII	80 – LXXX	800 – DCCC
8 – VIII	90 – XC	900 – CM
9 – IX	100 – C	1000 – M
10 – X		

✦ આપેલ સંખ્યાને રોમન સંખ્યામાં કઈ રીતે ફેરવવી ✦

❖ **11 → 10 + 1**
→ X I
→ XI

❖ **14 → 10 + 4**
→ X IV
→ XIV

❖ **19 → 10 + 9**
→ X IX
→ XIX

❖ **23 → 20 + 3**
→ XX III
→ XXIII

❖ **29 → 20 + 9**
→ XX IX
→ XXIX

❖ **67 → 60 + 7**
→ LX VII
→ LXVII

❖ **82 → 80 + 2**
→ LXXX II
→ LXXXII

❖ **99 → 90 + 9**
→ XC IX
→ XCIX

❖ **111 → 100 + 10 + 1**
→ C X I
→ CXI

❖ **145 → 100 + 40 + 5**
→ C XL V
→ CXLV

❖ **234 → 200 + 30 + 4**
→ CC XXX IV
→ CCXXXIV

❖ **312 → 300 + 10 + 2**
→ CCC X II
→ CCCXII

WEBSANKUL

3 દિશા અને અંતર

→ આ પ્રકરણમાંથી સામાન્ય રીતે દિશા જ્ઞાન સંબધિત તાર્કિક પ્રશ્નો પુછવામાં આવે છે.

→ દિશા એ એક એવી પરિકલ્પના છે કે જેની મદદથી વસ્તુની સાપેક્ષ સ્થિતિ જાણી શકાય.

→ દિશાની પરિકલ્પના સૂર્યની સ્થિતિના આધારે કરી શકાય છે, જે મુજબ સૂર્ય જે બાજુથી ઉદય થાય તેને પૂર્વ દિશા તથા જે બાજુએ અસ્ત પામે તેને પશ્ચિમ દિશા કહેવાય.

→ સૂર્યોદય સમયે,



→ મુખ્ય દિશા ચાર છે. : ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ

→ ચાર પેટા દિશા : ઈશાન, અગ્નિ, નૈઋત્ય, વાયવ્ય

→ કાગળ પર સામાન્ય રીતે ઉપરની તરફ ઉત્તર દિશા, નીચેની તરફ દક્ષિણ દિશા, જમણા હાથ બાજુ પૂર્વ દિશા તથા ડાબા હાથ બાજુ પશ્ચિમ દિશા દર્શાવાય છે.

→ સૂર્યોદય સમયે સૂર્ય પૂર્વ દિશામાં હોય છે, જ્યારે વસ્તુ કે વ્યક્તિનો પડછાયો પશ્ચિમ દિશા તરફ પડે છે.

→ સૂર્યાસ્ત સમયે સૂર્ય પશ્ચિમ દિશામાં હોય છે, જ્યારે વસ્તુ કે વ્યક્તિનો પડછાયો પૂર્વ દિશા તરફ પડે છે.



✦ વિવિધ દિશાઓમાં ડાબી અને જમણી બાજુની સ્થિતિ ✦



✦ પરિભ્રમણ ✦



→ વ્યક્તિ જ્યાંથી ચાલવાની શરૂઆત કરે તે બિંદુને પ્રસ્થાન બિંદુ કે આરંભ બિંદુ તરીકે ઓળખાય.

✦ પાયથાગોરસનો પ્રમેય ✦

→ આ પ્રમેયના આધારે દિશા સંબંધિત પ્રશ્નો હલ કરવામાં ઘણી સરળતા રહે.

→ પ્રમેય મુજબ, 'કાટકોણ ત્રિકોણમાં મોટીબાજુ (કર્ણ)નો વર્ગએ બાકીની બંને બાજુના વર્ગના સરવાળા જેટલો જ હોય છે.'



→ અહીં, ΔABC માં $\angle B = 90°$ તથા $\overline{AC}$ કર્ણ છે.

$(AC)^2 = (AB)^2 + (BC)^2$

WebSankul

✦ પ્રમેય આધારિત મહત્વપૂર્ણ જોડ ✦

AB	BC	AC
3	4	5
6	8	10
9	12	15
12	16	20
5	12	13
7	24	25
9	40	41
8	15	17

Ex-1 : રાહુલ પ્રસ્થાન બિંદુથી ચાલવાની શરૂઆત કરે છે. ઉત્તર દિશામાં 2km ચાલ્યા બાદ ડાબી બાજુ વળીને ચાલવા લાગે છે, તો તે કઈ દિશામાં જતો હશે?

(A) ઉત્તર (B) દક્ષિણ (C) પૂર્વ (D) પશ્ચિમ



આકૃતિ પરથી, નક્કી કરી શકાય કે તે પશ્ચિમ દિશામાં જતો હોય.

→ **જવાબ : (D) પશ્ચિમ**

Ex-2 : મોહન ઉત્તર દિશામાં 5km ચાલે છે, ત્યારબાદ જમણી બાજુ વળી 3km ચાલે છે, ત્યારબાદ ડાબી બાજુ વળી 2 km ચાલે છે, ત્યારબાદ જમણી બાજુ વળી જાય છે, તો મોહનનું મુખ કઈ દિશા તરફ હશે?

(A) ઉત્તર (B) દક્ષિણ (C) પૂર્વ (D) પશ્ચિમ



આકૃતિ પરથી, નક્કી કરી શકાય કે તેનું મુખ પૂર્વ દિશા તરફ હોય.

→ **જવાબ : (C) પૂર્વ**

Ex-3 : રાહુલ પૂર્વ દિશામાં 5km ચાલે છે, ત્યાંથી ડાબી બાજુ વળીને 5km ચાલે છે. ફરી ડાબી બાજુ વળી 5km ચાલે છે. તો હવે તે તેના આરંભબિંદુથી કેટલો દૂર હશે?

(A) 5km (B) 0km (C) 10km (D) 15km



આકૃતિ પરથી, નક્કી કરી શકાય કે તે આરંભબિંદુથી 5km ના અંતરે હશે.

→ **જવાબ : (A) 5km**

Ex-4 : આરતી પ્રસ્થાન બિંદુથી ચાલવાની શરૂઆત કરે છે. તે 3km પશ્ચિમમાં ચાલે છે. પછી તે પોતાની જમણી તરફ વળી ફરી 3km ચાલે છે, તો હવે તેનું મુખ કઈ દિશામાં હશે?

(A) પૂર્વ (B) પશ્ચિમ (C) ઉત્તર (D) દક્ષિણ



આકૃતિ પરથી, નક્કી કરી શકાય કે તેનું મુખ ઉત્તર દિશામાં હોય.

→ **જવાબ : (C) ઉત્તર**

Ex-5 : વિશ્વાસ પ્રસ્થાન બિંદુથી ચાલવાની શરૂઆત કરે છે. તે 4km પશ્ચિમ દિશામાં ચાલે છે. ત્યારબાદ તે જમણી તરફ વળી 4km ચાલે છે. તો હવે તે પ્રસ્થાનબિંદુથી સાપેક્ષે કઈ દિશામાં હશે?

(A) ઉત્તર (B) પૂર્વ (C) વાયવ્ય (D) અગ્નિ



→ આકૃતિ પરથી, જાણી શકાય કે તે પ્રસ્થાનબિંદુથી ક્રોસ (↖)ની દિશામાં છે. એટલે કે તે પ્રસ્થાનબિંદુની સાપેક્ષે વાયવ્ય દિશામાં હોય.

→ **જવાબ : (C) વાયવ્ય**

WebSankul



આમ, તે પશ્ચિમ દિશા તરફ જઈ રહી હોય.

→ **જવાબ : (D) પશ્ચિમ**

Ex-16 : નયન એક સવારે નદીના કિનારે પીઠ ફેરવીને ઊભો છે, નદીના પાણીમાં સ્વતંત્ર રીતે તરતો પદાર્થ તેની ડાબી બાજુથી જમણી બાજુ તરફ વહે છે, નદી પશ્ચિમથી સૂર્ય તરફ વહે છે, તો નયનનું મુખ કઈ દિશા તરફ હશે?
(A) ઉત્તર (B) દક્ષિણ (C) પૂર્વ (D) પશ્ચિમ



→ નયન નદી કિનારે પીઠ ફેરવીને એટલે કે ઉત્તર તરફ અને દક્ષિણ તરફ બંને બાજુએ ઊભો રહી શકે.

→ પરંતુ નદી પશ્ચિમથી સૂર્ય તરફ વહે છે, તેથી પદાર્થ પણ પશ્ચિમથી પૂર્વ તરફ જ વહેતો હોય, જે વ્યક્તિની ડાબી બાજુથી જમણી બાજુ વહે છે.
તેથી, સ્પષ્ટ થાય છે કે વ્યક્તિનું મુખ ઉત્તર તરફ હોય, તો આ પ્રશ્ન મુજબની શરતોનું પાલન થાય.
આમ, નયનનું મુખ ઉત્તર તરફ હોય.

→ **જવાબ : (A) ઉત્તર**

Ex-17 : મોનિકા દરરોજ સવારે ચાલવા જાય છે, એક સવારે તે જુએ છે કે સૂર્ય તેની પીઠ તરફ છે. તો તેનો જમણો હાથ કઈ દિશામાં હશે.
(A) ઉત્તર (B) દક્ષિણ (C) પૂર્વ (D) પશ્ચિમ

→ સવારમાં સૂર્ય પૂર્વ દિશામાં હોય છે, જે મોનિકાની પીઠ તરફ છે, તેથી નક્કી કરી શકાય કે મોનિકા પશ્ચિમ તરફ ચાલતી હોય.



→ આમ, તેનો જમણો હાથ ઉત્તર તરફ હોય.

→ **જવાબ : (A) ઉત્તર**

✦ EXERCISE ✦

1) દર્શન 3km દક્ષિણમાં જાય છે, ત્યારબાદ જમણીબાજુ વળીને 5km ચાલે છે, ફરીવખત જમણીબાજુ 7km ચાલે છે, તો હવે દર્શન કઈ દિશામાં જઈ રહ્યો હશે?
(A) પશ્ચિમ (B) ઉત્તર (C) પૂર્વ (D) દક્ષિણ

2) રમેશ ઉત્તર દિશામાં ચાલવાની શરૂઆત કરે છે, થોડું ચાલ્યાબાદ જમણી બાજુ વળે છે, ત્યારબાદ ફરીવખત જમણીબાજુ વળે છે અને અંતે ડાબીબાજુ વળીને ચાલવા લાગે છે. તો રમેશ હવે કઈ દિશામાં જઈ રહ્યો હશે?
(A) પૂર્વ (B) પશ્ચિમ (C) ઉત્તર (D) દક્ષિણ

3) રાહુલ તેના પ્રસ્થાનબિંદુથી દક્ષિણ દિશામાં 24km ચાલે છે, ત્યાંથી ડાબી બાજુ વળી 7km ચાલે છે, તો હવે રાહુલ તેના પ્રસ્થાનબિંદુથી કેટલો દૂર હોય?
(A) 25km (B) 12km (C) 8km (D) 33km

4) એક વ્યક્તિ ઉત્તર દિશામાં 7km ચાલે છે, થોડું ચાલ્યાબાદ જમણી બાજુ વળી 11km ચાલે છે, ત્યારબાદ ડાબીબાજુ વળી 4km ચાલે છે, તો તેણે કુલ કેટલું અંતર કાપ્યું હોય?
(A) 15km (B) 28km (C) 22km (D) 26km

5) ગૌત્તમ પૂર્વમાં 6km ચાલે છે, ત્યારબાદ જમણીબાજુ વળી 4km ચાલે છે. ત્યારબાદ જમણીબાજુ વળી 6km ચાલે છે, તો હવે તે પ્રસ્થાનબિંદુથી કેટલો દૂર હશે?
(A) 4km (B) 12km (C) 6km (D) 16km

6) અમિત દક્ષિણ દિશામાં 15km ચાલે છે, ત્યારબાદ જમણીબાજુ વળી 8km ચાલે છે, તો હવે તે આરંભબિંદુથી કેટલો દૂર હોય?
(A) 12km (B) 16km (C) 17km (D) 13km

7) અનુષ્કા ઉત્તર-પૂર્વ દિશામાં 7km ચાલે છે, ત્યાંથી દક્ષિણ-પૂર્વ દિશામાં 7km ચાલે છે, ત્યાંથી દક્ષિણ-પશ્ચિમ દિશામાં 7km અને અંતે ઉત્તર-પશ્ચિમ દિશામાં 7km ચાલે છે, તો હવે તે પ્રસ્થાનબિંદુથી કેટલી દૂર હશે?
(A) 7km (B) 0km (C) 28km (D) 14km

8) રાહુલ પોતાના ઘરેથી 4km ઉત્તર દિશામાં ચાલે છે, ત્યાંથી જમણીબાજુ વળી 3km ચાલે છે, અને એક મંદિરે પહોંચે છે, તો આ મંદિર અને રાહુલના ઘર વચ્ચેનું અંતર કેટલું હશે?
(A) 7km (B) 4km (C) 8km (D) 5km

9) એક દીવાલ ઘડિયાળમાં અત્યારે 3:00 વાગ્યાનો સમય થયો છે, જો મિનિટ કાંટો પૂર્વ દિશા દર્શાવતો હોય, તો કલાક કાંટો કઈ દિશા તરફ હોય?
(A) ઉત્તર (B) પૂર્વ (C) પશ્ચિમ (D) દક્ષિણ

10) એક સ્ત્રી પૂર્વ દિશામાં ચાલવાની શરૂઆત કરે છે, થોડું ચાલ્યાબાદ તે 180° વળીને ફરી ચાલવા લાગે, તો હવે તે કઈ દિશામાં જઈ રહી હોય?
(A) પશ્ચિમ (B) પૂર્વ (C) દક્ષિણ (D) ઉત્તર

4 ક્રમ-કસોટી

→ આ પ્રકરણમાં સામાન્ય રીતે વ્યક્તિ કે વસ્તુનો ક્રમ પર આધારિત પ્રશ્નો જોવો મળે છે.

→ આ પ્રશ્નોમાં ડાબી બાજુ કે જમણી બાજુથી ક્રમ તથા ઉપર કે નીચેથી ક્રમ, વ્યક્તિની કુલ સંખ્યા વગરે બાબતો મેળવવાની હોય છે.

→ અમુક વખત આવા પ્રશ્નોમાં વ્યક્તિઓનો સ્થાનની પરસ્પર અદલા-બદલી કરવાથી થતાં ફેરફારો પર આધારિત બાબતો પણ મેળવવાના હોય છે.

→ મોટાભાગે આ પ્રકરણના પ્રશ્નો ધ્યાનપૂર્વક વાંચી તથા સમજીને જરૂરી આકૃતિ દોરવાથી સરળતાથી જવાબ મેળવી શકાય.

Ex-1 : વિદ્યાર્થીઓની એક હરોળમાં રાહુલ બંને બાજુથી 18માં ક્રમે છે, તો આ હરોળમાં કુલ કેટલા વિદ્યાર્થીઓ હશે?
(A) 19 (B) 36 (C) 35 (D) 42

રીત - 1

→ પ્રશ્નમાં આપેલ વિગત મુજબ આકૃતિ દોરતાં,



રાહુલ બંને બાજુથી 18માં ક્રમે હોવાથી,

રાહુલની ડાબી બાજુ	→	17
રાહુલની જમણી બાજુ	→	17
રાહુલ પોતે	→	1
આમ, હરોળમાં કુલ 35 વિદ્યાર્થી હોય.		35

રીત - 2

→ આવા પ્રકારના પ્રશ્નોને નીચેની રીતથી પણ ઝડપી ઉકેલી શકાય :

કુલ સંખ્યા = (ડાબી બાજુથી ક્રમ + જમણી બાજુથી ક્રમ) − 1
= (18 + 18) − 1
= 36 − 1
= 35

→ **જવાબ : (C) 35**

Ex-2 : એક હરોળમાં સંજયના ક્રમ ડાબી બાજુથી 14મા તથા જમણી બાજુથી 41મા છે, તો આ હરોળમાં કુલ કેટલા વ્યક્તિઓ હશે?

(A) 46 (B) 58 (C) 54 (D) 52

રીત - 1



સંજયની ડાબી બાજુ	→	13
સંજયની જમણી બાજુ	→	40
સંજય પોતે	→	1
આમ, આ હરોળમાં કુલ 54 વિદ્યાર્થીઓ હોય.		54

રીત - 2

→ કુલ સંખ્યા = (ડાબી બાજુથી ક્રમ + જમણી બાજુથી ક્રમ) − 1
= (14 + 41) − 1
= 55 − 1
= 54

→ **જવાબ : (C) 54**

Ex-3 : 30 વિદ્યાર્થીઓની એક હરોળમાં અજયના ક્રમ ડાબેથી 12મા હોય, તો જમણી બાજુથી તેનો ક્રમ કેટલામો હશે?
(A) 18 (B) 20 (C) 17 (D) 19

રીત - 1



કુલ વિદ્યાર્થીઓ 30 છે.
અજયની જમણી બાજુ = 30 − 12 = 18
અજયનો જમણી બાજુથી ક્રમ = 18 + 1 (પોતે)
= 19
આમ, જમણી બાજુથી અજયનો ક્રમ 19મો હશે.

રીત - 2

→ કુલ સંખ્યા = (ડાબી બાજુથી ક્રમ + જમણી બાજુથી ક્રમ) − 1
∴ 30 = (12 + x) − 1
∴ 30 = 11 + x
∴ x = 30 − 11
= 19

→ **જવાબ : (D) 19**

Ex-4 : 20 વિદ્યાર્થીઓની એક હરોળમાં રામના ક્રમ ડાબી બાજુથી 15મા છે. અને શ્યામના ક્રમ જમણી બાજુથી 15મા છે, તો તેમની વચ્ચે કુલ કેટલા વિદ્યાર્થીઓ બેઠા હશે?
(A) 8 (B) 10 (C) 2 (D) 6



→ આકૃતિ પરથી સ્પષ્ટ છે કે રામની જમણી બાજુ 5 વિદ્યાર્થીઓ બેઠા હોય, તેમજ શ્યામની ડાબી બાજુ પણ 5 વિદ્યાર્થીઓ બેઠા હોય.

WebSankul

(A) 21 (B) 22 (C) 20 (D) 19

20) છોકરીઓની એક હારમાં સોનિકા જમણી બાજુથી 8 માં ક્રમે અને રવિના ડાબી બાજુથી 12 માં ક્રમે છે. તેઓ પોતાના સ્થાનની અદલાબદલી કરે તો રવિના ડાબી બાજુથી 21 માં ક્રમે જાય છે, તો સોનિકાનો જમણી બાજુથી ક્રમ કેટલામો હોય?
(A) 19 (B) 17 (C) 21 (D) 23

21) છોકરાઓની એક લાઇનમાં કાશિકનું સ્થાન જમણી બાજુથી 35 મું છે અને જીજ્ઞેશનું સ્થાન ડાબી બાજુથી 23 મું છે. તે બંનેના સ્થાનની અદલાબદલી કરવામાં આવે તો જીજ્ઞેશ ડાબી બાજુથી 27 માં સ્થાને આવે તો કાશિક જમણી બાજુથી કયા સ્થાને હશે?
(A) 35 (B) 31 (C) 39 (D) 47

22) ABCD.....Zમાં Vનો ડાબી બાજુથી કેટલામો ક્રમ હોય?
(A) 20 (B) 22 (C) 23 (D) 28

23) એક પરીક્ષામાં સફળ થયેલાં મેહુલને 11મો નંબર મળ્યો, જે નીચેથી 47માં નંબર પર છે. ત્રણ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ગેરહાજર રહ્યાં, એક વિદ્યાર્થી અસફળ થયો હોય, તો કુલ વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી હશે?
(A) 51 (B) 69 (C) 64 (D) 61

24) અંગ્રેજી વર્ણમાળામાં ડાબી બાજુથી 9માં મૂળાક્ષરની ડાબી બાજુના 5 મૂળાક્ષરની જમણી બાજુનો 11મો મૂળાક્ષર કયો હશે?
(A) M (B) O (C) S (D) L

25) અંગ્રેજી મૂળાક્ષરોની શ્રેણીની A, B, C, D....., Zમાં ડાબી બાજુના છેડેથી 18માં અને જમણી બાજુના છેડેથી 10માં મૂળાક્ષરની બરાબર મધ્યમાં કયો મૂળાક્ષર આવે?
(A) P (B) S (C) T (D) કાઈ મૂળાક્ષર ન આવ`

26) રેલ્વેની ટિકિટ ખરીદતા સમયે શ્યામ ટિકિટ બારીથી 5માં ક્રમે ઊભો છે, તો હવે તે પોતાનું સ્થાન બદલી 4 વ્યક્તિઓને આગળ જવા દઈ તેની પાછળ ઊભો રહી જાય છે, હવે તેની આગળ અને પાછળ ઉભેલા વ્યક્તિઓની સંખ્યા સમાન થઈ જાય છે, તો આ હરોળમાં કુલ કેટલા વ્યક્તિઓ ઊભા હશે?
(A) 19 (B) 21 (C) 17 (D) 23

✦ ANSWER KEY ✦

(1) B	**(10) C**	**(19) C**
(2) D	**(11) C**	**(20) B**
(3) A	**(12) D**	**(21) C**
(4) C	**(13) D**	**(22) B**
(5) D	**(14) D**	**(23) D**
(6) A	**(15) C**	**(24) B**
(7) C	**(16) D**	**(25) D**
(8) A	**(17) B**	**(26) C**
(9) B	**(18) A**	

✦ SOLUTION ✦

1) કુલ સંખ્યા = (ડાબીબાજથુીક્રમ + જમણીબાજથુીક્રમ) - 1
= (13 + 13) – 1
= 26 – 1
= 25
→ **જવાબ : (B) 25**

2) વૃક્ષાનેીકુલ સંખ્યા
= (ડાબીબાજથુીક્રમ + જમણીબાજથુીક્રમ) -1
= (41 + 41) – 1
= 82 – 1
= 81
→ **જવાબ : (D) 81**

3) કુલ સંખ્યા = (ડાબીબાજથુીક્રમ + જમણીબાજથુીક્રમ) – 1
= (27 + 27) – 1
= 54 – 1
= 53
→ **જવાબ : (A) 53**

4) કુલ સંખ્યા = (ડાબીબાજથુીક્રમ + જમણીબાજથુીક્રમ) – 1
= (7 + 26) – 1
= 33 – 1
= 32
→ **જવાબ : (C) 32**

5) કુલ વૃક્ષા` = (ડાબીબાજથુીક્રમ + જમણીબાજથુીક્રમ) – 1
= (7 + 14) – 1
= 21 – 1
= 20
→ **જવાબ : (D) 20**

6) કુલ વિદ્યાર્થી = (ઉપરથીક્રમ + નીચેથીક્રમ) – 1
= (16 + 24) – 1
= 40 – 1
= 39
→ **જવાબ : (A) 39**

7) કુલ સંખ્યા = (ડાબીબાજથુીક્રમ + જમણીબાજથુીક્રમ) – 1
= (5 + 5) – 1
= 10 – 1
= 9
→ **જવાબ : (C) 9**

8) કુલ સંખ્યા = (ડાબીબાજથુીક્રમ + જમણીબાજથુીક્રમ) – 1
= (27 + 51) – 1
= 78 – 1
= 77
→ **જવાબ : (A) 77**

WebSankul

5 બેઠક વ્યવસ્થા

→ વ્યક્તિ કે વસ્તુઓના સમુહને આપેલ નિયમો મુજબ ક્રમમાં બેસાડવા કે વ્યવસ્થિત રીતે ગોઠવવાની પ્રક્રિયાને બેઠક વ્યવસ્થા કહેવામાં આવે છે.

→ આ પ્રકરણમાં આવતા પ્રશ્નો સામાન્ય રીતે વ્યક્તિઓની ગોઠવણીનો ક્રમ, ગોઠવણીની દિશા, વગેરે પર આધારિત હોય.

→ આવા પ્રશ્નોમાં આપવામાં આવેલી સૂચના ઘણી વખત સ્પષ્ટ હોય છે તો ઘણી વખત છૂપી રીતે આપેલી હોય છે. પરંતુ શાંત મનથી પ્રશ્ન વાંચી સૂચના પ્રમાણે વિશ્લેષણ કરવાથી આવા પ્રશ્નો સરળતાથી ઉકેલી શકાય.

→ સામાન્ય રીતે આપણને રેખીય વ્યવસ્થા (Linear Arrangement) તથા વર્તુળાકાર વ્યવસ્થા (Circular Arrangement) ના પ્રશ્નો પૂછવામાં આવે છે.

✦ રેખીય વ્યવસ્થા ✦

→ જેમાં ચાર સ્થિતિ ધ્યાને રાખવી જરૂરી છે.

I. મુખ ઉત્તર તરફ હોય



II. મુખ દક્ષિણ તરફ હોય



III. મુખ પૂર્વ તરફ હોય



IV. મુખ પશ્ચિમ તરફ હોય



Ex-1 : પાંચ છોકરીઓ દક્ષિણ તરફ મુખ રાખીને ઊભી છે. P, Q અને R ની વચ્ચે છે. જ્યારે Q, S ની ડાબી બાજુ છે. S તથા T છેડા પર છે તો બરાબર વચ્ચે કોણ ઊભું હોય?

(A) R (B) P (C) Q (D) S

→ દક્ષિણ તરફ મુખ હોય ત્યારે,



→ આ પ્રશ્નને ધ્યાનપૂર્વક વાંચીને ગોઠવણી કરતાં,



આમ, આ હરોળમાં બરાબર વચ્ચે P ઊભી હોય.

→ **જવાબ : (B) P**

Ex-2 : A, B, C, D, E, F નામના છ લોકો એક હરોળમાં ઊભા છે. C અને Dની વચ્ચે કોઈ નથી. D ની બાજુમાં F છે. F અને A ની વચ્ચે B છે. D અને E ની વચ્ચે C છે. તો બંને છેડા ઉપર કયા બે લોકો હશે.

(A) C એન D (B) F અને A
(C) A અને C (D) A અને E

→ આ પ્રશ્નને ધ્યાનપૂર્વક વાંચીને ગોઠવણી કરતાં,



આમ, ગોઠવણી પરથી સ્પષ્ટ થાય કે બંને છેડા પર A તથા E હોય.

→ **જવાબ : (D) A અને E**

Ex-3 : છ મિત્રો A, B, C, D, E અને F એક હરોળમાં ઉત્તર તરફ મુખ રાખીને બેઠા છે. C, A અને E ની વચ્ચે બેઠો છે. D કોઈ છેડા પર નથી બેઠો. B, E ની પાસે જમણી બાજુએ બેઠો છે. F જમણા છેડા પર નથી. પરંતુ D, E ની ડાબી બાજુથી ત્રીજા સ્થાને બેઠો છે. તો નીચેના માંથી કોણ D ની ડાબી બાજુએ બેઠું હોય ?

(A) F (B) E (C) A (D) S

→ ઉત્તર તરફ મુખ હોય ત્યારે,



→ આ પ્રશ્નને ધ્યાનપૂર્વક વાંચીને ગોઠવણી કરતાં,



WebSankul

આમ, ગોઠવણી પરથી સ્પષ્ટ છે કે Dની ડાબી બાજુએ F બેઠો હોય.

→ **જવાબ : (A) F**

✦ વર્તુળાકાર વ્યવસ્થા (Circular Arrangement) ✦

→ આ પ્રકારની વ્યવસ્થામાં વ્યક્તિઓ વર્તુળાકાર બેઠા હોય.

→ સામાન્ય રીતે, આપણને પુછવામાં આવતા પ્રશ્નોમાં બે પ્રકારની સ્થિતિ જોવા મળે છે :

I. વર્તુળાકાર ટેબલના કેન્દ્ર તરફ મુખ હોય.

II. વર્તુળાકાર ટેબલના કેન્દ્રની વિરુદ્ધ દિશામાં મુખ હોય.

→ વર્તુળાકાર વ્યવસ્થામાં ગોઠવણીનું મહત્વ ખુબ જ છે.



→ જ્યારે વ્યક્તિઓના મુખ વર્તુળાકાર - ટેબલના કેન્દ્ર તરફ હોય ત્યારે નીચે મુજબ ગોઠવણી કરવી.



જ્યાં, જમણી બાજુ = R
ડાબી બાજુ = L

→ જ્યારે વ્યક્તિઓના મુખ વર્તુળાકાર - ટેબલના કેન્દ્રની વિરુદ્ધ દિશામાં હોય ત્યારે નીચે મુજબ ગોઠવણી કરવી.



જ્યાં, જમણી બાજુ = R
ડાબી બાજુ = L

Ex-1: છ છોકરીઓ એકે વર્તુળાકાર ટેબલના કેન્દ્ર તરફ મુખ રાખીને બેઠી છે. અનીતા, પ્રતિમાની ડાબી બાજુએ બેઠી છે. સંગીતા, અમીષા અને લક્ષ્મીની વચ્ચે બેઠી છે. ગૌરી, અનીતા અને અમીષાની વચ્ચે બેઠી છે. તો જણાવો કે લક્ષ્મીની તરત ડાબી બાજુએ કોણ બેઠું છે?

(A) ગૌરી (B) પ્રતિમા (C) અમીષા (D) અનીતા

→ ઉપરોક્ત પ્રશ્નની સૂચના મુજબ ગોઠવણી કરતાં



આમ, પ્રતિમા લક્ષ્મીની તરત ડાબી બાજુએ બેઠી હોય.

→ **જવાબ : (B) પ્રતિમા**

EX-2 : છ છોકરાઓ એકે વર્તુળાકાર ટેબલની ફરતે ટેબલના કેન્દ્ર તરફ મુખ રાખીને બેઠા છે.

1. મનોજ, પંકજની જમણી બાજુ બેઠો છે.
2. રમેશ, નયન અને વિનેશની વચ્ચે બેઠો છે.
3. આલોક, નયનની ડાબી બાજુ બેઠો છે.
4. આલોકની બરાબર વિરુદ્ધ દિશામાં વિનેશ બેઠો છે.

હવે જો મનાજે અને પંકજ પોતાના સ્થાન પરસ્પર બદલી લે તો આલોકની ડાબી બાજુ કોણ બેઠું હોય?

(A) વિનશે (B) મનાજે (C) પંકજ (D) રમશે

→ ઉપરોક્ત ચાર કથન મુજબ ગોઠવણી કરતાં



→ હવે , મનોજ અને પંકજ પરસ્પર સ્થાનની અદલાબદલી કરે તો,



આમ, આલોકની ડાબી બાજુએ પંકજ બેઠો હોય.

→ **જવાબ : (C) પંકજ**

WEBSANKUL

6 કેલેન્ડર

→ કેલેન્ડર એ દિવસ, મહિના તથા વર્ષ વચ્ચેનો પારસ્પરિક સંબંધ દર્શાવે છે.

→ આપણે ગ્રેગેરીયન કેલેન્ડરનું અનુસરણ કરીએ છીએ, જેનો પ્રથમ દિવસ 01/01/0001 (સોમવાર) હતો.

→ આ પ્રકરણમાં આપણે વધારાના દિવસો, લીપવર્ષ, સામાન્ય વર્ષ, સમાન કેલેન્ડર વર્ષ તથા તારીખના આધારે વાર મેળવવા માટેની રીતોનો અભ્યાસ કરીશું.

- **દિવસ :-**
  → 24 કલાકની સમય અવધી એટલે દિવસ.
- **અઠવાડિયું (સપ્તાહ) :-**
  → 7 દિવસની સમય અવધી એટલે અઠવાડિયું.
  → જેમાં સોમવાર, મંગળવાર, બુધવાર, ગુરુવાર, શુક્રવાર, શનિવાર અને રવિવારનો સમાવેશ થાય છે.
- **પખવાડિયું :-**
  → 15 દિવસની સમયાવધિ એટલે પખવાડિયું.
- **માસ (મહિનો) :-**
  → એક વર્ષના સમયગાળામાં 12 મહિના હોય છે. તથા દરેક મહિનામા 28/29/30/31 દિવસો હોય છે.

મહિનો	દિવસો
જાન્યુઆરી	31
ફેબ્રુઆરી	28 (સામાન્ય વર્ષ) 29 (લીપવર્ષ)
માર્ચ	31
એપ્રિલ	30
મે	31
જૂન	30
જુલાઇ	31
ઓગસ્ટ	31
સપ્ટેમ્બર	30
ઓક્ટોમ્બર	31
નવેમ્બર	30
ડિસેમ્બર	31

❖ **બાળપણ યાદ કરાવતી રીત :-**

→ મુઠ્ઠી બંધ કરીને જે ઉપસેલા ભાગ હોય ત્યાં 31 દિવસ તથા જે ખૂંપેલા ભાગ હોય ત્યાં 30 દિવસ ગણવા.
[અપવાદ :- ફેબ્રુઆરી 28 દિવસ (સામાન્ય વર્ષ) & 29 દિવસ (લીપ વર્ષ)]



Ex : P, Q, R અને S ક્રમાનુસાર ચાર મહિના છે. જેમાં S 29 દિવસનો મહિનો હોય, તો P કયો મહિનો દર્શાવે ?

→ અહીં, આગળના કોષ્ટકના અભ્યાસ પરથી, S માં 29 દિવસ હોવાથી તે ફેબ્રુઆરી મહિનો હોય તેવું નક્કી કરી શકાય.

P – 30 → **<u>નવેમ્બર</u>**
Q – 31 → ડિસેમ્બર
R – 31 → જાન્યુઆરી
S – 29 → ફેબ્રુઆરી

Ex : A, B, C અને D ક્રમાનુસાર ચાર મહિના છે. જેમાં A અને D 30 દિવસના મહિના છે, તો B કયો મહિનો દર્શાવે?

→ અહીં, આગળના કોષ્ટકના અભ્યાસ પરથી,

A – 30 → જૂન
B – 31 → **<u>જુલાઇ</u>**
C – 31 → ઓગસ્ટ
D – 30 → સપ્ટેમ્બર

Ex : x અઠવાડીયા અને x દિવસમાં કુલ કેટલા દિવસો હોય?

→ અહી, 1 અઠવાડિયામાં 7 દિવસ હોવાથી,

1 અઠવાડિયું → 7 દિવસ
X અઠવાડિયું → ?
$= 7x$ દિવસ

→ આમ, કુલ દિવસો = x અઠવાડિયાના દિવસ + x દિવસ
$= 7x + x$
$= 8x$

Ex : ગ્રેગેરીયન કેલેન્ડરના પ્રથમ દિવસે કયો વાર હતો ?

→ આપણે ગ્રેગેરિયન કેલેન્ડરનું અનુસરણ કરીએ છીએ, જેનો પ્રથમ દિવસ 01/01/0001 તથા સોમવાર હતો.

Ex : નીચેનામાંથી કયું અલગ પડે છે?

(A) જાન્યુઆરી (B) મે
(C) એપ્રિલ (D) જુલાઇ

→ અહીં, એપ્રિલ માસમાં 30 દિવસ જ્યારે બાકીના ત્રણેયમાં 31 દિવસ હોવાથી એપ્રિલ અલગ પડે છે.

→ **જવાબ : (C) એપ્રિલ**

સામાન્ય વર્ષ	લીપ વર્ષ
• સામાન્ય વર્ષમાં 365 દિવસો હોય છે.	• લીપ વર્ષમાં 366 દિવસો હોય છે.
• ફેબ્રુઆરી માસમાં 28 દિવસ હોય.	• ફેબ્રુઆરી માસમાં 29 દિવસ હોય.
• જે વર્ષને 4 વડે નિઃશેષ ભાગી ન શકાય તે વર્ષ સામાન્ય વર્ષ હોય. (જો શતાબ્દી વર્ષ હોય તો 400 વડે)	• જે વર્ષને 4 વડે નિઃશેષ ભાગી શકાય તે વર્ષ લીપ વર્ષ હોય. (જો શતાબ્દી વર્ષ હોય તો 400 વડે ભાગવું)

WEBSANKUL

સામાન્ય વર્ષ	લીપ વર્ષ
• સામાન્ય વર્ષમાં 52 અઠવાડીયા અને 1 દિવસ હોય છે.	• લીપ વર્ષમાં 52 અઠવાડીયા અને 2 દિવસ હોય છે.
• સામાન્ય વર્ષના પ્રથમ દિવસે જે વાર હોય, તે જ વાર વર્ષના અંતિમ દિવસે હોય. • દા.ત : 1 જાન્યુઆરી - મંગળવાર • 31 ડિસેમ્બર - મંગળવાર	• લીપ વર્ષના પ્રથમ દિવસે જે વાર હોય, તેના પછીનો વાર વર્ષના અંતિમ દિવસે હોય. • દા.ત : 1 જાન્યુઆરી - મંગળવાર • 31 ડિસેમ્બર - બુધવાર

❖ **શતાબ્દી વર્ષ (સેન્ચ્યુરી વર્ષ) :** 100 વર્ષની સમય અવધીને શતાબ્દી વર્ષ કહેવાય, અર્થાત....

જે વર્ષ 100 વડે પૂર્ણત : વિભાજિત હોય

દા.ત - 1800, 1900, 1600, 1300 વગેરે.

શતાબ્દી વર્ષ

શતાબ્દી લિપ વર્ષ

→ જે શતાબ્દી વર્ષને 400 વડે પૂર્ણતઃ વિભાજિત કરી શકાય...

• દા.ત : 1200, 1600, 2000.. વગેરે

શતાબ્દી સામાન્ય વર્ષ

→ જે શતાબ્દી વર્ષને 400 વડે પૂર્ણતઃ વિભાજિત ન કરી શકાય...

• દા.ત : 900, 1000, 1700... વગેરે

→ કોઈપણ શતાબ્દી વર્ષનો અંતિમ દિવસ મંગળવાર, ગુરુવાર કે શનિવાર ન હોય શકે એટલે કે શતાબ્દી વર્ષના અંતિમ દિવસે સોમવાર, બુધવાર, શુક્રવાર કે રવિવાર જ હોય.

→ શતાબ્દી વર્ષના પ્રથમ દિવસે સોમવાર, મંગળવાર, ગુરુવાર, શુક્રવાર કે શનિવાર હોઇ શકે પરંતુ બુધવાર કે રવિવાર ન જ હોય.

Ex : નીચેનામાથી કયું લીપ વર્ષ નથી.

(A) 488 (B) 1908 (C) 1800 (D) 2016

→ જે વર્ષને 4 વડે તથા શતાબ્દી વર્ષ હોય તો 400 વડે નિ:શેષ ભાગી શકાય તો તે લીપ વર્ષ હોય.

→ અહીં, 488, 1908 અને 2016 ને 4 વડે નિ:શેષ ભાગી શકાય તેથી તે લીપ વર્ષ.

→ વર્ષ 1800 ને 400 વડે (શતાબ્દી વર્ષ હોવાથી) નિ:શેષ ભાગી શકાય નહીં. જેથી તે લીપ વર્ષ નથી.

→ **જવાબ : (C) 1800**

Ex : નીચેનામાથી કયું લીપ વર્ષ છે?

(A) 2018 (B) 1970 (C) 1948 (D) 1986

→ અહીં, 1948ને 4 વડે નિ:શેષ ભાગી શકાય, જ્યારે 2018, 1970 તથા 1986ને 4 વડે નિ:શેષ ભાગી શકાય નહીં.

→ તેથી વર્ષ 1948 લીપ વર્ષ છે.

→ **જવાબ : (C) 1948**

❖ **જાતે પ્રેકટીસ કરો અને આપેલ બોકસમાં લીપ વર્ષ છે. કે સામાન્ય વર્ષ તે લખો.**

વર્ષ	લીપ વર્ષ / સામાન્ય વર્ષ	વર્ષ	લીપ વર્ષ / સામાન્ય વર્ષ
1996		788	
822		1200	
1884		1700	
2006		1869	
2042		2011	
2020		1998	

Ex : 1 જાન્યુઆરી 2007 ના રોજ સોમવાર હોય તો 31 ડિસેમ્બર 2007ના રોજ કયો વાર હોય?

→ અહીં, 2007 એ સામાન્ય વર્ષ છે.

→ તેથી, વર્ષના પ્રથમ દિવસે જે વાર હોય તે જ વાર અંતિમ દિવસે હોય.

→ આમ, 31 ડિસેમ્બર 2007ના રોજ સોમવાર જ હોય.

Ex : 1 જાન્યુઆરી 1996ના રોજ સોમવાર હોય તો 31 ડિસેમ્બર 1996ના રોજ કયો વાર હોય?

→ અહીં, વર્ષ 1996 એ લીપ વર્ષ છે.

→ તેથી, વર્ષના પ્રથમ દિવસે જે વાર હોય તેના પછીનો વાર વર્ષના અંતિમ દિવસે હોય.

આમ, 31 ડિસેમ્બર 1996ના રોજ મંગળવાર હોય.

→ **વધારાના દિવસો :-** પૂર્ણ અઠવાડિયા સિવાયના દિવસો એટલે વધારાના દિવસો.

→ અઠવાડિયું 7 દિવસનું હોવાથી આપેલ દિવસોને 7 વડે ભાગવાથી જે શેષ મળે તે વધારાના દિવસો દર્શાવે.

વર્ષ/ મહિનો	વધારાના દિવસો
જાન્યુઆરી	3
ફેબ્રુઆરી	0 (સામાન્ય વર્ષ) 1 (લીપ વર્ષ)
માર્ચ	3
એપ્રિલ	2
મે	3
જુન	2
જુલાઇ	3
ઓગસ્ટ	3
સપ્ટેમ્બર	2
ઓક્ટોબર	3
નવેમ્બર	2
ડિસેમ્બર	3
સામાન્ય વર્ષ	1
લીપ વર્ષ	2

WEBSANKUL

7 કોડિંગ – ડિકોડિંગ

✦ કોડિંગ (Coding) ✦

→ જ્યારે કોઇ સામાન્ય અર્થપૂર્ણ સૂચનાને કોઇ વિશેષ નિયમ દ્વારા અર્થવિહીન શબ્દ, અક્ષર, સંકેતો કે અન્ય કોઇ માધ્યમમાં બદલી દેવામાં આવે, તો આ પ્રક્રિયાને 'કોડિંગ' કહેવામા આવે છે.

દા.ત. VISHAL = 229198112

→ અહીં, VISHAL શબ્દના દરેક મૂળાક્ષરોને અંગ્રેજી વર્ણમાળા મુજબના ક્રમ દ્વારા દર્શાવવામાં આવ્યા છે.

✦ ડિકોડિંગ (Decoding) ✦

→ જ્યારે કોઇ અર્થવિહીન શબ્દ, અક્ષર, સંકેતોને ફરી વખત અર્થપૂર્ણ સૂચના, શબ્દ તથા અક્ષરમાં બદલી દેવામાં આવે, તો આ પ્રક્રિયાને 'ડિકોડિંગ' કહેવામા આવે છે.

દા.ત. 229198112= VISHAL

→ અહીં, અંગ્રેજી વર્ણમાળાના ક્રમમાં આપેલ અક્ષરોને મૂળાક્ષરોમાં બદલીને VISHAL શબ્દ બનાવાયો છે.

✦ અંગ્રેજી મૂળાક્ષરો ✦

→ 😊 જો બકા, A, B, C, D તો દરેકને આવડે ! પરંતુ સરળતાથી પરીક્ષા વખતે યાદ આવે તે માટે નીચેની રીતે લખવી :

	1	2	3	4	5	6	7	8	9	10	11	12	13
(A → Z)	A	B	C	D	E	F	G	H	I	J	K	L	M
	26	25	24	23	22	21	20	19	18	17	16	15	14

	26	25	24	23	22	21	20	19	18	17	16	15	14
(Z → A)	Z	Y	X	W	V	U	T	S	R	Q	P	O	N
	1	2	3	4	5	6	7	8	9	10	11	12	13

❖ 5 ના ગુણાંકમાં આવતા મૂળાક્ષરોના ક્રમ પરથી પણ ઝડપ લાવી શકાય

(A → Z)	5	10	15	20	25
	E	J	O	T	Y
(Z → A)	22	17	12	7	2

✦ TYPE – I ✦

Ex : જો કોઇ સાંકેતિક ભાષામાં 'BROTHER' ને 'CSPUIFS' લખાય, તો 'SISTER' ને કેમ લખાય?

→ અહીં આપેલ શબ્દોને બાજુ-બાજુમાં લખવાની બદલે ઉપર-નીચે લખવાથી આવા પ્રશ્નોમાં સરળતા રહે.

B	R	O	T	H	E	R	
+1	+1	+1	+1	+1	+1	+1	
C	S	P	U	I	F	S	

તેથી,

S	I	S	T	E	R		
+1	+1	+1	+1	+1	+1		
T	J	T	U	F	S		

→ આમ, SISTER ને TJTUFS વડે લખાય.

Ex : જો કોઇ સાંકેતિક ભાષામાં 'CHAIR' ને 'DIBJS' વડે દર્શાવાય, તો 'TABLE' ને કેવી રીતે દર્શાવાય?

C	H	A	I	R	
+1	+1	+1	+1	+1	
D	I	B	J	S	

તેથી,

T	A	B	L	E	
+1	+1	+1	+1	+1	
U	B	C	M	F	

→ આમ, TABLE ને UBCMF વડે દર્શાવાય.

Ex : જો કોઇ સાંકેતિક ભાષામાં 'HISTORY' ને 'GHRSNQX' વડે દર્શાવાય, તો આજ સાંકેતિક ભાષામાં 'POLITY' ને કેવી રીતે દર્શાવાય?

H	I	S	T	O	R	Y	
-1	-1	-1	-1	-1	-1	-1	
G	H	R	S	N	Q	X	

તેથી,

P	O	L	I	T	Y	
-1	-1	-1	-1	-1	-1	
O	N	K	H	S	X	

→ આમ, POLITY ને ONKHSX વડે દર્શાવાય.

Ex : જો કોઇ સાંકેતિક ભાષામાં 'BROTHER' ને 'GOTQMBW' લખવામાં આવે, તો 'RIPSLE' ને કેમ લખાય?

B	R	O	T	H	E	R	
+5	-3	+5	-3	+5	-3	+5	
G	O	T	Q	M	B	W	

તેથી,

R	I	P	S	L	E	
+5	-3	+5	-3	+5	-3	
W	F	U	P	Q	B	

→ આમ, RIPSLE ને WFUPQB વડે લખાય.

WebSankul

✦ TYPE – II ✦

Ex : જો કોઈ સાંકેતિક ભાષામાં 'ORGANISATION' ને 'NOITASINAGRO' લખાય, તો સાંકેતિક ભાષામાં 'INTERNATIONAL' ને કેમ લખાય?

ORGANISATION → ઊલટા ક્રમ → NOITASINAGRO

INTERNATIONAL → ઊલટા ક્રમ → LANOITANRETNI

Ex : જો કોઈ સાંકેતિક ભાષામાં 'ABODE' ને 'EDOBA' લખાય, તો 'APEX' ને કેમ લખાય?

ABODE → ઊલટા ક્રમ → EDOBA

APEX → ઊલટા ક્રમ → XEPA

Ex : જો કોઈ સાંકેતિક ભાષામાં 'INSTITUTION' ને 'NOITUTITSNI' લખાય, તો 'PERFECTION' ને કેમ લખાય?

INSTITUTION → ઊલટા ક્રમ → NOITUTITSNI

PERFECTION → ઊલટા ક્રમ → NOITCEFREP

Ex : જો કોઈ સાંકેતિક ભાષામાં 'CENTURYS' ને 'ECTNRUSY' લખાય, તો 'AMRITSAR' ને કેમ લખાય?



તથી,



→ આમ, AMRITSAR ને MAIRSTRA લખાય.

✦ TYPE – III ✦

Ex : જો કોઈ સાંકેતિક ભાષામાં 'SELDOM' ને 351246 તથા 'MINDA' ને 67928 લખાય, તો 'DIAMOND' ને કેમ લખાય?

→ અહીં, અક્ષરાનો આંકડાકીય કાડે પરથી જવાબ મળેવવાના હોાયે છ.ે

S	E	L	D	O	M
↓	↓	↓	↓	↓	↓
3	5	1	2	4	6

તથા

M	I	N	D	A
↓	↓	↓	↓	↓
6	7	9	2	8

→ હવ,ે ઉપરના બંન શેાબ્દના અક્ષરાનો આંકડાકીય કાડેના આધાર,ે

D	I	A	M	O	N	D
↓	↓	↓	↓	↓	↓	↓
2	7	8	6	4	9	2

→ આમ, DIAMOND ને 2786492 વડ દેશાર્વાય.

Ex : જો કોઈ સાંકેતિક ભાષામાં 'INDIA' ને 93495 તથા 'NEPAL' ને 32658 લખાય, તો 'NALIA' ને કેમ લખાય?

→ અહીં, અક્ષરાનો આંકડાકીય કાડે પરથી જવાબ મળેવવાના હોાયે છ.ે

I	N	D	I	A
↓	↓	↓	↓	↓
9	3	4	9	5

તથા

N	E	P	A	L
↓	↓	↓	↓	↓
3	2	6	5	8

→ હવ,ે ઉપરના બંન શેાબ્દના અક્ષરાનો આંકડાકીય કાડેના આધાર,ે

N	A	L	I	A
↓	↓	↓	↓	↓
3	5	8	9	5

→ આમ, NALIA ને 35895 વડ દેશાર્વાય.

Ex : જો કોઈ સાંકેતિક ભાષામાં 'ROSE' ને 6821, 'CHAIR' ને 73456 તથા PREACH ને 961473 લખાય, તો 'SEARCH' ને કેમ લખાય?

→ અહીં, અક્ષરાનો આંકડાકીય કાડે પરથી જવાબ મળેવવાના હોાયે છ.ે

R	O	S	E
↓	↓	↓	↓
6	8	2	1

તથા

C	H	A	I	R
↓	↓	↓	↓	↓
7	3	4	5	6

તથા

P	R	E	A	C	H
↓	↓	↓	↓	↓	↓
9	6	1	4	7	3

→ હવ,ે ઉપરના ત્રણયે શેાબ્દના અક્ષરાનો આંકડાકીય કાડેના આધાર,ે

S	E	A	R	C	H
↓	↓	↓	↓	↓	↓
2	1	4	6	7	3

→ આમ, SEARCH ને 214673 વડ દેશાર્વાય.

✦ TYPE - IV ✦

Ex : જો કોઈ સાંકેતિક ભાષામાં HOME ને 41 તથા HOUSE ને 68 લખાય, તો OFFICE ને કેમ લખાય?

→ આ પ્રકારના પ્રશ્નામેા માટેાભાગે મૂળાક્ષરાનો ક્રમ પરથી જવાબ આપવાના હોાયે.

→ અહીં, HOME = 8 + 15 + 13 + 5 = 41

HOUSE = 8 + 15 + 21 + 19 + 5 = 68

WebSankul

મૂળાક્ષર શ્રેણી

→ આ પ્રકરણમાંથી અંગ્રેજી મૂળાક્ષર આધારિત પ્રશ્નો પૂછવામાં આવે છે.

→ મોટા ભાગનાં પ્રશ્નોમાં મૂળાક્ષરોના ક્રમ આધારિત શ્રેણી જોવા મળે છે.

✦ અંગ્રેજી મૂળાક્ષરો ✦

→ જો બકા😊; A, B, C, D તો દરેકને આવડે! પરંતુ સરળતાથી પરીક્ષા વખતે યાદ આવે તે માટે નીચેની રીતે લખવી :

	1	2	3	4	5	6	7	8	9	10	11	12	13
(A → Z)	A	B	C	D	E	F	G	H	I	J	K	L	M
	26	25	24	23	22	21	20	19	18	17	16	15	14

	26	25	24	23	22	21	20	19	18	17	16	15	14
(Z → A)	Z	Y	X	W	V	U	T	S	R	Q	P	O	N
	1	2	3	4	5	6	7	8	9	10	11	12	13

❖ 5 ના ગુણાંકમાં આવતા મૂળાક્ષરો પરથી ઝડપી ઉકેલ લાવી શકાય.

	5	10	15	20	25
(A → Z)	E	J	O	T	Y
(Z → A)	22	17	12	7	2

→ A, E, I, O, U એ પાંચ સ્વર છે.

Ex-1 : A, E, _____ O, U

(A) I (B) J (C) K (D) L

→ સ્વર શ્રેણી છે. (A, E, I, O, U)

→ **જવાબ : (A) I**

Ex-2 : G, L, P, S, _____

(A) T (B) U (C) R (D) V

→ G HIJK L MNO P QR S T U

→ **જવાબ : (B) U**

Ex-3 : A, C, E, G, I, _____

(A) J (B) L (C) K (D) M

→ A B C D E F G H I J K

→ **જવાબ : (C) K**

Ex-4 : D, G, K, N, R, _____

(A) U (B) Y (C) O (D) S

→ D EF G HIJ K LM N OPQ R ST U

→ **જવાબ : (A) U**

Ex-5 : A, D, H, M, _____ Z

(A) S (B) T (C) Y (D) R

→ A BC D EFG H IJKL M NOPQR S TUVWXY Z

→ **જવાબ : (A) S**

Ex-6 : Z, A, Y, B, X, C, _____

(A) Y (B) D (C) W (D) V



→ **જવાબ : (C) W**

Ex-7 : 2, A, 9, B, 6, C, 13, D, _____

(A) 9 (B) 10 (C) 12 (D) 19



→ **જવાબ : (B) 10**

Ex-8 : Z, U, Q, _____ L

(A) M (B) N (C) K (D) I

→ Z YXWV U TSR Q PO N M L

→ **જવાબ : (B) N**

Ex-9 : AZ, BY, CX, _____

(A) EF (B) DE (C) DW (D) JK

→ જયારે બે-બે મૂળાક્ષરોની શ્રેણી હોય ત્યારે પ્રથમ અને બીજા મૂળાક્ષરોને અલગ-અલગ હરોળમાં ગોઠવતાં ઝડપી ઉકેલ મેળવી શકાય.

→ A, B, C, D
Z, Y, X, W

→ **જવાબ : (C) DW**

Ex-10 : DF, GJ, KM, NQ, RT, _____

(A) YZ (B) XZ (C) UW (D) UX

→ D EF G HIJ K LM N OPQ R ST U

→ F GHI J KL M NOP Q RS T UVW X

→ **જવાબ : (D) UX**

WEBSANKUL

સંખ્યા શ્રેણી

→ વિદ્યાર્થીમિત્રો, ગુજરાત સરકાર તથા કેન્દ્ર સરકાર દ્વારા આયોજિત તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં આ પ્રકરણના પ્રશ્નો હોય જ છે.

→ સામાન્ય રીતે, આવા પ્રશ્નો વિદ્યાર્થીઓની તાર્કિક ક્ષમતા તેમજ બૌદ્ધિક જ્ઞાન ચકાસવા માટે પૂછવામાં આવે છે.

→ આ પ્રકરણમાં અલગ-અલગ સંખ્યાઓ વડે બનેલી શ્રેણીનો જાત મળે છે.

→ સામાન્ય રીતે જો આપણે શ્રેણીઓ ઉકેલવાનો અને સમજવાનો થોડો પણ પ્રયત્ન કરીએ તો પણ શ્રેણીઓ ઝડપથી ઉકેલી શકાય છે.

→ અલગ-અલગ રીતે પૂછાતી સંખ્યાશ્રેણીઓ ને ઉકેલે ઝડપથી મેળવવા માટે નીચે મુજબની બાબતો યાદ રાખવી જરૂરી છે:

- સંખ્યાઓ વચ્ચેનો તફાવત શોધવો.
- સંખ્યાઓ વચ્ચેનો પરસ્પર સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકારનો સંબંધ ચકાસવો.
- શ્રેણી ધ્યાનપૂર્વક જોઈને નક્કી કરવું કે તે એકી સંખ્યાશ્રેણી, બેકી સંખ્યાશ્રેણી, અવિભાજ્ય સંખ્યાશ્રેણી, ફિબોનોકી સંખ્યાશ્રેણી છે કે કેમ?
- વર્ગ અને ઘન થી બનતી શ્રેણી છે કે નહીં?
- તફાવતનો તફાવત પણ અમુક વખત ચકાસવો.

✦ સરવાળા પર આધારિત શ્રેણી ✦

Ex-1 : 17, 20, 23, 26, 29, ?

(A) 31 (B) 34 (C) 30 (D) 32



→ **જવાબ : (D) 32**

Ex-2 : 10, 14, 18, 22, _____

(A) 30 (B) 26 (C) 29 (D) 14



→ **જવાબ : (B) 26**

Ex-3 : 6, 11, 21, 36, _____

(A) 46 (B) 51 (C) 56 (D) 65



→ **જવાબ : (C) 56**

Ex-4 : 2, 5, 10, 17, 26, _____

(A) 35 (B) 36 (C) 37 (D) 38

રીત – I



→ અહીં સંખ્યાના વધારા.

રીત – II

→ $1^2 + 1 = 2 \longrightarrow 4^2 + 1 = 17$

→ $2^2 + 1 = 5 \longrightarrow 5^2 + 1 = 26$

→ $3^2 + 1 = 10 \longrightarrow 6^2 + 1 = \boxed{37}$

→ **જવાબ : (C) 37**

Ex-5 : 20, 33, 50, 69, 92, _____

(A) 120 (B) 122 (C) 121 (D) 130



→ અવિભાજ્ય અંકના વધારા

→ **જવાબ : (C) 121**

Ex-6 : 7, 11, 19, 35, _____

(A) 55 (B) 67 (C) 60 (D) 61

રીત – I



રીત – II



→ **જવાબ : (B) 67**

✦ બાદબાકી પર આધારિત શ્રેણી ✦

Ex-1 : 18, 16, 13, 9, _____

(A) 4 (B) 2 (C) 6 (D) 7



WEBSANKUL™
WebSankul

→ ક્રમિક સંખ્યાનો ઘટાડો

→ જવાબ : (A) 4

Ex-2 : 16, 15, 12, 7, _____

(A) 2 (B) -2 (C) 1 (D) 0



→ એકી સંખ્યાનો ઘટાડો

→ જવાબ : (D) 0

Ex-3 : 36, 28, 24, 22, _____

(A) 18 (B) 22 (C) 21 (D) 19



→ જવાબ : (C) 21

Ex-4 : 36, 34, 30, 28, 24, _____

(A) 23 (B) 26 (C) 20 (D) 22



→ જવાબ : (D) 22

Ex-5 : 17, 14, 15, 12, 13, _____ , _____

(A) 10, 11 (B) 14, 11 (C) 11, 13 (D) 12, 15



→ જવાબ : (A) 10, 11

Ex-6 : 285, 253, 220, 186, _____

(A) 122 (B) 153 (C) 151 (D) 157



→ જવાબ : (C) 151

✦ ગુણાકાર પર આધારિત શ્રેણી ✦

Ex-1 : 3, 3, 6, 18, 72, _____

(A) 320 (B) 360 (C) 480 (D) 540



→ જવાબ : (B) 360

Ex-2 : 5, 10, 20, 40, 80, _____

(A) 150 (B) 160 (C) 120 (D) 140



→ જવાબ : (B) 160

Ex-3 : 1, 3, 12, 36, _____

(A) 140 (B) 142 (C) 148 (D) 144

રીત – I



રીત – II



→ જવાબ : (D) 144

Ex-4 : 2, 10, 40, 120, 240, _____

(A) 480 (B) 360 (C) 240 (D) 560



→ જવાબ : (C) 240

Ex-5 : 5, 5, 10, 30, 120, 600, _____

(A) 720 (B) 1440 (C) 3600 (D) 3000



→ જવાબ : (C) 3600

Ex-6 : 2, 5, 12, 27, 58, _____

(A) 121 (B) 116 (C) 118 (D) 125



→ જવાબ : (A) 121

WebSankul

શબ્દ નિર્માણ

→ આ પ્રકરણમાંથી પૂછાતાં પ્રશ્નોમાં એક શબ્દ આપેલો હોય છે. જેના પરથી બનેલા અન્ય શબ્દો વિકલ્પોમાં આપેલા હોય છે.

→ આપેલ વિકલ્પોને ધ્યાનપૂર્વક વાંચીને ચકાસવાનું હોય છે કે કયો શબ્દ પ્રશ્નમાં આપેલા શબ્દ પરથી બને છે અને કયો શબ્દ પ્રશ્નમાં આપેલા શબ્દ પરથી બનતો નથી.

→ અમુક પ્રશ્નોમાં અક્ષરોની ગોઠવણી કરીને અર્થપૂર્ણ શબ્દ બનાવવાનું પણ પૂછવામાં આવે છે.

✦ TYPE - I ✦

Ex-1 : PROSPECTIVE શબ્દમાંથી નીચે આપેલ શબ્દમાંનો કયો શબ્દ બનાવી શકાય નહીં?

(A) VECTOR (B) PERTIOS

(C) PROACTIVE (D) RESET

→ વિકલ્પમાં આપેલ શબ્દોના દરેક મૂળાક્ષરોનો સમાવેશ પ્રશ્નમાં આપેલ શબ્દમાં થતો હોય તો જ તે શબ્દ બનાવી શકાય.

→ અહીં, VECTOR, PERTIOS અને RESET શબ્દોના મૂળાક્ષરોનો સમાવેશ આપેલ શબ્દમાં થાય છે. તેથી તે ત્રણેય શબ્દો બનાવી શકાય.

→ પરંતુ PROACTIVE શબ્દમાં A છે. જે આપેલ શબ્દમાં ન હોવાથી તે શબ્દ બનાવે શકાય નહીં.

→ **જવાબ : (C) PROACTIVE**

Ex-2 : COMPASATION શબ્દમાંથી કયો શબ્દ બનાવી શકાય?

(A) MATE (B) SATION

(C) SENATION (D) NAME

→ અહીં, MATE, SENATION અને NAME શબ્દોમાં E આપેલ છે. જે શબ્દમાં ન હોવાથી તે શબ્દો બનાવી શકાય નહીં.

→ પરંતુ SATION માંના દરેક મૂળાક્ષરો આપેલ શબ્દમાંથી હોવાથી તે શબ્દ બનાવી શકાય છે.

→ **જવાબ : (B) SATION**

Ex-3 : SATISFACTION શબ્દમાંથી કયો શબ્દ બનાવી શકાય નહીં?

(A) FAST (B) NATION

(C) STATION (D) ACTION

→ અહીં, FAST, STATION અને ACTION શબ્દોના દરેક મૂળાક્ષરો આપેલ શબ્દમાં હોવાથી તે ત્રણેય શબ્દો બનાવી શકાય.

→ પરંતુ, NATION શબ્દમાં 2 વખત 'N' મળે છે. જે આપેલ શબ્દમાં 1 જ વખત હોવાથી બની શકે નહીં.

→ **જવાબ : (B) NATION**

Ex-4 : LANDSCAPE શબ્દમાંથી કયો શબ્દ બનાવી શકાય?

(A) CAST (B) PAGE (C) DANCE (D) CENTRE

→ અહીં, CAST માં T હોવાથી તે શબ્દ ન બનાવી શકાય.

PAGE માં G હોવાથી તે શબ્દ ન બનાવી શકાય.

DANCE માંના દરેક મૂળાક્ષરો આપેલ શબ્દમાં હોવાથી તે શબ્દ બનાવી શકાય.

CENTRE માં T & R હોવાથી તે શબ્દ ન બનાવી શકાય.

→ આમ, LANDSCAPE શબ્દમાંથી DANCE શબ્દ બનાવી શકાય.

→ **જવાબ : (C) DANCE**

Ex-5 : DEMOGRAPHER શબ્દમાંથી કયો શબ્દ બનાવી શકાય?

(A) GREEN (B) PHONE

(C) GRATE (D) GRAMER

→ અહીં, GREEN અને PHONE શબ્દમાં 'N' હોવાથી ન બનાવી શકાય.

GRATE શબ્દમાં 'T' હોવાથી ન બનાવી શકાય.

GRAMER શબ્દમાંના દરેક મૂળાક્ષરો આપેલ શબ્દમાં હોવાથી તે શબ્દ બનાવી શકાય.

→ આમ, DEMOGRAPHER શબ્દમાંથી GRAMER શબ્દ બનાવી શકાય.

→ **જવાબ : (D) GRAMER**

✦ TYPE - II ✦

Ex-1 : આપેલ અક્ષરોનો એક વખત પ્રયોગ કરીને કેટલાં અર્થપૂર્ણ અંગ્રેજી શબ્દો બનાવી શકાય?

[T, C, A]

(A) 1 (B) 2 (C) 3 (D) 4

→ અર્થપૂર્ણ શબ્દ એટલે કે જેનો ચોક્કસ અર્થ થતો હોય તેવા શબ્દ.

→ આપેલ ત્રણ અક્ષરોનો એક વાર પ્રયોગ કરીને 2 અર્થપૂર્ણ શબ્દો બનાવી શકાય :- (I) CAT (II) ACT

→ **જવાબ : (B) 2**

Ex-2 :નીચે આપેલા મૂળાક્ષરોનો એક વખત પ્રયોગ કરી કયો અર્થપૂર્ણ શબ્દ બને?

J C O P T E R

(A) COPJ (B) ETPOS

(C) PROJACT (D) PROJECT

→ આપેલ વિકલ્પોમાં COPJ અને ETPOC અર્થવિહીન છે.

→ PROJACT માં 'A' હોવાથી તેનો ચોક્કસ અર્થ નથી.

→ PROJECT નો ચોક્કસ અર્થ છે – યોજના. જે અર્થપૂર્ણ શબ્દ છે.

→ **જવાબ : (D) PROJECT**

Ex-3 : નીચે આપેલા મૂળાક્ષરોને ગોઠવીને કયો અર્થપૂર્ણ શબ્દ બનાવી શકાય?

Y	D	E	C	M	O	C	R	A
1	2	3	4	5	6	7	8	9

(A) 235687914 (B) 236578941

(C) 235678941 (D) 326578941

WEBSANKUL™

11 શબ્દોનો તાર્કિક ક્રમ

→ શબ્દોનો એવો વ્યવસ્થિત ક્રમ કે જે સર્વસામાન્ય ઘટનાઓ તથા પ્રકૃતિના નિયમો કે કોઈ ચોક્કસ સિદ્ધાંતો પર આધારિત હોય, તેને શબ્દોનો તાર્કિક ક્રમ કહેવાય.

→ આ પ્રકરણમાંથી પૂછાંતા પ્રશ્નોમાં સામાન્ય રીતે ચાર, પાંચ કે છ શબ્દો આપેલા હોય છે, જે એકબીજા સાથે કોઈને કોઈ સંબંધથી જોડાયેલા હોય છે.

→ આ સંબંધના આધારે આપેલા શબ્દોને ચોક્કસ તાર્કિક ક્રમમાં ગોઠવવામાં આવે છે.

→ સામાન્ય રીતે, આવા પ્રશ્નોમાં મોટાભાગે ઘટનાઓના સમયગાળાના ક્રમ આધારિત ગોઠવણી, કોઈ ચોક્કસ સિદ્ધાંતો આધારિત ગોઠવણી, અંગ્રેજી ડિક્ષનરીના ક્રમ આધારિત ગોઠવણી, રોજબરોજ જોવા મળતી વસ્તુઓના યોગ્ય ક્રમ મુજબ ગોઠવણી કરવાથી ઝડપી ઉકેલ લાવી શકાય છે.

→ આવા પ્રશ્નો જનરલ નોલેજ આધારિત હોય, જે વિદ્યાર્થીઓની તાર્કિક ક્ષમતા ચકાસવાના હેતુથી પૂછવામાં આવે છે

✦ TYPE – I ✦

Ex-1 : નીચે આપેલા શબ્દોને તાર્કિક ક્રમ મુજબ ગોઠવો.

1. દીવાલ 2. માટી 3. ઓરડો 4. ઇંટ 5. ઘર

(A) 1, 2, 3, 4, 5 **(B) 5, 4, 2, 1, 3**

(C) 2, 4, 5, 1, 3 **(D) 2, 4, 1, 3, 5**

→ માટીનો ઉપયોગ કરીને ઇંટ બનાવાય, જેના વડે દીવાલ બનાવી શકાય. ચાર દીવાલો ભેગી થઈને ઓરડો બને, અને ઓરડાઓ મળીને ઘર તૈયાર થાય.

માટી → ઇંટ → દીવાલ → ઓરડો → ઘર

(2) (4) (1) (3) (5)

→ **જવાબ : (D) 2, 4, 1, 3, 5**

Ex-2 : નીચે આપેલા શબ્દોને કયા ક્રમ મુજબ ગોઠવવાથી તે તાર્કિક રીતે સંગત બને?

1. પોલીસ 2. દંડ 3. ગુનો 4. ન્યાયમૂર્તિ 5. ચુકાદો

(A) 5, 4, 1, 3, 2 **(B) 1, 2, 4, 3, 5**

(C) 3, 1, 4, 5, 2 **(D) 3, 4, 2, 1, 5**

→ સૌપ્રથમ કોઈ વ્યક્તિ ગુનો કરે તેથી પોલીસ ફરિયાદ થાય. ત્યારબાદ આ માહિતી કોર્ટમાં જાય. ત્યારબાદ ન્યાયાધીશ (ન્યાયમૂર્તિ) વિચારણા કરી કાયદા મુજબ તેનો ચુકાદો આપે અને અંતે તે વ્યક્તિને દંડ કરવામાં આવે.

ગુનો → પોલીસ → ન્યાયમૂર્તિ → ચુકાદો → દંડ

(3) (1) (4) (5) (2)

→ **જવાબ : (C) 3, 1, 4, 5, 2**

Ex-3 : આપેલા કમ્પ્યૂટર મેમરીના એકમોને તેના તાર્કિક ક્રમ મુજબ ગોઠવો.

1. કિલોબાઇટ 2. બાઇટ 3. મેગાબાઇટ

4. ટેરાબાઇટ 5. ગીગાબાઇટ 6. બિટ

(A) 6, 2, 1, 3, 5, 4 **(B) 6, 2, 1, 4, 3, 5**

(C) 6, 2, 1, 3, 4, 5 **(D) 6, 2, 1, 4, 5, 3**

→ આપેલા શબ્દોમાં દરેક કમ્પ્યૂટર મેમરીના એકમો છે.

→ જેનો ક્રમ નીચે મુજબ છે :

બિટ (bit) → (6)
બાઇટ (byte) → (2)
કિલોબાઇટ (KB) → (1)
મેગાબાઇટ (MB) → (3)
ગીગાબાઇટ (GB) → (5)
ટેરાબાઇટ (TB) → (4)

ચડતો ક્રમ ↓ ઊતરતો ક્રમ ↑

→ **જવાબ : (A) 6, 2, 1, 3, 5, 4**

Ex-4 : આપેલા શબ્દોને આહારશૃંખલા મુજબના યોગ્ય તાર્કિક ક્રમમાં ગોઠવો.

1. દેડકો 2. બાજ 3. તીડ 4. સાપ 5. ઘાસ

(A) 3, 4, 2, 5, 1 **(B) 1, 3, 5, 2, 4**

(C) 5, 3, 1, 4, 2 **(D) 5, 3, 4, 2, 1**

→ આહાર કડી મુજબ વિચારીએ તો તીડ ઘાસ ખાય છે, તીડને દેડકો ખાય છે, દેડકાને સાપ ખાય છે અને અંતે સાપને બાજ ખાય છે.

ઘાસ → તીડ → દેડકો → સાપ → બાજ

(5) (3) (1) (4) (2)

→ **જવાબ : (C) 5, 3, 1, 4, 2**

Ex-5 : આપેલા શબ્દોને તેના તાર્કિક ક્રમ મુજબ ગોઠવો.

1. મહારાષ્ટ્ર 2. વિશ્વ 3. મુંબઈ 4. ભારત 5. એશિયા

(A) 1, 5, 3, 2, 4 **(B) 3, 1, 4, 5, 2**

(C) 3, 4, 2, 1, 5 **(D) 3, 2, 1, 5, 4**

→ મુંબઈનો સમાવેશ મહારાષ્ટ્ર રાજ્યમાં થાય. મહારાષ્ટ્રનો સમાવેશ ભારત દેશમાં થાય. ભારતનો સમાવેશ એશિયા ખંડમાં થાય અને આવા દરેક ખંડો મળીને વિશ્વની રચના થાય.

મુંબઈ → મહારાષ્ટ્ર → ભારત → એશિયા → વિશ્વ

(3) (1) (4) (5) (2)

→ **જવાબ : (B) 3, 1, 4, 5, 2**

Ex-6 : આપેલા શબ્દોને તેના યોગ્ય તાર્કિક ક્રમ મુજબ ગોઠવો.

1. વૃક્ષ 2. બીજ 3. લાકડું 4. છોડ 5. ફર્નિચર

(A) 2, 1, 3, 4, 5 **(B) 3, 4, 1, 2, 5**

(C) 2, 4, 1, 3, 5 **(D) 2, 1, 3, 5, 4**

→ બીજ વાવવાથી છોડ બને, જે મોટો થઈને વૃક્ષ બને, જેમાંથી લાકડું મેળવી શકાય. અને તે લાકડામાંથી ફર્નિચર બનાવાય છે.

બીજ → છોડ → વૃક્ષ → લાકડું → ફર્નિચર

(2) (4) (1) (3) (5)

→ **જવાબ : (C) 2, 4, 1, 3, 5**

Ex-7 : આપેલ વડાપ્રધાનોને તેના શાસનકાળ મુજબ તાર્કિક ક્રમમાં ગોઠવો.

1. ચરણસિંહ 2. નરેન્દ્ર મોદી 3. આઇ.કે.ગુજરાલ

4. જવાહરલાલ નહેરુ

WEBSANKUL

12 ગાણિતિક સાદુંરૂપ

→ આ પ્રકરણમાં સામાન્ય રીતે ભાગાકાર, ગુણાકાર, સરવાળા અને બાદબાકી આધારિત પ્રશ્નો પૂછાતાં હોય છે.

→ ઘણી વખત આવા પ્રશ્નોમાં ગાણિતિક ચિહ્નો અને સંખ્યાઓ જોવા મળે, જેને પ્રશ્ન અનુસાર બદલીને સાદુંરૂપ આપવામાં આવે છે.

→ સામાન્ય રીતે સાદુંરૂપ આપવા માટે BODMASનો નિયમ ઘણો પ્રચલિત છે.

B → Bracket (કૌંસ)
O → Of (નો, ની, નું, ના) (×)
D → Division (ભાગાકાર)
M → Multiplication (ગુણાકાર)
A → Addition (સરવાળો)
S → Subtraction (બાદબાકી)

✦ સાદુંરૂપ કઈ રીતે આપવું? ✦

→ સૌપ્રથમ કૌંસ સોલ્વ કરવા.

→ કૌંસ સોલ્વ કરવાનો ક્રમ નીચે મુજબ છે :
(I) $\overline{\quad\quad}$ (રેખા કૌંસ)
(II) ( ) (નાનો કૌંસ)
(III) { } (છગડીયો કૌંસ)
(IV) [ ] (મોટો કૌંસ)

→ ત્યારબાદ Of આપેલ હોય તો તેની જગ્યાએ × મૂકવો.

→ ત્યારબાદ ભા.ગુ.સ.બા. ક્રમમાં સાદુંરૂપ આપવું.
ભાગાકાર → ÷
ગુણાકાર → ×
સરવાળો → +
બાદબાકી → –

Ex-1 : $28 - [20 - \{18 - (14 - \overline{8 - 6})\}] = ?$
(A) 10 (B) 14 (C) 16 (D) 12

→ $28 - [20 - \{18 - (14 - 2)\}]$
$= 28 - [20 - \{18 - 12\}]$
$= 28 - [20 - 6]$
$= 28 - 14$
$= 14$

→ **જવાબ : (B) 14**

Ex-2 : $15 \div [13 - 2\{10 - (2 + \overline{6 - 3})\}] = ?$
(A) 8 (B) 7 (C) 5 (D) 10

→ $15 \div [13 - 2\{10 - (2 + 3)\}]$
$= 15 \div [13 - 2\{10 - 5\}]$
$= 15 \div [13 - 2\{5\}]$
$= 15 \div [13 - 10]$
$= 15 \div 3$
$= 5$

→ **જવાબ : (C) 5**

Ex-3 : $20 \times 20 + 20 - 20 \div 20$નું મૂલ્ય કેટલું થાય?
(A) 400 (B) 419 (C) 20 (D) 209

→ $20 \times 20 + 20 - \frac{20}{20}$
$= 20 \times 20 + 20 - 1$
$= 400 + 20 - 1$
$= 400 + 19$
$= 419$

→ **જવાબ : (B) 419**

Ex-4 : જો × નો અર્થ –, ÷ નો અર્થ × અને – નો અર્થ + થતો હોય, તો $8 \div 3 \times 4 - 7 =$ _____
(A) 32 (B) 29 (C) 27 (D) 42

$8 \div 3 \times 4 - 7$

→ હવે, માગ્યા મુજબ ફેરફાર કરતાં,
$= 8 \times 3 - 4 + 7$
$= 24 - 4 + 7$
$= 31 - 4$
$= 27$

→ **જવાબ : (C) 27**

Ex-5 : જો P માટે +, Q માટે –, R માટે × તથા S માટે ÷ હોય, તો 9R9P9S9Q9 બરાબર કેટલા હોય?
(A) 99 (B) 73 (C) 83 (D) 87

9R9P9S9Q9

→ હવે, માગ્યા મુજબ ફેરફાર કરતાં,
$= 9 \times 9 + 9 \div 9 - 9$
$= 9 \times 9 + 1 - 9$
$= 81 + 1 - 9$
$= 82 - 9$
$= 73$

→ **જવાબ : (B) 73**

Ex-6 : જો × નો અર્થ –, ÷ નો અર્થ +, + નો અર્થ × હોય, તો $(16 \times 5) \div 5 + 3 = ?$
(A) 26 (B) 22 (C) 30 (D) 24

$(16 \times 5) \div 5 + 3$

→ હવે, માગ્યા મુજબ ફેરફાર કરતાં,
$= (16 - 5) + 5 \times 3$
$= 11 + 5 \times 3$
$= 11 + 15$
$= 26$

→ **જવાબ : (A) 26**

WEBSANKUL

13 વર્ગીકરણ

→ વર્ગીકરણ એટલે વિજાતીય પરીક્ષણ.

→ આ પરીક્ષણનો હેતુ એ છે કે આપેલ સંખ્યાઓ, સંખ્યા સમૂહો, શબ્દો, અક્ષરો, વસ્તુઓ વગેરેને તેના સામાન્ય ગુણધર્મોના આધારે વહેંચી સમૂહબદ્ધ કરી વધતાં શબ્દ, અક્ષર કે વસ્તુને અલગ કરવાની હોય છે.

→ સામાન્ય રીતે ત્રણ વિકલ્પો સમાન ગુણધર્મો ધરાવતા હોય છે. જ્યારે એક વિકલ્પ અન્ય ત્રણથી અલગ પડતો હોય છે.

→ આ પ્રકરણમાં સંખ્યાઓ, મૂળાક્ષરો તેમજ જનરલ નોલેજ આધારિત શબ્દો કે શબ્દના સમૂહોને વર્ગીકૃત કરવાનું પૂછાય છે.

✦ TYPE – I ✦

▪ **નીચે આપેલા વિકલ્પોમાંથી અલગ પડતો વિકલ્પ શોધો.**

Ex-1 : (A) બળદ (B) સિંહ (C) ચિત્તો (D) વાઘ

→ અહીં, સિંહ, ચિત્તો અને વાઘ એ જંગલી પ્રાણીઓ છે, જ્યારે બળદ એ પાલતું પ્રાણી છે. તેથી બળદ અલગ પડે.

→ **જવાબ : (A) બળદ**

Ex-2 : (A) કાકા (B) મિત્ર (C) ભાઇ (D) બહેન

→ અહીં, કાકા, ભાઇ અને બહેન એ એક જ પરિવારના સભ્યો છે, જ્યારે મિત્ર એ પરિવારનો સભ્ય નથી. તેથી મિત્ર અલગ પડે.

→ **જવાબ : (B) મિત્ર**

Ex-3 : (A) ટાઇફૉઇડ (B) ગોઇટર
(C) પેરાસીટામોલ (D) ન્યુમોનિયા

→ અહીં, ટાઇફૉઇડ, ગોઇટર અને ન્યુમોનિયા એ રોગ છે, જ્યારે પેરાસીટામોલ દવા છે. તેથી પેરાસીટામોલ અલગ પડે.

→ **જવાબ : (C) પેરાસીટામોલ**

Ex-4 : (A) જાન્યુઆરી (B) માર્ચ
(C) એપ્રિલ (D) ડિસેમ્બર

→ અહીં, જાન્યુઆરી, માર્ચ અને ડિસેમ્બર માસમાં 31 દિવસ હોય છે. જ્યારે એપ્રિલ માસમાં 30 દિવસ હોય છે. તેથી એપ્રિલ અલગ પડે.

→ **જવાબ : (C) એપ્રિલ**

Ex-5 : (A) મહારાષ્ટ્ર (B) ગુજરાત
(C) ભારત (D) મધ્યપ્રદેશ

→ અહીં, મહારાષ્ટ્ર, ગુજરાત અને મધ્યપ્રદેશ રાજ્યો છે. જ્યારે ભારત દેશ છે. તેથી ભારત અલગ પડે.

→ **જવાબ : (C) ભારત**

Ex-6 : (A) માઇલ (B) લિટર (C) મિટર (D) યાર્ડ

→ અહીં, માઇલ, મિટર અને યાર્ડ અંતરના એકમો છે. જ્યારે લિટર પ્રવાહીના માપનનો એકમ છે. તેથી લિટર અલગ પડે.

→ **જવાબ : (B) લિટર**

Ex-7 : (A) આયુર્વેદ (B) ધનુર્વેદ
(C) સામવેદ (D) ગાંધર્વવેદ

→ અહીં, આયુર્વેદ, ધનુર્વેદ અને ગાંધર્વવેદ ઉપવેદો છે. જ્યારે સામવેદ વેદ છે. તેથી સામવેદ અલગ પડે.

→ **જવાબ : (C) સામવેદ**

Ex-8 : (A) ભાવનગર (B) દેવભૂમિ-દ્વારકા
(C) રાજકોટ (D) પોરબંદર

→ અહીં, ભાવનગર, પોરબંદર અને દેવભૂમિ-દ્વારકા દરિયાકિનારો ધરાવતા જિલ્લા છે. જ્યારે રાજકોટ દરિયાકિનારો ધરાવતો જિલ્લો નથી. તેથી રાજકોટ અલગ પડે.

→ **જવાબ : (C) રાજકોટ**

✦ TYPE – II ✦

▪ **નીચે આપેલા વિકલ્પોમાંથી કયા શબ્દોની જોડ અલગ પડે છે. તે શોધો.**

Ex-1 : (A) દિવસ × રાત્રી (B) ઉપર × નીચે
(C) મોટુ × નાનુ (D) રડવું × રુદન

→ અહીં, દિવસ × રાત્રી, ઉપર × નીચે અને મોટુ × નાનુ ત્રણેય વિરુદ્ધાર્થી શબ્દો છે. જ્યારે રડવું અને રુદનએ સમાનાર્થી છે. તેથી રડવું × રૂદન અલગ પડે.

→ **જવાબ : (D) રડવું × રુદન**

Ex-2 : (A) કાકા - કાકી (B) માતા - પિતા
(C) ભાઇ - બહેન (D) પતિ - પત્ની

→ અહીં, ભાઇ-બહેન સિવાય બાકીની ત્રણેય જોડ પતિ-પત્ની એટલે કે યુગલ છે. તેથી ભાઇ- બહેન અલગ પડે.

→ **જવાબ : (C) ભાઇ- બહેન**

Ex-3 : (A) અમુલ - આણંદ (B) સર્વોત્તમ - શિહોર
(C) ગોપાલ - ભરૂચ (D) સુમુલ - સુરત

→ અહીં, ગુજરાતમાં આવેલ ડેરી અને તેના સ્થળ આપેલા છે. અમુલ ડેરી આણંદમાં, સર્વોત્તમ ડેરી શિહોરમાં તથા સુમુલ ડેરી સુરતમાં આવેલી છે. પરંતુ ગોપાલ ડેરી રાજકોટમાં આવેલી છે. તેથી ગોપાલ – ભરૂચ અલગ પડે.

→ **જવાબ : (C) ગોપાલ - ભરૂચ**

Ex-4 : (A) વર્તુળ - ચાપ (B) રેખા - બિંદુ
(C) ચોરસ - બાજુ (D) ષટ્કોણ - લંબચોરસ

→ અહીં, વર્તુળનું નિર્માણ ચાપ માંથી થાય. રેખાનું નિર્માણ બિંદુમાંથી થાય તથા ચોરસનું નિર્માણ બાજુથી થાય. પરંતુ ષટ્કોણનું નિર્માણ લંબચોરસમાંથી થતું નથી તેથી ષટ્કોણ – લંબચોરસ અલગ પડે.

→ **જવાબ : (D) ષટ્કોણ - લંબચોરસ**

WEBSANKUL

સમસંબંધ

→ આ પ્રકારના પ્રશ્નોમાં આપેલ શબ્દોમાં એકબીજા વચ્ચે કોઈને કોઈ સંબંધ કે સામ્યતા જોવા મળતી હોય છે.

→ આ પ્રકરણમાંથી નીચે મુજબના જનરલ નોલેજ આધારિત સંબંધો પૂછાયઃ

- દેશ અને રાજધાની
- રાજય અને પાટનગર
- દેશ અને ચલણ
- સાધન અને તેની ઉપયોગિતા
- જથ્થો અને માપનનો એકમ
- મહાનુભાવો અને સમાધિસ્થળ
- રમત અને મેદાન
- રમત અને તેની સાથે સંકળાયેલ શબ્દો
- દેશ અને તેની રાષ્ટ્રીય રમત
- સાધન અને તેના શોધક
- ધાતુ અને તેની કાચી ધાતુ
- શરીરનું અંગ અને તેને લગતા રોગ
- રાજય અને પ્રચલીત નૃત્ય / સ્થળ
- વિટામિન અને તેના સ્ત્રોત
- શૈક્ષણિક સંસ્થા અને તેના કાર્યો / ધ્યેયવાકયો / સ્થળ
- પ્રાણી – પક્ષી સંબંધિત માહિતી
- લોહીનો સંબંધ
- મજુર અને તેનું કાર્યસ્થળ

Ex-1 દેસલપુર : મોરઈ :: કોડીનાર : _____
(A) પન્ના (B) શીંગવડો (C) જમુના (D) ધગ્ધર

- અહીં, સૌપ્રથમ (::) ની પહેલા આપેલા ભાગનું એનાલીસીસ કરવું અને જે બે શબ્દો આપ્યા તે વચ્ચેનો સંબંધ નક્કી કરવો.
- ત્યારબાદ પ્રથમ ભાગમાં આપેલા બે શબ્દો વચ્ચે જે સંબંધ હોય, તે જ સંબંધ (::) પછીના ભાગમાં આવે, તેથી તે નક્કી કરીને મૂકવું.
- દેસલપુર મોરઈ નદીના કિનારે આવેલું છે.
- અહીં, દેસલપુર અને મોરઈ વચ્ચે નદી અને સ્થળ વચ્ચેનો સંબંધ છે. આમ (::) પછીના ભાગમાં પણ આ જ સંબંધ અનુસરવો પડે.
- કોડીનાર શીંગવડો નદીના કિનારે વસેલું છે.
  ∴ તેથી શીંગવડો

→ **જવાબ : (B) શીંગવડો**

Ex-2 ચીન : યુઆન :: ભારત : _____
(A) રૂપિયો (B) ટકા (C) ડૉલર (D) નોટ

- અહીં, દેશ અને તેના ચલણ વિશેનો સંબંધ છે.
- ચીનનું ચલણ ⟹ યુઆન
- ભારતનું ચલણ ⟹ રૂપિયો

→ **જવાબ : (A) રૂપિયો**

Ex-3 ગુજરાત : ગાંધીનગર :: મહારાષ્ટ્ર : _____
(A) ભોપાલ (B) બેંગલોર (C) ઈમ્ફાલ (D) મુંબઈ

- અહીં, રાજય અને તેના પાટનગરનો સંબંધ છે.
- ગુજરાતનું પાટનગર ⟹ ગાંધીનગર
- મહારાષ્ટ્રનું પાટનગર ⟹ મુંબઈ

→ **જવાબ : (D) મુંબઈ**

Ex-4 એલ્યુમિનિયમ : બોકસાઈટ :: લોખંડ : _____
(A) લિગ્નાઈટ (B) મેગ્નેસાઈટ
(C) હિમેટાઈટ (D) આર્યન પાયરાઈટ્સ

- અહીં, ખનીજ અને તેની કાચીધાતુનો સંબંધ છે.
- એલ્યુમિનિયમની કાચી ધાતુ ⟹ બોકસાઈટ
- લોખંડની કાચી ધાતુ ⟹ હિમેટાઈટ

→ **જવાબ : (C) હેમેટાઈટ**

Ex-5 પાયોરીયા : દાંત :: ગ્લુકોમા : _____
(A) નાક (B) આંખ (C) કાન (D) ગળું

- અહીં, રોગ અને તેને સંબંધિત અંગનો સંબંધ છે.
- પાયોરીયા ⟹ દાંતનો રોગ
- ગ્લુકોમા ⟹ આંખનો રોગ

→ તેથી આંખ

→ **જવાબ : (B) આંખ**

Ex-6 વોલીબોલ : 6 :: બાસ્કેટબોલ : _____
(A) 8 (B) 7 (C) 5 (D) 4

- અહીં, રમત અને ખેલાડીઓની સંખ્યાનો સંબંધ છે.
- વોલીબોલની ટીમમાં ખેલાડીની સંખ્યા ⟹ 6
- બાસ્કેટબોલની ટીમમાં ખેલાડીની સંખ્યા ⟹ 5

→ **જવાબ : (C) 5**

Ex-7 પંજાબી : પંજાબ :: કોંકણી : _____
(A) કેરલ (B) કર્ણાટક (C) આંધ્રપ્રદેશ (D) ગોવા

- અહીં, રાજય અને તેની રાજયભાષા વચ્ચેનો સંબંધ છે.
- પંજાબી ⟹ પંજાબની રાજયભાષા
- કોંકણી ⟹ ગોવાની રાજયભાષા

→ તેથી ગોવા

→ **જવાબ : (D) ગોવા**

Ex-8 હિન્દુ : મંદિર :: મુસ્લિમ : _____
(A) ચર્ચ (B) ગુરુદ્વારા (C) મસ્જિદ (D) સુવર્ણમંદિર

- અહીં, ધર્મ અને તેના ધર્મ સ્થળ વચ્ચે સંબંધ છે.
- હિંદુઓનું ધર્મ સ્થાન ⟹ મંદિર
- મુસ્લિમોનું ધર્મસ્થાન ⟹ મસ્જિદ

→ **જવાબ : (C) મસ્જિદ**

Ex-9 બેડમિન્ટન : કોર્ટ :: ક્રિકેટ : _____
(A) રીંગ (B) પીચ (C) મેદાન (D) ટેબલ

- અહીં, રમત અને તે રમતના સ્થળો વચ્ચેનો સંબંધ છે.
- બેડમિન્ટન રમવા માટેનું સ્થાન ⟹ કોર્ટ
- ક્રિકેટ રમવા માટેનું સ્થાન ⟹ પીચ

→ **જવાબ : (B) પીચ**

WEBSANKUL

15 લોહીનો સંબંધ

→ Blood – Relations એટલે 'લોહીનો સંબંધ'.
→ આ પ્રકરણ પરિવાર તેમજ વંશાવલી સાથે જોડાયેલ મહત્વપૂર્ણ પ્રકરણ છે.
→ ગુજરાત સરકાર તેમજ કેન્દ્ર સરકાર દ્વારા આયોજિત થતી દરેક સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે આ ખૂબ જ ઉપયોગી પ્રકરણ છે.
→ સામાન્ય રીતે આ પ્રકરણના પ્રશ્નો નીચે મુજબના સ્વરૂપે જોવા મળે છે :

- વાક્ય કે વિધાન સ્વરૂપે
- ફોટોગ્રાફ સ્વરૂપે
- આંગળી ચીંધીને કોઇનો ઉલ્લેખ
- સમીકરણ સ્વરૂપે

✦ કેટલાક મહત્વપૂર્ણ સંબંધો ✦

→ પિતાનો પુત્ર – ભાઈ
→ પિતાનો એકમાત્ર પુત્ર – પોતે (બહેન માટે ભાઈ)
→ પિતાની પુત્રી – બહેન
→ પિતાની એકમાત્ર પુત્રી – પોતે (ભાઈ માટે બહેન)
→ પિતાની બહેન – ફોઇ
→ પિતાનો ભાઈ – કાકા
→ માતાની બહેન – માસી
→ માતાનો ભાઈ – મામા
→ માતાની માતા – નાની
→ માતાના પિતા – નાના
→ પિતાની માતા – દાદી
→ પિતાના પિતા – દાદા
→ બહેનનો પુત્ર – ભાણો (ભાણેજ)
→ બહેનની પુત્રી – ભાણી (ભાણેજ)
→ પુત્રની પત્ની – પુત્રવધૂ
→ પુત્રીનો પતી – જમાઇ
→ પતિની બહેન – નણંદ
→ પતિનો મોટો ભાઈ – જેઠ
→ પતિનો નાનો ભાઈ – દિયર
→ પત્નીની બહેન – સાળી
→ પત્નીનો ભાઈ – સાળો
→ બહેનનો પતી – બનેવી
→ ભાઈની પત્ની – ભાભી
→ ભાઇનો પુત્ર – ભત્રીજો
→ ભાઈની પુત્રી – ભત્રીજી
→ પુત્રનો પુત્ર – પૌત્ર
→ પુત્રની પુત્રી – પૌત્રી
→ નાના કે નાનીનો પુત્ર – મામા
→ દાદા કે દાદીની પુત્રવધુ – માતા/કાકી
→ પતિ કે પત્નીની માતા – સાસુ
→ પતિ કે પત્નીના પિતા – સસરા
→ પુત્રીનો પુત્ર – દોહિત્ર
→ પુત્રીની પુત્રી – દોહિત્રી
→ કાકાનો દિકરો – પિતરાઇ ભાઈ
→ કાકાની દિકરી – પિતરાઇ બહેન
→ સાસુની એકમાત્ર પુત્રી – પત્ની (પુરુષ માટે), નણંદ (સ્ત્રી માટે)
→ પિતાના દાદા – પ્રપીતામહ, પરદાદા
→ પિતાની દાદી – પ્રપીતામહી, પરદાદી

✦ ગોઠવણી કઇ રીતે કરવી? ✦



✦ કેટલીક યાદ રાખવા જેવી બાબતો ✦

😊 જો બકા! દરેક દાખલાઓ આપણે આ મૂજબ જ ગણશું, તેથી આ નિયમો ખાસ યાદ રાખી લ્યો.

→ જ્યારે કોઇ સ્ત્રીનો ઉલ્લેખ હોય, ત્યારે તેને દર્શાવવા માટે (-) મુકવું.
→ જ્યારે કોઇ પુરુષનો ઉલ્લેખ હોય, ત્યારે તેને દર્શાવવા માટે (+) મુકવું.
→ પતી અને પત્નીનો સંબંધ દર્શાવવા માટે (=) મુકવું.
→ ભાઈ અને બહેન કે ભાઈ-ભાઈ કે બહેન-બહેન વચ્ચેનો સંબંધ દર્શાવવા માટે (,) મુકવું.

😊 જો બકા! A નો B સાથેનો સંબંધ શું? આવું આપ્યું હોય તો....

→ જ્યારે ઉપર મૂજબ આપેલ હોય ત્યારે કન્ફ્યુજનમાં આવવાનું નહી. પાછળની બાજુએ આપેલ શબ્દ (B) ને આગળ આપેલ શબ્દ (A) શું થાય એ નક્કી કરીને જવાબ મૂકવો.
દા.ત; ⟶ P નો Q સાથેનો સંબંધ શું?

- Q ને P શું થાય એ નક્કી કરવું, અને તે જવાબ મુકવો.

⟶ S નો T સાથેનો સંબંધ શું?

- T ને S શું થાય એ નક્કી કરવું અને તે જવાબ મુકવો.

✦ TYPE – I ✦

Ex-1 : મારા ફઈના પિતાના પુત્રની પુત્રી મારી શું થાય?
(A) બહેન (B) ફઇ (C) ભત્રીજી (D) ભાણેજ

😊 જો બકા! આવા દાખલામાં ગોઠવણી દોરવાની જરૂર નથી.

→ ફઈના પિતા એટલે દાદા થાય.

WEBSANKUL

• **<u>સમજૂતી</u> :-**



1. K નો J સાથે સંબંધ શું? એટલે કે J ને K શું થાય એ નક્કી કરવું પડે.
   અહી, K એ J ની માતા W નો ભાઈ છે. તેથી J ને K મામા થાય.

→ **જવાબ : (C) મામા**

2. C નો J સાથે સંબંધ શું? એટલે કે J ને C શું થાય એ નક્કી કરવું પડે.
   અહી, C એ J ના પિતાની માતા છે. તેથી J ને C દાદી થાય.

→ **જવાબ : (A) દાદી**

3. K નો X સાથે સંબંધ શું? એટલે કે X ને K શું થાય એ નક્કી કરવું પડે.
   અહી, K એ X ની પત્ની D ના પિતા છે. તેથી X ને K એ સસરા થાય.

→ **જવાબ : (D) સસરા**

✦ TYPE – IV ✦

→ આ પ્રકારના પ્રશ્નોમાં તમને સંબંધો સમીકરણ સ્વરૂપે આપેલા હોય છે. અને તેને ઉકેલવા માટે વિધાનો આપેલા હોય છે.

→ આપેલા વિધાનોને ધ્યાનપૂર્વક વાંચીને તે મુજબ જ આપેલા સમીકરણની ગોઠવણી કરવાથી ઝડપી ઉકેલ મેળવી શકાય છે.

Ex-1 : A + B એટલે A, B નો ભાઈ છે.
A – B એટલે A, B ની પત્ની છે.
A ÷ B એટલે A, B નો પુત્ર છે.
A × B એટલે A, B ની બહેન છે.
જો L × R + S ÷ D + J હોય, તો કયું વિધાન સાચું છે?
(A) L, S ની પુત્રી છે. **(B) D, L ના પિતા છે.**
(C) R, J નો ભાઈ છે. **(D) D, L ની માતા છે.**

• **<u>સમજૂતી</u> :-**

→ L × R + S ÷ D + J ને વિધાન સ્વરૂપે દર્શાવતાં,
L × R → L, R ની બહેન છે.
R + S → R, S નો ભાઈ છે.
S ÷ D → S, D નો પુત્ર છે.
D + J → D, J નો ભાઈ છે.

→ હવે, ઉપરોક્ત વિધાનો મુજબ ગોઠવણી કરતાં,



→ આમ, ગોઠવણી પરથી સ્પષ્ટ કરી શકાય કે D, L ના પિતા છે.

→ **જવાબ : (B) D, L ના પિતા છે.**

Ex-2 : I × J એટલે I, J નો પુત્ર છે.
I + J એટલે I, J ની પુત્રી છે.
I ÷ J એટલે I, J નો પતિ છે.
I – J એટલે I, J ના પિતા છે.
તો A ÷ C + B – R + D માટે કયો વિકલ્પ સાચો છે?
(A) R, D ની માતા છે. **(B) B, D ની પત્ની છે.**
(C) R, C ની બહેન છે. **(D) A, D ની પુત્રવધુ છે.**

→ A ÷ C + B – R + D ને વિધાન સ્વરૂપે દર્શાવતાં,
A ÷ C → A, C નો પતિ છે.
C + B → C, B ની પુત્રી છે.
B – R → B, R ના પિતા છે.
R + D → R, D ની પુત્રી છે.

→ હવે ઉપરોક્ત વિધાનો મુજબ ગોઠવણી કરતાં,



→ આમ, ગોઠવણી પરથી સ્પષ્ટ કરી શકાય કે R, C ની બહેન છે.

→ **જવાબ : (C) R, C ની બહેન છે.**

Ex-3 : A × B એટલે A એ B નો પુત્ર છે.
A + B એટલે A એ B ની પુત્રી છે.
A ÷ B એટલે A એ B નો ભાઈ છે.
A – B એટલે A એ B ની પત્ની છે.
ઉપરોક્ત માહિતીના આધારે C – D × E ÷ F હોય તો E અને C વચ્ચેનો સંબંધ શું થાય?
(A) કાકા-ભત્રીજા **(B) પિતા-પુત્ર**
(C) પતિ-પત્ની **(D) સસરા-પુત્રવધુ**

→ C – D × E ÷ F ને વિધાન સ્વરૂપે દર્શાવતાં,
C – D → C એ D ની પત્ની છે.
D × E → D એ E નો પુત્ર છે.
E ÷ F → E એ F નો ભાઈ છે.
હવે, ઉપરોક્ત વિધાનો મુજબ ગોઠવણી કરતાં,



→ ગોઠવણી પરથી સ્પષ્ટ કરી શકાય કે C એ E ની પુત્રવધુ હોય તેથી E અને C વચ્ચે સસરા-પુત્રવધુનો સંબંધ હોય.

→ **જવાબ : (D) સસરા-પુત્રવધુ**

WebSankul

તાર્કિક કોયડા

→ વિદ્યાર્થી મિત્રો, મોટાભાગની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં આ પ્રકરણમાંથી એકાદ-બે પ્રશ્ન અચુક પૂછાતો હોય છે.

→ આ પ્રકારના પ્રશ્નોમાં સામાન્ય રીતે વિદ્યાર્થીઓએ થોડીક સામાન્ય બુદ્ધિ વાપરીને પ્રશ્નને ધ્યાનપૂર્વક સમજીને જવાબ આપવાનો હોય છે.

→ આવા પ્રશ્નો પૂછવાનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓની તાર્કિક ક્ષમતા ચકાસવાનો હોય છે.

Ex-1 : એક વાડીમાં અમુક પશુઓ અને અમુક પક્ષીઓ છે. તેમના માથાની સંખ્યા 32 અને પગની સંખ્યા 100 છે. તો આ વાડીમાં કુલ કેટલા પક્ષીઓ હોય?

(A) 18 (B) 22 (C) 14 (D) 24

→ ચાર પગવાળા (પશુઓ) = $\frac{\text{પગની સંખ્યા}}{2}$ − માથાની સંખ્યા

$= \frac{100}{2} - 32$

$= 50 - 32$

$= 18$

→ પશુઓ + પક્ષીઓ = 32

∴ પક્ષીઓ = 32 − પશુઓ

$= 32 - 18$

$= 14$

આમ, પશુઓની સંખ્યા 18 અને પક્ષીઓની સંખ્યા 14 હોય.

→ **જવાબ : (C) 14**

Ex-2 : અશોક પાસે 100 રૂપિયાની 80 નોટો સિરિયલ નંબર પ્રમાણેની છે. જો પ્રથમ નોટ પર 624328 નંબર હોય, તો છેલ્લી નોટ પર કયો નંબર હોય?

(A) 624407 (B) 624405

(C) 624408 (D) 624409

→ પ્રથમ નોટ પરનો સિરિયલ નંબર 624328 છે.

તેથી, છેલ્લી નોટ = 624328 + 79

= 624407

આમ, છેલ્લી નોટ (80મી નોટ)નો નંબર 624407 હોય.

→ **જવાબ : (A) 624407**

Ex-3 : એક ઘડિયાળમાં 1 વાગ્યે એક, 2 વાગ્યે બે, 3 વાગ્યે ત્રણ એમ ક્રમ મુજબ ટકોરા પડતાં હોય, તો 12 કલાકમાં કુલ કેટલા ટકોરા પડે?

(A) 56 (B) 156 (C) 78 (D) 12

→ અહીં, 1 વાગ્યે એક, 2 વાગ્યે બે, 3 વાગ્યે ત્રણ એમ ક્રમ મુજબ ટકોરા પડે છે.



12 કલાકમાં = 1 + 2 + 3 + 4 + 5 + 6 + 7 + 8 + 9 + 10 + 11 + 12

= 78

આમ, 12 કલાકમાં કુલ 78 ટકોરા પડે.

→ **જવાબ : (C) 78**

Ex-4 : ક્રિકેટની રમતમાં બોલર દરેક બોલે વિકેટ ખેરવે તો છેલ્લે કયા નંબરનો ખેલાડી નોટ આઉટ રહેશે?

(A) 7 (B) 9 (C) 8 (D) 11

→ ઓપનીંગમાં બે ખેલાડીઓ રમવા આવ્યા.

રમનાર	સામે
1 નંબર (વિકેટ)	2 નંબર
3 નંબર (વિકેટ)	
4 નંબર (વિકેટ)	
5 નંબર (વિકેટ)	
6 નંબર (વિકેટ)	
7 નંબર (વિકેટ)	

→ હવે, એક ઓવર પુરી થાય એટલે,

રમનાર	સામે
2 નંબર (વિકેટ)	8 નંબર
9 નંબર (વિકેટ)	
10 નંબર (વિકેટ)	
11 નંબર (વિકેટ)	

→ છેલ્લે 11માં નંબરની વિકેટ જાય એટલે મેચ પુરી થાય.

આમ, છેલ્લે 8 નંબરનો ખેલાડી નોટ આઉટ રહે.

→ **જવાબ : (C) 8**

Ex-5 : 8 દીવાસળીની મદદથી વધુમાં વધુ કેટલા ચોરસ રચી શકાય?

(A) 14 (B) 9 (C) 6 (D) 17

→ 8 દીવાસળીને ગોઠવતાં નીચે મુજબની રચના બને.



→ હવે, ચોરસની ગણતરી માટે,

આડા ખાના × ઊભા ખાના

$3 \times 3 \Longrightarrow 9$

$2 \times 2 \Longrightarrow 4$

$1 \times 1 \Longrightarrow 1$

→ કુલ ચોરસ $\Longrightarrow 9 + 4 + 1$

$\Longrightarrow 14$

આમ, 8 દીવાસળીની મદદથી કુલ 14 ચોરસ બનાવી શકાય.

→ **જવાબ : (A) 14**

Ex-6 : જો 16 કરોળિયા, 16 જાળા, 16 દિવસમાં બનાવી શકે, તો 1 કરોળિયાને 1 જાળું બનાવવા કેટલા દિવસ લાગે?

WEBSANKUL

17 તુલનાત્મક કોયડાઓ

→ આ પ્રકરણમાંથી સામાન્ય રીતે સરખામણી આધારિત પ્રશ્નો પૂછવામાં આવે છે.

→ આ પ્રકારના પ્રશ્નોમાં ચાર, પાંચ કે છ વ્યક્તિઓની એકબીજાની સાપેક્ષે સરખામણીની વિગતો આપેલી હોય છે. પ્રશ્નને ધ્યાનપૂર્વક વાંચીને આપેલ વિગત અનુસાર ગોઠવવાથી ઝડપથી ઉકેલ મેળવી શકાય.

→ મોટાભાગની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં તુલના અને પ્રમાણ આધારિત કોયડાઓ પૂછાતાં હોય છે.

Ex-1 : રમા પુષ્પા કરતાં ઊંચી છે, પરંતુ બીના જેટલી ઊંચી નથી. બેલા સુજાતાં કરતાં ઊંચી છે, પરંતુ પુષ્પા જેટલી ઊંચી નથી. તો આ બધામાં સૌથી ઊંચું કોણ?

(A) બીના (B) પુષ્પા (C) રમા (D) સુજાતા

→ આ પ્રકારના પ્રશ્નમાં દરેક કથનને ધ્યાનપૂર્વક સમજવા જરૂરી છે.

કથન – I મુજબ ⟹ બીના > રમા > પુષ્પા

કથન – II મુજબ ⟹ પુષ્પા > બેલા > સુજાતા

- બંને કથનની ગોઠવણી અનુસરતાં,

<u>બીના</u> > રમા > પુષ્પા > બેલા > <u>સુજાતા</u>

↑ સૌથી ઊંચી ↑ સૌથી નીચી

- આમ, આ પાંચેયમાં સૌથી ઊંચી બીના હોય.

→ આ ઉપરાંત તમે રકમને વ્યવસ્થિત સમજીને સીધી એક જ હરોળમાં પણ ગોઠવી શકો.



→ **જવાબ : (A) બીના**

Ex-2 : અલકા માલા કરતાં વધુ ઉંમરની છે. ગોપાલ માલા કરતાં વધુ ઉંમરનો છે, પરંતુ અલકા કરતાં ઓછી ઉંમરનો છે. કપિલની ઉંમર રામ અને માલા કરતાં ઓછી છે, પરંતુ માલા રામ કરતાં વધુ ઉંમરની છે. તો ઉંમરની દૃષ્ટિએ ગોપાલ અને રામની વચ્ચે કોણ આવે?

(A) માલા (B) અલકા (C) કપિલ (D) રામ

→ પ્રશ્નને ધ્યાનપૂર્વક વાંચીને દરેક કથન અલગ-અલગ ગોઠવતાં,

કથન – I મુજબ ⟹ અલકા > માલા

કથન – II મુજબ ⟹ અલકા > ગોપાલ > માલા

કથન – III મુજબ ⟹ માલા > રામ > કપિલ

- ત્રણેય કથનની ગોઠવણી અનુસરતાં,

અલકા > ગોપાલ > <u>માલા</u> > રામ > કપિલ

- આમ, ગોપાલ અને રામની વચ્ચેની ઉંમર માલાની હોય.

→ આ ઉપરાંત તમે રકમને વ્યવસ્થિત સમજીને સીધું એક જ હરોળમાં પણ ગોઠવી શકો.

ઉંમરનો ઉતરતો ક્રમ →

અલકા ગોપાલ <u>માલા</u> રામ કપિલ

← ઉંમરનો ચડતો ક્રમ

→ **જવાબ : (A) માલા**

Ex-3 : પાંચ તરવૈયાઓ A, B, C, D અને E એક સ્પર્ધામાં ભાગ લે છે. A, B સામે હારી ગયો પરંતુ C સામે જીતી ગયો. D, E ને હરાવી દે છે, પણ C ને હરાવી શકતો નથી. તો આ સ્પર્ધા કોણ જીત્યું હશે?

(A) C (B) D (C) A (D) B

→ પ્રશ્નને ધ્યાનપૂર્વક વાંચીને દરેક કથન અલગ-અલગ ગોઠવતાં,

કથન – I મુજબ ⟹ B > A > C

કથન – II મુજબ ⟹ C > D > E

- બંને કથનની ગોઠવણી અનુસરતાં,

B > A > C > D > E

- આમ, B સૌથી વધુ આગળ હોવાથી તે સ્પર્ધા જીત્યો હોય.

→ **જવાબ : (D) B**

Ex-4 : પાંચ મિત્રો સુશિલ, કપિલ, મોનિલ, અનિલ અને સાહિલ છે. સુશિલ કપિલ કરતાં નીચો છે, પરંતુ સાહિલ કરતાં ઊંચો છે. મોનિલ સૌથી વધુ ઊંચો છે. અનિલ કપિલ કરતાં નીચો છે અને સુશિલ કરતાં થોડોક જ ઊંચો છે. જો આ પાંચેય મિત્રો ઊંચાઈ પ્રમાણે ઊભા રહે તો મધ્યમાં કોણ આવશે?

(A) કપિલ (B) સુશિલ (C) સાહિલ (D) અનિલ

→ પ્રશ્નને ધ્યાનપૂર્વક વાંચીને દરેક કથન અલગ-અલગ ગોઠવતાં,

કથન – I મુજબ ⟹ કપિલ > સુશિલ > સાહિલ

કથન – II મુજબ ⟹ મોનિલ > કપિલ > અનિલ > સુશિલ

- બંને કથનની ગોઠવણી અનુસરતાં,

મોનિલ > કપિલ > <u>અનિલ</u> > સુશિલ > સાહિલ



→ **જવાબ : (D) અનિલ**

WEBSANKUL

સંખ્યાઓ આધારિત કોયડાઓ

→ વિદ્યાર્થીમિત્રો, આ પ્રકરણમાંથી સંખ્યાઓનો પ્રકાર, સંખ્યાઓનું સાદું રૂપ અને સંખ્યાઓની ગાણિતિક પ્રક્રિયા આધારિત પ્રશ્નો પૂછાતા હોય છે.

→ આ પ્રકારના પ્રશ્નો પૂછવાનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓનું સંખ્યાજ્ઞાન અને સંખ્યાત્મક તર્કશક્તિ ચકાસવાનો હોય છે.

→ આવા દરેક પ્રશ્નોને ધ્યાનપૂર્વક વાંચીને સમજવાથી ઝડપી ઉકેલ મળે વી શકાય છે.

Ex-1 : કોઈ એક સંખ્યાને 6 ગણી કરી તેને 3 વડે ભાગતા 400 આવે, તો તે સંખ્યા કઈ?

(A) 100 (B) 200 (C) 300 (D) 400

→ ધારો કે, તે સંખ્યા x છે.

હવે, છ ગણી કરતાં $6x$ થાય.

$\therefore \frac{6x}{3} = 400$

$\therefore 6x = 400 \times 3$

$\therefore x = \frac{400 \times 3}{6}$

$\therefore \boxed{x = 200}$

→ આમ, તે સંખ્યા 200 હોય.

→ **જવાબ : (B) 200**

Ex-2 : કોઈ એક સંખ્યા અને તેના 3/5 ભાગનો તફાવત 50 હોય, તો તે સંખ્યા કઈ?

(A) 100 (B) 150 (C) 125 (D) 200

→ ધારો કે, તે સંખ્યા x છે.

$\therefore x - \frac{3x}{5} = 50$

$\therefore \frac{5x - 3x}{5} = 50$

$\therefore 2x = 50 \times 5$

$\therefore x = \frac{50 \times 5}{2}$

$\therefore x = \underline{125}$

→ આમ, તે સંખ્યા 125 હોય.

→ **જવાબ : (C) 125**

Ex-3 : એક સંખ્યાને 5 ગણી કરી તેમાં તે જ સંખ્યા ઉમેરતા 360 મળે છે, તો તે સંખ્યા કઈ?

(A) 52 (B) 56 (C) 60 (D) 68

→ ધારો કે, તે સંખ્યા x છે.

હવે, તેનો પાંચ ગણા અટલે $5x$ થાય.

$\therefore 5x + x = 360$

$\therefore 6x = 360$

$\therefore x = \frac{360}{6}$

$\therefore \boxed{x = 60}$

→ આમ, તે સંખ્યા 60 હોય.

→ **જવાબ : (C) 60**

Ex-4 : જો $6x - 4 = 38$ હોય, તો $x - 5 = ?$

(A) 3 (B) 5 (C) 2 (D) 7

→ સમીકરણને સાદું રૂપ આપતાં,

$\therefore 6x - 4 = 38$

$\therefore 6x = 38 + 4$

$\therefore 6x = 42$

$\therefore x = \frac{42}{6}$

$\therefore x = 7$

→ હવે, $x - 5$ હોવાથી

$\therefore x - 5 = 7 - 5$

$\boxed{= 2}$

→ આમ, $x - 5$ નું મૂલ્ય 2 મળે.

→ **જવાબ : (C) 2**

Ex-5 : કઈ સંખ્યામાંથી 8 બાદ કરી, પછી 8 વડે ગુણતાં 8 મળે?

(A) 10 (B) 11 (C) 8 (D) 9

→ આવા પ્રકારના પ્રશ્નોમાં સીધી opt on પરથી ગણતરી કરવાથી ઝડપી ઉકેલ મળે વી શકાય.

$(x - 8) \times 8 = 8$

↑

(9)

$(9 - 8) \times 8 = 8$

$1 \times 8 = \underline{8}$

→ આમ, 9 માંથી 8 બાદ કરી 8 વડે ગુણતાં 8 મળે.

→ **જવાબ : (D) 9**

Ex-6 : એક માળી પાસે 133 ગુલાબ છે. જે તેમાંથી $\frac{5}{7}$ ગુલાબ વેંચી દે છે. તો હવે તેની પાસે કેટલા ગુલાબ વધ્યાં હોય?

(A) 58 (B) 38 (C) 57 (D) 19

→ શરૂઆતમાં માળી પાસે 133 ગુલાબ છે.

→ હવે, $\frac{5}{7}$ ભાગના ગુલાબ વેંચેલ છે.

$\therefore 133 \times \frac{5}{7} = 95$

→ આમ, તે 95 ગુલાબ વેંચેલ છે.

→ વધેલા ગુલાબ = $133 - 95$

$\boxed{= 38}$

→ આમ, અંતે તેની પાસે 38 ગુલાબ વધ્યાં હોય.

→ **જવાબ : (B) 38**

WEBSANKUL™

19 તાર્કિક વેન આકૃતિઓ

→ આપેલી સંખ્યાઓ, અક્ષરો કે વસ્તુઓના સમૂહને ભાૌમિતિક આકૃત્તિઓના માધ્યમથી દર્શાવવામાં આવે તેને વેન આકૃતિ કહેવાય છે.

→ આ પ્રકારના પ્રશ્નો પૂછવાનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓની ચિત્રાત્મક ક્ષમતા તથા ચોક્કસ વર્ગોના સંબંધની ઓળખને તપાસવાનો હોય છે.

→ અહીં જુદા જુદા બે, ત્રણ કે ચાર સમૂહો આપેલા હોય જેને તાર્કિક વેન આકૃતિમાં કેવી રીતે દર્શાવી શકાય તે પૂછવામાં આવે છે.

✦ TYPE – I ✦

- **પારસ્પરિક સંબંધો કે ગુણધર્મો પર આધારિત વેન આકૃતિ**

❖ **જ્યારે બે સમૂહમાંથી કોઈ એક સમૂહ બીજા સમૂહમાં પૂર્ણતઃ સમાવિષ્ટ હોય ત્યારે....**

દા.ત; ભાવનગર, ગુજરાત



→ અહીં, ભાવનગર એક શહેર છે. જ્યારે ગુજરાત એક રાજ્ય છે. અર્થાત ભાવનગર ગુજરાતમાં સમાવિષ્ટ છે.

❖ **જ્યારે ત્રણ સમૂહોમાં એક સમૂહ બીજા સમૂહમાં પૂર્ણતઃ સમાવિષ્ટ હોય પરંતુ ત્રીજો સમૂહ સંપૂર્ણ અલગ હોય....**

દા.ત; માણસ, ડોક્ટર, ગાય



→ અહીં, દરેક ડોક્ટર માણસ હોય, પરંતુ ગાયનો સમાવેશ પશુમાં થતો હોવાથી તે અલગ દર્શાવવામાં આવે.

❖ **જ્યારે ત્રણ સમૂહોમાં બે સમૂહ ત્રીજા સમૂહમાં પૂર્ણતઃ સમાવિષ્ટ હોય પરંતુ તે પરસ્પર એકબીજામાં સમાવિષ્ટ ન હોય ત્યારે....**

દા.ત; માણસ, પિતા, મહિલા



→ અહીં, પિતા અને મહિલાનો સમાવેશ માણસમાં થાય પરંતુ પિતા અને મહિલા અલગ - અલગ છે.

❖ **જ્યારે ત્રણેય સમૂહોમાં કોઈ એક સમૂહ અન્ય બીજામાં/ત્રીજામાં કે બંનેમાં પૂર્ણતઃ સમાવિષ્ટ હોય....**

દા.ત; વિજ્ઞાન, જીવવિજ્ઞાન, કોષવિજ્ઞાન



→ અહીં, કોષવિજ્ઞાનનો સમાવેશ જીવવિજ્ઞાનમાં થાય, જીવવિજ્ઞાનનો સમાવેશ વિજ્ઞાનમાં થાય છે.

❖ **જ્યારે ત્રણ સમૂહોમાં દરેક સમૂહ એકબીજાથી સંપૂર્ણ અલગ - અલગ હોય ત્યારે.....**

દા.ત; માણસ, સાપ, દેડકો



→ અહીં, માણસ, સાપ અને દેડકો ત્રણેય અલગ - અલગ છે.

❖ **જ્યારે ત્રણ સમૂહોમાં બે સમૂહો પરસ્પર અંશતઃ સમાવિષ્ટ હોય પરંતુ બંને સમૂહો ત્રીજા સમૂહમાં પૂર્ણતઃ સમાવિષ્ટ હોય ત્યારે.....**

દા.ત; પૃથ્વી , જંગલો, પર્વતો



→ અહીં, જંગલો અને પર્વતોનો સમાવેશ પૃથ્વીમાં થાય છે. પરંતુ કેટલાક પર્વતો જંગલ વિસ્તારમાં પણ હોઈ શકે તેમજ કેટલાંક જંગલો પર્વતીય વિસ્તારમાં પણ હોય શકે. આમ, પર્વતો અને જંગલો એકબીજામાં પરસ્પર અંશતઃ સમાવિષ્ટ હોય.

❖ **જ્યારે ત્રણ સમૂહોમાં કોઈ એક સમૂહ અન્ય બીજા/ત્રીજા અર્થાત બંનેમાં અંશતઃ સમાવિષ્ટ હોય ત્યારે.....**

દા.ત; બિલાડી, સસલાં, નર



→ અહીં, બિલાડી અને સસલુંએ બંને અલગ-અલગ પ્રાણી છે. પરંતુ કેટલીક બિલાડી અને કેટલાક સસલાઓ નર હોય છે.

❖ **જ્યારે ત્રણ સમૂહોમાં બે સમૂહ પરસ્પર અંશતઃ સમાવિષ્ટ હોય પરંતુ ત્રીજો સમૂહ તેનાથી અલગ હોય ત્યારે....**

દા.ત; તાર, તાંબુ, પુસ્તક



WEBSANKUL

20 પાસા

→ સામાન્ય રીતે પાસો એ ઘન ત્રિપરિમાણીય (3-D) આકૃતિ છે, જેમાં 6 બાજુઓ વો મળે છે. જેમાં છ અંકો (1, 2, 3, 4, 5, 6) દર્શાવેલો હોય છે.



→ પરંતુ, જ્યારે આ ત્રિપરિમાણીય (3- D) આકૃતિને કાગળ પર દર્શાવવામાં આવે અને દ્વિપરિમાણીય (2 – D) ચિત્ર બનાવવામાં આવે, તો ત્યારે તેની ત્રણ બાજુઓ સ્પષ્ટ દેખાય અને ત્રણ બાજુઓ છુપાયેલી જ વો મળે છે.



→ પાસાના મુખ્ય બે પ્રકાર છે :
(A) માનક પાસો (Standard Dice)
(B) સામાન્ય પાસો (General Dice)

(A) માનક પાસો (Standard Dice) :-

→ જે પાસામાં સામે – સામેની બાજુના અંકોનો સરવાળો 7 થતો હોય, તે પાસાને (માનક પાસો) Standard Dice કહેવામાં આવે છે.

→ યાદ રાખો કે, આ પાસામાં પાસ – પાસની બાજુના અંકોનો સરવાળો 7 થાય નહીં



→ અહીં, 2 ની સામેની બાજુનો અંક ⟹ 5
3 ની સામેની બાજુનો અંક ⟹ 4
1 ની સામેની બાજુનો અંક ⟹ 6

(B) સામાન્ય પાસો (General Dice)

→ જે પાસામાં પાસ – પાસની બાજુના અંકોનો સરવાળો 7 થતો હોય, તે પાસાને General Dice કહેવામાં આવે છે.

→ યાદ રાખો કે આ પાસામાં સામ – સામેની બાજુના અંકોનો સરવાળો 7 થાય નહીં



→ અહીં, 2 + 5 = 7

✦ ખુલ્લો પાસો ✦

→ આ પ્રકારના પાસાઓ પ્રશ્નોમાં ચિહ્નો, અંકો, ગાણિતિકચિહ્નો, આલ્ફાબેટ વગેરે મુખ્ય ચિત્રમાં આવેલું હોય છે.

→ આ ચિત્રના આધારે પાસાઓની અલગ – અલગ બાજુઓને વ્યવસ્થિત રીતે ગોઠવીને બંધ આકૃતિ તૈયાર કરવાની હોય છે.



→ આ રીતે આપેલો ખુલ્લો પાસાને ડેમે બંધ પાસો તૈયાર કરવાનો હોય છે.

→ ખુલ્લા પાસામાંથી બંધ પાસો તૈયાર કરવા માટે ખુલ્લા પાસાની આકૃતિમાં જે અંકો આપ્યા હોય તે અંકોમાં અડે મકુ રીતે અડે સામ-સામ આવે તે રીતે ગોઠવવા.

→ દા.ત.



→ અહીં, 2 ની સામે ⟹ 5 આવે
3 ની સામે ⟹ 4 આવે
1 ની સામે ⟹ 6 આવે

21 જલ પ્રતિબિંબ

→ આ પ્રકરણમાં આપણે કોઈ વસ્તુ, અક્ષર, અંક વગેરેનું પ્રતિબિંબ પાણીમાં જોવામાં આવે તો કેવા પ્રકારનું દેખાય તેનો અભ્યાસ કરીશું.

→ જ્યારે કોઈ વસ્તુને પાણીમાં જોવામાં આવે ત્યારે પાણીમાં જોવા મળતાં પ્રતિબિંબમાં ઉપરનો ભાગ નીચે અને નીચેનો ભાગ ઉપરની તરફ દેખાય છે.

→ જલ પ્રતિબિંબમાં ફક્ત ઉપર-નીચેનો ભાગ પરસ્પર બદલાય છે. પરંતુ ડાબી બાજુ કે જમણી બાજુ બદલાતી નથી.

ઉપરનો ભાગ

11

નીચેનો ભાગ

→ દા.ત;





❖ **કેપિટલ મૂળાક્ષરોનું જલ પ્રતિબિંબ :**

A	B	C	D	E	F	G	H	I	J	K	L	M
∀	B	C	D	E	Ⅎ	⅁	H	I	ſ	K	Γ	W

N	O	P	Q	R	S	T	U	V	W	X	Y	Z
N	O	d	Ò	ᴚ	S	⊥	∩	Λ	M	X	⅄	Z

→ અંગ્રેજી મૂળાક્ષરોમાં 8 મૂળાક્ષરો (C, D, E, H, I, K, O, X) બદલાતા નથી એટલે કે પ્રતિબિંબ મૂળ અક્ષર જેવું જ હોય છે.

❖ **સ્મોલ મૂળાક્ષરોનું જલ પ્રતિબિંબ :**

a	b	c	d	e	f	g	h	i	j	k	l	m
ɐ	q	ɔ	p	ǝ	ɟ	ƃ	ɥ	ı	ſ	ʞ	l	ɯ

n	o	p	q	r	s	t	u	v	w	x	y	z
u	o	d	b	ɹ	s	ʇ	n	ʌ	ʍ	x	ʎ	z

❖ **અંકોનું જલ પ્રતિબિંબ :**

1	2	3	4	5	6	7	8	9	0
⇂	↊	Ɛ	ᔭ	ƽ	9	ㄥ	8	ɓ	0

→ અંક 6 નું દર્પણ પ્રતિબિંબ અંક 9 ના જલ પ્રતિબિંબ જેવું જ મળે છે.

→ 😊 જો બકા! આકૃતિ પરથી ન સમજાય તો પેજને નીચેની તરફ વાળીને પાછળ જોવાથી જલ પ્રતિબિંબ મેળવી શકાય.

✦ EXERCISE ✦

1) NOVEMBER

(A) ИOΛƎMBEЯ

(B) ЯƎBMƎΛOИ

(C) ЯƎBMƎΛOИ

(D) ЯƎBMƎVOИ

2) SWAJKZ

(A) ƧWΛſKƧ (B) ƧWΛſKƧ

(C) ƧWAlKƧ (D) ƧWΛlKZ

3) U86M

(A) ∩86W (B) ∩8ϽW

(C) U86W (D) ∩89W

4) FAMILY

(A) ƎAMIIA (B) ƎAMIIA

(C) ƎAMIIA (D) ƎAMIIA

WebSankul

22 દર્પણ - પ્રતિબિંબ

→ દર્પણ એટલે અરીસો / કાચ.

→ આ પ્રકરણમાંથી આપણને કોઈપણ વસ્તુને કાચમાં જોવામાં આવે ત્યારે તે વસ્તુનું પ્રતિબિંબ કેવું દેખાય? તેના સંદર્ભમાં પ્રશ્નો પૂછાય છે.

→ આવા પ્રશ્નો સામાન્ય રીતે બે ભાગમાં વિભાજિત હોય છે. ડાબી બાજુ પ્રશ્ન આકૃતિ આપેલી હોય છે અને જમણી બાજુ ચાર જવાબ આકૃતિઓ આપેલી હોય છે. જેમાંથી એક તેના અરીસામાં જોવા મળતા પ્રતિબિંબની આકૃતિ હોય છે. આમ, આપણે તે આકૃતિઓના અભ્યાસ પરથી પ્રતિબિંબની આકૃતિ શોધીને લખવાની હોય છે.

→ જયારે કોઈપણ વસ્તુનું કાચમાં પ્રતિબિંબ જોવામાં આવે ત્યારે તે ઊલટું દેખાય છે. એટલે કે તેની ડાબી અને જમણી બાજુ પરસ્પર બદલાય છે, પરંતુ ઉપર-નીચેની બાજુ બદલાતી નથી.

ડાબી બાજુ ⇌ જમણી બાજુ

- **દા.ત.**



આકૃતિ **પ્રતિબિંબ**



આકૃતિ **પ્રતિબિંબ**

❖ **આંકડાઓ, કેપિટલ મૂળાક્ષર અને સ્મોલ મૂળાક્ષરોનું કાચમાં પ્રતિબિંબ :-**

આંકડાઓ

0	0
1	ı
2	ƨ
3	ε
4	↊
5	ƽ
6	ϑ
7	٧
8	8
9	๑

કેપિટલ મૂળાક્ષર **સ્મોલ મૂળાક્ષર**

W	W	Z	Z	a	ɒ	n	n
Г	⅂	Y	Y	b	d	o	o
K	ꓘ	X	X	c	ɔ	p	q
ſ	ſ	M	M	d	b	q	p
I	I	Λ	Λ	e	ɘ	r	ɹ
H	H	∩	∩	f	ɟ	s	ƨ
Ꭾ	Ꭾ	⊥	⊥	g	ϱ	t	ɟ
Ɛ	Ǝ	S	S	h	ɥ	u	ɯ
E	Ǝ	Я	Я	i	i	v	v
D	ᗡ	Ꭾ	Ꭾ	j	į	w	w
C	Ↄ	ϧ	ϧ	k	ʞ	x	x
B	ᗺ	O	O	l	l	y	ʏ
A	A	N	N	m	ɯ	z	ƨ

➢ <u>**નોંધ :-**</u>

→ કેપિટલ મૂળાક્ષરોમાં 11 મૂળાક્ષરો એવા છે કે જેને અરીસામાં જોતાં તેની મૂળ આકૃતિ બદલાતી નથી. એટલે કે જેવા હોય તેવું જ પ્રતિબિંબ મળે. દા.ત. – A, H, I, M, O, T, U, V, W, X, Y

→ સ્મોલ મૂળાક્ષરોમાં 6 મૂળાક્ષરો એવા છે કે જેને અરીસામાં જોતાં તેની મૂળ આકૃતિ બદલાતી નથી. એટલે કે જેવા હોય તેવું જ પ્રતિબિંબ મળે. દા.ત. – i, l, o, v, w, x

✦ EXERCISE ✦

❖ **નીચે આપેલા શબ્દોને અરીસામાં જોવામાં મળતું પ્રતિબિંબ નીચે આપેલા વિકલ્પો પૈકી કયું હોય તે નક્કી કરો.**

1) STRENGTH

(A) ƨTЯƎNGTH (B) HTGNƎЯTS

(C) HTGNƎЯTS (D) ƨTƎЯNGTH

2) DOCtor

(A) ɹotCOD (B) ɹotϽOD

(C) ⅂OCtor (D) DOCɹot

WebSankul

22)





23)





24)





25)





26)





27)





WebSankul

ખૂટતા અંક (લમુ સંખ્યા)

→ સામાન્ય રીતે આ પ્રકરણના પ્રશ્નોમાં આકૃતિ આપવામાં આવે છે, આ આકૃતિમાં સંખ્યાઓ કે મૂળાક્ષરો દર્શાવેલા હોય છે. કોઈ એક જગ્યાએ સંખ્યા/મૂળાક્ષરના સ્થાને પ્રશ્નાર્થ ચિહ્ન (?) મૂકવામાં આવે છે.

→ આકૃતિમાં આપેલી દરેક સંખ્યાઓ/મૂળાક્ષરોની ગોઠવણીમાં જે વિશેષ પદ્ધતિ વપરાય છે, તે શોધીને તેના આધારે પ્રશ્નાર્થ ચિહ્ન (?) ના સ્થાને વિકલ્પો માંથી સંખ્યા/મૂળાક્ષર શોધીને મૂકવાનો હોય છે.

Ex-1 : યાગ્ય વિકલ્પ પસદં કરા.ે



(A) 20 (B) 25 (C) 30 (D) 40

→ આપેલ આકૃત્તિમાંની સંખ્યાઓના અભ્યાસ પરથી,

$7 + 5 \implies 12 \div 2 \implies 6$

$9 + 21 \implies 30 \div 2 \implies 15$

તેથી, $31 + 9 \implies 40 \div 2 \implies \underline{20}$

આમ, પ્રશ્નાર્થ ચિહ્નના સ્થાને 20 આવે.

→ **જવાબ : (A) 20**

Ex-2 : આપલે આકૃતિના અભ્યાસ કરીલમુ સંખ્યા શાધો.ે



(A) 48 (B) 49 (C) 50 (D) 51

→ આપેલ આકૃતિમાંની સંખ્યાઓના અભ્યાસ પરથી,

$(1)^2 \implies 1$, $(3)^2 \implies 9$ અને $(5)^2 \implies 25$

$(2)^2 \implies 4$, $(4)^2 \implies 16$ અને $(6)^2 \implies 36$

અહીં, એક સંખ્યા છોડીને આવતી સંખ્યાના વર્ગ આપેલા છે.

તેથી, $(3)^2 \implies 9$, $(5)^2 \implies 25$ અને $(7)^2 \implies \underline{49}$

આમ, પ્રશ્નાર્થ ચિહ્નના સ્થાને 49 આવે.

→ **જવાબ : (B) 49**

Ex-3 : આપલે આકૃતિમા પ્રશ્નાર્થ ચિહ્ન (?)ના સ્થાનેકઈ સંખ્યા આવશ?



(A) 36 (B) 216 (C) 256 (D) 42

→ આકૃતિ પરથી સ્પષ્ટ થાય છે કે સંખ્યા, સંખ્યાનો વર્ગ અને સંખ્યાનો ઘન આપેલો છે.

<u>સંખ્યા</u>	<u>વર્ગ</u>	<u>ઘન</u>
4	16	64
6	36	<u>216</u>

આમ, પ્રશ્નાર્થના સ્થાને સંખ્યાનો ઘન એટલે $(6)^3 \implies 216$ આવે.

→ **જવાબ : (B) 216**

Ex-4 : યાગ્ય વિકલ્પ પસદં કરીપ્રશ્નાર્થચિહ્ન (?)ના સ્થાનેમકૂા.ે



(A) 30 (B) 32 (C) 36 (D) 34

→ આકૃતિમાં આપેલી સંખ્યાઓના અભ્યાસ પરથી,

$(5 \times 6 \times 4) \implies 120 \div 10 \implies 12$

$(6 \times 7 \times 5) \implies 210 \div 10 \implies 21$

$(4 \times 8 \times 10) \implies 320 \div 10 \implies \underline{32}$

આમ, પ્રશ્નાર્થ ચિહ્ન (?)ના સ્થાને 32 આવે.

→ **જવાબ : (B) 32**

Ex-5 : પ્રશ્નાર્થચિહ્ન (?)ના આધારેઆવતીસંખ્યા શાધો.ે

3	6	9	12	15	18
5	10	15	20	?	30

(A) 25 (B) 30 (C) 27 (D) 32

→ આકૃતિમાં આપેલ સંખ્યાના અભ્યાસ પરથી,

3ના ગુણાંકની સંખ્યા $\implies$ 3, 6, 9, 12, 15, 18

5ના ગુણાંકની સંખ્યા $\implies$ 5, 10, 15, 20, <u>25</u>, 30

આમ, પ્રશ્નાર્થ ચિહ્ન (?)ના સ્થાને 25 આવે.

→ **જવાબ : (A) 25**

Ex-6 : નીચેઆપલેીઆકૃતિમા લમુ સંખ્યા શાધો.ે



(A) 9 (B) 27 (C) 81 (D) 6

→ આકૃતિઓમાં આપેલી સંખ્યાના અભ્યાસ પરથી,

$(4 \times 3) \implies 12 \implies (12)^2 \implies 144$

$(4 \times 2) \implies 8 \implies (8)^2 \implies 64$

$(3 \times 3) \implies 9 \implies (9)^2 \implies \underline{81}$

આમ, પ્રશ્નાર્થ ચિહ્ન (?)ના સ્થાને 81 આવે.

→ **જવાબ : (C) 81**

Ex-7 : યાગ્ય વિકલ્પ પસદં કરીપ્રશ્નાર્થચિહ્નના સ્થાનેમકૂા.ે



(A) 27 (B) 54 (C) 64 (D) 35

→ આકૃતિઓમાં આપેલી સંખ્યાઓના અભ્યાસ પરથી,

$(3 \times 8 \times 4) \implies 96 \div 2 \implies 48$

$(5 \times 7 \times 2) \implies 70 \div 2 \implies \underline{35}$

$(3 \times 3 \times 2) \implies 18 \div 2 \implies 9$

આમ, પ્રશ્નાર્થ ચિહ્ન (?)ના સ્થાને 35 આવે.

→ **જવાબ : (D) 35**

WEBSANKUL

21)



(A) 90 (B) 91 (C) 103 (D) 75

22)



(A) 8 (B) 7 (C) 10 (D) 12

23)



(A) 42 (B) 56 (C) 72 (D) 18

24)



(A) 100 (B) 75 (C) 25 (D) 50

25)



(A) 484 (B) 540 (C) 465 (D) 924

26)



(A) 30 (B) 13 (C) 70 (D) 118

27)



(A) 97 (B) 105 (C) 56 (D) 120

28)



(A) 444 (B) 515 (C) 343 (D) 373

29)



(A) 16 (B) 12 (C) 90 (D) 48

30)

86	480	38
72	510	21
36	?	12

(A) 120 (B) 360 (C) 100 (D) 240

31)



(A) 45 (B) 50 (C) 70 (D) 105

32)



(A) 878 (B) 560 (C) 1000 (D) 1728

33)



(A) 25 (B) 49 (C) 100 (D) 16

WebSankul

Ex-5 : નીચેઆપલેીઆકૃતિમાંકુલ કટેલાંચારેસ છ?

(A) 28 (B) 30 (C) 29 (D) 31



→ મુખ્ય ચોરસની ગણતરી,

- $4 \times 4 = 16$
- $3 \times 3 = 9$
- $2 \times 2 = 4$
- $1 \times 1 = 1$

$= 30$

→ હવે, વચ્ચેના ચોરસને ધ્યાને લેતાં,

કુલ ચોરસ $= 30 + 1$

$= 31$

→ **જવાબ : (D) 31**

✦ લંબચારેસનીગણતરી ✦

Ex-1 : નીચેઆપલેીઆકૃતિમાંકટેલા લંબચારેસ છ?

(A) 16 (B) 14 (C) 18 (D) 20



→ સૌપ્રથમ આડા અને ઊભા ખાનાઓને ક્રમ આપવો.

→ ત્યારબાદ આડા ખાનાનાં ક્રમો અને ઊભા ખાનાનાં ક્રમોનો અલગ – અલગ સરવાળો કરવો.

આડા ખાનાના ક્રમનો સરવાળો = 6

ઊભા ખાનાના ક્રમનો સરવાળો = 3

→ ત્યારબાદ મળેલ સરવાળાની સંખ્યાનો ગુણાકાર કરવો.

$= 6 \times 3$

$= 18$

આમ, આપેલ આકૃતિમાં કુલ 18 લંબચોરસ હોય.

→ **જવાબ : (C) 18**

Ex-2 : નીચેઆપલેીઆકૃતિમાંકુલ કટેલા લંબચારેસ છ?

(A) 50 (B) 60 (C) 55 (D) 65



→ આડા ખાનાના અંકોનો સરવાળો $\Longrightarrow 4 + 3 + 2 + 1 = 10$

→ ઊભા ખાનાના અંકોનો સરવાળો $\Longrightarrow 3 + 2 + 1 = 6$

લંબચોરસની સંખ્યા $= 10 \times 6$

$= 60$

→ **જવાબ : (B) 60**

✦ ત્રિકાણેનીગણતરી ✦

✦ TYPE – I ✦

❖ **જાએકે જ પાયા પર ત્રિકાણે દારેલે હાયે તા પેાયા પર ક્રમ આપી તનેા સેરવાળા કેરવા.**



$\Longrightarrow 1 + 2$ $\Longrightarrow 1 + 2 + 3 + 4$ $\Longrightarrow 1 + 2 + 3 + 4 + 5$

$\Longrightarrow 3$ $\Longrightarrow 10$ $\Longrightarrow 15$

→ જો પાયા પર દોરેલ ત્રિકોણના આડા (ઉપર-નીચે) ભાગ પાડવામાં આવ્યા હોય, તો જેટલા ભાગ પાડવામાં આવ્યા હોય તેની સાથે મૂળ જવાબનો ગુણાકાર કરવો.

દા.ત;



$\Longrightarrow 1 + 2 + 3 + 4 + 5 + 6$

$\Longrightarrow 21$

બે ભાગ હોવાથી,

$\Longrightarrow 21 \times 2$

$\Longrightarrow 42$

$\Longrightarrow 1 + 2 + 3 + 4 + 5$

$\Longrightarrow 15$

ત્રણ ભાગ હોવાથી,

$\Longrightarrow 15 \times 3$

$\Longrightarrow 45$

✦ TYPE – II ✦

❖ **ચારેસ કેલંબચારેસનીઅંદર ત્રિકાણે બનાવવામાં આવેત્યારે ત્રિકાણેનેક્રમ આપવા અનેજેસંખ્યા માટેીમળેતનેે2 વડે ગણુવાથીકુલ ત્રિકાણેનીસંખ્યા મળે.**

દા.ત;



મોટો અંક = 4

∴ કુલ ત્રિકોણ

$= 4 \times 2$

$= 8$

મોટો અંક = 6

∴ કુલ ત્રિકોણ

$= 6 \times 2$

$= 12$

મોટો અંક = 8

∴ કુલ ત્રિકોણ

$= 8 \times 2$

$= 16$

WEBSANKUL

✦ વર્તુળનીગણતરી ✦

→ જ્યારે પરીક્ષાઓમાં વર્તુળની સંખ્યા ગણવાની હોય ત્યારે તેમાં કોઇ શોર્ટકટ નથી પરંતુ ધ્યાનપૂર્વક આકૃતિનો અભ્યાસ કરવાથી સરળતાથી ગણતરી કરી શકાય.

→ દા.ત; વર્તુળને ક્રમ આપતાં,



✦ EXERCISE ✦

1) નીચેઆપેલીઆકૃતિમાંકુલ કટેલા ચારેસ જાવો મળ?



(A) 28 (B) 42 (C) 38 (D) 40

2) નીચેઆપેલીઆકૃતિમાંકટેલા ચારેસ છ?



(A) 60 (B) 56 (C) 55 (D) 65

3) નીચેઆપેલીઆકૃતિમાંકુલ કટેલા ચારેસ જાવો મળ છે?



(A) 18 (B) 20 (C) 22 (D) 24

4) નીચેઆપેલીઆકૃતિમાંકુલ કટેલા ચારેસ છ?



(A) 33 (B) 28 (C) 31 (D) 26

5) આપલે આકૃતિમાંકટેલા ચારેસ છ?



(A) 30 (B) 31 (C) 32 (D) 33

6) આપલેીઆકૃતિમાંકુલ કટેલા લંબચારેસ જાવો મળ?



(A) 11 (B) 9 (C) 13 (D) 12

7) આપલેીઆકૃતિમાંકુલ કટેલા ત્રિકાણે જાવો મળ?



(A) 18 (B) 20 (C) 22 (D) 24

8) નીચેઆપલે આકૃતિમાંકુલ કટેલા ત્રિકાણે જાવો મળ?



(A) 28 (B) 24 (C) 26 (D) 30

9) નીચેઆપલે આકૃતિમાંકુલ કટેલાંવર્તુળા જોવો મળ?



(A) 13 (B) 12 (C) 11 (D) 10

WebSankul

25 ક્રમચય અને સંચય

→ સામાન્ય રીતે, દરેક સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં આ પ્રકરણમાંથી કોયડા આધારિત પ્રશ્ન અચૂક પૂછાય છે.

→ આવા પ્રશ્નોમાં, અમૂક વસ્તુઓને અલગ-અલગ કેટલી રીતે ગોઠવી શકાય? તથા આપેલ વસ્તુઓમાંથી અમૂક વસ્તુઓની પસંદગી કઈ રીતે કરી શકાય? વગેરે બાબતો પૂછવામાં આવે છે.

→ આમ, આવા તર્ક આધારિત પ્રશ્નોને સરળતાથી ઉકેલવા આપણે ક્રમચય અને સંચય સમજીશું.

✦ ક્રમચય (Permutations) ✦

→ જ્યારે n ભિન્ન (જુદી-જુદી) વસ્તુઓ આપેલી હોય ત્યારે તેમાંથી r ભિન્ન વસ્તુઓને r સ્થાનમાં ગોઠવવાની હોય, તો આવી પ્રત્યેક ગોઠવણીને ક્રમચય કહેવાય.

→ સામાન્ય રીતે ક્રમચય અટલે વસ્તુઓની ગોઠવણીના પ્રકાર.

→ સંકેત : npr અથવા $^{n}P_{r}$

✦ ફેક્ટોરિયલ (Factorial) ✦

→ ફેક્ટોરિયલ અટલે ક્રમગુણિત....

→ સંકેત : ! અથવા ⌊

→ n ! અટલે 1 થી શરૂ કરીને n સુધીનાં તમામ પ્રાકૃતિક સંખ્યાઓનો ગુણાકાર.

→ દા.ત; 0 ! = 1

1 ! = 1

2 ! = 2 × 1 = 2

3 ! = 3 × 2 × 1 = 6

4 ! = 4 × 3 × 2 × 1 = 24

5 ! = 5 × 4 × 3 × 2 × 1 = 120

6 ! = 6 × 5 × 4 × 3 × 2 × 1 = 720

❖ **યાદ રાખો :**

1) $^{n}P_{r} = \frac{n!}{(n-r)!}$

2) $^{n}P_{r} = n \times (n-1) \times (n-2) \times .... \times (n-r+1)$

3) $^{n}P_{n} = n!$

4) $^{n}P_{1} = n$

5) $^{n}P_{0} = 1$

6) $0! = 1$

7) $^{n}P_{n-1} = n!$

8) 'અને' શબ્દના અર્થ 'ગુણાકાર' સમજવો.

9) 'અથવા' શબ્દના અર્થ 'સરવાળા' સમજવો.

Ex-1 : $^{9}P_{4}$ = _____ થાય.

(A) 4035 (B) 3024 (C) 3820 (D) 3645

→ $^{n}P_{r} = \frac{n!}{(n-r)!}$

∴ $^{9}P_{4} = \frac{9!}{(9-4)!}$

$= \frac{9!}{5!}$

$= \frac{9 \times 8 \times 7 \times 6 \times 5!}{5!}$

$= 9 \times 8 \times 7 \times 6$

$= 3024$

→ **જવાબ : (B) 3024**

Ex-2 : મૂલ્ય શોધો : $^{8}P_{5}$

(A) 6720 (B) 5040 (C) 7230 (D) 6870

→ $^{n}P_{r} = \frac{n!}{(n-r)!}$

$= \frac{8!}{(8-5)!}$

$= \frac{8!}{3!}$

$= \frac{8 \times 7 \times 6 \times 5 \times 4 \times 3!}{3!}$

$= 8 \times 7 \times 6 \times 5 \times 4$

$= 6720$

→ **જવાબ : (A) 6720**

Ex-3 : $^{3}P_{2} + {}^{3}P_{3}$ = _____

(A) 8 (B) 12 (C) 16 (D) 24

→ $= {}^{n}P_{r} + {}^{n}P_{n}$

$= \frac{3!}{(3-2)!} + 3! \quad (\because {}^{n}P_{n} = n!)$

$= \frac{3!}{1!} + 3!$

WEBSANKUL™

32) એક વ્યક્તિ પાસે ચાર જુદા-જુદા પેન્ટ અને ચાર જુદા-જુદા શર્ટ છે. પેન્ટ-શર્ટ પહેરવાં કેટલી રીતે પસંદ કરી શકશે?
(A) 24 (B) 32 (C) 8 (D) 16

33) 2, 4, 6, 8 અને 9 અંકોનો ઉપયોગ કરીને પાંચ અંકોવાળી કેટલી સંખ્યા બનાવી શકાય? (અંકોનું પુનરાવર્તન કર્યા વગર)
(A) 120 (B) 95 (C) 85 (D) 110

34) 1, 2, 3 અને 4 અંકમાંથી ચાર અંકવાળી કેટલી સંખ્યા બનાવી શકાય?
(A) 24 (B) 48 (C) 42 (D) 28

35) 2, 3, 1, 2, 4 આ અંકમાંથી કુલ કેટલી સંખ્યા બનાવી શકાય?
(A) 24 (B) 60 (C) 46 (D) 42

36) 4 પુરુષો અને 5 સ્ત્રીઓમાંથી 5 લોકોની સમિતિ કેટલી રીતે બનાવી શકાય કે જેમાં 3 પુરુષ અને 2 સ્ત્રી હોય?
(A) 22 (B) 38 (C) 65 (D) 40

37) 8 પુરુષો અને 4 સ્ત્રીઓમાંથી 4 સભ્યોની સમિતિ કેટલી રીતે બનાવી શકાય કે જેમાં 3 પુરુષ અને 1 સ્ત્રી હોય?
(A) 312 (B) 230 (C) 520 (D) 224

38) ત્રણ છોકરાઓ અને ત્રણ છોકરીઓના સમૂહમાંથી એક રમત માટે એક છોકરો અને એક છોકરી પસંદ કરવામાં આવે તો કેટલી રીતે આ પસંદગી કરી શકાય?
(A) 3 (B) 6 (C) 8 (D) 9

39) 5 છોકરા અને 4 છોકરીઓમાંથી 4 છોકરા અને 3 છોકરીઓ કેટલી રીતે પસંદ કરી શકાય?
(A) 25 (B) 42 (C) 35 (D) 20

40) 10 પુરુષો અને 5 સ્ત્રીઓમાંથી ચાર સભ્યોની એવી કેટલી સમિતિ બનાવી શકાય કે જેમાં 3 પુરુષ અને 1 સ્ત્રી હોય?
(A) 600 (B) 440 (C) 620 (D) 718

41) 10 છોકરા અને 8 છોકરીઓમાંથી 6 સભ્યોની એવી કેટલી સમિતિ બનાવી શકાય કે જેમાં 6 છોકરા હોય અથવા 6 છોકરીઓ હોય?
(A) 212 (B) 140 (C) 238 (D) 210

42) પાંચ મહિલા અને ચાર પુરુષમાંથી 3 સભ્યોની એવી કેટલી કમિટી બનાવી શકાય કે જેમાં ઓછામાં ઓછી એક મહિલા હોય?
(A) 80 (B) 75 (C) 58 (D) 60

43) 3 છોકરી અને 4 છોકરાઓમાંથી 4 સભ્યોની કેટલી ટીમ બનાવી શકાય કે જેમાં વધુમાં વધુ બે છોકરીઓ હોય?
(A) 38 (B) 42 (C) 58 (D) 31

44) ચાર સ્ત્રી અને છ પુરુષમાંથી ત્રણ સભ્યોની સમિતિ કેટલી રીતે બનાવી શકાય કે જેમાં ઓછામાં ઓછી 2 સ્ત્રી હોય?
(A) 48 (B) 35 (C) 40 (D) 62

45) એક બોક્સમાં 4 કાળા અને 5 લાલ રંગના દડા છે. આ બોક્સમાંથી 3 કાળા અને 3 લાલ રંગના દડાઓ કેટલી રીતે કાઢી શકાય?
(A) 30 (B) 40 (C) 45 (D) 60

✦ ANSWER KEY ✦

(1) D	(10) D	(19) B	(28) B	(37) D
(2) A	(11) B	(20) D	(29) D	(38) D
(3) C	(12) C	(21) C	(30) A	(39) D
(4) A	(13) A	(22) B	(31) C	(40) A
(5) D	(14) D	(23) C	(32) D	(41) C
(6) D	(15) C	(24) C	(33) A	(42) A
(7) C	(16) A	(25) B	(34) A	(43) D
(8) D	(17) D	(26) D	(35) B	(44) C
(9) A	(18) A	(27) B	(36) D	(45) B

✦ SOLUTION ✦

1) $8! = 8 \times 7 \times 6 \times 5 \times 4 \times 3 \times 2 \times 1$
$= 40320$
→ જવાબ : (D) 40320

2) ${}^{n}C_{0} = 1$ તથા ${}^{n}C_{n} = 1$ થાય.
$= {}^{n}C_{0} - {}^{n}C_{n}$
$= 1 - 1$
$= 0$
→ જવાબ : (A) 0

3) ${}^{n}P_{r} = \frac{n!}{(n-r)!}$
$\therefore {}^{12}P_{4} = \frac{12!}{(12-4)!}$
$= \frac{12!}{8!}$
$= \frac{12 \times 11 \times 10 \times 9 \times 8!}{8!}$
$= 12 \times 11 \times 10 \times 9$
$= 11880$
→ જવાબ : (C) 11880

4) ${}^{n}P_{r} = \frac{n!}{(n-r)!}$
$\therefore {}^{75}P_{2} = \frac{75!}{(75-2)!}$

WEBSANKUL

26 સંભાવના

→ સંભાવના એટલે શકયતા.

→ કોઈપણ ઘટના બનવા અંગેની શકયતા કે અનુમાનને આંકડાકીય કે સંખ્યાત્મકરૂપે દર્શાવવાની પદ્ધતિ એટલે સંભાવના

$$\text{સંભાવના} = \frac{\text{શક્ય પરિણામ}}{\text{કુલ પરિણામ}}$$

✦ સંભાવના અંગેના મહત્વપૂર્ણ તથ્યો ✦

- સંભાવનાનું મૂલ્ય $\Longrightarrow 0 \leq P(E) \leq 1$
  → સંભાવનાનું મૂલ્ય 0 કે તેના કરતાં વધારે પરંતુ 1 કે તેના કરતાં ઓછું હોય છે.

- ચોક્કસ ઘટનાઓની સંભાવના હંમેશા 1 થાય.
  દા.ત.
  → સૂર્ય પૂર્વમાં ઊગે છે.
  → ઝાડ પરથી છૂટું પડેલ ફળ જમીન પર પડશે.
  → જન્મ લેનાર દરેક માનવ મૃત્યુ પામશે.

- અશકય ઘટનાઓની સંભાવના હંમેશા 0 થાય.
  દા.ત.
  → સૂર્ય પશ્ચિમમાં ઊગે છે.
  → તમારા હાથમાં રહેલ પ્રશ્નપત્રમાં 100 માંથી 101 ગુણ આવવા.
  → સોમવાર પછીનો તરતનો દિવસ ગુરુવાર હોય.
  → એક સમતોલ સિક્કો ઉછાળતા ઉપરની બાજુએ કાટ અને છાપ બંને મળે.

- ઘટકોની સંભાવનાનો સરવાળો હંમેશા 1 થાય.
  $\boxed{P(A) + P(A') = 1}$
  → કોઈ ઘટના A ઉદ્ભવે તેની સંભાવના P (A) અને ઘટના A ન ઉદ્ભવે તેની સંભાવના P (A') કે $P(\overline{A})$ વડે દર્શાવાય.

- ઈ.સ. 1654માં જુગારના વિવાદને કારણે બે પ્રખ્યાત ફ્રેન્ચ ગણિતશાસ્ત્રી બ્લેઈઝ પાસ્કલ અને પિયર ડી ફર્મેટ દ્વારા સંભાવનાના ગાણિતિક સિધ્ધાંતની રચના થઈ.

Ex-1 : તમારા હાથમાં રહેલા પ્રશ્નપત્રમાં 50 માંથી 51 ગુણ આવવાની સંભાવના કેટલી?

(A) 0 (B) 1 (C) $\frac{1}{50}$ (D) $\frac{1}{51}$

→ અહીં, પ્રશ્નપત્રમાં 50 માંથી 51 ગુણ આવવા એ અશકય ઘટના છે તેથી સંભાવના = 0

→ **જવાબ : (A) 0**

Ex-2 :'સૂર્ય પશ્ચિમમાં આથમે છે' – આ ઘટનાની સંભાવના કેટલી થાય?

(A) 0 (B) 1 (C) 0.5 (D) 2

→ અહીં, 'સૂર્ય પશ્ચિમમાં આથમે છે' એ એક ચોક્કસ ઘટના છે. તેથી સંભાવના = 1

→ **જવાબ : (B) 1**

Ex-3 : 50 ગુણના પેપરમાં 35 ગુણ મેળવવાની સંભાવના કેટલી?

(A) $\frac{1}{50}$ (B) $\frac{35}{50}$ (C) $\frac{1}{51}$ (D) $\frac{35}{51}$

→ અહીં, 50 ગુણમાંથી 35 આવવાએ 1 પરિણામ થાય.

→ પરંતુ 50 ગુણમાંથી 0, 1, 2, 3, 4, ...,49, 50 ગુણ આવી શકે, એટલે કુલ પરિણામ 51 મળે.

$$\therefore \text{સંભાવના} = \frac{\text{શક્ય પરિણામ}}{\text{કુલ પરિણામ}}$$

$$= \frac{1}{51}$$

→ **જવાબ : (C) $\frac{1}{51}$**

Ex-4 : જો P (A) = 0.36 હોય, તો P (A') = _____ થાય.

(A) 0.6 (B) 0.18 (C) 0.72 (D) 0.64

→ P (A) અને P (A') બંને પૂરક ઘટકો છે.

$\therefore P(A) + P(A') = 1$

$\therefore P(A') = 1 - P(A)$

$\therefore P(A') = 1 - 0.36$

$\therefore P(A') = 0.64$

→ **જવાબ : (D) 0.64**

Ex-5 : બે ખેલાડીઓ, સંગીતા અને રેશ્મા ટેનિસ મેચ રમે છે. સંગીતા મેચ જીતે તેની સંભાવના 0.62 આપેલ છે, તો રેશ્મા મેચ જીતે તેની સંભાવના _____ થાય.

(A) 0.32 (B) 0.48 (C) 0.38 (D) 0.62

→ અહીં, બંને ઘટના પૂરક છે.

$\therefore P(A) + P(A') = 1$ થાય.

→ રેશ્મા મેચ જીતે તેની સંભાવના = 1 − 0.62

= 0.38

→ **જવાબ : (C) 0.38**

Ex-6 : 1 થી 20 સુધીના અંકોમાંથી પસંદ થયેલ અંક અવિભાજય હોય, તેની સંભાવના કેટલી હોય?

(A) $\frac{2}{5}$ (B) $\frac{3}{5}$ (C) $\frac{1}{20}$ (D) $\frac{4}{21}$

→ 1 થી 20 સુધીમાં આવતી અવિભાજય સંખ્યા :- 2, 3, 5, 7, 11, 13, 17, 19 (કુલ 8 શક્ય પરિણામ)

$$\therefore \text{સંભાવના} = \frac{\text{શક્ય પરિણામ}}{\text{કુલ પરિણામ}}$$

$$= \frac{8}{20}$$

$$= \frac{2}{5}$$

→ **જવાબ : (A) $\frac{2}{5}$**

WEBSANKUL

Ex-7 : 400 સ્ક્રૂના એક પેકેટમાં 120 સ્ક્રૂ ખામીવાળા છે. યાદૃચ્છિક રીતે એક સ્ક્રૂ પસંદ કરવામાં આવે તો પસંદ કરેલ સ્ક્રૂ ખામી વગરનો હોય તેની સંભાવના કેટલી?

(A) 0.4 (B) 0.42 (C) 0.7 (D) 0.12

→ કુલ સ્ક્રૂ = 400

→ ખામીવાળા સ્ક્રૂ = 120

∴ ખામીવગરના સ્ક્રૂ = 400 − 120

= 280

$$\therefore \text{સંભાવના} = \frac{\text{શક્ય પરિણામ}}{\text{કુલ પરિણામ}}$$

$$= \frac{280}{400}$$

$$= \frac{7}{10}$$

→ **જવાબ : (C) 0.7**

✦ પત્તા આધારિત સંભાવના ✦

→ સ્પર્ધાત્મક પરીક્ષામાં પૂછાતાં પ્રશ્નોમાં ઘણીવાર પત્તાના સ્થાને 'ગંજીફા' શબ્દ પણ વપરાય છે.



→ કુલ પત્તા :- 52

→ કાળા રંગના / લાલ રંગના પત્તા : - 26

→ કાળી/ ફૂલી/ લાલ / ચાકેટ :- 13

→ અક્કા (ચિહ્નવાળા પત્તા) :- 4

→ ચિત્રવાળા પત્તા (ફુસૅ કાર્ડ) :- 12 (J, Q, K)

→ અંકવાળા પત્તા :- 36 (2, 3, 4, 5, 6, 7, 8, 9, 10)

→ જાકેર :- 0 (☺ જાબેકા!! જાકેર 52 પત્તામાંન ગણાય...)

Ex-8 :બાવન પત્તાના ઢગમાંથી યાદૃચ્છિક રીતે એક પત્તું પસંદ કરવામાં આવે, તો તે પત્તું કાળીનો એક્કો હોય તેની સંભાવના કેટલી થાય?

(A) $\frac{1}{13}$ (B) $\frac{2}{13}$ (C) $\frac{1}{52}$ (D) $\frac{1}{26}$

→ શક્ય પરિણામ :- 1 (∵ 4 અક્કામાં 1 કાળીના એક્કા હોયે)

→ કુલ પરિણામ :- 52

$$\therefore \text{સંભાવના} = \frac{\text{શક્ય પરિણામ}}{\text{કુલ પરિણામ}}$$

$$= \frac{1}{52}$$

→ **જવાબ : (C) $\frac{1}{52}$**

Ex-9 : બાવન પત્તાના ઢગમાંથી યાદૃચ્છિક રીતે એક પત્તું ખેંચવામાં આવે, તો આ પત્તું ફૂલીનું હોય, તેની સંભાવના કેટલી થાય?

(A) $\frac{1}{4}$ (B) $\frac{3}{52}$ (C) $\frac{1}{26}$ (D) $\frac{13}{52}$

→ શક્ય પરિણામ :- 13 (∵ ફૂલીના પત્તા 13 હોયે)

→ કુલ પરિણામ :- 52

$$\therefore \text{સંભાવના} = \frac{\text{શક્ય પરિણામ}}{\text{કુલ પરિણામ}}$$

$$= \frac{13}{52}$$

$$= \frac{1}{4}$$

→ **જવાબ : (A) $\frac{1}{4}$**

Ex-10 : બાવન પત્તાના ઢગમાંથી યાદૃચ્છિક રીતે એક પત્તું ખેંચવામાં આવે, તો આ પત્તું ચોકટનું હોય, તેની સંભાવના કેટલી થાય?

(A) 28☒ (B) 52☒ (C) 25☒ (D) 50☒

→ શક્ય પરિણામ :- 13 (∴ ચાકેટના પત્તા 13 હોયે)

→ કુલ પરિણામ :- 52

$$\therefore \text{સંભાવના} = \frac{\text{શક્ય પરિણામ}}{\text{કુલ પરિણામ}}$$

$$= \frac{13}{52} \times 100 \quad (\because \boxtimes \text{ હોવાથી})$$

$$= \frac{1}{4} \times 100$$

$$= 25\boxtimes$$

→ **જવાબ : (C) 25☒**

Ex-11 : સરખી રીતે ચીપેલા 52 પત્તામાંથી યાદૃચ્છિક રીતે બે પત્તા ખેંચવામાં આવે, તો ખેંચવામાં આવેલ બંને પત્તા રાણી હોય તેની સંભાવના કેટલી થાય?

(A) $\frac{1}{218}$ (B) $\frac{2}{445}$ (C) $\frac{4}{1569}$ (D) $\frac{1}{221}$

→ શક્ય પરિણામ :- ${}^{4}C_{2}$ (∵ 4 માંથી 2 રાણી)

→ કુલ પરિણામ :- ${}^{52}C_{2}$ (∵ 52 માંથી 2 રાણી)

$$\therefore \text{સંભાવના} = \frac{\text{શક્ય પરિણામ}}{\text{કુલ પરિણામ}}$$

$$= \frac{{}^{4}C_{2}}{{}^{52}C_{2}}$$

WEBSANKUL

$$= \frac{\frac{4 \times 3}{2 \times 1}}{\frac{52 \times 51}{2 \times 1}}$$

$$= \frac{6}{26 \times 51}$$

$$= \frac{6}{1326}$$

$$= \frac{1}{221}$$

→ **જવાબ : (D)** $\frac{1}{221}$

✦ સિક્કા આધારિત સંભાવના ✦

સિક્કાની સંખ્યા	મળતાં પરિણામની સંખ્યા	પરિણામો
1	$2^1 = 2$	(H) (T)
2	$2^2 = 4$	(H,H) (T,T) (H,T) (T,H)
3	$2^3 = 8$	(H,H,H) (T,T,T) (H,H,T) (T,H,H) (H,T,H) (T,H,T) (H,T,T) (T,T,H)
n	2^n	------

Ex-12 : બે સિક્કાને એક સાથે ઉછાળતાં બંને સિક્કા પર છાપ મળે તેની સંભાવના કેટલી થાય?

(A) $\frac{1}{2}$ **(B)** $\frac{1}{8}$ **(C)** $\frac{1}{4}$ **(D)** $\frac{2}{3}$

→ શક્ય પરિણામ :- (H,H)

→ કુલ પરિણામ :- $2^2 = 4$ (H,H) (T,T) (H,T) (T,H)

∴ સંભાવના = $\frac{\text{શક્ય પરિણામ}}{\text{કુલ પરિણામ}}$

$= \frac{1}{4}$

→ **જવાબ : (C)** $\frac{1}{4}$

Ex-13 : બે સિક્કાને એક સાથે ઉછાળતાં સિક્કા પર ઓછામાં ઓછી એક કાટ આવે, તેની સંભાવના કેટલી થાય?

(A) $\frac{1}{4}$ **(B)** $\frac{2}{3}$ **(C)** $\frac{3}{4}$ **(D)** $\frac{1}{2}$

→ આછોમા આછો એક કાટ એટલે કે એક કરતા વધુ પણ ચાલે.

→ શક્ય પરિણામ :- (H,T) (T,H) (T,T)

→ કુલ પરિણામ :- 4 (H,H) (T,T) (H,T) (T,H)

∴ સંભાવના = $\frac{\text{શક્ય પરિણામ}}{\text{કુલ પરિણામ}}$

$= \frac{3}{4}$

→ **જવાબ : (C)** $\frac{3}{4}$

Ex-14 : ત્રણ સિક્કાને એક સાથે ઉછાળવામાં આવે તો ત્રણેય સિક્કા પર સમાન નિશાની આવે તેની સંભાવના કેટલી થાય?

(A) $\frac{1}{4}$ **(B) 1** **(C)** $\frac{1}{3}$ **(D)** $\frac{1}{2}$

→ ત્રણયે સિક્કા પર સમાન નિશાની હોય તેવા પરિણામો :- (H,H,H) અને (T, T, T)

→ કુલ પરિણામ :- $2^3 = 8$

∴ સંભાવના = $\frac{\text{શક્ય પરિણામ}}{\text{કુલ પરિણામ}}$

$= \frac{2}{8}$

$= \frac{1}{4}$

→ **જવાબ : (C)** $\frac{1}{4}$

✦ પાસા આધારિત સંભાવના ✦



→ પાસાને છ બાજુઓ હોય છે.

→ તેના પર દર્શાવેલે બિંદુઓને 1, 2, 3, 4, 5 અને 6 વડે નિરૂપિત કરી શકાય.

પાસાની સંખ્યા	પરિણામની સંખ્યા	પરિણામો
1	$6^1 = 6$	(1) (2) (3) (4) (5) (6)
2	$6^2 = 36$	(1,1) (2,1) (3,1) (4,1) (5,1) (6,1) (1,2) (2,2) (3,2) (4,2) (5,2) (6,2) (1,3) (2,3) (3,3) (4,3) (5,3) (6,3) (1,4) (2,4) (3,4) (4,4) (5,4) (6,4) (1,5) (2,5) (3,5) (4,5) (5,5) (6,5) (1,6) (2,6) (3,6) (4,6) (5,6) (6,6)
n	6^n	------

WEBSANKUL

56) એક બેગમાં 3 લાલ અને 4 સફેદ દડા છે. જો તેમાંથી એક દડો પસંદ કરવામાં આવે તો તે લાલ રંગનો હોવાની સંભાવના કેટલી થાય?

(A) $\frac{3}{7}$ (B) $\frac{4}{7}$ (C) $\frac{1}{7}$ (D) $\frac{1}{4}$

57) એક બોક્ષમાં 6 વાદળી, 5 લાલ અને 4 સફેદ દડા છે. જો તેમાંથી 3 દડા પસંદ કરવામાં આવે તો ત્રણેય દડા લાલ હોવાની સંભાવના કેટલી?

(A) $\frac{1}{455}$ (B) $\frac{1}{91}$ (C) $\frac{2}{91}$ (D) $\frac{1}{12}$

58) એક પેટીમાં 5 લાલ, 6 સફેદ અને 2 કાળા રંગના દડા છે. જો તેમાંથી બે દડા યાદૃચ્છિક રીતે પસંદ કરવાના હોય તો પસંદ કરેલ દડામાંથી એક દડો લાલ તથા બીજો દડો સફેદ હોય તેની સંભાવના કેટલી?

(A) $\frac{6}{13}$ (B) $\frac{7}{13}$ (C) $\frac{11}{13}$ (D) $\frac{5}{13}$

59) એક ટોપલીમાં 6 સફેદ, 7 લાલ અને 2 વાદળી દડા છે. જો એક સાથે બે દડા ઊંચકવામાં આવે છે. બંને દડા અલગ અલગ રંગના હોય તેની સંભાવના કેટલી થશે?

(A) $\frac{2}{15}$ (B) $\frac{68}{155}$ (C) $\frac{68}{105}$ (D) $\frac{7}{15}$

60) એક બેગમાં 6 સફેદ અને 7 કાળા દડા છે. જો તેમાંથી બે દડા પસંદ કરવામાં આવે તો આ બંને દડા એક જ રંગના હોય તેની સંભાવના કેટલી?

(A) $\frac{5}{13}$ (B) $\frac{6}{13}$ (C) $\frac{7}{13}$ (D) $\frac{16}{13}$

61) A ની 15 વર્ષ તથા વધુ જીવિત રહેવાની સંભાવના $\frac{7}{8}$ છે. તથા B ની 15 વર્ષ તથા વધુ જીવિત રહેવાની સંભાવના $\frac{9}{10}$ છે. તો બંનેની 15 વર્ષ પછી જીવીત રહેવાની સંભાવના કેટલી થાય?

(A) $\frac{1}{5}$ (B) $\frac{1}{20}$ (C) $\frac{63}{80}$ (D) અકેપણ નહી

62) એક અંકની પ્રાકૃતિક સંખ્યામાંથી કોઈ એક સંખ્યા પસંદ કરતાં તે સંખ્યા અયુગ્મ હોવાની સંભાવના _____ છે.

(A) $\frac{5}{10}$ (B) $\frac{5}{9}$ (C) $\frac{4}{9}$ (D) $\frac{4}{10}$

63) 1 થી 20 નંબરની ટિકિટોમાંથી એક ટિકિટ યાદૃચ્છિક રીતે ખેંચવામાં આવે છે. આ રીતે ખેંચેલી ટિકિટનો નંબર 4 અથવા 5 નો ગુણાંક હોય તેની સંભાવના કેટલી?

(A) $\frac{1}{2}$ (B) $\frac{2}{3}$ (C) $\frac{2}{5}$ (D) $\frac{9}{20}$

64) બે અંકોની સંખ્યાને 3 અથવા 5 વડે નિઃશેષ ભાગી શકાય તેની સંભાવના _____ છે.

(A) $\frac{7}{15}$ (B) $\frac{8}{15}$ (C) $\frac{1}{2}$ (D) $\frac{3}{4}$

65) એક વર્ગમાં 15 વિધાર્થીઓમાંથી 7 વિદ્યાર્થી રાજકોટનાં, 5 વિધાર્થી જામનગરના તથા 3 વિદ્યાર્થી ભાવનગરનાં છે. જો તેમાંથી 2 વિધાર્થી પસંદ કરવામાં આવે તો તે બંને રાજકોટનાં હોવાની સંભાવના કેટલી?

(A) $\frac{1}{2}$ (B) $\frac{1}{3}$ (C) $\frac{1}{4}$ (D) $\frac{1}{5}$

66) એક પેટીમાં 8 સોનાના સિક્કા અને 10 ચાંદીના સિક્કા છે. જયારે બીજી પેટીમાં 6 સોનાના સિક્કા અને 14 ચાંદીના સિક્કા છે. બે પેટીમાંથી એક પેટીની યાદૃચ્છિક રીતે પસંદગી કરવામાં આવે છે અને તેમાંથી એક સિક્કો પસંદ કરવામાં આવે છે. આ સિક્કો સોનાનો હોવાની સંભાવના કેટલી થાય?

(A) $\frac{31}{90}$ (B) $\frac{67}{180}$ (C) $\frac{7}{19}$ (D) અકેપણ નહી

✦ ANSWER KEY ✦

(1) A	**(15) A**	**(29) C**	**(43) B**	**(57) C**
(2) A	**(16) C**	**(30) B**	**(44) A**	**(58) D**
(3) B	**(17) B**	**(31) A**	**(45) B**	**(59) C**
(4) A	**(18) C**	**(32) D**	**(46) D**	**(60) B**
(5) B	**(19) B**	**(33) A**	**(47) D**	**(61) C**
(6) B	**(20) A**	**(34) D**	**(48) A**	**(62) B**
(7) C	**(21) C**	**(35) B**	**(49) B**	**(63) C**
(8) B	**(22) D**	**(36) B**	**(50) A**	**(64) A**
(9) A	**(23) D**	**(37) D**	**(51) A**	**(65) D**
(10) A	**(24) D**	**(38) B**	**(52) D**	**(66) B**
(11) C	**(25) A**	**(39) A**	**(53) D**	
(12) B	**(26) C**	**(40) D**	**(54) B**	
(13) C	**(27) A**	**(41) D**	**(55) C**	
(14) C	**(28) B**	**(42) D**	**(56) A**	

✦ SOLUTION ✦

1) અશક્ય ઘટનાનીસંભાવના 0 હાયે.

→ **જવાબ : (A) 0**

2) અશક્ય ઘટના હાવોથી, સંભાવના = 0

→ **જવાબ : (A) 0**

3) ચાક્કેસ ઘટના હાવોથી, સંભાવના = 1

→ **જવાબ : (B) 1**

4) અશક્ય ઘટના હાવોથી, સંભાવના = 0

→ **જવાબ : (A) 0**

5) ચાક્કેસ ઘટનાનીસંભાવના હંમેશા 1 હાયે.

→ **જવાબ : (B) 1**

6) સંભાવનાનંમૂલ્ય :- $0 \leq P(E) \leq 1$

→ આમ, કાઈપણ ઘટનાનીસંભાવના 1 કેતથીઆછીઅનેઅનૃણ હાયે.

→ **જવાબ : (B) 1**

WEBSANKUL

01) એક વ્યક્તિ ઉત્તર તરફ 10 કિ.મી. મુસાફરી કરે છે. ત્યાંથી 12 કિ.મી. પૂર્વ તરફ જાય છે. ત્યાંથી 12 કિ.મી. પશ્ચિમ તરફ જાય છે. ત્યાંથી 18 કિ.મી. દક્ષિણ તરફ જાય છે. તે પોતાના આરંભિક બિંદુથી કેટલા કિ.મી. દૂર હશે?
[Police Constable 2012]

(A) 10 કિ.મી (B) 18 કિ.મી

(C) 8 કિ.મી (D) 12 કિ.મી

02) A,B,C,D,E,F નામના છ લોકો એક હરોળમાં ઉભા છે. C અને D ની વચ્ચે કોઇ નથી. D ની બાજુમાં F છે. F અને A ની વચ્ચે B છે. D અને E વચ્ચે C છે. તો બંને છેડા ઉપર કયા બે લોકો હશે? [Police Constable 2012]

(A) A અને C

(B) C અને D

(C) F અને A

(D) A અને E

03) 1 થી 200 ની વચ્ચે પાંચથી ભાગી ન શકાય તેવા કેટલા આંકડા આવે? [Police Constable 2012]

(A) 160 (B) 169

(C) 39 (D) 40

04) એક માણસ 16 દિવસમાં એક ખાડો ખોદે છે. બીજો માણસ 8 દિવસમાં એક ખાડો ખોદે છે તો બંને ભેગા મળી ત્રણ ખાડા ખોદતાં કેટલા દિવસ લાગશે? [Police Constable 2012]

(A) 32 (B) 24

(C) 36 (D) 16

05) ભારતનો પ્રમાણ સમય લંડન કરતાં સાડા પાંચ કલાક આગળ છે. પાકિસ્તાનનો પ્રમાણ સમય ભારત કરતાં અડધો કલાક પાછળ છે. લંડનમાં સાંજના સાડા પાંચ વાગ્યા હશે ત્યારે પાકિસ્તાનમાં કેટલા વાગ્યા હશે? [Police Constable 2012]

(A) દિવસના અગિયાર

(B) દિવસના સાડા બાર

(C) રાત્રિના સાડા અગિયાર

(D) રાત્રિના સાડા દસ

06) 6, 12, 20, 30, 42 .....? [Police Constable 2012]

(A) 56 (B) 60

(C) 50 (D) 58

07) 2, 10, 30, 68, ... ? [Police Constable 2012]

(A) 110 (B) 120

(C) 130 (D) 140

08) એક વર્ગમાં 70 વિદ્યાર્થી છે. 30 ટકા વિદ્યાર્થી ગણિતમાં નાપાસ થાય છે. તો કેટલા વિદ્યાર્થીઓએ ગણિતમાં પાસ થયા હશે?
[Police Constable 2012]

(A) 49 (B) 21

(C) 55 (D) 28

09) જે કામ 12 માણસો 9 દિવસમાં પૂરું કરે તો તે જ કામ 18 માણસો કેટલા દિવસમાં પૂરું કરે?
[Police Constable 2015]

(A) 4 (B) 5

(C) 6 (D) 7

10) 1,4,9, 16.....? [Police Constable 2015]

(A) 25 (B) 3

(C) 32 (D) 5

11) કોઈપણ બાજુથી ચાલુ કરો, તમારો ક્રમ 13મો હોય તો લાઈનમાં કુલ કેટલા માણસો હશે? [Police Constable 2015]

(A) 13 (B) 15

(C) 22 (D) 25

12) ધારો કે આજે શુક્રવાર છે તો પછીના રવિવાર પછી 25 મા દિવસે કયો વાર હશે? [Police Constable 2015]

(A) મંગળવાર (B) બુધવાર

(C) ગુરુવાર (D) શુક્રવાર

13) મહેશ તેના મિત્રને એક છોકરીનો પરિચય કરાવતા કહે છે કે – આ મારા દાદાના એકના એક પુત્રની પુત્રી છે. તો આ છોકરી મહેશની શું સગી થાય? [Police Constable 2015]

(A) માતા (B) બહેન

(C) પત્ની (D) પિતરાઇ બહેન

14) મીણબત્તી : મીણ તો કાગળ : ? [Police Constable 2015]

(A) વૃક્ષ (B) ચોપડી

(C) પસ્તી (D) લખવું

15) A, D, H, K, O? [Police Constable 2015]

(A) Q (B) R

(C) S (D) T

16) આજે વિજયે રમેશને પરમ દિવસે ગુરુવારે મળવાનું નક્કી કર્યું તો ગઇકાલે કયો વાર ગયો? [Police Constable 2015]

(A) મંગળવાર (B) બુધવાર

(C) રવિવાર (D) સોમવાર

WEBSANKUL

01) શ્રેણી પૂર્ણ કરો : 2, 6, 12, 20, _____

[GSSSB Office Superintendent 2019]

(A) 36 (B) 30

(C) 24 (D) 144

02) શ્રેણી પૂર્ણ કરો : 1, 8, 9, 64, 25, _____

[GSSSB Office Superintendent / Superintendent 2019]

(A) 81 (B) 216

(C) 36 (D) 625

03) 1, 1, 2, 3, 5, 8, 13, 21, 34, _____ તે કયા પ્રકારની શ્રેણી છે?

[GSSSB Office Superintendent / Superintendent 2019]

(A) સમાંતર (B) ગુણોત્તર

(C) વિષમ (D) ફિબોનાકી

04) શ્રેણી પૂર્ણ કરો : 0, 6, 24, 60, _____

[GSSSB Office Superintendent / Superintendent 2019]

(A) 72 (B) 80

(C) 120 (D) 144

05) DEPRESSION શબ્દનો પહેલો અને બીજો અક્ષર અદલ બદલ કરવામાં આવે, અને તે જ રીતે ત્રીજો અને ચોથો અક્ષર, તથા પાંચમો અને છઠ્ઠો અક્ષર, અને એ જ રીતે છેક સુધી અદલ બદલ કરો. મળેલા નવા શબ્દના અક્ષરોને ફરીથી અંગ્રેજી ડિક્ષનરી પ્રમાણે ગોઠવો. હવે મળેલા શબ્દમાં જમણેથી સાતમો અક્ષર કયો હશે? [GSSSB Office Superintendent 2019]

(A) R (B) O

(C) S (D) I

06) જો GLARE શબ્દને 67810 કોડ નંબર દ્વારા દર્શાવવામાં આવે અને MONSOON શબ્દને 2395339 કોડ દ્વારા દર્શાવવામાં આવે તો RANSOM શબ્દને કયા કોડ દ્વારા દર્શાવી શકાય?

[GSSSB Office Superintendent / Superintendent 2019]

(A) 183952 (B) 189352

(C) 189532 (D) 198532

07) આપેલ આકૃતિમાં ચોક્કસ ગુણધર્મ ધરાવતી સંખ્યાઓ આપેલ છે. પ્રશ્નાર્થ ચિહ્નની જગ્યાએ વિકલ્પોમાંથી કઇ સંખ્યા આવે છે?



[GSSSB Office Superintendent / Superintendent 2019]

(A) 1 (B) 26

(C) 39 (D) 45

08) અલકા માલા કરતાં વધુ ઉંમરની છે. ગોપાલ માલા કરતાં વધુ ઉંમરનો છે. પણ અલકા કરતાં ઓછી ઉંમરનો છે. કપિલની ઉંમર રામ અને માલા કરતાં ઓછી છે અને માલા રામ કરતાં વધુ ઉંમરની છે. તો ઉંમરની દૃષ્ટિએ ગોપાલ અને રામની વચ્ચે કોણ આવે? [GSSSB Office Superintendent 2019]

(A) રામ (B) માલા

(C) અલકા (D) કપિલ

09) આપેલા અક્ષરોની યાદીમાં કેટલા 'O' એવા છે કે જેની તરત પછી 'Q' આવતો હોય પરંતુ તેની તરત પહેલાં 'D' ના આવતો હોય?

D O Q O D Q O D O D Q D O Q D S D Q P O Q D S S S D O Q O Q D O Q D D D O Q C D O Q C O D Q Q O D Q D O

[GSSSB Office Superintendent 2019]

(A) 0 (B) 1

(C) 2 (D) 3

10) નીચે આપેલા વિકલ્પોમાંથી પ્રશ્ન આકૃતિનું સાચું દર્પણપ્રતિબિંબ શોધો.

પ્રશ્ન આકૃતિ : QUALITY

[GSSSB Office Superintendent / Superintendent 2019]

(A) QUALITY (B) ϽUAꞀITꓘ

(C) YTILAUQ (D) YTILAUϘ

11) શ્રેણી પૂરી કરો : (-2), 5, 24, 61, 122, ...

[GSSSB Office Superintendent 2016]

(A) 321 (B) 83

(C) 61 (D) 213

12) -90, -45, _____, 30, 60 ખૂટતો અંક ભરો.

[GSSSB Accountant / Auditor / Sub Treasury Officer / Office Superintendent 2016]

(A) 20 (B) 10

(C) 0 (D) (-5)

13) જો GLARE શબ્દને 67810 કોડ નંબર દ્વારા દર્શાવવામાં આવે અને MONSOON શબ્દને 2395339 કોડ દ્વારા દર્શાવવામાં આવે તો RANSOM શબ્દને કયા કોડ દ્વારા દર્શાવી શકાય?

[GSSSB Office Superintendent 2016]

(A) 183952

(B) 189352

(C) 189532

(D) 198532

WebSankul

195) જો DICTIONARY શબ્દને 1234256789 કોડ નંબર દ્વારા દર્શાવવામાં આવે તો ORDINARY શબ્દને કઈ રીતે દર્શાવી શકાય? [GSSSB Junior Assistant 2016]

(A) 59126789 (B) 58126789

(C) 57326789 (D) 56126789

196) આપેલા અક્ષરોની યાદીમાં કેટલા 'O' આવે છે કે જેની તરત પછી 'Q' આવતો હોય પરંતુ તેની તરત પહેલાં 'D' ના આવતો હોય?

D O Q O D Q O D O D Q D O Q D S D Q P O Q D S S S D O Q O Q D O Q D D D O Q C D O Q C O D Q Q O D Q D O [GSSSB Statistical Assistant 2017]

(A) 0 (B) 1

(C) 2 (D) 3

197) ABCD માં (A→Z = 1→26) પ્રમાણે જોતાં X = F, T = B, P = G હોય તોK = _____ [GSSSB Nurse 2018]

(A) F (B) Y

(C) N (D) B

198) અંગ્રેજી મૂળાક્ષરોની શ્રેણી ABCD.....Zમાં અંતિમ મૂળાક્ષરથી ડાબી તરફ 18મા મૂળાક્ષરની જમણી બાજુએ પાંચમો મૂળાક્ષર કયો છે?

[GSSSB Municipal Deputy Accountant - Class III 2017]

(A) C (B) M

(C) N (D) O

199) નીચે જણાવેલ અંગેજી શબ્દોમાં ડીક્ષનરી મુજબ ગોઠવતા કયો શબ્દ છેલ્લા ક્રમે આવશે? [GSSSB Nurse 2018]

(A) CONSTRUCTION

(B) CONTEMPORARY

(C) CONTINUOUS

(D) CONFIDENTIAL

200) જો A = 26, SUN = 27 હોય તો CAT = _____

[GSSSB Wireman 2017]

(A) 24 (B) 27

(C) 57 (D) 58

201) જો PRABA ની સંજ્ઞા 27595 અને THILAK ની સંજ્ઞા 368451 હોય, તો BHARATI ની સંજ્ઞા કઈ બનશે?

[GSSSB Junior Assistant 2017]

(A) 9567568 (B) 9675538

(C) 9657538 (D) 9567538

202) જો ABCD માં E = 5 અને HOTEL = 12 હોય તો LAMB = _____

[GSSSB Desktop Publishing (D.T.P.) Operator 2016]

(A) 7 (B) 10

(C) 26 (D) 28

203) DEPRESSION શબ્દનો પહેલો અને બીજો અક્ષર અદલ બદલ કરવામાં આવે, અને તે જ રીતે ત્રીજો અને ચોથો અક્ષર, તથા પાંચમો અને છઠ્ઠો અક્ષર, અને એજ રીતે છેક સુધી અદલ બદલ કરો. મળેલા નવા શબ્દના અક્ષરોને ફરીથી અંગ્રેજી ડિક્ષનરી પ્રમાણે ગોઠવો. હવે મળેલા શબ્દમાં જમણેથી સાતમો અક્ષર કયો હશે? [GSSSB Food Safety Officer 2018]

(A) R (B) O

(C) S (D) I

204) જો PREMONITION શબ્દને 68530492904 કોડ દ્વારા દર્શાવવામાં આવે તો MONITOR શબ્દને કેવી રીતે દર્શાવી શકાય? [GSSSB Municipal Engineer 2017]

(A) 3049802 (B) 3029408

(C) 3049208 (D) 3049258

205) જો E = 5 અને HOTEL = 12 હોય, તો LAMB = _____

[GSSSB Accountant / Inspector 2018]

(A) 7 (B) 10

(C) 26 (D) 28

206) નીચે આપેલા અક્ષરોને અંગ્રેજી ડિક્ષનરી મુજબ ગોઠવતાં ARM શબ્દસમૂહના અક્ષરોના મૂલ્યોનો સરવાળો કેટલો થાય? આપેલા અક્ષરોનું મૂલ્ય તેમના સ્થાનના ક્રમ મુજબ ગણવાનુ રહેશે. એટલે કે, ઉદાહરણ તરીકે નીચેના અક્ષરોના જે તે અક્ષરોનું મૂલ્ય M = 1, K = 2, I = 4 એ રીતે છેક સુધી થાય.

M K K I D N E T T Q O B F H A A G T U U X W L S R I [GSSSB Food Safety Officer 2018]

(A) 33 (B) 32

(C) 30 (D) 35

207) 'પાસ પાસેના મૂળાક્ષરો વચ્ચે એકી સંખ્યામાં મૂળાક્ષરો છોડવામાં આવે છે.' નીચેનામાંથી કઈ શ્રેણીમાં આ નિયમ પળાય છે? [GSSSB Municipal Engineer 2017]

(A) FIMRX (B) EIMQV

(C) BDHLR (D) MPRUX

208) જો PRABHA ની સંજ્ઞા 27595 અને THILAK ની સંજ્ઞા 368451 હોય, તો BHARATI ની સંજ્ઞા કઈ બનશે?

[GSSSB Junior Pharmacist 2018]

(A) 9567568 (B) 9675538

(C) 9657538 (D) 9567538

WEBSANKUL

01) 64, 125, 216, 343, _____

[DPSSC Talati Cum Mantri Sabarkantha 2017]

(A) 506 (B) 449

(C) 512 (D) 498

02) 24, 35, 47, 60, 74, _____

[DPSSC Junior Clerk Sabarkantha 2017]

(A) 90 (B) 91

(C) 89 (D) 87

03) એક માણસે બીજા માણસને કહ્યું તમારા ભાઈનો પુત્ર, એ મારા પુત્રનો સગો ભાઈ થાય તો તે બંને માણસો વચ્ચે શું સંબંધ થાય?

[GPSSB Junior Clerk Banaskantha 2015]

(A) પિતા-પુત્ર

(B) સસરા-જમાઈ

(C) સાળા-બનેવી

(D) ભાઈ-ભાઈ

04) AB, BA ; ABC, CBA; ABCD, ?
પ્રશ્નાર્થ કરેલ જગ્યાએ યોગ્ય વિકલ્પ શોધો.

[GPSSB Junior Clerk Gandhinagar 2014]

(A) BACD (B) CABD

(C) DBAC (D) DCBA

05) જો EADHA નો કોડ 71231 અને KEISHNA નો કોડ 5748361 હોય તો DAESHAN લખવું હોય તો કોડ કયો?

[Jail Sipahi 2013]

(A) 678321 (B) 876312

(C) 2178316 (D) 763821

06) જો ઘડિયાળના તમામ અંકને 1ને બદલે A, 2ને બદલે B, 3ને બદલે C એમ લાઇનસર બદલવામાં આવે, તો 7:25 કલાકે નાનો કાંટો કયા બે અક્ષર વચ્ચે હશે?

[GSSSB Revenue Talati 2010]

(A) G અને H (B) F અને G

(C) E અને F (D) C અને D

07) P વ્યક્તિ Q થી નીચો છે, પરંતુ T થી લાંબો છે. R વ્યક્તિ P વ્યક્તિથી નીચો છે, પરંતુ T વ્યક્તિથી લાંબો છે. S વ્યક્તિ Q થી નીચી છે, પરંતુ P થી લાંબો છે. તો સૌથી ટૂંકો વ્યક્તિ કોણ છે? [GPSSB Junior Clerk Surat 2015]

(A) S (B) T

(C) P (D) R

08) રોમન પદ્ધતિ અનુસાર LXVI તરીકે દર્શાવાયેલ અંકો નીચે પૈકીની એક સંખ્યા દર્શાવે છે?

[GPSSB Junior Clerk Surat 2015]

(A) 1156 (B) 66

(C) 94 (D) 906

09) જો ગાયને ભેંસ, ભેંસને ઘોડો, ઘોડાને વાઘ, વાઘને તરબુચ અને તરબુચને મેદાન કહેવામાં આવે તો મહેશ નીચેનામાંથી કોની પર સવારી કરશે? [GPSSB Junior Clerk Surat 2015]

(A) ઘાડો (B) ભસેં

(C) તરબચુ (D) વાઘ

10) નીચેની આકૃતિમાં પ્રશ્નાર્થ ચિહ્નના સ્થાને કઈ સંખ્યા આવે?



[GSSSB Junior Clerk / Typist 2012]

(A) 49 (B) 41

(C) 40 (D) 59

11) 50 વિદ્યાર્થીઓની સીધી લાઈનમાં પાર્વતી ડાબી બાજુએથી 18મા ક્રમે છે. શિક્ષક દ્વારા ફેરફાર સૂચવાતાં પાર્વતી, જમણી બાજુએ 22મા ક્રમે ઊભેલી અંબિકાનું સ્થાન લે છે અને અંબિકા તેનું સ્થાન લે છે. હવે પાર્વતીનું સ્થાન ડાબી બાજુએથી કયા નંબરે હશે? [GSSSB Revenue Talati 2010]

(A) 30 (B) 31

(C) 29 (D) કાઈપણ નહીં

12) 1296, 216, 36, 6, ?

[GPSSB Junior Clerk Surat 2015]

(A) 4 (B) 3

(C) 1 (D) 0

13) 5, 8, 17, ... 37, 48 ખૂટતો અંક લખો.

[GSSSB Revenue Talati 2016]

(A) 25 (B) 13

(C) 24 (D) 20

14) 12, 32, 72, 152 _____?

[GPSSB Talati Cum Mantri Surat 2015]

(A) 300 (B) 308

(C) 312 (D) 318

WEBSANKUL

01) નીચેનામાંથી કયો અંગ્રેજી શબ્દ અંગ્રેજી ડિક્ષનરીમાં ચોથા ક્રમે આવશે. ?

(1) Encounter

(2) Encroach

(3) Encourage

(4) Encradle

(A) (2) (B) (3)

(C) (1) (D) (4)

02) અહીં આપેલા પ્રસંગોને / તહેવારોને તેમના કેલેન્ડર મુજબના સમયગાળા મુજબ(કારતક મહિનાથી શરૂ કરીને આસો માસ સુધીમાં) ગોઠવો.

(1) કાળીચૌદસ (2) દિવાળી

(3) ઉતરાયણ (4) હોળી

(5) રક્ષાબંધન

(A) (1), (2), (3), (4), (5)

(B) (5), (4), (3), (2), (1)

(C) (5), (4), (2), (3), (1)

(D) (3), (4), (5), (1), (2)

03) રોશન, હાર્દિક કરતાં ઊંચો છે, હાર્દિક, સુશીલ કરતાં નીચો છે. નિશા, હેરી કરતાં ઊંચી છે. નિશા, હાર્દિક કરતાં નીચી છે. સુશીલ ,રોશન કરતાં નીચો છે. તો સૌથી ઊંચો કોણ ?

(A) હેરી (B) સુશીલ

(C) રોશન (D) હાર્દિક

04) જો GOLD ને LGDO અને SOAKને ASKO લખવામાં આવે તો TIMEને કેવી રીતે લખાશે.?

(A) MITE (B) METI

(C) EIMT (D) MTEI

05) સફરજનને સંતરા, સંતરાને આદું, આદુંને બટાકા, બટાકાને કેળાં, કેળાંને પપૈયું અને પપૈયાને જમરૂખ કહે છે. તો નીચેનામાંથી કયું જમીનની નીચે ઊગે છે ?

(A) પપૈયું (B) જમરૂખ

(C) સફરજન (D) કેળાં

06) નીચે આપેલ ચાર વિકલ્પો પૈકીનું એક અન્ય ત્રણનાં જુથ થી જુદું પડે છે તે કયું ?

(A) RTP (B) HIF

(C) DEB (D) NOL

07) જો P એટલે 2, Q એટલે 4, R એટલે 6, B એટલે 7, Z એટલે 9, W એટલે 5 અને F એટલે 3 હોય તો BFRPZ કઈ રીતે લખાય ?

(A) 74629 (B) 73629

(C) 92637 (D) 76329

08) 11, 30, 128, _____?_____ શ્રેણીમાં ખૂટતી સંખ્યા શોધો.

(A) 256 (B) 346

(C) 446 (D) 14

09) આપેલી શ્રેણીમાં પ્રશ્ન ચિન્હોની જગ્યાએ આવતા આલ્ફાબેટ શોધી યોગ્ય જવાબ આપો.
Z ? T ? N ? H ? B

(A) XRKE (B) WRKE

(C) WQKE (D) XQKE

10) આપેલી શ્રેણીની ખાલી જગ્યાઓ પૂરી કરવા માટે યોગ્ય વિકલ્પ શોધો.
_____XYX _____XXY_____XXX _____XX

(A) YXYX (B) XXXY

(C) YYYY (D) XYXY

11) શ્રેણીમાં ખૂટતો અંક મૂકો.
103, 84, ___?___ 52, 39, 28, 19

(A) 77 (B) 57

(C) 67 (D) 47

12) આપેલી જોડીને સંબધિત જોડીમાં પ્રશ્ન ચિન્હની જગ્યાએ શું આવશે ?
અભિનય : થીએટર : : જુગાર ?

(A) કેસીનો (B) બાર

(C) ક્લબ (D) જીમખાનું

13) જો હોડી, હંકારવા સાથે સંબંધ ધરાવતી હોય તો બલૂન કોની સાથે સંબંધ ધરાવે ?

(A) હોટ એર (B) દોરડું

(C) નાયલોન (D) રબર

14) અહીં આપેલા સ્પેલીંગના અક્ષરોનો ઉપયોગ કરતાં નીચે વિકલ્પમાં આપેલો કયો સ્પેલીંગ બની શકશે નહીં?
'PERPETUATION'

(A) RETAIN (B) REPUTATION

(C) PIPETTE (D) RETENTION

WEBSANKUL

344) 'શાળા' જેમ 'ભણતર' સાથે સંબંધ ધરાવે છે તેમ 'હોસ્પિટલ' નો સબંધ કોની સાથે?

(A) સારવાર (B) ડોક્ટર

(C) નર્સ (D) દર્દીઓ

345) એક અરીસામાં ઘડિયાળ જોતાં 8 : 30 નો સમય દર્શાવે છે. તો ઘડિયાળમાં ખરેખર કેટલા વાગ્યા હશે?

(A) 8 : 30 (B) 2 : 30

(C) 3 : 30 (D) 4 : 30

346) A એ B ની માતા છે. C એ A નો દીકરો છે. D એ E નો ભાઇ છે. E એ B ની દીકરી છે, તો D ની દાદી કોણ?

(A) B (B) A

(C) C (D) D

347) જો ગઇકાલના બે દિવસ અગાઉ સોમવાર હોય તો આવતીકાલના પછી ત્રણ દિવસ પછી કયો વાર આવે?

(A) ગુરુવાર (B) બુધવાર

(C) સોમવાર (D) રવિવાર

✦ IMP Notes ✦

WEBSANKUL™

WEBSANKUL
PUBLICATION

અમારા અન્ય પુસ્તકો



Rs. 640/-



Rs. 300/-



Rs 200/-



Rs. 370/-



Rs. 300/-



Rs 150/-



Rs. 500/-



Rs 360 /-



Rs 250/-



Rs. 240/-



Rs. 200/-



Rs. 500/-



Rs. 500/-



Rs. 450/-



Rs. 450/-



Rs 250/-



Rs 225/-



Rs 280/-

* E-Vidhyalay Publication નામ બદલીને Websankul Publication કરેલ છે.

એપ્લિકેશનની વિશેષતાઓ

- 30+ વિષય
- 3500+ વિડીયો લેકચર્સ
- 2000+ કલાક
- સર્વશ્રેષ્ઠ ફેકલ્ટી ટીમ
- તમામ પરીક્ષાઓ માટેના કોર્સ ઉપલબ્ધ
- ટોપિક પ્રમાણે ટેસ્ટ
- દરેક વિષયનો સંપૂર્ણ અભ્યાસક્રમ
- User Friendly App



સ્પર્ધાત્મક પરીક્ષા માટેની

સર્વશ્રેષ્ઠ એપ્લિકેશન

આજે જ ડાઉનલોડ કરો

GET IT ON Google Play OR

એપ્લિકેશન વિષે વધુ માહિતી માટે નીચે આપેલ નંબર પર સંપર્ક કરવો

77 77 99 13 57 | 77 77 99 13 52 | 77 77 99 13 67 | 77 77 99 13 97

WEBSANKUL®
PUBLICATION

પંચાયતી રાજ

તલાટી, હેડ ક્લાર્ક, જુ. ક્લાર્ક, બિન સચિવાલય ક્લાર્ક, નાયબ ચીટનીશ
તેમજ અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ઉપયોગી પુસ્તક



સંપાદક : વિકાસ પટેલ

લેખક : જીજ્ઞેશ ગઢિયા, યાજ્ઞિક સભાયા, જગદીશ ચૌધરી

WebSankul®

પંચાયતી રાજ



બૂકની વિશેષતાઓ

- બિનસચિવાલય કલાર્ક, તલાટી-કમ-મંત્રી, જુનીયર કલાર્ક, સિનિયર કલાર્ક, હેડકલાર્ક તેમજ અન્ય કલાસ-3 ની પરીક્ષાઓ માટે અત્યંત મહત્વપૂર્ણ પુસ્તક.
- NCERT, GCERT, સરકારી વેબસાઇટોનો સંદર્ભ લઇને તૈયાર કરાયેલ પુસ્તક.
- નવી પદ્ધતિ અનુસાર તથ્યાત્મક માહિતીનો સમાવેશ
- WebSankul સાર, પંચાયત ગંગોત્રી, Golden MCQ, પૂછાયેલા પ્રશ્નો જેવી મહત્વપૂર્ણ બાબતોનો સમાવેશ.
- સ્પર્ધાત્મક પરીક્ષાના અભ્યાસ ક્રમને ધ્યાનમાં રાખીને વિષય નિષ્ણાંતો દ્વારા લખાયેલ પુસ્તક.

50% Off MRP : Rs. ~~160~~ **Rs.80+30=110**

* ડુપ્લિકેટ ગણવી

Whatsapp Only (Time 9 AM to 6 PM)
77 77 99 13 48, 96 01 60 83 48

બૂક ઓર્ડર કરવા માટે **GPSC Online** એપ્લિકેશન ડાઉનલોડ કરો

અનુક્રમણિકા

1. પંચાયતી રાજ – વિષયની સમજ 01

2. ભારતમાં પંચાયતી રાજનો ઉદ્‌ભવ અને વિકાસ 03

3. પંચાયતી રાજની મહત્વપૂર્ણ સમિતિઓ 12

4. ગુજરાતમાં પંચાયતી રાજ 20

5. પંચાયતી રાજને બંધારણીય દરજ્જો 23

6. 73મો બંધારણીય સુધારો 25

7. ગુજરાત પંચાયત ધારો–1993 38

8. ગ્રામ પંચાયત 52

9. PESA અધિનિયમ 77

10. તાલુકા પંચાયત 83

11. જિલ્લા પંચાયત 93

12. શહેરી સ્થાનિક સ્વરાજ્ય – 74મો બંધારણીય સુધારો 106

13. શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ 112

14. મહાનગરપાલિકા 114

15. નગરપાલિકા 118

16. મહાત્મા ગાંધી અને પંચાયતી રાજ 123

17. મહત્વપૂર્ણ કથનો 125

18. Golden MCQs 127

DEMO COPY

પ્રસ્તાવના

"ભારતનો આત્મા ગામડાઓમાં વસે છે"

- મહાત્મા ગાંધી

વ્હાલા વિદ્યાર્થી મિત્રો,

આજના આ સ્પર્ધાત્મક યુગમાં દરેક વિષય ખૂબ જ અગત્યના બની ગયા છે. ઘણા વિદ્યાર્થીઓ માત્ર 1-2 માર્કસના કારણે ઘણી વખત પોતાનું લક્ષ્ય ચૂકી જતાં હોય છે. આ દરેક બાબત ધ્યાનમાં રાખીને પંચાયતી રાજ વિષયનું મહત્વ સમજીને આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. આ પુસ્તક **NCERT, GCERT,** ગુજરાત પંચાયતી રાજ ધારો - 1993, PESA અધિનિયમ અને સરકારી વેબસાઇટનો ઉપયોગ કરીને તૈયાર કરવામાં આવ્યું છે.

આ પુસ્તકમાં પ્રકરણના અંતે **'પંચાયત ગંગોત્રી'** રૂપે વિશેષ તથ્યો તથા આ પ્રકરણનું ઝડપથી રિવીઝન કરી શકાય તેના માટે **'WEBSANKUL સાર'** જેવી નવીન બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સિવાય પ્રકરણમાં અગાઉની પરીક્ષામાં પૂછાયેલા પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવ્યો છે જેથી વિદ્યાર્થી મિત્રો તે અનુસાર પરીક્ષાની તૈયારી કરી શકે. તદુરાંત પુસ્તકના અંતે વિદ્યાર્થીઓના પોતાના **'self evalution'** માટે પ્રેક્ટિસ રૂપે 200 જેટલા **'Golden MCQs'** આપેલા છે.

આ પુસ્તકમાં માત્ર વિદ્યાર્થીની જરૂરિયાત અનુસાર જ તથ્યાત્મક બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે અને વધારે પડતી બિનજરૂરી બાબતોથી દૂર રહેવાનો પ્રયત્ન કરેલ છે. આશા રાખીએ છીએ કે અમારો આ પ્રમાણિક પ્રયત્ન તમને સફળતા અપાવવામાં મદદરૂપ થશે.....

<u>લેખક</u>

જીજ્ઞેશ ગઢિયા

યાજ્ઞિક સભાયા

જગદીશ ચૌધરી

DEMO COPY

01 પંચાયતી રાજ - વિષયની સમજ

પ્રસ્તાવના



"ભારતનો આત્મા ગામડાઓમાં વસે છે."

- મહાત્મા ગાંધી

- ઉપરોકત વાક્યમાં ગાંધીજીએ જણાવ્યું કે સમગ્ર ભારતસંઘનો પાયો એ ભારતની ગ્રામીણ વ્યવસ્થામાં રહેલો છે. અહિં ગામડું અને પંચાયત શબ્દ એકબીજા સાથે વણાઈ ગયા છે.
- પંચાયત એટલે કે એવા લોકોનો સમૂહ કે જે લોકો દ્વારા જ ચૂંટાય છે અથવા લોકો દ્વારા જ નિમાય છે તથા સંબંધીત સમુદાય અથવા જે તે ગામનો વહીવટ કરે. અહીં સ્થાનિક સરકાર એટલે કે.....

"એક મર્યાદિત વિસ્તારમાં રહેતા લોકોના સમૂહથી બનેલ ગામ, સમૂદાય, સમાજ કે વસાહતના લોકોના પ્રશ્નોના નિરાકરણ અને સુવિધા માટે લોકો દ્વારા જ પસંદ કરાયેલ વહીવટીકર્તાઓનો સમૂહ".

રાજ્યશાસ્ત્રીઓના મતે પંચાયતી રાજ

1. W. E. જેકશન :

"પંચાયતી રાજની સંસ્થાઓ સ્થાનિક કાર્યો, સ્થાનિક બાબતો અને સ્થાનિક સેવાઓનું સંચાલન તથા નિર્દેશન કરે છે. આ સ્થાનિક સંસ્થાઓ ચૂંટાયેલા, લોકપ્રિય પ્રતિનિધિઓ દ્વારા અને ચોક્કસ વિસ્તારમાં ચોક્કસ પરિષદ દ્વારા સંચાલિત થાય છે."

2. ડેવીડ આઈ ગીલ :

"સ્થાનિક સરકારને આપણે એવા જાહેર કાર્યાલય તરીકે ઓળખાવી શકીએ કે જે મર્યાદીત સમૂદાય માટે વિકાસ કાર્યક્રમો અને નીતિઓ નક્કી કરે છે. પંચાયતી રાજની સંસ્થાઓ સરકારના પીરામીડનો પાયો છે. તે સરકારના પેટા વિભાગ તરીકે કાર્ય કરે છે. પંચાયતી રાજની સંસ્થાઓએ કોઈ એક ચોક્કસ કાર્ય કરવાનું હોતું નથી પરંતુ તેમણે સામાન્ય એવા તમામ કાર્યો કરવાના હોય છે"



પંચાયતી રાજનું મહત્વ

- રાષ્ટ્રપતિ મહાત્મા ગાંધીજી એવું માનતા હતા કે, જો ગામડાનો છેવાડાનો માણસ પણ પ્રશાસનનો ભાગ બનશે તો લોકશાહીના આ નાના એકમો કે ગ્રામીણ વિસ્તારની સમસ્યા વિશે જાણી શકાશે અને તેનું નિરાકરણ સ્થાનીય સ્તરે થઈ શકશે.
- જો સતાનું વિકેન્દ્રીકરણ કરવામાં આવે અને સતાનો ફેલાવો છેક નીચલા સ્તર સુધી થાય તો જ સાચા અર્થમાં લોકતંત્રની સ્થાપના કરી શકાય.
- માત્ર કેન્દ્ર સરકાર દ્વારા જ દેશના દરેક ભાગની સમસ્યાઓનું નિરાકરણ થવું એ ખૂબ મુશ્કેલ છે. કારણ કે, ભારત જેવા ખુબ જ મોટી લોકશાહી ધરાવતા દેશમાં પ્રાંતિય વિવિધતા મોટા પ્રમાણમાં પ્રવર્તમાન છે. દરેક વિસ્તારની સમસ્યાઓ વિભિન્ન છે. પંચાયતના વિવિધ સ્તરોની સમિતિઓ દ્વારા સ્થાનીય સામાજીક-આર્થિક પ્રશ્નોનું નિરાકરણ ઝડપથી થઈ શકે છે.
- હાલમાં લાગુ પડેલ ગ્રામ ન્યાયાલય દ્વારા સ્થાનીય સ્તરના કેસોનું ઝડપથી નિરાકરણ થઈ શકે છે.

DEMO COPY

02 ભારતમાં પંચાયતી રાજનો ઉદ્‌ભવ અને વિકાસ

પ્રસ્તાવના

- ઋગ્વૈદિક કાળથી જ ભારતમાં સ્થાનીય સ્વશાસન વ્યવસ્થા હોવાના પ્રમાણ મળે છે. આ સ્થાનીય સ્વશાસન વ્યવસ્થા ગુપ્તયુગ અને મૌર્યયુગ દરમિયાન વધુ વિકસિત બન્યું. મુઘલ શાસકોએ પણ સ્થાનીય સ્વશાસન વ્યવસ્થાને મહત્વ આપ્યું હતું. પરંતુ, અંગ્રેજોના શાસન દરમિયાન સ્થાનીય સ્વશાસન પ્રત્યે લોકોની રુચિ ઘટતી ગઇ.
- આઝાદી બાદ વિવિધ સરકારોએ પંચાયતી રાજનું ઉત્થાન કરવાના પ્રયત્નો કર્યા. તેમ છતાય પંચાયતી રાજ વ્યવસ્થા તેનો વાસ્તવિક ઉદ્દેશ પ્રાપ્ત કરી શકી નહીં. છેવટે 73મા બંધારણીય સુધારા દ્વારા પંચાયતી રાજને બંધારણમાં સ્થાન આપવામાં આવ્યું.
- ભારતમાં પંચાયતી રાજના ઉદ્‌ભવ અને વિકાસને બે ભાગમાં વર્ગીકૃત કરી શકાય.



આઝાદી પહેલા ભારતમાં પંચાયતી રાજ

- આઝાદી પહેલાના ભારતમાં પંચાયતી રાજ ફરીથી બે ભાગમાં વર્ગીકૃત કરી શકાય.



પ્રાચીન ભારતમાં પંચાયતી રાજ

1. પૌરાણીક કાળ :

- ભારતમાં વૈદિક કાળથી જ ગામને મૂળભૂત એકમ તરીકે સ્વીકારેલ છે. આમ, ગ્રામ પંચાયતનું અસ્તિત્વ ખૂબ જ પૌરાણિક ગણાય છે.
- અથર્વવેદ અને ઋગ્વેદમાં પણ સ્થાનિક સ્વરાજ્યનો ઉલ્લેખ મળી આવે છે. ઋગ્વેદમાં ત્રણ પ્રકારની સ્થાનિક વહીવટી સંસ્થાઓનો ઉલ્લેખ જોવા મળે છે.



- વિદથ હાલના સમયની વિધાનસભાની જેમ કાયદાઓ ઘડવાનું કામ કરતી.
- સભામાં ગામના દરેક વર્ગના લોકો ભાગ લેતા અને ચર્ચા વિચારણા કરી નિર્ણયો લેવામાં મદદરૂપ થતાં.
- સમિતિ ગામનું સંચાલન કરતી હતી.
- આમ, ઉપરોક્ત ચાર્ટ પરથી સ્પષ્ટ છે કે, વૈદિક કાળની સ્થાનીય સ્વશાસન વ્યવસ્થા પણ હાલના સમયની પંચાયતી રાજ વ્યવસ્થા જેવી જ હતી.

DEMO COPY

- પૌરાણિક માન્યતા મુજબ, ગંગા & જમુના નદી વચ્ચે વસવાટ કરતી વખતે રાજા પૃથુએ પંચાયત પદ્ધતિ દાખલ કરી હતી.
- મહાભારતમાં પણ નારદમૂનિ દ્વારા યુધિષ્ઠરને પૂછતા વહીવટી વ્યવસ્થાના એક પ્રશ્નમાં "પંચ" અથવા "ગ્રામ વડીલો" નો ઉલ્લેખ મળી આવે છે.
- વૈદિક સમયમાં કુલ, ગણ, જાતિ, યુગ, શ્રેણી, સભા, પરિષદ, ચરણ વગેરે સ્થાનિક સરકારો માટેના લોકપ્રિય નામો હતા.
- મહાભારતના શાંતિ પર્વમાં અને મનુસ્મૃતિમાં "ગ્રામ સેવા" ના અસ્તિત્વ વિશે ઘણા ઉલ્લેખો જોવા મળે છે. રામાયણમાં પણ "જનપદ" શબ્દનો ઉલ્લેખ જોવા મળે છે.
- શુક્રાચાર્ય દ્વારા રચિત 'નીતિસાર'માં પણ ગામનો ઉલ્લેખ મળે છે.
- બૌધ્ધ સાહિત્ય મુજબ ગ્રામ મહેસુલ ઉઘરાવતા વ્યકતિને 'ગ્રામ ભોજક' તરીકે ઓળખવામાં આવતા હતા.

2. સિંધુ ખીણની સંસ્કૃતિ દરમિયાન સ્થાનિક સ્વશાસન

- સિંધુ ખીણની સંસ્કૃતિના અવશેષો અને તેના નગર આયોજન પરથી ખ્યાલ આવે છે કે તે સમયના લોકો જાહેર આરોગ્ય, ગટર- વ્યવસ્થા, બાંધકામ, નગર આયોજન વગેરે ક્ષેત્રે ખૂબ જ સભાન હતા.
- આથી જ, પ્રો. ગાર્ડન ચાઇલ્ડ કહે છે કે, ...

  "શેરીઓને સુંદર હરોળ તથા ગટરોની ઉત્તમ વ્યવસ્થા અને તેની સતત સ્વચ્છતા પરથી એ બાબતનો સંકેત મળે છે કે અહીં કોઇ નિયમિત શહેરી સ્થાનિક સરકાર હશે."

3. મૌર્યયુગ & ગુપ્તયુગ દરમિયાન સ્થાનિક સ્વશાસન

- મૌર્યયુગ & ગુપ્તયુગના સ્ત્રોતો ભારતમાં શહેરી સ્થાનીય સરકારના વિકાસ અંગેની આધારભૂત માહિતી આપે છે.
- વિદેશીયાત્રી મેગસ્થનીઝએ પણ પોતાના પુસ્તક ઇન્ડિકામાં પૌરાણિક શહેર "પાટલી પુત્ર" ની સ્થાનિક સરકાર વહીવટની પ્રશંસા કરેલી છે.
- મેગસ્થનીઝ અનુસાર પાટલી પુત્રના વહીવટ માટે અલગ-અલગ 6 સમિતિઓ હતી જેમાં દરેકમાં 5 સદસ્યો હતા.
- કૌટિલ્ય દ્વારા રચિત 'અર્થશાસ્ત્ર'માં ગામનો વહીવટ કરતાં 'ગ્રામિણી'નો ઉલ્લેખ મળે છે.
- તેના મુજબ ગ્રામીણ અને શહેરી વિસ્તારોનો ત્રણ સ્તરીય વહીવટ કરવામાં આવતો હતો.
- કૌટિલ્ય દ્વારા રચિત 'અર્થશાસ્ત્ર' મુજબ 5 થી 10 ગામડાઓનો સમૂહ 'ગોપસ' તરીકે ઓળખાતો. જેનો વહીવટ સ્થાનિક દ્વારા થતો હતો.



- મેગસ્થનીઝે પોતાના પુસ્તક ઈન્ડિકામાં પંચાયતી રાજને "પેન્ટાર્ડ" તરીકે ઓળખાવ્યું છે.
- રાજસ્થાનમાં 7મી સદી દરમિયાન પંચકુળ અંગેનું લખાણ મળેલ છે.
- ચીની યાત્રી ફાહિયાને પોતાના ગ્રંથ "ફો-ક્વોકી" માં નોંધ્યું છે કે, "પાટલીપુત્ર શહેરમાં લોકો દાન આપવામાં તથા પાડોશીને મદદ કરવામાં એકબીજાની હરીફાઇ કરતા હતા."
- હર્ષવર્ધનના દરબારમાં ઇ.સ. 629માં આવેલ ચીનીયાત્રી હ્યુ એન ત્સાંગે પણ તેમના ગ્રંથ "સી-યુ-કી" માં પંચાયતી રાજ વિશેની માહિતી આપી છે.

4. મધ્યકાલીન ભારતમાં પંચાયતી રાજ :

- રાજપૂતકાલીન શાસનમાં શહેરનો જવાબદાર અધિકારી "દંડનાયક" તરીકે ઓળખાતા હતા.
- ચંદેલા અને ચાલુક્યોના સમયમાં શહેર સમિતિના સદસ્યો

DEMO COPY WEBSANKUL

03 પંચાયતી રાજની મહત્વપૂર્ણ સમિતિઓ

પ્રસ્તાવના

- ભારતમાં પંચાયતી રાજ વ્યવસ્થાને મજબુત બનાવવા માટે તેમજ પંચાયતી રાજ વ્યવસ્થાની સમીક્ષા કરવા માટે સમય-સમયે અલગ-અલગ સમિતિઓની રચના કરવામા આવી છે. આ સમિતિઓએ સુચવેલા સુચનોને આધારે કેન્દ્ર સરકાર તેમજ વિવિધ રાજ્ય સરકારોએ મહત્વપુર્ણ પગલાઓ લીધા છે.
- આમાની કેટલીક સમિતિઓ જેવી કે, બળવંતરાય મહેતા સમિતિ, અશોક મહેતા સમિતિ, L.M સિંઘવી સમિતિ વગેરે મહત્વપૂર્ણ છે.

1. બળવંતરાય મહેતા સમિતિ



- **રચના** : જાન્યુઆરી, 1957

  વડાપ્રધાન : જવાહરલાલ નહેરુ
- **અહેવાલ** : 24 નવેમ્બર, 1957
- **હેતુ** : સામુદાયિક વિકાસ કાર્યક્રમની (1952) અસફળતા તથા "રાષ્ટ્રીય વિસ્તાર સેવા" (1953) દ્વારા કરાયેલ કાર્યોની સમીક્ષા માટે ભારત સરકારે નિમણુક કરી હતી.

ભલામણો :

1) ત્રણ સ્તરીય પંચાયતી રાજ પદ્ધતિની સ્થાપના કરવી :



2) ગ્રામ પંચાયતની ચૂંટણી પ્રત્યક્ષ રીતે અને જિલ્લા પરિષદ તથા પંચાયત સમિતિની ચૂંટણી પરોક્ષ રીતે કરવી જોઈએ.

3) જિલ્લા અધિકારીને જિલ્લા પરિષદનો અધ્યક્ષ બનાવો.

4) આ ત્રણ સંસ્થાઓને વાસ્તવિક સત્તાઓ અને જવાબદારી આપવી જેમ કે, કરવેરા નાખવાની સત્તા.

5) ગ્રામ્ય વિકાસની તમામ યોજનાઓનો વહીવટ પંચાયતોને સોંપવો અને 100% ખર્ચ આપવો.

6) ગ્રામ પંચાયતોનું વિઘટન કરતાં પહેલા જિલ્લા પંચાયતનો અભિપ્રાય લેવો.

બળવંત મહેતા સમિતિની ભલામણો પર સરકારના પગલાં :

- આ સમિતિની આ ભલામણો રાષ્ટ્રીય વિકાસ પરીષદ દ્વારા જાન્યુઆરી, 1958માં સ્વીકારવામાં આવી.
- આ સમિતિની ભલામણો રાજ્યો પોતાની સ્થાનિક સ્થિતિને અનુસાર પાલન કરે તેમ કરવું.
- 2 ઓક્ટોબર, 1959 ના રોજ રાજસ્થાનના નાગૌર જિલ્લાના બગદરી ગામમાં તત્કાલીન વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુએ પંચાયતી રાજની શરૂઆત કરી.
- ત્યારબાદ 1959માં આંધ્રપ્રદેશ રાજ્યએ પંચાયતી રાજ લાગુ કર્યું. (સમગ્ર રાજ્યની દૃષ્ટિએ ત્રિસ્તરીય પંચાયતી રાજમાં પ્રથમ)
- ગુજરાત રાજયમાં વર્ષ 1961માં પંચાયત અધિનિયમ બનાવવામાં આવ્યો જે 1 એપ્રિલ, 1963 થી લાગુ પડ્યો.

મહત્વના તથ્યો
1. ત્રિ-સ્તરીય પંચાયતી રાજ
2. લોકશાહીનું 'વિકેન્દ્રીકરણ'
3. જિલ્લાધિકારી જિલ્લા પરિષદનો અધ્યક્ષ.

2. અશોક મહેતા સમિતિ



- **રચના** : ડિસેમ્બર, 1977
- **અહેવાલ** : ઓગસ્ટ, 1978,

  વડાપ્રધાન : મોરારજી દેસાઇ
- **ઉદ્દેશ્ય** : જનતા સરકારે ડિસેમ્બર, 1977માં અશોક મહેતાની અધ્યક્ષતામાં પંચાયતી રાજ સંસ્થાઓ પર એક સમિતિની રચના કરવામાં આવી.

DEMO COPY

04 ગુજરાતમાં પંચાયતી રાજ

પ્રસ્તાવના

- 1 મે, 1960ના રોજ ગુજરાત રાજ્યની સ્થાપના થઈ એ પહેલાં જ, જ્યારે ગુજરાત પ્રદેશ મુંબઇ રાજ્ય અંતર્ગત હતો ત્યારથી જ ગુજરાત પ્રદેશમાં પંચાયતી રાજના પાયા નંખાઈ ગયા હતા.
- ઇ.સ. 1949માં સૌરાષ્ટ્રમાં ગ્રામ પંચાયત ધારાની જોગવાઇ કરવામાં આવી હતી.
- મુંબઇ પંચાયત અધિનિયમ 1933 અને મુંબઇ પંચાયત અધિનિયમ - 1958ની જોગવાઇઓ અંતર્ગત તે સમયે ગ્રામ પંચાયતોને અનુદાન (ગ્રાન્ટ) મળતી હતી. જે તે સમયે ગ્રામ પંચાયતની લોકપ્રિયતા અને મજબૂત માળખાને દર્શાવે છે.
- 1960માં ગુજરાતનાં ગૃહ પ્રધાન રસિકલાલ પરિખના અધ્યક્ષ સ્થાને પંચાયતી રાજ માટે 15 સભ્યોની સમિતિ રચવામાં આવી. તેમની ભલામણના આધારે ગુજરાત પંચાયતી રાજ અધિનિયમ - 1961 તૈયાર કરવામાં આવ્યો.
- ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ ગ્રામ્ય, તાલુકા અને જિલ્લા કક્ષાએ અસ્તિત્વમાં આવી. આમ, ત્રિસ્તરીય પંચાયતી રાજની શરૂઆત 1 એપ્રિલ, 1963થી સમગ્ર ગુજરાતમાં (ડાંગ અને કચ્છ જિલ્લા સિવાય) થઈ.
- આ અધિનિયમની જોગવાઇઓ કચ્છ જિલ્લામાં 15 એપ્રિલ, 1963થી અને ડાંગ જીલ્લામાં 1 જૂન, 1972થી અમલમાં આવી.
- 73મા બંધારણીય સુધારા બાદ ગુજરાતમાં નવો પંચાયતી ધારો - 1993 ઘડવામા આવ્યો જે, 15 એપ્રિલ 1994 થી લાગુ થયો.

મુંબઈ પંચાયત અધિનિયમ – 1958

- આ અધિનિયમ દ્વારા ગ્રામ પંચાયતોમાં સેક્રેટરી, હિસાબનીશ વગેરે જેવા પદોની જોગવાઈ કરવામાં આવી હતી.
- ગ્રામ પંચાયતના અધિકારીઓની ભરતી, તાલીમ, તેના પગાર-ભથ્થા અને ખર્ચ વગેરેની જવાબદારીઓ રાજ્ય સરકારની હતી.
- આ અધિનિયમ હેઠળ હિસાબનીશ અને પંચાયત સેક્રેટરીનું પદ ભેગું કરીને તેને તલાટી કમ પંચાયત મંત્રી નામ આપવામાં આવ્યું.
- ગામની સાર્વજનીક જમીનો, પડતર જમીનો, જંગલો વગેરેની માલિકી પંચાયતને સોંપવામાં આવી.
- સાર્વજનીક સમૂહ વિકાસના તમામ કાર્યોની જવાબદારી ગ્રામ પંચાયતને સોંપવામાં આવી.
- ગ્રામ પંચાયતની ઉપરના સ્તરે જિલ્લા પંચાયત મંડળ નામની એક વૈધાનિક સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી. જિલ્લા કલેકટર આ સંસ્થાના અધ્યક્ષ સ્થાને હતા.
- આ સંસ્થા (જિલ્લા પંચાયત મંડળ)નું કાર્ય ગ્રામપંચાયત પર દેખરેખ રાખવાનું, નિયંત્રણ રાખવાનું અને માર્ગદર્શન આપવાનું હતું.
- જિલ્લા પંચાયત મંડળ ગ્રામ પંચાયતોના બજેટ મંજૂર કરતી હતી.
- 1958ના મુંબઇ પંચાયત અધિનિયમ દ્વારા જિલ્લા લોકલ બોર્ડની પણ રચના કરાઇ હતી.
- જિલ્લા લોકલ બોર્ડનું પ્રતિનિધિત્વ કરતાં પ્રતિનિધિઓની નિયુક્તિ ચૂંટણી દ્વારા થતી હતી.
- આ ઉપરાંત કલેકટરની અધ્યક્ષતા વાળી એક જિલ્લા વિકાસ બોર્ડ (District development bourd) નામની પણ સંસ્થા હતી. જે સલાહકાર સંસ્થા તરીકેની કામગીરી કરતી હતી.
- જિલ્લા સ્તરે પ્રાથમીક શિક્ષણની કામગીરી જિલ્લા સ્કૂલ બોર્ડો સંભાળતા હતા.
- આમ, ગુજરાત રાજ્યએ, ગુજરાત રાજ્યની રચના પહેલાં જ પંચાયતી રાજના વહીવટનો યોગ્ય અને અમૂલ્ય અનુભવ મેળવી લીધો હતો.

ગુજરાતમાં પંચાયતી રાજ માટે વિવિધ સમિતિઓ

- ભારત સરકાર દ્વારા પંચાયતી રાજની શરૂઆત કરવા માટે

DEMO COPY

06 73મો બંધારણીય સુધારો

પ્રસ્તાવના

- વર્ષ 1977થી જ પંચાયતી રાજને બંધારણીય દરજ્જો આપવાના વિચારને તમામ રાજકીય વર્ગ તરફથી સમર્થન મળવા લાગ્યું હતું. કેન્દ્ર સરકાર હોઈ કે રાજ્ય સરકાર, કોઈ પણ પક્ષની સરકાર દ્વારા પંચાયતી રાજની સંસ્થાઓને નબળી પાડવામાં ન આવે એ બાબતનું ધ્યાન રાખવું જરૂરી હતુ. આ માટે પંચાયતી રાજની સંસ્થાઓને બંધારણીય દરજ્જો આપવાના પ્રયાસો શરૂ થઈ ગયા.
- કેન્દ્ર અને રાજ્ય સરકારોની જેમ પંચાયતી રાજ સંસ્થાઓ સ્વશાસનના એકમો તરીકે કામ કરે અને દેશના વહીવટના ત્રીજા સ્તર તરીકે તેમને સત્તા, નાણાકીય સાધનો, મોભો અને દરજ્જો મળે તો જ લોકશાહી વિકેન્દ્રીકરણનો આદર્શ વાસ્તવમાં ચરીતાર્થ થઈ શકે.
- રાજ્યકક્ષાના આગેવાનોનું સંકુચિત માનસ અને નોકરશાહીના પંચાયતીરાજ વિરોધી પ્રચ્છન્ન માનસના કારણે ઈ.સ.1980ના દાયકામાં દેશમાં પંચાયતીરાજને ગંભીર ફટકાઓ પડ્યા. આ પરિસ્થિતિમાં સુધારો કરવા માટે 73મા બંધારણીય સ્વરૂપે પંચાયતી રાજને બંધારણીય દરજ્જો આપવામાં આવ્યો.
- 20 એપ્રિલ, 1993ના રોજ રાષ્ટ્રપતિશ્રીએ 73મા બંધારણીય સુધારાને મંજૂરી આપી અને તે 24મી એપ્રિલ, 1993ના રાજપત્રમાં પ્રસિદ્ધ કરીને લાગુ કરી દેવાયો.

73મો બંધારણીય સુધારો લાગુ કરવાના પડકારો

- 73મો બંધારણીય સુધારો બેશક પંચાયતી રાજને બંધારણીય દરજ્જો આપે છે અને પંચાયતી માળખું મજબૂત બનાવે છે, પરંતુ આ બંધારણીય જોગવાઈઓને લાગુ કરવામાં પણ ઘણા બધાં પડકારો હતા. જેમાના કેટલાક નીચે મુજબ છે :-

1. આ સુધારો લાગુ થયા બાદ નિયમિત ધોરણે પંચાયતોની ચૂંટણી થતી રહે અને પંચાયતોને વારંવાર રદ કરવામાં ન આવે એ મહત્વપૂર્ણ પડકાર હતો.
2. બિહાર અને ઉત્તરપ્રદેશ જેવા રાજ્યો કે જ્યાં હિંસા અને સામંતવાદી સંસ્કૃતિનો પ્રભાવ જોવા મળે છે ત્યાં ખરા અર્થમાં બંધારણીય જોગવાઈઓ મુજબ પંચાયતી રાજ લાગુ થઈ શકશે કે નહી?
3. સંસદ સભ્યો કે ચૂંટાયેલા ધારાસભ્યો અથવા તો સમગ્ર રાજ્ય સરકારની ચૂંટાયેલી પંચાયતોમાં દખલગીરી અથવા નિયંત્રણ રહે નહીં તે મુખ્ય પડકાર હતો.
4. 73મા બંધારણીય સુધારામાં ન્યાય પંચાયત વિશે કોઈ ખાસ જોગવાઈ ન હતી.
5. ગ્રામ સભાની સત્તાઓ નક્કી કરવાની જવાબદારી રાજ્યના વિધાન મંડળની હોવાથી મુખ્ય પ્રશ્ન એ હતો કે, ખરા અર્થમાં સત્તાનું વિકેન્દ્રીકરણ થઈ શકશે કે નહી?

પંચાયતી રાજ અધિનિયમ - 1992 - 73મો બંધારણીય સુધારો અધિનિયમ, 1992ના મહત્ત્વપૂર્ણ અનુચ્છેદ :-

- **ભાગ - 9**

અનુચ્છેદ	જોગવાઈ
243	➢ વ્યાખ્યા
243 (A) (ક)	➢ ગ્રામસભા
243 (B) (ખ)	➢ પંચાયતોની રચના
243 (C) (ગ)	➢ પંચાયતોની સંરચના
243 (D) (ઘ)	➢ બેઠકો અનામત રાખવા બાબત
243 (E) (ચ)	➢ પંચાયતોની મુદત
243 (F) (છ)	➢ સભ્યપદ માટેની ગેરલાયકાતો
243 (G) (જ)	➢ પંચાયતોની સત્તા, અધિકાર અને જવાબદારીઓ
243 (H) (ઝ)	➢ પંચાયતોની કર નાખવાની સત્તા અને ફંડ બાબત
243 (I) (ટ)	➢ નાણાં આયોગની રચના
243 (J) (ઠ)	➢ પંચાયતોના હિસાબોનું ઓડિટ

DEMO COPY

એક્ટ 1860 હેઠળ તેમજ બોમ્બે પબ્લીક ટ્રસ્ટ, 1950 હેઠળ નોંધાયેલી સ્વાયત્ત સંસ્થા છે.

- **ચેરમેન** :- જિલ્લા વિકાસ અધિકારી
- જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના ભાગ તરીકે રચાયેલ સમિતિઓ

  (i) ગવર્નીંગ બોડી સમિતિ

  (ii) કારોબારી સમિતિ

  (iii) વીજીલન્સ અને મોનીટરીંગ સમિતિ

કાર્ય :

1. સરકારી યોજનાઓ બાબતે
2. ગ્રામ વિકાસના કામો સુદૃઢ બનાવવા.
3. ગ્રામીણ ગરીબોને રોજગારી આપી આર્થિક ઉન્નતિ કરવી.

WebSankul સાર

- 20 એપ્રિલ, 1993ના રાષ્ટ્રપતિશ્રી એ 73મા બંધારણીય સુધારાને મંજૂરી આપી અને તે 24મી એપ્રિલ, 1993ના રાજપત્રમાં પ્રસિદ્ધ થયો.
- ભાગ-9 માં અનુચ્છેદ 243 થી 243(O) નો સમાવેશ અને પરિશિષ્ટ-11 ઉમેરવામાં આવ્યો જેમાં 29 વિષયોનો સમાવેશ થયો.
- ત્રિસ્તરીય પંચાયતી રાજની વ્યવસ્થા પરંતુ 20 લાખથી ઓછી વસતી ધરાવતા રાજ્યો મધ્યવર્તી સ્તરે (તાલુકા સ્તરે) પંચાયતની રચના ન કરે તો ચાલશે.
- મધ્યવર્તી સ્તર અથવા જિલ્લા સ્તરની કોઈ પંચાયતના અધ્યક્ષને પંચાયતના સભ્યો દ્વારા તેમાના સભ્યમાંથી ચૂંટવામાં આવશે.
- અનુસૂચિત જાતિઓ (SC) અને અનુસૂચિત જનજાતિઓ (ST) માટે પંચાયતમાં અનામત બેઠકો પંચાયત વિસ્તારમાં SC અને ST વસતીના પ્રમાણમાં રહેશે. આ બેઠકોની કુલ સંખ્યાના 1/3 થી ઓછી નહિ તેટલી બેઠકો SC અને ST સ્ત્રીઓ માટે અનામત રહેશે.
- દરેક પંચાયતમાં કુલ બેઠકોની સંખ્યાના 1/3 (33%) થી ઓછી નહિ તેટલી બેઠકો સ્ત્રીઓ માટે અનામત રહેશે. (ગુજરાતમાં 50%) આ બેઠકોમાં SC અને ST સ્ત્રી માટેની અનામત બેઠકોનો સમાવેશ થાય છે.
- પંચાયતની મુદ્દત : પ્રથમ સભાની તારીખથી પાંચ વર્ષ, પંચાયત બરખાસ્ત થવા પર છ મહિનાની અંદર ચૂંટણી જરૂરી.
- પંચાયતોની આર્થિક સ્થિતિનું મુલ્યાંકન કરવા માટે દર 5 વર્ષે નાણાંપંચની રચના.
- નાગાલેન્ડ, મેઘાલય, મિઝોરમ રાજ્યો મણિપુર રાજ્યના પહાડી વિસ્તારો કે જ્યાં ડિસ્ટ્રિક્ટ કાઉન્સિલો અસ્તિત્વ ધરાવે છે ત્યાં આ ભાગની કોઈપણ જોગવાઈ લાગુ પડશે નહિ.
- બંધારણીય સુધારા અન્વયે મતદાર વિભાગોની રચના અને તેમને ફાળવવાની બેઠકો અંગે થયેલી કોઈ કાર્યવાહીને કોઈ અદાલતમાં પડકારી શકાશે નહિ.

ફરજિયાત જોગવાઈઓ :

- વીસ લાખથી ઓછી વસતી ન હોય તેવાં તમામ રાજ્યો અને સંઘપ્રદેશો માટે ત્રિ-સ્તરીય પંચાયતીરાજ માળખાની રચના,ગ્રામસ્તરે ગ્રામસભાની જોગવાઈ, પંચાયતોની બેઠકો સીધી ચૂંટણીથી, ત્રીજા ભાગની બેઠકો સ્ત્રીઓ માટે અનામત, પાંચ વર્ષની મુદ્દત વગેરે.

મરજિયાત જોગવાઈઓ :

- ગ્રામસભાને આપવાની સત્તા અને ફરજોની બાબત વિધાનસભાની મરજી ઉપર, કોઈપણ સ્તરની પંચાયતની બેઠકો અને અધ્યક્ષપદોમાં પછાત વર્ગના નાગરિકો માટે અનામત વ્યવસ્થા રાખવાની બાબત, પંચાયતોને આપવાના અધિકારો અને સત્તાની

DEMO COPY
WEBSANKUL

07 ગુજરાત પંચાયત ધારો - 1993

પ્રસ્તાવના

- 73મા બંધારણીય સુધારા દ્વારા પંચાયતી રાજને બંધારણીય દરજ્જો મળ્યા બાદ, ગુજરાતમાં પણ પંચાયતી રાજની વ્યવસ્થામાં ફેરફાર કરવાની જરૂરિયાત હતી. આથી પંચાયતી રાજના માળખાને વધુ મજબૂત બનાવવા માટે, ગુજરાત પંચાયત અધિનિયમ - 1961 રદ કરવામાં આવ્યો અને તેના સ્થાને નવો ગુજરાત પંચાયત અધિનિયમ-1993 પસાર કરીને તેને 15 એપ્રિલ, 1994ના રોજ લાગુ કરવામાં આવ્યો.
- આ ઉપરાંત દિલીપસિંહ ભૂરિયા સમિતિની ભલામણને આધારે પસાર કરાયેલ PESA અધિનિયમની જોગવાઈઓ ગુજરાતના આદિજાતી વિસ્તારોમાં લાગુ કરવા માટે આ ગુજરાત પંચાયત ધારો-1993માં સુધારો કરવામાં આવ્યો.
- આવો ફેરફાર કરતો વટહુકમ 20 ડિસેમ્બર, 1997માં જાહેર થયો હતો. જે 20 જૂન, 1998ના રોજ સમાપ્ત થઈ જવાનો હતો. આથી નિર્ધારીત સમયમર્યાદા પહેલાં જ ગુજરાત વિધાનમંડળ દ્વારા 1998માં આ સુધારા અધિનિયમ પસાર કરી દેવાયો જે ગુજરાત પંચાયત (સુધારા) ધારો-1998 તરીકે ઓળખાય છે.

ગુજરાત પંચાયત ધારો - 1993ની મહત્વપૂર્ણ બાબતો

- પંચાયત ધારા - 1993 અંતર્ગત પંચાયતી રાજ પરિષદની રચના કરવાની જોગવાઈ કરવામાં આવી છે.



- ગુજરાતમાં પંચાયતની ત્રણેય સ્તરની સંસ્થાઓમાંથી ગ્રામ પંચાયતને પક્ષાંતર ધારો લાગુ પડતો નથી.
- પંચાયતના ત્રણેય સ્તરોએ યોગ્ય સમયે ચૂંટણીના આયોજન માટે રાજ્ય ચૂંટણી પંચની જોગવાઈ કરવામાં અવી છે.
- વર્ષ દરમિયાન ઓછામાં ઓછી 4 વખત ગ્રામસભા ભરવી જોઈએ.
- પંચાયતોમાં SC & ST માટે તેમની વસતીના સમપ્રમાણમાં બેઠકો અનામત રહેશે.
- સામાજિક તેમજ શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે ત્રણેય સ્તરની પંચાયતોમાં 10% બેઠકો અનામત રહેશે.
- વર્ષ 2016થી લાગુ થયેલી જોગવાઈ મુજબ ત્રણેય સ્તરની પંચાયતોમાં મહિલાઓ માટે 50% બેઠકો આરક્ષીત રહેશે.
- ગુજરાત પંચાયત ધારા-1993ની જોગવાઈ મુજબ પંચાયતોમાં કર્મચારીઓની ભરતી પરીક્ષા હેતુથી "ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ"ની રચના કરવામાં આવી છે.
- પંચાયતી રાજ સંસ્થાઓની દેખરેખ, માર્ગદર્શન અને નિયંત્રણ માટે વિકાસ કમીશનરનું પદ સર્જીત કરવામાં આવ્યું છે.
- પંચાયત ધારા-1993 મુજબ,



પ્રકરણ - 1

- **કલમ-1** : ટૂંકી સંજ્ઞા વ્યાપ્તિ અને પ્રારંભ
- **કલમ-2** : વ્યાખ્યા

DEMO COPY

08 ગ્રામ પંચાયત

પ્રસ્તાવના

- ભારતમાં મોટા ભાગના રાજ્યોમાં ત્રિસ્તરીય પંચાયતી રાજ પ્રવર્તમાન છે. આ ત્રણ સ્તરમાં ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતનો સમાવેશ થાય છે. જેમાંથી ગ્રામ પંચાયત એ સૌથી નીચેના સ્તરની પંચાયત છે. ગ્રામ પંચાયત એ પંચાયતી રાજ વ્યવસ્થાનો પાયો છે.
- પંચાયત ધારા - 1993 મુજબ જ્યાં ગામમાં ઓછામાં ઓછી 500ની અને વધુમાં વધુ 25,000ની વસતી હોય ત્યાં ગ્રામ પંચાયતની રચના થઈ શકે છે. અહીં છેલ્લી વસતી ગણતરીના આંકડા ધ્યાને લેવાના છે.
- ગુજરાતમાં ગ્રામ પંચાયતની રચના પંચાયત અધિનિયમ-1993ની કલમ-9 મુજબ કરવામાં આવે છે. એક કરતાં વધુ ગામ વચ્ચે સંયુક્ત ગ્રામ પંચાયતની રચના પણ થઈ શકે છે.
- ગ્રામ પંચાયત અધ્યક્ષ તરીકે સરપંચ, ઉપાધ્યક્ષ તરીકે ઉપસરપંચ અને વહીવટી અધિકારી તરીકે તલાટી કમ મંત્રી કાર્યરત હોય છે.

ગ્રામ પંચાયતમાં સભ્ય સંખ્યા

- 'સભ્ય' એટલે પંચાયતનો સભ્ય અને તેમાં સરપંચનો સમાવેશ થાય છે.
- ગામમાં 3,000 ની વસ્તી સુધી ગ્રામ પંચાયતમાં 8 સભ્યો રહેશે. અને ત્યાર પછી વધુ 3000ની વસ્તી માટે વધારાના 2 સભ્યો ઉમેરાશે. આ સભ્ય સંખ્યા કલેક્ટર દ્વારા નક્કી કરવામાં આવે છે.
- પંચાયતના સભ્યો સરપંચને રાજીનામું આપે છે.
- ગ્રામ પંચાયતમાં ઓછામાં ઓછા 8 સભ્યો અને વધારેમાં વધારે 24 સભ્યો રહેશે. જેમ કે 3000 સુધી 8 સભ્યો, 6000 સુધી 10 સભ્યો.

ગ્રામ પંચાયતમાં અનામતની જોગવાઈ

- મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ દ્વારા મહિલાઓ માટે ગુજરાતમાં પંચાયત કુલ સભ્ય સંખ્યાના 50% અનામતની જોગવાઈ કરવામાં આવી. અનુસૂચિત જાતિ(SC) અને અનુસૂચિત જનજાતિ (ST) માટે ગ્રામ પંચાયતના સભ્યોમાં ગામની વસ્તીના ધોરણે અનામત હોય છે.
- સામાજિક શૈક્ષણિક પછાત વર્ગ માટે ગ્રામ પંચાયતના કુલ સભ્ય સંખ્યાના દસમા ભાગની બેઠકો અનામત હોય છે. (10%)
- ગ્રામ પંચાયતમાં સભ્યો માટે અનામત બેઠકો જિલ્લા કલેક્ટર દ્વારા ફાળવવામાં આવે છે.
- ગુજરાત હાઇકોર્ટ અનુસાર અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે ગામમાં ઓછી વસ્તી હોય તો પણ ઓછા માં ઓછી 1 બેઠક અનામત રાખવી.

ગ્રામ પંચાયતમાં ચૂંટણીની જોગવાઈ

- પંચાયતોની ચૂંટણી રાજ્ય ચૂંટણી પંચ કરાવે છે.
- ગ્રામ પંચાયતની મુદ્દત પૂરી થતી હોય તે તારીખથી બે મહિના પહેલા કે તે તારીખ પૂર્ણ થાય તેના 15 દિવસ પછી ચૂંટણી ન કરાવી શકાય. અર્થાત 2.5 મહિનામાં ચૂંટણી કરવી પડે.
- જો પંચાયતનું વિસર્જન થઈ જાય તો જે તારીખે વિસર્જન થયું હોય તે તારીખથી વધુમાં વધુ છ મહિનામાં ચૂંટણી કરવી ફરજિયાત છે. આ પંચાયતનો કાર્યકાળ અગાઉની પંચાયતની બાકી મુદ્દત જેટલો રહેશે. પરંતુ પંચાયતની બાકીની મુદ્દત છ મહિના અથવા છ મહિનાથી વધુ હોય ત્યારે જ ચૂંટણી કરવી જરૂરી છે.

ગ્રામ પંચાયતની મુદ્દત

સ્થાપના: 1944	સ્થાપના: 2016
અધ્યક્ષ: ડેવિડ માલપસ	અધ્યક્ષ: જિન લિકન

મુખ્યમંત્રીશ્રીના હસ્તે 'હેરિટેજ પોલિસી પોર્ટલ' અને વિવિધ પ્રવાસન સુવિધાઓનું લોકાર્પણ

- ગુજરાતના હેરિટેજ સ્થળોને પ્રવાસન ક્ષેત્રે વિકસાવવા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલની ઉપસ્થિતિમાં હેરિટેજ પ્રોપર્ટી ધરાવતા માલિકો અને પ્રવાસન વિભાગ વચ્ચે અંદાજે રૂા. 451 કરોડના MOU તાજેતરમાં કરવામાં આવ્યા છે.
- ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત યોજાયેલા 'ગુજરાતના ભવ્ય વારસા' ની ઉજવણી કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીએ 'હેરિટેજ પોલિસી પોર્ટલ' અને સાપુતારા, સાસણગીર વિલેજ તેમજ દાંડી ખાતેની વિવિધ પ્રવાસન સુવિધાઓના ઈ - લોકાર્પણ કર્યા હતા.
- મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ આપેલા ચાર 'T'- ટ્રેડિશન, ટેલેન્ટ, ટેકનોલોજી અને ટ્રેડના સૂત્રનો ટૂરિઝમના વિકાસ માટે અત્યંત જરૂરી ગણાવ્યા હતા.
- આ MOU અંતર્ગત વડોદરા, રાજકોટ, સંતરામપુર, દેવગઢ બારિયા, બાલાસિનોર જેવા રાજવી મહેલોને હેરિટેજ હોટેલ્સ, રિસોર્ટમાં પરિવર્તિત કરીને પ્રવાસીઓને આકર્ષવાના પ્રોજેકટનો સમાવેશ થાય છે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ દ્વારા "નમો વડ વન" અભિયાનનો ગાંધીનગરથી રાજ્યવ્યાપી શુભારંભ

- મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે દેશની આઝાદીના 75 વર્ષના અવસરે 'આઝાદીના અમૃત મહોત્સવ' અંતર્ગત આ વર્ષના 'આંતરરાષ્ટ્રીય વન દિવસ' એટલે કે 21 માર્ચે ગુજરાતમાં રાજ્યવ્યાપી "નમો વડ વન " અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો.
- વડના વૃક્ષોના "નમો વડ વન " રાજ્યમાં ઉભા કરવાના પર્યાવરણને ઉપયોગી હેતુસર ગાંધીનગરમાં વડ વૃક્ષ વાવીને આ અભિયાનની રાજ્યવ્યાપી શરૂઆત કરાવી હતી.
- "નમો વડ વન " અન્વયે રાજ્યના 33 જિલ્લાઓમાં 75 વડ વન સ્થપાશે અને પ્રત્યેક વનમાં 75 વડ વૃક્ષનું વાવેતર વન વિભાગ દ્વારા કરવામાં આવશે.
- વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીની પ્રેરણાથી ઉજવાઇ રહેલા 'આઝાદી કા અમૃત મહોત્સવ' – આઝાદીના 75મા વર્ષે વન વિભાગનું "નમો વડ વન " નિર્માણ અભિયાન રાજ્યમાં વટવૃક્ષની પૌરાણિક અને ઐતિહાસિક મહત્તા પુન: પ્રસ્થાપિત કરશે. તેમજ તેની મદદથી ગ્રીન કવર વધારવાના રાજ્ય સરકારના અભિગમને પણ વેગ મળશે.
- મુખ્યમંત્રીશ્રીએ 'નમો વડ વન' ના વાવેતર કાર્યક્રમમાં 33 જિલ્લાના 75 સ્થળોએથી સહભાગી થયેલા નાગરિકો અને વનપ્રેમીઓને 'બાયસેગ' ના માધ્યમથી પ્રેરક સંદેશો આપ્યો હતો.
- રાજ્યમાં આવા વડના વૃક્ષોના જે વન 'નમો વડ વન' અન્વયે ઉભા થશે તે આવનારી પેઢીઓ માટે માટે પર્યાવરણ સુરક્ષા અને સ્વચ્છ વાયુની દેન આપનારા બનશે.

'ફોરેસ્ટ હેલ્પલાઇન' તથા 'નમો વડ વન' પુસ્તિકાનું વિમોચન

- મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે આ અવસરે વન વિભાગના અદ્યતન સેન્ટ્રલાઇઝડ કંટ્રોલરૂમ અને ફોરેસ્ટ હેલ્પલાઇન નંબર – '1926' નો પ્રારંભ કરાવ્યો હતો.
- તેમજ તેઓએ આ પ્રસંગે 'નમો વડ વન' પુસ્તિકાનું વિમોચન પણ કર્યું હતું.

કેટલીક વિશેષ બાબતો

- ગુજરાતમાં નવીન વનોના ઉછેર માટે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા સૌપ્રથમ વર્ષ-2004માં ગાંધીનગર ખાતે પ્રથમ સાંસ્કૃતિક વન 'પુનિત વન' ની સ્થાપના કરવામાં આવી હતી.
- આજે ગુજરાતના વિવિધ જિલ્લામાં કુલ-21 સાંસ્કૃતિક વનો તૈયાર કરવામાં આવ્યા છે.

પુરસ્કાર વિશેષ



સંગીત નાટક અકાદમી અને લલિતકલા અકાદમી ફેલોશિપ અને એવોર્ડ્સ જાહેર

- ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુએ નવી દિલ્હી ખાતેના વિજ્ઞાન ભવનમાં સંગીત નાટક અકાદમી અને લલિતકલા અકાદમી ફેલોશિપ અને એવોર્ડ્સ જાહેર કર્યા. તેમણે કલા પુરસ્કારોના 62માં રાષ્ટ્રીય પ્રદર્શન ઉદ્ઘાટન કર્યું હતું.
- વર્ષ 2018 માટે સંગીત નાટક અકાદમી ફેલોશિપ (અકાદમી રત્ન સદસ્યતા) 4 લોકોને આપવામાં આવી. જ્યારે સંગીત નાટક અકાદમી એવાર્ડ 40 લોકોને આપવામાં આવ્યા.
- આ ફેલોશિપ મેળવનારાઓમાં ઝાકિર હુસૈન, જતિન ગૌસ્વામી, સોનલ માનસિંહ અને તિરુવિદાઈમારૂદર કુપ્પિયા કલ્યાણ સુંદરમનો સમાવેશ થાય છે.
- લલિતકલા અકાદમી એવાર્ડ 23 વ્યક્તિઓને આપવામાં આવ્યા જ્યારે ફેલોશિપ 3 વ્યક્તિ શિલ્પકાર હિમ્મત શાહ, પ્રતિષ્ઠિત ચિત્રકારો અને કલાકારો જ્યોતિ ભટ્ટ તથા શ્યામશર્માને આપવામાં આવ્યા.

સંગીત નાટક અકાદમી એવોર्ड्स

- પરફોર્મિંગ આર્ટના ક્ષેત્રમાં કલાકારો, શિક્ષકો તેમજ વિદ્વાનોને સરકાર દ્વારા આપવામાં આવતું રાષ્ટ્રીય સન્માન છે.
- આ પુરસ્કારો સંગીત, નૃત્ય અને થિયેટરની શ્રેણીઓ હેઠળ આપવામાં આવે છે. વધુમાં એક શ્રેણી પરંપરાગત, લોક અને આદિવાસી નૃત્ય માટે તથા થિયેટર અને કઠપૂતળી કળા સંગીત માટે આરક્ષિત છે.

લલિતકલા અકાદમી એવોર्ड्स

- લલિતકલા અકાદમી દ્વારા વિઝ્યુઅલ આર્ટના ક્ષેત્રમાં આજીવન સિદ્ધિઓ માટે પ્રખ્યાત કલાકારોને આ એવોર્ડ એનાયત કરવામાં આવે છે.
- લલિતકલા અકાદમી ફેલોશિપ જેને 'લલિતકલા અકાદમી રત્ન' તરીકે ઓળખવામાં આવે છે કે જે ભારતમાં લલિતકલા (Fine Arts) માટેનું સન્માન છે. ફેલોશિપમાં પ્રશિસ્તપત્ર, રૂ. 25,000 અને તકતી અપાય છે.

વિશેષ : પ્રથમ લલિતકલા અકાદમી એવાર્ડ 1955માં જૈમિની રોયને આપવામાં આવ્યો હતો. ગુજરાતી થિયેટરના ક્ષેત્રમાં પ્રથમ સંગીત નાટક અકાદમી એવાર્ડ જીતનાર અશરફ ખાન છે. નેશનલ એક્ઝિબિશન ઓફ આર્ટ્સ લલિતકલા અકાદમીની સૌથી પ્રતિષ્ઠિત વાર્ષિક પ્રદર્શન છે.

પ્રો. રામદરશ મિશ્રાની સરસ્વતી સન્માન માટે પસંદગી



- ભારતના જાણીતા કવિ અને સાહિત્યકાર પ્રોફેસર રામદરશ મિશ્રાને તેમના હિંદી કાવ્યસંગ્રહ "મેં તો યહાં હું" માટે સરસ્વતી સન્માન 2021 આપવામાં આવ્યો છે. આ કાવ્યસંગ્રહ વર્ષ 2015 માં પ્રકાશિત થયો હતો.
- **જયુરી** : સરસ્વતી સન્માન 2021ના વિજેતાની પસંદગી લોકસભા સચિવાલયના ભૂતપૂર્વ સેક્રેટરી જનરલ ડૉ. સુભાષ સી. કશ્યપની આગેવાની હેઠળની પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવી હતી.
- "મેં તો યહાં હું" કાવ્યસંગ્રહમાં આંતરિક જીવનના વિવિધ પાસાઓ, સામાજિક ચિંતાઓ, સાંપ્રદાયિકતા, ભ્રષ્ટાચાર, અસ્વસ્થ શહેરો, આબોહવાની ચિંતાઓ, માનવ દ્રષ્ટિકોણ જેવા વિષયો આવરી લેવાયા છે.

રામદરશ મિશ્રા

- રામદરશ મિશ્રાનો જન્મ ઉત્તરપ્રદેશના ગોરખપુર જિલ્લાના ડુમરી ગામ ખાતે થયો છે. તેમણે દિલ્હી યુનિવર્સિટીમાં હિન્દી વિષયના પ્રોફેસર તરીકે સેવા આપી છે.
- તેમણે સરકારની હિન્દી સલાહકાર સમિતિમાં પણ સેવા આપી છે.
- તેમણે લગભગ 32 કવિતા સંગ્રહો, 15 નવલકથાઓ, 30 ટૂંકી વાર્તા સંગ્રહો, 15 સાહિત્યિક વિવેચનના પુસ્તકો, 4 નિબંધસંગ્રહ અને કેટલાંય પ્રવાસવર્ણનો તથા સંસ્મરણો લખ્યા છે.

સરસ્વતી સન્માન

- કે.કે. બિરલા ફાઉંડેશન દ્વારા વર્ષ 1991માં ભારતના સૌથી પ્રતિષ્ઠિત પુરસ્કારોમાંથી એક સરસ્વતી સન્માનની સ્થાપના કરવામાં આવી હતી.
- આ પુરસ્કાર છેલ્લા 10 વર્ષમાં ભારતીય નાગરિક દ્વારા કોઈપણ ભારતીય ભાષામાં લખવામાં આવેલ ઉત્કૃષ્ટ કૃતિ માટે આપવામાં આવે છે.
- આ એવોર્ડમાં પ્રશસ્તિપત્ર, તકતી અને રૂપિયા 15 લાખનો રોકડ પુરસ્કાર અપાય છે.

ઓસ્કાર એવોર્ડ્સ 2022



- અમેરિકાના લોસ એન્જલસ (કેલિફોર્નિયા) માં આવેલા ડોલ્બી થિયેટર ખાતે તાજેતરમાં 94 મા એકેડેમી એવોર્ડ્સ (ઓસ્કાર એવોર્ડ્સ 2022) સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ સમારોહ દરમિયાન ઓસ્કાર એવોર્ડ્સ 2022ના વિજેતાઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.
- 94મા એકેડેમી એવોર્ડ્સ અંતર્ગત વર્ષ 2021 દરમિયાન રિલીઝ થયેલી ફિલ્મોનું સન્માન કરવામાં આવ્યું હતું. 8 ફેબ્રુઆરી, 2022 ના રોજ અભિનેત્રી ટ્રેસી એલિસ રોઝ અને અભિનેતા લેસ્લિ જોર્ડન દ્વારા વિવિધ નામાંકનોની જાહેરાત કરવામાં આવી હતી.

મુખ્ય બાબતો

- અભિનેત્રી રેગિના હોલ, એમ્મી પુરસ્કાર વિજેતા અમી શુમર અને વાન્ડા સાઇકસ દ્વારા 94મા એકેડેમી એવોર્ડ્સની ઇવેન્ટને હોસ્ટ કરવામાં આવી હતી.
- પ્રથમ વખત 3 મહિલાઓ દ્વારા આ ઇવેન્ટને હોસ્ટ કરવામાં આવી હતી.
- એકેડેમી એવોર્ડ્સ (ઓસ્કાર) વાર્ષિક ધોરણે 'એકેડેમી ઓફ મોશન પિકચર આર્ટ્સ એન્ડ સાયન્સીઝ '(AMPAS) દ્વારા રજૂ કરવામાં આવે છે.
- આ વર્ષે જેન કેમ્પિયનની ફિલ્મ 'પાવર ઓફ ધ ડોગ' ને સૌથી વધારે 12 નોમિનેશન મળ્યા હતા. જ્યારે 'ડ્યૂક' ફિલ્મને સૌથી વધારે 6 ઓસ્કાર એવોર્ડ મળ્યા હતા.
- વિલ સ્મિથને 'કિંગ રિચાર્ડ' ફિલ્મ માટે અને જેસિકા ચેસ્ટેનને "The Eyes of Tammy Faye" ફિલ્મ માટે બેસ્ટ એકટર્સના પુરસ્કાર મળ્યો છે. જ્યારે સ્ટેન્ડિંગ ઓવેશન સાથે 'કોડા' ફિલ્મને બેસ્ટ ફિલ્મ એવોર્ડથી સન્માનિત કરવામાં આવી હતી.

ઓસ્કાર પુરસ્કાર 2022ના વિજેતાઓ

શ્રેણી	વિજેતાઓ
બેસ્ટ પિકચર	કોડા
મુખ્ય ભૂમિકામાં અભિનેતા	વિલ સ્મિથ (કિંગ રિચાર્ડ ફિલ્મ માટે)
મુખ્ય ભૂમિકામાં અભિનેત્રી	જેસિકા ચેસ્ટેન (The Eyes of Tammy Faye ફિલ્મ માટે)
એનિમેટેડ ફીચર ફિલ્મ	એન્કાન્ટો
સિનેમેટોગ્રાફી	ગ્રેગ ફ્રેઝર (ડ્યૂન ફિલ્મ માટે)
દિગ્દર્શન	જેન કેમ્પિયન (પાવર ઓફ ધ ડોગ ફિલ્મ)
ડોકયુમેન્ટરી (ફીચર)	સમર ઓફ સોલ
ઈન્ટરનેશનલ ફીચર ફિલ્મ	ડ્રાઇવ માય કાર (જાપાન)
શોર્ટ ફિલ્મ (એનિમેટેડ)	ધ વિન્ડશિલ્ડ વાઇપર
શોર્ટ ફિલ્મ (લાઇવ એકશન)	ધ લોન્ગ ગૂડબાય

ઓસ્કાર પુરસ્કાર વિજેતા ભારતીયો

1. **ભાનુ અથૈયા :** ભાનુ અથૈયાને વર્ષ 1983માં રિચાર્ડ એટનબરોની 'ગાંધી' ફિલ્મ માટે 'બેસ્ટ કોસ્ચ્યૂમ ડિઝાઇનર' નો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.
   - ભારતીય મૂળના તેઓ પ્રથમ વ્યકિત છે જેણે ઓસ્કાર એવોર્ડ મેળવ્યો છે.
2. **સત્યજીત રે :** પ્રખ્યાત બંગાળી ફિલ્મ નિર્માતા અને 20મી સદીના મહાન ફિલ્મ નિર્માતાઓમાંના એક એવા સત્યજીત રેને વિશ્વ સિનેમામાં તેમના નોંધપાત્ર યોગદાન બદલ વર્ષ 1992માં યોજાયેલ 64મા ઓસ્કાર એવોર્ડ સમારોહમાં 'Honorary Award' થી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ માનદ પુરસ્કાર મેળવનાર તેઓ પ્રથમ અને એકમાત્ર ભારતીય છે.
3. **રસૂલ પુકુટ્ટી :** હિન્દી સિનેમા, તમિલ સિનેમા, મલયાલમ સિનેમા અને હોલીવૂડ સિનેમાના જાણીતા સાઉન્ડ ડિઝાઇનર અને સાઉન્ડ એડિટર રસૂલ પુકુટ્ટીને 'સ્લમડોગ મિલિયોનેર' ફિલ્મ માટે 'બેસ્ટ સાઉન્ડ મિકિસંગ' શ્રેણીમાં વર્ષ 2009માં ઓસ્કાર એવોર્ડ પ્રાપ્ત થયો છે.
4. **ગુલઝાર** : જાણીતા કવિ અને પ્રખ્યાત હિન્દી ગીતકાર ગુલઝારને વર્ષ 2009માં ફિલ્મ 'સ્લમડોગ મિલિયોનેર' માટે 'બેસ્ટ ઓરિજિનલ સોન્ગ' શ્રેણીમાં ઓસ્કાર એવોર્ડ આપવામાં આવ્યો હતો.

પ્રથમ SECI રાઉન્ડ જાહેર ; ગુજરાત,પંજાબ અને કેરળ મોટા રાજ્યોમાં ટોચ પર

- વર્ષ 2019-20ના ડેટા પર આધારિત પ્રથમ સ્ટેટ એનર્જી એન્ડ ક્લાઈમેટ ઈન્ડેક્સ(SECI)-રાઉન્ડ-1 નેશનલ ઈન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મિંગ ઈન્ડિયા (NITI) આયોગ દ્વારા જાહેર કરાયો.
- આ ઈન્ડેક્સ દ્વારા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને તેમના આબોહવા અને ઊર્જા ક્ષેત્રમાં કરવામાં આવેલા પ્રયાસોને ધ્યાનમાં લેવાયા છે. આ ઈન્ડેક્સમાં મોટા રાજ્યો, નાના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને તેમના સ્કોર પ્રમાણે રેંકિંગ્સ આપવામાં આવ્યા છે.
- રાજ્યોને તેમના ભૌગોલિક વિવિધતા અને ક્ષેત્રફળ પ્રમાણે 20 મોટા રાજ્યો, 8 નાના રાજ્યો અને 8 UTsમાં વર્ગીકૃત કરાયા છે. લદ્દાખને J&K નો ડેટા એકત્રિત ગણવામાં આવેલ છે.

NITI Aayog

State Energy & Climate Index Round - 1

SECI રાઉન્ડ-I શું છે?

- આ ઈન્ડેક્સ રાજયોની કામગીરીને 6 પરિમાણ અને તેના 27 સૂચકાંકોમાં વિભાજિત કરે છે.
- આ SECI રાઉન્ડ-I ના સ્કોરનો આધાર લઈ રાજ્યો/ UTs ને ત્રણ જૂથમાં વહેંચવામાં આવ્યા છે. જેમાં ફ્રન્ટરનર, એચિવર અને એસ્પિરંટનો સમાવેશ થાય છે.
- ઈન્ડેક્સમાં સર્વોચ્ચ SECI સ્કોર ચંદીગઢને અને ન્યૂનત્તમ SECI સ્કોર લક્ષદ્વીપને મળ્યો.

6 પરિમાણોને આધારે ટોચના/ તળિયાના રાજ્યો

કેટેગરી	સર્વોચ્ચ સ્કોર	ન્યૂનત્તમ સ્કોર
1) DISCOM નું પર્ફોર્મન્સ	પંજાબ	અરુણાચલ પ્રદેશ
2) એક્સેસ, એફોર્ડેબિલિટી , રેલીબિલિટી	કેરળ	લક્ષદ્વીપ
3) સ્વચ્છ ઊર્જા પહેલ (Clean Energy Initiative)	ચંદીગઢ	મેઘાલય
4) ઊર્જા કાર્યક્ષમતા	તમિલનાડુ	લક્ષદ્વીપ
5) પર્યાવરણીય વિસ્તાર	ચંદીગઢ	છત્તીસગઢ
6) નવી પહેલ	ત્રિપુરા	આંધ્રપ્રદેશ, અંદમાન અને નિકોબાર

- આ ઈન્ડેક્સની મદદથી રાજ્યો/UTs ને ઊર્જા ક્ષેત્રે વધુ સારી નીતિઓ બનાવવા, ઊર્જા સંસાધનોનું યોગ્ય સંચાલન કરવા, સ્વચ્છ અને કાર્યક્ષમ ઊર્જા ક્ષેત્રમાં આગળ વધવા મદદ પૂરી પાડશે.

SECI રાઉન્ડ-I સંયુક્ત સ્કોરના વિભિન્ન માપદંડો

- **ફ્રન્ટ રનર્સ :** ટોચના 1/3 રાજ્યો/ UTs જેમનો સંયુક્ત SECI સ્કોર > = 46 છે.
- **એચિવેર્સ :** મધ્યના 1/3 રાજ્યો/UTs જેમનો સંયુક્ત સ્કોર SECI સ્કોર 36 થી 46 વચ્ચે છે.
- **એસ્પિરંટ્સ :** તળિયાના 1/3 રાજ્યો/ UTs જેમનો સંયુક્ત સ્કોર < = 36 છે.

ઈન્ડેક્સમાં રહેલ ટોચના રાજ્યો/ UTs

મોટા રાજ્યો

ક્રમ	રાજ્ય	સ્કોર
1	ગુજરાત	50.1
2	કેરળ	49.1
3	પંજાબ	48.6
20 (છેલ્લો ક્રમ)	છત્તીસગઢ	31.7

નાના રાજ્યો

ક્રમ	રાજ્ય	સ્કોર
1	ગોવા	51.4
2	ત્રિપુરા	45
3	મણિપુર	36
8 (છેલ્લો ક્રમ)	અરુણાચલ પ્રદેશ	27

કેન્દ્રશાસિત પ્રદેશો(UTs)

ક્રમ	રાજ્ય	સ્કોર
1	ચંદીગઢ	55.7
2	દિલ્હી	55.6
3	દમણ -દીવ તથા દાદરા અને નગરહવેલી	53.2

કેન્દ્ર સરકારે સેમિકોન ઈન્ડિયા પ્રોગ્રામ માટે સલાહકાર સમિતિની રચના કરી



- વૈશ્વિક કક્ષાએ ભારતને સેમિકન્ડકટર ઉત્પાદન, ડિઝાઈન અને ઈનોવેશનમાં અગ્રણી બનાવવાના હેતુથી કેન્દ્ર સરકારે 76,000 કરોડ રૂપિયાનો સેમિકોન ઈન્ડિયા પ્રોજેકટ લોન્ચ કર્યો છે. જેના માટે સલાહકાર સમિતિની રચના કરવામાં આવી છે.
- આ સમિતિની અધ્યક્ષતા ઈલેકટ્રોનિકસ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવ એ કરી હતી. તેના વાઈસ પર્સન તરીકે રાજીવ ચંદ્રશેખર અને કન્વીનર તરીકે અજય પ્રકાશ સાહની હશે.
- સેમિકન્ડકટર અને ડિસ્પ્લે ઉત્પાદન ઈકોસિસ્ટમ વિકસાવવા માટે રૂા. 76,000 કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ ઈકો સિસ્ટમને 'ઈન્ડિયા સેમિકન્ડકટર મિશન' (ISM) હેઠળ વિકસાવાશે.
- સલાહકાર સમિતિનો ઉદ્દેશ્ય ISMને માળખાગત સુવિધા આપી તેને કાર્યક્ષમ બનાવવાનો છે.

વિશેષ

- હાલમાં ઈન્ટર્નલ કમ્બશન (IC) એન્જિનનાં ઉત્પાદનમાં 40% જેટલો ખર્ચ ઈલેકટ્રોનિક ભાગોના ઉપયોગને કારણે થાય છે. જેમાં સેમિકન્ડકટર ચિપ્સનો મોટો હિસ્સો છે.
- સેમિકન્ડકટર ઉત્પાદન મુખ્યત્ત્વે તાઈવાન, દક્ષિણ કોરિયા, અમેરિકા, જાપાન દ્વારા કરાય છે. તાજેતરમાં ચીન દ્વારા પણ સેમિકન્ડકટર ઉત્પાદનને વધારવા પ્રયાસો કરાયા છે. આ સેકટરમાં આત્મનિર્ભરતા મેળવવા ભારતે સેમિકન્ડકટર ચીપ ઉત્પાદન માટે સેમિકન્ડકટર મિશનની શરૂઆત કરી છે.
- સેમિકન્ડકટર એવી સામગ્રી છે જે કંડકટર અને ઈન્સ્યુલેટર વચ્ચે વાહકતા ધરાવે છે. જેમાં સિલિકોન, જર્મેનિયમ, આર્સેનાઈડ, કેડમિયમ, સેલેનાઈડ અથવા તેના સંયોજનો હોઈ શકે છે.
- આધુનિક ઈલેકટ્રોનિકસ અને માહિતી સંચાર ટેકનોલોજી ઉત્પાદનોના મગજ તરીકે સેમિકન્ડકટર ચિપ્સ કાર્ય કરે છે. આ ચિપ હવે ઓટોમોબાઈલ, ઘરગથ્થું ગેજેટ્સ, તબીબી ઉપકરણો વગેરેમાં વપરાય છે.
- **સેમિકન્ડકટર ચિપની માંગમાં વધારો થવાના કારણો:**
- COVID-19 રોગચાળાના કારણે વિવિધ રોજિંદી આર્થિક અને આવશ્યક પ્રવૃત્તિઓ મોટે ભાગે ઓનલાઈન થવા લાગી. જેના લીધે ચિપની માંગમાં વધારો થયો છે. બીજીબાજુ લોકડાઉનના કારણે ચીન, જાપાન, તાઈવાન વગેરે દેશોએ ચિપ-નિર્માણ કાર્ય બંધ કરેલ હતું. જેથી ઉત્પાદન મર્યાદિત માત્રામાં હતું.

એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા 'અવસર યોજના' શરૂ કરાઇ

- તાજેતરમાં એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (AAI) દ્વારા "અવસર' એટલે કે "એરપોર્ટ એઝ વેન્યુ ફોર સ્કિલ્ડ આર્ટિઝન્સ ઑફ ધ રિજન'(AVASAR) યોજના શરૂ કરવામાં આવી હતી.
- આ યોજના હેઠળ મહિલા કારીગરો અને વિવિધ પ્રાદેશિક કળા કસબોના જાણકાર વ્યક્તિઓની પ્રતિભાને પ્રોત્સાહિત કરવા અને તેમને યોગ્ય તકો પૂરી પાડવાના ઉદ્દેશ્ય સાથે સ્વ-નિર્મિત ઉત્પાદનોના વેચાણ/પ્રદર્શન માટે જે તે એરપોર્ટ પર જગ્યા ફાળવવામાં આવે છે.
- આ પહેલ હેઠળ એરપોર્ટ પર સ્વ-સહાય જૂથો (SHGs-સેલ્ફ હેલ્પ ગ્રૂપ્સ)ને જે તે પ્રદેશમાં સ્વ-નિર્મિત ચીજવસ્તુઓનું પ્રદર્શન અથવા વેચાણ કરવાના હેતુસર એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા સંચાલિત દરેક એરપોર્ટ પર 100 થી 200 ચોરસ ફૂટની જગ્યા ફાળવવામાં આવશે.
- આ નિર્ધારિત વિસ્તારમાં જે તે સ્વ-સહાય જૂથોને વારાફરતી 15 દિવસના સમયગાળા માટે ચીજવસ્તુઓનું પ્રદર્શન અથવા વેચાણ કરવાની અનુમતિ આપવામાં આવશે.
- હાલમાં અગરતલા, ચેન્નાઈ, કુશીનગર, દેહરાદૂન, અમૃતસર અને ઉદયપુર ખાતેના એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા સંચાલિત એરપોર્ટ પર થોડાક આઉટલેટ્સ કાર્યરત કરવામાં આવ્યા છે, જ્યાં સ્થાનિક મહિલાઓ દ્વારા સંચાલિત સ્વસહાય જૂથોને સ્વ-નિર્મિત સ્થાનિક ઉત્પાદનોનું માર્કેટિંગ અને પ્રદર્શન કરવામાં આવે છે.

SHGs-સેલ્ફ હેલ્પ ગ્રૂપ્સ

- સરળ શબ્દોમાં કહીએ તો, સ્વ-સહાય જૂથો એ એકસમાન સામાજિક-આર્થિક સ્થિતિ ધરાવતા લોકોના એવા અનૌપચારિક સંગઠનો છે, જે સામૂહિક પ્રયત્નો દ્વારા પોતાના જીવન ધોરણમાં સુધારો લાવવા માટે એકત્ર થયેલા હોય છે.

ક્રિમિનલ પ્રોસિજર આઇડેન્ટિફિકેશન કાયદો, 2022



- ક્રિમિનલ પ્રોસિજર આઈડેન્ટિફિકેશન બિલ, 2022 ને તાજેતરમાં 4 એપ્રિલ, 2022ના રોજ લોકસભામાં અને 6 એપ્રિલ, 2022ના રોજ રાજ્યસભા દ્વારા પસાર કરવામાં આવ્યું હતું.
- ત્યારબાદ આ બિલને રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદની મંજૂરી મળતા તે "ક્રિમિનલ પ્રોસિજર આઈડેન્ટિફિકેશન કાયદો, 2022" તરીકે ઓળખવામાં આવશે.
- આ કાયદા અંતર્ગત પોલીસ પાસે ધરપકડ કરાયેલી વ્યકિત સાથે સંબંધિત તમામ પ્રકારની સૂચનાઓથી લઈને રેટિના, આંગળી, પગ, હથેળીના નિશાન, ભૌતિક નમૂનાઓ, હસ્તાક્ષર અને તેના વર્તન અંગેની બાબતો એકઠી કરવાનો અધિકાર રહેશે.

ક્રિમિનલ પ્રોસિજર આઇડેન્ટિફિકેશન કાયદો, 2022

- આ કાયદો હાલના અમલમાં રહેલા કાયદા એવા 'ધ આઇડેન્ટિફિકેશન ઓફ પ્રિઝનર્સ એકટ, 1920' ને વ્યાપક બનાવશે.
- અગાઉના કાયદા અંતર્ગત ધરપકડ કરાયેલી વ્યકિત અથવા કેદીના આંગળીના નિશાન, પગના નિશાન કે ફોટોગ્રાફસ પ્રાપ્ત કરવાની મંજૂરી છે.

નમૂનાઓનો સંગ્રહ

- આ કાયદો પોલીસ અને જેલ સત્તાવાળાઓને ધરપકડ કરાયેલ વ્યકિઓનો અંગત બાયોલોજિકલ ડેટા એકઠો કરવાની મંજૂરી આપે છે.
- જેમાં આંગળી, પગ, હથેળીના નિશાન, રેટિના, વ્યકિતના ભૌતિક, જૈવિક નમૂના, તેનું વિશ્લેષણ, સહી વગેરેનો સમાવેશ થાય છે.
- આ બિલ અંતર્ગત જોગવાઇ કરવામાં આવેલી છે કે આવા મૂલ્યાંકનોનો વિરોધ કરવો અથવા મનાઇ કરવીએ ભારતીય દંડ સંહિતા (Indian Penal Code) ની કલમ 186 હેઠળ અપરાધ માનવામાં આવશે.
- નિવારક અટકાયત કાયદા (Preventive detention law) હેઠળ રાખવામાં આવેલી વ્યકિતઓ પર પણ આ જોગવાઇઓને લાગુ કરવામાં આવશે.

કાયદાની જોગવાઇઓ કોના પર લાગુ થશે?

- આ કાયદાની વિવિધ જોગવાઇઓ ખાસ કરીને ત્રણ પ્રકારના લોકો પર લાગુ થશે જે નીચે મુજબ છે :
- જેમને કોઇ ગુનામાં સજા મળી હોય,
- સજાપાત્ર કલમ લાગી હોય તેવા ધરપકડ કરાયેલા લોકો;
- CRPC ની કલમ 117 હેઠળ કાર્યવાહી કરાઇ હોય તેવા લોકો

માપન રેકોર્ડ કરવાની સત્તાઓ

- હેડ કોન્સ્ટેબલના રેન્ક સુધીના પોલીસ કર્મચારીઓને માપન રેકોર્ડ કરવા માટે અધિકૃત કરવામાં આવ્યા છે.
- નેશનલ ક્રાઇમ રેકોર્ડ્સ બ્યૂરો (NCRB) આ રેકોર્ડ રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશ પાસેથી કે કોઇ અન્ય કાનૂની એજન્સી પાસેથી એકઠો કરશે.
- તેની પાસે ડેટાને સ્ટોર કરવાની, તેને સંરક્ષિત કરવાની અને તેનો નાશ કરવાની સત્તા રહેશે.
- 75 વર્ષ સુધી આ ડેટાને સુરક્ષિત રાખવામાં આવશે.

બિલનું મહત્ત્વ

આધુનિક તકનીકોનો ઉપયોગ

- આ કાયદામાં શરીરના યોગ્ય માપનોને કેપ્ચર કરવા અને રેકોર્ડ કરવા માટે આધુનિક તકનીકોનો ઉપયોગ કરવાની જોગવાઇ કરેલ છે.

તપાસ કરતી એજન્સીઓને મદદ

- આ કાયદા તપાસ એજન્સીઓને પૂરતા કાયદેસર રીતે સ્વીકાર્ય પુરાવા એકત્ર કરવામાં અને આરોપી વ્યકિતના ગુનાને સ્થાપિત કરવામાં મદદરૂપ થશે.
- તપાસ માટે વ્યકિતગત બાયોલોજિકલ મર્યાદાને વિસ્તારવાની જોગવાઇ આ બિલ અંતર્ગત કરવામાં આવી છે.

ગુનાની તપાસ વધુ કાર્યક્ષમ બનશે

- આ અધિનિયમ એવા વ્યકિતઓના શરીરના યોગ્ય માપન માટે કાનૂની મંજૂરી પ્રદાન કરે છે જેમને આવા માપ આપવા જરૂરી બને છે અને તે ગુનાની તપાસને વધુ કાર્યક્ષમ અને ઝડપી બનાવશે.

કાયદાને લગતી સમસ્યાઓ

- આ કાયદા અંતર્ગત એવી દલીલ કરવામાં આવી રહી છે કે તે ગોપનીયતાના અધિકાર સહિત નાગરિકોના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કરે છે.
- આ કાયદામાં રાજનૈતિક વિરોધ સાથે સંકળાયેલા હોય તેવા પ્રદર્શનકારિયોના નમૂના એકત્ર કરવાનો પણ પ્રસ્તાવ કરવામાં આવ્યો છે. જેનો દુરૂપયોગ થવાનો ભય રહેલો છે.
- તે બંધારણના અનુચ્છેદ – 20(3) નું ઉલ્લંઘન કરે છે.
- બાયોલોજિકલ માહિતી એકત્ર કરવા વખતે બળ પ્રયોગ થઇ શકે છે.
- તેમજ નાર્કો એનાલિસીસ અને બ્રેઇન મેપિંગ પણ થઇ શકે છે.
- આ કાયદો સંયુકત રાષ્ટ્ર ચાર્ટરમાં નિર્ધારિત 'માનવાધિકાર' ની જોગવાઇઓનું પણ ઉલ્લંઘન કરે છે.
- ઉપરાંત, માપ લેવા માટે ખંડ 6 (1) માં ઉલ્લેખ કરવામાં આવેલ બળનો ઉપયોગએ એ. કે. ગોપાલન 1950, ખડગસિંહ 1964, ચાર્લ્સ શોભરાજ 1978, શીલા બરસે 1983, પ્રમોદકુમાર સકસેના 2008 જેવા સર્વોચ્ચ ન્યાયાલયના નિર્ણયોમાં નિર્ધારિત કેદીઓના અધિકારોનું ઉલ્લંઘન કરે છે.

વિશેષ : બંધારણના અનુચ્છેદ – 20 (3) અંતર્ગત કોઇપણ અપરાધ માટે કોઇ આરોપી વ્યકિતને પોતાના વિરૂધ્ધ સાક્ષી બનવાની ફરજ પાડવામાં આવશે નહીં.

અર્થતંત્ર વિશેષ



નાણાકીય વર્ષ 2022 (FY22)માં ભારતની વેપાર ખાધ 87.5% વધીને 192.41 બિલિયન ડોલર

- વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલ પ્રારંભિક માહિતી અનુસાર નાણાકીય વર્ષ 2021 ની $102.63 બિલિયનની સામે નાણાકીય વર્ષ 2022 માં ભારતની વેપાર ખાધ 87.5% વધીને $192.41 બિલિયન થઈ છે.
- રશિયા – યૂક્રેન યુદ્ધના પરિણામે વૈશ્વિક ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો થવાથી પેટ્રોલિયમ આયાતના મૂલ્યમાં 94.33% નો ઉછાળો આવ્યો છે. નાણાકીય વર્ષ 2022 માં ભારતની કુલ આયાતમાંથી પેટ્રોલિયમની આયાતનો હિસ્સો 26.33% છે.
- ગત વર્ષની સરખામણીએ પેટ્રોલિયમ શિપમેન્ટસનું મૂલ્ય બમણુ થવાથી ભારતે $ 610.22 બિલિયન જેટલી આયાત કરી છે.
- FY22 માં નિકાસ કરાયેલ કુલ માલસમાનનું મૂલ્ય કેન્દ્ર સરકાર દ્વારા નિર્ધારિત લક્ષ્યાંકને 5% વટાવી ગયુ છે. આ વૃદ્ધિ એન્જિનિયરિંગ સામાન, પેટ્રોલિયમ ઉત્પાદનો, જેમ્સ અને જ્વેલરીની ઊંચી માંગને કારણે છે.
- માર્ચ 2022 માં નિકાસ $40.38 બિલિયનને સ્પર્શી હતી જે ગત વર્ષના સમાન સમયગાળે $35.26 બિલિયન હતી. માર્ચમાં નોન પેટ્રોલિયમ અને નોન જેમ્સ એન્ડ જ્વેલરી નિકાસનું મૂલ્ય $29.38 બિલિયન હતું. જે વાર્ષિક ધોરણે 4.79% ની વૃદ્ધિ દર્શાવે છે.
- ભારતના મર્ચન્ડાઈઝ (વેપારીમાલ)એ પ્રથમ વખત $1 ટ્રિલિયનનો આંકડો પાર કર્યો છે.

નાણાકીય વર્ષ 2022માં (ભારતના આંતરરાષ્ટ્રીય) વેપારની માહિતી

	વધારો	મૂલ્ય (બિલિયનમાં)
આયાત	54.71%	$ 610.22
નિકાસ	43.18%	$ 417.81
વેપારખાદ્ય	-	$ 192.41

વેપારખાધ

વેપારખાધ એવી રકમ છે જેમાં દેશની આયાતની કીંમત તેની નિકાસની કીંમત કરતા વધી જાય છે.

માલસામાનમાં રહેલી વેપારખાધ જે તે અર્થતંત્રમાં માંગમાં વધારો દર્શાવે છે.

તે ચાલુ ખાતાની ખાદ્યનો એક ભાગ છે.





આયાત-નિકાસ

- **બેલેન્સ ઓફ ટ્રેડ = આયાત અને નિકાસનો ચોખ્ખો તફાવત.**

સૌથી મોટો પૂંછડિયો તારો-ધૂમકેતુ: બર્નાર્ડિનેલી-બર્નસ્ટેઇન

- તાજેતરમાં નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન (NASA)દ્વારા પુષ્ટિ કરાઇ હતી કે બર્નાર્ડિનેલી-બર્નસ્ટેઇન ધૂમકેતુ ખગોળશાસ્ત્રીઓ દ્વારા જોવામાં આવેલો અત્યાર સુધીનો સૌથી મોટો બર્ફિલો ધૂમકેતુ છે.
- નાસાના હબલ સ્પેસ ટેલિસ્કોપ દ્વારા મેળવાયેલ માહિતીના વિશ્લેષણ પરથી આ તારણ કાઢવામાં આવ્યું હતું.



બર્નાર્ડિનેલી-બર્નસ્ટેઇન ધૂમકેતુ

- નવેમ્બર 2010 દરમિયાન ચીલી ખાતે આવેલ એક ખગોળશાસ્ત્રીય વેધશાળામાં ડાર્ક એનર્જી સર્વે માટે હબલ ટેલિસ્કોપ દ્વારા લેવાયેલી તસવીરોનો અભ્યાસ કરી રહેલા પેડ્રો બર્નાર્ડિનેલી અને ગેરી બર્નસ્ટેઇન દ્વારા આ ધૂમકેતુની શોધ કરવામાં આવી હતી.
- તેનું કેન્દ્ર (ન્યુક્લિયસ) "C/2014 UN271' તરીકે ઓળખાય છે, જેનો વ્યાસ આશરે 129 કિ.મી. જેટલો છે.
- આ ધૂમકેતુ એક મિલિયન વર્ષથી સૂર્ય તરફ પ્રવાસ કરી રહ્યો છે અને તે ઉર્ટ ક્લાઉડમાં ઉદ્ભવ્યો હોવાનું માનવામાં આવે છે.
- ઉર્ટ ક્લાઉડ એ સૌરમંડળનો અત્યંત છેવાડાનો પ્રદેશ છે, જ્યાં મોટાભાગના ધૂમકેતુઓ આવેલા હોવાનું અનુમાન છે.
- ઉલ્લેખનીય છે કે આ વાદળ(ક્લાઉડ)ની રચના કરતા ધૂમકેતુઓ સૂર્યમંડળથી ખૂબ દૂર આવેલા હોવાથી ટેલિસ્કોપમાં ઝાંખા દેખાય છે, પરિણામે તેનું યોગ્ય અવલોકન કરવું કઠિન છે. આથી ઉર્ટ ક્લાઉડ માત્ર એક સૈદ્ધાંતિક ખ્યાલ છે અને તેની પૂર્વધારણા વર્ષ 1950માં ડચ ખગોળશાસ્ત્રી જોન ઉર્ટ દ્વારા કરવામાં આવી હતી.
- બર્નાર્ડિનેલી-બર્સ્ટેઇન ધૂમકેતુ અત્યંત લાંબી લંબગોળ ભ્રમણકક્ષામાં ભ્રમણ કરે છે, જેનો આવર્તકાળ 3 મિલિયન વર્ષ છે.
- ધૂમકેતુનું આ કેન્દ્ર મોટા ભાગના જાણીતા ધૂમકેતુઓ કરતાં લગભગ 50 ગણું મોટું અને અંદાજિત 500 ટ્રિલિયન ટનનું દળ ધરાવે છે.
- આ ધૂમકેતુનું અનુમાનિત તાપમાન -348 ડિગ્રી ફેરનહીટ (-211° ડિગ્રી સેલ્સિયસ)છે.

ધૂમકેતુ શું છે?

- ધૂમકેતુ એ મોટે ભાગે ધૂળ, ખડકો અને બરફના બનેલા મોટા ખગોળીય પદાર્થો છે, જેની પહોળાઈ સેંકડો માઈલ સુધીની હોઈ શકે છે.
- ધૂમકેતુનો અંગ્રેજી "કોમેટ" (Comet) શબ્દ લેટિન શબ્દ "કોમેટા' 'પરથી ઉતરી આવ્યો છે, જેનો અર્થ "લાંબા વાળ વાળું" (Long Haired) એવો થાય છે.
- સૌરમંડળના અન્ય સદસ્યોની જેમ ધૂમકેતુઓ પણ સૂર્યની પરિક્રમા કરે છે. જ્યારે આ ધૂમકેતુઓ સૂર્યની નજીકથી પસાર થાય, ત્યારે સૂર્યની ગરમીથી તેમાં રહેલો બરફ પીગળીને બાષ્પીભવન પામે છે તથા તેની સાથે અન્ય વાયુઓ અને ધૂળના કણો અવકાશમાં લાખો માઈલ લાંબા સાંકળા પટ્ટામાં પથરાય છે.
- આ પટ્ટો ધૂમકેતુના કેન્દ્રની પાછળ અત્યંત લાંબી પૂંછડી જેવા આકારમાં દેખાય છે, જેથી ઘણીવાર ધૂમકેતુને "પૂંછડિયા તારા" પણ કહે છે.
- જ્યારે પણ ધૂમકેતુઓ સૂર્યની ખૂબ નજીકથી પસાર થાય છે, ત્યારે તે પોતાની કેટલીક સામગ્રી ગુમાવે છે. પરિણામે સમયાંતરે તે સંપૂર્ણપણે અદૃશ્ય થઈ જાય છે.
- સૌથી પ્રખ્યાત ધૂમકેતુ "હેલીનો ધૂમકેતુ" છે, જે દર 76 વર્ષે સૂર્ય ફરતે પરિભ્રમણ પૂર્ણ કરે છે.(છેલ્લે હેલીનો ધૂમકેતુ વર્ષ 1986માં દેખાયો હતો, જે હવે વર્ષ 2062માં ફરી દેખાશે.)

IIAના વૈજ્ઞાનિકોએ નવી આકાશગંગા શોધી

- ઇંડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ એસ્ટ્રોફીઝીકસ(IIA)ના વૈજ્ઞાનિકોએ ફ્રાંસના સંશોધકો સાથે મળીને દેખાવે અસ્પષ્ટ નવી તારા રચનાવાળી આકાશગંગાની શોધ કરી છે.
- આકાશગંગા તેની ઓછી ડિસ્ક ઘનતાને કારણે ઓપ્ટિકલ ઈમેજીસમાં આછો દેખાવ ધરાવતી તારાની રચના છે.
- નવી આકાશગંગાને 'UVIT J2022' નામ આપવામાં આવ્યું છે જે લગભગ 136 મિલિયન પ્રકાશવર્ષ દૂર છે.

સંરક્ષણ વિશેષ



વિંગ્સ ઇન્ડિયા 2022 : નાગરિક ઉડ્ડયન પર એશિયાની સૌથી મોટી ઇવેન્ટ

- 24 થી 27 માર્ચ દરમિયાન નાગરિક ઉડ્ડયન મંત્રાલય, એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા(AAI) અને ફેડરેશન ઓફ ઇન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (FICCI) દ્વારા હૈદરાબાદ બેગામપેટ એરપોર્ટ ખાતે વિંગ્સ ઇન્ડિયા 2022નું આયોજન કરવામાં આવ્યું હતું.
- તેલંગાણા દ્વારા આ ઇવેન્ટની યજમાની કરવામાં આવી હતી.
- વિંગ્સ ઇન્ડિયાએ નાગરિક ઉડ્ડયન પરની એશિયાની સૌથી મોટી ઇવેન્ટ છે. જે ઉડ્ડયન ક્ષેત્રના ખરીદદારો, રોકાણકારો, નીતિ નિર્માણકારો, વિક્રેતાઓને એક મંચ પર લાવવાનું કાર્ય કરે છે.
- આ ઇવેન્ટમાં CSIR (કાઉન્સિલ ઓફ સાયન્ટિફિક એન્ડ ઇન્ડસ્ટ્રીયલ રિસર્ચ) HANSA-NG સ્વદેશી બનાવટના વિમાનનું ઉડ્ડયન પરીક્ષણ કરવામાં આવ્યું હતું.
- સ્વદેશી એર ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમના (ATMS) વિકાસ માટે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા એ ભારત ઇલેક્ટ્રોનિક્સ લિમિટેડ (BEL) સાથે કરાર કર્યા હતાં.

Asia's largest event on Civil Aviation
(Commercial, General and Business Aviation)

WINGS INDIA 2022

24th - 27th March 2022
Begumpet Airport, Sardar Patel Road, Hyderabad, India

થીમ : "ઇન્ડિયા@75: ન્યૂ હોરિઝોન ફોર એવિએશન ઇન્ડસ્ટ્રી"

વિંગ્સ ઇન્ડિયા એવોર્ડ્સ 2022

1. બેંગાલુરૂના કેમ્પેગૌડા ઇન્ટરનેશનલ એરપોર્ટે તેની ગ્રાહક કેન્દ્રિત અભિગમ, સ્માર્ટ નવીનતાઓ અને અદ્યતન ટેક્નોલોજી અપનાવવા માટે બે પુરસ્કાર જીત્યા છે.
   - જનરલ કેટેગરીમાં બેસ્ટ એરપોર્ટનો એવોર્ડ મેળવેલ છે.
   - એવીએશન ઇનોવેશન એવોર્ડ પણ મેળવેલ છે.
2. મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઇન્ટરનેશનલ એરપોર્ટ (CSMIA) એ તેની કાર્યક્ષમ કાર્યશૈલી માટે "એવિએશન સસ્ટેનેબિલિટી એન્ડ એનવાયર્નમેન્ટ" એવોર્ડ મેળવ્યો હતો.
   - CSMIA એશિયા પેસેફિકનું પહેલું એરપોર્ટ છે જેને ગ્લોબલ રિપોર્ટિંગ ઇનિશિયેટિવ (GRI) ધોરણો અનુસાર સસ્ટેનેબિલિટી રિપોર્ટ પ્રકાશિત કર્યો છે.
3. કોચીન ઇન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડ (CIAL) એ કોરોનાકાળ દરમિયાન મુસાફરોને સુરક્ષિત સેવા 'મિશન સેફગાર્ડિંગ' નામના પ્રોજેક્ટ વડે પૂરી પાડવા બદલ 'કોવિડ ચેમ્પિયન એવોર્ડ' મેળવ્યો
4. વિસ્તારા એરલાઈન્સે શ્રેષ્ઠ ડોમેસ્ટિક એરલાઇન્સ, ઉડ્ડયન ટકાઉપણુ અને પર્યાવરણ; કોવિડ ચેમ્પિયન્સ એમ ત્રણ એવોર્ડ જીત્યા હતાં.

પ્રસ્થાન કવાયત

- પશ્ચિમી નેવલ કમાન્ડ દ્વારા ઓફશોર ડેવલપમેન્ટ એરિયા ખાતે ઓફ્શોર સિકયુરિટી એકસરસાઇઝ 'પ્રસ્થાન' યોજવામાં આવી.
- પશ્ચિમી નેવલ કમાન્ડનું મુખ્યમથક મુંબઇ ખાતે છે.
- આ ઓફશોર કવાયતમાં આતંકવાદી ઘૂસણખોરી, બોમ્બ વિસ્ફોટ, જાનહાનિ, સ્થળાંતર જેવી આકસ્મિક ઘટનાઓને પહોંચી વળવા માટેનો એક અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.
- આ કવાયતમાં ભારતીય વાયુસેના, ભારતીય કોસ્ટ ગાર્ડ, મરિન પોલીસ, ONGC જેવા દરિયાઇ હિતધારકોએ ભાગ લીધો હતો.

ખંજર 2022: ભારત-કિર્ગિસ્તાન સંયુકત કવાયત

- ભારત-કિર્ગિસ્તાન દળોની સંયુકત કવાયત 'ખંજર'ની 9મી આવૃત્તિ હિમાચલ પ્રદેશના સ્પેશિયલ ફોર્સીસ ટ્રેનિંગ સ્કૂલ બકલોહ, હિમાચલ પ્રદેશ ખાતે યોજાઈ હતી.
- ભારતીય વિશેષ દળો અને કિર્ગિસ્તાનના વિશેષ દળો વચ્ચે પરસ્પર વિશ્વાસ અને કાર્યક્ષમતા વધારવાના હેતુથી વર્ષ 2011થી આ કવાયત યોજાય છે.
- આ કવાયતમાં સ્નાઈપિંગ, કોમ્બેટ શૂટિંગ, રેસક્યૂ ડ્રીલ, પહાડોમાં અસ્તિત્વ ટકાવી રાખવું જેવી વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરાઈ હતી.
- કવાયતની 8મી આવૃત્તિ કિર્ગિસ્તાનના બિશ્કેક ખાતે યોજાઈ હતી.

INS વાગશીર : પ્રોજેક્ટ-75 હેઠળની છઠ્ઠી સ્કોર્પિયન સબમરિન લોન્ચ



- 20 એપ્રિલ, 2022ના રોજ પ્રોજેક્ટ-75 હેઠળની ભારતીય નૌકાદળની કલવરી વર્ગની છઠ્ઠી અને છેલ્લી સબમરિન INS વાગશીર (yard 11880) મઝગાંવ ડોક લિમિટેડના (MDL) વેટ બેસિન ખાતે લોન્ચ કરવામાં આવી હતી.
- INS વાગશીરનું નિર્માણ MDL દ્વારા ફ્રાન્સના નેવલ ગ્રૂપના સહયોગથી કરવામાં આવ્યું છે.
- INS વાગશીરનું નામ હિંદમહાસાગરમાં મળી આવતી ઘાતક શિકારી માછલી "સેન્ડ ફિશ' પરથી રાખવામાં આવ્યું છે.

સ્કોર્પિયન સબમરિન શું છે?

- સ્કોર્પિયન સબમરિન એન્ટિ સરફેસ વોરફેર, એન્ટિ સબમરિન વોરફેર, માઈન પાથરવી, એરિયા સર્વેલન્સ, માહિતી એકત્ર કરવી જેવા વિવિધ મિશનોમાં ઉપયોગી છે.
- આ સબમરિન પાણીની અંદર અને સપાટી પર બંને ટોર્પિડો વડે જહાજ વિરોધી મિસાઇલો લોન્ચ કરવાની ક્ષમતા ધરાવે છે.
- પ્રથમ વાગશીર સબમરિન વર્ષ 1974માં નૌકાદળમાં સામેલ કરવામાં આવી હતી જેને 1997માં નિવૃત્ત કરાઇ હતી. આ નવી સબમરિન તેનું અદ્યતન સંસ્કરણ છે.

પ્રોજેક્ટ - 75 : ભારતીય નૌકાદળ માટે પ્રોજેક્ટ 75 હેઠળ મઝગાંવ ડોક શિપબિલ્ડર્સે ફ્રાન્સના નેવલ ગ્રૂપ DCNS સાથે મળીને કલવરી વર્ગની છ ડિઝલ-ઇલેક્ટ્રિક સબમરિનનું નિર્માણ ભારતમાં કરેલ છે.

- INSનો અર્થ "ઇન્ડિયન નેવલ સબમરિન" થાય છે.

નામ	સ્થિતિ
INS કલવરી	કાર્યરત (2017)
INS ખંડેરી	કાર્યરત (2019)
INS કરંજ	કાર્યરત (2021)
INS વેલા	કાર્યરત (2021)
INS વાગિર	સી ટ્રાયલ
INS વાગશીર	હાલ લોન્ચ થયેલ છે

ભારતીય નૌકાદળ (ઇન્ડિયન નેવી)

- **સ્થાપના :** 26 જાન્યુઆરી, 1950
- **સૂત્ર** : "May the Lord of Water be auspicious unto us'
- **ચીફ કમાન્ડર:** રાષ્ટ્રપતિ
- **ચીફ ઓફ નેવલ સ્ટાફ :** એડમિરલ આર. હરિકુમાર
- **ભારતીય નૌકાદળ દિવસ :** 4 ડિસેમ્બર

CHAFF ટેકનોલોજીનો ઉપયોગ કરવા IAF અને ભારતીય નૌકાદળે DRDO સાથે કરાર કર્યો



- દુશ્મનની રડાર ગાઇડેડ મિસાઇલોથી ભારતીય વાયુસેનાના એરક્રાફ્ટ્સ અને ભારતીય નૌકાદળના જહાજોને સુરક્ષિત કરવા માટે CHAFF ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે.
- IAF અને ભારતીય નૌકાદળે આ માટે ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન સાથે (DRDO) કરાર કર્યો છે.
- ભારત આ ટેકનોલોજીનો ઉપયોગ કરતા અમેરિકા બાદ બીજો દેશ બનશે.
- CHAFF ઇલેક્ટ્રોનિક કાઉન્ટરમેઝર ટેકનોલોજીની મદદથી દુશ્મનની રડાર અને રેડિયો ફ્રીકવન્સી મિસાઇલોથી ભારતીય એરક્રાફ્ટ, યુદ્ધ જહાજોને સુરક્ષિત કરશે

યૂક્રેનની સ્વદેશી મિસાઇલ નેપ્ચ્યુને રશિયાના યુદ્ધજહાજ મોસ્કવાનો નાશ કર્યો

- રશિયા અને યૂક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં યૂક્રેને તેની સ્વદેશી એન્ટિશિપ ક્રૂઝ મિસાઇલ નેપ્ચ્યુન વડે રશિયાના બ્લેક સી ફ્લીટના ફ્લેગશિપ યુદ્ધ જહાજ મોસ્કવાનો નાશ કર્યો હતો.
- યુક્રેનની નેપ્ચ્યુન મિસાઇલની ડિઝાઇન સોવિયત kh-35 એંટીશિપ મિસાઇલ પરથી લેવાઈ છે. તે 900 કિ.મી/કલાકની ઝડપથી 300km રેન્જ સુધીના લક્ષ્યોનો નાશ કરી શકે છે.
- 870 kgની આ મિસાઇલ 150kg વોરહેડ લઈ જઇ શકે છે તથા તે લક્ષ્યનો નાશ કરવા આંતરિક નેવિગેશન સિસ્ટમ અને રડાર હોમિંગ માર્ગદર્શનનો ઉપયોગ કરે છે.

NBWL દ્વારા 5 ઓકટોબરને 'રાષ્ટ્રીય ડોલ્ફિન દિવસ' તરીકે ઉજવાશે



- કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન (MoEFCC) મંત્રી ભૂપેન્દ્ર યાદવે તાજેતરમાં જાહેરાત કરી હતી કે વર્ષ 2022 થી દર વર્ષે 5 ઓકટોબરે સમગ્ર ભારતમાં 'રાષ્ટ્રીય ડોલ્ફિન દિવસ' (National Dolphin Day) ની ઉજવણી કરવામાં આવશે.
- રાષ્ટ્રીય વન્યજીવ બોર્ડ (National Board for wildlife – NBWL) ની સ્થાયી સમિતિની બેઠક દરમિયાન દર વર્ષે 5 ઓકટોબરે 'રાષ્ટ્રીય ડોલ્ફિન દિવસ' ઉજવવા અંગે નિર્ણય લેવામાં આવ્યો હતો.
- આ અંતર્ગત 5 ઓકટોબર, 2022ના રોજ પ્રથમ વખત 'રાષ્ટ્રીય ડોલ્ફિન દિવસ' ની ઉજવણી કરવામાં આવશે. આ દિવસની ઉજવણીનો ઉદ્દેશ ગંગેટિક ડોલ્ફિન સહિત ડોલ્ફિનના સંરક્ષણમાં જાગરૂકતા અને સામુદાયિક ભાગીદારીને પ્રોત્સાહિત કરવાનો છે.
- ગંગા અને તેની ઉપનદીઓમાં પાણીની ગુણવત્તા સુધારવા પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે જેથી ગંગેટિક ડોલ્ફિનના અસ્તિત્વને જાળવી શકાય.

નેશનલ બોર્ડ ફોર વાઇલ્ડલાઇફ (NBWL)

- નેશનલ બોર્ડ ફોર વાઈલ્ડ લાઈફ (NBWL) એ વન્યજીવ (સંરક્ષણ) અધિનિયમ, 1972 અંતર્ગત વર્ષ 2003માં સત્તાવાર રીતે રચાયેલું વૈધાનિક બોર્ડ (Statutory Board) છે.
- NBWLની અધ્યક્ષતા વડાપ્રધાન દ્વારા કરવામાં આવે છે. તે વન્યજીવો અને જંગલોના સંરક્ષણ અને વિકાસને પ્રોત્સાહન આપવા માટે જવાબદાર છે.
- આ બોર્ડ સરકારને વન્યજીવોના સંરક્ષણ માટે નીતિ ઘડતર અંગે સલાહ આપી શકે છે. આમ, તે એક સલાહકારી બોર્ડ છે.
- વન્યજીવ સંબંધિત બાબતોની સમીક્ષા માટે અને રાષ્ટ્રીય ઉદ્યાનો અને અભયારણ્યોની આસપાસ પ્રોજેકટ્સની મંજૂરી માટે તે એક સર્વોચ્ચ સંસ્થા તરીકે કામ કરે છે.
- NBWLની સ્થાયી સમિતિ (Standing Committee) ની અધ્યક્ષતા કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી દ્વારા કરવામાં આવે છે.
- સ્થાયી સમિતિ સંરક્ષિત વન્યજીવ વિસ્તારોમાં અથવા તેના 10 કિ.મી. ની અંદર આવતા તમામ પ્રોજેકટ્સને મંજૂરી આપે છે.

પ્રોજેકટ ડોલ્ફિન

- 'પ્રોજેકટ ડોલ્ફિન' ની શરૂઆત 'પ્રોજેકટ ટાઇગર' ની તર્જ ઉપર કરવામાં આવી હતી.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્ત્વમાં ડિસેમ્બર, 2019 માં મળેલી નેશનલ ગંગા કાઉન્સિલ (NGC) ની પ્રથમ બેઠકમાં આ પહેલની શરૂઆત કરવા અંગે સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવી હતી.
- ગંગેટિક ડોલ્ફિનને બચાવવા માટેનો આ એક 'સ્પેશિયલ કન્ઝર્વેશન પ્રોગ્રામ' છે. આ પ્રોજેકટનું અમલીકરણ કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય દ્વારા કરવામાં આવે છે.

ગંગેટિક ડોલ્ફિન

- ગંગેટિક ડોલ્ફિનએ ભારતનું 'રાષ્ટ્રીય જળચર પ્રાણી' છે. જેની જાહેરાત કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ 2009 માં કરવામાં આવી હતી.
- **વૈજ્ઞાનિક નામ** :- પ્લેટેનિસ્ટા ગંગેટિકા
- **વિશેષતા** :- ગંગેટિક ડોલ્ફિન સામાન્ય રીતે જોઇ શકતી હોતી નથી. તે અલ્ટ્રાસોનિક સાઉન્ડના માધ્યમથી તેના શિકારને પકડે છે.
- તેને **'સુસુ'** તરીકે પણ ઓળખવામાં આવે છે.

રહેઠાણ

- આ ડોલ્ફિન મુખ્યત્ત્વે ભારત, નેપાળ અને બાંગ્લાદેશમાં જોવા મળે છે.
- મુખ્યત્ત્વે ગંગા-બ્રહ્મપુત્રા-મેઘના અને કર્ણફુલી – સંગુ નદી પ્રણાલીમાં તેનો વસવાટ છે.
- તે ઘણી વખત ગંગાની ઉપનદીઓમાં પણ જોવા મળે છે.
- બિહારમાં આશરે 3,000 જેટલી ગંગેટિક ડોલ્ફિન વસવાટ કરે છે.
- ગંગેટિક ડોલ્ફિનની સંખ્યાની બાબતમાં બિહાર બાદ બીજા અને ત્રીજા ક્રમે ક્રમશ: ઉત્તરપ્રદેશ અને આસામ જેવા રાજ્યનો સમાવેશ થાય છે.

સંરક્ષણ સ્થિતિ

- વાઇલ્ડ લાઇફ (પ્રોટેકશન) એકટ, 1972 અંતર્ગત ગંગેટિક ડોલ્ફિન પ્રથમ સૂચિમાં સમાવિષ્ટ છે.
- ઇન્ટરનેશનલ યુનિયન ફોર ધ કન્ઝર્વેશન ઓફ નેચર (IUCN) ની રેડ લિસ્ટ અંતર્ગત 'Endangered' (જોખમમાં) ની સૂચિમાં તેનો સમાવેશ થયેલ છે.
- કન્વેન્શન ઓન ઇન્ટરનેશનલ ટ્રેડ ઇન એન્ડેન્જર્ડ સ્પેસીઝ (CITES) ની યાદીમાં તે 'એપેન્ડીક્ષ – I' માં સ્થાન ધરાવે છે.

વિશેષ : બિહાર અગાઉથી જ 5 ઓકટોબરે 'ડોલ્ફિન દિવસ' ની ઉજવણી કરી રહ્યું છે. પટના ખાતે એશિયાનું પ્રથમ નેશનલ ડોલ્ફિન રીસર્ચ સેન્ટર સ્થાપવામાં આવશે.



ICC મહિલા ક્રિકેટ વર્લ્ડ કપ 2022માં ઓસ્ટ્રેલિયા વિજેતા

- ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) દ્વારા તાજેતરમાં ન્યૂઝીલેન્ડ ખાતે માર્ચથી એપ્રિલ, 2022 દરમિયાન મહિલા ક્રિકેટ વર્લ્ડ કપની 12 મી આવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું.
- ન્યૂઝીલેન્ડના ક્રાઇસ્ટચર્ચમાં આવેલ હેગલી ઓવલ ખાતે ઓસ્ટ્રેલિયા અને ઇંગ્લેન્ડ વચ્ચે ફાઇનલ મેચનું આયોજન કરવામાં આવ્યું હતું.
- ઓસ્ટ્રેલિયાએ ઇંગ્લેન્ડને 71 રને હરાવી રેકોર્ડ સાતમી વખત મહિલા વિશ્વકપમાં વિજય પ્રાપ્ત કર્યો છે.
- મેગ લેનિંગે વર્લ્ડકપ દરમિયાન ઓસ્ટ્રેલિયન મહિલા ટીમની કેપ્ટનશિપ કરી હતી.



ટૂર્નામેન્ટના શ્રેષ્ઠ પ્રદર્શનો

- ઓસ્ટ્રેલિયાની એલિસા હીલીએ ફાઇનલ મેચમાં 170 રન બનાવ્યા હતા, જે વિશ્વકપ ફાઇનલમાં કોઇપણ મહિલા કે પુરૂષ ક્રિકેટર દ્વારા બનાવવામાં આવેલો સર્વોચ્ચ વ્યકિતગત સ્કોર છે, તેણી ફાઇનલ મેચમાં 'પ્લેયર ઓફ ધ મેચ' પણ જાહેર થઇ હતી.
- એલિસા હીલીને 'પ્લેયર ઓફ ધ ટૂર્નામેન્ટ' તરીકે પસંદ કરવામાં આવી હતી, તેણીએ 9 મેચોમાં 509 રન બનાવ્યા હતા. મહિલા વન-ડે ઈન્ટરનેશનલ ક્રિકેટ વર્લ્ડકપની એક જ આવૃત્તિમાં 500થી વધુ રન બનાવનાર તેણી પ્રથમ ખેલાડી બની છે.
- સૌથી વધુ વિકેટો: સોફી એકલેસ્ટોન (ઇંગ્લેન્ડ) (21 વિકેટ)
- એલિસા હીલી એક જ વર્લ્ડકપની સેમિફાઇનલ અને ફાઇનલમાં સદી ફટકારનાર પ્રથમ ક્રિકેટર બની છે.

મહિલા વર્લ્ડકપમાં વિજેતા દેશો

- એકંદરે વર્ષ 1973-2022 દરમિયાન માત્ર 3 દેશોએ મહિલા ICC વર્લ્ડકપ જીત્યો છે.
- જેમાં એકલું ઓસ્ટ્રેલિયા સૌથી વધુ 7 વખત વિજેતા બન્યું છે.

વિજેતા દેશ	કેટલી વખત	વર્ષ
ઓસ્ટ્રેલિયા	7 વખત	1978, 1982, 1988, 1997, 2005, 2013, 2022
ઇંગ્લેન્ડ	4 વખત	1973, 1993, 2009, 2017
ન્યૂઝીલેન્ડ	1 વખત	2000

વર્લ્ડકપમાં ભારતીય મહિલા ક્રિકેટરો દ્વારા રેકોર્ડ્સ

- ભારતની મહિલા બોલર ઝુલન ગોસ્વામી વર્લ્ડકપમાં સૌથી વધુ વિકેટ લેનાર બોલર બની છે. તેણીએ વર્લ્ડકપમાં કુલ 43 વિકેટો ઝડપી છે.
- ભારતીય મહિલા ક્રિકેટ ટીમની કેપ્ટન મિતાલી રાજે વર્લ્ડકપમાં સૌથી વધુ મેચોમાં (24 મેચો) કેપ્ટનશિપનો રેકોર્ડ બનાવ્યો. તેણીએ ઓસ્ટ્રેલિયન કેપ્ટન બેલિન્ડા કલાર્ક (23 મેચો) નો રેકોર્ડ તોડ્યો.
- મિતાલી રાજ 6 વન-ડે વર્લ્ડકપ રમનારી ત્રીજી ક્રિકેટર (પુરૂષ અને મહિલા સહિત) બની. મહિલા ક્રિકેટમાં આ ઉપલબ્ધિ પ્રાપ્ત કરનાર તેણી પ્રથમ ખેલાડી છે. પાકિસ્તાનના ક્રિકેટર જાવેદ મિયાંદાદ અને ભારતના સચિન તેંડુલકર 6 વન-ડે વર્લ્ડકપ રમી ચૂકયાં છે.

ICC વિમેન્સ ક્રિકેટ વર્લ્ડકપ

- તેનું સૌપ્રથમ વખત આયોજન વર્ષ 1973માં ઇંગ્લેન્ડ ખાતે થયું હતું.
- સંચાલક: ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)
- સૌથી વધુ વખત વિજતા: ઓસ્ટ્રેલિયા (7 વખત)
- સૌથી વધુ રન: ડેબી હોકલી (ન્યૂઝીલેન્ડ) (1,501 રન)
- સૌથી વધુ વિકેટો: ઝુલન ગોસ્વામી (ભારત) (43 વિકેટો)
- ભારતે વર્ષ 1978 માં સૌ પ્રથમ વખત મહિલા વર્લ્ડકપમાં ભાગ લીધો હતો.

ICC વિશે

- **મુખ્યમથક :** દુબઈ
- **સ્થાપના :** 15 જૂન ,1909
- **અધ્યક્ષ :** ગ્રેગ બાર્કલે
- **સભ્યદેશો :** 106

International Cricket Council

2022 ICC Women's Cricket World Cup

કલા અને સંસ્કૃતિ વિશેષ

યૂનેસ્કો દ્વારા વિશ્વ ધરોહર સ્થળોની કામચલાઉ યાદીમાં નેચરલ રૂટ બ્રિજનો સમાવેશ



- યુનાઇટેડ નેશન્સ એજ્યુકેશનલ, સાયન્ટિફિક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઇઝેશન(UNESCO)એ વિશ્વ ધરોહર સ્થળોની કામચલાઉ યાદીમાં મેઘાલયના લિવિંગ રૂટ બ્રિજસ (જિંગકીંગ જી)નો સમાવેશ કર્યો છે.
- હાલમાં મેઘાલયના ઉષ્ણકટિબંધીય ભૂપ્રદેશના 70 ગામોની આસપાસ લગભગ 100 જેટલા જીવંત રૂટ બ્રિજ મળી આવે છે. ખાસી અને જૈન્તિયા સમુદાયો લગભગ 600 વર્ષોથી આ બ્રિજની જાળવણી કરે છે.
- મેઘાલયવાસીઓ આ રૂટ બ્રિજનો ઉપયોગ નદી ઓળંગવા માટે કરે છે. નદીની બંને બાજુ ભારતીય રબર ફિગ ટ્રી નામના વૃક્ષો ઉગાડાય છે જે લગભગ 10 થી 15 વર્ષના સમયગાળામાં આ રૂટ બ્રિજનું નિર્માણ કરે છે.
- આ રૂટ (મૂળ) જમીનના ધોવાણ, ભૂસ્ખલનને પણ અટકાવે છે અને જમીનને સ્થિર કરે છે. આ મૂળ માત્ર પુલ વ્યવસ્થા પુરી નથી પાડતાં સાથે તેઓ વાતાવરણમાં રહેલા કાર્બન ડાયોક્સાઇડને પણ શોષી લે છે.

યુનેસ્કોની વર્ષ 2022ની કામચલાઉ યાદી

- યુનેસ્કોની વિશ્વ ધરોહર સ્થળોની કામચલાઉ યાદીમાં મહારાષ્ટ્રના કોંકણ પ્રદેશની ભૂસ્તર, શ્રી વીરભદ્ર મંદિર અને આંધ્રપ્રદેશ ખાતે આવેલ મોનોલીથિક નંદીએ સ્થાન મેળવ્યું છે.

યુનેસ્કો

- **મુખ્ય મથક :** પેરિસ(ફ્રાન્સ)
- **સ્થાપના :** 1945
- **અધ્યક્ષ :** ઓડ્રે અઝોલે

સમગ્ર ઝારખંડમાં નેચર ફેસ્ટિવલ 'સરહુલ' ઊજવાયો

- નેચર ફેસ્ટિવલ 'સરહુલ' જે ચૈત્ર મહિનાના ત્રીજા દિવસે શરૂ થાય છે અને જેઠ મહિનાના અંત સુધી ઉજવાય છે.
- આ ફેસ્ટિવલ ઝારખંડ પ્રદેશના ઓરઓન, મુંડા અને હો આદિવાસીઓ દ્વારા ઊજવવામાં આવે છે. 'સરહુલ' શબ્દનો અર્થ 'સાલ વૃક્ષની પૂજા' થાય છે તો બીજો અર્થ 'પ્રકૃતિની પૂજા' એવો થાય છે.
- ઉજવણીમાં 'પંહસ' તરીકે ઊજવાતી વિવિધ ધાર્મિક પ્રથાઓનો ઉપયોગ થાય છે.

કેન્દ્રિય મંત્રી મીનાક્ષી લેખીએ યાત્રાધામોના ઇ-દર્શનની સુવિધા પુરી પાડવા માટે 'ટેમ્પલ 360' પોર્ટલનું અનાવરણ કર્યું

- કેન્દ્રિય સંસ્કૃતિ અને વિદેશ રાજ્ય મંત્રી મીનાક્ષી લેખીએ "આઝાદી કા અમૃત મહોત્સવ" હેઠળ યાત્રાળુઓને વિવિધ યાત્રાધામોના ઇ-દર્શનની સુવિધા પુરી પાડવા માટે 'ટેમ્પલ 360' નામનું પોર્ટલ શરુ કર્યું.
- 'ટેમ્પલ 360' એ એક ડિજીટલ પ્લેટફોર્મ છે જેની મદદથી યાત્રાળુઓ કોઇ પણ સ્થળેથી પ્રખ્યાત મંદિરોની ઇ-મુલાકાત લેવા સક્ષમ બનશે જેમાં ઇ-દર્શન, ઇ-પ્રસાદ, ઇ-આરતી વગેરે સેવાઓ પુરી પાડવામાં આવશે.
- આ પોર્ટલમાં 12 જ્યોતિર્લિંગ સહિત ચાર ધામ દ્વારકા, બદ્રીનાથ, પુરી, રામેશ્વરમ તથા અન્ય સ્થળોનુ જીવંત પ્રસારણ દર્શાવવામાં આવશે.

પ્રધાનમંત્રી મોદીએ પ્રથમ લતા દીનાનાથ મંગેશકર એવોર્ડ 2022 જીત્યો

- દેશ અને સમાજ માટે નિ:સ્વાર્થ સેવા કરવા માટે પ્રધાનમંત્રી મોદીને પ્રથમ લતા દીનાનાથ મંગેશકર એવોર્ડ 2022 એનાયત કરાયો હતો.
- આ એવોર્ડ પુણે સ્થિત દીનાનાથ મંગેશકર સ્મૃતિ પ્રતિષ્ઠાન ટ્રસ્ટ દ્વારા આપવામાં આવ્યો હતો. આ ટ્રસ્ટ મંગેશકર કુટુંબ સાથે સંબંધિત છે.
- લતા મંગેશકરનો જન્મ મધ્યપ્રદેશના ઈન્દોર ખાતે થયો હતો. તાજેતરમાં મુંબઈ ખાતે તેમનું અવસાન થયુ છે.



યુ.કે. ના વડાપ્રધાન બોરિસ જોન્સનની ઐતિહાસિક ભારત મુલાકાત ; ગુજરાતની મુલાકાતે આવેલ પ્રથમ બ્રિટિશ વડાપ્રધાન

- ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આમંત્રણને પગલે યુનાઇટેડ કિંગ્ડમ(UK)ના વડાપ્રધાન બોરિસ જોન્સને તાજેતરમાં 21 અને 22 એપ્રિલ, 2022 દરમિયાન બે દિવસ માટે ભારતની મુલાકાત લીધી હતી. બ્રિટનના વડાપ્રધાન તરીકે તેઓની આ પ્રથમ ભારતયાત્રા છે.
- બોરિસ જોન્સને ભારતયાત્રાની શરૂઆત ગુજરાત ખાતેથી કરી હતી.

બોરિસ જોન્સનની ગુજરાત મુલાકાત

- ભારત પ્રવાસની શરૂઆત બોરિસ જોન્સને ગુજરાતથી કરી હતી. ગુજરાતની મુલાકાતે આવેલા બોરિસ જોન્સને અમદાવાદમાં આવેલા વિશ્વ પ્રસિદ્ધ ઐતિહાસિક ગાંધી આશ્રમની મુલાકાત લીધી હતી. ગાંધી આશ્રમની મુલાકાત દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલ પણ તેમની સાથે જોડાયા હતા.
- બોરિસ જોન્સન હૃદયકુંજમાં ગાંધીજીની પાવનભૂમિમાં આવીને ગાંધી વિચારોથી પ્રભાવિત થયા હતા.
- હૃદયકુંજના વિવિધ ખંડો નિહાળી તેઓએ ગાંધીજીને પ્રિય એવા ચરખા પર કાંતણ કર્યું હતું.
- વિઝિટર્સ બૂકમાં પોતાનો ભાવ વ્યક્ત કર્યા બાદ ગાંધી આશ્રમ તરફથી 'ગાઇડ ટુ લંડન' અને 'ઓટોબાયોગ્રાફી ઓફ મીરાબેન' એમ બે પુસ્તકો તેઓને ભેટ સ્વરૂપે આપવામાં આવ્યા હતા.

ગુજરાત બાયોટેક્નોલોજી યુનિવર્સિટીની મુલાકાત

- અમદાવાદના ગાંધી આશ્રમની મુલાકાત બાદ બોરિસ જોન્સને ગાંધીનગર સ્થિત **દેશની સૌપ્રથમ ગુજરાત બાયોટેક્નોલોજી યુનિવર્સિટીની** મુલાકાત લીધી હતી.
- ગુજરાત બાયોટેક્નોલોજી યુનિવર્સિટી દ્વારા યુનિવર્સિટી ઓફ એડિનબર્ગ સાથે કોલોબોરેશન કરવામાં આવ્યું છે જે રાજ્યની રિસર્ચ પ્રોફાઇલને મજબૂત કરશે.
- આ યુનિવર્સિટી ખાતે આગામી સમયમાં આધુનિક ટેક્નોલોજીથી સજજ ટેક્નિકલ ટેસ્ટિંગ ફેસિલિટી, કન્ટેઇન્મેન્ટ ગ્રીનહાઉસ અને રિસર્ચ બિલ્ડિંગ માટેની સુવિધાઓ પણ ઉપલબ્ધ કરવામાં આવશે.
- ત્યારબાદ બોરિસ જોન્સને ગૌતમ અદાણી સાથે મુલાકાત કરી હતી અને બાદમાં હાલોલ ખાતે આવેલા JCBના પ્લાન્ટની મુલાકાત કરી હતી. તેમજ ગાંધીનગર ખાતે આવેલા અક્ષરધામની પણ મુલાકાત કરી હતી.

નવી દિલ્હીના રાષ્ટ્રપતિ ભવનની મુલાકાત

- ગુજરાત પ્રવાસ પૂર્ણ કર્યા બાદ વડાપ્રધાન બોરિસ જોન્સન નવી દિલ્હી પહોંચ્યા હતા, જ્યાં ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી દ્વારા રાષ્ટ્રપતિ ભવન ખાતે તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું.
- બંને દેશોના વડાપ્રધાનો વચ્ચે વેપાર, વાણિજ્ય, સંરક્ષણ, સ્વચ્છ ઊર્જા જેવા ક્ષેત્રો અંગે દ્વિપક્ષીય વાટાઘાટો થઇ હતી. અને બંને પક્ષો વચ્ચે વિવિધ ક્ષેત્રો માટે MOU થયા હતા જે નીચે મુજબ છે;



2 ગવર્નમેન્ટ ટુ ગવર્નમેન્ટ MOU થયા

(i) ગ્લોબલ ઇનોવેશન પાર્ટનરશિપ (GIP)ના અમલીકરણ પર MOU

- ભારતના કેન્દ્રીય વિદેશ મંત્રાલય(MEA) અને યુ.કે. ના ફોરેન, કોમનવેલ્થ અને ડેવલપમેન્ટ ઓફિસ વચ્ચે તાજેતરમાં ગ્લોબલ ઇનોવેશન પાર્ટનરશિપ (GIP) ના અમલીકરણ માટે (MOU) થયા હતાં.
- આ હેઠળ બંને પક્ષો GIP ફંડ તરીકે 75 મિલિયન પાઉન્ડ સુધી સહ-ફાઇનાન્સ કરવા સંમત થયા હતાં. આ ફંડ અંતર્ગત ભારતીય સંશોધનો તથા નવીનતાઓને પ્રોત્સાહન આપવા બજારમાંથી વધારાના 100 મિલિયન પાઉન્ડ એકત્ર કરવાનો હેતુ પણ છે. આ ફંડની મદદથી કલાઇમેટ સ્માર્ટ સસ્ટેનેબલ ઇનોવેશનોને પ્રોત્સાહિત કરવામાં આવશે.

(ii) ગ્લોબલ સેન્ટર ફોર ન્યુક્લિયર એનર્જી પાર્ટનરશિપ (GCNEP) પર સહકાર પર MOU

- GCNEP માટેના MOU પર હસ્તાક્ષર ભારતના ડિપાર્ટમેન્ટ ઓફ એટોમિક એનર્જી (DAE) અને યુ.કે.ના ડિપાર્ટમેન્ટ ઓફ બિઝનેસ, એનર્જી એન્ડ ઇન્ડસ્ટ્રીયલ સ્ટ્રેટેજી વચ્ચે થયા હતા. જે હેઠળ બંને દેશો સંયુક્ત રીતે પરમાણુ ઊર્જા અભ્યાસ, રેડિયો એક્ટિવ એપ્લિકેશનો, પરમાણુ સુરક્ષા-સલામતી પર સંશોધન અને તાલીમને પ્રોત્સાહન આપશે. તેનાથી ભારત-યુ.કે. સિવિલ ન્યુક્લિયર કોપરેશન મજબૂત થશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા 5મી બિમસ્ટેક સમિટને વર્ચ્યુઅલ સંબોધન

- શ્રીલંકા દ્વારા યજમાનિત 5 મી બિમસ્ટેક (બે ઓફ બેંગાલ ઇનિશિયેટિવ ફોર મલ્ટિ સેકટરલ ટેકનિકલ એન્ડ ઇકોનોમિક કોઓપરેશન-BIMSTEC) ને ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ચ્યુઅલ રીતે સંબોધી હતી.
- શ્રીલંકા સપ્ટેમ્બર 2018 થી માર્ચ 2022 સુધી BIMSTEC નું અધ્યક્ષ છે. તથા વર્ષ 2022માં BIMSTEC પોતાનું 25મું સ્થાપના વર્ષ ઉજવશે.
- PM મોદીએ BIMSTECનું કાર્યકારી બજેટ વધારવા માટે ભારત તરફથી 1 મિલિયન USDનું અનુદાન જાહેર કર્યું હતું. BIMSTEC દેશોના મુક્ત વેપાર કરાર (FTA)ના પ્રસ્તાવની પૃષ્ઠભૂમિ હેઠળ આ જાહેરાત કરાઇ હતી. 4 થી BIMSTEC સમિટ નેપાળના કાઠમંડુ ખાતે યોજાઇ હતી.



થીમ : "સ્થિતિસ્થાપક પ્રદેશ, સમૃદ્ધ અર્થતંત્રો અને સ્વસ્થ લોકો તરફ

સમિટના મુખ્ય પરિણામો

- બંગાળની ખાડીના કિનારે આવેલ અને તેના પર નિર્ભરતા રાખનાર દેશોના જૂથે "BIMSTEC ચાર્ટર"ને અપનાવી હસ્તાક્ષર કર્યા હતાં.
- 1997માં BIMSTECની સ્થાપના પછી સૌ પ્રથમ વખત સહકાર ક્ષેત્રોને તર્કસંગત ચાર્ટર અપનાવાયું હતું.
- સમિટમાં 'ટ્રાન્સપોર્ટ કનેક્ટિવિટી માટે માસ્ટર પ્લાન' અપનાવાયો હતો જે BIMSTEC પ્રદેશમાં કનેક્ટિવિટી પ્રવૃત્તિઓ માટે માર્ગદર્શનનું માળખું તૈયાર કરશે.
- આ સમિટ દરમિયાન 3 કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા જેમાં, ફોજદારી બાબતોમાં કાનૂની સહાયતા માટેનો BIMSTEC કરાર અને રાજદ્વારી તાલીમના ક્ષેત્રમાં પરસ્પર સહકાર માટે કરાર થયો છે.
- તેમજ BIMSTEC ટેક્નોલોજી વિનિમય માટે મેમોરેન્ડમ ઓફ એસોસિયેશન (MOA)
- BIMSTECની સહકાર પ્રવૃત્તિઓ 7 ક્ષેત્રોમાં થશે અને દરેક ક્ષેત્રનું નેતૃત્વ સભ્ય રાષ્ટ્રોમાંથી એક કરશે. જેમાં ભારત સુરક્ષા ક્ષેત્ર, આતંકવાદ વિરોધી, ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને એનર્જીના ક્ષેત્રે નેતૃત્વ કરશે.

BIMSTEC વિશે

- **સ્થાપના :** 6 જૂન, 1997
- **મુખ્યમથક** : ઢાકા, બાંગ્લાદેશ
- **સભ્ય દેશો :** ભારત, બાંગ્લાદેશ, શ્રીલંકા, મ્યાનમાર, થાઇલેન્ડ, નેપાળ(2004 માં) અને ભૂટાન (2004 માં)

WWFના અહેવાલ મુજબ મ્યાનમારમાં ગેરકાયદેસર ઓનલાઈન વન્યજીવ વેપાર 74% વધ્યો

- "Going Viral : Myanmar's Wild life Trade escates Online" શીર્ષક વાળા વર્લ્ડવાઈલ્ડ લાઈફ ફંડ (WWF)ના અહેવાલ અનુસાર વર્ષ 2020 થી 2021 ના સમયગાળા દરમિયાન મ્યાનમારમાં ઓનલાઈન ગેરકાયદેસર વન્યજીવ વેપારમાં 74%નો વધારો થયો છે.
- અહેવાલમાં સસ્તન પ્રાણીઓ (જીવંત અને તેમના અંગો)ના વેચાણમાં 24%નો વધારો થયો છે.
- વર્ષ 2020માં 143 વિવિધ પ્રજાતિઓનું ઓનલાઈન વેચાણ થતું હતું. જે વર્ષ 2021માં 21%ના વધારા સાથે 173 પહોંચ્યું હતું.
- વર્ષ 2021માં ગ્લોબલ સ્કેન અને WWF દ્વારા હાથ ધરાયેલાં સર્વે મુજબ મ્યાનમારમાં જંગલી પ્રાણીઓનું વેચાણ બંધ કરવાના પ્રયાસોને 85% લોકો સમર્થન કરે છે.

અને 81% લોકો માને છે કે ભવિષ્યમાં થનારા રોગચાળા અટકશે.

- વૈજ્ઞાનિકોનું માનવું છે કે લોકોમાં દર 4 માંથી 3 નવા ઊભરતાં રોગો પ્રાણીઓમાંથી આવે છે પ્રાણીઓમાંથી મનુષ્યમાં પ્રસરતા રોગોને ઝુનોટિક રોગ કહે છે.
- H1N1(સ્વાઈન ફલુ), H5N1 (એવિયન ફલુ), SARS (સિવિયર એકયુટ રેસ્પિરેટરી સિન્ડ્રોમ, MERS (મિડલ ઈસ્ટ રેસ્પિરેટરી સિન્ડ્રોમ), COVID-19 જેવા રોગો ઝૂનોટિક (પ્રાણીઓમાંથી મનુષ્યમાં પ્રસરિત) રોગો છે.

WWF વિશે

- **અધ્યક્ષ:** કાર્ટર રોબર્ટ્સ
- **મુખ્યમથક:** ગ્લેન્ડ, સ્વિટઝરલેન્ડ
- **સ્થાપના:** 1961માં

શ્રીલંકામાં ગહન આર્થિક સંકટ વચ્ચે કટોકટી જાહેર



- શ્રીલંકામાં ગહન આર્થિક સમસ્યાઓ વચ્ચે રાષ્ટ્રપતિ ગોટાબાયા રાજપક્ષે 1 એપ્રિલ, 2022 ના રોજ કટોકટીની સ્થિતિ જાહેર કરી હતી.
- ચુકવણી સંતુલન (Balance of Payment – BOP) ની ગંભીર સમસ્યાને કારણે શ્રીલંકાની અર્થવ્યવસ્થા સંકટનો સામનો કરી રહી છે.
- દેશની સુરક્ષા અને આવશ્યક સેવાઓના પુરવઠાની જાળવણી માટે આ નિર્ણય કરવામાં આવ્યો છે તેવું કટોકટીના આદેશમાં જણાવવામાં આવ્યું હતું.
- શ્રીલંકામાં સુરક્ષાનો ચાંપતો બંદોબસ્ત ગોઠવાયો હતો તેમજ આર્મીની સુરક્ષા સાથે દેશમાં પેટ્રોલપંપો અને દુકાનો ખોલવામાં આવી હતી જેથી લોકો જીવન જરૂરી સામાન ખરીદી શકે.
- શ્રીલંકામાં વિદેશી હૂંડિયામણનો ભંડાર (Foreign Exchange Reserves) ઝડપથી ઘટી રહ્યો છે અને દેશ માટે જરૂરી વપરાશની વસ્તુઓની આયાત કરવી મુશ્કેલ બની રહી છે.
- હાલમાં, શ્રીલંકામાં ઉદ્ભવેલી આર્થિક કટોકટીએ આર્થિક માળખામાં ઐતિહાસિક અસંતુલન, ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF) ની લોન સંબંધિત શરતો અને સરમુખત્યારશાહી શાસકોની ગેરમાર્ગે દોરેલી નીતિઓનું પરિણામ છે.

હાલની આર્થિક સમસ્યા

- એપ્રિલ, 2019માં કોલંબોના ચર્ચોમાં થયેલા ઈસ્ટર બોમ્બ બ્લાસ્ટના પરિણામે 253 જેટલા લોકોના મોત થયા હતા. જેના પરિણામ સ્વરૂપે શ્રીલંકામાં આવતા પ્રવાસીઓની સંખ્યામાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો હતો અને વિદેશી વિનિમય અનામતમાં ઘટાડો થયો હતો.
- વર્ષ 2019માં ગોટાબાયા રાજપક્ષેની નવી આગેવાની હેઠળની સરકારે તેમના ઝુંબેશ દરમિયાન ખેડૂતો માટે ઓછા કર દરો અને વ્યાપક SOPs (Standard Operating Procedure) નું વચન આપ્યું હતું.
- આ અયોગ્ય વચનોના ઝડપી અમલીકરણે આ સમસ્યાને વધુ વકરાવી હતી.
- વર્ષ 2020માં કોવિડ-19 રોગચાળાએ ખરાબ પરિસ્થિતિને વધુ ખરાબ બનાવી.
- ચા, રબર, મસાલા અને કપડાની નિકાસને નુકસાન થયું છે.
- પ્રવાસન ઘટયું અને આવકમાં નોંધપાત્ર ઘટાડો થયો.
- સરકારી ખર્ચમાં વધારાને કારણે વર્ષ 2020-21માં રાજકોષીય ખાદ્ય (Fiscal deficit) 10 % થી વધુ થઇ ગઇ અને દેવું અને GDP રેશિયો (Debt to GDP ratio) વર્ષ 2019માં 94 % હતો તે વર્ષ 2021માં વધીને 119 % થઇ ગયો.

ભારત દ્વારા મદદ

- આર્થિક સમસ્યામાંથી બહાર લાવવા ભારતે શ્રીલંકાને વર્ષ 2022ની શરૂઆતમાં 1.4 બિલિયન અમેરિકી ડોલરથી વધુની મદદ કરી છે.
- ભારત દ્વારા ચોખા અને 40,000 ટન ડીઝલ શ્રીલંકા મોકલવામાં આવ્યું છે. તેમજ ભારતે 1 બિલિયન અમેરિકી ડોલરની ટૂંકા ગાળાની કન્સેશનલ લોન આપી હતી.

શ્રીલંકામાં આર્થિક સમસ્યાઓ માટે જવાબદાર બાબતો

- શ્રીલંકા જ્યારે વર્ષ 2009માં 26 વર્ષના લાંબા ગૃહયુદ્ધમાંથી બહાર આવ્યું ત્યારે તેની વર્ષ 2012 સુધી GDP વૃદ્ધિ વાર્ષિક 8 – 9 % જેટલી ઊંચી હતી.
- જો કે, વર્ષ 2013 પછી શ્રીલંકાનો સરેરાશ GDP વૃદ્ધિ દર લગભગ અડધો થઇ ગયો હતો કારણ કે વૈશ્વિક કોમોડિટીના ભાવમાં ઘટાડો થયો હતો તેમજ નિકાસ ધીમી પડી હતી અને આયાત વધી હતી.
- ગૃહ યુદ્ધ દરમિયાન શ્રીલંકાની બજેટ ખાદ્યમાં વધારો થયો હતો અને વર્ષ 2008ની વૈશ્વિક નાણાકીય કટોકટીએ તેના ફોરેક્સ રિઝર્વમાં ઘટાડો કર્યો હતો જેના કારણે શ્રીલંકાએ વર્ષ 2009માં IMF પાસેથી 2.6 બિલિયન ડોલરની લોન લીધી હતી.
- શ્રીલંકાએ ફરીથી વર્ષ 2016માં 1.5 બિલિયન અમેરિકન ડોલરની લોન માટે IMF નો સંપર્ક કર્યો હતો જો કે IMF ની શરતોએ શ્રીલંકાની આર્થિક સ્થિતિ વધુ ખરાબ કરી હતી.

શ્રીલંકામાં ખાતરની આયાત પર પ્રતિબંધ

- વર્ષ 2021માં શ્રીલંકામાં તમામ પ્રકારના ખાતરની આયાત પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો અને એવી જાહેરાત કરવામાં આવી હતી કે શ્રીલંકા 100 % જૈવિક ખેતી (Organic Farming) કરતો દેશ બની જશે.
- ખાતરોને લગતા આ નિર્ણયથી શ્રીલંકાના ખાદ્ય ઉત્પાદન પર ભારે અસર પડી.
- પરિણામે શ્રીલંકાના રાષ્ટ્રપતિએ ખાદ્ય પદાર્થોની વધતી કીમતો, અવમૂલ્યન થતું નાણું અને ઝડપથી ઘટતા ફોરેક્સ રિઝર્વને સમાવવા માટે આર્થિક કટોકટીની જાહેરાત કરી છે.

14મા ભારત-જાપાન શિખર સંમેલનનું નવી દિલ્હી ખાતે આયોજન



- જાપાનના વડાપ્રધાન ફુમિયો કિશિદા તાજેતરમાં ભારતની બે દિવસની મુલાકાતે આવ્યા હતા.
- આ દરમિયાન તેઓએ નવી દિલ્હી ખાતે યોજાયેલ 14મા ભારત-જાપાન શિખર સંમેલનમાં ભાગ લીધો હતો.
- તેઓએ જાપાનના વડાપ્રધાનનો ચાર્જ સંભાળ્યા બાદ ભારતની આ પ્રથમ મુલાકાત હતી. છેલ્લી ભારત-જાપાન સમિટનું આયોજન વર્ષ 2018માં જાપાનના ટોકયો ખાતે થયું હતું.
- આ શિખર સંમેલનનું આયોજન એવા સમયે થયું છે જ્યારે બંને દેશો વચ્ચે રાજદ્વારી સંબંધોની સ્થાપનાના 70 વર્ષ પૂર્ણ થયા છે.
- અગાઉ, ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતમાં અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન (AMA) ખાતે જાપાનીઝ 'ઝેન ગાર્ડન – કૈઝન એકેડેમી' નું વર્ચ્યુઅલ રીતે લોકાર્પણ કર્યું હતું.
- આ શિખર સંમેલન બંને દેશોને વિવિધ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહકારની સમીક્ષા કરવા અને તેને મજબૂત કરવાની તક પૂરી પાડે છે. તેમજ પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર એકબીજાના વિચારોની આપ-લે કરવા પ્લેટફોર્મ પૂરું પાડે છે.
- આ સંમેલન દરમિયાન બંને દેશો વચ્ચે સાયબર સુરક્ષાના ક્ષેત્રમાં માહિતી વહેંચણી, ક્ષમતા નિર્માણ કાર્યક્રમો, સહકાર, આરોગ્ય સંભાળ, સંરક્ષણ, ઈન્ફ્રાસ્ટ્રકચર વગેરે જેવા ક્ષેત્રો પર MOU થયા છે.

સ્વચ્છ ઊર્જા ભાગીદારીની શરૂઆત

- આ શિખર સંમેલન દરમિયાન ભારત અને જાપાને સ્વચ્છ ઊર્જા ભાગીદારી (Clean Energy Partnership – CEP) ની શરૂઆત કરી છે.
- જે ટકાઉ આર્થિક વૃધ્ધિ પ્રાપ્ત કરવા, ઊર્જા સુરક્ષા સુનિશ્ચિત કરવા અને આબોહવાને લગતાં પડકારોને ઉકેલવામાં મદદરૂપ થશે.
- તેમજ તેની મદદથી રોજગાર સર્જન, નવીનતા અને રોકાણને પ્રોત્સાહન મળશે.
- આ ભાગીદારીનું અમલીકરણ વર્ષ 2007 ના 'ભારત-જાપાન ઊર્જા સંવાદ' (India – Japan Energy Dialogue) અંતર્ગત હાથ ધરવામાં આવશે.
- આ ભાગીદારી અંતર્ગત બંને દેશોના પરસ્પર લાભ માટે કચરા વ્યવસ્થાપન, સ્વચ્છ સ્ટીલ, સ્વચ્છ બાંધકામ, ઈલેક્ટ્રિક વાહનો, સૌર ઊર્જા અને જળ વ્યવસ્થાપન જેવા ક્ષેત્રોમાં સહયોગ વધારવામાં આવશે.

જાપાનના વડાપ્રધાનને ચંદન કાષ્ઠના 'કૃષ્ણપંખા' ની ભેટ

- વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ જાપાનના વડાપ્રધાન ફુમિયો કિશિદાને ચંદન કાષ્ઠના 'કૃષ્ણ પંખા' ની એક વિશિષ્ટ ભેટ આપી હતી.
- ચંદન કાષ્ઠ પર કોતરણી કરેલો આ પંખો રાજસ્થાનમાં આવેલા ચુરૂના કારીગરોએ તૈયાર કર્યો છે.
- પંખાની કિનાર પર ભગવાન કૃષ્ણની વિવિધ મુદ્રાઓનું નિરૂપણ થયેલું છે.

જાપાન ભારતમાં 42 અબજ ડોલરનું રોકાણ કરશે

- જાપાને ભારતમાં તેના રોકાણના લક્ષ્યાંકને વધારીને 5 ટ્રિલિયન યેન એટલે કે 42 અબજ ડોલર કર્યો છે.
- આ રોકાણ આવતા 5 વર્ષમાં કરવામાં આવશે.
- વિકેન્દ્રીત ગંદાપાણીની સારવાર માટે જાપાનીઝ કંપનીઓ દ્વારા ભારતમાં 'જોકાસૂ ટેકનોલોજી' દાખલ કરવા એક MOU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. આ ટેકનોલોજીનો ઉપયોગ એવા વિસ્તારોમાં કરવામાં આવે છે જ્યાં સીવેજ ઈન્ફ્રાસ્ટ્રકચરનો પૂરતો વિકાસ થયો હોતો નથી.

ભારત અને જાપાનના સંરક્ષણ દળો વચ્ચે દ્વિપક્ષીય કવાયતો

કવાયતનું નામ	સંરક્ષણ દળ
JIMEX	નૌકાદળ
શિન્યૂ મૈત્રી	હવાઈદળ
ધર્મ ગાર્ડિયન	આર્મી

વિશેષ :

1) ભારત અને જાપાન બંને દેશો G – 20 અને G – 4 ના સભ્ય દેશો છે.

2) ભારત અને જાપાન બંને દેશો ક્વાડ સમૂહના સભ્ય દેશો છે. જેમાં અમેરિકા અને ઓસ્ટ્રેલિયા પણ સામેલ છે

3) બંને દેશો 'ઇન્ટરનેશનલ થર્મોન્યુકિલયર એકસપેરિમેન્ટલ રીએકટર' (ITER) ના પણ સભ્ય દેશો છે.

વ્યક્તિ વિશેષ

ડૉ. મનોજ સોની સંઘ લોક સેવા આયોગ (UPSC)ના નવા અધ્યક્ષ

- તાજેતરમાં સંઘ લોક સેવા આયોગના સદસ્ય તરીકે સેવારત ડૉ. મનોજ સોનીની આયોગના 31મા અધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવી હતી. તેમણે સંઘ લોક સેવા આયોગના અધ્યક્ષ તરીકે પ્રદિપ કુમાર જોશીનું સ્થાન લીધું છે.
- અગાઉ તેઓ ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU) અને મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી(MSU) એમ બે યુનિવર્સિટીઓના વાઇસ ચાન્સેલર તરીકે સેવા આપી ચૂક્યા છે.
- તેઓ સંઘ લોક સેવા આયોગના 31મા અધ્યક્ષ બન્યા છે તથા તેમનો કાર્યકાળ 27 જૂન, 2023ના રોજ સમાપ્ત થશે.

ડૉ. મનોજ સોની



- તેમનો જન્મ 17 ફેબ્રુઆરી, 1965ના રોજ મુંબઈમાં થયો હતો, બાદમાં વર્ષ 1978માં તેઓ મુંબઈથી આણંદમાં સ્થાનાંતરિત થયા હતા.
- તેઓ ધોરણ 5માં અભ્યાસ કરતાં હતા ત્યારે તેમના પિતાનું અકાળે અવસાન થતાં પરિવારને ટેકો આપવા અને પોતાના શિક્ષણ માટે ભંડોળ પૂરું પાડવા માટે તેમણે મુંબઈના ભૂલેશ્વર વિસ્તારમાં અગરબત્તીઓ વેચવાનું શરૂ કર્યું હતું.
- તેઓ નાની ઉંમરથી આણંદ જિલ્લાના મોગરી ખાતે આવેલા સ્વામિનારાયણ સંપ્રદાયના "અનુપમ મિશન" સાથે સંકળાયેલા છે અને 10 જાન્યુઆરી, 2020ના રોજ તેમણે "નિષ્કર્મ કર્મયોગી" (નિઃસ્વાર્થ કાર્યકર) તરીકે દીક્ષા પ્રાપ્ત કરી હતી.
- તેમણે વલ્લભવિદ્યાનગરમાં આવેલી રાજરત્ન પી.ટી. પટેલ કૉલેજમાં આંતરરાષ્ટ્રીય સંબંધો(IR) અને પોલિટિકલ સાયન્સના અભ્યાસ સાથે પોતાનું ભણતર પૂર્ણ કર્યું હતું.
- તેઓ આંતરરાષ્ટ્રીય સંબંધો અને પોલિટિકલ સાયન્સના નિષ્ણાત છે, તથા શીત યુદ્ધ પછી આંતરરાષ્ટ્રીય પ્રણાલીઓમાં થયેલા બદલાવ અને ભારત-યુ. એસ. સંબંધો પર "અંડરસ્ટેન્ડિંગ ધ ગ્લોબલ પોલિટિકલ અર્થક્વેક' શીર્ષક હેઠળ એક પુસ્તક પણ લખ્યું છે.
- તેમણે એપ્રિલ 2005 થી એપ્રિલ 2008 દરમિયાન મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી(MSU)ના વાઇસ ચાન્સેલર તરીકે અને 01 ઓગસ્ટ, 2009 થી 31 જુલાઈ, 2015 એમ સતત બે ટર્મ સુધી ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU)ના વાઇસ ચાન્સેલર તરીકે સેવા આપી હતી.
- માત્ર 40 વર્ષની વયે વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં સેવા આપનાર ડૉ. મનોજ સોની ભારતના અત્યાર સુધીના સૌથી યુવા વાઇસ-ચાન્સેલર બન્યા હતા.
- તેઓ વાઇસ-ચાન્સેલર તરીકે ફરજ બજાવતા હતા તે સમય સિવાયના વર્ષ 1991 થી 2016 વચ્ચેના સમયગાળામાં સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરમાં આંતરરાષ્ટ્રીય સંબંધો પર શિક્ષણ સેવા પણ પ્રદાન કરી છે.
- વર્ષ 2013માં લુઇસિયાના (યુ.એસ.એ.)ના મેયરે ડૉ. મનોજ સોનીને સમાજના વંચિત વર્ગોમાં આઇટી સાક્ષરતા દ્વારા સશક્તિકરણ કરવાના તેમના કાર્ય માટે "બેટન રૂજ શહેરના માનદ મેયર-પ્રમુખ" (Honorary Mayor-President of the City of Baton Rouge) વડે સન્માનિત કર્યા હતા.
- વર્ષ 2015 માં યુ.કે.ના લંડન ખાતે આવેલ ચાર્ટર્ડ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એકાઉન્ટન્ટ્સ દ્વારા ડૉ. મનોજ સોનીને ડિસ્ટન્સ લર્નિંગ લીડરશિપ માટે વર્લ્ડ એજ્યુકેશન કોંગ્રેસ ગ્લોબલ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.
- આ સિવાય તેમણે અનેક ઉચ્ચ શિક્ષણ અને જાહેર વહીવટ સંસ્થાઓના બોર્ડ ઓફ ગવર્નર્સમાં સેવા આપી છે.
- ઉપરાંત તેઓ ગુજરાતમાં બિનઅનુદાનિત વ્યાવસાયિક સંસ્થાઓના ફી માળખાને નિયંત્રિત કરવા માટે ગુજરાત વિધાનસભાના અધિનિયમ દ્વારા રચાયેલી અર્ધ-ન્યાયિક સંસ્થાના સભ્ય પણ હતા.

18 એપ્રિલ : વિશ્વ ધરોહર દિવસ (World Heritage Day)



- આપણી સાંસ્કૃતિક વિવિધતાને જાળવવા અંગે જાગૃકતા લાવવા માટે દર વર્ષે 18 એપ્રિલે 'વિશ્વ ધરોહર દિવસ' ની ઉજવણી કરવામાં આવે છે.
- આ દિવસને અન્ય 'International Day for monuments and sites' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આ દિવસ ધરોહરની વિવિધતા અને સંવેદનશીલતા અંગે જાગૃકતાને અને વિવિધ સાઇટોના સંરક્ષણ માટે જરૂરી પ્રયત્નોને પ્રોત્સાહન આપે છે.
- વર્ષ 2022ના 'વિશ્વ ધરોહર દિવસ' ની થીમ - **Heritage and Climate'** (ધરોહર અને આબોહવા) છે.

પૃષ્ઠભૂમિ

- સ્મારકો અને સાઇટો માટેના આંતરરાષ્ટ્રીય દિવસની દરખાસ્ત 'ઇન્ટરનેશનલ કાઉન્સિલ ઓન મોન્યૂમેન્ટ્સ એન્ડ સાઇટ્સ' (ICOMOS) દ્વારા 18 એપ્રિલ, 1982ના રોજ કરવામાં આવી હતી અને વર્ષ 1983માં યુનેસ્કોની સામાન્ય સભા દ્વારા તેને મંજૂરી આપવામાં આવી હતી.
- આમ, યુનેસ્કો (UNESCO) દ્વારા આ દિવસની સૌપ્રથમ વાર ઉજવણી વર્ષ 1983 માં કરવામાં આવી હતી.

ભારતમાં ધરોહર સ્થળો વિશે કેટલીક વિશેષ બાબતો

1. કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલય હેઠળ આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઇન્ડિયા (ASI) એ પુરાતત્વીય સંશોધન અને સંરક્ષણ માટે જવાબદાર ભારતની પ્રમુખ સંસ્થા છે.
2. હાલમાં, ભારતમાં 3,691 જેટલા સ્મારકો ASI દ્વારા સંરક્ષિત છે જેમાં ઉત્તરપ્રદેશમાં સૌથી વધુ 745 જેટલા સ્મારકો આવેલા છે.
3. હાલમાં, ભારતની કુલ 40 સાઇટો યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઇટમાં સમાવિષ્ટ છે, જેમાં તાજેતરમાં ધોળાવીરા (ગુજરાત) અને રામપ્પા મંદિર (તેલંગાણા) નો સમાવેશ થયો છે.
4. આ 40 સાઇટોમાં 1 મિશ્ર સાઇટ, 7 કુદરતી સાઇટો અને 32 સાંસ્કૃતિક સાઇટોનો સમાવેશ થાય છે.

ઇન્ટરનેશનલ કાઉન્સિલ ઓન મોન્યૂમેન્ટ્સ એન્ડ સાઇટ્સ (ICOMOS)

- **સ્થાપના :** 1965
- **વડુંમથક :** પેરિસ,ફ્રાન્સ
- **અધ્યક્ષ :** ટેરેસા પેટ્રિસિયો(બેલ્જિયમ)

19 એપ્રિલ : વિશ્વ યકૃત દિવસ (World Liver Day)

- યકૃત (liver) સંબંધિત વિભિન્ન બીમારીઓ અને સ્થિતિઓ તથા યકૃતના મહત્ત્વ અંગે જાગરુકતા વધારવા માટે દર વર્ષે સમગ્ર વિશ્વમાં 'વિશ્વ યકૃત દિવસ' (world liver day) ની ઉજવણી કરવામાં આવે છે.
- યકૃત માનવ પાચનતંત્રમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.
- આ દિવસની ઉજવણીનો ઉદ્દેશ લોકોને સ્વસ્થ જીવનશૈલી અપનાવવા પ્રેરિત કરવાનો પણ છે.

વિશેષ : યકૃત એ મગજ પછી બીજું સૌથી મોટું અને બીજું સૌથી જટિલ અંગ છે.

- તે માનવીના પાચન, રોગપ્રતિકારક શક્તિ, ચયાપચય અને પોષણસંગ્રહ સાથે સંકળાયેલું અગત્યનું માનવ અંગ છે
- યકૃત બ્લડ સુગરને નિયંત્રિત કરે છે તેમજ શરીરમાંથી ઝેરી પદાર્થોને દૂર કરે છે. લોહીના ગંઠાવા માટે અને કોલેસ્ટેરોલના સ્તરને નિયંત્રિત કરવામાં પણ તે મદદરૂપ થાય છે.

21 એપ્રિલ:- રાષ્ટ્રીય નાગરિક સેવા દિવસ (National Civil services Day)

- વિભિન્ન ક્ષેત્રોમાં દેશની સેવા કરવાવાળા સિવિલ સેવકોના સન્માનમાં દર વર્ષે 21 એપ્રિલે સમગ્ર ભારતમાં 'રાષ્ટ્રીય નાગરિક સેવા દિવસ' (national Civil services Day) ઉજવણી કરવામાં આવે છે.
- નાગરિક સેવા (civil services) સિસ્ટમ એ દેશના વહીવટીતંત્રની કરોડરજ્જુ છે.
- 21 એપ્રિલ, 2022 ના રોજ 15મા રાષ્ટ્રીય નાગરિક સેવા દિવસની ઉજવણી કરવામાં આવી.
- વર્ષ 2022ના 'રાષ્ટ્રીય નાગરિક સેવા દિવસ' ની થીમ- **'vision India@ 2047-Bringing Citizens and Government Closer'** છે.

21 એપ્રિલની પસંદગી કેમ?

- 21 એપ્રિલ, 1947ના રોજ દિલ્લીમાં આવેલા મેટકાફ હાઉસ ખાતે નવા નિયુકત થયેલા પ્રશાસનિક સેવાના અધિકારીઓને ભારતના પ્રથમ ગૃહમંત્રી સરદાર વલ્લભભાઈ પટેલ દ્વારા સંબોધન કરવામાં આવ્યું હતું.
- આ સંબોધન દરમિયાન વલ્લભભાઈએ આ અધિકારીઓને 'Steel Frame of India' કહ્યા હતા.
- આના સન્માનમાં કેન્દ્ર સરકારે 21 એપ્રિલને 'રાષ્ટ્રીય નાગરિક સેવા દિવસ' તરીકે ઉજવવાનો નિર્ણય કર્યો હતો.

જાહેર વહીવટમાં શ્રેષ્ઠતા માટે વડાપ્રધાન પુરસ્કાર

- રાષ્ટ્રીય નાગરિક સેવા દિવસના અવસર પર વડાપ્રધાન દ્વારા 'લોકપ્રશાસનમાં ઉત્કૃષ્ટતા માટે વડાપ્રધાન પુરસ્કાર' એનાયત કરવામાં આવે છે.
- આ પુરસ્કારોની સ્થાપના વર્ષ 2006માં કરવામાં આવી હતી.
- આ એવોર્ડ ફંકશનનું આયોજન વહીવટી સુધારણા અને જાહેર ફરિયાદ વિભાગ અને મિનિસ્ટ્રી ઓફ પર્સનલ, પબ્લિક ગ્રીવન્સીઝ એન્ડ પેન્શન દ્વારા કરવામાં આવે છે.

સવાલ-જવાબ વિશેષ

Q.1 GIF (ગ્રાફિકસ ઇન્ટરચેન્જ ફોર્મેટ) ના શોધક કોણ છે ?

A. અમેરિકન કમ્પ્યુટર વૈજ્ઞાનિક સ્ટિફન ઈ. વિલ્હાઇટ

વિશેષ : તાજેતરમાં GIF ના શોધક સ્ટિફન ઈ. વિલ્હાઇટનું કોરોના ના કારણે મૃત્યુ થયું હતું.

Q.2 તાજેતરમાં "કલાઇમેટ હેઝાર્ડસ એન્ડ વલ્નેરેબિલિટી એટલાસ ઓફ ઇન્ડિયા – સ્ટેટ : તમિલનાડુ" કોના દ્વારા લોન્ચ કરવામાં આવ્યું છે.

A. ભારતીય હવામાન વિભાગ દ્વારા વિશ્વ હવામાન દિવસ (23 માર્ચ)ની ઊજવણીના ભાગરૂપે

વિશેષ : ઇ – એટલાસ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીઓને નિવારક પગલાં લેવામાં મદદ કરશે.

Q.3 હવાસોંગ – 17 શું છે ?

A. હવાસોંગ – 17 એ તાજેતરમાં ઉત્તર કોરિયા દ્વારા પરીક્ષણ કરાયેલ એક ઇન્ટરકોન્ટિનેન્ટલ બેલેસ્ટિક મિસાઇલ છે.

Q.4 ભારતનું સૌ પ્રથમ SAI – નેશનલ સેન્ટર ઓફ એક્સલેન્સ કયાં સ્થપાશે ?

A. શિમલા, હિમાચલ પ્રદેશ

વિશેષ : હિમાચલ પ્રદેશ સરકાર દ્વારા માઉન્ટેન ટેરેન બાઇકીંગ અને સાયકલ મોટોક્રોસ રમતવીરોની તાલીમ માટે ભારતનું સૌ પ્રથમ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઇન્ડિયા – નેશનલ સેન્ટર ઓફ એક્સલેન્સ શિમલા ખાતે સ્થપાશે.

Q.5 ફિફા વર્લ્ડ કપ 2022 ને સ્પોન્સર કરનાર એકમાત્ર ભારતીય કંપની કઇ છે ?

A. Byju's

વિશેષ : ભારતની અગ્રણી એજ્યુકેશન ટેકનોલોજી પ્રદાતા કંપની Byju's કતાર ખાતે આયોજીત થનાર ફિફા વર્લ્ડ કપ – 2022ની સત્તાવાર સ્પોન્સર બની છે.

કતાર મધ્ય પૂર્વમાં ફૂટબોલના ફિફા વર્લ્ડ કપનું આયોજન કરનાર પ્રથમ દેશ બનશે.

Q.6 તાજેતરમાં HAL (હિન્દુસ્તાન એરોનોટિકસ લિમિટેડ) દ્વારા કઇ યોજના અંતર્ગત ' હિન્દુસ્તાન 228' એરક્રાફટ રજૂ કરાશે ?

A. UDAN (ઉડે દેશ કા આમ નાગરિક) યોજના હેઠળ HAL દ્વારા હિન્દુસ્તાન 228 એરક્રાફટ રજૂ કરાશે.

Q.7 ભારતનો સૌપ્રથમ ડિફેન્સ ફંડ કઇ કંપની દ્વારા શરૂ કરાશે ?

A. HDFC મ્યુચ્યુઅલ ફંડ દ્વારા HDFC ડિફેન્સ ફંડ શરૂ કરવામાં આવશે.

Q.8 શ્રીલંકાની નેવીએ ફ્લોટિંગ ડોક સ્થાપવા માટે ભારતની કઇ કંપની સાથે કરાર કર્યા છે ?

A. ગોવા શિપયાર્ડ લિમિટેડ

વિશેષ : 20 મિલિયન USDના ભારતીય અનુદાનની મદદથી ત્રિંકોમાલી નેવલ ડોકયાર્ડ ખાતે ગોવા શિપયાર્ડ લિમિટેડ ફ્લોટિંગ ડોક બનાવશે.

Q.9 રામાગુંડમ ફ્લોટિંગ સોલર પ્રોજેકટ કયાં આવેલ છે ?

A. તેલંગાણા

વિશેષ : નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન (NTPC) દ્વારા દેશના સૌથી મોટા ફ્લોટિંગ સોલર પ્રોજેક્ટની વીજ ઉત્પાદન ક્ષમતા 42.5 MW જેટલી વધારવાની માહિતી અપાઇ છે.

Q.10 તાજેતરમાં સંરક્ષણ મંત્રાલયે વ્યુહાત્મક રીતે મહત્ત્વપૂર્ણ સંરક્ષણ સિસ્ટમની કેટલી વસ્તુઓની આયાત પર પ્રતિબંધ લગાવ્યો ?

A. 107 જેટલી વસ્તુઓ

Q.11 કૌશલ્ય વિકાસ અને સાહસિકતા મંત્રાલયે કયા નૌકાદળ મથકને એન્જીનિયરિંગ ક્ષેત્રે સેન્ટર ઓફ એક્સેલન્સની માન્યતા આપી ?

A. મહારાષ્ટ્રના લોનાવાલા ખાતે આવેલ ભારતીય નૌકાદળ મથક INS શિવાજીને મરીન એન્જીનિયરિંગ ક્ષેત્રે સેન્ટર ઓફ એકસેલન્સની માન્યતા આપી.

Q.12 તાજેતરમાં મારૂતિ સુઝુકી ઇન્ડિયા લિમિટેડના નવા MD અને CEO તરીકે કોની નિમણૂક થઇ છે ?

A. જાપાનના હિસાશી તકેયૂચી

Q.13 યમુનોત્સવ શું છે?

A. આઝાદી કા અમૃત મહોત્સવની ઊજવણીના ભાગરૂપે નેશનલ મિશન ફોર કલીન ગંગા (NMCG) દ્વારા યમુનોત્સવનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં લોકોને ગંગાની ઉપનદી યમુનાની સફાઇ માટેના અભિયાનમાં જોડાવા પહેલ કરવામાં આવી છે.

Q.14 વિશ્વની સૌથી મોટી ટ્રાન્સપોર્ટેશન કંપની 'Fedex'ના CEO તરીકે કોની નિમણૂક કરવામાં આવી?

A. રાજ સુબ્રમણ્યમ

Q.15 તાજેતરમાં કેન્દ્ર સરકારે વિદેશ વેપાર નીતિને કયાં સુધી લંબાવી?

A. 30 સપ્ટેમ્બર, 2022

વિશેષ : વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે વિદેશ વ્યાપાર નીતિને 30 સપ્ટેમ્બર-2022 સુધી લંબાવી છે. આ નીતિનો કાર્યકાળ 2015-020 સુધીનો હતો પણ કોરોનાને ધ્યાનમાં લઇ તેને લંબાવી છે.

Maths Practice Questions

1 : સાદુરૂપ આપો : $\frac{(893+786)^2 - (893-786)^2}{(893 \times 786)}$

(A) 893 (B) 786

(C) 2 (D) 4

2 : $(397)^{3589} + 5$ ને 398 વડે ભાગતા કેટલી શેષ વધે ?

(A) 5 (B) 4

(C) 9 (D) 7

3 : ત્રણ અલગ અલગ સિગ્નલ પોઈન્ટ પર ટ્રાફિક લાઇટ અનુક્રમે દર 45 સેકન્ડ ,75 સેકન્ડ અને 90 સેકન્ડે બદલે છે. જો બધીજ લાઇટ એક સાથે 7 : 20 : 15 (કલાક:મિનિટ:સેકન્ડ) બદલે છે. તો ફરી પાછી એક સાથે ક્યારે બદલશે ?

(A) 7 : 28 : 00 (B) 7 : 27 : 45

(C) 7 : 27 : 30 (D) 7 : 27 : 50

4 : નીચેના વિકલ્પ માથી કયો વિકલ્પ અપૂર્ણાકોનો ચડતો ક્રમ દર્શાવે છે ?

(A) $\frac{11}{14}, \frac{16}{19}, \frac{19}{21}$ (B) $\frac{16}{19}, \frac{11}{14}, \frac{19}{21}$

(C) $\frac{16}{19}, \frac{19}{21}, \frac{11}{14}$ (D) $\frac{19}{21}, \frac{11}{14}, \frac{16}{19}$

5 : A અને B ની સરેરાશ ઉંમર 20 વર્ષ છે. A ની જગ્યા પર C ને લેવામાં આવે તો સરેરાશ 19 વર્ષ થશે અને B ની જગ્યા પર C ને લેતા સરેરશ ઉંમર 21 વર્ષ થશે. તો A, B અને C ની ઉંમર શોધો ?

(A) 20, 19, 21 (B) 18, 22, 21

(C) 22, 18, 20 (D) 20, 22, 19

6 : 1100 વિધાર્થી અને 700 વિધાર્થીની ઓએ પરીક્ષામાં ભાગ લીધો. 42% વિધાર્થીઓ અને 30% વિધાર્થીનીઓ પરીક્ષામાં પાસ થયા તો પરીક્ષામાં નાપાસ થનાર ઉમેદવાર કેટલા ટકા છે ?

(A) 58% (B) $62\frac{2}{3}$ %

(C) 64% (D) 78%

7 : એક વેપારી અમૂક વસ્તુ 1 ₹ ની 5 ના ભાવે ખરીદે અને તેજ પ્રકારની અમુક વસ્તુ 1 ₹ ની 4 ના ભાવે ખરીદે. તે બંને વસ્તુઓને મિશ્ર કરીને ₹ 2 માં 9 વસ્તુ વેચે છે . આ વ્યવહારમાં તેને ₹ 3 નું નુકશાન થયું . તો તેણે કુલ કેટલી વસ્તુ ખરીદી હશે ?

(A) 540 (B) 545

(C) 1080 (D) 1090

8 : "X" કોઈ કાર્ય 40 દિવસ માં પૂરું કરી શકે. "X"એ 8 દિવસ કાર્ય કર્યું ત્યારબાદ બાકીનું કાર્ય "Y" 16 દિવસમાં પૂરું કર્યું. જો બંને સાથે મળીને કામ કરે તો આ કાર્ય કેટલા દિવસ માં પૂરું થાય ?

(A) $13\frac{1}{2}$ દિવસ (B) 15 દિવસ

(C) 20 દિવસ (D) 56 દિવસ

9 : કોઈ રકમમાં 6 દિવસમાં સાદા વ્યાજે 60% નો વધારો થયો. તો ₹ 12000 પર 3 વર્ષ માટે તે જ વ્યાજના દરે ચક્રવૃદ્ધિ વ્યાજ કેટલું થાય ?

(A) ₹ 2160 (B) ₹ 3120

(C) ₹ 3972 (D) ₹ 6240

10 : એક કાટકોણ ત્રિકોણ ની પરીમીતી 60 સેમી છે . જો ત્રિકોણના કર્ણની લંબાઈ 26 સેમી હોઈ તો ત્રિકોણનું ક્ષેત્રફળ શોધો ?

(A) 120 cm^2 (B) 240 cm^2

(C) 390 cm^2 (D) 780 cm^2

1 - D, 2 - B, 3 - B, 4 - A, 5 - C, 6 - A, 7 - C, 8 - A, 9 - C, 10 - A

શબ્દસૂઝ (English - ગુજરાતી શબ્દભંડોળ)

સમાનાર્થી શબ્દો

ઉપવન : બગીચો

સુરવાલ : પાયજામો, ચોરણો

જણસ : ચીજ, દાગીનો

બાનુ : સન્નારી, મેડમ

ઈતર : બીજું

વિરુદ્ધાર્થી શબ્દો

અકરાંતિયું × મિતાહારી

આધ્યાત્મિક × સાંસારિક

શાણા × અણસમજું

વિશાળ × સંકુચિત

આવિર્ભાવ × નિરોભાવ

અનેકાર્થી શબ્દો

ઘન : નક્કર, ઘોડું, ઘણું, લંબાઈ, પહોળાઈ અને ઊંચાઈ વાળું, કોઈ સંખ્યાને તેનાથી જ ત્રણ વાર ગુણવાથી આવતો ગુણાકાર, વાદળું

કાંત : પ્રિય, અનુકૂળ, સુંદર, પ્રીતમ, પતિ, ચંદ્ર, કિંમતી પથ્થર, કંકુ, એક પ્રકારનું લોઢું

ઘટ : ઘડો, શરીર, હૃદય, ઘટાડો, ખોટ, ગાઢું

તોલ : વજન કરવાનું કાટલું, મોભો, ગણના (તણખલાની તોલે), તુલના (તોલ કરીને બોલો)

દોર : અમલ, સત્તા, દમામ, જાડું દોરડું, પતંગની દોરી

ઉચ્ચારણ કે વર્ણ સામ્યતાવાળા ભિન્ન અર્થભેદવાળા શબ્દો

અભિનય : વેશ ભજવવો તે	અભિનવ : તદ્દન નવું
અહિ : સાપ	અહીં : આ સ્થળે
ખચિત : જડેલું	ખચીત : અવશ્ય, જરૂર
પરમાણુ : નાનો અણુ	પરમાણું : માપ, પુરાવો
મેદની : ભીડ	મેદિની : પૃથ્વી

શબ્દ સમજૂતી

જટા : અવ્યવસ્થિત લાંબા વાળ

કૂંપળો : નવાં તાજાં ફૂટેલાં પાન

વોકળો : પાણીનો નાનો વહેળો

માંચડો : વાંસડા બાંધીને તેના ઉપર બેસી કે ઊભા રહી શકાય તેવી કરેલી ગોઠવણી

ટેકીલા : નિર્ણય ન બદલનાર, સ્વમાની

જોડણી

અશુદ્ધ	શુદ્ધ
જલ્દી	જલદી
જૂબાની	જુબાની
નિરિક્ષક	નિરીક્ષક
પ્રિયવંદા	પ્રિયંવદા
લેખિત	લિખિત

શબ્દસમૂહ

સવારે સૂર્ય ઊગતાં પહેલાં પૂર્વ આકાશમાં દેખાતા આછા રંગો : **ઉષા**

જાણવાની ઈચ્છાવાળું : **જિજ્ઞાસુ**

કોઈપણ સ્પર્ધાત્મક ક્ષેત્રમાં નોંધાયેલી મહત્તમ સિદ્ધિ : **વિક્રમ**

સવારનો નાસ્તો : **શિરામણ**

નદીકિનારાની બખોલો : **કોતર**

રૂઢિપ્રયોગ

મીટ માંડવી : નજર સ્થિર કરી જોઈ રહેવું

ડૂકી જવું : ખલાસ થઈ જવું

ખાલી ઘોડા દોડાવવા : નકામા વિચારો કરવા

વાદળ જેવું મન કરવું : હળવા ફૂલ થઈ જવું, પ્રસન્ન બની જવું

કારી ન ફાવવી : યુક્તિ સફળ ન થવી

કહેવતો

બાર ભૈયા અને તેર ચોકા : જૂથ નાનું પણ મતભેદ ઘણા.

એક ભવમાં બે ભવ કરવા : બે લગ્ન કરવા, બે સંસાર માંડવા

દાવ આવ્યે સોગટી મારવી : તક મળે તેનો લાભ લેવો.

હનુમાન હડીઓ કાઢે ને ભૂત ભૂસકાં મારે : ઘરમાં ખાવાનું ન હોવું, આર્થિક સ્થિતિ ખરાબ હોવી

સાતમાં શૂરુ ને પાંચમાં પૂરું : ગમે તેમ ગબડે એવું

પ્રેક્ટિસ પ્રશ્નપત્ર

1. નીચે દર્શાવેલ જોડકાં યોગ્ય રીતે જોડો.

a) ઝારખંડ — 1) ગંગટોક

b) ત્રિપુરા — 2) અગરતલા

c) સિક્કિમ — 3) દહેરાદૂન

d) ઉત્તરાખંડ — 4) રાંચી

A) a-b, b-3, c-4, d-1 B) b-1, a-3, c-4, d-2

C) d-3, c-1, a-4, b-2 D) a-4, b-3, d-1, c-2

2. એક ભાગાકારમાં ભાજક, ભાગફળ કરતા 10 ગણો અને શેષ કરતાં 5 ગણો છે. જો શેષ 46 હોય તો ભાજ્ય શોધો.

A) 4236 B) 4306

C) 4336 **D) 5336**

3. "એમની આંખોમાં લાગણીની ભીનાશ હતી." - અલંકાર ઓળખાવો?

A) વ્યતિરેક **B) રૂપક**

C) ઉત્પ્રેક્ષા D) ઉપમા

4. "સાંજ થઈ પણ પાણી તો એવું ને એવું જ રહ્યું." - સંયોજક દર્શાવો ?

A) તો B) ને

C) પણ D) જ

5. અલાઉદ્દીન ખિલજીએ ગુજરાતના પ્રથમ મુસ્લિમ સુબા તરીકે કોની નિમણૂક કરી ?

A) ઉલુઘખાન B) નુસરતખાન

C) આલપખાન D) ઝફરખાન

6. Navratri, ... festival is celebrated to worship goddess Durga.

A) a nine-day B) a nine-days

C) the nine-days D) nine-days

7. નીચેનામાંથી ક્યો દ્વન્દ્વ સમાસનો પ્રકાર નથી?

A) સમાનાધિકરણ B) ઈતરેતર

C) સમાહાર D) વૈકલ્પિક

8. `તે પંખીની ઉપર પથરો ફેંકતા ફેકી દીધો' - પંક્તિનો છંદ ક્યો છે ?

A) મંદાક્રાન્તા B) પૃથ્વી

C) વસંતતિલકા D) શિખરિણી

9. "અભયઘાટ" કોની સમાધિ છે ?

A) ચૌધરી ચરણસિંહ B) ઈન્દિરા ગાંધી

C) મોરારજી દેસાઈ D) રાજીવ ગાંધી

10. `દૂસરા' શબ્દને કઈ રમત સાથે સંબંધ છે ?

A) ક્રિકેટ B) ફૂટબોલ

C) હૉકી D) બેડમિન્ટન

11. મૂર્તિદેવી એવોર્ડ ક્યા ક્ષેત્ર સાથે સંલગ્ન છે ?

A) શાસ્ત્રીય સંગીત B) રંગમંચ લક્ષી કલા

C) પત્રકારત્વ **D) સાહિત્ય**

12. .....is known about that mystic saint.

A) few B) A few

C) Little D) some

13. આરોગ્ય સંબંધી ઉજવાતા દિવસોમાં નીચેના પૈકી કઈ જોડી સાચી નથી ?

A) વિશ્વ ક્ષય દિન - 24મી માર્ચ

B) વિશ્વ એઈડ્સ દિવસ -31મી ડિસેમ્બર

C) વિશ્વ આરોગ્ય દિન -7મી એપ્રિલ

D) તમાકુ વિરોધી દિન - 31મી મે

14. `નર્મદા' નો સમાસ પ્રકાર જણાવો ?

A) કર્મધારણ B) દ્વિગુ

C) ઉપપદ D) બહુવ્રીહિ

15. યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પુરો.

KM 5, IP 8, GS 11, EV 14, ...

A) BX 17 B) BY 17

C) CY 17 D) CY 18

16."ભરી લો શ્વાસમાં એની સુગંધનો દરિયો". - અલંકાર ઓળખાવો ?

A) વ્યતિરેક **B) રૂપક**

C) ઉત્પ્રેક્ષા D) સજીવારોપણ

17. I am a physician, ...?

A) wasn't I **B) aren't I**

C) isn't I D) amn't I

18. જય જવાન, જય કિસાન, જય વિજ્ઞાન સૂત્ર કોણે આપ્યું ?

A) નરેન્દ્ર મોદી **B) અટલ બિહારી વાજપેયી**

C) એ.પી.જે.અબ્દુલ કલામ D) ઈન્દિરા ગાંધી

WEBSANKUL વિશેષ : ગુજરાતની GI ટેગ ધરાવતી વસ્તુઓ

ગુજરાતની 12 વસ્તુઓ એવી છે કે જેને 'GI tag' એટલે કે 'ભૌગોલિક ઓળખ' મળેલી છે. આમાંથી બે ત્રણ વસ્તુ તો ખૂબ જાણીતી છે જેમ કે કેસર કેરી, પાટણના પટોળાં કે સંખેડાનું ફર્નિચર, પણ બાકીની વસ્તુ વિષે આપણે ખાસ જાણતા નથી. આ વસ્તુઓ વિષે આજે આપણે માહિતી મેળવીએ.

સૌ પ્રથમ જીઆઇ ટેગ સંખેડા ફર્નિચરને મળેલું છે. ભારતની વાત કરીએ તો સૌ પ્રથમ જીઆઇ ટેગ ૨૦૦૪માં દાર્જિલિંગની ચાને મળ્યું હતું. આ ટેગ જીઓગ્રાફિકલ ઈન્ડિકેશન ઓફ ગુડ્સ (રજીસ્ટ્રેશન એન્ડ પ્રોટેકશન) એક્ટ-૧૯૯૯ અંતર્ગત આપવામાં આવે છે. આ અધિનિયમ ૨૦૦૩માં અમલમાં આવ્યો.

વિશેષ ભૌગોલિક વિસ્તારમાં કોઈ ચીજવસ્તુનું ઉત્પાદન થતું હોય કે કોઈ વસ્તુને બનાવવામાં આવતી હોય એને Geographical Indication (GI) Tag એટલે કે ભૌગોલિક સંકેત આપવામાં આવે અને આવી કોઇ ચીજવસ્તુને મળતા ટેગને GI tag તરીકે ઓળખવામાં આવે છે. આવી નોંધણી ભારત સરકારના કંટ્રોલર જનરલ ઓફ પેટન્ટ ડિઝાઇન એન્ડ ટ્રેડ માર્ક્ સ ડિપાર્ટમેન્ટ દ્વારા થાય છે અને આ હસ્તકલા, કૃષિ, પ્રાકૃતિક, સાંસ્કૃતિક વિરાસતની વસ્તુ, વિશિષ્ટ ઉત્પાદન માટે GI Tag આપવામાં આવે છે. ત્યારબાદ આવી ચીજવસ્તુનું ઉત્પાદન અન્ય સ્થળે થઈ શકતું નથી અને જે-તે જગ્યા સાથે જ તેની ઓળખ જોડાયેલી રહે છે. ગુજરાતની 12 વસ્તુઓને આવી ઓળખ મળી છે.

1 સંખેડાનું ફર્નિચર



- ગુજરાતમાં પ્રવાહી વડે પ્રક્રિયા કરીને તેમજ પરંપરાગત તેજસ્વી મરુન અને સોનેરી રંગોનો સાગના લાકડાં પર પ્રયોગ કરીને બનાવવામાં આવતા ફર્નિચરને સંખેડા ફર્નિચર કહેવાય છે. ટૂંકમાં સંખેડા ફર્નિચર એ રંગબેરંગી સાગ લાકડાનું ફર્નિચર છે.
- જુદા-જુદા ૭ રંગોથી બનતા આ ફર્નિચરને સંખેડા ફર્નિચર એટલા માટે કહેવામાં આવે છે કારણ કે તે ફક્ત સંખેડા ખાતે જ બનાવવામાં આવે છે.
- આ સંખેડા ગામ વડોદરાથી ૪૫ કિલોમીટર દૂર આવેલું છે. હવે તો બ્લેક, બ્લ્યૂ, ગ્રીન, આઇવરી, કોપર, સિલ્વર બર્ગરી જેવા નવા રંગોનો ઉપયોગ કરીને પણ આ ફર્નિચર બનાવાય છે.
- આ ફર્નિચરનું ભારતમાં માર્કેટ મોટું નથી પણ પશ્ચિમ એશિયા અને યુરોપ સહિતના ઘણા દેશોમાં આની ખૂબ જ માંગ છે. પરંપરાગત ઉપરાંત વિશેષ શ્રેણીમાં સોફા સેટ, પલંગની પીઠ, બગીચાનો હીંચકો, પલંગ, ટેબલ, ઝૂલણ ખુરશી આ બધું બનાવવામાં આવે છે.
- આ ફર્નિચર દેખાવમાં નાજુક દેખાય છે પણ છે ટકાઉ. સામાજિક વ્યવહારમાં ગુજરાતીઓમાં લગ્ન દરમિયાન પરંપરાગત ભેટ તરીકે શુભ ગણાય છે. આ સંખેડા ફર્નિચર શૈલીને ૫ જુલાઇ, ૨૦૦૭ના રોજ જીઆઇ ટેગ આપવામાં આવ્યો હતો.

2 ખંભાતનું અકીક કામ



- કાર્નલિયન પથ્થરોને પવિત્ર પથ્થરો માનવામાં આવે છે. 'કેમ્બેના એગેટ' એટલે કે 'ખંભાતનું અકીક' કાર્નલિયન પથ્થરોના ઘણા ઉપયોગમાંથી એક છે. આ સુંદર પથ્થરો ઓછામાં ઓછા પંદરમી સદીથી ગુજરાતના ખંભાત ખાતે માઇન અને પોલિશ કરવામાં આવે છે.
- એક રસપ્રદ વાત એ છે કે અહીંયા ખંભાતમાં ખનિજની કોઈ ખાણ જ નથી પણ અહીંથી લગભગ ૨૦૦ કિલોમીટર દૂર રાજપીપળાથી અકીક લાવવામાં આવે છે. અકીકનો ઉપયોગ ઘરેણાં બનવાથી લઈને સજાવટ સુધીની તમામ વસ્તુમાં થાય છે.
- અકીક પીળો, ગુલાબી, કાળો, સફેદ, લીલો અને રાખોડી રંગમાં જોવા મળે છે. પણ આ બધામાં લાલ રંગનો અકીક સૌથી વધુ લોકપ્રિય છે.
- આ કળાને ૨૦૦૮માં જીઆઇ ટેગ આપવામાં આવેલો.

10 રાજકોટના પટોળાં



- રાજકોટના પટોળાં ગુજરાત રાજ્યના બે મોટા જિલ્લાઓ, રાજકોટ અને સુરેન્દ્રનગરના કુશળ કારીગરો દ્વારા તૈયાર કરવામાં છે.
- આ સાંભળીને આપણને એવું થાય કે પટોળાં તો પાટણના પ્રખ્યાત છે પણ રાજકોટના પટોળાંની ડિઝાઈન પાટણના પટોળાં કરતાં જુદી છે.
- પાટણ અને રાજકોટ બંનેના પટોળાંને વણવા માટે વપરાતી લૂમ્સ અને સાધન પણ સંપૂર્ણ રીતે અલગ છે. એટલે રાજકોટના પટોળાં પણ પાટણના પટોળાં જેટલા જ જાણીતા છે અને સાથે સસ્તા પણ.
- ખાસ વાત એ છે કે આ પટોળાં એક જ બાજુથી વણાયેલા અને રંગબેરંગી દોરાથી રંગાયેલા હોય છે.
- વર્ષ ૨૦૧૫માં રાજકોટના પટોળાંને જીઆઇ ટેગ આપવામાં આવ્યો હતો.

11 ટાંગળીયા શાલ



- ટાંગળીયા શાલની કળા મોટા ભાગે સુરેન્દ્રનગર જિલ્લામાં જોવા મળે છે.
- ઘણા લોકો આને ટાંગળીયા કે પછી ટાંગળીયાના નામે ઓળખે છે જે એક પ્રકારનું હાથવણાટ છે.
- ટાંગળીયા કાપડનો ઉપયોગ વાંકાનેર, અમરેલી, દહેગામ, સુરેન્દ્રનગર, બોટાદ, ભાવનગર અને કચ્છ જેવા વિસ્તારોના ભરવાડ સમુદાયની મહિલાઓ દ્વારા શાલ અને પહેરવાના કપડાં તરીકે કરવામાં આવે છે.
- જેને ૨૦૦૯-૧૦માં 'ટાંગળીયા શાલ'ના નામથી જીઆઇ ટેગ આપવામાં આવેલ છે.

12 કચ્છનું ભરતકામ



- કચ્છ જિલ્લાની સ્ત્રીઓ દ્વારા સુતરાઉ કાપડ પર સુતરાઉ અથવા રેશમના દોરાની મદદથી ભરતકામ કરવામાં આવે છે.
- આ ભરતકામ એ આદિવાસી સમુદાયના હાથવણાટ અને કાપડ પર કરવામાં આવતી કલા અને પરંપરા છે.
- આ વણાટ રબારી, જાટ અને મુતવા જાતિના લોકો દ્વારા હાથથી વણીને કરવામાં આવે છે.
- ૨૦૦૮-૦૯માં કચ્છી ભરતકામના શીર્ષક હેઠળ આ કળાને જીઆઇ ટેગ આપવામાં આવ્યો છે.

अतुल्य भारत की अमूल्य निधि

INVALUABLE TREASURES OF INCREDIBLE INDIA

કરંટ સુપર ફાસ્ટ

ગુજરાત વિશેષ

અમદાવાદ ખાતે 42મા સપ્તક સંગીત સમારોહનો શુભારંભ

- 13 દિવસીય શાસ્ત્રીય સંગીત સમારોહ
- સપ્તક સ્કૂલ ઓફ મ્યુઝિક દ્વારા આયોજન

દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીને અટલ રેન્કિંગમાં બેસ્ટ પર્ફોર્મર કેટેગરીમાં એવોર્ડ

ગુજરાતમાં બનશે દેશનો પ્રથમ આત્મનિર્ભર વાઈબ્રન્ટ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક

- ખંભાત, વટામણ નજીક
- વર્ષ 2030 સુધીમાં
- કેમિકલ પાર્ક ખંભાત તાલુકાના ગોલાણા ગામ પાસે શરૂ કરવામાં આવશે

NFSUમાં રિજનલ સેન્ટર અને ઈન્કયુબેશન સેન્ટર સ્થાપવા સ્પેસ એપ્લિકેશન સેન્ટર સાથે MOU

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા 'સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલીસી 2.0' લોન્ચ

- જાન્યુઆરી 2022થી માર્ચ, 2027 સુધી અમલમાં

સ્ટેચ્યૂ ઓફ યુનિટી 'કેવડિયા' રેલવે સ્ટેશન 'એકતાનગર' તરીકે ઓળખાશે

અમદાવાદની સાયન્સ સિટી ખાતે તાજેતરમાં શિક્ષણની વાઈબ્રન્ટ સમિટ અંતર્ગત નેશનલ એજ્યુકેશન પોલિસીના અમલીકરણનો રોડમેપ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે લોન્ચ

- નેશનલ એજ્યુકેશન પોલિસી (NEP) નો અમલ 20 વર્ષમાં કરવાનો છે.
- પરંતુ, ગુજરાતે NEPનો અમલ 10 વર્ષમાં એટલે કે વર્ષ 2035 સુધીમાં કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે.

ઉત્તરાયણ પર્વ દરમિયાન પક્ષીઓને બચાવવા 'કરૂણા અભિયાન'

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ દ્વારા ગુજરાતને નેટ ઝીરો અને કાર્બન ફ્રી બનાવવાના હેતુથી ગુજરાત સરકાર સાથે રૂા.5.95 લાખ કરોડના રોકાણો માટે ગાંધીનગર ખાતે MOU

- રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ ગુજરાતમાં આવતા 10 વર્ષમાં 100 ગીગાવોટ ક્ષમતાના રિન્યૂએબલ એનર્જી પાવર પ્લાન્ટ્સ સ્થાપશે તથા ગ્રીન હાઇડ્રોજન ઇકો-સિસ્ટમ ઊભી કરશે

અદાણી અને પોસ્કોનું કોલોબરેશન કચ્છ જિલ્લામાં મુંદ્રા ખાતે રૂા.37,500 કરોડના જંગી મૂડી રોકાણથી ઈન્ટિગ્રેટેડ સ્ટીલ મિલ તથા અન્ય સહયોગી પ્લાન્ટ્સ સ્થાપશે.

- આ સ્ટીલ મિલ પ્રોજેકટ વર્ષ 2026 સુધીમાં વ્યાપારી ધોરણે ઉત્પાદન કાર્યરત કરશે

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે સોમનાથ મંદિર નજીક નવા સર્કિટ હાઉસનું વર્ચ્યુઅલ ઉદ્ઘાટન

નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી (NFSU), ગાંધીનગરનું સાયબર ડિફેન્સ સેન્ટર (CDS) હવે ભારતની સૌપ્રથમ ISO / IEC 27001 પ્રમાણિત સાયબર ડિફેન્સ લેબોરેટરી બની ગઈ છે.

73મા પ્રજાસત્તાક પર્વની રાજ્યકક્ષાની ઉજવણીમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગીર સોમનાથ જિલ્લામાં વેરાવળ-પ્રભાસ પાટણના સદભાવના ગ્રાઉન્ડ ખાતે ધ્વજવંદન કર્યું હતું.

'બાલકવચ કાર્યક્રમ' અંતર્ગત અમદાવાદ જિલ્લાને ઉત્કૃષ્ટ કામગીરી બદલ રાષ્ટ્રીય કક્ષાનો ગોલ્ડ સ્કોચ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.

કેન્દ્રીય બજેટ 2022-23

- આ વર્ષનું બજેટ રૂા. 39.45 લાખ કરોડનું છે. જેના 2 ભાગ છે
- ભારતનો ચાલુ વર્ષ (2021-22)નો આર્થિક વૃદ્ધિ દર 9.2% રહેવાનું અનુમાન છે.
- રાષ્ટ્રીય રાજમાર્ગ નેટવર્કમાં 2022-23માં 25000 કિલોમીટરનો વિસ્તાર કરવામાં આવશે.
- દેશી વિશ્વ સ્તરીય ટેક્નોલૉજી તથા ક્ષમતા 'કવચ' અંતર્ગત રેલમાર્ગ નેટવર્કમાં 2000 કિલોમીટર જોડવામાં આવશે.
- આવનારા 3 વર્ષોમાં 400 'વંદે ભારત ટ્રેનો' તૈયાર કરવામાં આવશે.
- ECLGS અંતર્ગત ગેરંટી ક્વરને રૂા. 50,000 કરોડ વધારીને કુલ રૂા. 5 લાખ કરોડ કરવામાં આવશે
- ઓનલાઈન પ્રશિક્ષણ દ્વારા નાગરિકોની કુશળતા વધારવા માટે ડિજીટલ ઇકોસિસ્ટમ ફોર સ્કિલિંગ એન્ડ લિવલીહુડ (DESH-

WEBSANKUL® COMPUTER CLASSES Presents

CPT

OFFLINE BATCH STARTS : 05 / 05 / 2022 | રજીસ્ટ્રેશન શરૂ

બિન- સચિવાલય સ્પેશ્યલ

500+ કમ્પ્યૂટર ધરાવતી ગુજરાતની એકમાત્ર લેબ	એકસમાન જેવું જ વાતાવરણ ધરાવતી આધુનિક લેબ	90 - 95 % માર્કસની ગેરંટી	ફ્રી CPT બુક + પ્રેક્ટિસ બુક + સંસ્કરણો મટિરિયલ આખરે ફ્રી સાથે	30+ Words Per Minute ગેરંટી	FINGER MOTION TYPING
નવી પરીક્ષા પદ્ધતિ મુજબ શિક્ષણ	DAILY 3 HOURS પ્રેક્ટિસ	GSSSB જેવા સોફ્ટવેરમાં મોક ટેસ્ટ	FREE 5+ મોક ટેસ્ટ	વિદ્યાર્થીઓને પોતાના અનુકૂળ સમયે શિખવાની વ્યવસ્થા	CPTના અનુભવી નિષ્ણાત દ્વારા સચોટ માર્ગદર્શન

FEES ~~₹ 8500/-~~
₹ 7000/-
OFFER VALID: 15 MAY સુધી

WebSankul Computer Classes, 3rd Floor, Shree Rang Plaza 95, Gift City Road Randesan, Gandhinagar - 382009

SCAN ME

રજીસ્ટ્રેશન માટે
HELP LINE NO.
90 54 90 65 46



~~300~~ 150+30 = **180**
Shipping Charge



~~350~~ 210+30 = **240**
Shipping Charge



~~160~~ 80+30 = **110**
Shipping Charge



સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેની
ગુજરાતની સર્વશ્રેષ્ઠ એપ્લિકેશન
આજે જ ડાઉનલોડ કરો

30+
વિષય

3500+
વીડિયો
લેક્ચર્સ

2000+
કલાક

સર્વશ્રેષ્ઠ
ફેકલ્ટી
ટીમ

તમામ
પરીક્ષાઓ
માટેના કોર્સ
ઉપલબ્ધ

ટોપિક
પ્રમાણે
ટેસ્ટ

દરેક
વિષયનો
સંપૂર્ણ
અભ્યાસક્રમ

User
Friendly
App

એપ્લિકેશન વિશે વધુ માહિતી માટે નીચે આપેલ નંબર પર સંપર્ક કરવો

77 77 99 13 57 | 77 77 99 13 52 | 77 77 99 13 67 | 77 77 99 13 97

એપ્રિલ, 2022

વર્તમાન વિશેષ™

GPSC I DySO I Dy. મામલતદાર I PSI/ASI I બિન સચિવાલય ક્લાર્ક I Constable I TET / TAT I વગેરે માટે... | અંક : 01

પાક વૈવિધ્યકરણ સૂચકાંક : તેલંગાણા



11મો ખેલ મહાકુંભ

ગુજરાત બજેટ : 2022-23



રશિયા દ્વારા યૂક્રેન પર હુમલો





મિતાલી રાજ :

6 વિશ્વકપ રમનારી વિશ્વની પ્રથમ મહિલા ખેલાડી

માધવી પુરી બુચ : SEBIના

પ્રથમ મહિલા અધ્યક્ષ



પ્રથમ સ્વદેશી TCAS 'KAVACH'



ગુજરાતની નવી સ્પોર્ટ્સ પોલિસી 2022-2027





શેન વૉર્નનું નિધન

જામનગરમાં દેશના પ્રથમ WHO GCTMની સ્થાપનાને મંજૂરી

ICGS સક્ષમ ગોવા ખાતે સેવારત



કાર્બન ન્યૂટ્રલ ફાર્મિંગ પદ્ધતિ અપનાવનાર "કેરળ" દેશનું પ્રથમ રાજ્ય

WEBSANKUL® PUBLICATION

305, Shalin Galeriya, 3rd floor, Nr. RTO, Sector-4, Gandhinagar. Ph.: 7777991357 / 6358289897

GPSC Online Application

GET IT ON Google Play

WEBSANKUL®

વિશેષતાઓ

- વર્ગ 3 અને GPSCની તમામ પરીક્ષાઓ માટે ઉપયોગી
- વર્તમાન પ્રવાહના તમામ મુદ્દાઓનું વિષય મુજબ વર્ગીકરણ
- સરકારી સ્ત્રોતો તથા અન્ય અધિકૃત સ્ત્રોતોના આધારે તૈયાર કરેલું મેગેઝિન
- સાંપ્રત પરીક્ષા પદ્ધતિને ધ્યાનમાં રાખીને તૈયાર કરેલ સંપૂર્ણ પરીક્ષાલક્ષી મેગેઝિન
- ગુજરાત બજેટ 2022-23 વિશેષ
- તમામ વિષયો માટે અતિમહત્ત્વના સાંપ્રત પ્રવાહના પ્રશ્નોત્તરી સમજૂતી સાથે
- જનરલ નોલેજની વનલાઇનર પ્રશ્નોત્તરી
- ગુજરાતી, English શબ્દભંડોળ
- Maths-Reasoning Practice પ્રશ્નો
- વિશેષ મુદ્દો – ગુજરાતનું વાવસ્થાપત્ય



RS. 90/-

કૂરયિર ચાર્જ ફ્રી

Whatsapp Only

77 77 99 13 48, 96 01 60 83 48

◀◀◀ ઓર્ડર કરવા માટે આજે જ ડાઉનલોડ કરો

બુક ખરીદવા માટે અહીં CLICK કરો 👇 👇

https://rb.gy/subayx

પ્રસ્તાવના



સ્પર્ધાત્મક પરીક્ષાની વ્યાકુળ દુનિયામાં સંઘર્ષ કરતા વિદ્યાર્થી જીવનનું જો કોઇ સૌથી પ્રતિકૂળ અવયવ હોઇ તો તે સાર્થક અને સત્ય પ્રકાશિત સાહિત્ય છે. જ્યાં સુધી સત્યાર્થતાપૂર્ણ અને વિષયકુશળ વ્યક્તિત્ત્વ દ્વારા મઢેલુ અર્થસભર અને બારીકાઇથી આલેખેલું સાહિત્ય વિદ્યાર્થીવર્ગની પકડમાં નહી હોય ત્યાં સુધી તેને લક્ષ્યભેદક નિશ્ચિતતા અને આત્મવિશ્વાસ પ્રાપ્ત નહીં થાય.

હાલમાં ઉપલબ્ધ એવા ખૂબ જ ઉચ્ચકોટીના કહી શકાય તેવા વાંચન સાહિત્યથી લઇને જ્ઞાનના વિષયમાં અતિ છીછરા ગણાય તેવા ગમે તે વાંચન સાહિત્યમાં આપ જોઇ શકશો કે દરેક જગ્યાએ ગુજરાતનો દરિયાકિનારો 1,600 કિ.મી. લાંબો છે તેવું જણાવાય છે તથા આ સંદર્ભે જોવામાં આવે તો આપણી માહિતી તૃષા છીપાવતુ આ દરેક સાહિત્ય આપણી માટે સફળતાની દૃષ્ટિએ સમાન મૂલ્યાંકન ધરાવે છે.

પરંતુ આપ સૌ જાણો છો એમ આજનો સ્પર્ધાત્મક પરીક્ષા યુગ માહિતી પરિપ્રેક્ષ્યને બદલે માહિતી વિઘટન અને માહિતી અર્થઘટન પર વધારે ભાર મૂકે છે અને એમાં પણ ખાસ કરીને વર્તમાન પ્રવાહોની બાબતમાં કે જ્યાં આજનું વર્તમાન આગળની પરીક્ષા માટે ઇતિહાસ બની જતુ હોય છે, તેવા સમયે જો વર્તમાન પ્રવાહોને કોઇ અલગ ટીચિંગ-લર્નિંગ મેથડ સાથે વિદ્યાર્થીવર્ગ સમક્ષ લાવવામાં આવે તો એક જ માહિતી પુસ્તિકાથી એક સાથે ઘણા વિષયો અને ઘટનાઓનું સંકલન થઇ શકે છે. તો આજ પરિભાષા વ્યાખ્યાયિત કરવા 'WEB SANKUL PUBLICATION' દરેક બીબાઢાળ વર્તમાન પ્રવાહોની વ્યવસ્થા જડમૂળથી તોડી આપ સૌની માટે લાવી રહ્યું છે : 'વર્તમાન વિશેષ'

જેની અંદર દરેક ઘટના... દરેક માહિતી... દરેક હકીકત... તેના વર્તમાન... તેના ભૂતકાળ અને તેના ભવિષ્યને લગતી ચર્ચા-વિચારણા અને સંભાવનાથી ભરપૂર હશે. આ મેગેઝિન દ્વારા અમારો પાયાનો પ્રયાસ કોઇ પણ બાબતની સર્વ હકીકત આવરી લઇ તેમાંથી સંતૃપ્ત માહિતી સંચાર કઇ રીતે થઇ શકે અને કઇ રીતે સમગ્રલક્ષી વિશ્લેષણ દ્વારા એક જ માહિતીને અલગ-અલગ ક્ષેત્ર સાથે સંકલિત કરી જ્ઞાનકલાને વધુ ઘટાટોપ કઇ રીતે બનાવી શકાય તે છે.

WebSankul Team

Editor

વિકાસ પટેલ

Executive Editor

કાર્તિક બારડ, નિતિન નંદાણિયા

Faculty Team

અકરમ શેરસિયા, ભરત નકુમ, શૈલેષ હડિયા, રવિરાજ ડાભી, પ્રશાંત ચૌહાણ, જીજ્ઞેશ ગઢિયા, વિશાલ સોલંકી, જય ડોબરિયા, સુરજ ભટ્ટ, પાર્થલ સલ્લા, યાજ્ઞિક સભાયા, બકુલ પરમાર, તરુણ કતારીયા

Content Team

કાનજી કુછડિયા, સુરજ પટેલ, ઝાલા યોગેશકુમાર, દક્ષાબા રાણા, ક્રિષ્ના ધોરજીયા, ચૌહાણ કુલદીપસિંહ, સંદીપ પ્રજાપતિ, પ્રકાશકુમાર પ્રજાપતિ, જીગર દરજી, પટેલ મયુરભાઈ, ધ્રુપદ પટેલ, સંજય સોનગરા, ભાવસિંહ સરવૈયા, અપૂર્વ પાંચોટીયા, કીર્તિકુમાર રાઠોડ, યશવંતકુમાર પરમાર

Typing Team

ખુશ્બુ સોલંકી, પ્રિયંકા લેઉઆ, પૂજાબા રાઠોડ, હિતેન્દ્રસિંહ રાજપાલ, બિનલ વનરાજ, હિમાંશીબેન રાઓલ, કોમલ પરમાર, કોમલ પ્રજાપતિ, મિતલ નાણાવટી, કોમલ રાવળ, નરેન્દ્રભાઈ ગોહિલ, ઋત્વાબેન દવે, વાઘેલા ધારાબેન, પ્રકાશભાઈ પરમાર, મહંમદઇલિયાસ દાણી, અંસારી બસીરૂદ્દીન નિઝામુદ્દીન, કરણસિંહ ગોહિલ, સુરેખાબેન બરંડા, ભાવનાબેન પટેલ, દેવેન્દ્રભાઈ ઠક્કર, ચેતનભાઈ નાયી, અજય રબારી

Designing Work

અંશ વાછાણી, મહેશ રખિયાણીયા, પ્રશાંત દરજી, મેહુલ ચૌહાણ, કિશન બુટાણી, હાર્દિક લાખાણી, ધ્રુવ ચૌહાણ,

વર્તમાન વિશેષ એપ્રિલ 2022



ગુજરાતના તમામ મહેનતુ વિધાર્થીઓને અર્પણ

Book Name : વર્તમાન વિશેષ એપ્રિલ 2022

Copyright© : WebSankul®

Pages : 136

Price : Rs. 90/-

Book Design : WebSankul

Email : publication@websankul.com

Contact No : 77 77 99 13 48, 96 01 60 83 48

Website : www.websankul.com

© Strictly reserved with the Editor

No Part of this Publication may be reproduced or distributed in any form or by any means, electronic, mechanical, photocopying, recording or otherwise or stored in a database or retrieval system without prior written permission of the publishers.

સંપાદક તથા પ્રકાશક દ્વારા પુસ્તકના તમામ તથ્યોની યોગ્યતા તપાસમાં આવી છે, તેમ છતાં કોઈપણ ક્ષતિ માટે પ્રકાશક, સંપાદક, મુદ્રક જવાબદાર રહેશે નહીં.

Index

ગુજરાત બજેટ 2022-23 વિશેષ 01

ગુજરાતની સાંપ્રતિક ઘટનાઓ : યોજનાઓ, લોકાર્પણો, દિવસો, જાહેરાતો, કાર્યક્રમો અને અન્ય બાબતો

- પદ્મશ્રી દુલાભાયા કાગની જન્મભૂમિ મજાદર ખાતે 'કાગ ઉત્સવ' ની ઉજવણી..... 32
- કેન્દ્રીય મત્સ્યપાલન મંત્રી પુરૂષોત્તમ રૂપાલા દ્વારા ગુજરાતમાં 'સાગર પરિક્રમા' ની શરૂઆત..... 33
- વિધાનસભામાં ગુજરાત ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી (સુધારા) વિધેયક - 2022 પસાર..... 33
- એશિયાટિક સિંહોનું સંરક્ષણ અને સંવર્ધનની કામગીરી 'સિમ્બા' (SIMBA) સોફ્ટવેરથી થશે..... 34
- તાતા દ્વારા સ્થપાનારી ઇન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સ્કિલ્સ માટે ગાંધીનગર ખાતે ત્રિપક્ષીય કરાર..... 35
- દેશમાં પ્રથમ વખત ગુજરાતમાં CBRND બંકર્સ અને ઉત્પાદન સુવિધાનો પ્રારંભ..... 36
- ગુજરાતની પ્રસિદ્ધ 'વીર સાવરકર સમુદ્ર તરણ સ્પર્ધા' પૂર્ણ..... 36
- 'સિગ્નલ સ્કૂલ પ્રોજેક્ટ'..... 37
- જામનગરમાં દેશના પ્રથમ WHO GCTM ની સ્થાપનાને મંજૂરી..... 37
- ગુજરાતની નવી સ્પોર્ટ્સ પોલિસી-2022..... 38
- વડાપ્રધાનને હસ્તે અમદાવાદ ખાતેથી 11 મા 'ખેલ મહાકુંભ' નો શુભારંભ..... 41

વિવિધ ક્ષેત્ર વિષયક પુરસ્કારો, પારિતોષિકો, સન્માનો, બહુમાનો, સ્પર્ધા વિજેતાઓ

- 'નારી શક્તિ પુરસ્કાર'..... 41
- 'ધરતી મિત્ર પુરસ્કાર'..... 44
- અમેરિકી ગણિતશાસ્ત્રી ડેનિસ પર્નેલ સુલીવાને એબેલ પુરસ્કાર 2022 પ્રાપ્ત કર્યો..... 44
- ડીબેડો ફ્રાન્સિસ કેરે પ્રિત્ઝર (Pritzker) પુરસ્કાર મેળવનારા પ્રથમ આફ્રિકન સ્થાપત્યકાર બન્યા..... 45

વિજ્ઞાન અને ટેક્નોલોજી ક્ષેત્રનો તાજેતરનો ઘટનાક્રમ : અવકાશ ક્ષેત્ર, નવીન ટેક્નોલોજીઓ, વિવિધ મિશનો

- પુણે ખાતે ઇન્ટરનેશનલ મોન્સુન્સ પ્રોજેક્ટ ઓફિસ શરૂ કરવામાં આવી..... 46
- રેલ અકસ્માતો ટાળવા માટે ભારતના પ્રથમ સ્વદેશી TCAS 'કવચ' નું સફળતાપૂર્વક પરીક્ષણ..... 46
- કેનેડાએ વિશ્વની સૌપ્રથમ છોડ આધારિત 'કોવિફેન્ઝ' કોવિડ-19 રસીને મંજૂરી આપી..... 47
- પરમ ગંગા સુપર કોમ્પ્યુટર..... 48
- તમિલનાડુમાં ફ્લોટિંગ સોલાર પ્રોજેક્ટની સ્થાપના..... 49
- સ્થિતિસ્થાપક પાક (Resilient Crops) પર IARI સંશોધન..... 49
- ડ્રોન આધારિત ખનિજ સંશોધન માટે NMDC એ IIT ખડગપુર સાથે MOU પર હસ્તાક્ષર કર્યા..... 50
- આયુષ મંત્રાલય દ્વારા રુમેટોઇડ સંધિવાના ઉપચાર માટે આયુર્વેદ મુજબ ક્લિનિકલ ટ્રાયલ શરૂ કરાયા..... 50
- મેન - પોર્ટેબલ એર ડિફેન્સ સિસ્ટમ (MANPADS)..... 51
- ગ્રીન હાઇડ્રોજન ફ્યુઅલ સેલ ઇલેક્ટ્રિક વાહન..... 51

રમત-ગમત વિશ્વની ઝાંખી : વિવિધ રમતોત્સવો, વ્યક્તિગત સિદ્ધિઓ, એવોર્ડ્સ, ચેમ્પિયનશિપ

- મિતાલી રાજ : 6 વિશ્વકપ રમનારી વિશ્વની પ્રથમ મહિલા ખેલાડી..... 52

Index

- સુરેશ રૈના માલદીવ સરકાર દ્વારા 'સ્પોર્ટ્સ આઇકોન' એવોર્ડથી સન્માનિત..... 52
- પંકજ અડવાણીએ 8મી વખત એશિયન બિલિયર્ડ્સનો ખિતાબ જીત્યો..... 53

આંતરરાષ્ટ્રીય ઘટનાક્રમ - સંધિઓ , સંમેલનો , સંસ્થાઓ , સંવાદ તથા અન્ય મહત્ત્વની ઘટનાઓ

- યુરોપીયન સ્પેસ એજન્સીએ તેમના લાંગ્રાંજ સૌર હવામાન મિશનનું નામ બદલ્યું..... 53
- રશિયા દ્વારા યૂક્રેન પર હુમલો..... 54
- રશિયન બેંકો 'SWIFT' માંથી બાકાત..... 56
- રશિયા દ્વારા યુરોપના સૌથી મોટા પરમાણુ પાવર પ્લાન્ટ 'ઝાપોરિઝ્ઝિયા' કબજે..... 56
- રશિયા પર થર્મોબેરિક શસ્ત્રોનો ઉપયોગ કર્યો હોવાનો આરોપ..... 57
- વિશ્વના સૌથી મોટા કાર્ગો પ્લેન એંતોનોવ AN-225ને રશિયન ટ્રૂપ દ્વારા તોડી પાડવામાં આવ્યું..... 58
- ઈરાનનો નૂર 2 ઉપગ્રહ..... 58
- માનવતાવાદી કોરિડોર (Humanitarian Corridors)..... 58
- UN-WMO દ્વારા ક્લાઇમેટ અર્લી વોર્નિંગ સિસ્ટમની જાહેરાત કરાઇ..... 60
- જિનિવા સંમેલન ગાઇડલાઇન્સ (Geneva Conventions Guidelines)..... 61

બહુવિધ ક્ષેત્રો અને વિષયોના અહેવાલો તથા સૂચકાંકો અને તેમાં ભારતની સ્થિતિ

- સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (SDG) ઇન્ડેક્સ 2021 જાહેર ; ભારત 120મા ક્રમાંકે, ફિનલેન્ડ ટોચ પર..... 61
- આબોહવા પરિવર્તન પર IPCC દ્વારા અહેવાલ રજૂ કરાયો..... 62
- ઈન્ટરનેશનલ ઇન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી ઇન્ડેક્સ 2022ની જાહેરાત..... 63
- UDISE+ પર શિક્ષણ મંત્રાલયે ભારતીય શાળા શિક્ષણ પરનો અહેવાલ રજૂ કર્યો..... 63
- વિશ્વની સૌથી પ્રદૂષિત રાજધાની: દિલ્લી..... 64
- વર્લ્ડ હેપ્પિનેસ રિપોર્ટ -2022..... 65
- એક્સપોર્ટ પ્રિપેર્ડનેસ ઇન્ડેક્સમાં ગુજરાત સતત બીજી વાર પ્રથમ ક્રમે આવ્યું..... 65
- પાક વૈવિધ્યકરણ સૂચકાંક (Crop Diversification Index)..... 65

આર્થિક જગતની ગતિવિધિઓ - વ્યાપાર , બેન્કિંગ , નવી પહેલો , નીતિઓ , યોજનાઓ

- કેન્દ્રીય કેબિનેટ દ્વારા 'ઓટોમેટિક રૂટ' હેઠળ LIC માં 20 % સુધીના FDI ને મંજૂરી..... 66
- RBI દ્વારા બે મહત્ત્વની સુવિધાઓ 'UPI123Pay' અને 'ડિજીસાથી' લોન્ચ..... 67
- ગિફ્ટ સિટીમાં ન્યૂ ડેવલપમેન્ટ બેંકની (New Development Bank) શરૂઆત..... 68
- Phone Pe એ ફ્રીલાન્સ માઇક્રો ઉદ્યોગ સાહસિકો માટે ટોચનું નેટવર્ક, Gig India (ગિગ ઇન્ડિયા) હસ્તગત કર્યું.... 68
- વુમેન ટ્રાન્સફોર્મિંગ ઇન્ડિયા એવોર્ડની 5 મી આવૃત્તિ (Niti Aayog)..... 69
- BPCL નોન ઇન્ટરનેટ વપરાશકર્તાઓને ડિજિટલ પેમેન્ટ ઓફર કરનાર પ્રથમ કંપની..... 69
- ભારતનું પ્રથમ મેક ઇન ઇન્ડિયા ડ્રેજર..... 69
- વિશાખાપટ્ટનમ 'એક રાષ્ટ્ર, એક ઉત્પાદન'ના અમલીકરણ માટે પૂર્વ કિનારાનું પહેલું રેલ્વે સ્ટેશન બનશે..... 70

Index

- અદાવી આદિવાસી બ્રાન્ડ..... 70

પર્યાવરણલક્ષી સાંપ્રત પ્રવાહો પર એક નજર

- વર્લ્ડ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ સમિટ 2022 નું આયોજન..... 70
- પશ્ચિમઘાટમાં તાજા પાણીના દેડકાની નવી પ્રજાતિ 'ચુફિલક્ટિસ જલધારા' મળી આવી..... 71
- CSEનો સ્ટેટ ઓફ ઇન્ડિયાઝ એન્વાયર્નમેન્ટ રિપોર્ટ 2022..... 72
- Glycosmis albicarpa (ગ્લાયકોસ્મિસ અલ્બીકાર્પા)..... 73
- ભારત-બેલ્જિયમ રાજદ્વારી સંબંધોના 75 વર્ષની ઉજવણી..... 74
- તમિલનાડુના 'નરિસંગપેટ્ટઇ નાગસ્વરમ'ને GI ટેગ..... 74
- ભારતની આર્કટિક પોલિસી..... 74
- કલાઇમેટપ્રેનરશિપ..... 75
- કાર્બન - ન્યુન્ટ્રલ ફાર્મિંગ..... 76

શાસનલક્ષી નીતિ નિર્ણયો : કલ્યાણ યોજનાઓ, નવી પહેલો, અભિયાનો, વિકાસાત્મક કાર્યક્રમો

- કેન્દ્રીય MSME મંત્રી દ્વારા મહિલાઓ માટે સ્પેશિયલ આંત્રપ્રિન્યોરશિપ પ્રમોશન ડ્રાઇવ - 'SAMARTH' લોન્ચ..... 76
- 'નેશનલ પોલિયો ઇમ્યુનાઇઝેશન ડ્રાઇવ, 2022' લોન્ચ..... 77
- યુદ્ધગ્રસ્ત યૂક્રેનમાંથી ભારતીયોને પરત લાવવા કેન્દ્ર સરકાર દ્વારા 'ઓપરેશન ગંગા' ની શરૂઆત..... 77
- પોલિએસ્ટરના બનેલા રાષ્ટ્રધ્વજની આયાત અને ઉત્પાદનને મંજૂરી..... 78
- કેબિનેટે નેશનલ લેન્ડ મોનેટાઇઝેશન કોર્પોરેશનની સ્થાપનાને મંજૂરી આપી..... 79
- મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે 'કન્યા શિક્ષા પ્રવેશ ઉત્સવ અભિયાન' શરૂ કર્યું..... 79
- 'હાઇબ્રિડ' સુરક્ષા મોડલનો પ્રસ્તાવ 80
- 'સંભવ' અને 'સ્વાવલંબન'(Sambhav & Svavlamban) પહેલ..... 81
- ગૂગલ અને MeitY દ્વારા સ્ટાર્ટઅપ્સને એપ્લિકેશન નિર્માણ માટે સહાય..... 81
- વ્હાઇટ ગુડ્સ માટે PLI સ્કીમ..... 82
- ઈ-બિલ પ્રોસેસિંગ સિસ્ટમ (E-bill Processing System)..... 82
- દિશાંક એપ : કર્ણાટક..... 83
- દેશની પ્રથમ પેપરલેસ રાજ્ય વિધાનસભા - નાગાલેન્ડ..... 84
- એકવામેપ (AQUAMAP) વોટર મેનેજમેન્ટ અને પોલિસી સેન્ટર..... 84
- ગ્રે વોટર મેનેજમેન્ટ માટે સુજલામ 2.0 અભિયાન લોન્ચ કરાયું..... 84
- યુનિક લેન્ડ પાર્સલ આઈડેન્ટિફિકેશન નંબર (Unique Land Parcel Identification- ULPIN)..... 85
- બહીનીયોજના..... 86

કલા - સંસ્કૃતિની બાબતો : ઉત્સવો, વારસો, દિવસો

- ઝરોખા- ભારતીય હસ્તકલાનું સંકલન..... 86

Index

- થેય્યમ (Theyyam)..... 86
- પશ્ચિમ બંગાળમાં 'ડોલ ઉત્સવ'ની ઉજવણી..... 87

સંરક્ષણ સંબંધિત બાબતો : સૈન્ય અભ્યાસ, સંધિઓ, રક્ષા ટેક્નોલોજી, ઉપકરણો, હથિયારો, ઉદ્યોગો

- ભારત-જાપાન વચ્ચે ત્રીજી ધર્મ ગાર્ડિયન-2022 કવાયત યોજાઇ..... 87
- ભારતીય નૌકાદળ દ્વારા વિસ્તૃત રેન્જ બ્રહ્મોસ લેન્ડ એટેક મિસાઇલનું સફળ પરીક્ષણ..... 87
- INS વિશાખાપટ્ટનમને વિશાખાપટ્ટનમ પોર્ટ ખાતે કાર્યરત કરાયું..... 88
- ભારત અને શ્રીલંકાના નૌકાદળો વચ્ચે નવમી SLINEX કવાયત યોજાઇ..... 88
- ફ્લાઇંગ ટ્રેનર HANSA-NG..... 89
- ઇન્ડો-પેસિફિક મિલિટરી હેલ્થ એક્સચેન્જ કોન્ફરન્સ..... 89
- ઇન્ડિયન કોસ્ટ ગાર્ડ શિપ (ICGS) નું પાંચમું ઓફ શોર પેટ્રોલિંગ જહાજ સક્ષમ ગોવા ખાતે સેવારત..... 90
- લામિત્ય (LAMITIYE) -2022 : સંયુક્ત લશ્કરી કવાયત..... 91
- DAC એ પ્રથમ વખત iDEX સ્ટાર્ટ-અપ્સ પાસેથી સંરક્ષણનો સામાન પ્રાપ્ત કરવાની મંજૂરી આપી..... 91
- ભારત અને ઉઝબેકિસ્તાન વચ્ચે - એક્સ દસ્તલિક (Ex-DUSTLIK)..... 91

સરકારના વિકાસ અને કલ્યાણલક્ષી કાર્યક્રમો, નવીન યોજનાઓ અને અભિયાનો

- આયુષમાન ભારત ડિજિટલ મિશનને કેબિનેટની મંજૂરી મળી..... 92
- MSME ઇનોવેટિવ સ્કીમ..... 93
- સ્વતંત્રતા સૈનિક સમ્માન યોજના..... 93

ક્ષેત્ર વિશેષમાં વિવિધ નિમણૂકો અને શપથો

- અર્જન કુમાર સિકરીની ચારધામ પ્રોજેક્ટ પરની કમિટીના અધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવી..... 94
- SEBIના પ્રથમ મહિલા અધ્યક્ષ તરીકે માધવી પુરી બૂચની નિમણૂક કરાઇ..... 94
- TCS ના નવા MD અને CEO તરીકે રાજેશ ગોપીનાથની ફરી વખત નિમણૂક..... 95
- એશિયન ક્રિકેટ કાઉન્સિલ (ACC) ના પ્રેસિડન્ટ જય શાહના કાર્યકાળમાં વધારો..... 95

સમાચારમાં વ્યક્તિઓ

- વિશ્વના મહાન બોલર શેન વોર્નનું નિધન..... 96

દિવસોની વિશેષતા અને મહત્ત્વ 97

સવાલ - જવાબ સીરીઝ : અતિ મહત્ત્વપૂર્ણ પરીક્ષાલક્ષી સવાલો, જવાબો અને સમજૂતીઓ 113

- **Maths Practice Questions**..... 120
- **Reasoning Practice Questions**..... 121
- **શબ્દસૂઝ (English-ગુજરાતી શબ્દભંડોળ)**..... 122
- **પ્રેક્ટિસ પ્રશ્નો : વનલાઇનર**..... 124
- **વિશેષ મુદ્દો : ગુજરાતની સાંસ્કૃતિક વિરાસતમાં વાવ સ્થાપત્ય**..... 126



ગુજરાત બજેટ 2022-23

ગુજરાત બજેટ 2022-23

» ગુજરાતના નાણાંમંત્રી શ્રી કનુભાઈ દેસાઇએ ₹. 2,43,956 કરોડનું વર્ષ 2022-23 માટેનું બજેટ વિધાનસભામાં રજૂ કર્યું.

» બજેટમાં ગુજરાતની GSDPમાં 13 ટકા જેટલી (ડબલ ડિજિટ) વૃદ્ધિ દરની અપેક્ષા રાખવામાં આવી છે. (GSDP - Gross State Domestic Product)

» નાણાંમંત્રીશ્રીએ બજેટ રજૂ કરતાં જણાવ્યું હતું કે 'આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત બનાવવાના ભગીરથ કાર્યના ભાગરૂપે રાજ્યનું અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું છે.

» તેમણે જણાવ્યું હતું કે રાજ્યનું એકંદર ઘરગથ્થુ ઉત્પાદન વીસ લાખ કરોડને વટાવી ચૂક્યું છે.

રાજ્યનું એકંદર ઘરગથ્થુ ઉત્પાદન (GSDP)

» GSDP એ રાષ્ટ્રની GDP સમાન છે, પરંતુ તે રાજ્ય કક્ષાએ માપવામાં આવે છે.

» GSDP એટલે રાજ્યની સીમાની અંદર ઉત્પાદિત ઉત્પાદોનું કુલ મૂલ્ય. તે વિવિધ ક્ષેત્રો જેમ કે, કૃષિ, ઉદ્યોગ, સેવા વગેરેના કુલ ઉત્પાદનનું મૂલ્ય રજૂ કરે છે.

» **ગુજરાત રાજ્યનું એકંદર ઘરગથ્થુ ઉત્પાદન**

» દેશની કુલ વસતિના ફક્ત 4.99 ટકા હિસ્સો ધરાવતું ગુજરાત રાષ્ટ્રના ઘરગથ્થુ ઉત્પાદનમાં 8.36% હિસ્સો ધરાવે છે.

» ઝડપી અંદાજો મુજબ, વર્ષ 2011-12ના સ્થિર ભાવે, વર્ષ 2020-21માં રાજ્યનું એકંદર ઘરગથ્થુ ઉત્પાદન બજાર ભાવે (GSDP - Base Price) ₹. 1244258 કરોડનું અંદાજવામાં આવ્યું છે.

» ચાલુ ભાવે (GSDP Current Price) વર્ષ 2020-21માં ₹. 1655917 કરોડનો અંદાજ

» આ સિવાય નાણાંમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્યના નાગરિક માથાદીઠ આવકમાં ઘરખમ વધારો થયો છે, જે હાલમાં ₹. 2, 14,809 (વાર્ષિક) પહોંચી છે.

માથાદીઠ આવક

» દેશમાં પ્રત્યેક નાગરિક દ્વારા કમાયેલી રકમનું માપ છે. રાજ્ય માટે માપવામાં આવે તો, રાજ્યમાં વ્યક્તિ દીઠ કમાયેલી રકમનું માપ થાય.

» માથાદીઠ આવકની ગણતરી દેશની રાષ્ટ્રીય આવકને તેની વસતિ દ્વારા વિભાજિત કરીને કરવામાં આવે છે.

ગુજરાતની માથાદીઠ આવક :

» વર્ષ 2011-12ના સ્થિર ભાવે, વર્ષ 2020-21માં માથાદીઠ આવક બજાર ભાવે (Per Capita in come - Market Price) ₹. 160028 અંદાજવામાં આવેલ છે.

» ચાલુ ભાવે વર્ષ 2020-21 ની માથાદીઠ આવક (રાજ્યનું માથાદીઠ ચોખ્ખું ઘરગથ્થુ ઉત્પાદન) ₹. 2,14,809 અંદાજવામાં આવેલ છે, જે વર્ષ 2019-20ની સરખામણીમાં 0.4 ટકાની વૃદ્ધિ દર્શાવે છે.

» બજેટની રજૂઆત કરતાં તેમણે ગુડ ગવર્નન્સ ઇન્ડેક્ષમાં ગુજરાતે રાષ્ટ્રીય કક્ષાએ હાંસલ કરેલા પ્રથમ સ્થાનની તેમજ સરકારે રેશનકાર્ડ, જન્મ-મૃત્યુના પ્રમાણપત્ર, આવકના દાખલા વગેરે જેવી 280 સેવાઓને ડિજિટલ સેવા સેતુના

માધ્યમથી ઘર આંગણે પહોંચાડવાની પહેલ આવકના દાખલાની મુદ્દત ત્રણ વર્ષ સુધી વિસ્તારવાની, સ્ટેમ્પ પેપર પર કરવાના થતાં એફિડેવિટના સ્થાને સેલ્ફ ડેક્લેરેશનને માન્યતા વગેરે જેવી વહીવટી સરળતાના પગલાં વિશે પણ જણાવ્યું.

» બજેટમાં કરેલી જોગવાઇઓ અને યોજનાઓ વગેરેની માહિતી મેળવીએ તે પહેલા બજેટ સંબંધિત કેટલાક આંકડાઓ પર નજર કરીએ.

ગુજરાત સરકારની આવકના અંદાજો (2022-23)

કુલ આવક - 241101.75 કરોડ રૂપિયા

» કરવેરા સિવાયની આવક - રૂ. 17761.67 કરોડ

» કેન્દ્ર તરફથી સહાયક અનુદાન - રૂ. 15982. 67 કરોડ

» રાજ્ય GST - રૂ. 57692.00 કરોડ

» રાજ્ય GST સિવાય રાજ્ય વેરો - રૂ. 62206.06 કરોડ

» કેન્દ્રીય કરવેરામાં હિસ્સો - રૂ. 28403.06 કરોડ

» લોન અને પેશગીની વસૂલાત - રૂ. 250 કરોડ

» જાહેર હિસાબ - રૂ. 7805.29 કરોડ

» જાહેર દેવું - રૂ. 51001.00 કરોડ



ગુજરાત સરકારના ખર્ચના અંદાજો, 2022-23

કુલ ખર્ચ - રૂ. 241101.75 કરોડ

» વિકાસલક્ષી ખર્ચ - રૂ. 142926.43 કરોડ

» બિન-વિકાસલક્ષી ખર્ચ (જાહેર દેવું, લોન-પેશગીઓ સિવાય) - રૂ. 73466. 92 કરોડ

» જાહેર દેવાની ચૂકવણી - રૂ. 22025.49 કરોડ

» લોન-પેશગી - રૂ. 1470.11 કરોડ

» સહાયક અનુદાન અને ફાળો - રૂ. 544.71 કરોડ

» કુલ ચોખ્ખી લેવડ-દેવડ - રૂ. 668.09 કરોડ

સેક્ટરોમાં વિકાસલક્ષી ખર્ચ – 2022-23

વિવિધ સેક્ટરોમાં વિકાસલક્ષી ખર્ચ, ૨૦૨૨-૨૩

અ.નં.	સેક્ટર	રૂા. કરોડમાં
૧	શિક્ષણ, રમત ગમત, કલા અને સંસ્કૃતિ	૩૦૫૩૬.૫૬
૨	આરોગ્ય અને પરિવાર કલ્યાણ	૧૨૨૦૬.૮૩
૩	પાણી પુરવઠો, સ્વચ્છતા, આવાસન અને શહેરી વિકાસ	૨૨૦૪૬.૪૯
૪	સમાજ કલ્યાણ અને પોષણ	૮૪૧૪.૧૩
૫	અન્ય સામાજિક સેવાઓ	૭૮૫૦.૬૮
૬	કૃષિ, સિંચાઈ અને ગ્રામ વિકાસ	૨૫૩૭૯.૭૯
૭	ઊર્જા, ઉદ્યોગો અને ખનીજ	૨૧૫૫૫.૯૦
૮	પરિવહન, વિજ્ઞાન, પ્રૌદ્યોગિકી અને પર્યાવરણ	૧૨૪૫૨.૩૩
૯	સામાન્ય આર્થિક સેવાઓ	૨૪૮૩.૭૨
	કુલ	૧૪૨૯૨૬.૪૩



» વિકાસલક્ષી ખર્ચ (મહેસૂલી + મૂડી) : કુલ - રૂ. 142926.43 કરોડ

» બિન વિકાસલક્ષી ખર્ચ (મહેસૂલી + મૂડી) : કુલ - રૂ. 96962. 52 કરોડ



ખેડૂત ખાતેદાર અકસ્માત વીમા યોજના : ₹. 81 કરોડની જોગવાઈ

» રાજ્યના ખાતેદાર ખેડૂતોના આકસ્મિક મૃત્યુ/ કાયમી અપંગતાના કિસ્સામાં વીમારક્ષણની યોજના (1996માં શરૂઆત)

» 100% રાજ્ય પુરસ્કૃત યોજના

» ખાતેદાર ખેડૂત, ખાતેદાર ખેડૂતના કોઈ સંતાન તેમજ ખાતેદાર ખેડૂતના પતિ/પત્નીનું અકસ્માતે મૃત્યુ થાય કે કાયમી અપંગતા આવે તો તેના વારસદારને આર્થિક સહાય.

» આપઘાત કે કુદરતી મૃત્યુનો સમાવેશ થતો નથી.

» મૃતક અથવા કાયમી અપંગ વ્યક્તિની ઉંમર 5 થી 70 વર્ષની હોવી જોઈએ.



- **સહાય :**

» અકસ્માતના કારણે મૃત્યુ કે અપંગતા (કાયમી) - ₹. 2 લાખ

» અકસ્માતના કારણે બે આંખ / બે અંગ / હાથ અને પગ / એક આંખ અને એક અંગ ગુમાવવાના કિસ્સામાં - ₹. 2 લાખ

» એક આંખ અથવા એક અંગ ગુમાવવાના કિસ્સામાં ₹. 1 લાખ

» મૃત્યુની તારીખથી 150 દિવસની અંદર સંબંધિત જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, જિલ્લા પંચાયતને અરજી કરવાની હોય છે.

» ડ્રોનના ઉપયોગથી ખાતર અને જંતુનાશક દવાઓનો છંટકાવ કરી કૃષિ ઈનપુટ ઘટાડવા - ₹. 35 કરોડ

» ડાંગ જિલ્લાના પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને સંપૂર્ણ રસાયણમુક્ત ખેતી માટે પ્રોત્સાહિત કરવા - ₹. 32 કરોડ

બાગાયત : કુલ ₹. 369 કરોડ

» કમલમ્ (ડ્રેગન ફ્રૂટ)ના વાવેતરના વિસ્તારમાં વધારો કરવા ₹. 10 કરોડ

» મધ ક્રાંતિને વેગ આપવા રાજ્યના 10 હજાર ખેડૂતોને - ₹. 10 કરોડ.



પંડિત દીનદયાળ આવાસ યોજના	આંબેડકર આવાસ યોજના : 2021
આવક મર્યાદા : શહેરી (1.5 લાખ) અને ગ્રામીણ (1.2 લાખ) વાર્ષિક	ગ્રામીણ અને શહેરી વિસ્તારના અનુસૂચિત જાતિના લોકો માટે આવાસ
વર્ષ 2014 માં આ યોજના હેઠળ 45000/- રૂપિયા આપવામાં આવતા હતા. જેમાં 70000 નો વધારો કરવામાં આવ્યો છે. હવેથી આ યોજના અંતર્ગત મળવાપાત્ર રકમ 1.20 લાખ રહેશે.	આ યોજના હેઠળ રૂ. 43500 ની સહાય
	આવક મર્યાદા 24000/- થી વધુ નહીં
	અરજદાર પાસે માટીથી બાંધેલ અથવા કામચલાઉ રહેઠાણ હોવું જોઈએ.
	પ્લોટ 25 ચોરસ મીટરથી વધુ ન હોવો જોઈએ.

» ધોરણ - 9 માં અભ્યાસ કરતી અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિની અંદાજે 1 લાખ 70 હજાર કન્યાઓને વિનામૂલ્યે સાયકલ આપવા માટે સરસ્વતી સાધના યોજના પેટે રૂ. 70 કરોડની જોગવાઈ કરવામાં આવી.

▸ સરસ્વતી સાધના યોજના

» આ યોજના અંતર્ગત ધો - 9 માં અભ્યાસ કરતી ગરીબીરેખા નીચે જીવતાં કુટુંબોની અનુ.જાતિની કન્યાઓને મફત સાયકલ ભેટ આપવામાં આવે છે.

» આવક મર્યાદા : શહેરી : 1,50,000 અને ગ્રામ્યમાં 1,20,000 વાર્ષિક

» માનવ ગરિમા યોજના હેઠળ સ્વરોજગારી માટે અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના લાભાર્થીઓને સાધનો પૂરા પાડવા માટે રૂ. 52 કરોડની જોગવાઈ કરવામાં આવી.

▸ માનવ ગરિમા યોજના

» આ યોજના હેઠળ સ્વરોજગારી માટે સાધનોની કીટ્સ સહાય રૂપે આપવામાં આવે છે.

» કુલ 28 ધંધાદારી કીટ્સ સહાયરૂપે આપવામાં આવે છે.

» આવક મર્યાદા વાર્ષિક ગ્રામ્ય ક્ષેત્રમાં 1,20,000 અને શહેરી ક્ષેત્ર 1,50,000

» આ યોજનામાં ખેતમજુરોને સાધન સહાયની પણ જોગવાઈ કરવામાં આવી છે.

» કુંવરબાઈનું મામેરું યોજના અંતર્ગત અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિની કન્યાઓને સહાય માટે રૂ. 42 કરોડની જોગવાઈ કરવામાં આવી.

▸ કુંવરબાઈનું મામેરું યોજના

» ગુજરાત સરકાર દ્વારા અને સામાજિક ન્યાય અને અધિકારીતા દ્વારા સંચાલિત

» આ યોજના અનુસૂચિત જાતિ, સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગ અને આર્થિક રીતે નબળા પરિવારોની દીકરીઓના લગ્ન પછી નાણાકીય સહાય આપવામાં આવે છે.

» આ યોજનામાં 12000/- આર્થિક સહાય (લગ્ન 01-04-2021 પછી થયેલાં ને 01-04-2021 પહેલા થયાં હોય તો 10,000/-) આપવામાં આવે છે.

» એક જ કુટુંબની બે દીકરીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર છે.

» લગ્નના બે વર્ષ સુધી અરજી કરી શકાય.

રાજ્યની 2022-2023 નુ વાર્ષિક અંદાજપત્ર દર્શાવતું પત્રક STATEMENT SHOWING THE STATE 'S ANNUAL BUDGET FOR THE YEAR 2022-2023			
			(રૂ. કરોડમાં) (Rs. In Crores)
ક્રમ	વિભાગનું નામ	Name of Department	અંદાજપત્રમાં સમાવિષ્ટ જોગવાઈ Provision included in the Budget
1	કૃષિ ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ	Agriculture ,Farmers Welfare & Co-operation Departmen	7737.3
2	ક્લાઇમેટ ચેઇન્જ વિભાગ	Climate Change Department	930.86
3	શિક્ષણ વિભાગ	Education Department	34884.4
4	ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ	Energy and Petrochemicals Department	15568.00
5	નાણાં વિભાગ	Finance Department	77177.53
6	અન્ન , નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ	Food , Civil Supplies and Consumer Affairs Department	1525.84
7	વન અને પર્યાવરણ વિભાગ	Forest and Environment Department	1821.62
8	સામાન્ય વહિવટ વિભાગ	General Administration Department	2146.37
9	ગુજરાત વિધાનસભા સચિવાલય	Gujarat Legislature Secretariat	48.72
10	આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ	Health and Family Welfare Department	12240.37
11	ગૃહ વિભાગ	Home Department	8324.89
12	ઉદ્યોગ અને ખાણ વિભાગ	ઉદ્યોગ અને ખાણ વિભાગ	7029.73
13	માહિતી અને પ્રસારણ વિભાગ	Information and Broadcasting Department	199.00
14	શ્રમ , કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ	Labour , Skill Development and Employment Department	1836.84
15	કાયદા વિભાગ	Legal Department	1740.03
16	વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગ	Legislative and Parliamentary Affairs Department	8.08
17	નર્મદા ,જળસંપત્તિ ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ	Narmada , Water Resources , Water Supply and Kalpasar Department	15622.04
18	પંચાયત ,ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ	Panchayat , Rural Housing and Rural Development Department	9048.39

1 સાંપ્રત પ્રવાહો

ગુજરાત વિશેષ

પદ્મશ્રી દુલાભાયા કાગની જન્મભૂમિ મજાદર ખાતે 'કાગ ઉત્સવ' ની ઉજવણી



- પ્રતિવર્ષ કાગબાપુની જન્મભૂમિ કાગધામ (મજાદર) ખાતે કાગબાપુની પુણ્યતિથિ (કાગચોથ) નિમિત્તે મોરારિબાપુની પ્રેરક ઉપસ્થિતિમાં તાજેતરમાં 'કાગ ઉત્સવ' નું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ વર્ષે કાગબાપુની 45મી પુણ્યતિથિની ઉજવણી કરવામાં આવી હતી.
- વર્ષ 2022માં વિવિધ લોક કલાકારો અને લોક સાહિત્યકારોને 'કવિ કાગ એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો હતો. જેઓના નામ નીચે મુજબ છે:
  1. સ્વ શ્રી મેઘરાજ મૂળુભા ગઢવી (મઢાદ)
  2. શ્રી યશવંત લાંબા (જાંબુડા)
  3. ડૉ. શ્રીમતી ઇન્દુબહેન પટેલ (કોટા - રાજસ્થાન)
  4. શ્રીમતી ભાવનાબહેન અને સંગીતાબહેન લાબડિયા (પોરબંદર, અમદાવાદ)
  5. શ્રી મહેન્દ્ર ભાણાવત (રાજસ્થાની વિદ્વાન)

કવિ કાગ એવોર્ડ

- કવિ કાગ એવોર્ડએ દર વર્ષે આપવામાં આવતો એક વાર્ષિક એવોર્ડ છે.
- આ એવોર્ડ ગુજરાતી કવિ દુલાભાયા કાગના નામ પરથી આપવામાં આવે છે.
- વર્ષ 2002માં મોરારિબાપુની પ્રેરણા અને આશીર્વાદથી આ એવોર્ડની શરૂઆત થઇ હતી.
- કવિ દુલાભાયા કાગની પુણ્યતિથિ 'કાગ ચોથ' (ફાગણ સુદ ચોથ)ના દિવસે કવિ કાગની કર્મભૂમિ કાગધામ (મજાદર) ખાતે મોરારીબાપુ અને કાગ પરિવારના હસ્તે આ એવોર્ડ આપવામાં આવે છે.
- કાળક્રમે નાશવંત થઇ રહેલો સાહિત્યનો અમૂલ્ય વારસો ટકાવવા, જાળવવા અને લોકો સુધી પહોંચાડવા માટે તેમજ લોક સાહિત્ય - ચારણી સાહિત્યમાં પ્રદાન બદલ 'કાગ એવોર્ડ' અર્પણ કરવામાં આવે છે.
- ગુજરાતીમાં ડાયરાના લોકકલાકારો અને લોકસાહિત્યકારો ને દર વર્ષે પાંચ એવોર્ડ એનાયત કરવામાં આવે છે.
- સાથે - સાથે સાહિત્યક્ષેત્રે સંશોધન માટે રાજસ્થાની વિદ્વાનને એક એવોર્ડ આપવામાં આવે છે.
- આ એવોર્ડ અંતર્ગત લોકસાહિત્યકારોને 51,000 રૂપિયાની ધનરાશી, સ્મૃતિચિન્હ અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવે છે.

દુલાભાયા કાગ

- 'દુલાભાયા કાગ' અથવા 'કાગબાપુ' ગુજરાતી કવિ, ગીતકાર, લેખક હતા.
- તેઓનો જન્મ 25 નવેમ્બર, 1903 ના રોજ મહુવા નજીકના સોડવદરી ગામે થયો હતો.
- તેમજ તેઓનું નિધન 25 ફેબ્રુઆરી, 1977ના રોજ થયું હતું.
- **પિતાનું નામ** : ભાયાભાઇ ઝાલાભાઇ કાગ
- **માતાનું નામ** : ધનબાઇ
- તેમણે જ્ઞાન, ભક્તિ અને નીતિ આચરણ જેવા વિષયોને ચારણી છંદ, ભજન અને દુહા જેવા કાવ્યપ્રકારોમાં ઢાળી પદ્ય સર્જન કર્યું હતું.
- તેઓ તેમની ગ્રંથમાળા કાગવાણીના આઠ ભાગ માટે જાણીતા છે. જે ભજનો, રામાયણ અને મહાભારતના પ્રસંગો તેમજ ગાંધીજીના દર્શનશાસ્ત્ર અને વિનોબા ભાવેના ભૂદાન આંદોલન પર આધારિત ગીતો ધરાવે છે.
- તેમણે મહાત્મા ગાંધી અને વિનોબા ભાવે પર પણ પુસ્તક લખ્યાં છે.

સાહિત્ય સર્જન

- કાગવાણી - ભાગ 1 થી 8
- વિનોબાબાવની
- તો ઘર જાશે, જાશે ધરમ
- શકિત ચાલીસા
- ગુરૂમહિમા
- ચંદ્રબાવની
- સોરઠબાવની
- શામળદાસ બાવની

સન્માન

- વર્ષ 1962માં કેન્દ્ર સરકારે તેઓને 'પદ્મશ્રી' પુરસ્કાર એનાયત કર્યો હતો.
- 25 નવેમ્બર, 2004ના રોજ ભારત સરકારના ટપાલ વિભાગ તરફથી તેમના માનમાં 5 રૂપિયાની ટપાલ ટિકિટ બહાર પાડવામાં આવી હતી.

વીર સાવરકરના સાહસનું પુનરાવર્તન કરીને માઇલો સુધી અરબી સમુદ્ર ખેડે છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલે અમદાવાદમાં 'સિગ્નલ સ્કૂલ પ્રોજેકટ' અંતર્ગત 30 થી વધુ મોબાઈલ સ્કૂલ બસોને કરાવ્યું પ્રસ્થાન



- મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલે અમદાવાદમાં ગુજરાત હાઇકોર્ટ ખાતેથી 'સિગ્નલ સ્કૂલ પ્રોજેકટ' નો પ્રારંભ કરાવતા આગવો લાગણીશીલ અને સમાજપ્રેરક અભિગમ દર્શાવતા શિક્ષણથી વંચિત એક ગરીબ બાળકને દત્તક લઇ તેના શિક્ષણ માટેની જવાબદારી તેઓ પોતે ઉપાડશે તેઓ નિર્ધાર દર્શાવ્યો હતો.
- ગુજરાત સરકાર, ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસિઝ ઓથોરિટી અને અમદાવાદ મહાનગરપાલિકાના મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડના સંયુકત સહયોગથી આ 'સિગ્નલ સ્કૂલ પ્રોજેકટ' નો પ્રારંભ થયો છે.
- રાજ્યમાં વિવિધ કારણોસર કયારેય પણ શાળાએ ન ગયા હોય કે અધવચ્ચેથી શાળા છોડી ગયેલા બાળકો ઉપરાંત ચાલીઓમાં, રેલવે - બસ મથક કે અન્ય જાહેર સ્થળોએ સમય વેડફતાં બાળકો તથા ટ્રાફિક સિગ્નલ પર ભિક્ષાવૃતિ કરતા બાળકો માટે 'ભિક્ષા નહીં શિક્ષા' ધ્યેયના મંત્ર સાથે આ 'સિગ્નલ સ્કૂલ પ્રોજેકટ' શરૂ કરવામાં આવ્યો છે.
- આ પ્રોજેકટ રાજ્ય વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ અરવિંદકુમારની પ્રેરણા અને માર્ગદર્શનમાં શરૂ થયેલો છે.
- અમદાવાદના અલગ-અલગ સિગ્નલ પર સવાર અને સાંજના સમયે સિગ્નલ સ્કૂલ મારફતે બાળકોને શિક્ષણ આપવામાં આવશે.
- સિગ્નલ સ્કૂલમાં તમામ પ્રકારની સુવિધાઓ કરવામાં આવી છે.
- બસની અંદર બ્લેકબોર્ડ, શિક્ષક માટે ટેબલ અને ખુરશી, LCD ટી.વી. , વાઇફાઇ, CCTV, પીવાનું પાણી, મીની પંખા સહિતની સુવિધાઓ ઉપલબ્ધ હોય છે.
- બાળકોને 'શાળા આરોગ્ય કાર્યક્રમ' હેઠળ તબીબી તપાસ, મધ્યાહન ભોજન સહિત મ્યુનિસિપલ સ્કૂલોમાં આપવામાં આવતી અન્ય સુવિધાઓ પણ આપવામાં આવશે અને એક વર્ષ પછી નજીકની શાળામાં મુખ્ય પ્રવાહમાં લાવવામાં આવશે.

જામનગરમાં દેશના પ્રથમ WHO GCTM ની સ્થાપનાને મંજૂરી

- વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીની અધ્યક્ષતામાં તાજેતરમાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં કેન્દ્ર સરકાર અને વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) વચ્ચે યજમાન દેશ કરાર (**Host Country Agreement**) પર હસ્તાક્ષર કરીને ગુજરાતના જામનગરમાં WHO ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિન (WHO GCTM) ની સ્થાપનાને મંજૂરી આપવામાં આવી છે.
- કેન્દ્રીય આયુષ મંત્રાલય હેઠળ જામનગરમાં WHO GCTM ની સ્થાપના કરવામાં આવશે.
- સમગ્ર વિશ્વમાં પરંપરાગત ચિકિત્સા પધ્ધતિઓ માટે આ પ્રથમ અને એકમાત્ર વૈશ્વિક કેન્દ્ર હશે.

WHO GCTM શું કાર્યો કરશે?

- WHO GCTM ની મદદથી સમગ્ર વિશ્વમાં આરોગ્ય પ્રણાલીઓમાં આયુષ પ્રણાલીને પ્રોત્સાહન મળશે.
- પરંપરાગત દવાને લગતી વૈશ્વિક આરોગ્ય બાબતો પર નેતૃત્વ પૂરું પાડી શકાશે.
- પરંપરાગત દવાઓની ગુણવત્તા, સલામતી અને અસરકારકતા, સુલભતા અને તર્કસંગત ઉપયોગની ખાતરી કરી શકાશે.
- ડેટા એકત્ર કરવાના વિશ્લેષણો અને અસરનું મૂલ્યાંકન કરવા માટે સંબંધિત તકનીકી ક્ષેત્રો, સાધનો અને પધ્ધતિઓમાં નિયમો, ધોરણો અને માર્ગદર્શિકા વિકસાવવામાં મદદ મળશે.
- હાલની ટ્રેડિશનલ મેડિસિન ડેટા બેંકો, વર્ચ્યુઅલ લાઇબ્રેરીઓ અને શૈક્ષણિક અને સંશોધન સંસ્થાઓના સહયોગથી ઇન્ફર્મેટિકસ સેન્ટરની કલ્પના સાકાર થશે.

પૃષ્ઠભૂમિ

- વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) ના મહાનિર્દેશક ડા.ટેડ્રોસ અધાનમે વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીની ઉપસ્થિતિમાં 13 નવેમ્બર, 2020 ના રોજ પાયમાં આયુર્વેદ દિવસના અવસરે ભારતમાં WHO GCTM ની સ્થાપનાની જાહેરાત કરી હતી.
- આ કેન્દ્રની સ્થાપના માટે પ્રવૃત્તિઓના સંકલન, અમલ અને દેખરેખ માટે સંયુકત ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે.

ગુજરાતની નવી સ્પોર્ટ્સ પોલિસી-2022



ચર્ચામાં કેમ?

- ગુજરાત સરકારે ગુજરાતને રમત-ગમત ક્ષેત્રે શ્રેષ્ઠતાના પથ પર પ્રયાણ કરાવવા માટે તાજેતરમાં નવી ગુજરાત સ્પોર્ટ્સ પોલિસી 2022-2027ની જાહેરાત કરી છે.

પોલિસીના અગત્યના પાસાઓ

1. **રમતગમતની માળખાકીય સુવિધાઓ**

- રાજ્યમાં હયાત રમતગમતના આંતરમાળખાને રાષ્ટ્રીયકક્ષા તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાના આંતરમાળખામાં રૂપાંતરિત કરવું. ગુજરાત રમતગમત ઓથોરીટી વડે રાજ્યમાં આંતરમાળખાનું નિયમન કરવામાં આવશે. ગુજરાતના તમામ નવા સ્પોર્ટ્સ ઇન્ફ્રાસ્ટ્રકચર્સ હવે ઓલિમ્પિકના માપદંડોના આધારે બનશે. જે નીચે મુજબ છે.

(i) **રમતગમત માટે શાળા અને કોલેજ :**

- રાજ્યમાં સારા રમતવીરોનું લાંબા સમય(Long term) સુધી ઘડતર કરવા માટે ગુજરાતમાં રમતગમત માટે વધુમાં વધુ શાળા અને કોલેજોનું ગઠન કરવામાં આવશે.

(ii) **જિલ્લા રમતગમત કેન્દ્ર :**

- રાજ્યના તમામ 33 જિલ્લામાં આગામી બે વર્ષમાં નવા જિલ્લા રમતગમત કેન્દ્ર અથવા હયાત કેન્દ્રોનું નવીનીકરણ કરવામાં આવશે. આવા કેન્દ્રો આધુનિક સુવિધાથી સજજ હશે.

(iii) **શ્રેષ્ઠતા કેન્દ્ર (Centre of excellence) :**

- રાજ્યકક્ષાએ તેમજ રાષ્ટ્રકક્ષાએ જે રમતવીરો ભાગ લેશે, તેમને સારી ટ્રેનીંગ અને સુવિધા પુરી પાડવા આવા કેન્દ્રોનું ગઠન કરવામાં આવશે.
- રાજ્યમાં આગામી સમયમાં આવા કુલ 8 કેન્દ્રો બનાવવામાં આવશે.

(iv) **ઉચ્ચ પ્રદર્શન કેન્દ્ર (High Performance Centres) :**

- આંતરરાષ્ટ્રીય કક્ષાના ખેલાડીઓને સારામા સારી રમતગમત સુવિધા પુરી પાડવા આવા કેન્દ્રો બનાવવામાં આવશે. ઉપરાંત, દિવ્યાંગ ખેલાડીઓની પ્રતિભાને વધુ નિખારવા માટે ઉચ્ચ પ્રદર્શન કેન્દ્રનું ગઠન કરવામાં આવશે. રાજ્યમાં આવા કુલ ચાર સુવિધાજનક કેન્દ્રોનું નિર્માણ કરવામાં આવશે.

2. **યોગ્ય સુશાસન અને પ્રશાસન**

- રાજ્યમાં વાઇબ્રન્ટ સ્પોર્ટ્સ માળખું તૈયાર કરવા માટે રાજ્યના વિવિધ વિભાગો તેમજ વિવિધ સંસ્થાઓ વચ્ચે યોગ્ય સમન્વય કરાશે.
- રાજ્યમાં રમતગમતની બાબતો પારદર્શિત રીતે થાય તે માટે રાજ્યમાં રમત-ગમત, યુવા અને સંસ્કૃતિ બાબત વિભાગ તેનું યોગ્ય નિયમન કરશે.
- ઉપરાંત,રાજ્યમાં રમતગમતની નીતિઓ તેમજ આંતરમાળખાને વધારે સુદ્રઢ બનાવવા સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત (SAG) ને પણ નિયમન સોંપવમાં આવશે.
- રાજ્યમાં રમતગમતનું સુશાસન સમયબદ્ધ રીતે, પેપરલેસ અને પારદર્શિત થાય માટે એક વિશિષ્ટ IT માળખાની રચના કરવામાં આવશે .
- રાજ્યમાં પ્રતિસ્પર્ધા વધારવા, ટ્રેનિંગ કેમ્પસને રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે લાવવા રમતગમત સંગઠનો (Sports Associations) નું નિર્માણ કરવામાં આવશે. આવા સંગઠનો રાજ્યમાં ખેલકૂદના કાર્યક્રમો યોજવા પર વધારે ધ્યાન કેન્દ્રીત કરશે.

3. **રમતગમત સાધનસામગ્રી વડે આત્મનિર્ભરતા**

- રાજ્યમાં રમતગતમની સાધન સામગ્રીનું ઉત્પાદન કરવા વધારે ભાર મુકવામાં આવશે. જેના માટે રાજ્યમાં સાધન સામગ્રી ઉત્પાદન માટે વિશિષ્ટ કલસ્ટર (Unique Cluster) બનાવવા ઉપર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે.
- આવા વિશિષ્ટ કલસ્ટરથી રાજ્યમાં સાધન સામગ્રીમાં આત્મનિર્ભરતા આવશે તેમજ રાજ્યના રમતવીરોને ગુણવત્તાયુક્ત સાધનો મળશે. ઉપરાંત, રમતગમતના સાધનોમાં આયાત ઘટાડવા મદદ મળશે.

4. **ખાનગીક્ષેત્રની ભાગીદારી વધારવી**

- રાજ્યમાં રમતગમતની શ્રેષ્ઠ ઇકોસિસ્ટમ નિર્માણ કરવા માટે સરકારી પગલા સાથે ખાનગી સાહસનું પણ યોગદાન અત્યંત જરૂરી છે. જેથી સરકારનો પ્રયત્ન રમતગમત ક્ષેત્રમાં ખાનગી હિતધારકોને લાવવાનો છે. ખાનગીક્ષેત્રનું સંકલન નીચેની રીતે કરી શકાશે.

(i) **જાહેર-ખાનગી ભાગીદારી (Public Private Partnerships)**

- રાજ્યમાં રમતગમત ઇકોસિસ્ટમમાં વૃદ્ધિ કરવા માટે ppp મોડેલ વધુ અસરકારક
- નવું રમતગમત આંતરમાળખું (Hpc અને Cops) વધારવા
- રાજ્યમાં વિશ્વ સ્તરીય રમતગમત સુવિધા પુરી પાડવા.
- જિલ્લા રમતગમત કોચિંગ કેન્દ્રોની વૃદ્ધિ કરવામાં મદદરૂપ

(ii) **(Viability gap Funding)**

- રમતગમત માટે કોચિંગ અને ટ્રેનિંગ સુવિધા વધારવામાં મદદ કરશે.

5.	પૂજા શર્મા	હરિયાણા	ખેડૂત અને ઉદ્યોગ સાહસિક
6.	અંશુલ મલ્હોત્રા	હિમાચલ પ્રદેશ	વણકર
7.	શોભા ગસ્તી	કર્ણાટક	સામાજિક કાર્યકર્તા - દેવદાસી પ્રથાને સમાપ્ત કરવા માટે કાર્ય કરે છે.
8.	રાધિકા મેનન	કેરળ	મર્ચન્ટ નેવીના કેપ્ટન - IMO તરફથી સમુદ્રમાં અસાધારણ બહાદુરી માટે એવોર્ડ મેળવનાર પ્રથમ મહિલા
9.	કમલ કુંભાર	મહારાષ્ટ્ર	સામાજિક ઉદ્યોગ & સાહસિક
10.	શ્રુતિ મહાપાત્રા	ઓડિશા	વિકલાંગ અધિકાર કાર્યકર્તા
11.	બતૂલ બેગમ	રાજસ્થાન	માંડ અને ભજન લોક-ગાયક
12	થરા રંગાસ્વામી	તમિલનાડુ	મનોચિકિત્સક અને સંશોધક
13.	નીરજા માધવ	ઉત્તરપ્રદેશ	હિન્દી લેખક - ટ્રાન્સ જેન્ડરો અને તિબેટીયન શરણાર્થીઓના અધિકાર માટે કાર્ય કરે છે.
14.	નીના ગુપ્તા	પશ્ચિમ બંગાળ	ગણિતશાસ્ત્રી

વર્ષ 2020 અને 2021 માટે નારી શક્તિ પુરસ્કાર વિજેતા ગુજરાતી મહિલાઓ

1. ઉષાબેન દિનેશભાઈ વસાવા

- ઉષાબેન દિનેશભાઇ વસાવા એક ઓર્ગેનિક ખેડૂત અને આદિવાસી કાર્યકર છે.
- તેઓએ 500 થી વધુ મહિલાઓને જમીનના હકો અપાવ્યા હતા.
- તેઓ નર્મદા જિલ્લાના **ATMA** પ્રોજેક્ટના અધ્યક્ષ છે. તેમજ તેઓ સ્વભૂમિ કેન્દ્ર અને સાગબારા મહિલા મંચના અધ્યક્ષ પણ છે.
- નર્મદા જિલ્લાના 'કૃષિ વિજ્ઞાન કેન્દ્ર' ના સલાહકાર બોર્ડના તેઓ સભ્ય છે.
- 2,700 થી વધુ મહિલાઓને તકનીકી આધારિત ખેતી અંગેની તાલીમ તેઓએ પ્રદાન કરી છે. તેમજ તેઓ ઓર્ગેનિક ખેતી સાથે સંકળાયેલા 3,500 થી વધુ **Self Help Groups** (**SHGs**) સાથે સંકળાયેલા છે.
- ઉષાબેનને પંડિત દીનદયાળ ઉપાધ્યાય **ICAR** નો અંત્યોદય કૃષિ પુરસ્કાર પ્રાપ્ત થયેલો છે.

2. નિરંજનાબેન મુકુલભાઈ કલાર્થી

- નિરંજનાબેન એક લેખિકા અને કેળવણીકાર છે, જેમણે ગુજરાતીમાં ઘણું યોગદાન આપ્યું છે.
- તેણીના નોંધપાત્ર કાર્યોમાં 'બા અને બાપુ' અને 'ગુજરાતના શિરછત્ર સરદાર' જેવા અન્ય ઘણા પુસ્તકોનો સમાવેશ થાય છે.
- તેણીએ વર્ષ 1988 માં બારડોલી ખાતે મુકુલ ટ્રસ્ટની સ્થાપના કરી હતી.
- તેમજ બારડોલી ખાતેના સ્વરાજ આશ્રમ અને સરદાર કન્યા વિદ્યાલયની મદદથી તેણીએ આદિજાતિ અને વંચિત છોકરીઓને શિક્ષણમાં મદદ કરી હતી.
- વર્ષ 1989 માં કેન્દ્ર સરકારે તેઓને નેશનલ ટીચર્સ એવોર્ડ એનાયત કર્યો હતો.

વિવિધ સંસ્થાકીય શ્રેણીના નારીશક્તિ પુરસ્કારો

1. દેવી અહિલ્યાબાઈ હોલકર એવોર્ડ

- આ પુરસ્કાર મહિલાઓને લગતા કલ્યાણકારી કાર્યોને પ્રોત્સાહન આપતા ખાનગી ક્ષેત્રની શ્રેષ્ઠ સંસ્થા અથવા જાહેર ક્ષેત્રના ઉપક્રમ (**PSU**) ને આપવામાં આવે છે.
- મરાઠા માળવા સામ્રાજ્યના 18મી સદીના શાસક અહિલ્યાબાઇ હોલકર (1725-1795) ના નામ પર આ પુરસ્કાર આપવામાં આવે છે.

2. કન્નગી દેવી એવોર્ડ

- બાળ જાતિ ગુણોત્તર (**Child Sex Ratio**) માં સુધારો કરનાર શ્રેષ્ઠ રાજ્યને આ એવોર્ડ આપવામાં આવે છે.
- આ પુરસ્કારનું નામ તામિલ મહાકાવ્ય 'શિલપ્પદિકારમ' ના પાત્ર કન્નગી પરથી રાખવામાં આવ્યું છે.
- તમિલ પરંપરામાં કન્નગીને દેવી માનવામાં આવે છે.

3. માતા જીજાબાઈ એવોર્ડ

- મહિલાઓને સેવાઓ અને સુવિધાઓ પૂરી પાડતી શ્રેષ્ઠ શહેરી સ્થાનિક સંસ્થાને આ પુરસ્કાર આપવામાં આવે છે.
- આ પુરસ્કારનું નામ છત્રપતિ શિવાજીની માતા જીજાબાઇના નામ પર રાખવામાં આવ્યું છે.

4. રાની ગાઇડિન્લ્યૂ ઝેલિયાંગ એવોર્ડ

- મહિલાઓના કલ્યાણ માટે ઉત્કૃષ્ટ કાર્ય કરતી નાગરિક સમાજ સંસ્થાને રાની ગાઇડિન્લ્યૂ ઝેલિયાંગ પુરસ્કાર

વિજ્ઞાન અને ટેકનૉલોજી

પુણે ખાતે ઈન્ટરનેશનલ મોન્સુન્સ પ્રોજેક્ટ ઓફિસ શરૂ કરવામાં આવી

- તાજેતરમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણીના પર્વે કેન્દ્રિય અણું ઉર્જા, વિજ્ઞાન અને તકનીકી તથા પૃથ્વી વિજ્ઞાન મંત્રી ડો.જીતેન્દ્ર પ્રધાન દ્વારા IMPO-ઇન્ટરનેશનલ મોન્સુન્સ પ્રોજેક્ટ ઓફિસ શરૂ કરવામાં આવી હતી.
- હાલમાં પાંચ વર્ષો પૂરતી આ ઓફિસ પુણે ખાતે આવેલા IITM-ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ટ્રોપિકલ મીટીરોલોજી ખાતે સ્થાપિત કરવામાં આવી છે.

તેની સ્થાપના શા માટે કરવામાં આવી?

- સરળ શબ્દોમાં કહીએ, તો દેશના અર્થતંત્ર સંદર્ભે ચોમાસાની અગત્યતાને લોકમાનસમાં લાવવા માટે આ IMPOની સ્થાપના કરવામાં આવી છે.
- તે વર્લ્ડ ક્લાઈમેટ રિસર્ચ પ્રોગ્રામ અને વર્લ્ડ વેધર રિસર્ચ પ્રોગ્રામના નેતૃત્વ હેઠળ, આંતરરાષ્ટ્રીય સ્તરે ચોમાસા સંશોધન સાથે સંબંધિત પ્રવૃત્તિઓને ઓળખ અને પ્રોત્સાહન આપશે.
- આંતરરાષ્ટ્રીય સ્તરે WMO-યુનાઇટેડ નેશન્સ વર્લ્ડ મીટીયોરોલોજીકલ ઓર્ગેનાઇઝેશન દ્વારા આ વર્લ્ડ વેધર રિસર્ચ પ્રોગ્રામ અને વર્લ્ડ ક્લાઈમેટ રિસર્ચ પ્રોગ્રામનું સંકલન કરવામાં આવે છે.
- ચોમાસા સંશોધનના ક્ષેત્રોમાં આંતરરાષ્ટ્રીય સ્તરે જ્ઞાનની વહેંચણી અને ક્ષમતા નિર્માણ થાય તે જળ સંસાધનો, કૃષિ, જળવિદ્યુત, આપત્તિ વ્યવસ્થાપન અને આબોહવા-સંવેદનશીલ સામાજિક-આર્થિક ક્ષેત્રો માટે મહત્વપૂર્ણ છે.
- આમ IMPOની સ્થાપનાથી વૈશ્વિક સ્તરે ચોમાસાના સંશોધનને પ્રોત્સાહન મળશે જેથી સમયાનુસાર ભારતીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે રહેલા વિવિધ શૈક્ષણિક સમુદાયોને ફાયદો થશે.

યુનાઈટેડ નેશન્સ વર્લ્ડ મીટીરોલોજીકલ ઓર્ગેનાઈઝેશન

- વર્લ્ડ મીટીયોરોલોજીકલ ઓર્ગેનાઈઝેશન એ સંયુક્ત રાષ્ટ્રની એક વિશિષ્ટ એજન્સી છે. જે હવામાનશાસ્ત્ર, આબોહવાશાસ્ત્ર, ઓપરેશનલ હાઈડ્રોલોજી અને અન્ય ભૂ-ભૌતિક વિજ્ઞાન સંબંધિત ક્ષેત્રો જેમ કે સમુદ્રશાસ્ત્ર અને વાતાવરણીય રસાયણશાસ્ત્રને અનુસંધાને કાર્ય કરે છે.
- વર્ષ 1947માં થયેલા વર્લ્ડ મીટીયોરોલોજીકલ કન્વેન્શન બાદ તેની સ્થાપના કરવામાં આવી હતી.
- **સ્થાપના**: 23 માર્ચ 1950
- **વડુંમથક**: જીનીવા, સ્વિટ્ઝર્લેન્ડ
- **પ્રેસિડેન્ટ**: ગેરહાર્ડ એંડ્રિયન (જર્મની)
- **સેક્રેટરી જનરલ**: પેટ્ટેરી ટાલસ (ફિનલેંડ)

રેલ અકસ્માતો ટાળવા માટે ભારતના પ્રથમ સ્વદેશી TCAS 'કવચ' નું સફળતાપૂર્વક પરીક્ષણ



- માર્ચ, 2022 માં ભારતીય રેલવે દ્વારા સ્વદેશી રીતે વિકસિત ભારતની પ્રથમ ટ્રેન અથડામણ ટાળવાની સિસ્ટમ (**Train Collision Avoidance System - TCAS**) 'કવચ' (**KAVACH**) નું સફળતાપૂર્વક પરીક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું.
- આ પરીક્ષણ દક્ષિણ-મધ્ય રેલવેમાં આવેલા સિકંદરાબાદ ડિવિઝનના લિંગમપલ્લી - વિકારાબાદ સેક્શન પર આવેલા ગુલ્લાગુડા - ચિટગિદ્દા રેલવે સ્ટેશનો વચ્ચે હાથ ધરવામાં આવ્યું હતું.
- આ અવસરે કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ તથા રેલવે બોર્ડના અધ્યક્ષ અને CEO વિનયકુમાર ત્રિપાઠી ઉપસ્થિત રહ્યા હતા.
- આ સિસ્ટમ રેલવેને 'શૂન્ય અકસ્માતો' નું લક્ષ્ય પ્રાપ્ત કરવામાં મદદ કરશે. કારણ કે ડિજિટલ સિસ્ટમમાં કોઇ મેનુઅલ ત્રુટિ રહી જાય તો આ સિસ્ટમ ટ્રેનોને પોતાની જાતે જ ઊભી રહેવામાં સક્ષમ બનાવશે.

પરીક્ષણ વિશે

- પરીક્ષણ દરમિયાન બે લોકોમોટિવ એક બીજાની આમને-સામને આવી રહ્યા હતા અને 'કવચ' પ્રણાલીની મદદથી આ બંને લોકોમોટિવ અથડાવાને બદલે 380 મીટરના અંતરે થોભી ગયા હતા.
- જેવું લોકોમોટિવ લૂપલાઇનમાં પ્રવેશ્યું કે તરત કવચે આપોઆપ તેની ઝડપ 60 કિ.મી./કલાક થી ઘટાડીને 30 કિ.મી./કલાક કરી દીધી હતી.

કવચ અને તેની વિશેષતાઓ

- 'આત્મનિર્ભર ભારત' પહેલના ભાગરૂપે વર્ષ 2022ના કેન્દ્રીય બજેટમાં કવચની જાહેરાત કરવામાં આવી હતી.
- તે ભારતીય ઉદ્યોગોના સહયોગથી રિસર્ચ ડિઝાઇન એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓર્ગેનાઇઝેશન (**RDSO**) દ્વારા સ્વદેશી રૂપથી વિકસિત ATP (**Automatic Train Protection**)

ઈન્ટરનેશનલ સેન્ટર ફોર ઓટોમોટિવ ટેક્નોલોજી (ICAT) દ્વારા ભારતીય રસ્તાઓ અને આબોહવાની પરિસ્થિતિઓ પર વાહનના પ્રદર્શનનું મૂલ્યાંકન કરવા માટે એક પાયલોટ પ્રોજેક્ટ માટે એક કરાર પર પણ હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

- હાઇડ્રોજન ફ્યુઅલ સેલ એ ઇલેક્ટ્રોકેમિકલ ઉપકરણ છે જે ખાસ કરીને હાઇડ્રોજનને વિદ્યુત ઊર્જામાં રૂપાંતરિત કરે છે.
- હાઇડ્રોજન, મિથેન, મિથેનોલ, વગેરે જેવા ઇંધણના દહનથી મેળવાયેલી ઊર્જાને સીધા વિદ્યુત ઊર્જામાં રૂપાંતરિત કરવા માટે રચાયેલ ગેલ્વેનિક કોષોને 'ફ્યુઅલ સેલ (બળતણ કોષો)' કહેવામાં આવે છે.
- ગેલ્વેનિક સેલ એ ઇલેક્ટ્રોકેમિકલ સેલ છે જે કોષની અંદર થતી રેડોક્સ પ્રતિક્રિયાઓ (redox reactions) દ્વારા રાસાયણિક ઊર્જાને વિદ્યુત ઊર્જામાં રૂપાંતરિત કરે છે.

ઈન્ટરનેશનલ સેન્ટર ફોર ઓટોમોટિવ ટેકનોલોજી (ICAT)

- ICAT એ ભારત સરકારના NATRiP (National Automotive Testing and R&d Infrastructure Project) પ્રોજેક્ટના નેજા હેઠળ અગ્રણી વિશ્વ કક્ષાનું ઓટોમોટિવ પરીક્ષણ, પ્રમાણપત્ર, સંશોધન અને વિકાસ કાર્યો માટેનું સેવા પ્રદાતા છે.
- ઇન્ટરનેશનલ સેન્ટર ફોર ઓટોમોટિવ ટેક્નોલોજી (ICAT) ની સ્થાપના 2006 માં માનેસર, હરિયાણા, ભારતમાં કરવામાં આવી હતી.
- ICAT ઓટોમોટિવ અને નોન ઓટોમોટિવ ડેવલપમેન્ટના તમામ ડોમેન્સમાં ઉદ્યોગને ગુણવત્તાયુક્ત સેવાઓ પૂરી પાડે છે. (Domains : Powertrain, Noise Vibration and Harshness, Component, Fatigue, Photometry, Tyre & Wheel, Passive Safety, EMC and CAD & CAE).

રમત-જગત

મિતાલી રાજ : 6 વિશ્વકપ રમનારી વિશ્વની પ્રથમ મહિલા ખેલાડી



- સુપ્રસિદ્ધ ભારતીય મહિલા ક્રિકેટર મિતાલી રાજ વિશ્વની પ્રથમ મહિલા ક્રિકેટર બની ગઇ છે જેણે અત્યાર સુધીમાં કુલ 6 ICC મહિલા વિશ્વકપમાં ભાગ લીધો છે.
- મિતાલી રાજે આ સાથે ડેબી હાકલે (ન્યૂઝીલેન્ડ) અને કારલોટ એડવર્ડ્ઝ (ઇંગ્લેન્ડ) નો રેકોર્ડ તોડ્યો છે. આ બંને મહિલા ક્રિકેટરો પાંચ વિશ્વકપમાં રમેલી છે.
- બીજી તરફ ઝુલન ગૌસ્વામી (ભારત) અને કેથરિન બ્રન્ટ (ઇંગ્લેન્ડ) માટે આ પાંચમો વિશ્વકપ છે.
- મિતાલી રાજ વર્ષ 2022 અગાઉ 2000, 2005, 2009, 2013 અને 2017 ના મહિલા વિશ્વકપમાં ભાગ લઇ ચૂકી છે.

મિતાલી રાજે સચિન અને મિયાંદાદની બરાબરી કરી

- મિતાલી રાજ 6 વિશ્વકપ રમનારી પ્રથમ મહિલા ક્રિકેટર બની છે પરંતુ સમગ્રતયા જોઇએ તો તેણે હવે આ મોરચે સચિન તેંડુલકર (ભારત) અને જાવેદ મિયાંદાદની (પાકિસ્તાન) બરાબરી કરી છે.
- પુરૂષ ક્રિકેટરોમાં સચિન તેંડુલકર અને જાવેદ મિયાંદાદ છ - છ વિશ્વકપ રમીને ટોચના સ્થાને છે.
- તેંડુલકરે ભારત તરફથી વર્ષ 1992, 1996, 1999, 2003, 2007 અને 2011ના વિશ્વકપમાં ભાગ લીધો હતો.

વર્લ્ડકપમાં કેપ્ટનશિપનો રેકોર્ડ મિતાલી રાજના નામે

- ભારતની વન-ડે કેપ્ટન મિતાલી રાજે 12 માર્ચ, 2022ના રોજ ICC મહિલા વિશ્વકપમાં સુકાની તરીકેનો રેકોર્ડ પોતાના નામે કર્યો છે.
- તેણીએ ભૂતપૂર્વ ઓસ્ટ્રેલિયન સુકાની બેલિન્ડા ક્લાર્કને પાછળ રાખી દીધા છે. બેલિન્ડા ક્લાર્કે વિશ્વકપની 23 મેચોમાં ઓસ્ટ્રેલિયાનું સુકાનીપદ સંભાળ્યું છે.
- જ્યારે મિતાલી રાજે 24 મેચોમાં (12 માર્ચ, 2022 ની સ્થિતિએ) ભારતીય ક્રિકેટ ટીમનું સુકાની પદ સંભાળ્યું છે.
- મિતાલી રાજે ભારતીય કેપ્ટન તરીકે 150 વન-ડે ક્રિકેટ પણ પૂર્ણ કરી છે.

નોંધ :

1. મહિલા વન-ડે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચોમાં 7,000 રનનો આંકડો પાર કરનાર મિતાલી રાજ એકમાત્ર મહિલા ક્રિકેટર છે.
2. વન-ડે ક્રિકેટમાં સતત સાત વખત 50 રન બનાવનાર તે પ્રથમ ખેલાડી છે.

સુરેશ રૈના માલદીવ સરકાર દ્વારા 'સ્પોર્ટ્સ આઇકોન' એવોર્ડથી સન્માનિત

- ભારતના ભૂતપૂર્વ ક્રિકેટર સુરેશ રૈનાને માલદીવ સ્પોર્ટ્સ એવોર્ડ્સ 2022 માં પ્રતિષ્ઠિત 'સ્પોર્ટ્સ આઇકોન' એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.
- માલદીવ સરકારે રૈનાને તેની સમગ્ર કારકિર્દી દરમિયાન વિવિધ સિદ્ધિઓ માટે સન્માનિત કર્યા છે.

લાંગ્રાંજ પોઈન્ટ્સ શું છે?



- લાંગ્રાંજ પોઈન્ટએ અવકાશમાં આવેલા એવા કાલ્પનિક બિંદુ કે વિસ્તાર છે, જ્યાં બે દળદાર અવકાશીય પદાર્થો જેવાકે સૂર્ય અને પૃથ્વી વચ્ચે રહેલા ગુરુત્વાકર્ષણ બળોનું મૂલ્ય એકસમાન હોવાથી ત્યાં સ્થાપિત કરાયેલા કોઈપણ પદાર્થ પોતાની જગ્યા પર વધુ બળતણનો ખર્ચ કર્યા વગર સ્થાયી રહી શકે છે.
- ઈટાલિયન-ફ્રેન્ચ ગણિતશાસ્ત્રી જોસેફ-લુઈસ લાંગ્રાંજના નામ પરથી તેનું નામ લાંગ્રાંજીયન પોઈન્ટ્સ રાખવામાં આવ્યું છે.

નોંધ: વર્ષ 2022ના અંત સુધીમાં ઇસરો પણ PSLV-C56 રોકેટ દ્વારા આદિત્ય-L1 મિશનને સૂર્યના અભ્યાસ માટે L1 લાંગ્રાંજીયન પોઈન્ટ પર સ્થાપિત કરવાનું આયોજન કરી રહ્યું છે.

રશિયા દ્વારા યૂક્રેન પર હુમલો



- રશિયાએ યૂક્રેન સાથેની સરહદો પર તેના લશ્કરી સૈનિકો તહેનાત કર્યાના થોડા સમયબાદ તેણે યૂક્રેન સામે યુધ્ધની જાહેરાત કરી હતી.
- યૂક્રેનની રાજધાની કિવ સહિત અન્ય કેટલાક શહેરો પર રશિયન સૈન્ય દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો.
- યૂક્રેન સામે યુદ્ધની જાહેરાત કર્યાના થોડા દિવસો અગાઉ રશિયાએ અલગાવવાદી નેતાઓની સાથે એક સમજૂતી પર હસ્તાક્ષર કર્યા હતા અને યૂક્રેનના બે ક્ષેત્રો ડોનેટ્સ્ક (Donetsk) અને લુહાન્સ્ક (Luhansk) ને સ્વતંત્ર દેશ તરીકે માન્યતા આપીને 24 ફેબ્રુઆરી, 2022ની વહેલી સવારે યૂક્રેન પર જમીન અને દરિયાઇ માર્ગે આક્રમણ કર્યું હતું.

શા માટે વિવાદ ?

1. વર્તમાનમાં યુરોપિયન સંઘ (European Union) અને NATO સાથેનું જોડાણએ યૂક્રેનની મુખ્ય પ્રાથમિકતાઓ પૈકીની એક છે અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની નારાજગીનું મુખ્ય કારણ પણ એ જ છે.
2. નાટો અને યુરોપિયન યુનિયન તરફ યૂક્રેનના ઝુકાવનો રશિયા લાંબા સમયથી પ્રતિકાર કરતું આવ્યું છે. વ્લાદિમીર પુતિને દાવો કર્યો હતો કે યૂક્રેન પશ્ચિમી દેશોના ઇશારે કાર્ય કરી રહ્યું છે. યૂક્રેન નાટોમાં જોડાય નહિ તેવી રશિયાની માંગણી છે.
3. તેમજ રશિયાની અન્ય એક માંગણી છે કે **NATO (North Atlantic Treaty Oraganization)** પૂર્વ યુરોપ અને યૂક્રેનમાં કોઇ પણ લશ્કરી કાર્યવાહી કરશે નહિં.

- રશિયાની સેનાએ યૂક્રેનમાં પ્રવેશ કરતાંની સાથે જ 'મિંસ્ક સમજૂતિ' નો ભંગ થયો છે.

મિંસ્ક સમજૂતિ

- મિંસ્ક એ પૂર્વીય યુરોપિયન દેશ બેલારુસની રાજધાની છે.
- યૂક્રેનના ડોનબાસ ક્ષેત્રમાં તત્કાલીન સમયે ચાલી રહેલા યુધ્ધને સમાપ્ત કરવા માટે વર્ષ 2014માં મિંસ્ક ખાતે યૂક્રેન, રશિયા અને યુરોપના એક સંગઠન ઓર્ગેનાઇઝેશન ફોર સિક્યોરિટી એન્ડ કો - ઓપરેશન ઇન યુરોપ (OSCE) વચ્ચે કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- આ કરારનો મુખ્ય ઉદ્દેશ યુધ્ધ વિરામનો હતો. આ સમજૂતીને 'મિંસ્ક સમજૂતિ' તરીકે ઓળખવામાં આવે છે.
- ડોનબાસ એ રશિયાની સરહદ પર આવેલ યૂક્રેનનો વિસ્તાર છે, જ્યાં વર્ષ 2014થી ડોનેટ્સ્ક અને લુહાન્સ્ક નામના પ્રદેશોમાં અલગતાવાદી ચળવળો ફાટી નીકળી હતી.
- મિંસ્ક સમજૂતિ ઉપર હસ્તાક્ષર કર્યા હોવા છતાં યુધ્ધ વિરામ થયો નહિ. તેથી જ વર્ષ 2015માં ' મિંસ્ક - II' નામથી એક નવી સમજૂતિ કરાર પર ફરીથી હસ્તાક્ષર કરવામાં આવ્યા.
- આ સમજૂતિ કરાર યુધ્ધ વિરામ કરવામાં અસફળ રહ્યો

અર્લી વોર્નિંગ સિસ્ટમ' વિકસાવવા માટે 'એન્વાયર્નમેન્ટલ સિસ્મોલોજી' જૂથ શરૂ કર્યું હતું.

- સમુદ્ર સંશોધનને પ્રોત્સાહન આપવા અને સંબંધિત કુદરતી આફતોની પ્રારંભિક ચેતવણી પ્રણાલી સ્થાપિત કરવા માટે 'ઓશન સર્વિસિસ, મોડલિંગ, એપ્લિકેશન, રિસોર્સિસ એન્ડ ટેક્નોલોજી (O-SMART)' નામે એક સરકારી યોજના શરૂ કરાઇ હતી.

જિનિવા સંમેલન ગાઇડલાઇન્સ (Geneva Conventions Guidelines)

ચર્ચામાં કેમ?

- રશિયા-યૂક્રેન યુદ્ધે ફરી એકવાર જિનિવા સંમેલનો અને ખાસ કરીને ચોથા જિનિવા સંમેલન પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

જિનિવા સંમેલન વિશે

- જિનીવા સંમેલન (1949) અને તેમના વધારાના પ્રોટોકોલ એ આંતરરાષ્ટ્રીય સંધિઓ છે જેમાં યુદ્ધની બર્બરતાને મર્યાદિત કરતા સૌથી મહત્વપૂર્ણ નિયમો છે.
  - જિનીવા સંમેલનો યુદ્ધ દ્વારા અસરગ્રસ્ત વ્યક્તિઓ સાથે માનવતાવાદી વ્યવહાર માટે નૈતિક અને કાનૂની આંતરરાષ્ટ્રીય ધોરણોને સંહિતાબદ્ધ કરે છે.
  - જિનીવા સંમેલનો એ ચાર સંધિઓ અને ત્રણ વધારાના પ્રોટોકોલનો સમૂહ છે, જે નાગરિકો અને યુદ્ધ કેદીઓ સાથેના વ્યવહાર (treatment) પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તે એવા લોકોના રક્ષણ માટે છે જે લડાઈમાં ભાગ લેતા નથી(નાગરિકો, ચિકિત્સકો, સહાયતા કાર્યકરો) તેમજ યુદ્ધ લડવા હવે સક્ષમ નથી (ઘાયલ, બીમાર અને યુદ્ધના કેદીઓ).
- જિનીવા સંમેલનોને સંયુક્ત રાષ્ટ્રના તમામ સભ્ય દેશો સહિત 196 દેશો દ્વારા બહાલી આપવામાં આવી છે. જો કે બધા દેશો દ્વારા ત્રણ વધારાના પ્રોટોકોલને બહાલી આપવામાં આવી નથી.
- **પ્રથમ જિનિવા સંમેલન** : યુદ્ધ દરમિયાન જમીન પર ઘાયલ અને બીમાર સૈનિકોની આ સંમેલન હેઠળ રક્ષા કરવામાં આવે છે. તે તબીબી અને ધાર્મિક કર્મચારીઓનો પણ સમાવેશ કરે છે. તેમાં હોસ્પિટલ ઝોનને લગતા ડ્રાફ્ટ કરારનો પણ સમાવેશ થાય છે.
- **બીજું જિનિવા સંમેલન** : યુદ્ધ દરમિયાન દરિયામાં ઘાયલ, બીમાર અને યુદ્ધના કારણે દરિયામાં ભાંગી ગયેલા જહાજના લશ્કરી કર્મચારીઓની આ સંમેલન હેઠળ રક્ષા કરવામાં આવે છે.
- **ત્રીજું જિનિવા સંમેલન** : તે યુદ્ધ કેદીઓ (prisoners of war-POW)ને લાગુ પડે છે. આ સંમેલનમાં માનવીય વર્તન, કેદીઓમાં સમાનતા, કેદની સ્થિતિ, કેદીઓનું સ્થળાંતર, ખોરાક, કપડાં, સ્વચ્છતા વગેરે જેવા વિવિધ સામાન્ય રક્ષણોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. કેદીઓના ધાર્મિક, બૌદ્ધિક અને શારીરિક પ્રવૃત્તિઓનો અધિકાર પણ આ સંમેલન હેઠળ આવરી લેવામાં આવ્યો છે.
- **ચોથું જિનીવા સંમેલન** : તે કબજે કરેલા પ્રદેશ (Occupied Territory)માં રહેતા નાગરિકોનું રક્ષણ કરે છે. અન્ય ત્રણ જિનિવા સંમેલનો મુખ્યત્વે લડવૈયાઓ સાથે સંબંધિત હતા. પરંતુ બીજા વિશ્વયુદ્ધે (1939-1945) યુદ્ધ સમયે નાગરિકોની સુરક્ષાનું મહત્વ દર્શાવ્યું હતું.
- ચારેય જિનીવા સંમેલનો માટે કલમ 3 સમાન છે જે બિન-આંતરરાષ્ટ્રીય સશસ્ત્ર સંઘર્ષ (non-international armed conflicts)ની પરિસ્થિતિઓને આવરી લે છે. તેમાં પરંપરાગત ગૃહ યુદ્ધો, આંતરિક સશસ્ત્ર સંઘર્ષો કે જે અન્ય રાજ્યોમાં ફેલાય છે અથવા એવા આંતરિક સંઘર્ષો જેમાં સરકારની સાથે ત્રીજું રાજ્ય અથવા બહુરાષ્ટ્રીય દળ હસ્તક્ષેપ કરે છે તેનો સમાવેશ થાય છે.

- વર્ષ 1977માં 4 જિનીવા સંમેલનો (1949) અપનાવવામાં આવ્યા હતા.

અહેવાલો અને સૂચકાંકો

સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (SDG) ઇન્ડેક્સ 2021 જાહેર ; ભારત 120મા ક્રમાંકે, ફિનલેન્ડ ટોચ પર



- સસ્ટેનેબલ ડેવલપમેન્ટ સોલ્યુશન્સ નેટવર્ક (SDSN) દ્વારા તાજેતરમાં 'સસ્ટેનેબલ ડેવલપમેન્ટ રિપોર્ટ 2021' જાહેર કરવામાં આવ્યો હતો.
- SDSN દ્વારા જાહેર કરવામાં આવેલી સસ્ટેનેબલ ડેવલપમેન્ટ રિપોર્ટની આ છઠ્ઠી આવૃત્તિ અંતર્ગત ભારતને 120મો ક્રમાંક પ્રાપ્ત થયો છે.
- સસ્ટેનેબલ ડેવલપમેન્ટ રિપોર્ટ (અગાઉનો SDG ઇન્ડેક્સ & ડેશબોર્ડ્સ) એ ટકાઉ વિકાસ હાંસલ કરવા તરફની દેશોની પ્રગતિનું વૈશ્વિક મૂલ્યાંકન છે.
- ભારતે આ રેન્કિંગ અંતર્ગત 100માંથી 60.07નો સ્કોર

5	મશ્કત	ઓમાન
6	કાઠમંડુ	નેપાળ

IQ Air

- સ્વિસની એક ક્વોલિટી ટેક્નોલોજી કંપની છે.
- હવાની ગુણવત્તા અવરોધતા પ્રદૂષકો નિવારણ, હવાની ગુણવત્તા સુધારવા પ્રયત્ન કરે છે.
- **સ્થાપના** - 1963, જર્મની
- **શોધક** - મેનફ્રેડ હેમ્સ અને ક્લોસ હેમ્સ
- **મુખ્યાલય** - ગોલ્ડેક, સ્વિટ્ઝર્લેન્ડ
- **ઉત્પાદન** - એર પ્યોરિફાર્યસ અને એર ક્વોલિટી ઇન્સ્ટ્રુમેન્ટ્સ

વર્લ્ડ હેપ્પિનેસ રિપોર્ટ -2022

- હાલમાં યુનાઇટેડ નેશન્સ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ સોલ્યુશન નેટવર્ક દ્વારા વર્લ્ડ હેપ્પિનેસ રિપોર્ટ-2022 જાહેર કરવામાં આવ્યો છે.
- રિપોર્ટ મુજબ વર્લ્ડ હેપ્પિનેસ ઇન્ડેક્સમાં કુલ 146 દેશોમાંથી ભારતનો ક્રમ 136 મો છે. ભારતનો સ્કોર 10 માંથી 3.777 છે.
- 2021 માં ભારતનો ક્રમ 139 મો હતો.
- ફિનલેન્ડ સતત પાંચમીવાર પ્રથમ ક્રમે રહ્યું છે.
- અફઘાનિસ્તાન 146 માં ક્રમે છે.

વર્લ્ડ હેપ્પિનેસ રિપોર્ટ વિશે

- વર્લ્ડ હેપ્પિનેસ રિપોર્ટ સૌ પ્રથમ 2012 માં લોન્ચ કરવામાં આવ્યો હતો. આથી 2022 માં આ રિપોર્ટની 10 મી આવૃત્તિ છે.
- સામાન્ય રીતે દર વર્ષે 20 માર્ચે એટલે કે વર્લ્ડ હેપ્પિનેસ ડે ના દિવસે આ રિપોર્ટ રજૂ કરવામાં આવે છે.
- આ રિપોર્ટમાં છ પરિબળોના આધારે 10 માંથી સ્કોર આપવામાં આવે છે.

પરિબળો

1. માથાદીઠ GDP
2. સામાજિક આધાર
3. જન્મ સમયે અપેક્ષિત આયુષ્ય
4. પસંદગી કરવાની સ્વતંત્રતા
5. ઉદારતા
6. ભ્રષ્ટાચારનું પ્રમાણ

- આ રિપોર્ટ બે વિચારધારા પર આધારિત છે.
  1. સર્વેક્ષણ દ્વારા કરેલ જીવન કે સુખ (હેપ્પિનેસ) નું મૂલ્યાંકન
  2. તમામ દેશોમાં સુખાકારી અને જીવનનું મૂલ્યાંકન નક્કી કરતા ઘટકોની ઓળખ કરવી.

વર્લ્ડ હેપ્પિનેસ ઇન્ડેક્સ-2022 અંતર્ગત વિવિધ દેશોના ક્રમાંક

ક્રમ	દેશ	સ્કોર
1	ફિનલેન્ડ	7.821
2	ડેન્માર્ક	7.636
3	આઇસલેન્ડ	7.557
16	અમેરિકા	6.977
72	ચીન	5.585
121	પાકિસ્તાન	4.516
136	ભારત	3.777
145	લેબનોન	2.955
146	અફઘાનિસ્તાન	2.404

એક્સપોર્ટ પ્રિપેર્ડનેસ ઇન્ડેક્સમાં ગુજરાત સતત બીજી વાર પ્રથમ ક્રમે આવ્યું

- તાજેતરમાં નીતિ આયોગ અને ઇન્સ્ટિટ્યૂટ ઓફ કોમ્પિટિટિવનેસએ સાથે મળીને EPI-એક્સપોર્ટ પ્રિપેર્ડનેસ ઇન્ડેક્સ-2021ની (નિકાસ પ્રતિબદ્ધતા સૂચકાંક) બીજી આવૃત્તિ બહાર પાડી હતી.

એક્સપોર્ટ પ્રિપેર્ડનેસ ઇન્ડેક્સ

- એક્સપોર્ટ પ્રિપેર્ડનેસ ઇન્ડેક્સમાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો (UTs) ને તેમની નિકાસની પ્રતિબદ્ધતા અને કામગીરીના આધારે ક્રમ આપવામાં આવે છે જેને નીતિ આયોગ અને ઇન્સ્ટિટ્યૂટ ઓફ કોમ્પિટિટિવનેસ દ્વારા બહાર પાડવામાં આવે છે.
- આ વખતે નીતિ આયોગના વાઇસ-ચેરમેન ડો. રાજીવ કુમાર દ્વારા નીતિ આયોગના CEO અમિતાભ કાંત, વાણિજ્ય વિભાગના સચિવ બી.વી.આર સુબ્રમણ્યમ અને અન્ય મહાનુભાવોની હાજરીમાં સૂચકાંક બહાર પાડવામાં આવ્યો હતો.
- આ સૂચકાંક 4 મુખ્ય સ્તંભો અને 11 પેટા સ્તંભો પર આધારિત છે:
  1. પોલિસી
  2. બિઝનેસ ઇકોસિસ્ટમ
  3. એક્સપોર્ટ ઇકોસિસ્ટમ
  4. એક્સપોર્ટ પરફોર્મન્સ
- 11 પેટા-સ્તંભોમાં નિકાસ પ્રોત્સાહન નીતિ, સંસ્થાકીય માળખું, બિઝનેસ એન્વાયર્નમેન્ટ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર, પરિવહન જોડાણ, ફાઇનાન્સની સુગમતા, એક્સપોર્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ટ્રેડ સપોર્ટ, R&D ઇન્ફ્રાસ્ટ્રક્ચર, એક્સપોર્ટ ડાયવર્સિફિકેશન અને ગ્રોથ ઓરિએન્ટેશનનો સમાવેશ થાય છે.
- આ સૂચકાંકમાં દર્શાવવામાં આવ્યું છે કે મોટાભાગના દરિયા કિનારના રાજ્યોએ શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે, જેમાં ગુજરાત રાજ્યએ ટોચનું પ્રદર્શન કર્યું હતું.

વિશાખાપટ્ટનમ 'એક રાષ્ટ્ર, એક ઉત્પાદન'ના અમલીકરણ માટે પૂર્વ કિનારાનું પહેલું રેલ્વે સ્ટેશન બનશે

- વિશાખાપટ્ટનમ રેલ્વે સ્ટેશન (આંધ્રપ્રદેશ) 15 દિવસ માટે પ્રાયોગિક ધોરણે ભારત સરકારના 'એક રાષ્ટ્ર, એક ઉત્પાદન' ખ્યાલને અમલમાં મૂકવા માટે તૈયાર છે.
- 'વન નેશન, વન પ્રોડક્ટ' લાગુ કરનાર ઈસ્ટ કોસ્ટ રેલ્વેમાં આ પહેલું રેલ્વે સ્ટેશન બનશે.

પૃષ્ઠભૂમિ

- ભારતીય રેલ્વેના રેલ્વે બોર્ડે 15 દિવસના સમયગાળા માટે પાયલોટ પ્રોજેક્ટના અમલીકરણ માટે દરેક ઝોનમાં એક સ્ટેશનની ઓળખ કરી છે.

વન સ્ટેશન વન ઉત્પાદન

- ભારત સરકાર દ્વારા 2022-23નું બજેટ રજૂ કરતી વખતે સફળ 'એક જિલ્લા, એક ઉત્પાદન' યોજના પર આધારિત 'એક સ્ટેશન એક ઉત્પાદન' ખ્યાલની જાહેરાત કરવામાં આવી હતી.
- કેન્દ્રીય નાણા પ્રધાન નિર્મલા સીતારમણે રેલ્વેનો ઉપયોગ કરીને સ્થાનિક વ્યવસાયો અને સપ્લાય ચેનને ટેકો આપવા હેતુથી રેલ્વે માટે 'વન સ્ટેશન વન પ્રોડક્ટ' ખ્યાલને લોકપ્રિય બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો હતો.

કી પોઇન્ટ

- Etikoppaka ગામડામાંથી પરંપરાગત રીતે Etikoppaka Bommalu તરીકે ઓળખાતા Etikoppaka રમકડાં અને હસ્તકલા ઉત્પાદનો (Laquer Ware Toys) વિશાખાપટ્ટનમ રેલ્વે સ્ટેશન પર વેચવામાં આવશે.
- વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના ઉદ્યોગ પ્રમોશન અને આંતરિક વેપાર વિભાગ હેઠળના ભૌગોલિક સંકેત રજિસ્ટ્રી દ્વારા વર્ષ 2017માં આંધ્રપ્રદેશને એટિકોપ્પાકા રમકડાં માટે ભૌગોલિક સંકેત (GI) ટેગ આપવામાં આવ્યો છે.

અદાવી આદિવાસી બ્રાન્ડ

ચર્ચામાં કેમ?

- તાજેતરમાં નેશનલ બેંક ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ (NABARD) અને જન શિક્ષણ સંસ્થાન (JSS)દ્વારા સંયુક્ત રીતે કેરળના નિલામ્બુર ખાતેથી વન ઉત્પાદનોની નવી બ્રાન્ડ લોન્ચ કરવામાં આવી છે. નીલામ્બુર આદિવાસીઓ દ્વારા એકઠી કરવામાં આવતી ગૌણ વન પેદાશો જેમ કે જંગલી મધને હવે અદાવી બ્રાન્ડ હેઠળ માર્કેટિંગ કરવામાં આવશે.



આ બ્રાન્ડ હેઠળ શું પ્રમોટ કરવામાં આવશે?

- પ્રારંભિક તબક્કામાં અદાવી બ્રાન્ડ શુદ્ધ જંગલી મધ, જંગલી શતાવરી અને ગૂસબેરીના વિવિધ અથાણાં અને ટેન્ડર કેરીને પ્રોત્સાહન આપવામાં આવશે.
- નિલામ્બુર આદિવાસીઓ દ્વારા સ્થાપિત ગોમૂત સોસાયટી દ્વારા ઉત્પાદનોનું વેચાણ કરવામાં આવશે.

જન શિક્ષણ સંસ્થાન (JSSs) વિશે

- જન શિક્ષણ સંસ્થાન યોજના જે અગાઉ શ્રમિક વિદ્યાપીઠ તરીકે જાણીતી હતી.
- આ યોજના દેશમાં 1967 થી બિન-સરકારી સંસ્થાઓ (NGOs) દ્વારા અમલમાં મૂકવામાં આવી છે.
- જુલાઈ 2018 માં તેને શિક્ષણ મંત્રાલય તરફથી કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા મંત્રાલયમાં સ્થાનાંતરિત કરવામાં આવી હતી.
- જન શિક્ષણ સંસ્થાન યોજના દ્વારા લાભાર્થીઓને ઘરઆંગણે લઘુત્તમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ખર્ચ સાથે વ્યાવસાયિક કૌશલ્ય તાલીમ કાર્યક્રમો ઉપરાંત જીવન કૌશલ્ય પણ કરવામાં આવે છે જે લાભાર્થીઓને રોજિંદા જીવનમાં મદદરૂપ થવાની ક્ષમતા ધરાવે છે.

પર્યાવરણ

વર્લ્ડ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ સમિટ 2022 નું આયોજન



- 16 થી 18 ફેબ્રુઆરી, 2022 દરમિયાન તાજેતરમાં ધ એનર્જી એન્ડ રિસોર્સિઝ ઇન્સ્ટિટ્યૂટ (TERI) ના 'વર્લ્ડ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ સમિટ' (WSDS) 2022નું આયોજન કરવામાં

અને અરબી સમુદ્રથી ઘેરાયેલ અનન્ય ભૌગોલિક બિંદુ છે.

બોટનિકલ સર્વે ઓફ ઈન્ડિયા (BSI) વિશે

- બોટનિકલ સર્વે ઓફ ઈન્ડિયા (BSI) ની સ્થાપનાં ઈસ્ટ ઈન્ડિયા કંપની (EIC) દ્વારા 1890 માં કરવામાં આવી હતી. તેનું મુખ્યાલય કોલકાતા, પશ્ચિમ બંગાળ ખાતે આવેલ છે.
- તે પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય હેઠળ કાર્ય કરે છે.
- તે ભારતની વનસ્પતિ સંપત્તિનું સર્વેક્ષણ, સંશોધન અને સંરક્ષણ કરે છે. તે લુપ્તપ્રાય અને સંવેદનશીલ છોડની પ્રજાતિઓના જનીન બેંકોને એકત્ર કરે છે અને જાળવે છે.

ભારત-બેલ્જિયમ રાજદ્વારી સંબંધોના 75 વર્ષની ઉજવણી

ચર્ચામાં કેમ?

- 25 ફેબ્રુઆરી, 2022ના રોજ ભારત અને બેલ્જિયમ વચ્ચેના રાજદ્વારી સંબંધોના 75 વર્ષની યાદગીરીમાં એક વિશેષ લોગોનું અનાવરણ કરવામાં આવ્યું હતું.
- બેલ્જિયમ ભારત સાથે દ્વિપક્ષીય સંબંધ સ્થાપિત કરનાર શરૂઆતી યુરોપીયન દેશોમાંનું એક હતું.
- લોગોમાં ભારતનું રાષ્ટ્રીય પક્ષી અંકિત કરવામાં આવ્યું છે. મોરની બન્ને બાજુ ભારત-બેલ્જિયમના રાષ્ટ્રધ્વજ દર્શાવવામાં આવ્યા છે.

ભારત-બેલ્જિયમ રાજદ્વારી સંબંધો વિશે

- ભારત અને બેલ્જિયમ વચ્ચે રાજદ્વારી સંબંધો સ્થાપિત કરવાનો નિર્ણય જાન્યુઆરી 1947માં લેવામાં આવ્યો હતો, જ્યારે જવાહરલાલ નેહરુએ વી.કે. કૃષ્ણ મેનનને બેલ્જિયમ ઓથોરિટી સાથે વાત કરવા માટે બ્રસેલ્સ મોકલ્યા હતા.
- બેલ્જિયમ સરકારે ભારત સાથે રાજદ્વારી સંબંધો સ્થાપિત કરવાનો અને ભારતની આઝાદીના પાંચ મહિના પહેલા માર્ચ 1947માં દિલ્હીમાં તેનું દૂતાવાસ ખોલવાનું નક્કી કર્યું.
- ભારતે 1948માં બ્રસેલ્સમાં તેનું દૂતાવાસ ખોલ્યું હતું જ્યારે, બેલ્જિયમે 1947માં નવી દિલ્હીમાં તેનું દૂતાવાસ ખોલ્યું હતું.
- ભારત બેલ્જિયમ ઉત્પાદનોનો બીજો સૌથી મોટો આયાતકાર દેશ છે જયારે ભારત બેલ્જિયમમાં પાંચમો સૌથી મોટો નિકાસકાર છે.
- બેલ્જિયમના એન્ટવર્પમાં રાજસ્થાન અને ગુજરાતના કેટલાય ભારતીય હીરાના વેપારીઓ છે.
- બેલ્જિયમથી ભારતની મુખ્ય નિકાસ રફ હીરા અને જ્વેલરી, રસાયણો અને રાસાયણિક ઉત્પાદનો, મશીનરી અને યાંત્રિક ઉત્પાદનોના ક્ષેત્રોમાં થાય છે.

તમિલનાડુના 'નરસિંગપેટ્ટઈ નાગસ્વરમ'ને GI ટેગ

- સંગીતના વાદ્યોની શ્રેણીમાં વર્ગ 15 હેઠળ તમિલનાડુ રાજ્યનાં શાસ્ત્રીય વાદ્ય 'નરસિંગપેટ્ટઇ નાગસ્વરમ' ને GI ટેગ મળ્યો છે.
- નરસિંગપેટ્ટઇ નાગસ્વરમ તમિલનાડુના કુમ્બકોનમ નજીકના ગામમાં બનાવવામાં આવતું સુશિર વાદ્ય છે.
- GI ટેગ માટે અરજી તમિલનાડુના ઉત્પાદનોના રજીસ્ટ્રેશન માટેની નોડલ એજન્સી દ્વારા તંજાપુર મ્યુઝિકલ ઇન્સ્ટ્રુમેન્ટ વર્કર્સ કો.ઓપરેટિવ કોટેજ ઇન્ડસ્ટ્રીયલ સોસાયટી લિમિટેડ વતી કરવામાં આવી હતી.
- નરસિંગપેટ્ટાઇ ગામના કારીગરોને લાકડાના વાદ્યો બનાવવાની કુશળતા તેમના વડવાઓ પાસેથી વારસામાં મળી છે. જેમાં વિશિષ્ટ કૌશલ્યની જરૂરિયાત હોય છે.
- વર્તમાનમાં કલાકારો દ્વારા ઉપયોગમાં લેવાતા નાગસ્વરમનું નામ 'પટ્ટી નાગસ્વરમ' છે જે થિમિરી(સુશિર વાદ્ય) કરતાં લાંબુ છે.
- નરસિંગન પેટ્ટાઇ નાગસ્વરમ સંગીતનું શાસ્ત્રીય વાદ્ય છે જે નળાકાર તેમજ તળિયે ઘંટી જેવો આકાર લે છે. ટોન અને અવાજનું ઉત્પાદન કરે છે.
- **લંબાઇ** : 2.5 ફૂટ
- **બનાવટ** : નરસિંગનપેટ્ટાઇ નાગસ્વરમની બનાવટમાં આકા(હાર્ડવિકિયા બિનાટા) વૃક્ષનો ઉપયોગ થાય છે. મોટા ભાગે, કારીગરો જૂના મકાનોના લાકડાનો ઉપયોગ કરે છે.
- ઉત્સવો, લગ્ન, મેળા વગેરે જેવા વિવિધ કાર્યોમાં વગાડવામાં આવતા નાગસ્વરમના ઉત્પાદન માટે કારીગરો દ્વારા સુથારીકામના સાધનો સાથે ડ્રિલીંગ મશીનનો પણ ઉપયોગ કરવામાં આવે છે.

ભારતની આર્કટિક પોલિસી



- આ મોડલ મુજબ ખાનગી સુરક્ષા એજન્સીઓને કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ (CISF) દ્વારા પ્રશિક્ષિત અને પ્રમાણિત (Trained and Certified) કરવામાં આવશે.
- આ મોડલ ખાનગી સુરક્ષા સંસ્થાઓને ભારતમાં વિવિધ ઔદ્યોગિક એકમોને અસરકારક રીતે સુરક્ષિત કરવા માટે સક્ષમ બનાવે છે.

'સંભવ' અને 'સ્વાવલંબન' (Sambhav & Svavlamban) પહેલ

ચર્ચામાં કેમ?

- તાજેતરમાં કેન્દ્રીય સુક્ષ્મ, લઘુ અને મધ્યમ સાહસોના (MSME)મંત્રાલયના રાજ્ય મંત્રી દ્વારા ઓલ-ઈન્ડિયા પ્લાસ્ટિક મેન્યુફેક્ચરર્સ એસોસિએશન (AIPMA) ના સહયોગથી MSME મંત્રાલય દ્વારા આયોજિત પ્લાસ્ટિક રિસાયક્લિંગ અને વેસ્ટ મેનેજમેન્ટ પર આંતરરાષ્ટ્રીય સમિટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.
- MSME મંત્રાલય દ્વારા યુવાનોમાં ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા માટે, ખાસ કરીને સમગ્ર દેશમાં મહત્ત્વાકાંક્ષી જિલ્લાઓ(aspirational Districts) માટે બે વિશેષ પહેલ 'સંભવ' અને 'સ્વાવલંબન' પહેલની શરૂઆત કરવામાં આવી છે.

સંભવ

- સંભવ રાષ્ટ્રીય સ્તરનો જાગૃતિ કાર્યક્રમ છે.
- આ કાર્યક્રમ અંતર્ગત MSME મંત્રાલયની ક્ષેત્રીય કચેરીઓ દ્વારા વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓને ઉદ્યોગસાહસિકતા અપનાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે.
- આ કાર્યક્રમની મદદથી કોલેજના વિદ્યાર્થીઓને ઓડિયો/વિડિયો ફિલ્મ પ્રેઝન્ટેશન દ્વારા MSME મંત્રાલય દ્વારા અમલમાં મુકવામાં આવતી વિવિધ યોજનાઓ વિશે પણ માહિતગાર કરવામાં આવશે.

સ્વાવલંબન

- સ્વાવલંબન એક વિશેષ અભિયાન છે જ્યાં યુવા વસ્તીમાં ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપવા અને મંત્રાલયની યોજનાઓ અને તેની પહેલો અંગે જાગૃતિ ફેલાવવા માટે 46 મહત્વાકાંક્ષી જિલ્લાઓમાં 200 થી વધુ નુક્કડ નાટકનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

પ્લાસ્ટિક રિસાયક્લિંગ અને વેસ્ટ મેનેજમેન્ટ પર આંતરરાષ્ટ્રીય સમિટ વિશે

- તે 2-દિવસીય સમિટ છે (4-5 માર્ચ 2022) જેનું ઉદ્ઘાટન કેન્દ્રીય સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSME) રાજ્ય મંત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.
- આ સમિટનું આયોજન નવી દિલ્હીમાં MSME મંત્રાલય દ્વારા ઓલ ઈન્ડિયા પ્લાસ્ટિક મેન્યુફેક્ચરર્સ એસોસિએશન (AIPMA)ના સહયોગથી કરવામાં આવી રહ્યું છે.
- **થીમ** : Know your Waste and how Recycling is the right thing to do, which is to be done in a right way.
- આ સમિટ ઉદ્યોગસાહસિકો, નિષ્ણાતો, ઉદ્યોગપતિઓ અને અન્ય હિતધારકોને MSME ક્ષેત્ર અને પ્લાસ્ટિક ક્ષેત્રોમાં પડકારો અને ઉકેલો માટે એક આયોજિત પ્લેટફોર્મ પૂરું પાડે છે.
- તે પ્લાસ્ટિક ક્ષેત્રમાં નવી આજીવિકા અને વ્યવસાયની તકો પણ ઊભી કરશે અને ભારતને પ્લાસ્ટિક પ્રદૂષણના મુદ્દાને હલ કરવામાં અને પર્યાવરણીય લક્ષ્યોને પૂર્ણ કરવામાં મદદ કરશે.
- આમ 'સંભવ' અને 'સ્વાવલંબન' પહેલો અને સમિટની મદદથી અનૌપચારિક કચરાના ક્ષેત્રને ઔપચારિક બનાવવામાં, MSME ક્ષેત્રમાં રોજગારીનું સર્જન કરવામાં અને પ્લાસ્ટિકના કચરામાં ઘટાડો કરવામાં સહાય મળશે.

ગૂગલ અને MeitY દ્વારા સ્ટાર્ટઅપ્સને એપ્લિકેશન નિર્માણ માટે સહાય

ચર્ચામાં કેમ?

- તાજેતરમાં ગૂગલ (Google) અને MeitY સ્ટાર્ટઅપ હબ (ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલયની પહેલ) દ્વારા એપ્સસ્કેલ એકેડમીના (Appscale Academy) ભાગરૂપે ઉચ્ચ-ગુણવત્તા ધરાવતી વૈશ્વિક એપ્લિકેશન્સ અને ગેમ્સ (Games) બનાવવામાં મદદ કરવા માટે 100 જેટલા પ્રારંભિક-થી મધ્ય-તબક્કાના સ્ટાર્ટઅપ્સ (early-to mid-stage startups) સમૂહની જાહેરાત કરી છે.

મુખ્ય મુદ્દા

- છ મહિનાના કાર્યક્રમના ભાગ રૂપે 100 સ્ટાર્ટઅપ્સને વૈશ્વિક બજાર માટે ઉચ્ચ-ગુણવત્તાવાળી એપ્સ ચલાવવામાં મદદ કરવા માટે રચાયેલ વૈવિધ્યપૂર્ણ અભ્યાસક્રમ દ્વારા તાલીમ આપવામાં આવશે.
- એપસ્કેલ એકેડેમી સમૂહના સ્ટાર્ટઅપ્સ સર્જનાત્મક સ્વદેશી ઉકેલો દ્વારા ભારતની કેટલીક મહત્વપૂર્ણ જરૂરિયાતોને ઉકેલી રહ્યા છે.
- Appscale Academy એ MeitY અને Google દ્વારા શરૂ કરાયેલ સ્ટાર્ટઅપ્સ માટેનો નવો વૃદ્ધિ અને વિકાસ કાર્યક્રમ છે જે સમગ્ર ભારતમાં પ્રારંભિક-થી મધ્ય-તબક્કાના સ્ટાર્ટઅપ્સ (early- to mid-stage startups)ને વૈશ્વિક પ્રેક્ષકો માટે ઉચ્ચ-ગુણવત્તાવાળી એપ્લિકેશન્સ અને ગેમ્સ બનાવવા માટે મદદ કરવા અને તાલીમ આપવા માટે છે.
- આ કાર્યક્રમ અંતર્ગત બિટક્લાસ (BitClass-લાઇવ લર્નિંગ પ્લેટફોર્મ), ફાર્મિંગ ક્લબ (Farmyng Club-ખેડૂતો માટે તેમની આજીવિકા સુધારવા માટેનું એક સામાજિક પ્લેટફોર્મ), કુટુકી (Kutuki-પ્રિસ્કુલ લર્નિંગ એપ્લિકેશન), સુનિતાસ મેકરસ્પેસ (Sunita's Makerspace-ઇનોવેશનને પ્રોત્સાહન આપવા માટેનો સમુદાય), સ્ટેમુરાઇ

- **વિષ્ણુમૂર્તિ:**
- વૈષ્ણવ થેય્યમના માત્ર બે પ્રકાર છે - દૈવતાર અને વિષ્ણુમૂર્તિ.
- આ થેય્યમને ભગવાન વિષ્ણુના અવતાર માનવામાં આવે છે. આ થેય્યમ પલાન્થાઈ કન્નનની વાર્તા વર્ણવે છે જે ભગવાન વિષ્ણુના મહાન ભક્ત હતા.
- **ગુલિકન :**
- ગુલિકનને મૃત્યુ અને ન્યાયના હિન્દુ દેવતા યમનો અવતાર માનવામાં આવે છે. ભારતીય પૌરાણિક કથાઓ અનુસાર ગુલિકન ભગવાન શિવના સૌથી મહત્વપૂર્ણ યોદ્ધાઓમાંના એક હતા.
- **કુટ્ટીચથાન :**
- કુટ્ટીચથાન બ્રાહ્મણ જ્ઞાતિના થેય્યમ છે. કુટ્ટીચથાન થેય્યમનો ઉદ્ભવ વિષ્ણુ માયામાં ભગવાન શિવ માટે થયો હોવાનું માનવામાં આવે છે.

પશ્ચિમ બંગાળમાં 'ડોલ ઉત્સવ'ની ઉજવણી

- 18 માર્ચ 2022ના રોજ પશ્ચિમ બંગાળમાં વસંત ઋતુની વધામણી કરતો રંગોનો તહેવાર 'ડોલ ઉત્સવ' અથવા 'ડોલ જાત્રા' ઉત્સવની ઉજવણી કરવામાં આવી.
- આ તહેવાર ભગવાન કૃષ્ણ અને રાધાને સમર્પિત છે અને પૂર્ણિમાના દિવસે ઉજવવામાં આવે છે.
- ડોલ ઉત્સવની ઉજવણી અંતર્ગત લોકો એકબીજા પર 'ગુલાલ' અથવા 'આબીર' ફેંકે છે અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરીને ગીતો અને નૃત્ય પણ કરે છે.

- ભારતના પૂર્વીય પ્રદેશમાં વસંતઋતુનો તહેવાર ડોલ જાત્રા, ડોલ પૂર્ણિમા, ડોલ ઉત્સવ અને બસંત ઉત્સવ તરીકે ઉજવવામાં આવે છે.
- ભારતનો લોકપ્રિય વસંત ઉત્સવ
- રોંગાલી બિહુ - આસામનો વસંત તહેવાર (આસામી નવા વર્ષની શરૂઆતનો સંકેત આપે છે.)
- સરહુલ - ઝારખંડનો વસંત ઉત્સવ

સંરક્ષણ

ભારત-જાપાન વચ્ચે ત્રીજી ધર્મ ગાર્ડિયન-2022 કવાયત યોજાઈ

- તાજેતરમાં ભારત અને જાપાન દેશ દ્વારા કર્ણાટકના બેલગામમાં આવેલા ફોરેન ટ્રેનીંગ નોડ ખાતે 27 ફેબ્રુઆરીથી 10 માર્ચ દરમિયાન સંયુક્ત મિલિટરી કવાયત ધર્મ ગાર્ડિયન-2022 યોજવામાં આવી હતી.
- બંને દેશો વચ્ચે હાથ ધરાતી ધર્મ ગાર્ડિયન કવાયતની આ ત્રીજી આવૃતિ હતી.
- વર્ષ 2018થી વાર્ષિક ધોરણે યોજવામાં આવતી આ કવાયત પ્લાટૂન કક્ષાની હોય છે, જેમાં જંગલ અને અર્ધ શહેરી વિસ્તારોમાં કરવામાં આવતા ઓપરેશન્સની સંયુક્ત તાલીમ હાથ ધરાય છે.

ભારત અને જાપાન વચ્ચે યોજાતી અન્ય કવાયતો

- **જીમેક્સ** - નૌકા કવાયત
- **શિન્યું મૈત્રી** - એર ફોર્સ
- **માલબાર** - નૌકા કવાયત જેમાં ભારત, જાપાન, ઓસ્ટ્રેલીયા અને યુ.એસ દ્વારા ભાગ લેવાય છે.

ભારતીય નૌકાદળ દ્વારા વિસ્તૃત રેન્જ બ્રહ્મોસ લેન્ડ એટેક મિસાઈલનું સફળ પરીક્ષણ



- ભારતીય નૌકાદળે તાજેતરમાં સ્ટીલ્થ ડિસ્ટ્રોયર INS ચેન્નાઇ પરથી બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઇલની લાંબા અંતર સુધી જમીન પર સચોટતા સાથે હુમલો કરવા માટે સફળ પ્રદર્શન કર્યું હતું.
- બ્રહ્મોસ મિસાઇલ તથા INS ચેન્નાઇ બંનેનું દેશમાં જ નિર્માણ કરવામાં આવ્યું છે. તેમજ આ દરમિયાન અત્યાધુનિક ભારતીય મિસાઇલ અને જહાજ નિર્માણ કૌશલ્યને પણ પ્રદર્શિત કરવામાં આવ્યું હતું.
- આ ઉપલબ્ધિ ભારતીય નૌકાદળની દૂરથી પ્રહાર કરવાની અને જ્યારે જરૂર પડે ત્યારે સમુદ્રથી જમીન પર પ્રહાર કરવાની ક્ષમતા સ્થાપિત કરે છે.

બ્રહ્મોસ મિસાઈલ

- બ્રહ્મોસએ ભારતના સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (**DRDO**) અને રશિયાના **NPOM** વચ્ચેનું સંયુક્ત સાહસ છે.
- બ્રહ્મોસનું નામ ભારતની બ્રહ્મપુત્રા અને રશિયાની મોસ્કવા નદી પરથી રાખવામાં આવ્યું છે.
- બ્રહ્મોસએ વિશ્વની સૌથી ઝડપી ક્રૂઝ મિસાઇલો પૈકીની એક છે જે હાલમાં 2.8 મેકની ઝડપ સાથે કાર્યરત છે. તે અવાજની ગતિ કરતા લગભગ 3 ગણી વધારે છે.
- તે બે તબક્કાવાળી મિસાઇલ છે. જેના પ્રથમ તબક્કામાં સોલિડ પ્રોપેલન્ટ એન્જિન અને બીજા તબક્કામાં લિક્વિડ રેમજેટ એન્જિનનો ઉપયોગ થાય છે.
- તે એક મલ્ટિપ્લેટફોર્મ મિસાઇલ છે એટલે કે તેને જમીન, હવા અને સમુદ્રમાંથી લોન્ચ કરી શકાય છે.
- આ મિસાઇલને ખૂબ જ ચોકસાઇ સાથે લોન્ચ કરી શકાય છે. તેમજ તે કોઇપણ હવામાનમાં દિવસ-રાત કાર્ય કરવા

- મહાનિર્દેશક : વિરેન્દ્રસિંઘ પઠાનીયા

લામિત્ય (LAMITIYE) -2022 : સંયુક્ત લશ્કરી કવાયત



- ભારતીય સેના અને સેશેલ્સ ડિફેન્સ ફોર્સ (SDF) વચ્ચે LAMITIYE-2022 લશ્કરી કવાયતનું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ લશ્કરી કવાયતનું આયોજન 22 માર્ચ - 31 માર્ચ - 2022 દરમિયાન સેશેલ્સમાં સેશેલ્સ ડિફેન્સ એકેડમી (SDA) ખાતે થયું છે.
- ભારત અને સેશેલ્સ વચ્ચેની આ 9 મી લશ્કરી કવાયત છે.
- આ કવાયતમાં ભારતીય સેનાની 2/3 ગોરખા રાઇફલ્સ જૂથ (પીરકાંઠી બટાલિયન) ના સૈનિકોએ ભાગ લીધો હતો.

મહત્ત્વ

- 2001 થી સેશેલ્સ LAMITIYE કવાયતની યજમાની કરે છે.
- હિંદ મહાસાગર ક્ષેત્રમાં રહેલા સુરક્ષા સંબંધિત સમસ્યાઓ હલ કરવા આ કવાયત મહત્ત્વપૂર્ણ છે.

હેતુ

- આ કવાયતનો હેતુ દ્વિપક્ષીય સૈન્ય સંબંધોને મજબૂત બનાવવાનો તથા બંને સેનાઓના કૌશલ્યો, અનુભવો વગેરેનું આદાન-પ્રદાન કરવાનો છે.

DAC એ પ્રથમ વખત iDEX સ્ટાર્ટ-અપ્સ પાસેથી સંરક્ષણનો સામાન પ્રાપ્ત કરવાની મંજૂરી આપી

- તાજેતરમાં ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલ (DAC) દ્વારા ભારતીય સંરક્ષણ દળોને પ્રથમ વખત રૂ. 380.43 કરોડની કિંમતની 14 વસ્તુઓને iDEX-ઇનોવેશન ફોર ડિફેન્સ એક્સેલન્સ સ્ટાર્ટ-અપ્સ પાસેથી મેળવવા માટેની મંજૂરી આપવામાં આવી હતી.
- ઉપરાંત MSMEs અને iDEX સ્ટાર્ટ-અપ્સ પાસેથી સંરક્ષણ સામગ્રીની પ્રાપ્તિ ઝડપથી થઈ શકે તે માટે DAC દ્વારા નવી એક્વિઝિશન પ્રક્રિયાને પણ મંજૂરી આપવામાં આવી હતી, જેથી ભારતીય નૌકાદળ, લશ્કર અને વાયુસેના આ તમામ વસ્તુઓની સરળતાથી ખરીદી કરી શકશે.

વિગતે

- નવી પ્રક્રિયા મુજબ 22 અઠવાડિયાના સમય ગાળામાં આ ડિફેન્સ એક્સેલન્સ સ્ટાર્ટ-અપ્સ પાસેથી સામાન પ્રાપ્ત કરવાનું શક્ય બની શકશે.
- મેક-II શ્રેણી હેઠળના પ્રોજેક્ટ્સ મેળવવાની પ્રક્રિયા સરળ બનાવવા માટે પણ DAC દ્વારા મંજૂરી આપવામાં આવી હતી, જેથી મેક-II પ્રોજેક્ટ્સમાં કોન્ટ્રાક્ટ પર હસ્તાક્ષર કરવાથી લઈ પ્રોટોટાઇપ વિકસાવવામાં લાગતો સમય ઘટાડવામાં મદદ મળશે.
- DAC દ્વારા સશસ્ત્ર દળો માટે રૂ. 8,357 કરોડ જેટલી રકમના મૂડી સંપાદન માટે આવશ્યકતા સ્વીકૃતિ (AoN-એક્સેપ્ટંસ ઓફ નેસેસીટી) આપવામાં આવી હતી.
- DAC મુજબ આ પ્રક્રિયાના કારણે સશસ્ત્ર દળો તેમની તમામ જરૂરિયાતોને સ્વદેશી રીતે પ્રાપ્ત કરવા માટે વિચારશે અને ફક્ત અપવાદરૂપ કિસ્સામાં જ આયાત કરવામાં આવશે.
- મૂડી સંપાદન કરાર માટે AoN હેઠળ, હળવા વાહનો GS 4X4, નાઇટ સાઇટ (ઇમેજ ઇન્ટેન્સિફાયર), GSAT 7B સેટેલાઇટ અને એર ડિફેન્સ ફાયર કંટ્રોલ રડાર (લાઇટ) ખરીદવામાં આવશે.
- આમ iDEX સ્ટાર્ટ-અપ્સ દ્વારા સફળતાપૂર્વક પ્રોટોટાઇપ બનાવ્યા બાદ વર્ષના અંત સુધીમાં લગભગ 25 થી 40 વસ્તુઓ સંરક્ષણ દળો દ્વારા પ્રાપ્ત કરી શકાશે.

iDEX વિશે

- વર્ષ 2018માં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશના સશસ્ત્ર દળોમાં નવીનતાને પ્રોત્સાહન આપવા અને અદ્યતન તકનીકોનો સમાવેશ કરવાના ઉદ્દેશ્ય સાથે iDEX પ્રોગ્રામ શરૂ કર્યો હતો.
- તેનો હેતુ MSME, વ્યક્તિગત સંશોધકો, સ્ટાર્ટ-અપ્સ, R&D સંસ્થાઓ વગેરેની સંલગ્નતા દ્વારા સંરક્ષણ અને એરોસ્પેસ ક્ષેત્રોમાં તકનીકી વિકાસ અને નવીનતાને પ્રોત્સાહન આપવાનો છે.

ભારત અને ઉઝબેકિસ્તાન વચ્ચે - એક્સ દસ્તલિક (Ex-DUSTLIK)



- ભારતીય અને ઉઝબેકિસ્તાન સૈન્યો વચ્ચે Ex-DUSTLIK

- સ્વાતંત્ર્ય સેનાનીઓ અને તેમના આશ્રિતો માટે C.G.H.S.-(Central Government Health Scheme) સુવિધાઓ પણ આપવામાં આવી છે.
  - બ્યુરો ઓફ પબ્લિક એન્ટરપ્રાઇઝીસ હેઠળ PSU દ્વારા સંચાલિત તમામ કેન્દ્ર સરકારની હોસ્પિટલો મફત તબીબી સેવાઓ પ્રદાન કરશે.
- કોઈપણ ઈન્સ્ટોલેશન શુલ્ક વગરનું ટેલિફોન કનેક્શન અને ભાડાની કિંમતનો અડધો ભાગ પૂરો પાડવામાં આવે છે. તેઓને દિલ્હીમાં સામાન્ય પૂલમાં (કુલ 5% વિવેકાધીન ક્વોટાની અંદર) રહેણાંક આવાસ આપવામાં આવશે.
- સ્વાતંત્ર્ય સેનાની પેન્શનરો/પાત્ર આશ્રિતો માટે નવી દિલ્હીમાં ફ્રીડમ ફાઇટર્સ હાઉસ ખાતે ટ્રાન્ઝિટ આવાસની પણ સ્થાપના કરવામાં આવી છે.
- આંદામાનના ભૂતપૂર્વ સ્વાતંત્ર્ય સેનાનીઓ અને તેમની વિધવાઓ અથવા વિધુરોને પણ વર્ષમાં એક વખત સાથી સાથે આંદામાન અને નિકોબાર ટાપુઓની મુસાફરી કરવા માટે મફત હવાઈ મુસાફરી પૂરી પાડવામાં આવે છે.

નિમણૂક

અર્જન કુમાર સિકરીની ચારધામ પ્રોજેકટ પરની કમિટીના અધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવી



- તાજેતરમાં સર્વોચ્ચ ન્યાયાલયે ચારધામ પ્રોજેકટ પરની HPC-હાઈ પાવર્ડ કમિટીના અધ્યક્ષ તરીકે અર્જન કુમાર સિકરીની નિમણૂક કરી હતી જે સમગ્ર હિમાલયન ખીણ અને તેની પર્યાવરણ-જૈવવિવિધતા પર ચારધામ પ્રોજેક્ટની અસરોનું મૂલ્યાંકન કરશે.
- અર્જન કુમાર સીકરી એક પ્રખ્યાત ન્યાયશાસ્ત્રી છે જેમણે વર્ષ 2019માં ભારતની સર્વોચ્ચ અદાલતના સૌથી વરિષ્ઠ ન્યાયાધીશ તરીકે નિવૃત્તી લીધી હતી.
- અગાઉ તેઓ પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે પણ સેવા આપી ચૂક્યા છે.
- હાલમાં તેઓ ન્યૂઝ બ્રોડકાસ્ટિંગ સ્ટાન્ડર્ડ ઓથોરિટીના ચેરપર્સન છે તથા સિંગાપોર ઇન્ટરનેશનલ કોમર્શિયલ કોર્ટમાં આંતરરાષ્ટ્રીય ન્યાયાધીશ તરીકે કાર્યરત છે.

પૃષ્ઠભૂમિ

- વર્ષ 2019માં સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા પ્રોફેસર રવિ ચોપરાની HPC ના અધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવી હતી જેમણે રાજીનામું આપતા તેમના સ્થાને અર્જન કુમાર સિકરીની નિમણૂક કરવામાં આવી છે.
- અગાઉ સર્વોચ્ચ ન્યાયાલયે અર્જન કુમાર સિકરીને પર્યાવરણીય ફરિયાદો અને અન્ય બાબતોના નિરાકરણ માટે ચારધામ પ્રોજેક્ટની દેખરેખ સમિતિના અધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા હતા.

ચાર ધામ રોડ પ્રોજેક્ટ

- ચાર ધામ પ્રોજેક્ટ યમુનોત્રી, ગંગોત્રી, બદ્રીનાથ અને કેદારનાથને ઓલ-વેધર રોડ કનેક્ટિવિટી પ્રદાન કરવાની રજૂઆત કરે છે.
- તેમાં નાના મોટા કુલ 53 પ્રોજેક્ટ્સ અને આશરે 826 કિ.મી. લંબાઈ ધરાવતા રોડના નિર્માણ માટે કુલ 12,000 કરોડનું રોકાણ કરવામાં આવ્યું છે.
- 14 ડિસેમ્બર,2021ના રોજ સર્વોચ્ચ ન્યાયાલયે વ્યૂહાત્મક મહત્ત્વ ધરાવતા ચાર ધામ હાઈવે પ્રોજેક્ટ હેઠળ રોડને પહોળો કરવાની પરવાનગી આપી હતી. જેમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં.125 ના કૈલાશ-માનસરોવર યાત્રા રૂટનો ભાગ એવા ટનકપુર-પિથૌરાગઢ સ્ટ્રેચનો પણ સમાવેશ થાય છે.
- ઉત્તરાખંડ સ્ટેટ પબ્લિક વર્ક્સ ડિપાર્ટમેન્ટ, નેશનલ હાઈવે એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ (NHIDCL) અને બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન (BRO) આ પ્રોજેક્ટની અમલીકરણ એજન્સીઓ છે.

પર્યાવરણીય અસરો

- આ પ્રોજેક્ટથી આશરે 55,000 વૃક્ષો અને 690 હેક્ટર જંગલ વિસ્તાર તેમજ 20 મિલિયન ક્યુબિક મીટર માટીનું પર્યાવરણીય નુકશાન થઈ શકે છે.
- રસ્તો પહોળો કરવા માટે વનસ્પતિ કે વૃક્ષોની કાપણી કરવાથી અથવા તેને દૂર કરવાથી પ્રાદેશિક પારિસ્થિતિકી અને જૈવવિવિધતાના સંતુલન માટે જોખમ ઊભું થઈ શકે છે.

SEBIના પ્રથમ મહિલા અધ્યક્ષ તરીકે માધવી પુરી બૂચની નિમણૂક કરાઈ



2 મહત્વપૂર્ણ દિવસો

WEBSANKUL

27 ફેબ્રુઆરી : વિશ્વ NGO દિવસ (World NGO Day)



- વિશ્વના કેટલાક દેશોમાં 'વિશ્વ NGO દિવસ' દર વર્ષે 27 ફેબ્રુઆરીના રોજ ઉજવવામાં આવે છે.
- બિન-સરકારી સંસ્થાઓ (Non-Governmental Organization) સમાજના ઉત્થાન માટે કાર્ય કરે છે.
- ભારતમાં 30 લાખથી વધુ NGO છે જે વિવિધ ક્ષેત્રોમાં કામ કરે છે અને સામાજિક પરિવર્તન લાવવામાં સહાયક, ઉત્પ્રેરક અથવા ભાગીદારની મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.
- વર્ષ 2010માં બાલ્ટિક સી NGO ફોરમના સભ્ય દેશોએ આ દિવસની ઉજવણી અંગેની માન્યતા આપી હતી. જ્યારે વર્ષ 2014માં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા પ્રથમ વખત આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

નોંધ : બાલ્ટિક સી NGO ફોરમમાં ડેનમાર્ક, ઇસ્ટોનિયા, ફિનલેન્ડ, જર્મની, આઇસલેન્ડ, લાટવિયા, લિથુઆનિયા, પોલેન્ડ, રશિયા, નોર્વે અને સ્વિડન જેવા દેશોના સમાવેશ થાય છે.

28 ફેબ્રુઆરીઃ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ (National Science Day)



- સમગ્ર દેશમાં દર વર્ષે 28 ફેબ્રુઆરીએ 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ' (National Science Day) ની ઉજવણી કરવામાં આવે છે.
- 28 ફેબ્રુઆરી, 1928ના રોજ સર ચંદ્રશેખર વેંકટ રામને (સી.વી.રામન) 'રામન ઇફેક્ટ' ની શોધ કરી હતી.
- તેઓને પ્રકાશના પ્રકીર્ણન (Scattering of light) પર કામ કરવા અને 'રામન ઇફેક્ટ' ની શોધ કરવા માટે વર્ષ 1930 માં ભૌતિકશાસ્ત્ર ક્ષેત્રમાં 'નોબેલ પુરસ્કાર' એનાયત કરવામાં આવ્યો હતો.
- વર્ષ 2022 ના 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ' ની થીમ - **Integrated Approach in science and Technology for sustainable future** ' છે.
- આ વર્ષે 'રાષ્ટ્રીય વિજ્ઞાન સપ્તાહ' નું આયોજન 22 થી 28 ફેબ્રુઆરી, 2022 દરમિયાન કરવામાં આવ્યું હતું.

પૃષ્ઠભૂમિ

- વર્ષ 1986માં નેશનલ કાઉન્સિલ ફોર સાયન્સ એન્ડ ટેકનોલોજી કમ્યુનિકેશન (NCSTC) દ્વારા દર વર્ષે 28 ફેબ્રુઆરીએ 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ' ઉજવવા અંગેનો પ્રસ્તાવ રાખવામાં આવ્યો હતો જેને કેન્દ્ર સરકારે મંજૂરી આપી હતી.
- આમ, પ્રથમ વખત રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી 28 ફેબ્રુઆરી, 1987 ના રોજ કરવામાં આવી હતી.
- કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલય અંતર્ગત વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ દ્વારા સમગ્ર દેશમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણીને પ્રોત્સાહન આપવામાં આવે છે.

નોંધ : નેશનલ કાઉન્સિલ ફોર સાયન્સ એન્ડ ટેકનોલોજી કમ્યુનિકેશન (NCSTC) એ વિજ્ઞાનને લોકપ્રિય બનાવવા, વૈજ્ઞાનિક જ્ઞાનના પ્રસાર અને વૈજ્ઞાનિક સ્વભાવના વિકાસ માટે કેન્દ્ર સરકારનો એક વૈજ્ઞાનિક કાર્યક્રમ છે.

- ભારતની છઠ્ઠી પંચવર્ષીય યોજનામાં રજૂ કરાયેલ સાયન્સ કમ્યુનિકેશન પ્લાનને પગલે NCSTC ની સ્થાપના વર્ષ 1982માં કરવામાં આવી હતી.

રાષ્ટ્રવ્યાપી ઉજવણી

- 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ' ની રાષ્ટ્રવ્યાપી ઉજવણીના ભાગરૂપે કેન્દ્રીય મંત્રી ડૉ.જિતેન્દ્ર સિંઘે 'એકીકૃત વિજ્ઞાન મીડિયા કેન્દ્ર' બનાવવાની જાહેરાત કરી હતી.
- એકીકૃત મીડિયા સેન્ટર પ્રિન્ટ, ઇલેક્ટ્રોનિક, સોશિયલ અને ડિજિટલ મીડિયા સહિત તમામ પ્રકારની મીડિયા જરૂરિયાતોને પૂર્ણ કરશે.

વિવિધ પુરસ્કારો એનાયત

કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનું આયોજન 'વર્લ્ડ ઓબેસિટી ફેડરેશન' દ્વારા કરવામાં આવે છે. જે એક બિન લાભકારી સંસ્થા છે અને તે વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) સાથે સત્તાવાર રીતે જોડાયેલી છે.
- વર્ષ 2022ના 'વિશ્વ સ્થૂળતા દિવસ' ની થીમ - **'Everybody Needs to Act'** છે. આ થીમ / અભિયાનનો ઉદ્દેશ સ્થૂળતા અંગે સમજણ, નિવારણ અને સારવારમાં સુધારો કરવાનો છે.

7 માર્ચઃ જન ઔષધિ દિવસ (Jan Aushadhi Diwas)



- જેનેરિક દવાઓના ઉપયોગ અને પ્રધાનમંત્રી ભારતીય જનઔષધિ પરિયોજના (**PMBJP**) ના ફાયદાઓ વિશે લોકોમાં જાગરૂકતા ફેલાવવા માટે દર વર્ષે 7 માર્ચે 'જન ઔષધિ દિવસ' અથવા **'Generic Medicine Day'** ની ઉજવણી કરવામાં આવે છે.
- 7 માર્ચ, 2022 ના રોજ ચોથા જનઔષધિ દિવસની ઉજવણી કરવામાં આવી.
- જનઔષધિ દિવસ સપ્તાહનું આયોજન વર્ષ 2022માં 1 થી 7 માર્ચ દરમિયાન કરવામાં આવ્યું હતું. આ સપ્તાહની ઉજવણીના છેલ્લા દિવસ એટલે કે 7 માર્ચે જનઔષધિ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- કેન્દ્રીય રસાયણ અને ખાતર મંત્રાલયના ફાર્માસ્યૂટિકલ્સ વિભાગ અંતર્ગત કાર્યરત એવા ફાર્માસ્યૂટિકલ્સ એન્ડ મેડિકલ ડિવાઇસીઝ બ્યૂરો ઓફ ઇન્ડિયા (**PMBI**) દ્વારા આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- વર્ષ 2022ના 'જનઔષધિ દિવસ' ની થીમ - 'જન ઔષધિ જન ઉપયોગી' છે.

પૃષ્ઠભૂમિ

- 7 માર્ચ, 2019 ના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ જાહેરાત કરી હતી કે દર વર્ષે 7 માર્ચે 'જનઔષધિ દિવસ' તરીકે ઉજવવામાં આવશે.
- આમ, પ્રથમ જનઔષધિ દિવસની ઉજવણી 7 માર્ચ, 2019 ના રોજ કરવામાં આવી હતી.

પ્રધાનમંત્રી ભારતીય જનઔષધિ પરિયોજના (PMBJP)

- કેન્દ્રીય રસાયણ અને ખાતર મંત્રાલય અંતર્ગતના ફાર્માસ્યૂટિકલ્સ વિભાગ દ્વારા નવેમ્બર 2008 માં 'જન ઔષધિ અભિયાન' શરૂ કરવામાં આવ્યું હતું. જેનો ઉદ્દેશ બધા માટે પોષણક્ષમ ભાવે ગુણવત્તાયુક્ત જેનેરિક દવાઓની ઉપલબ્ધતાને સુનિશ્ચિત કરવાનો હતો.
- આ યોજના સપ્ટેમ્બર, 2015 માં 'પ્રધાનમંત્રી જનઔષધિ યોજના' (**PMJAY**) તરીકે ફરીથી લોન્ચ કરવામાં આવી હતી અને ડિસેમ્બર, 2016 માં તેનું નામ બદલીને 'પ્રધાનમંત્રી ભારતીય જનઔષધિ પરિયોજના' (**PMBJP**) કરવામાં આવ્યું હતું.
- બ્યૂરો ઓફ ફાર્મા **PSUs** ઓફ ઇન્ડિયા (**BPPI**) એ **PMBJP** માટેની અમલીકરણ એજન્સી છે.

નોંધઃ

1. બ્યૂરો ઓફ ફાર્મા પબ્લિક સેક્ટર અંડર ટેકિંગ્સ (**PSUs**) એ કેન્દ્રીય રસાયણ અને ખાતર મંત્રાલય અંતર્ગત કામ કરે છે.
2. BPPI એ 'જનઔષધિ સુગમ એપ્લિકેશન' પણ વિકસાવેલી છે.

ઉદ્દેશો

- તમામ લોકો, ખાસ કરીને ગરીબ અને વંચિતો માટે ગુણવત્તાયુક્ત દવાઓની પહોંચને સુનિશ્ચિત કરવી.
- શિક્ષણ અને પ્રચાર દ્વારા જેનેરિક દવાઓ વિશે જાગરૂકતા ફેલાવવી.
- **PMBJP** કેન્દ્રો ખોલવામાં વ્યક્તિગત ઉદ્યોગ સાહસિકોને સામેલ કરીને રોજગારમાં વૃદ્ધિ કરવી.

નોંધઃ જેનેરિક દવાઓ બિન - બ્રાન્ડેડ દવાઓ છે જે ગુણવત્તા અને અસરકારકતાની દૃષ્ટિએ સમાન રીતે સલામત અને બ્રાન્ડેડ દવાઓની સમકક્ષ હોય છે.

જન ઔષધિ કેન્દ્ર

- જન ઔષધિ કેન્દ્રો એ એવા કેન્દ્રો છે જ્યાંથી ગુણવત્તાયુક્ત જેનેરિક દવાઓ બધાને ઉપલબ્ધ કરાવવામાં આવે છે.
- બ્યૂરો ઓફ ફાર્મા PSUs ઓફ ઇન્ડિયા (**BPPI**) પ્રધાનમંત્રી ભારતીય જનઔષધિ પરિયોજના (**PMBJP**) ના ભાગરૂપે જનઔષધિ કેન્દ્રોને પ્રોત્સાહીત કરે છે.
- કેન્દ્ર સરકારે માર્ચ, 2025 ના અંત સુધીમાં પ્રધાનમંત્રી ભારતીય જનઔષધિ કેન્દ્રો (**PMBJKs**) ની સંખ્યા વધારીને 10,500 કરવાનું લક્ષ્ય નિર્ધારિત કર્યું છે.
(4) પાર્વતી મંદિરનું નિર્માણ

- સોમનાથ ખાતે મુખ્ય મંદિરના પ્રાંગણમાં પાર્વતી મંદિરનું નિર્માણ થઇ રહ્યું છે.
- ₹30 કરોડના ખર્ચે પાર્વતી મંદિરનું નિર્માણ કરવામાં આવશે. જે સોમપુરા સલાટ શૈલીથી બનાવાશે.
- તેમાં 380 સ્કવેર મીટરનો ગર્ભગૃહ અને 1250 સ્કવેર મીટરનો નૃત્યમંડપ પણ બનાવાશે.
- આ માટે ભીખુભાઇ કેશુભાઇ ઘામેલિયા પરિવાર તરફથી દાન મળ્યું છે.

'સ્વામિત્વ યોજના'ના પાઇલોટ પ્રોજેક્ટ માટે ગાંધીનગરની પસંદગી

- કેન્દ્ર સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં મિલકત કાર્ડ તૈયાર કરી આપવા માટે '**સ્વામિત્વ યોજના**' અમલી બનાવવામાં આવી છે.
- આ યોજના માટે ગાંધીનગર જિલ્લાની પાઇલોટ પ્રોજેક્ટ તરીકે પસંદગી કરવામાં આવી છે.
- આ યોજનાના સુચારું અમલીકરણ માટે 24 ઓગસ્ટ, 2021થી ગાંધીનગર તાલુકાના પાંચ ગામોમાં ડ્રોન દ્વારા સર્વેની કામગીરી શરૂ કરવામાં આવશે.

સ્વામિત્વ યોજના

- 24 એપ્રિલ, 2020ના રોજ '**રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસે**' વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી દ્વારા 'સ્વામિત્વ યોજના'ની શરૂઆત કરવામાં આવી હતી.



- કેન્દ્રીય પંચાયતી રાજ મંત્રાલયએ આ યોજનાનાં અમલીકરણ માટે નોડલ મંત્રાલય છે.
- **SVAMITVA**નું પૂરું નામ '**Survey of Villages and Mapping With Improvised Technology in Village Areas**' છે.

અમલીકરણ

- આ યોજનાનું સંયુક્ત અમલીકરણ વિવિધ રાજ્યોના કેન્દ્રીય પંચાયતી રાજ મંત્રાલય, વિવિધ રાજ્યોના પંચાયતી રાજ વિભાગ, વિવિધ રાજયોના મહેસૂલ વિભાગો અને સર્વે ઓફ ઇન્ડિયા દ્વારા કરવામાં આવી રહ્યું છે.

ઉદ્દેશ

- ગ્રામીણ વિસ્તારોમાં મિલકત ધારકોને મિલકતોના અધિકાર આપવા.
- તેમાં ડ્રોન ટેક્નોલોજી અને **Continuously Operating Reference Station** (**CORS**)નો ઉપયોગ કરીને ભારતના ગ્રામીણ વિસ્તારોમાં જમીનની માપણી અથવા સર્વેક્ષણ કરવામાં આવશે.
- આ યોજના અંતર્ગત દેશભરમાં ગ્રામીણ વિસ્તારોમાં મેપિંગ તબક્કાવાર રીતે વર્ષ 2020-2024ના ચાર વર્ષના સમયગાળા માટે કરવામાં આવશે.

ગાંધીનગર સચિવાલયમાં 'ઓપરેશન ગાંડીવ' અંતર્ગત NSG કમાન્ડોની મોકડ્રિલ

- તાજેતરમાં નેશનલ સિક્યુરિટી ગાર્ડ (**NSG**) દ્વારા 22 થી 28 ઓગસ્ટ, 2021 દરમિયાન વાર્ષિક કવાયત '**ઓપરેશન ગાંડીવ**' લોન્ચ કરવામાં આવ્યું હતું.

ઓપરેશન ગાંડીવ



- આ વર્ષે શરૂ કરવામાં આવેલ '**ઓપરેશન ગાંડીવ**'ની આ ત્રીજી આવૃતિ છે.
- ગાંધીનગરના સચિવાલયમાં NSG કમાન્ડો દ્વારા મોકડ્રિલ શરૂ કરવામાં આવી હતી.

નિર્માણ કરવાની જવાબદારી સોંપવામાં આવી છે.

ગુજરાત યોગાસન સ્પોર્ટ્સ એસોસિએશન અને ગુજરાત રાજ્ય યોગ બોર્ડ વચ્ચે MOU

- ગુજરાતના પ્રત્યેક જિલ્લાઓમાં યોગાસન એકેડેમીના વિકાસ માટે ગુજરાત યોગાસન સ્પોર્ટ્સ એસોસિએશન તથા ગુજરાત રાજ્ય યોગ બોર્ડ વચ્ચે તાજેતરમાં MOU કરવામાં આવ્યા હતા.
- યોગ માટે જાગૃતિ અભિયાન ચલાવવા માટે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ એક લાખ લોકોને ટ્રેનર બનાવવાનો લક્ષ્યાંક રાખી રહ્યું છે.
- ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં એકેડેમીની સ્થાપના કરવાથી યોગની રમતનો વિકાસ થશે. તેમાં રમતવીરોને પાયાની ટ્રેનિંગ મેળવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે, અને આંતરરાષ્ટ્રીય સ્તરે યોગાસનના રમતવીરોના વિકાસમાં વધુ સારી સગવડો મળી રહે તે સુનિશ્ચિત કરવામાં આવશે.

નોંધ: ગુજરાત રાજ્ય યોગ બોર્ડના વર્તમાન (23 ઓક્ટોબર, 2021ની સ્થિતિએ) પ્રમુખ શીશપાલ શોભારામ રાજપૂત છે.

ગુજરાતના મુખ્યમંત્રી દ્વારા 'ગો-ગ્રીન યોજના'નો શુભારંભ

- શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા 25 ઓક્ટોબર, 2021ના રોજ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડ અને ગુજરાત મકાન અને બાંધકામ બોર્ડની 'ગો-ગ્રીન યોજના'નો શુભારંભ કરવામાં આવ્યો છે.

ગો-ગ્રીન યોજના

- રાજ્યને ગ્રીન-પોલ્યુશન ફ્રી બનાવવા તથા શ્રમયોગીઓને પરિવહનમાં આત્મનિર્ભર બનાવવાના ઉદ્દેશ સાથે રાજ્ય સરકાર દ્વારા 'ગો-ગ્રીન યોજના' લોન્ચ કરવામાં આવી છે.
- આ અંતર્ગત સંગઠિત અને બાંધકામક્ષેત્રના શ્રમયોગીઓને ઈલેક્ટ્રીક ટુ-વ્હીલરની ખરીદી ઉપર ખાસ નાણાકીય સહાય આપવામાં આવશે.
- સંગઠિત ક્ષેત્રના શ્રમયોગીઓને વાહનની કિંમતના 30 ટકા અથવા ₹30 હજારની મર્યાદામાં સબસિડી ચૂકવવામાં આવશે.
- જ્યારે બાંધકામ ક્ષેત્રના શ્રમયોગીઓને વાહનની કિંમતના 50 ટકા અથવા ₹30 હજારની સબસિડી આપવાની જોગવાઈ 'ગો-ગ્રીન યોજના'માં કરવામાં આવી છે.
- આ ઉપરાંત આ યોજના હેઠળ વાહનના RTO રજિસ્ટ્રેશન ટેક્સ તથા રોડ ટેક્સ ઉપર વનટાઈમ સબસિડી પણ આપવામાં આવશે.
- ગો-ગ્રીન યોજનામાં અસરકારક અમલીકરણ માટે રાજ્યના શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા મોબાઈલ એપ્લિકેશન અને અત્યાધુનિક પોર્ટલ www.gogreenglwb.gujarat.gov.in પણ શરૂ કરવામાં આવ્યું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા 'સાયબર સેફ મિશન'નો પ્રારંભ

- ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદ શહેર પોલીસની ક્રાઈમ બ્રાન્ચ દ્વારા શરૂ કરાયેલા અવેરનેસ કેમ્પેઈન 'સાયબર સેફ મિશન'નો પ્રારંભ કરાવ્યો હતો.
- હવેનો યુગ મોબાઈલ અને ઈન્ટરનેટ તથા સાયબરનો યુગ છે અને તેના વધતા વ્યાપ સાથે સાયબર ક્રાઈમ કરનાર લોકો પણ મોટા પ્રમાણમાં ગુનાઓ કરી લોકોને છેતરવા, નાણાં હજમ કરી જવા જેવી પ્રવૃતિઓ આચરતા થયા છે. ત્યારે સમાજમાં આવા ગુનાઓ સામે જન જાગૃતિ જગાડવામાં આ સાયબર સેફ મિશન એક સક્ષમ માધ્યમ બનશે.

'સાયબર સેફ ગર્લ' પુસ્તકનું વિમોચન

- રાજ્યની મહિલાઓને સાયબર સુરક્ષા અંગે માર્ગદર્શન આપતું ડો. અનંત પ્રભુજી દ્વારા લિખિત 'સાયબર સેફ ગર્લ' પુસ્તકનું પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા વિમોચન કરવામાં આવ્યું હતું.

ગુજરાત રાજ્ય સરકારના કામકાજ માટે 'ઈ-સરકાર એપ'



- ગુજરાત સરકારની હાલની વહીવટી કાર્યપધ્ધતિને પેપરલેસ બનાવવા માટે તાજેતરમાં પાયલોટ ધોરણે 'ઈ-સરકાર' એપ્લિકેશન શરૂ કરવામાં આવી છે.
- જે આવતી 25 ડિસેમ્બરે પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના જન્મદિવસથી સંપૂર્ણપણે અમલમાં આવશે.
- આ એપ્લિકેશન હેઠળ સચિવાલયના તમામ વિભાગો, વિવિધ ખાતાઓની વડી કચેરીઓ, કલેક્ટર-ડીડીઓ કચેરીઓ તેમજ તાલુકા કચેરીઓ આવરી લેવાશે.
- RTI અરજી કરવી, લોક ફરિયાદ કરવી, મુલાકાત માટે સમય માગવા જેવી બાબતો પણ આ એપ્લિકેશનમાં આવરી લેવાશે.
- RTI સહિત કેટલીક ફી પણ આ એપ દ્વારા ચૂકવી શકાશે.
- રાજ્ય સરકારના વહીવટમાં વર્ષ 2005થી IWDMS એપ્લિકેશન ચાલે છે તેમાં ટેકનિકલ અપગ્રેડેશન કરી ઈ-સરકાર એપ્લિકેશન બનાવાઈ છે.

- 12 નવેમ્બર થી 13 નવેમ્બર, 2021 દરમિયાન મહેસાણા જિલ્લામાં આવેલ ઐતિહાસિક નગરી વડનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલ દ્વારા બે દિવસીય 'તાના-રીરી મહોત્સવ'નો શુભારંભ કરાવવામાં આવ્યો હતો.

112 ભૂંગળોના નાદ સાથે વર્લ્ડ રેકોર્ડ

- લોકવાદ્યના કલાકારોને ઉત્તેજન આપવાના ઉદ્દેશ સાથે વિસરાતી જતી ભવાઇ, કલાના 112 તુરી-બારોટ અને નાયક સમાજના ભવાઇ કલાકારોએ એક સાથે 5 મિનિટ સુધી ભૂંગળ વગાડી તાના-રીરી સમાધિસ્થળ ખાતે નવો વર્લ્ડ રેકોર્ડ સર્જ્યો હતો.
- અત્રે ઉલ્લેખનીય છે કે, તાના-રીરી સમાધિસ્થળ ખાતે આઠ વિવિધ વર્લ્ડ રેકોર્ડ સર્જાયા છે. તાના-રીરી મહોત્સવ 2021માં ભૂંગળ વાદનનો નવમો વિશ્વ રેકોર્ડ સર્જાયો હતો.
- વડનગરના તાના-રીરી ગાર્ડનમાં આ ભવ્ય અને શાનદાર કાર્યક્રમ બળદેવભાઇ નાયક અને ગૌરવ પુરસ્કૃત શ્રી મુગટરામના નેતૃત્વમાં યોજાયો હતો, જેના સાથે સહસંયોજક તરીકે ડાહ્યાભાઇ નાયકે કામગીરી કરી હતી.

તાના-રીરી એવોર્ડ 2021 એનાયત

- વર્ષ 2021 માટેનો તાના-રીરી એવોર્ડ પદ્મશ્રી કવિતા કૃષ્ણમૂર્તિ (મુંબઇ) અને ડૉ. વિરાજ અમર ભટ્ટ (અમદાવાદ) ને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલ દ્વારા એનાયત કરવામાં આવ્યો હતો.
- વર્ષ 2010માં પ્રથમ વખત તાના-રીરી એવોર્ડ ખ્યાતનામ સંગીત બેલડી લતા મંગેશકર અને ઉષા મંગેશકરને તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો.

તાના-રીરી એવોર્ડના આજ સુધીના વિજેતાઓ

ક્રમ	વર્ષ	વિજેતા/વિજેતાઓ
1	2010	લતા મંગેશકર, ઉષામંગેશકર
2	2011	ગિરિજા દેવી
3	2012	કિશોરી અમોનકર
4	2013	પરવિન બેગમ સુલતાન
5	2014	ડૉ. પ્રભા અત્રે
6	2016	વિદૂષી મંજુબહેન મહેતા, ડૉ. લલિત જે. રાવન મહેતા
7	2017	ડૉ. એન.રાજમ, વિદૂષી રૂપાંદે શાહ
8	2018	આશા ભોંસલે
9	2019	અશ્વિની ભીંડે દેશપાંડે, પિયુ સરખેલ
10	2020	અનુરાધા પોંડવાલ, વર્ષાબેન ત્રિવેદી
11	2021	કવિતા કૃષ્ણમૂર્તિ, ડૉ. વિરાજ અમર ભટ્ટ

તાના-રીરી એવોર્ડ

- તાના-રીરી મહોત્સવની શરૂઆત રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 2003ના વર્ષમાં કરી હતી.
- સંગીત સામ્રાજ્ઞી તાના-રીરીની યાદમાં દર વર્ષે રાજ્ય સરકાર દ્વારા આ બે દિવસીય મહોત્સવ કારતક સુદ નોમના દિવસે ઉજવવામાં આવે છે.
- તાના-રીરી મહોત્સવ સંદર્ભે તાના-રીરી સંગીત સન્માન એવોર્ડ આપવાની શરૂઆત વર્ષ 2010માં રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કરી હતી.
- આ એવોર્ડ અંતર્ગત પ્રત્યેક વિજેતાઓને ₹2,50,000નો ચેક, શાલ અને તામ્રપત્ર મુખ્યમંત્રીના હસ્તે એનાયત કરવામાં આવે છે.

તાના-રીરી

- તાના-રીરી સોળમી સદીના આદ્યકવિ નરસિંહ મહેતાની પુત્રી કુંવરબાઇની દીકરી શર્મિષ્ઠાની બે દીકરીઓ હતી.
- તેઓનો જન્મ વડનગર ખાતે થયો હતો.
- જ્યારે અકબરના દરબાર ગાયક ઉસ્તાદ તાનસેનના ગુરૂનું અવસાન થયું, ત્યારે તેણે રાગ 'દીપક' ગાયો. એમ કહેવામાં આવે છે કે આ રાગ ગાવાને પરિણામે ગાયકને તેના શરીરમાં અસાધ્ય ગરમીની લાગણી થવા લાગે છે, તે જ પ્રમાણે તાનસેન દીપક રાગની દાઝથી પ્રભાવિત થયો હતો અને તેના શમન અર્થે આખા ભારતમાં ફરી વળ્યો. તે સમય દરમિયાન અકબરની સેનાનો સેનાપતિ ઇઝાદખાન વડનગર આવ્યો અને તેને તાના અને રીરી નામની બે બહેનો વિશે જાણવા મળ્યું કે, જેઓ નિપુણ ગાયકો હતી અને રાગ 'મલ્હાર' ગાઇને તાનસેનના દાહને શમાવી શકતી હતી.
- જ્યારે તેઓને અકબરના દરબારમાં ગાવાનું કહેવામાં આવ્યું, ત્યારે તેઓએ આવવાની ના પાડી કારણ કે, નાગરો તરીકે તેમનું વ્રત હતું કે તેઓ ગામના દેવની મૂર્તિની સામે જ ગાઇ શકે. દરબારનો પ્રસ્તાવ ન માનતા તેમના શહેરમાં યુધ્ધ જેવી પરિસ્થિતિ સર્જાવાની શક્યતા હતી. આથી તેમણે દરબારમાં જઇ ગાવાને બદલે આત્મહત્યા કરી લીધી હતી.
- વડનગરમાં તાના-રીરીના સન્માનમાં એક સ્મારક બનાવવામાં આવ્યું છે.

ગિજુભાઇ બધેકાનો જન્મ દિવસ ગુજરાતમાં 'બાળવાર્તા દિન' તરીકે ઊજવાશે

- રાજ્યના કેબિનેટ શિક્ષણમંત્રી જીતુભાઇ વાઘાણીએ તાજેતરમાં ભાવનગરથી એક મહત્વપૂર્ણ જાહેરાત કરતાં જણાવ્યું હતું કે યુગમૂર્તિ બાળ કેળવણીકાર સ્વ.ગિજુભાઇ બધેકાના જન્મ દિવસ 15 નવેમ્બરને ગુજરાત રાજ્યમાં

'બાળવાર્તા દિન' તરીકે ઉજવવામાં આવશે.



ગિજુભાઈ બધેકા

- **જન્મ:** 15 નવેમ્બર, 1885 (ચિત્તળ, અમરેલી)
- **નિધન:** 23 જૂન, 1939 (મુંબઇ)
- **ઉપનામો:** મૂછાળી મા, વિનોદી, બાળકોના બેલી
- **બાળપણનું નામ:** ગિરજાશંકર
- ગિજુભાાઇ બધેકા શિક્ષણ વિદ્ હતા, જેમણે ભારતમાં મોન્ટેસરી શિક્ષણની રજૂઆતમાં અગત્યનો ભાગ ભજવ્યો હતો.
- તેઓ 'મૂછાળી મા'ના હુલામણાં નામથી વધુ જાણીતા હતા.
- તેઓ શિક્ષણવિદ્ બન્યાં પહેલા હાઇકોર્ટમાં વકીલ હતા.
- 1920ના દાયકામાં તેમણે 'બાલમંદિર'ની સ્થાપના કરી હતી.

સાહિત્ય સર્જન

- ગિજુભાઇ બધેકાએ 200 જેટલાં પુસ્તકો લખ્યાં હતા, જેમાં બાળ સાહિત્યનો સૌથી વધુ સમાવેશ થાય છે.
- જેમાં 'દિવા સ્વપ્ન' ખૂબ વખણાયું છે.
- ઇસપના પાત્રો, કિશોર સાહિત્ય (1-6), બાલ સાહિત્ય માળા (25 ગુચ્છો), બાલ સાહિત્ય વાટિકા (28 પુસ્તિકા), જંગલ સમ્રાટ ટારઝનની અદભૂત કથાઓ (1-10), મા-બાપ થવું આકરૂં છે, મોન્ટેસરી પદ્ધતિ, આ તે શી માથાફોડ?, શિક્ષક હો તો, સ્વતંત્ર બાલશિક્ષણ વગેરે...
- તેઓને વર્ષ 1930માં રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવ્યો હતો.

ગુજરાતનાં વિદ્યાર્થીઓ માટે અભ્યાસક્રમ ઘડવા શિક્ષણ વિભાગના કેમ્બ્રિજ સાથે MOU



- રાજ્યની સરકારી શાળાના વિદ્યાર્થીઓની ગુણવત્તા માટે ગુણોત્સવ 2.0 યોજાયા બાદ નબળા વિદ્યાર્થીઓની ગુણવત્તા સુધારવા શિક્ષણ વિભાગે 'મિશન સ્કૂલ ઓફ એક્સલન્સ' પ્રોજેક્ટ અમલમાં મુક્યો છે.
- આ પ્રોજેક્ટ અંતર્ગત હાલમાં શિક્ષકોને પણ તબક્કાવાર તાલીમ અપાઇ રહી છે.
- ધોરણ 6 થી 12 વિદ્યાર્થીઓના અભ્યાસક્રમમાં પણ ફેરફાર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.
- આ અંતર્ગત નવો અભ્યાસક્રમ તૈયાર કરવા માટે ગુજરાતના શિક્ષણ વિભાગે કેમ્બ્રિજ સાથે MOU કર્યા છે.
- ગુજરાતના શિક્ષણ વિભાગે કેમ્બ્રિજ પાર્ટનરશિપ ફોર એજ્યુકેશન સાથે મિશન સ્કૂલ ઓફ એક્સલન્સની શાળાઓ માટે સર્વોત્તમ અભ્યાસક્રમ ઘડી શકાય તે હેતુથી MOU કર્યા છે.

મુખ્યમંત્રીએ ડાંગને રાજ્યનો પ્રથમ સંપૂર્ણ કુદરતી ખેતી જિલ્લો જાહેર કર્યો



- 'આપણું ડાંગ, પ્રાકૃતિક ડાંગ' અભિયાન અંતર્ગત ડાંગ જિલ્લાને રાજ્યનો સંપૂર્ણ રાસાયણિક ખેતીમુકત પ્રથમ જિલ્લો જાહેર કરવા અંગેના સમારોહનું આયોજન ડાંગના મુખ્યમથક આહવા ખાતે કરવામાં આવ્યું હતું.
- 'સંપૂર્ણ રસાયણમુકત ડાંગ જિલ્લા' હેઠળ પ્રાકૃતિક ખેતી કરવા કુટુંબો માટે ₹31 કરોડની નાણાકિય સહાય યોજના ઘોષિત કરવામાં આવી છે.
- જેમાં ખેડૂત કુટુંબોને ખેત ઉત્પાદનની સંભવિત ઘટ સામે વળતર પેટે ₹10 હજાર પ્રતિ હેકટર વાર્ષિક સહાય માટે ₹20 કરોડની જોગવાઇ, ઉપરાંત ખેડૂતોના થર્ડ પાર્ટી ઓર્ગેનિક સર્ટિફિકેશન અને હેન્ડ હોલ્ડિંગ માટે ₹10 કરોડની જોગવાઇ કરવામાં આવી છે.
- આ યોજના હેઠળ ડાંગ જિલ્લાના 12,527 ખેડૂત કુટુંબોને ₹6.50 કરોડની સહાય ચૂકવવામાં આવી છે.
- 'આપણું ડાંગ, પ્રાકૃતિક ડાંગ' કાર્યક્રમ દરમિયાન રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના હસ્તે પ્રતિકરૂપે પાંચ ખેડૂતોને સહાયના ચેકોનું વિતરણ કરવા સાથે કેન્દ્ર સરકારની FPO (Farmer producer organizations) યોજના હેઠળ 300 ખેડૂતોને આ યોજના હેઠળ મેનેજમેન્ટ કોસ્ટ માટે ₹18 લાખ અને ₹2 કરોડની ગેરંટી લોન, 'આપણું ડાંગ, પ્રાકૃતિક ડાંગ' વિષયક નવ

વ્યક્તિદીઠ સહાયની રકમ રૂ. 1 લાખ વધારીને રૂ. 5 લાખ કરી છે.

- આ સાથે વન્યપ્રાણીઓથી ઈજાના કિસ્સામાં પણ વળતર-સહાયની રકમમાં વધારો કરાયો છે.



- રાજ્ય સરકારે હવે સિંહ, વાઘ, દીપડા, રીંછ, મગર, વરુ, ઝરખ અને જંગલી ભૂંડ જેવાં વન્ય પ્રાણીઓ દ્વારા માનવ ઈજામાં 40 થી 60 ટકા અપંગતામાં રૂ. 1 લાખ અને 60 ટકાથી વધુ અપંગતામાં રૂ. 2 લાખનું વળતર આપવાનું નક્કી કર્યું છે.
- જ્યારે ઉપરોક્ત હિંસક પ્રાણીઓથી પશુ મૃત્યુમાં ગાય-ભેંસ માટે રૂ. 50 હજાર, ઊંટ માટે રૂ. 40 હજાર અને ઘેટાં- બકરાં રૂ. 5 હજાર સહાય વળતર આપવાનું ઠરાવ્યું છે.

હિંસક પ્રાણીઓથી માનવમૃત્યુ / ઈજામાં સહાય

શ્રેણી	અગાઉની સહાય	વધારા સાથેની સહાય
માનવમૃત્યુ	રૂ. 4 લાખ	રૂ. 5 લાખ
માનવ ઈજા		
60% સુધી અપંગતા	રૂ. 59 હજાર	રૂ. 1 લાખ
60% કરતા વધુ અપંગતા	રૂ. 2 લાખ	રૂ. 2 લાખ
3 દિવસ કરતા વધુ હોસ્પિટલાઈઝેશનની સ્થિતિમાં વળતર	રૂ. 4.3 હજાર	રૂ. 10 હજાર

હિંસક પ્રાણીઓથી પશુમૃત્યુમાં સહાય

શ્રેણી	અગાઉની સહાય	વધારા સાથેની સહાય
દૂધાળા પશુઓ		
ગાય/ભેંસ મૃત્યુ	રૂ.30 હજાર	રૂ. 50 હજાર
ઊંટ મૃત્યુ	રૂ.૩૦ હજાર	રૂ. 40 હજાર
દૂધ ન આપનારા પશુઓ		
ઊંટ/ઘોડો/ બળદ મૃત્યુ	રૂ. 25 હજાર	રૂ. 25 હજાર
વાછરડું/ ગધેડો મૃત્યુ	રૂ. 16 હજાર	રૂ. 20 હજાર

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા 'સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલીસી 2.0' લોન્ચ

- અમદાવાદ શહેર સ્થિત સાયન્સ સિટી ખાતે વાઈબ્રન્ટ ગુજરાત એજ્યુકેશન સમિટ-2022ના ભાગરૂપે આયોજિત બે દિવસીય ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓફ એકેડેમિક ઈન્સ્ટિટ્યૂશન (ICAI-2022) નું આયોજન મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.
- આ સમિટમાં શિક્ષણક્ષેત્રના મહત્વના 32 MOU સંપન્ન થયા હતા.
- તેમજ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલ દ્વારા નવી શિક્ષણનીતિના દિશા-દર્શનનો રોડમેપ તથા સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલીસી 2.0 (SSIP 2.0)નું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું.

સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી 2.0

- સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા વર્ષ 2017 થી પાંચ વર્ષ માટે અમલમાં મુકાઈ હતી.
- જેનો સમયગાળો 10 જાન્યઆરી, 2022ના રોજ પૂર્ણ થાય છે, જેથી હવે આ નવી સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી (SSIP 2.0)ને વધુ પાંચ વર્ષ માટે એટલે કે જાન્યઆરી 2022થી માર્ચ, 2027 સુધી અમલમાં મુકાઈ છે.
- SSIP 2.0 પોલિસી ધોરણ 6 થી ph.D સુધીના બાળકો અને યુવાઓના નવોન્મેષ વિચારો અને સંશોધનને વેગ આપશે.

SSIP 2.0 ના વિવિધ હેતુઓ

- રાજ્યની તમામ યુનિવર્સિટીઓમાં કાર્યાત્મક ઈનોવેશન અને ઈન્ક્યુબેશન સેન્ટરની સ્થાપના કરાશે.
- સ્કૂલ-કોલેજના 50 લાખ વિદ્યાર્થીઓને ઈનોવેશન અને ઉદ્યોગસાહસિકતા માટે જાગૃત કરાશે. આ અંતર્ગત રાજ્યની ઓછામાં ઓછી 1 હજાર ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ અને 10 હજાર શાળાઓને આવરી લેવાશે.
- યુનિવર્સિટીઓમાં ઈન્ક્યુબેશન સેન્ટરની સ્થાપના અને ઈનોવેશન માટે રૂ. 5 કરોડ સુધીનો લાભ અપાશે.
- રાજ્યની સંસ્થાઓમાં ઈનોવેશન અને સ્ટાર્ટઅપ પ્રવૃતિઓને ટેકો આપવા પાંચ વર્ષમાં રૂ. 2 કરોડ સુધીનો લાભ આપવામાં આવશે.
- વિદ્યાર્થીઓ દ્વારા વિકસિત પ્રૂફ ઓફ કન્સેપ્ટસને સહાય
- શાળાના વિદ્યાર્થીઓ દ્વારા વિકસાવવામાં આવનારા 1 હજાર પ્રૂફ ઓફ કન્સેપ્ટસને સહાય

- આ યોજના અંતર્ગત કેન્દ્રીય પ્રવાસન મંત્રાલય રાજ્ય સરકારો / કેન્દ્રશાસિત પ્રદેશોને સર્કિટના માળખાકીય વિકાસ માટે નાણાકીય સહાય પ્રદાન કરે છે.
- આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ ઉચ્ચ પ્રવાસન મૂલ્ય, સ્પર્ધાત્મકતા અને સ્થિરતાના સિદ્ધાંતો પર થીમ આધારિત પ્રવાસન સર્કિટ વિકસાવવાનો છે.
- આ યોજના હેઠળ આવરી લેવાયેલ 15 થીમ આધારિત પ્રવાસન સર્કિટો નીચે મુજબ છે :
  1. બુદ્ધિસ્ટ સર્કિટ
  2. કોસ્ટલ સર્કિટ
  3. ડેઝર્ટ સર્કિટ
  4. ઈકો સર્કિટ
  5. હેરિટેઝ સર્કિટ
  6. હિમાલયન સર્કિટ
  7. ક્રિષ્ના સર્કિટ
  8. ઉત્તરપૂર્વ સર્કિટ
  9. રામાયણ સર્કિટ
  10. રૂરલ સર્કિટ
  11. સ્પિરિચ્યુયલ સર્કિટ
  12. સુફી સર્કિટ
  13. તિર્થંકર સર્કિટ
  14. ટ્રાઈબલ સર્કિટ
  15. વાઇલ્ડલાઈફ સર્કિટ

NFSU નું CDS ભારતનું સૌપ્રથમ ISO પ્રમાણિત સેન્ટર બન્યું

- નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી (NFSU), ગાંધીનગરનું સાયબર ડિફેન્સ સેન્ટર (CDS) હવે ભારતની સૌપ્રથમ ISO / IEC 27001 પ્રમાણિત સાયબર ડિફેન્સ લેબોરેટરી બની ગઈ છે.
- NFSU ખાતેનું સાયબર ડિફેન્સ સેન્ટર એક અનોખુ સેન્ટર છે જે શિક્ષણ, તાલીમ, કન્સલ્ટન્સી અને સંશોધનની સુવિધા પૂરી પાડવા માટે અત્યાધુનિક સાધનો અને ટેકનોલોજી એક પ્લેટફોર્મ પર ઉપલબ્ધ છે.
- ભારતમાં સૌપ્રથમવાર આ પ્રકારનું આંતરરાષ્ટ્રીય કક્ષાનું સર્ટિફિકેટ સાયબર ડિફેન્સ સેન્ટરને આપવામાં આવ્યું છે. જે માત્ર વિદ્યાર્થીઓને જ નહીં, પરંતુ ઉદ્યોગ સાહસિકો, કાયદા અમલીકરણ એજન્સીના અધિકારીઓને સાયબર સુરક્ષા અને ડિજિટલ ફોરેન્સિક્સ સંદર્ભની તાલીમ માટે મહત્વનુ પ્લેટફોર્મ પ્રદાન કરશે.
- સાથોસાથ આ સેન્ટર સાયબર હુમલાને ખાળવા અને તેનું મૂળ શોધવા તથા રાષ્ટ્રની સાયબર સુરક્ષાને મજબૂત બનાવવામાં સિંહફાળો આપશે.

ગીર સોમનાથ જિલ્લામાં મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં 73મા પ્રજાસત્તાક પર્વની રાજ્યકક્ષાની ઉજવણી



- 73મા પ્રજાસત્તાક પર્વની રાજ્યકક્ષાની ઉજવણીમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ગીર સોમનાથ જિલ્લામાં વેરાવળ-પ્રભાસ પાટણના સદભાવના ગ્રાઉન્ડ ખાતે ધ્વજવંદન કર્યું હતું.
- તેઓએ તિરંગાને સલામી આપી ગીર સોમનાથથી સમગ્ર રાજ્યના પ્રજાજનોને 73મા પ્રજાસત્તાક પર્વની શુભકામના પાઠવી હતી.
- પરેડનું નેતૃત્વ IPS મદદનીશ પોલીસ અધિક્ષકશ્રી અભિષેક ગુપ્તાએ કર્યું હતું.
- પરેડમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર પ્લાટુનમાં પ્રથમ ક્રમે ગુજરાત જેલ પોલીસ પ્લાટુન, દ્વિતીય ક્રમે ગુજરાત મરીન કમાન્ડો પ્લાટુન અને ત્રીજા ક્રમે જૂનાગઢ મહિલા પોલીસ પ્લાટુન અને પેરા મીલીટ્રી કેટેગરીમાં રેપીડ એકશન ફોર્સના પ્લાટુન કમાન્ડરને ટ્રોફી એનાયત કરી સન્માન કરવામાં આવ્યું હતું.
- આ પ્રસંગે રાષ્ટ્રીય બાળ પુરસ્કાર-2022 વિજેતા અને શારીરિક અક્ષમતા છતા યોગાસનમાં મહારત હાંસલ કરનાર ગુજરાતની દિકરી અન્વી ઝાંઝરૂકીયાનું મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

બંધારણ અને કાયદો

સુપ્રિમ કોર્ટ દ્વારા સહકારી મંડળીઓની રચના અંગેના બંધારણીય સુધારાનો ભાગ રદ્



- તાજેતરમાં સુપ્રિમ કોર્ટે 2:1ની બહુમતીથી સહકારી મંડળીઓના અસરકારક સંચાલન અંગેના 97માં

જે નેશનલ કમિશન ફોર બેકવર્ડ ક્લાસીસ (**NCBC**)ના માળખાં, ફરજો અને સત્તા સંબંધિત છે.

- જ્યારે અનુચ્છેદ-342 એ કોઇ ચોક્કસ જાતિને **SEBC** તરીકે જાહેર કરવાની રાષ્ટ્રપતિની સત્તા તથા યાદીમાં ફેરફાર કરવાની સંસદની સત્તા સંબંધિત છે.
- બંધારણના અનુચ્છેદ-366 (26C) અંતર્ગત **SEBC**ની વ્યાખ્યા કરવામાં આવેલ છે.

નવી દિલ્હી ખાતે કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઇ શાહની ઉપસ્થિતિમાં ઐતિહાસિક કાર્બી-આંગલોંગ કરાર પર હસ્તાક્ષર



- તાજેતરમાં 4 સપ્ટેમ્બર, 2021ના રોજ નવી દિલ્હી ખાતે કેન્દ્ર સરકાર, આસામ સરકાર અને છ જેટલા વિદ્રોહી સંગઠનોની વચ્ચે સાથે કાર્બી-આંગલોંગ સમજૂતી પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- આ ઐતિહાસિક કરાર દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમા અને કેન્દ્રીય મંત્રી સર્વાનંદ સોનોવાલ હાજર રહ્યા હતા.
- આ સમજૂતી અંતર્ગત ઉગ્રવાદ મુક્ત સમૃદ્ધ ઉત્તર-પૂર્વની પરિકલ્પના કરવામાં આવેલ છે.

કાર્બી-આંગલોંગ શાંતિ કરાર

- આસામમાં 6 જેટલા સશસ્ત્ર વિદ્રોહી જૂથો છેલ્લા 30 વર્ષથી રાજ્યમાં હિંસક ઘટનાઓ સાથે સંડોવણી ધરાવે છે.
- આ ઉગ્રવાદી જૂથોના નામ નીચે મુજબ છે :
  - » કાર્બી પીપલ્સ લિબરેશન ટાઇગર્સ (**KPLT**)
  - » કાર્બી લોન્ગરી નોર્થ કચાર હિલ્સ લિબરેશન ફ્રન્ટ (**KLNLF**)
  - » કાર્બી પીપલ્સ લિબરેશન ટાઇગર્સ (સીઝફાયર)
  - » પીપલ્સ ડેમોક્રેટિક કાઉન્સિલ ઓફ કાર્બી લોન્ગરી (**PDCK**)
  - » કાર્બી પીપલ્સ લિબરેશન ટાઇગર્સ (**M**)
  - » યુનાઇટેડ પીપલ્સ લિબરેશન આર્મી

1000 વિદ્રોહીઓએ હથિયાર હેઠા મૂક્યા

- કાર્બી-આંગલોંગ શાંતિ કરાર અંતર્ગત ઉપરોક્ત દર્શાવેલા વિદ્રોહી જૂથોના 1000 જેટલા વિદ્રોહીઓ હથિયાર હેઠા મૂકીને સમાજના મુખ્ય પ્રવાહમાં પરત આવ્યા છે.

કાર્બી વિસ્તારોના વિકાસ માટે વિશેષ વિકાસ પેકેજ

- આસામ સરકાર અને કેન્દ્ર સરકાર આ ઉગ્રવાદીઓના પુનર્વસન માટે સંપૂર્ણ રીતે પ્રતિબદ્ધ છે.
- તેમજ આગામી 5 વર્ષમાં કાર્બી વિસ્તારોના વિકાસ માટે લગભગ એક હજાર કરોડનો ખર્ચ કરવામાં આવશે. તેના અંતર્ગત વિશેષ પ્રોજેક્ટ્સ હાથ ધરવામાં આવશે.

KAACને વધુ સ્વાયત્તતા



- આ કરાર આસામની પ્રાદેશિક અને વહીવટી અખંડિતતાને પ્રભાવિત કર્યા વગર કાર્બી આંગલોંગ ઓટોનોમસ કાઉન્સિલ (**KAAC**)ને તેમના અધિકારોનો ઉપયોગ કરવામાં શક્ય તેટલી સ્વાયત્તતા આપશે.
- એકંદરે, હાલના કરારમાં **KAAC**ને વધુ કાયદાકીય, વહીવટી, કાર્યકારી અને નાણાંકીય સત્તા આપવાનો પ્રસ્તાવ છે.

કાર્બી કલ્યાણ પરિષદ (Karbi Welfare Council)

- આસામ સરકાર **KAAC** વિસ્તારની બહાર રહેતા કાર્બી લોકોના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે **'કાર્બી કલ્યાણ પરિષદ'** (**Karbi Welfare Council**)ની સ્થાપના કરશે.
- આ કરાર કાર્બી લોકોની સંસ્કૃતિ, ઓળખ, ભાષા વગેરેનું રક્ષણ અને પ્રદેશનો સર્વાંગી વિકાસ પણ સુનિશ્ચિત કરશે.

કાર્બી આંગલોંગ સમસ્યા

- કાર્બી આંગલોંગ એ મધ્ય આસામમાં આવેલા રાજ્યનો સૌથી મોટો જિલ્લો છે.
- આ જિલ્લામાં મુખ્યત્વે કાર્બી, ડિમાસા, બોડો, કુકી, હમાર, તિવા, ગારો, માન (તાઇભાષા બોલનારા) અને રેન્ગમા નાગા જેવા આદિજાતિઓ વસવાટ કરે છે.
- તેની વિવિધતાએ વિવિધ સંગઠનોને જન્મ આપ્યો અને ઉગ્રવાદને પ્રોત્સાહન મળ્યું જેના કારણે આ વિસ્તારનો ઓછો વિકાસ થયો.
- કાર્બીએ આસામનું મુખ્ય વંશીય જૂથ છે. જે ઘણા જૂથોમાં વહેંચાયેલું છે.
- આ વિદ્રોહી સમૂહ આસામમાં હિંસાનો લાંબો ઇતિહાસ ધરાવે છે.

તપાસ.

- સરકારના વિનિયોગ એકાઉન્ટ પર ભારતના કંટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઇન્ડિયા (CAG) ના અહેવાલો સિવાય સમિતિ મહેસૂલ પ્રાપ્તિ,
- સરકારના વિવિધ મંત્રાલયો / વિભાગો દ્વારા ખર્ચ અને સ્વાયત્ત સંસ્થાઓના હિસાબ પરના CAGના વિવિધ ઓડિટ અહેવાલોની તપાસ કરે છે.

નોંધ:

(1) પબ્લિક એકાઉન્ટ કમિટી (PAC) ના સૌપ્રથમ અધ્યક્ષ (સ્વતંત્રતા પૂર્વે) ડબલ્યુ.એમ.હૈલી હતા.

(2) PACના સૌપ્રથમ અધ્યક્ષ (સ્વતંત્રતા બાદ) આર.કે. શણમુખમ શેટ્ટી હતા.

(3) PAC ના સૌથી લાંબા સમય સુધી સેવા આપનાર અધ્યક્ષ મુરલી મનોહર જોશી છે જેઓએ 6 ટર્મ સુધી આ પદ પર સેવાઓ આપી છે.

કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા લોકસભા-વિધાનસભાની ચૂંટણીમાં ઉમેદવારની ખર્ચ મર્યાદામાં વધારો

- ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, ગોવા અને મણિપુર જેવા દેશના પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી પૂર્વે કેન્દ્રીય ચૂંટણી પંચે એક મહત્વનો નિર્ણય લીધો છે.
- કેન્દ્રીય કાયદા મંત્રાલયના જાહેરાતનામાને ધ્યાને લઇ ચૂંટણી પંચે લોકસભા અને વિધાનસભા ચૂંટણી ઉમેદવારો માટે ખર્ચની મર્યાદા વધારી દીધી છે.
- વર્ષ 2014 ની ચૂંટણીઓ પછી વર્તમાન ખર્ચની મર્યાદા વધારાઇ છે.

કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા કરાયેલ વધારો

- ચૂંટણી પંચના નવા નિયમ અનુસાર લોકસભા ચૂંટણીમાં જે રાજ્યોમાં હમણાં સુધી ઉમેદવારો માટે ખર્ચની મર્યાદા રૂા.70 લાખ હતી, એ વધારીને હવે રૂા.95 લાખ કરવામાં આવી છે.
- આ સિવાય નાના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં લોકસભા ચૂંટણી માટે ખર્ચની મર્યાદા રૂા. 54 લાખ હતી, તે વધારીને રૂા.75 લાખ કરવામાં આવી છે.
- જ્યારે વિધાનસભા ચૂંટણીના ઉમેદવારો માટે પણ ખર્ચની મર્યાદા વધારવામાં આવી છે, જે અનુસાર નાના રાજ્યોની ખર્ચની મર્યાદા રૂા. 20 લાખ હતી, તે વધારીને રૂા. 28 લાખ કરવામાં આવી છે અને જે મોટા રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીના ઉમેદવારો માટે ખર્ચની મર્યાદા રૂા. 28 લાખ હતી, તે વધારીને 40 લાખ કરવામાં આવી છે.
- કેન્દ્રીય ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર આ નવી ખર્ચ મર્યાદા આગામી તમામ ચૂંટણીઓ માટે લાગુ થશે.
- નોંધનીય છે કે, લોકસભા અને વિધાનસભા ચૂંટણી માટે ઉમેદવારોએ ખર્ચ કરવા માટે અલગથી એક બેંક એકાઉન્ટ ખોલાવવાનું રહે છે અને ચૂંટણી દરમિયાન હિસાબોનું ઓડિટ કરાવવાનું હોય છે.

ચૂંટણી ખર્ચ મર્યાદા

- આ તે રકમ છે જે ચૂંટણી ઉમેદવાર તેના ચૂંટણી પ્રચાર માટે કાયદેસર રીતે ખર્ચ કરી શકે છે અને તેનો હિસાબ આપવો પણ જરૂરી છે.
- તેમાં જાહેર સભાઓ, રેલીઓ, જાહેરાતો, પોસ્ટરો, બેનરો, વાહનો અને ચૂંટણી દરમિયાનના વિવિધ ખર્ચનો સમાવેશ થાય છે.
- લોકપ્રતિનિધિત્વ અધિનિયમ (**Representation of the People Act**), 1951 ની કલમ 77 અંતર્ગત દરેક ઉમેદવારે પોતાના નામાંકનની તારીખથી પરિણામ જાહેર થવાની તારીખ વચ્ચે કરવામાં આવેલ તમામ ખર્ચનો અલગ અને સાચો હિસાબ રાખવો જરૂરી છે.
- તમામ ઉમેદવારોએ ચૂંટણી પૂર્ણ થયાના 30 દિવસની અંદર તેમના ખર્ચનું સ્ટેટમેન્ટ કેન્દ્રીય ચૂંટણી પંચને સબમિટ કરવાનું રહે છે.
- ખોટો હિસાબ અથવા મર્યાદાથી વધુનો ખર્ચ લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, 1951 ની કલમ 10A હેઠળ ચૂંટણી પંચ દ્વારા ઉમેદવારોને ત્રણ વર્ષ સુધી ગેરલાયક ઠેરવી શકે છે.
- કોઇપણ રાજનીતિક પક્ષના ચૂંટણી ખર્ચની સીમા નિર્ધારિત કરવામાં આવી નથી. જેનો ઘણીવાર ઉમેદવારો દ્વારા ફાયદો ઉઠાવવામાં આવે છે.
- જો કે તમામ નોંધાયેલ રાજનીતિક પક્ષોએ ચૂંટણી પૂર્ણ થયાના 90 દિવસમાં તેમના ચૂંટણી ખર્ચનુ સ્ટેટમેન્ટ ચૂંટણી પંચને જમા કરાવવાનું રહે છે.

કેન્દ્રીય ચૂંટણી પંચ (Election Commission of India)

- કેન્દ્રીય ચૂંટણી પંચએ ભારતમાં સંઘ અને રાજ્યની ચૂંટણી પ્રક્રિયાઓનું સંચાલન કરવા માટે જવાબદાર એક સ્વાયત્ત બંધારણીય સંસ્થા છે.
- આ સંસ્થા ભારતમાં લોકસભા, રાજ્યસભા, રાજ્યવિધાનસભાઓ અને દેશમાં રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીઓનું સંચાલન કરે છે (અનુચ્છેદ-324(1))
- તેની સ્થાપના 25 જાન્યુઆરી, 1950 ના રોજ કરવામાં આવી હતી.
- કેન્દ્રીય ચૂંટણીપંચનું વડુંમથક નવી દિલ્હી ખાતે આવેલું છે.
- ભારતના બંધારણના અનુચ્છેદ-324(2) મુજબ કેન્દ્રીય ચૂંટણી પંચમાં એક મુખ્ય ચૂંટણી કમિશનર તથા અન્ય બે ચૂંટણી કમિશનરોનો સમાવેશ થાય છે.
- આ અંતર્ગત હાલના (7 જાન્યુઆરી, 2022ની સ્થિતિએ)

કેન્દ્રીય ગૃહ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા 'સ્વચ્છ એવોર્ડ 2021'ની જાહેરાત; ઈન્દોર સતત પાંચમાં વર્ષે દેશનું સૌથી સ્વચ્છ શહેર



- તાજેતરમાં નવી દિલ્હી ખાતે કેન્દ્રીય ગૃહ અને શહેરી બાબતોના મંત્રાલય (MOHUA) દ્વારા 'સ્વચ્છ ભારત મિશન-અર્બન 2.0'ના ભાગરૂપે યોજાયેલા 'સ્વચ્છ અમૃત મહોત્સવ'માં ભારતના સૌથી સ્વચ્છ શહેરોના પુરસ્કારો રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દ્વારા એનાયત કરવામાં આવ્યા હતા.
- ભારતના સૌથી વધુ સ્વચ્છ શહેરોનો પુરસ્કાર સતત પાંચમા વર્ષે ઇન્દોર શહેરને ફાળે ગયો છે.
- રાજ્યકક્ષાનો પ્રથમ વિજેતાનો પુરસ્કાર છત્તીસગઢે જીતી લીધો છે.
- સ્વચ્છ સર્વેક્ષણ એવોર્ડ-2021 માટે સૌથી સ્વચ્છ શહેરની કક્ષામાં સુરત બીજા ક્રમે તો વિજયવાડા ત્રીજા ક્રમે વિજેતા રહ્યા છે.
- કેન્ટોનમેન્ટ બોર્ડ કક્ષાના શહેરોમાં અમદાવાદ સૌથી સ્વચ્છ શહેર જાહેર થયું છે.
- 'સૌથી સ્વચ્છ ગંગા શહેર' શ્રેણીમાં વારાણસી પ્રથમ ક્રમે રહ્યું છે.
- સ્વચ્છતા સર્વેક્ષણ એવોર્ડ 2021 વિવિધ શ્રેણીઓમાં જાહેર કરવામાં આવેલ છે જે નીચે મુજબ છે :

(A) 1 લાખ કરતા વધુ વસતી

રેન્ક/શ્રેણી		શહેર	રાજ્ય/UT
ભારતનું સ્વચ્છ શહેર	1	ઇન્દોર	મધ્યપ્રદેશ
	2	સુરત	ગુજરાત
	3	વિજયવાડા	આંધ્રપ્રદેશ
મહત્તમ નાગરીકોની ભાગીદારીમાં શ્રેષ્ઠ શહેર		હપુર	ઉત્તરપ્રદેશ
નાગરીકની આગેવાની હેઠળની શ્રેષ્ઠ પહેલ		રાજકોટ	ગુજરાત

(B) 1 લાખ કરતા ઓછી વસતી

રેન્ક/શ્રેણી		શહેર	રાજ્ય/UT
ભારતનું સ્વચ્છ શહેર	1	વિટા	મહારાષ્ટ્ર
	2	લોનાવાલા	મહારાષ્ટ્ર
	3	સાસ્વદ	મહારાષ્ટ્ર
મહત્તમ નાગરીકોની ભાગીદારીમાં શ્રેષ્ઠ શહેર		પટિયાલી	ઉત્તરપ્રદેશ
નાગરીકની આગેવાની હેઠળની શ્રેષ્ઠ પહેલ		ખાનપુર	તેલંગાણા

(C) 1 લાખ - 3 લાખની વસતી

શ્રેણી	શહેર	રાજ્ય/UT
ભારતનું સ્વચ્છ નાનુ શહેર	નવી દિલ્હી	દિલ્હી
ફાસ્ટેસ્ટ મૂવર સ્મોલ સિટી	હોંશંગાબાદ	મધ્યપ્રદેશ
બેસ્ટ સ્મોલ સિટી ઇન સિટીઝેન્સ ફીડબેક	તિરૂપતી	આંધ્રપ્રદેશ
બેસ્ટ સ્મોલ સિટી ઇન 'ઇનોવેશન & બેસ્ટ પ્રેક્ટિસ'	દેવાસ	મધ્યપ્રદેશ
બેસ્ટ 'સેલ્ફ-સસ્ટેનેબલ સ્મોલ સિટી'	અંબિકાપુર	છત્તીસગઢ

(D) 3 લાખ - 10 લાખની વસતી

શ્રેણી	શહેર	રાજ્ય/UT
ભારતનું સ્વચ્છ મધ્યમ શહેર	નોઇડા	ઉત્તરપ્રદેશ
ફાસ્ટેસ્ટ મૂવર મીડિયમ સિટી	હુબલી-ધારવાડ	કર્ણાટક
બેસ્ટ મીડિયમ સિટી ઇન 'સિટીઝેન્સ ફીડબેક'	ઉજ્જૈન	મધ્યપ્રદેશ
બેસ્ટ 'મીડિયમ સિટી ઇન ઇનોવેશન & બેસ્ટ પ્રેક્ટિસ'	બ્રહ્મપુર	ઓડિશા
બેસ્ટ 'સેલ્ફ-સસ્ટેનેબલ મીડિયમ સિટી'	મૈસૂર	કર્ણાટક

(E) 10 લાખ - 40 લાખની વસતી

શ્રેણી	શહેર	રાજ્ય/UT
ભારતનું સ્વચ્છ મોટું શહેર	નવી મુંબઇ	મહારાષ્ટ્ર
ફાસ્ટેસ્ટ મૂવર બિગ સિટી	મીરત	ઉત્તરપ્રદેશ
બેસ્ટ બિગ સિટી ઇન 'સિટીઝેન્સ ફીડબેક'	વિશાખાપટ્ટનમ્	આંધ્રપ્રદેશ
બેસ્ટ બિગ સિટી ઇન 'ઇનોવેશન & બેસ્ટ પ્રેક્ટિસ'	ગાઝિયાબાદ	ઉત્તરપ્રદેશ
બેસ્ટ 'સેલ્ફ-સસ્ટેનેબલ બિગ સિટી'	પૂણે	મહારાષ્ટ્ર

(F) 40 લાખ કરતા વધારે વસતી

શ્રેણી	શહેર	રાજ્ય/UT
ભારતનું સ્વચ્છ શહેર	અમદાવાદ	ગુજરાત

લાઇફટાઇમ અચિવમેન્ટ એવોર્ડ	**(અમેરિકા) ઇસ્તવાન ઝાબો (હંગેરી)**

નોંધ:- ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઇન્ડિયા (IFFI) ની શરૂઆત વર્ષ 1952 માં કરવામાં આવી હતી.
- તે એશિયાના સૌથી મહત્વપૂર્ણ ફિલ્મ ફેસ્ટિવલ પૈકીનો એક છે.

ગુજરાતના જાણીતા આર્કિટેકટ બાલકૃષ્ણ દોશીને યુ.કે.નો રોયલ ગોલ્ડ મેડલ 2022 એનાયત



- ગુજરાતના જાણીતા આર્કિટેકટ બાલકૃષ્ણ દોશીને યુનાઇટેડ કિંગ્ડમનો સૌથી પ્રતિષ્ઠિત રોયલ ગોલ્ડ મેડલ 2022 એનાયત કરવાની જાહેરાત તાજેતરમાં રોયલ ઇન્સ્ટિટયૂટ ઓફ બ્રિટિશ આર્કિટેક્ટ્સ (RIBA) દ્વારા કરવામાં આવી હતી.
- ઉલ્લેખનીય છે કે, યુ.કે.નો રોયલ ગોલ્ડ મેડલ આર્કિટેકચર ક્ષેત્રે વિશ્વનું સર્વોચ્ચ સન્માન છે.
- બાલકૃષ્ણ દોશીએ 70 વર્ષની કારકિર્દીમાં 100 થી વધુ પ્રોજેક્ટ્સ પર કામ કર્યું છે અને દેશમાં સ્થાપત્યની દિશામાં અનેકને પ્રેરણા પૂરી પાડી છે. તેમણે પોતાના અનુભવ તેમજ શિક્ષણથી પણ લોકોની આ ક્ષેત્રે રૂચિ વધારી છે.

રોયલ ગોલ્ડ મેડલ શું છે?

- રોયલ ગોલ્ડ મેડલ બ્રિટનના મહારાણી ક્વિન એલિઝાબેથ દ્વિતીય દ્વારા માન્ય એવોર્ડ છે અને આ સન્માન કોઇ વ્યકિત અથવા સમૂહને સ્થાપત્ય ક્ષેત્રે ઉલ્લેખનીય કામગીરી બદલ આપવામાં આવે છે.
- આ પુરસ્કાર વર્ષ 1848 થી રોયલ ઇન્સ્ટિટયૂટ ઓફ બ્રિટિશ આર્કિટેક્ટ્સ (RIBA) દ્વારા દર વર્ષે આપવામાં આવે છે.
- બાલકૃષ્ણ દોશી અગાઉ ભારતના ચાર્લ્સ કોરિયાને વર્ષ 1984માં આ પુરસ્કાર આપવામાં આવ્યો હતો.

બાલકૃષ્ણ દોશી

- બાલકૃષ્ણ વિઠ્ઠલદાસ દોશીનો જન્મ વર્ષ 1927માં પૂણે ખાતે થયો હતો.
- તેઓનો પરિવાર ફર્નિચર બનાવવાના વ્યવસાય સાથે સંકળાયેલો હતો.
- તેઓએ જે.જે.સ્કૂલ ઓફ આર્કિટેકચરમાં અભ્યાસ કર્યો હતો. તે અગાઉ ચાર વર્ષ સુધી તેઓ પેરિસમાં લે કાર્બુઝીયર સાથે વરિષ્ઠ ડિઝાઇનર (1951-55) તરીકે કામ કરતા હતા.
- તેઓને સ્થાપત્યક્ષેત્રનો પુલિત્ઝર કહેવાતો વર્ષ 2018 નો 'પ્રિત્ઝર પ્રાઇઝ એવોર્ડ' પણ આપવામાં આવ્યો છે. આ આર્કિટેકચર પુરસ્કાર મેળવનાર તેઓ પ્રથમ ભારતીય છે.
- આ ઉપરાંત તેઓએ લુઇ કાહન સાથે સહયોગી તરીકે ઇન્ડિયન ઇન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ, અમદાવાદના ભવનનું કામ કર્યું હતું.

બાલકૃષ્ણ દોશીના કેટલાક મહત્વપૂર્ણ પ્રોજેકટ્સ

1. શ્રેયસ કમ્પ્રેહેન્સિવ સ્કૂલ કેમ્પસ (1958-63), અમદાવાદ
2. અટિરા ગેસ્ટ હાઉસ લો કોસ્ટ હાઉસિંગ (1958)
3. ધ ઇન્સ્ટિટયૂટ ઓફ ઇન્ડોલોજી (1962) - દુર્લભ દસ્તાવેજો રાખવા માટેનું બિલ્ડિંગ
4. અમદાવાદ સ્કૂલ ઓફ આર્કિટેકચર. વર્ષ 2002માં તેનું નામ બદલીને CEPT યુનિવર્સિટી રાખવામાં આવ્યું છે.
5. ટાગોર હોલ & મેમોરિયલ થિયેટર (1967)
6. પ્રેમાભાઇ હોલ (1976) થિયેટર એન્ડ ઓડિટોરિયમ
7. ધ ઇન્ડિયન ઇન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ ઇન બેંગાલુરૂ (1977 - 92)
8. સંગઠ (1981)
9. કનોરિયા સેન્ટર ફોર આર્ટ્સ (1984)
10. અરણ્ય લો કોસ્ટ હાઉસિંગ (1989), ઇન્દોર

ભારતની હરનાઝ સંધુએ 'મિસ યુનિવર્સ 2021' નો એવોર્ડ જીત્યો



- 70મી મિસ યુનિવર્સ પેજન્ટ સ્પર્ધાનું આયોજન તાજેતરમાં ઇઝરાયેલના એઇલાત ખાતે કરવામાં આવ્યું હતું.



- અમદાવાદ જિલ્લામાં 0 થી 5 વર્ષના અને 6 થી 18 વર્ષ સુધીના તમામ બાળકોનો હેલ્થ સર્વે બાલકવચ ફેઝ-1 અને ફેઝ-2 અંતર્ગત કરવામાં આવ્યો હતો.
- જેમાં 4,19,182 બાળકો ખાસ કરીને કુપોષિત, કિડની, હૃદય, કેન્સર, થેલેસેમિયા, ટી.બી. અને એચ.આઇ.વી. જેવી ગંભીર બિમારીથી પીડાતા 0 થી 5 વર્ષની વયના બાળકોનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો.
- ગંભીર બિમારીઓ ધરાવતા 0 થી 5 વર્ષના 1296 અને 6 થી 18 વર્ષના 292 એમ કુલ 1988 જોખમી બાળકો શોધી કાઢી આવા તમામ બાળકોની ઘનિષ્ઠ આરોગ્ય તપાસ રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ (RBSK) ની ટીમ દ્વારા કરવામાં આવી અને જોખમી બાળકોને વધુ તપાસ માટે નિષ્ણાત તબીબો પાસે રીફર કરવામાં આવેલ અને કુપોષિત બાળકોને આંગણવાડી સેન્ટર ખાતેથી ટેક હોમ રેશન આપી બાળકોનું વજન વધે તે માટે પ્રયત્ન હાથ ધરવામાં આવ્યા હતા.

કેન્દ્રીય જલ શકિત મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવત દ્વારા ત્રીજા નેશનલ વોટર એવોર્ડ્સ-2020 ની જાહેરાત; ઉત્તરપ્રદેશને શ્રેષ્ઠ રાજ્યનો એવોર્ડ

- 7 જાન્યુઆરી, 2022ના રોજ કેન્દ્રીય જલશકિત મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવત દ્વારા ત્રીજા નેશનલ વોટર એવોર્ડ્સ-2020 ની જાહેરાત કરવામાં આવી હતી.



- આ અંતર્ગત ઉત્તરપ્રદેશ રાજ્યએ શ્રેષ્ઠ રાજ્યની શ્રેણીમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. ત્યારબાદ બીજા અને ત્રીજા ક્રમે ક્રમશઃ રાજસ્થાન અને તમિલનાડુ રાજ્યનો સમાવેશ થયો છે.

નેશનલ વોટર એવોર્ડ્સ (NWA)

- રાષ્ટ્રીય જળ પુરસ્કારો (**National Water Awards**) આપવાનું આયોજન કેન્દ્રીય જળ શકિત મંત્રાલયના જળ સંસાધન, નદી વિકાસ અને ગંગા કાયાકલ્પ વિભાગ દ્વારા કરવામાં આવે છે.
- કેન્દ્રીય જલશકિત મંત્રાલય દ્વારા નેશનલ વોટર એવોર્ડ્સ આપવાની શરૂઆત વર્ષ 2018માં કરવામાં આવી હતી.
- આ પુરસ્કારની મદદથી લોકોમાં પાણીના મહત્વ અંગે જાગરૂકતા કેળવવા અને તેઓને પાણીના શ્રેષ્ઠ ઉપયોગની પધ્ધતિઓ અપનાવવા પ્રોત્સાહિત કરવામાં મદદ મળશે.
- તેના અંતર્ગત દેશભરમાં વ્યકિતઓ અને સંગઠનો દ્વારા કરવામાં આવેલા જળ સંસાધનોને લગતા કાર્યો અને પ્રયત્નો થકી કેન્દ્ર સરકારના 'જળ સમૃદ્ધ ભારત' ના દ્રષ્ટિકોણ પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવે છે.
- કેન્દ્રીય મંત્રાલય દ્વારા વિવિધ 11 કેટેગરીઓમાં 57 પુરસ્કારોની જાહેરાત કરવામાં આવી છે.
- અમુક કેટેગરીઓને ભારતના વિવિધ ઝોનના આધારે પેટા કેટેગરીમાં વિભાજીત કરવામાં આવી હતી.

નોંધ: ભારતની હાલની પાણીની જરૂરિયાત દર વર્ષે આશરે 1,100 બિલિયન ક્યુબિક મીટર હોવાનો અંદાજ છે, જે વર્ષ 2050 સુધીમાં વધીને 1,447 બિલિયન ક્યુબિક મીટર થવાનો અંદાજ છે.

- ભારત વિશ્વની 18% વસતી ધરાવે છે, પરંતુ દેશમાં વિશ્વના તાજા પાણીના સંસાધનો માત્ર 4% જ છે.
- બદલાતી હવામાન પેટર્ન અને સતત આવતા દુષ્કાળને કારણે ભારત જળસંકટનો સામનો કરી રહ્યો છે.
- જળ જીવન મિશન (JJM) અંતર્ગત વર્ષ 2024 સુધીમાં દરેક ગ્રામીણ ઘરો સુધી ટેપ વોટર પહોંચાડવાનું લક્ષ્ય છે.

નેશનલ વોટર એવોર્ડ્સ 2020ના વિજેતાઓ

શ્રેણી	વિજેતાઓ
બેસ્ટ સ્ટેટ	ઉત્તરપ્રદેશ
બેસ્ટ ડ્રિસ્ટ્રિકટ નોર્થ ઝોન	મુઝફ્ફરનગર (ઉત્તરપ્રદેશ)
બેસ્ટ ડિસ્ટ્રિકટ સાઉથ ઝોન	તિરૂવનંતપુરમ (કેરળ)
બેસ્ટ ડિસ્ટ્રિકટ ઇસ્ટ ઝોન	પૂર્વ ચંપારણ (બિહાર), ગોડ્ડા (ઝારખંડ)
બેસ્ટ ડિસ્ટ્રિકટ	ઇન્દોર (મધ્યપ્રદેશ)

- આ એવોર્ડને 'સુભાષચંદ્ર બોઝ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એવોર્ડ' અથવા તો સુભાષચંદ્ર બોઝ આપદા પ્રબંધન પુરસ્કાર' તરીકે ઓળખવામાં આવે છે.
- આ એવોર્ડ અંતર્ગત સંસ્થાની શ્રેણીમાં વિજેતા સંસ્થાને ₹.51 લાખ રોકડ ઘનરાશિ અને એક પ્રમાણપત્ર એનાયત કરવામાં આવે છે.
- જ્યારે વ્યક્તિગત શ્રેણીમાં વિજેતા વ્યક્તિને ₹.5 લાખ ઘનરાશિ અને એક પ્રમાણપત્ર આપવામાં આવે છે.

કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા 'પદ્મ પુરસ્કાર - 2022' ની જાહેરાત

- ભારત સરકાર દ્વારા પ્રજાસત્તાક દિવસની પૂર્વ સંધ્યાએ દર વર્ષે જુદાં જુદાં ક્ષેત્રોમાં મહત્વનું યોગદાન આપનાર મહાનુભાવો માટે પદ્મ પુરસ્કારોની જાહેરાત કરવામાં આવે છે.



- આ અંતર્ગત 25 જાન્યુઆરી, 2022ના રોજ કેન્દ્રીય ગૃહ મંત્રાલયે વર્ષ 2022ના પદ્મ પુરસ્કાર માટે કુલ 128 મહાનુભાવોના નામની જાહેરાત કરી છે.
- જેમાંથી 4 વ્યક્તિઓની પદ્મ વિભૂષણ, 17 પદ્મભૂષણ અને 107 વ્યક્તિઓની પદ્મશ્રી એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી છે.
- વર્ષ 2022 માટેના પદ્મ પુરસ્કાર વિજેતાઓની યાદીમાં 34 મહિલાઓ, ફોરેનર/NRI/PIO/OCI શ્રેણીમાંથી 10 લોકો અને મરણોપરાંત શ્રેણીમાં 13 વિજેતાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- જ્યારે આ યાદીમાં ગુજરાત સાથે સંકળાયેલ હોય તેવા 8 વ્યક્તિઓનો સમાવેશ થયો છે.

પદ્મ વિભૂષણ પુરસ્કાર 2022ના વિજેતાઓ

ક્રમ	નામ	ક્ષેત્ર	રાજ્ય / દેશ
1.	પ્રભા અત્રે	કલા	મહારાષ્ટ્ર
2.	રાધેશ્યામ ખેમકા (મરણોપરાંત)	સાહિત્ય અને શિક્ષણ	ઉત્તરપ્રદેશ
3.	જનરલ બિપિન રાવત	સિવિલ સેવા	ઉત્તરાખંડ
4.	કલ્યાણસિંઘ (મરણોપરાંત)	જાહેર બાબતો	ઉત્તરપ્રદેશ

નોંધ: કલ્યાણસિંહે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી તરીકે સેવાઓ આપી હતી. જ્યારે ભારતના પ્રથમ CDS બિપિન રાવતનું ડિસેમ્બર, 2021 માં હેલિકોપ્ટર દૂર્ઘટનામાં નિધન થયું છે.

પદ્મ ભૂષણ પુરસ્કાર 2022ના વિજેતાઓ

ક્રમ	નામ	ક્ષેત્ર	રાજ્ય / દેશ
1.	ગુલામનબી આઝાદ	જાહેર બાબતો	જમ્મુ અને કાશ્મીર
2.	વિક્ટર બેનર્જી	કલા	પશ્ચિમ બંગાળ
3.	ગુરમીત બાવા (મરણોપરાંત)	કલા	પંજાબ
4.	બુધ્ધદેવ ભટ્ટાચાર્યજી	જાહેર બાબતો	પશ્ચિમ બંગાળ
5.	નટરાજન ચંદ્રશેખરન	વ્યાપાર અને ઉદ્યોગ	મહારાષ્ટ્ર
6.	કૃષ્ણા એલા અને સુચિત્રા એલા (યુગલના કિસ્સામાં પુરસ્કાર એક જ ગણવામાં આવે છે.)	વ્યાપાર અને ઉદ્યોગ	તેલંગાણા
7.	મધુર ઝાફરી	અન્ય	અમેરિકા
8.	દેવેન્દ્ર ઝાઝરિયા	રમત-ગમત	રાજસ્થાન
9.	રાશિદખાન	કલા	ઉત્તરપ્રદેશ
10.	રાજીવ મહર્ષિ	સિવિલ સેવા	રાજસ્થાન
11.	સત્ય નારાયણ નડેલા	વ્યાપાર અને ઉદ્યોગ	અમેરિકા
12.	સુંદરરાજન પિચાઇ	વ્યાપાર અને ઉદ્યોગ	અમેરિકા
13.	સાઇરસ પૂનાવાલા	વ્યાપાર અને ઉદ્યોગ	મહારાષ્ટ્ર
14.	સંજ્ય રાજારામ (મરણોપરાંત)	વિજ્ઞાન અને એન્જિનિયરિંગ	મેક્સિકો
15.	પ્રતિભા રાય	સાહિત્ય અને શિક્ષણ	ઓડિશા
16.	સ્વામી	સાહિત્ય અને	ગુજરાત

	સચ્ચિદાનંદ	શિક્ષણ	
17.	વશિષ્ઠ ત્રિપાઠી	સાહિત્ય અને શિક્ષણ	ઉત્તરપ્રદેશ

નોંધ:

(1) માઇક્રોસોફ્ટના CEO સત્ય નડેલા, ગૂગલના CEO સુંદર પિચાઇ તથા ટાટા જૂથના અધ્યક્ષ નટરાજન ચંદ્રશેખરન છે.

(2) **Covid-19** વેક્સિન નિર્માતાઓને પદ્મભૂષણ : સીરમ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયાના સાઇરસ પૂનાવાલા કે જેઓએ કોવિડ-19 વેક્સિન 'કોવિશીલ્ડ' નું નિર્માણ કર્યું છે અને ભારત બાયોટેકના કૃષ્ણા એલા અને સુચિત્રા એલા કે જેઓએ ભારતની સ્વદેશી કોરોના વાઇરસ વેક્સિન 'કોવેક્સિન' નું ઉત્પાદન કાર્ય કર્યું છે.

(3) પૂર્વ કેન્દ્રીય ગૃહસચિવ રાજીવ મહર્ષિ, મરણોપરાંત પંજાબી લોક ગાયક ગુરમીત બાવા અને બંગાળી અભિનેતા વિક્ટર બેનર્જીને પણ આ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે.

પદ્મ પુરસ્કાર 2022ના વિજેતા ગુજરાતી મહાનુભાવો

ક્રમ	નામ	ક્ષેત્ર	પુરસ્કાર
1.	સ્વામી સચ્ચિદાનંદ	સાહિત્ય અને શિક્ષણ	પદ્મભૂષણ
2.	ડૉ. લતાબેન દેસાઇ	ચિકિત્સા	પદ્મશ્રી
3.	માલજીભાઇ દેસાઇ	જાહેર બાબતો	પદ્મશ્રી
4.	ખલીલ ધનતેજ્વી (મરણોપરાંત)	સાહિત્ય અને શિક્ષણ	પદ્મશ્રી
5.	સવજીભાઇ ધોળકિયા	સામાજિક કાર્ય	પદ્મશ્રી
6.	જ્યંતકુમાર મગનલાલ વ્યાસ	વિજ્ઞાન અને એન્જિનિયરિંગ	પદ્મશ્રી
7.	ગામિત રમિલાબેન રાયસિંગભાઇ	સામાજિક કાર્ય	પદ્મશ્રી
8.	પ્રભાબેન શાહ	સામાજિક કાર્ય	પદ્મશ્રી



(1) સ્વામી સચ્ચિદાનંદ

- ઉત્તર ગુજરાતમાં મોતી ચાંદુર ગામે 22 એપ્રિલ, 1932ના રોજ જન્મેલા સચ્ચિદાનંદ સ્વામીને તાજેતરમાં પદ્મભૂષણ જાહેર કરવામાં આવ્યો છે.
- સાહિત્ય અને શિક્ષણક્ષેત્રે તેમને આ પદ્મભૂષણ એવોર્ડ જાહેર કરાયો છે.
- તેમનું પૂર્વાશ્રમનું નામ નાનાલાલ મોતીલાલ ત્રિવેદી છે.
- આજે 89 વર્ષની ઉંમરે પણ તેઓ સમાજ સુધારક, માનવ કલ્યાણના કામોમાં પોતાનું જીવન વ્યતીત કરી રહ્યાં છે.
- ગાંધીનગરમાં કોબા ખાતેના તેમના આશ્રમમાં વ્યસન મુક્તિના અભિયાન થકી અનેક લોકોને વ્યસનથી મુક્તિ અપાવી છે.
- સ્વામી સચ્ચિદાનંદે ધર્મ, સમાજ અને જીવનને સ્પર્શતા 90 થી વધુ પુસ્તક લખ્યા છે.

(2) ડૉ.લત્તાબેન દેસાઇ

- ગરીબ છેવાડાના માનવીને મેડિકલ સેવા પુરી પાડવા માટે ડૉ. અનિલ દેસાઇ અને ડૉ.લતાબેન દેસાઇએ વર્ષ 1980 માં 'સેવા રૂરલ' ની શરૂઆત કરી હતી.
- વર્ષ 1986 માં ગરીબ બહેનોને પગભર કરવા તેમણે સેવા રૂરલની ભગીની સંસ્થા શારદા મહિલા વિકાસ સોસાયટીની શરૂઆત કરી, જેમાં પાપડ વિભાગ અને નાસ્તા વિભાગની શરૂઆત કરાઇ હતી. જે બાદ અન્ય સમાજ ઉપયોગી સેવાઓ જેવી કે ટેકનીકલ તાલિમ કેન્દ્ર, સિવણ, નર્સિંગ તાલિમ સહિતની સેવા શરૂ કરી હતી.

(3) માલજીભાઇ દેસાઇ

- પાટણના ચાણસ્મા તાલુકાના લણવાના વતની અને લોકસેવક માલજીભાઇ દેસાઇને પદ્મશ્રી એવોર્ડ જાહેર કરાયો છે.
- પ્રખર ગાંધીવાદી વિચારધારા થકી હંમેશા સત્ય અને સાદગીને જીવનમંત્ર બનાવીને માલજીભાઇએ ઉત્તર ગુજરાતમાં સેવાદળ, પછાત વર્ગોના છાત્રાલયો, આશ્રમશાળાઓ, સર્વોદય, વિવિધ ખાદીગ્રામોદ્યોગ, દૂધસાગર ડેરી સહિતની સહકારી સંસ્થાઓ તેમજ

બેલેસ્ટિક મિસાઈલ Vs ક્રૂઝ મિસાઈલ

ક્રમ	બેલેસ્ટિક મિસાઈલ	ક્રૂઝ મિસાઈલ
1.	આ મિસાઈલની મુસાફરી ગુરૂત્વાકર્ષણ બળ, વાયુ-ઘર્ષણ અને કોરિયોલિસિસ બળ પર આધાર રાખે છે.	તુલનાત્મક રીતે સીધી રેખામાં ગતિ કરે છે.
2.	પૃથ્વીના વાતાવરણથી પહેલા ઉપર જાય છે અને પછીથી તેમાં પ્રવેશે છે.	તેના ઉડાનનો પરિપથ પૃથ્વીના વાતાવરણની અંદર જ હોય છે.
3.	તેમાં લાંબી રેન્જની મિસાઈલોનો સમાવેશ થાય છે. દા.ત. 300 કિમીથી 12,000 કિમી	તેમાં ટૂંકી રેન્જની મિસાઈલોનો સમાવેશ થાય છે. દા.ત 1000 કિ.મી સુધીની રેન્જ
4.	દા.ત. પૃથ્વી I, પૃથ્વી II, અગ્નિ I, અગ્નિ II, ધનુષ મિસાઈલ વગેરે	દા.ત. બ્રહ્મોસ મિસાઈલ

ઝડપના આધારે મિસાઈલોનું વર્ગીકરણ

ઝડપ રેન્જ	મેક નંબર	M/કમાં વેગ
સબસોનિક	**< 0.8**	< 274
ટ્રાન્સસોનિક	**0.8 - 1.2**	274 - 412
સુપરસોનિક	**1.2 - 5**	412 - 1715
હાઈપરસોનિક	**5 - 10**	1715 - 3430
હાઈ - હાઈપરસોનિક	**10 - 25**	3430 - 8507

ભારતમાં હાઈપરસોનિક ટેક્નોલોજીનો વિકાસ

- ભારત પણ હાઈપરસોનિક ટેક્નોલોજી પર કાર્ય કરી રહ્યું છે.
- જ્યાં સુધી અવકાશ એસેટનો સવાલ છે ત્યાં સુધી ભારતે 'મિશન શક્તિ હેઠળ ASAT' (એન્ટિ-સેટેલાઈટ વેપન્સ) ના પરીક્ષણ દ્વારા તેની ક્ષમતાઓને સાબિત કરી છે.
- ભારતમાં DRDO અને ISRO દ્વારા હાઈપરસોનિક ટેક્નોલોજીના વિકાસ અને પરીક્ષણનું કાર્ય કરવામાં આવી રહ્યું છે.
- તાજેતરમાં DRDOએ "હાઈપરસોનિક ટેક્નોલોજી ડેમોન્સ્ટ્રેટર વિહીકલ" (HSTDV)નું સફળતાપૂર્વક ઉડાન પરિક્ષણ કરવામાં આવ્યું હતું જેમાં ધ્વનિની ઝડપ કરતાં 6 ગણી મુસાફરી કરવાની ક્ષમતા છે.
- ઉપરાંત, હૈદરાબાદમાં DRDOની હાઈપરસોનિક વિન્ડ ટનલ (HWT) પરીક્ષણ સુવિધાનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

દાંતેવાડામાં 1 નવેમ્બરે ખૂલશે છત્તીસગઢની પહેલી ડે નેક્સ ટેક્સસ્ટાઈલ પ્રિન્ટિંગ ફેકટરી



- છત્તીસગઢમાં આત્મસમર્પણ કરી ચૂકેલા નક્સલો હવે નક્સલ પીડિત પરિવારો સાથે મળીને ડેનેક્સ ટેક્સસ્ટાઇલ પ્રિન્ટિંગ ફેક્ટરી ચલાવશે. આ બધી મળીને બ્રાન્ડેડ ક્લોથ કંપનીઓ માટે કપડાં પર પ્રિન્ટિંગનું કામ કરશે.
- અહીં પ્રિન્ટ કરાયેલા કપડાં અને સિલાઇ પછી તે વિવિધ માધ્યમોથી દેશભરના બજારોમાં મોકલાશે. આ ફેકટરી કારલી વિસ્તારમાં બની રહી છે.
- આ છત્તીસગઢની પહેલી ફેક્ટરી હશે જેની જવાબદારી નક્સલ પીડિત પરિવારો અને આત્મસમર્પણ કરી ચૂકેલા નક્સલોને સોંપાશે. અહીં આવા 100 નક્સલને રોજગારી મળશે.
- અહી નક્સલ પીડિત પરિવારના સભ્યો સાથે આત્મસમર્પણ કરી ચૂકેલા નક્સલોને આવાસીય વ્યવસ્થા કરાઈ છે. ડેનેક્સની આ ચોથી ફેકટરી છે.

ચીને ત્રણ નવા રિમોટ સેન્સિંગ સેટેલાઈટ લોન્ચ કર્યા



- 6 નવેમ્બર, 2021ના રોજ ચીને દક્ષિણ પશ્ચિમ સિચુઆન પ્રાંતમાં સ્થિત ઝિચાંગ સેટેલાઇટ લોન્ચ સેન્ટર પરથી ત્રણ નવા રિમોટ સેન્સિંગ સેટેલાઇટો લોન્ચ કર્યા છે.
- આ તમામ સેટેલાઇટો યાઓગાન-35 સેટેલાઇટ શ્રેણીના છે.
- તેઓ તમામને લોન્ગ માર્ચ-2D કેરિયર રોકેટની મદદથી લોન્ચ કરવામાં આવ્યા હતા અને આયોજિત ભ્રમણ કક્ષામાં સફળતાપૂર્વક સ્થાપિત કરવામાં આવ્યા છે.
- ચીનના લોન્ગ માર્ચ શ્રેણીના કેરિયર રોકેટનું આ 396મું મિશન હતું.

પાર્કરના સન્માનમાં તેઓના નામ પર રાખવામાં આવ્યું છે.

CSIR જીજ્ઞાસા કાર્યક્રમ હેઠળ બાળકો માટે ભારતની પ્રથમ વર્ચ્યુઅલ સાયન્સ લેબ લોન્ચ



- કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી ડૉ.જિતેન્દ્રસિંહ દ્વારા તાજેતરમાં 'CSIR જીજ્ઞાસા' કાર્યક્રમ હેઠળ બાળકો માટે દેશની પ્રથમ વર્ચ્યુઅલ સાયન્સ લેબની શરૂઆત કરાવવામાં આવી છે. જે વિદ્યાર્થીઓને દેશભરના વૈજ્ઞાનિકો સાથે પણ જોડશે.

લેબની સ્થાપનાનો હેતુ

- વર્ચ્યુઅલ સાયન્સ લેબનું ઉદ્ઘાટન એક ઓનલાઇન ઇન્ટરએક્ટિવ માધ્યમના આધાર પર સ્કૂલના વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત સંશોધન પ્રદર્શન અને નવીનત્તમ શિક્ષણશાસ્ત્ર પ્રદાન કરવાના ઉદ્દેશથી કરવામાં આવ્યું છે.
- તેની સ્થાપનાનો મહત્તમ લાભ સરકારી શાળાઓ, કેન્દ્રીય વિદ્યાલયો અને નવોદય વિદ્યાલયોના વિદ્યાર્થીઓને મળશે.
- આ લેબનો મહત્તમ લાભ ધોરણ 6 થી 12ના વિદ્યાર્થીઓને મળશે.
- પ્રારંભિક તબક્કામાં તમામ કન્ટેન્ટ અંગ્રેજીમાં ઉપલબ્ધ બનશે. તેમજ તેને હિન્દી અને અન્ય પ્રાદેશિક ભાષાઓમાં ઉપલબ્ધ કરાવવાનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

CSIR જીજ્ઞાસા પ્રોગ્રામ

- જીજ્ઞાસાએ **CSIR (Council of Scientific & Industrial Research)** ની રાષ્ટ્રીય સ્તરની પહેલ છે. જેને વૈજ્ઞાનિક સામાજિક જવાબદારી (SSR) ને વિસ્તૃત કરવા અને વધુ ગહન કરવા માટે શરૂ કરવામાં આવી છે.
- વિજ્ઞાન પ્રત્યે રહેલી લોકોની જિજ્ઞાસાવૃત્તિને આ કાર્યક્રમના માધ્યમથી પ્રોત્સાહન મળશે.
- આ એક વિદ્યાર્થી - વૈજ્ઞાનિક જોડાણ કાર્યક્રમ છે. જે કેન્દ્રીય વિદ્યાલય સંગઠન (KVS) ના સહયોગથી શરૂ કરવામાં આવ્યો છે.
- તેનો મુખ્યઉદ્દેશ સંશોધન પ્રયોગશાળા આધારિત શિક્ષણ પર ધ્યાન કેન્દ્રીત કરવાનો છે.

લેસર કમ્યુનિકેશન્સ રીલે ડેમોન્સ્ટ્રેશન (LCRD) : નાસાની નવી કમ્યુનિકેશન સિસ્ટમ



- નાસાએ તેનું નવું લેસર કમ્યુનિકેશન્સ રીલે ડેમોન્સ્ટ્રેશન (LCRD) ફ્લોરિડાના કેપ કેનાવેરલ સ્પેસ ફોર્સ સ્ટેશન ખાતેથી લોન્ચ કર્યું છે.

લેસર કમ્યુનિકેશન્સ રીલે ડેમોન્સ્ટ્રેશન (LCRD)

- LCRD એ નાસાની પ્રથમ લેસર કમ્યુનિકેશન સિસ્ટમ છે.
- તે નાસાને અવકાશમાં ઓપ્ટિકલ કમ્યુનિકેશનના પરીક્ષણમાં મદદ કરશે.
- હાલમાં નાસાના મોટાભાગના અવકાશયાન ડેટા મોકલવા માટે રેડિયો ફ્રીકવન્સી કમ્યુનિકેશનનો ઉપયોગ કરે છે.
- પરંતુ ઓપ્ટિકલ કમ્યુનિકેશન્સ રેડિયો ફ્રીકવન્સી સિસ્ટમની તુલનામાં બેન્ડવિથને 10 થી 100 ગણો વધારવામાં મદદ કરશે.
- LCRD પેલોડને અમેરિકાના સંરક્ષણ વિભાગના સ્પેસ ટેસ્ટ પ્રોગ્રામ સેટેલાઇટ-6 (STPsat-6) પર હોસ્ટ કરવામાં આવ્યો છે. તે પૃથ્વીથી 35,000 કી.મી.થી વધુની ઊંચાઇ પર જીઓસિન્ક્રોનસ કક્ષામાં હશે.
- કેલિફોર્નિયા અને હવાઇમાં LCRD મિશનના ગ્રાઉન્ડ સ્ટેશન પર એન્જિનિયરો દ્વારા તેનું નિયંત્રણ કરવામાં આવશે.
- ટીમ રેડિયો ફ્રીકવન્સી સિગ્નલો દ્વારા ટેસ્ટ ડેટા મોકલશે અને LCRD ઓપ્ટિકલ સિગ્નલોનો ઉપયોગ કરીને જવાબ આપશે.
- વર્તમાન રેડિયો ફ્રીકવન્સી સિસ્ટમ સાથે મંગળના પૂર્ણ નકશાને પૃથ્વી પર પાછો મોકલવામાં લગભગ 9 અઠવાડિયા જેટલો સમય લાગે છે જયારે લેસરની મદદથી તેને 9 દિવસ સુધીમાં પૂર્ણ કરી શકાય છે.
- ઓપ્ટિકલ કમ્યુનિકેશન સિસ્ટમ કદ અને વજનમાં નાની હોય છે અને રેડિયો ઇન્સ્ટ્રુમેન્ટ્સની સરખામણીમાં ઓછા પાવરની જરૂર પડે છે.

વિવિધ દેશોના ખેલાડીઓની માર્ચ પાસ્ટ યોજવામાં આવી હતી. જેમાં ભારતીય ખેલાડીઓને 21મો ક્રમ આપવામાં આવ્યો હતો.

- ભારત તરફથી હોકી ખેલાડી મનદીપસિંહ અને મહિલા બોક્સર એમ.સી. મેરિકોમ ધ્વજવાહક બન્યા હતા.

સૂત્ર (Motto): "Faster, Higher, Stronger-Together"
(ઝડપી, ઉચ્ચતર, મજબૂત-એક સાથે)

ઇવેન્ટ્સ: વિવિધ 33 રમતોમાં 339 ઇવેન્ટ્સનું આયોજન.

- ટોક્યો બે વખત ઉનાળુ ઓલિમ્પિકનું આયોજન કરનાર પ્રથમ એશિયન શહેર બની ગયું છે. આ અગાઉ વર્ષ 1964માં ઉનાળુ ઓલિમ્પિકનું આયોજન ટોક્યોમાં કરવામાં આવ્યું હતું.

ટોક્યો ઓલિમ્પિકમાં ઉમેરાયેલ નવી રમતો

- ટોક્યો ઓલિમ્પિક 2020માં નવી 5 રમતોનો સમાવેશ કરવામાં આવ્યો છે જેની નીચે મુજબ છે :
  1. **બેઝબોલ/સોફ્ટબોલ**
  2. **કરાટે**
  3. **સ્કેટબોર્ડિંગ**
  4. **સર્ફિંગ**
  5. **સ્પોર્ટ ક્લાઇમ્બિંગ**

ટોક્યો ઓલિમ્પિક શુભાંકર

- ટોક્યો ઓલિમ્પિક 2020નું શુભાંકર મિરૈતોવા છે.
- તે જાપાની શબ્દો 'મિરાઇ' (ભવિષ્ય) અને 'તોવા' (અનંતતા)માંથી ઉત્તરી આવેલ છે.
- આ શુભાંકરની ડિઝાઇન જાપાનના રૂયો તાનિગુચિ દ્વારા વિકસાવવામાં આવી છે.

આગામી ઓલિમ્પિકસ

ક્રમ	આયોજક શહેર	દેશ	વર્ષ
1.	બીજિંગ	ચીન	2022 (શિયાળો)
2.	પેરિસ	ફ્રાંસ	2024 (ઉનાળો)
3.	મિલાનો કોર્ટિના	ઇટાલી	2026 (શિયાળો)
4.	લોસ એન્જલસ	અમેરિકા	2028 (ઉનાળો)

ટોક્યો ઓલિમ્પિકમાં સૌથી વધુ મેડલ મેળવનાર ટોચના દેશો

રેન્ક	દેશ	ગોલ્ડ મેડલ	સિલ્વર મેડલ	બ્રોન્ઝ મેડલ	કુલ મેડલો
1.	અમેરિકા	39	41	33	113
2.	ચીન	38	32	18	88
3.	જાપાન	27	14	17	58
4.	બ્રિટન	22	21	22	65
5.	રશિયન ઓલિમ્પિક કમિટી (ROC)	20	28	23	71
6.	ઓસ્ટ્રેલિયા	17	7	22	46
7.	નેધરલેન્ડ્સ	10	12	14	36
8.	ફ્રાન્સ	10	12	11	33
9.	જર્મની	10	11	16	37
10.	ઇટાલી	10	10	20	40
48.	ભારત	1	2	4	7

નોંધ: ટોક્યો ઓલિમ્પિકમાં સૌથી વધુ વ્યક્તિગત ગોલ્ડ મેડલ અમેરિકાના સેલેબ ડ્રેસેલ એ જીત્યા છે.

ટોક્યો ઓલિમ્પિકમાં ભારતીય પદક વિજેતાઓ

ક્રમ	ખેલાડીનું નામ/ટીમ	રમત	પદક
1.	નીરજ ચોપરા	જવેલિન થ્રો (ભાલા ફેંક)	ગોલ્ડ
2.	મીરાબાઇ ચાનુ	વેઇટલિફ્ટિંગ	સિલ્વર
3.	રવિકુમાર દહિયા	રેસલિંગ	સિલ્વર
4.	પી.વી. સિંધૂ	બેડમિન્ટન	બ્રોન્ઝ
5.	લવલીના બોરગોહન	બોક્સિંગ	બ્રોન્ઝ
6.	બજરંગ પૂનિયા	રેસલિંગ	બ્રોન્ઝ
7.	પુરૂષ હોકી ટીમ	હોકી	બ્રોન્ઝ

16મા સમર પેરાલિમ્પિક ગેમ્સનો જાપાનના ટોક્યો ખાતે શુભારંભ



- 24 ઓગસ્ટ, 2021ના રોજ જાપાનના ટોક્યો ખાતે સમર પેરાલિમ્પિક 2020નો શુભારંભ કરવામાં આવ્યો હતો.
- જાપાનના રાજા નારૂહિતો દ્વારા ટોક્યો પેરાલિમ્પિક 2020 ખુલ્લો મૂકવામાં આવ્યો હતો.
- જ્યારે જાપાનના વ્હીલચેર ટેનિસ ખેલાડી યુઇ કામિજી દ્વારા પેરાલિમ્પિક જ્યોત પ્રગટાવવામાં આવી હતી.
- ભારત તરફથી ભાલાફેંકના ખેલાડી ટેક ચંદ ભારતીય ટીમના ધ્વજવાહક બન્યા હતા.
- **સૂત્ર** : (Motto) : 'United by Emotion'
- **ઇવેન્ટ્સ** : પેરાલિમ્પિક દરમિયાન 163 દેશના લગભગ

4,500 જેટલા ખેલાડીઓ વિવિધ 22 રમતની 539 ઇવેન્ટ્સમાં ભાગ લઇ રહ્યા છે.

- તેમજ ભારતના કુલ 54 ખેલાડીઓ વિવિધ 9 રમતોમાં ભાગ લઇ રહ્યા છે.



- ટોક્યો બે વખત ઉનાળુ પેરાલિમ્પિકનું આયોજન કરનાર વિશ્વનું પ્રથમ શહેર બની ગયું છે. આ અગાઉ વર્ષ 1964માં ઉનાળુ પેરાલિમ્પિકનું આયોજન કરવામાં આવ્યું હતું.
- **શુભાંકર (Mascot) : સોમૈતી (Someity)**
- **નવી ઉમેરાયેલી રમતો** : ટોક્યો પેરાલિમ્પિક 2020માં નવી 2 રમતોનો સમાવેશ કરવામાં આવ્યો છે જે નીચે મુજબ છે :
  1. **બેડમિન્ટન**
  2. **તાઇકવોન્ડો**

ભારત માટે ટોક્યો પેરાલિમ્પિક 2020

- ભારતે ટોક્યો પેરાલિમ્પિકમાં કુલ 19 મેડલો પ્રાપ્ત કર્યા છે. જેમાં 5 ગોલ્ડ, 8 સિલ્વર અને 6 બ્રોન્ઝ મેડલોનો સમાવેશ થાય છે.
- આ સાથે જ ભારત મેડલો મેળવવાની બાબતમાં ટોક્યો પેરાલિમ્પિકમાં સમગ્ર વિશ્વમાં 24માં ક્રમાંકે રહ્યું છે.
- અત્યાર સુધીના પેરાલિમ્પિકમાં ભારતનું આ સર્વશ્રેષ્ઠ પ્રદર્શન છે. આ અગાઉ ભારતે 53 વર્ષમાં 11 પેરાલિમ્પિકમાં ભાગ લેતા કુલ 12 મેડલો જીત્યા હતા. અર્થાત્ ટોક્યો પેરાલિમ્પિકમાં ભારતે પાછલી તમામ પેરાલિમ્પિકમાં જીતેલા મેડલની તુલનાએ 42 ટકા વધારે મેડલ હાંસલ કર્યા છે.



ટોક્યો પેરાલિમ્પિકમાં ભારતીય પદક વિજેતાઓ

ક્રમ	ખેલાડીનું નામ	રમત/ઇવેન્ટ	પદક
1.	અવની લેખરા	મહિલાઓની 10 મીટર એર રાઇફલ સ્ટેન્ડિંગ SH1	ગોલ્ડ
2.	પ્રમોદ ભગત	મેન્સ સિંગલ્સ SL3	ગોલ્ડ
3.	કૃષ્ણા નાગર	મેન્સ સિંગલ્સ SH6	ગોલ્ડ
4.	સુમિત અંતિલ	મેન્સ જવેલિન થ્રો F64	ગોલ્ડ
5.	મનીષ નરવાલ	મિક્સ્ડ 50 મીટર પિસ્ટલ SH1	ગોલ્ડ
6.	ભાવિના પટેલ	વિમેન્સ સિંગલ્સ ક્લાસ 4	સિલ્વર
7.	સિંહરાજ અધાના	મિક્સ્ડ 50 મીટર પિસ્ટલ SH1	સિલ્વર
8.	યોગેશ કથુનિયા	મેન્સ ડિસ્કસ થ્રો F56	સિલ્વર
9.	નિષાદકુમાર	મેન્સ હાઇજમ્પ T47	સિલ્વર
10.	મેરિયપ્પન થાંગાવેલું	મેન્સ હાઇજમ્પ T63	સિલ્વર
11.	પ્રવિણકુમાર	મેન્સ હાઇજમ્પ T64	સિલ્વર
12.	દેવેન્દ્ર ઝાઝરિયા	મેન્સ જવેલિન થ્રો F46	સિલ્વર
13.	સુહાસ યતિરાજ	મેન્સ સિંગલ્સ બેડમિન્ટન-SL4	સિલ્વર
14.	અવની લેખરા	વિમેન્સ 50 મીટર રાઇફલ 3 પોઝિશન્સ SH1	બ્રોન્ઝ
15.	હરવિન્દરસિંહ	મેન્સ ઇન્ડિવિડ્યુઅલ રિકર્વ-ઓપન	બ્રોન્ઝ
16.	શરદકુમાર	મેન્સ હાઇ જમ્પ T63	બ્રોન્ઝ
17.	સુંદરસિંહ ગુર્જર	મેન્સ જવેલિન થ્રો F46	બ્રોન્ઝ
18.	મનોજ સરકાર	મેન્સ સિંગલ્સ SL3	બ્રોન્ઝ
19.	સિંહરાજ અધાના	મેન્સ 10 મીટર એર પિસ્ટલ-SH1	બ્રોન્ઝ

ટોક્યો પેરાલિમ્પિકમાં ચીને સૌથી વધુ પદક મેળવ્યા

- ટોક્યો પેરાલિમ્પિક 2020માં ચીને 96 ગોલ્ડ, 60 સિલ્વર અને 51 બ્રોન્ઝ મેડલ મેળવી સમગ્ર વિશ્વમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો છે.
- આ યાદીમાં ભારત 5 ગોલ્ડ, 8 સિલ્વર અને 6 બ્રોન્ઝ મેડલો મેળવવી સમગ્ર વિશ્વમાં 24 માં ક્રમાંકે રહ્યું છે.

ટોક્યો પેરાલિમ્પિકમાં સૌથી વધુ મેડલો મેળવેલા ટોચના દેશો

રેન્ક	દેશ	ગોલ્ડ મેડલો	સિલ્વર મેડલો	બ્રોન્ઝ મેડલો	કુલ મેડલો
1.	ચીન	96	60	51	207
2.	બ્રિટન	41	38	45	124
3.	અમેરિકા	37	36	31	104
4.	રશિયન	36	33	49	118



- આ પુરસ્કાર દર વર્ષે કેન્દ્રીય યુવા બાબતો અને રમતમંત્રાલય દ્વારા આપવામાં આવે છે.
- પુરસ્કાર વિજેતાઓની પસંદગી કેન્દ્રીય યુવા બાબતો અને રમતમંત્રાલય દ્વારા રચવામાં આવેલી એક સમિતિ દ્વારા કરવામાં આવે છે.
- આંતરરાષ્ટ્રીય સ્તર પર ચાર વર્ષના સમયગાળા દરમિયાન અને પોતાના રમત ક્ષેત્રમાં શાનદાર અને સૌથી ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હોય તેવા ખેલાડીઓની આ પુરસ્કાર માટે પસંદગી કરવામાં આવે છે.
- ખેલરત્ન પુરસ્કાર આપવાની શરૂઆત વર્ષ 1991-92માં કરવામાં આવી હતી.
- અત્યાર સુધી (5 નવેમ્બર, 2021ની સ્થિતિએ) કુલ 57 જેટલા રમતવીરોને આ પુરસ્કાર એનાયત કરવામાં આવેલો છે.
- **પ્રથમ પુરસ્કાર વિજેતા:** વિશ્વનાથન આનંદ (ચેસ)

મેજર ધ્યાનચંદ ખેલરત્ન એવોર્ડ 2021ના વિજેતાઓ

- **કુલ વિજેતાઓ:** 12

ક્રમ	વિજેતા ખેલાડીનું નામ	રમતક્ષેત્ર
1.	નીરજ ચોપડા	ભાલાફેંક
2.	રવિકુમાર દહિયા	રેસલિંગ
3.	લોવલિના બોરગોહેન	બોક્સિંગ
4.	શ્રીજેશ પી.આર	હોકી
5.	અવની લેખારા	પેરા-શૂટીંગ
6.	સુમિત અંતિલ	પેરા-એથ્લેટીક્સ
7.	પ્રમોદ ભગત	પેરા-બેડમિન્ટન
8.	કૃષ્ણા નાગર	પેરા-બેડમિન્ટન
9.	મનિષ નરવાલ	પેરા-શૂટીંગ
10.	મિતાલી રાજ	ક્રિકેટર
11.	સુનિલ છેત્રી	ફૂટબોલ
12.	મનપ્રીત સિંઘ	હોકી

(2) અર્જુન એવોર્ડ

- આ એવોર્ડની શરૂઆત કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ 1961માં રાષ્ટ્રીય રમત-ગમતની સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ સિદ્ધિને માન્યતા આપવા માટે કરવામાં આવી હતી.
- આગળના ચાર વર્ષના સમયગાળા દરમિયાન રમતમાં સારા પ્રદર્શન, નેતૃત્વ, ખેલદિલી અને શિસ્તની ભાવના દર્શાવવા માટે આ એવોર્ડ આપવામાં આવે છે.



- આ એવોર્ડ અંતર્ગત ₹15 લાખનું રોકડ ઈનામ, અર્જુનની કાંસ્ય પ્રતિમા અને સન્માનપત્ર આપવામાં આવે છે.

અર્જુન એવોર્ડ 2021ના વિજેતાઓ

- **કુલ વિજેતાઓ:** 35

ક્રમ	વિજેતા ખેલાડીનું નામ	રમતક્ષેત્ર
1.	અરપિંદર સિંઘ	એથ્લેટીક્સ
2.	સિમરનજીત કૌર	બોક્સિંગ
3.	શિખર ધવન	ક્રિકેટ
4.	ભવાની દેવી	ફેન્સિંગ
5.	મોનિકા	હોકી
6.	વંદના કટારિયા	હોકી
7.	સંદીપ નરવાલ	કબડ્ડી
8.	હિમાની ઉત્તમ પરબ	મલખંબ
9.	અભિષેક વર્મા	શૂટીંગ
10.	અંકિતા રૈના	ટેનિસ
11.	દીપક પુનિયા	રેસલિંગ
12.	દિલપ્રીત સિંઘ	હોકી
13.	હરમનપ્રીત સિંઘ	હોકી
14.	રૂપીન્દર પાલ સિંઘ	હોકી
15.	સુરેન્દર કુમાર	હોકી
16.	અમિત રોહિદાસ	હોકી
17.	બિરેન્દ્ર લાકરા	હોકી
18.	સુમિત	હોકી
19.	નિલકંઠ શર્મા	હોકી
20.	હાર્દિક સિંઘ	હોકી
21.	વિવેક સાગર પ્રસાદ	હોકી
22.	ગુર્જન્ત સિંઘ	હોકી
23.	મનદીપ સિંઘ	હોકી
24.	શમશેર સિંઘ	હોકી
25.	લલિત કુમાર ઉપાધ્યાય	હોકી

- **અધ્યક્ષ** : જિઆની ઇન્ફેન્ટિનો (સ્વિટ્ઝર્લેન્ડ)
(19 જાન્યુઆરી, 2022ની સ્થિતિએ)

નોંધ: ફૂટસલને હાર્ડ કોર્ટ પર રમવામાં આવે છે, તેને મીની ફૂટબોલ તરીકે ઓળખવામાં આવે છે.

ભારતીય ખેલાડી સ્મૃતિ મંધાના વર્ષની સર્વશ્રેષ્ઠ મહિલા ક્રિકેટર જાહેર



- ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) એ તાજેતરમાં વર્ષ 2021 માટેના સર્વશ્રેષ્ઠ ક્રિકેટરોની જાહેરાત કરી છે.
- તાજેતરમાં વિજેતાઓની જાહેર કરેલ યાદીએ ICC પુરસ્કારોની 17 મી આવૃત્તિ છે.
- આ અંતર્ગત ભારતની સ્ટાર બેટ્સમેન સ્મૃતિ મંધાનાને ક્રિકેટના તમામ ફોર્મેટમાં શાનદાર દેખાવ કરવા બદલ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલે (ICC) વર્ષ 2021 માટે સર્વશ્રેષ્ઠ મહિલા ક્રિકેટર તરીકે પસંદ કરી છે.
- અગ્રે નોંધનીય છે કે મંધાનાએ બીજીવાર આ એવોર્ડ પ્રાપ્ત કર્યો છે. આ અગાઉ તે વર્ષ 2018 માં પણ સર્વશ્રેષ્ઠ મહિલા વન-ડે ક્રિકેટર રહી ચૂકી છે.
- મંધાના બે વાર આવી સિદ્ધિ મેળવનારી પ્રથમ ભારતીય મહિલા ક્રિકેટર બની ગઇ છે.
- સમગ્ર વિશ્વની વાત કરીએ તો મંધાના બે વાર સિદ્ધિ નોંધાવનારી બીજી મહિલા ક્રિકેટર બની છે. આ અગાઉ ઓસ્ટ્રેલિયાની ઓલ રાઉન્ડર એલિસ પેરી બે વાર એવોર્ડ પ્રાપ્ત કરી ચૂકી છે.

ICC એવોર્ડ્સ 2021ના વિજેતાઓ

પુરસ્કાર શ્રેણી	વિજેતા	દેશ
રેચલ હીહો ફ્લીન્ટ ટ્રોફી ફોર ICC વિમેન્સ ક્રિકેટર ઓફ ધ યર	સ્મૃતિ મંધાના	ભારત
મેન્સ T-20 ક્રિકેટર ઓફ ધ યર	મોહમ્મદ રિઝવાન	પાકિસ્તાન
વિમેન્સ T-20 ક્રિકેટર ઓફ ધ યર	ટેમ્મી બીમોન્ટ	ઈંગ્લેન્ડ
મેન્સ વન-ડે ક્રિકેટર ઓફ ધ યર	બાબર આઝમ	પાકિસ્તાન
વિમેન્સ વન-ડે ક્રિકેટર ઓફ ધ યર	લિઝેલી લી	દક્ષિણ આફ્રિકા
મેન્સ ટેસ્ટ ક્રિકેટર ઓફ ધ યર	જો રૂટ	ઈંગ્લેન્ડ
ઈમર્જિંગ મેન્સ ક્રિકેટર ઓફ ધ યર	જેનમેન મલાન	દક્ષિણ આફ્રિકા
ઈમર્જિંગ વિમેન્સ ક્રિકેટર ઓફ ધ યર	ફાતિમા સાન્તા	પાકિસ્તાન
સર ગાર્ફિલ્ડ સોબર્સ ટ્રોફી ફોર ICC મેન્સ ક્રિકેટર ઓફ ધ યર	શાહીન આફ્રિદી	પાકિસ્તાન
અમ્પાયર ઓફ ધ યર	મરેઇસ ઇરાસ્મસ	દક્ષિણ આફ્રિકા

ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલ (ICC)

- ICC એ ક્રિકેટનું આંતરરાષ્ટ્રીય સંચાલક મંડળ છે.
- **સ્થાપના** : 15 જૂન, 1909
- **વડુંમથક** : દુબઈ (યુએઇ)
- **અધ્યક્ષ** : ગ્રેગ બારકલે
- **સભ્યો** : 106
- ઈન્દ્રા નૂઈએ ICC ના સ્વતંત્ર મહિલા ડિરેક્ટર છે.

આંતરરાષ્ટ્રીય ઘટનાક્રમ

બ્રિટન ભારતના 'ગ્રીન પ્રોજેકટસ'માં 1.2 અબજ ડોલરનું રોકાણ કરશે



- ભારત અને બ્રિટન વચ્ચે તાજેતરમાં હાથ ધરાયેલા 11મા આર્થિક અને નાણાકીય સંવાદ કાર્યક્રમ દરમિયાન બ્રિટનની સરકારે ભારતના ગ્રીન એન્ડ રિન્યૂએબલ એનર્જી પ્રોજેકટમાં 12 અબજ ડોલરના જાહેર અને ખાનગી રોકાણની જાહેરાત કરી હતી.
- આ સંવાદ કાર્યક્રમમાં ભારતના કેન્દ્રીય નાણાપ્રધાન નિર્મલા સીતારામન અને યુ.કેના ચાન્સેલર ઋષિ સુનાકે ભાગ લીધો હતો.
- તેમજ બંને દેશોએ સંયુકત રીતે ક્લાઇમેટ ફાઇનાન્સ લીડરશીપ ઇનિશિયેટીવ (CFLI) ઈન્ડિયા પાર્ટનરશિપની શરૂઆત કરી હતી.

કરવામાં આવી હતી.)

- **વડું મથક:** બીજિંગ (ચીન)
- **સભ્યો:** 103 સભ્યો

એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB)

- આ પ્રાદેશિક વિકાસ બેંકની સ્થાપના 19 ડિસેમ્બર, 1966ના રોજ કરવામાં આવી હતી.
- **વડું મથક:** મનિલા, ફિલિપાઈન્સ
- **સભ્ય દેશો:** 68 દેશો
- **પ્રેસિડેન્ટ:** મસાત્સુગુ અસાકાવા (30 ઓક્ટોબર, 2021ની સ્થિતિએ)

લઘુત્તમ 15 ટકા ગ્લોબલ મિનિમમ કોર્પોરેટ ટેક્સને G-20ની મંજૂરી



- કેટલીક મલ્ટિનેશનલ કંપનીઓના વધારે પડતા નફાને નિયંત્રિત કરવાના લક્ષ્યાંક સાથે નવા આંતરરાષ્ટ્રીય ટેક્સ નિયમો અંતર્ગત મલ્ટિનેશનલ કંપનીઓ પર ગ્લોબલ મિનિમમ કોર્પોરેટ ટેક્સ લાદવાને G-20 દેશોએ મંજૂરી આપી દીધી છે.
- ટેક્સ હેવન દેશોમાં મલ્ટિનેશનલ કંપનીઓને પોતાનો નફો ઘસડી જતી અટકાવવા માટે આ ટેક્સને મંજૂરી અપાઈ છે.
- આ આંતરરાષ્ટ્રીય ટેક્સ અમલી બન્યા પછી વિશ્વના દેશોએ મલ્ટિનેશનલ કંપનીઓ પાસેથી ઓછામાં ઓછો 15 ટકા ટેક્સ વસૂલવો પડશે.
- આજના આધુનિક જમાનામાં મલ્ટિનેશનલ કંપનીઓ ટ્રેડમાર્ક અને ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટીનો ઉપયોગ કરીને ઉત્પાદન કર્યા વિના તગડો નફો મેળવી રહી છે.
- જે દેશમાં ઓછો ટેક્સ હોય ત્યાં તેઓ પેટા કંપનીઓને કામ સોંપીને નફો મેળવે છે.
- કેટલાક દેશો ઓછો ટેક્સ રાખીને કંપનીઓને લલચાવતા હતા. કેટલાક દેશોમાં તો આ કંપનીઓને નજીવો ટેક્સ ચૂકવવો પડતો હતો.
- વર્ષ 1985થી 2018ની વચ્ચે સરેરાશ ગ્લોબલ ટેક્સ 49 ટકાથી ઘટીને 24 ટકા પર આવી ગયો હતો.

શું છે ગ્લોબલ મિનિમમ કોર્પોરેટ ટેક્સ ?

- વાર્ષિક 864 મિલિયન ડોલરની આવક ધરાવતી કંપનીઓ પાસેથી 15 ટકા ટેક્સ વસૂલવા વિશ્વના દેશો કાયદા ઘડશે.
- જો કંપનીની આવક પર ટેક્સ હેવન દેશોમાં કોઈ ટેક્સ નહીં લદાય તો કંપનીના વતનનો દેશ 15 ટકા સુધીનો ટોપ અપ ટેક્સ લાદશે.
- ટોપ અપ ટેક્સને કારણે કંપનીઓને ટેક્સ હેવન દેશોમાં મળેલા કરલાભ નિરર્થક બની રહેશે.
- ફિઝિકલ હાજરી ન હોય તેવા દેશમાં નફાના 10 ટકા પર જ ગ્લોબલ ટેક્સ ચૂકવવાનો રહેશે.

G20 સમિટમાં ઈન્ટરનેશનલ મિથેન એમિશન્સ ઓબ્ઝર્વેટરી (IMEO) લોન્ચ



- તાજેતરમાં ઈટાલીની અધ્યક્ષતામાં G-20 સમિટનું આયોજન ઈટાલીના રોમ ખાતે કરવામાં આવ્યું હતું.
- આ દરમિયાન G-20 સમિટમાં યુનાઈટેડ નેશન્સ એન્વાર્યનમેન્ટ પ્રોગ્રામ દ્વારા ઈન્ટરનેશનલ મિથેન એમિશન્સ ઓબ્ઝર્વેટરી (IMEO)નું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું.
- ગ્રીન હાઉસ ગેસના ઉત્સર્જનમાં ઘટાડો કરવા માટે આ મિથેન ઓબ્ઝર્વેટરી લોન્ચ કરવામાં આવી છે.
- યુરોપિયન યુનિયન (EU)ના સમર્થનથી તેની શરૂઆત કરવામાં આવી છે.

ઈન્ટરનેશનલ મિથેન એમિશન્સ ઓબ્ઝર્વેટરી (IMEO)

- મિથેન એ આબોહવા માટે સૌથી ખતરનાક વાયુઓ પૈકીનો એક છે આથી આ ઓબ્ઝર્વેટરી લોન્ચ કરવામાં આવી છે.
- IMEO એ સેટેલાઈટની મદદથી મિથેન ઉત્સર્જન પર નજર રાખશે.
- આ ઓબ્ઝર્વેટરી દ્વારા પ્રાયોગીક રીતે ચકાસાયેલ મિથેન ઉત્સર્જનનો વૈશ્વિક જાહેર ડેટાસેટ તૈયાર કરવામાં આવશે.
- શરૂઆતમાં તે અશ્મિભૂત ઈંધણ ક્ષેત્ર પર ધ્યાન કેન્દ્રિત કરશે આ ક્ષેત્રમાં મિથેન ઉત્સર્જન ઘટાડવાની સૌથી વધુ સંભાવનાઓ છે.

IMEO કેવી રીતે મદદ કરશે?

- IMEO દ્વારા ચાર સ્ટ્રીમમાંથી માહિતીને એકીકૃત કરવામાં આવશે જેમ કે;
  1. વૈજ્ઞાનિક અભ્યાસોમાંથી પ્રત્યક્ષ માપનો ડેટા
  2. રિમોટ સેન્સિંગ ડેટા
  3. નેશનલ ઈન્વેન્ટરીઝ

SAGAR - સિક્યુરિટી એન્ડ ગ્રોથ ફોર ઓલ ઈન રિજિયન

- વર્ષ 2015માં ભારતે હિંદ મહાસાગર વિસ્તાર સંદર્ભે પોતાનો વ્યૂહાત્મક દ્રષ્ટિકોણ SAGAR રજૂ કરેલો.
- SAGAR મિશનનો મુખ્ય હેતુ ભારત અને તેના હિંદ મહાસાગરમાં આવેલા તટીય પડોશી દેશો વચ્ચે આર્થિક અને સુરક્ષા સહયોગને વધુ ગાઢ બનાવી, તેમની દરિયાઈ સુરક્ષા ક્ષમતા નિર્માણમાં મદદ કરી અને ભારતના રાષ્ટ્રીય હિતોના રક્ષણની સાથોસાથ આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર હિંદ મહાસાગર વિસ્તાર (IOR-ઈન્ડિયન ઓશન રીજીયન) સૌના વિકાસ માટે સમાવેશક અને સહયોગી બને તેની ખાતરી કરવાનો હતો.
- આ માટે ભારત દેશ દ્વારા હિંદ મહાસાગર વિસ્તારના અન્ય પડોશી દેશો સાથે માહિતીનું આદાન-પ્રદાન, દરિયાકાંઠાની દેખરેખ, ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ અને ક્ષમતા નિર્માણ માટે સહયોગ કરવામાં આવે છે.

દાવોસ ખાતે યોજાયેલ વર્લ્ડ ઈકોનોમિક ફોરમને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું સંબોધન

- સ્વિટ્ઝર્લેન્ડના દાવોસ ખાતે તાજેતરમાં વર્લ્ડ ઇકોનોમિક ફોરમ (WEF) ની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.
- વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા આ બેઠકને વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી વર્ચ્યુઅલ સંબોધન કરવામાં આવ્યું હતું.
- તેઓના જણાવ્યા અનુસાર ભારતે એક વર્ષમાં 160 કરોડ વેક્સિન ડોઝ આપીને મોટી સિદ્ધિ હાંસલ કરી છે.

ભારતનો 'વન અર્થ, વન હેલ્થ' અભિગમ

- ભારત 'વન અર્થ, વન હેલ્થ' અભિગમ અંતર્ગત દુનિયાના ઘણા દેશોને વેક્સિન આપીને કરોડો લોકોના જીવન બચાવી રહ્યું છે.
- ભારતે 31 ડિસેમ્બર, 2021 સુધીમાં 97 દેશોને કોવિડ-19 વેક્સિનના 1154.173 લાખ ડોઝ પહોંચાડયા છે.
- ભારત વિશ્વનો ત્રીજો સૌથી મોટો ફાર્માસ્યુટિકલ ઉત્પાદક દેશ છે.

વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF)



- વર્લ્ડ ઇકોનોમિક ફોરમ (WEF) એ વર્ષ 1971 માં સ્થાપવામાં આવેલ સ્વિસ બિનફાયદાકારક ફાઉન્ડેશન છે, જે જીનિવા (સ્વિટ્ઝર્લેન્ડ) ખાતે સ્થિત છે.
- **સ્થાપક:** ક્લાઉસ સ્કવોબ (જર્મની)
- **ઉદ્દેશ:** વૈશ્વિક, પ્રાદેશિક અને ઔદ્યોગિક એજન્ડાને આકાર આપવા માટે વ્યવસાય, રાજકીય, શૈક્ષણિક અને સમાજના વૈશ્વિક નેતાઓને સામેલ કરીને વિશ્વની સ્થિતિને સુધારવાનો ઉદ્દેશ WEF દ્વારા રાખવામાં આવે છે.

પેંગોંગ સરોવર પર ચીન દ્વારા ગેરકાયદે બ્રિજનું નિર્માણ

- ભારત અને ચીન વચ્ચે વિવાદાસ્પદ એવા પેંગોંગ સરોવરના બે કિનારાને જોડવા માટે ચીન દ્વારા ઝડપથી પુલનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે એવું એક સેટેલાઈટ ઇમેજમાં જાહેર થયું છે.
- 8 મીટર પહોળાઈ ધરાવતો આ પુલ પેંગોંગ સરોવરના ઉત્તર કિનારે ચીની સૈન્યના ફિલ્ડ બેઝની દક્ષિણે આવેલો છે.
- રિપોર્ટમાં જણાવ્યા અનુસાર ચીને પેંગોંગ લેક પરના પુલનું 400 મીટર સુધીનું બાંધકામ પૂરું કરી દીધું છે.
- ચીન જે વિસ્તારમાં પુલ બનાવી રહ્યું છે તે પ્રદેશનો તેને વર્ષ 1960માં ગેરકાયદેસર કબજો કર્યો હતો.

પેંગોંગ ત્સો અથવા પેંગોંગ તળાવ

- પેંગોંગ તળાવએ પૂર્વીય લદ્દાખ અને પશ્ચિમ તિબેટમાં ફેલાયેલું **"Endorheic Lake"** (બંધ તળાવ) છે.
- તે 4,225 મીટરની ઊંચાઈ પર આવેલું છે.
- આ તળાવ 134 કિ.મી લાંબુ છે તેમજ તે વિવિધ પેટા તળાવોમાં વહેચાયેલું છે. જેના નામ નીચે મુજબ છે:
  - પેન્ગોન્ગ ત્સો
  - રમ ત્સો (ટ્વિન લેક્સ)
  - ત્સો નીક
  - નીક ત્સો
- આ તળાવનો 50% ભાગ તિબેટ ચીનમાં આવેલો છે જ્યારે 40% ભાગ ભારતના લદ્દાખમાં આવેલો છે અને 10% ભાગ વિવાદીત છે જે ભારત અને ચીન વચ્ચે ઇ'ફેક્ટો બફરઝોન તરીકે ગણવામાં આવે છે.

મોરેશિયસમાં મુખ્ય મેટ્રોસ્ટેશનનું નામ 'મહાત્મા ગાંધી સ્ટેશન'

- વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મોરેશિયસના વડાપ્રધાન પ્રવિંદ જગન્નાથે ભારતની સહાયતા પ્રાપ્ત સામાજિક આવાસ એકમ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કર્યું હતું.

અને સ્વતંત્ર હાઇ-રિઝોલ્યુશન GHG ઉત્સર્જન ડેટા પૂરા પાડીને આબોહવા ક્રિયાને વેગ આપવાના મિશન પર કામ કરે છે. બ્લુ સ્કાય એનાલિટિક્સ એ ભારતીય ક્લાઇમેટ ટેક સ્ટાર્ટ-અપ છે. તેની સ્થાપના આઈઆઈટીના પૂર્વ વિદ્યાર્થીઓએ કરી હતી. તે વૈશ્વિક ગઠબંધનનો એક ભાગ છે જેને 'Climate TRACE' કહેવાય છે.

ગ્લોબલ ફૂડ સિક્યુરિટી ઈન્ડેક્સ 2021 અંતર્ગત ભારત 71મા ક્રમાંકે



- તાજેતરમાં ગ્લોબલ ફૂડ સિક્યુરિટી ઈન્ડેક્સની 10મી આવૃત્તિની જાહેરાત કરવામાં આવી છે.
- આ અંતર્ગત કુલ 113 દેશોમાંથી ભારતે 71મો ક્રમાંક પ્રાપ્ત કર્યો છે.

અહેવાલના તારણો

- તાજેતરમાં જ જાહેર કરવામાં આવેલા અન્ય એક ગ્લોબલ હંગર ઈન્ડેક્સ (GHI) 2021માં ભારતે 101મો ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. ગ્લોબલ ફૂડ સિક્યુરિટી ઈન્ડેક્સ 2021 અંતર્ગત આયરલેન્ડ પ્રથમ ક્રમાંકે રહ્યો છે.

ગ્લોબલ ફૂડ સિક્યુરિટી ઈન્ડેક્સ 2021 અંતર્ગત ટોચના દેશો

ક્રમાંક	દેશનું નામ	ક્રમાંક	દેશનું નામ
1.	આયર્લેન્ડ	8.	કેનેડા
2.	ઓસ્ટ્રિયા	9.	યુ.એસ.
3.	ફિનલેન્ડ	10.	ફ્રાન્સ
4.	U.K.	34.	ચીન
5.	સ્વિટ્ઝર્લેન્ડ	71.	ભારત
6.	નેધરલેન્ડ	75.	પાકિસ્તાન
7.	જાપાન	77.	શ્રીલંકા

- **ચિંતાઓ**: વર્ષ 2030 સુધીમાં શૂન્ય ભૂખમરો પ્રાપ્ત કરવાના ટકાઉ વિકાસ લક્ષ્ય (Sustainable Development Goals) તરફ સાત વર્ષની પ્રગતિ પછી વૈશ્વિક ખાદ્ય સુરક્ષામાં સતત બીજા વર્ષે ઘટાડો થયો છે.
- **ભલામણો**: ભૂખમરો અને કુપોષણને સમાપ્ત કરવા અને બધા માટે ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સ્થાનિક, રાષ્ટ્રીય અને વૈશ્વિક એમ તમામ સ્તરે પગલાં લેવા આવશ્યક છે.
- વર્તમાન અને ઉભરતા ભવિષ્યના પડકારોને પહોંચી વળવા માટે ખાદ્યસુરક્ષામાં રોકાણો ટકાવી રાખવા ખૂબ જરૂરી છે.

ગ્લોબલ ફૂડ સિક્યુરિટી (GFS) ઈન્ડેક્સ

- ગ્લોબલ ફૂડ સિક્યુરિટી ઈન્ડેક્સ કોર્ટેવા એગ્રિસાયન્સ દ્વારા પ્રાયોજિત છે. તે લંડન સ્થિત ઈકોનોમિસ્ટ ઈમ્પેક્ટ દ્વારા ડિઝાઈન અને નિર્માણ કરવામાં આવ્યું છે.
- આ સૂચકાંક દર વર્ષે જાહેર કરવામાં આવે છે તેમજ આ વર્ષે જાહેર કરવામાં આવેલી 10મી આવૃતિ છે.
- **ગણતરી**: તેના અંતર્ગત ખાદ્ય સુરક્ષાને લગતા નીચેના પરિબળોનું માપન કરવામાં આવે છે :
  - ઉપલબ્ધતા
  - ગુણવત્તા અને સલામતી
  - પોષણક્ષમતા
  - કુદરતી સંસાધનો અને સ્થિતિસ્થાપકતા
- તેના અંતર્ગત ખાદ્ય સુરક્ષાને લગતા વિવિધ 58 પરિમાણોને માપવામાં આવે છે.

LEADS ઈન્ડેક્સ 2021 અંતર્ગત ગુજરાત સતત ત્રીજા વર્ષે પણ પ્રથમ ક્રમાંકે



- તાજેતરમાં કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા લોજિસ્ટિક્સ ઇઝ અક્રોસ ડિફરન્ટ સ્ટેટ્સ (LEADS) ઇન્ડેક્સ 2021 જાહેર કરવામાં આવ્યો હતો.

LEADS ઈન્ડેક્સ 2021 અંતર્ગત વિવિધ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોના રેન્કિંગ

- આ ઇન્ડેક્સ અંતર્ગત ગુજરાત, હરિયાણા અને પંજાબ ટોચના રાજ્યો તરીકે ઉભરી આવ્યા છે.
- ગુજરાત સતત ત્રીજા વર્ષે આ રેન્કિંગમાં ટોચ પર રહ્યું છે.
- તમામ કેન્દ્રશાસિત પ્રદેશોમાં દિલ્હી ટોચના સ્થાન પર રહ્યું છે.
- ઉત્તર પૂર્વીય રાજ્યો અને હિમાલયન ક્ષેત્રમાં જમ્મુ અને કાશ્મીર ટોચના સ્થાન પર રહ્યું છે.

LEADS ઈન્ડેક્સ 2021ના ટોચના રાજ્યો

ક્રમ	રાજ્ય	ક્રમ	રાજ્ય
1	ગુજરાત	6	ઉત્તરપ્રદેશ
2	હરિયાણા	7	ઓડિશા
3	પંજાબ	8	કર્ણાટક
4	તમિલનાડુ	9	આંધ્રપ્રદેશ

જે એશિયાની સરેરાશ (21 ટકા) કરતા ઘણો ઓછો છે.
- આનું મૂલ્ય વિશ્વની સરખામણીમાં ઘણું ઓછું છે.

• કાર્બન અસમાનતા

- ભારત ઓછો કાર્બન ઉત્સર્જક દેશ છે.
- ભારતમાં ગ્રીનહાઉસ ગેસનો માથાદીઠ વપરાશ ઘણો ઓછો એટલે કે ફક્ત 2 CO_2e છે.

નોંધ: CO_2e અથવા Carbon dioxide equivalent એ એક સામાન્ય એકમમાં વિવિધ ગ્રીનહાઉસ વાયુઓનું વર્ણન કરવા માટે વપરાતો શબ્દ છે.

- આ સ્તરો સામાન્ય રીતે સબ-સહારા આફ્રિકાના દેશોમાં રહેલા કાર્બન ફૂટપ્રિન્ટ્સ સાથે તુલનીય છે.
- નીચેના 50 ટકા વપરાશકારો દીઠ તે 1, મધ્યમ 40 ટકા દીઠ તે 2 અને ટોચના 10 ટકા દીઠ તે 9 CO2e છે.

એશિયા પાવર ઇન્ડેક્સ 2021 અંતર્ગત ભારત ચોથા ક્રમાંકે

- સિડનીના લોવી ઇન્સ્ટિટ્યૂટે એશિયા પાવર ઇન્ડેક્સ 2021 માં એશિયામાં સૌથી શક્તિશાળી 26 દેશોની યાદી જારી કરી છે અને આ યાદીમાં અમેરિકા, ચીન અને જાપાન પછી ભારતનો ચોથા સૌથી શક્તિશાળી દેશ તરીકે સમાવેશ કરાયો છે.
- આ રિપોર્ટમાં ભારતને મધ્યમ શક્તિના રૂપમાં દર્શાવાયું છે.
- ભારતને ચોથા ક્રમ સાથે 37.7 અંક પ્રાપ્ત થયેલ છે.

એશિયા પાવર ઇન્ડેક્સ 2021 અંતર્ગત ટોચના દેશો

રેન્ક	દેશ	સ્કોર (100 માંથી)
1.	અમેરિકા	82.2
2.	ચીન	74.6
3.	જાપાન	38.7
4.	ભારત	37.7
5.	રશિયા	33.0

8 જેટલા વિષયો હેઠળ વિવિધ દેશોનું મૂલ્યાંકન

- એશિયા પાવર ઇન્ડેક્સ 2021 અંતર્ગત વિવિધ 8 જેટલા વિષયો હેઠળ 131 પરિમાણોનું માપન વિવિધ દેશો માટે કરવામાં આવ્યું હતું. આ વિષયો નીચે મુજબ છે.
  1. આર્થિક ક્ષમતા
  2. સૈન્ય ક્ષમતા
  3. સ્થિતિસ્થાપકતા
  4. ભાવિ સંસાધનો
  5. આર્થિક સંબંધો
  6. સંરક્ષણ નેટવર્કસ
  7. રાજદ્વારી પ્રભાવ
  8. સાંસ્કૃતિક પ્રભાવ

નોંધ: લોવી ઇન્સ્ટિટ્યૂટ દ્વારા વાર્ષિક એશિયા પાવર ઇન્ડેક્સની શરૂઆત વર્ષ 2018માં કરાવવામાં આવી હતી.
- લોવી ઇન્સ્ટિટ્યૂટનું વડુંમથક ઓસ્ટ્રેલિયાના સિડની ખાતે આવેલું છે.

ઇન્ડિયા સ્કિલ્સ રિપોર્ટ 2022 ; મહારાષ્ટ્રે ટોચનું સ્થાન જાળવી રાખ્યું

- તાજેતરમાં વી બોક્સ (Wheebox) દ્વારા ઇન્ડિયા સ્કિલ્સ રિપોર્ટ (ISR) ની નવમી આવૃતિ જાહેર કરવામાં આવી હતી.
- આ રિપોર્ટ અંતર્ગત સૌથી વધુ રોજગારીક્ષમ પ્રતિભા ધરાવતા રાજ્યોની યાદીમાં મહારાષ્ટ્રે ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે. ત્યારબાદના ક્રમાંકે ઉત્તરપ્રદેશ અને કેરળ રાજ્યનો સમાવેશ થાય છે.



- આ રિપોર્ટ અંતર્ગત સૌથી વધુ રોજગારીક્ષમ પ્રતિભા ધરાવતા રાજ્યોની યાદીમાં મહારાષ્ટ્રે ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે. ત્યારબાદના ક્રમાંકે ઉત્તરપ્રદેશ અને કેરળ રાજ્યનો સમાવેશ થાય છે.

- ઇન્ડિયા સ્કિલ્સ રિપોર્ટ 2022 ની રજૂઆત - 'Rebuilding and Reengineering the future of work' ની થીમ અંતર્ગત કરવામાં આવી હતી.

સૌથી વધુ રોજગારી સાથે ટોચના 5 રાજ્યો

ક્રમ	રાજ્ય	રોજગાર (ટકાવારીમાં)
1.	મહારાષ્ટ્ર	66.1%
2.	ઉત્તરપ્રદેશ	65.2%
3.	કેરળ	64.2%
4.	પશ્ચિમ બંગાળ	63.8%
5.	કર્ણાટક	59.3%

- રિપોર્ટમાં જણાવ્યા મુજબ નોકરીની લાયકાત ધરાવતા સૌથી વધુ યુવાનો પુણે, લખનઉ અને ત્રિવેન્દ્રમના છે. જ્યારે નોકરીની તક સૌથી વધુ મહારાષ્ટ્ર, કર્ણાટક અને તમિલનાડુમાં છે.

વિવિધ SDG શ્રેણી અંતર્ગત ટોચના શહેરો

ક્રમ	ઉદ્દેશ	ટોચનું શહેર	સ્કોર
SDG1	ગરીબાઇ મુક્તિ (NO Poverty)	કોઇમ્બતુર (તમિલનાડુ)	87
SDG2	ભૂખ મુક્તિ (Zero Hunger)	કોચિ (કેરળ)	80
SDG3	સારુ સ્વાસ્થ્ય અને સુખાકારી	શિમલા (હિમાચલ પ્રદેશ)	80
SDG4	ગુણવત્તાયુક્ત શિક્ષણ	તિરૂવનંતપુરમ (કેરળ)	96
SDG 5	જાતીય સમાનતા	કોચિ (કેરળ)	97
SDG 6	શુધ્ધ પાણી અને સ્વચ્છતા	ભોપાલ (મધ્ય પ્રદેશ)	92
SDG 7	સસ્તી અને સ્વચ્છ ઊર્જા	શિમલા (હિમાચલ પ્રદેશ)	99
SDG 8	સારું કાર્ય અને આર્થિક વિકાસ	બેંગાલુરૂ (કર્ણાટક)	79
SDG 9	**ઉદ્યોગ, નવીનતા અને આધાર માળખું**	**સુરત (ગુજરાત)**	**78**
SDG 10	અસમાનતા ઘટાડવી	અમૃતસર (પંજાબ)	97
SDG 11	ટકાઉ શહેરો અને સમુદાયો	નાસિક (મહારાષ્ટ્ર)	92
SDG 12	જવાબદાર વપરાશ અને ઉત્પાદન	આગ્રા (ઉત્તર પ્રદેશ)	100
SDG 13	ક્લાઇમેટ એકશન	ઐઝવાલ (મિઝોરમ)	100
SDG 16	શાંતિ, ન્યાય અને મજબૂત સંસ્થાઓ	પણજી (ગોવા)	98

ગુડ ગવર્નન્સ ઈન્ડેક્સ-2021

- તાજેતરમાં સુશાસન દિવસ (25 ડિસેમ્બર)ના અવસરે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહ દ્વારા 'ગુડ ગવર્નન્સ ઈન્ડેક્સ-2021' બહાર પાડવામાં આવ્યો હતો.
- મિનિસ્ટ્રી ઓફ પર્સોનલ, પબ્લિક ગ્રીવાન્સિસ એન્ડ પેન્શન અંતર્ગત આવતા DARPG-ડિપાર્ટમેન્ટ ઓફ એડમિનિસ્ટ્રેટિવ રિફોર્મ્સ એન્ડ પબ્લિક ગ્રીવાન્સિસ (વહીવટી સુધારણા અને જાહેર ફરિયાદ નિવારણ વિભાગ) દ્વારા આ ઇન્ડેક્સ તૈયાર કરવામાં આવ્યો હતો.



- અગ્રે ઉલ્લેખનીય છેકે સરકારની ક્ષમતાઓ અને પરિણામોના સંદર્ભમાં એપ્રિલ 2021માં રજુ થયેલ ચેન્ડલર ગુડ ગવર્નમેન્ટ ઈન્ડેક્સ (CGGI)માં વર્ગીકૃત 104 દેશો માંથી ભારત 49મા ક્રમે હતું.

રેન્કિંગનો આધાર

- આ રેન્કિંગ 10 ક્ષેત્રો અને 58 સૂચકાંકો પર આધારિત છે.
  1. કૃષિ અને સંલગ્ન ક્ષેત્રો
  2. વાણિજ્ય અને ઉદ્યોગો
  3. માનવ સંસાધન વિકાસ
  4. જાહેર આરોગ્ય
  5. જાહેર માળખું અને ઉપયોગિતાઓ
  6. આર્થિક શાસન
  7. સમાજ કલ્યાણ અને વિકાસ
  8. ન્યાયિક અને જાહેર સુરક્ષા
  9. પર્યાવરણ
  10. નાગરિક-કેન્દ્રિત શાસન

રાજ્યોનું રેન્કિંગ

- આ ઈન્ડેક્સ જે તે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ચાર શ્રેણીઓમાં વર્ગીકૃત કરે છે.

I. રાજ્યો - ગ્રુપ A:

- ગુડ ગવર્નન્સ ઈન્ડેક્સ 2021માં આપેલા 10 ક્ષેત્રોને આવરી લેતા સંયુક્ત રેન્કિંગમાં ગુજરાત રાજ્ય ટોચ પર છે, ત્યારબાદ મહારાષ્ટ્ર અને ગોવાનો ક્રમ આવે છે.
- અગાઉના ઈન્ડેક્સની સાપેક્ષે ગુજરાત રાજ્યએ 12%, ગોવા એ 25% અને ઉત્તરપ્રદેશે 9%નો સુધારો નોંધાવ્યો છે.
- ગુજરાત રાજ્યએ આપેલા 10 માંથી 5 ક્ષેત્રો (માનવ સંસાધન વિકાસ, આર્થિક શાસન, જાહેર માળખું અને ઉપયોગિતાઓ, સમાજ કલ્યાણ અને વિકાસ, ન્યાયિક અને જાહેર સુરક્ષા)માં સર્વોચ્ય પ્રદર્શન કર્યું છે.

હેનલી પાસપોર્ટ ઈન્ડેક્સ Q1-2022 અંતર્ગત ભારત 83 માં ક્રમાંકે; જાપાન અને સિંગાપોર ટોચના સ્થાને



- તાજેતરમાં હેનલી & પાર્ટનર્સ દ્વારા હેનલી પાસપોર્ટ ઇન્ડેક્સઃ Q1 2022 ની જાહેરાત કરવામાં આવી હતી.
- હેનલી પાસપોર્ટ ઇન્ડેક્સ Q1 2022 અંતર્ગત જાપાન અને સિંગાપોરના પાસપોર્ટ સંયુક્ત રીતે પ્રથમ ક્રમાંકે રહ્યા છે. આ દેશના નાગરિકો વિઝા વિના 192 દેશમાં પ્રવાસ કરી શકે છે.
- આ ઇન્ડેક્સ અંતર્ગત ભારતને 83મો ક્રમાંક પ્રાપ્ત થયો છે.
- ભારતના પાસપોર્ટ ધારકો વિશ્વના 60 દેશોમાં વીઝા ફ્રી પ્રવેશ કરી શકે છે.
- વર્ષ 2021 ના ઇન્ડેક્સ અંતર્ગત ભારત 58 દેશોમાં વીઝા ફ્રી પ્રવેશ ધરાવતો હતો જેમાં ઓમાન અને આર્મેનિયા જેવા દેશો ઉમેરાતા હવે ભારતનો વીઝા ફ્રી સ્કોર 60નો થયો છે.
- ભારતને 83મો ક્રમાંક સંયુક્ત રીતે સાઓ તોમે, પ્રિન્સેપે જેવા દેશો સાથે એનાયત કરવામાં આવ્યો છે.

હેનલી પાસપોર્ટ ઇન્ડેક્સઃ Q1 2022 અંતર્ગત વિવિધ દેશોનો ક્રમાંક

રેન્ક	દેશ/દેશો	કેટલા દેશોમાં વીઝા ફ્રી પ્રવેશ
1.	જાપાન, સિંગાપોર	192
2.	જર્મની, દક્ષિણ કોરિયા	190
3.	ફિનલેન્ડ, ઇટાલી, સ્પેન, લક્ઝમબર્ગ	189
83.	ભારત, સાઓ તોમે, પ્રિન્સિપે	60
109.	સીરિયા	29
110.	ઇરાક	28
111.	અફઘાનિસ્તાન	26

- આ ઇન્ડેક્સ ઇન્ટરનેશનલ એર ટ્રાન્સપોર્ટ એસોસિએશન (IATA) ના વિશેષ ડેટાના આધારે તૈયાર કરવામાં આવે છે.
- મૂળરૂપે ડા.ક્રિશ્ચિયન એચ. કેલિન દ્વારા શરૂ કરવામાં આવેલ આ રેન્કિંગ ઇન્ટરનેશનલ એર ટ્રાન્સપોર્ટ એસોસિએશન (IATA) ના વિશેષ ડેટાના આધારે તૈયાર કરવામાં આવે છે.
- હેનલી & પાર્ટનર્સ વર્ષ 2006 થી સતત વિશ્વના સૌથી વધુ ટ્રાવેલ ફ્રેન્ડલી પાસપોર્ટ માટે રેન્કિંગ જારી કરે છે.

હેનલી & પાર્ટનર્સ

- **ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર** (CEO): જ્યોર્જ સ્ટીફન
- **વડુંમથક**: લંડન, યુનાઇટેડ કિંગડમ

કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય દ્વારા 'ઈન્ડિયા સ્ટેટ ઓફ ફોરેસ્ટ રિપોર્ટ-2021' જાહેર



- કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવ દ્વારા તાજેતરમાં ફોરેસ્ટ સર્વે ઓફ ઇન્ડિયા (FSI) દ્વારા તૈયાર કરવામાં આવેલ 'ઇન્ડિયા સ્ટેટ ઓફ ફોરેસ્ટ રિપોર્ટ-2021'(ISFR) જાહેર કરવામાં આવ્યો હતો.

ઈન્ડિયા સ્ટેટ ઓફ ફોરેસ્ટ રિપોર્ટ-2021 ના મુખ્ય તારણો

- દેશમાં જંગલ અને વૃક્ષોના આવરણમાં બે વર્ષમાં 2,261 ચોરસ કિલોમીટરનો વધારો નોંધાયો છે.
- વર્ષ 2019 ના અહેવાલની તુલનામાં દેશમાં વૃક્ષો અને જંગલના કુલ વિસ્તારમાં જંગલ વિસ્તારમાં 1,540 ચોરસ કિલોમીટર અને વૃક્ષોના વિસ્તારમાં 721 ચોરસ કિલોમીટરનો વધારો નોંધાયો છે.
- ભારતમાં વન આવરણ હવે 7,13,789 ચોરસ કિલોમીટર જેટલું છે જે દેશના ભૌગોલિક ક્ષેત્રના 21.71 % જેટલું થાય છે. વર્ષ 2019 માં તે 21.67 % જેટલું હતું.
- દેશમાં કુલ જંગલ અને વૃક્ષોથી આચ્છાદિત વિસ્તાર આશરે 80.9 મિલિયન હેક્ટર થાય છે, જે દેશના કુલ ભૌગોલિક વિસ્તારના 24.62 % થાય છે.

17 રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશોમાં 33 % થી વધુ વન વિસ્તાર

- આ અહેવાલ અનુસાર 17 રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશોના 33 % થી વધુ ભૌગોલિક વિસ્તાર જંગલોથી ઘેરાયેલો છે.

75 % થી વધુ વન આવરણ ધરાવતા 5 રાજ્યો

- આ યોજનાની એક મહત્વની વાત એ છે કે મિલકતો વેચ્યા પછી તેનો માલિકીહક સરકાર પાસે જ રહેશે.
- કેન્દ્રીય નાણામંત્રીએ સ્પષ્ટતા કરી હતી કે જે એસેટ્સ વેચવાનું લિસ્ટ તૈયાર કરવામાં આવ્યું છે તે તમામ કેન્દ્ર સરકારની માલિકીની છે આમાં રાજ્ય સરકાર હસ્તકની મિલકતોને સામેલ કરાશે નહી.
- તેમજ આ બધાનું 'એસેટ મોનેટાઇઝેશન ડેશબોર્ડ' દ્વારા મોનિટરિંગ કરવામાં આવશે.
- મોનેટાઇઝેશનથી જે રકમ મળશે તેનો ઉપયોગ વધુ સારા ઇન્ફ્રાસ્ટ્રક્ચરનાં સર્જન માટે રોકાણ સ્વરૂપે કરવામાં આવશે.
- કેન્દ્ર સરકારના નેશનલ મોનેટાઇઝેશન પાઇપલાઇનમાં કેન્દ્રીય રોડ મંત્રાલય, ટ્રાન્સપોર્ટ અને હાઇવે, રેલવે, પાવર, પાઇપલાઇન અને નેચરલ ગેસ, સિવિલ એવિયેશન, શિપિંગ, પોર્ટ્સ અને વોટર વે, ટેલિકોમ્યુનિકેશન, ફૂડ એન્ડ પબ્લિક ડિસ્ટ્રિબ્યૂશન, વેરહાઉસિંગ, માઇનિંગ, કોલસા મંત્રાલય તેમજ હાઉસિંગ અને શહેરી બાબતો મંત્રાલયોની એસેટ્સ આવરી લેવાશે.

મોનેટાઈઝેશન માટે તારવવામાં આવેલી એસેટ્સ

ક્ષેત્ર/મંત્રાલય	એસેટ્સ	કિંમત
રસ્તાઓ	26, 700 કિ.મી હાઇવે	₹1.6 લાખ કરોડ
રેલવે	400 સ્ટેશનો, 150 ટ્રેન	₹1.5 લાખ કરોડ
પાવર ટ્રાન્સમિશન	42,300 સર્કિટ કિ.મી ટ્રાન્સમિશન લાઇન્સ	₹0.67 લાખ કરોડ
નેશનલ ગેસ પાઇપલાઇન	8,000 કિ.મી ગેસ પાઇપલાઇન	₹0. 24 લાખ કરોડ
પાવર જનરેશન	5,000 મેગાવોટ હાઇડ્રો, સોલાર, વિંડ એસેટ્સ	₹0.32 લાખ કરોડ
ઓઈલ પાઇપલાઇન્સ	4,000 કિ.મી IOC, HPCL પાઇપલાઇન્સ	₹0.22 લાખ કરોડ
ટેલિકોમ	BSNL - MTNL ટાવર્સ	₹0.39 લાખ કરોડ
માઇનિંગ	160 કોલ માઇનિંગ પ્રોજેક્ટ્સ	₹0.32 લાખ કરોડ
એરપોર્ટ-પોર્ટ્સ	21 AAI પ્રોજેક્ટ્સ 31 પોર્ટસ પ્રોજેક્ટ્સ	₹0.34 લાખ કરોડ
સ્ટેડિયમ	2 સ્પોર્ટ્સ સ્ટેડિયમ	₹0.11 લાખ કરોડ

શું છે નેશનલ મોનેટાઇઝેશન પાઇપલાઇન પ્લાન ?

- નેશનલ મોનેટાઇઝેશન પાઇપલાઇન પ્લાન એટલે કેન્દ્ર સરકાર હસ્તકની કે તેની માલિકીની મિલકતોમાં ખાનગી સેકટર સાથે ભાગીદારી કરીને રૂપિયા ઉભા કરવા અથવા તો નિશ્ચિત સમય માટે તેને ભાડે આપીને ભાડાંની રકમ એકઠી કરવી.
- કેન્દ્ર સરકારે 12 કેન્દ્રીય મંત્રાલયોની 20 એસેટ્સ કલાસમાં સમાવિષ્ટ કંપનીઓની યાદી તૈયાર કરી છે જેમાં ખાનગી ભાગીદારી વિકસાવવામાં આવશે અથવા તો મિલકતો ભાડે આપવામાં આવશે.
- આ પ્લાન મુજબ સરકારી અને પ્રાઇવેટ કંપનીઓ સાથે મળીને કોઇ પ્રોજેકટને આગળ વધારાશે.
- મિલકતો ભાડે આપવાના સંદર્ભમાં સરકારી કામકાજ પ્રાઇવેટ હાથોમાં સોંપીને તેની પાસેથી ભાડું વસુલવામાં આવશે.
- કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ 2025 સુધીમાં 4 વર્ષના સમયગાળામાં ₹6 લાખ કરોડ ઉભા કરવામાં આવશે.

લદાખમાં વિશ્વના સૌથી ઊંચા વાહનવ્યવહાર યોગ્ય રોડનું ઉદ્ઘાટન



- ભારતની સરહદી સુરક્ષા માટે વ્યૂહાત્મક રીતે અતિ મહત્વના વિશ્વના સૌથી ઊંચા વાહનવ્યવહાર યોગ્ય રોડનું તાજેતરમાં 31 ઓગસ્ટ, 2021ના રોજ લદાખના સાંસદ જામયંગ સેરિંગ નામગ્યાલ દ્વારા ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

મુખ્ય બાબતો

- આ રોડ 18,600 ફૂટની ઊંચાઈએ આવેલો છે તેમજ તે લેહને પેન્ગોન્ગ લેક સાથે જોડશે.
- આ માર્ગ 18,600 ફૂટ ઊંચા કેલા પાસમાંથી પસાર થશે.
- ભારતીય સેનાના 58 એન્જિનીયર રેજિમેન્ટ દ્વારા તૈયાર કરાયેલા આ માર્ગથી લેહ અને પેન્ગોન્ગ વચ્ચેના અંતરમાં 41 કિલોમીટરનો ઘટાડો થશે.

મહત્ત્વ

- આ રોડ સ્થાનિક રહેવાસીઓની સામાજિક-આર્થિક સ્થિતિને સુધારવામાં મદદરૂપ થશે.
- તેમજ લદાખ વિસ્તારમાં પર્યટનને વેગ મળશે.

> **નોંધ:** અત્યાર સુધી 18,380 ફૂટની ઊંચાઇએ આવેલો ખારદુંગલા પાસ વિશ્વનો સૌથી ઊંચો વાહનવ્યવહાર યોગ્ય માર્ગ હતો.

પેન્ગોન્ગ ત્સો અથવા પેન્ગોન્ગ તળાવ

- પેન્ગોગ તળાવએ પૂર્વીય લદાખ અને પશ્ચિમ તિબેટમાં ફેલાયેલું **'Endorheic Lake'** (બંધ તળાવ) છે.

મિલિયન ડોલર પર પહોંચી ગયો છે. લગભગ બમણો વેપાર ભારત-ભૂતાન વચ્ચે થઇ ગયો છે.

રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા બે નવી અને ગ્રાહક હિત યોજનાઓની શરૂઆત

- તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા નાણાપ્રધાન નિર્મલા સીતારામનની ઉપસ્થિતિમાં RBIની બે મહત્ત્વપૂર્ણ યોજનાઓની શરૂઆત કરાવવામાં આવી હતી.
  1. RBI રિટેલ ડાયરેક્ટ યોજના
  2. સંકલિત લોકપાલ યોજના (Integrated Ombudsman Scheme)

(1) RBI રિટેલ ડાયરેક્ટ યોજના



- આ યોજના અંતર્ગત રિટેલ રોકાણકારોને પ્રાયમરી અને સેકન્ડરી બંને માર્કેટોમાં સરકારી સિક્યોરિટીઝ (G- Sec) ઓનલાઇન ખરીદવા અને વેચવાની મંજૂરી આપવામાં આવે છે.
- રિટેલ રોકાણકારો હવે RBI સાથે રિટેલ ડાયરેક્ટ ગિલ્ટ (RDG) એકાઉન્ટ નામનું ગિલ્ટ સિક્યોરિટીઝ એકાઉન્ટ ખોલીને G-Secમાં રોકાણ કરી શકે છે.
- નાના રોકાણકારો માટે ગવર્નમેન્ટ સિક્યોરિટીઝમાં રોકાણ કરવાનો એક નવો અવસર આ યોજનાની મદદથી પ્રાપ્ત થશે.
- નાના રોકાણકારો સહેલાઇથી ભારતીય રિઝર્વ બેંક પાસે પોતાના ગવર્નમેન્ટ સિક્યોરિટીઝનું ખાતું ઓનલાઇન નિ:શુલ્ક ખોલી શકશે અને તેની જાળવણી કરી શકશે. તેમના માટે ડિજિટલ મંચ પર ગવર્નમેન્ટ સિક્યોરિટીઝ ખરીદવી અને વેચવી ખૂબ સહેલી બનશે.
- ફેબ્રુઆરી, 2021માં RBI એ રિટેલ રોકાણકારોને સરકારી સિક્યોરિટીઝમાં સીધા રોકાણ કરવા માટે કેન્દ્રીય બેંકમાં ગિલ્ટ એકાઉન્ટ્સ ખોલવાની મંજૂરી આપવાનો પ્રસ્તાવ મૂક્યો હતો.
- **ગિલ્ટ એકાઉન્ટ્સ:** ગિલ્ટ એકાઉન્ટ્સનો અર્થ છે સરકારી સિક્યોરિટીઝ રાખવા માટે ખોલવામાં આવેલ અને જાળવવામાં આવેલ ખાતું.
- આ એકાઉન્ટમાં નાણાંને બદલે ટ્રેઝરી બિલ અથવા સરકારી સિક્યોરિટીઝથી ડેબિટ અથવા ક્રેડિટ કરવામાં આવે છે.

ગવર્નમેન્ટ સિક્યોરિટી (G-Sec)

- G-Sec એક વેપાર યોગ્ય સાધન છે જે કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર દ્વારા જારી કરવામાં આવે છે.
- તેના દ્વારા સરકારના દેવાની જવાબદારી સ્વીકારવામાં આવે છે.
- ગવર્નમેન્ટ સિક્યોરિટી મુખ્યત્વે બે પ્રકારની છે. જે નીચે મુજબ છે: **1. Short Term 2. Long Term**
- **1. Short Term (ટૂંકાગાળાની):** તેને સામાન્ય રીતે 'ટ્રેઝરી બિલ' (Treasury Bills) તરીકે ઓળખવામાં આવે છે.
- મૂળરૂપે તેની પરિપક્વતા મુદ્દત એક વર્ષ કરતા ઓછા સમયની હોય છે.
- તે મુખ્યત્વે 91 દિવસ, 182 દિવસ અને 364 દિવસના સમયગાળા માટે જારી કરવામાં આવે છે.
- **2. Long Term (લાંબા ગાળાની):** તેને સામાન્ય રીતે સરકારી બોન્ડ અથવા Dated Securities તરીકે પણ ઓળખવામાં આવે છે.
- તેમજ તેની પરિપક્વતા મુદ્દત એક વર્ષ અથવા તેનાથી વધુ હોય છે.

આ સિક્યોરિટીઝ કોણ બહાર પાડે છે?

- ભારતમાં ટ્રેઝરી બિલ અને બોન્ડ અથવા Dated Securities કેન્દ્ર સરકાર દ્વારા જારી કરવામાં આવે છે. જ્યારે રાજ્ય સરકારો ફક્ત બોન્ડ અથવા Dated Securites જારી કરે છે.

(2) સંકલિત લોકપાલ યોજના: (Integrated Ombudsman Scheme)

- આ યોજના અંતર્ગત RBIની ત્રણ લોકપાલ યોજનાઓને એકીકૃત કરવામાં આવી છે. જેમ કે; (1) 2006ની બેંકિંગ લોકપાલ યોજના (2) 2018ની NBFC માટે લોકપાલ યોજના અને (3) 2019 ની ડિજિટલ વ્યવહારોની લોકપાલ યોજના.
- આ યોજના ગ્રાહકોને તેમની ફરિયાદો નોંધાવવા માટે એક પોર્ટલ, એક ઇમેલ અને એક સરનામા સાથે 'એક રાષ્ટ્ર એક લોકપાલ' પર આધારિત છે.
- તેની મદદથી ગ્રાહકોની ફરિયાદ નોંધાવવા, દસ્તાવેજ જમા કરાવવા, સ્ટેટસ ટ્રેક કરવા અને ફીડબેક આપવા એક જ સ્થળ ઉપલબ્ધ બનશે.
- તેમાં ₹50 કરોડ અને તેનાથી વધુની ડિપોઝીટ સાઇઝ ધરાવતી નોન - શિડ્યુલ્ડ પ્રાથમિક સહકારી બેંકોનો પણ સમાવેશ થાય છે.
- RBIના કન્ઝ્યુમર એજ્યુકેશન એન્ડ પ્રોટેકશન ડિપાર્ટમેન્ટના એક્ઝિકયુટિવ ડિરેકટર આ યોજના હેઠળના અપીલ અધિકારી હશે.
- **લોકપાલ:** લોકપાલ એ એક એપેલેટ બોડી છે જ્યાં નાણાંકીય સંસ્થા 30 દિવસની અંદર ફરિયાદનું નિરાકરણ કરવામાં નિષ્ફળ જાય તો ગ્રાહકો તેઓની

- તાજેતરમાં જ કેન્દ્ર સરકાર દ્વારા જથ્થાબંધ ફુગાવા (**Wholesale Price Index**)ની જાહેરાત કરવામાં આવી હતી.
- આ અંતર્ગત નવેમ્બર 2021માં જથ્થાબંધ ફુગાવો વધીને 14.23% ઓલ-ટાઈમ હાઇસપાટીએ પહોંચ્યો હતો.
- બીજી તરફ મોંઘવારીમાં વધારો થતાં નવેમ્બર મહિનામાં રિટેલ ફુગાવામાં પણ વધારો થયો છે.
- ક્રૂડ તેમજ પેટ્રોપેદાશો મોંઘી થતાં તેમજ ચીજ વસ્તુઓનો ઉત્પાદન ખર્ચ વધતાં જથ્થાબંધ ફુગાવો વધ્યો છે.
- જથ્થાબંધ ફુગાવો તેમજ રિટેલ ફુગાવામાં વધારો મોંઘવારી વધી હોવાનો નિર્દેશ કરે છે.
- નવેમ્બર 2021માં ગ્રાહક ભાવ આધારિત ફુગાવો વધીને 4.91% થયો હતો. તેમજ જથ્થાબંધ ખાદ્યપદાર્થોના ભાવ વધીને 6.70% થયા હતા.

રિટેલ ફુગાવાને 4% ના દરે રાખવાનો લક્ષ્યાંક

- રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) દ્વારા માર્ચ-2026 સુધી રિટેલ ફુગાવા (**Retail Inflation**)ને 4 ટકાના દરે સીમિત રાખવાનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે.
- જેમાં 2% વધારો કે ઘટાડો થવાને અવકાશ છે.

ભારતમાં ફુગાવાનું માપન (Measurement of Inflation in India)

જથ્થાબંધ ભાવ સૂચકાંક (Wholesale price Index)

- જથ્થાબંધ ભાવ સૂચકાંકએ ભારતમાં ફુગાવાના માપન માટે સૌથી વધુ ઉપયોગમાં લેવામાં આવતો સૂચકાંક છે.
- તેની જાહેરાત કેન્દ્રિય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય અંતર્ગત આર્થિક સલાહકાર ઓફિસ દ્વારા કરવામાં આવે છે.
- સ્થાનિક બજારોમાં જથ્થાબંધ વેચાણના પ્રથમ તબક્કા દરમિયાન થયેલા તમામ વ્યવહારોનો સમાવેશ તેમાં કરવામાં આવે છે.
- સામાન્ય લોકોએ જથ્થાબંધ ભાવ પર કોઈ વસ્તુ ખરીદી શકતા નથી.તે આ ઇન્ડેક્સ માટે ટીકારૂપ બાબત છે.
- અગાઉ જથ્થાબંધ ભાવ સૂચકાંક માટે આધાર વર્ષ (Base Year) તરીકે 2004-05ના વર્ષને ગણવામાં આવતું હતું.
- પરંતુ વર્ષ 2017માં આધાર વર્ષમાં સુધારો કરીને વર્ષ 2011-12ને કરવામાં આવ્યું.

ગ્રાહક ભાવ સૂચકાંક (Consumer Price Index)

- તેના અંતર્ગત રિટેલ ખરીદદારોના પરિપ્રેક્ષ્યથી થતાં ભાવના ફેરફારોને માપવામાં આવે છે.
- તેમજ તેના અંતર્ગત પસંદ કરેલ માલ અને સેવાઓના સમયના પરીવર્તન સાથે છૂટક ભાવોને માપવામાં આવે છે.

વિવિધ ચાર પ્રકારોમાં CPIનું વર્ગીકરણ

ક્રમ	શ્રેણી	કોના માટે માપન?
1.	CPI (IW)	ઔદ્યોગિક કામદારો માટે
2.	CPI (AL)	કૃષિ કામદારો માટે
3.	CPI (RL)	ગ્રામીણ કામદારો માટે
4.	CPI (ગ્રામીણ / શહેરી / સંયુક્ત)	-

- આ ચાર CPIમાંથી પ્રથમ ત્રણ શ્રમ અને રોજગાર મંત્રાલયમાં લેબર બ્યૂરો દ્વારા સંકલિત કરવામાં આવે છે.
- અને ચોથો CPIએ મિનિસ્ટ્રી ઓફ સ્ટેટિસ્ટિક્સ એન્ડ પ્રોગ્રામ ઈમ્પ્લિમેન્ટેશન (MOSPI)માં સેન્ટ્રલ સ્ટેટિસ્ટિકલ ઓર્ગેનાઇઝેશન (CSO) દ્વારા સંકલિત કરવામાં આવે છે.
- CPI માટેનું આધાર વર્ષ (Base Year) વર્ષ 2012 નિર્ધારિત કરવામાં આવેલ છે.

આંધ્રપ્રદેશમાં ભારતનો પ્રથમ ગ્રીન હાઈડ્રોજન માઈક્રોગ્રીડ પ્રોજેકટ



- રાજ્ય સંચાલિત નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન લિમિટેડે આંધ્રપ્રદેશમાં ભારતનો પ્રથમ ગ્રીન હાઈડ્રોજન માઈક્રોગ્રીડ પ્રોજેકટ એનાયત કર્યો છે.
- આ પ્રોજેકટ આંધ્રપ્રદેશમાં NTPC લિમિટેડના સિંહાદ્રી પ્લાન્ટમાં(વિશાખાપટ્ટનમ નજીક) આપવામાં આવ્યો છે.
- NTPC સિંહાદ્રીમાં ઇલેક્ટ્રોલાઈઝરનો ઉપયોગ કરીને હાઈડ્રોજન ઉત્પાદનની સાથે-સાથે ઈંધણ સેલ આધારિત માઈક્રોગ્રીડ પ્રોજેકટનો સમાવેશ કરવામાં આવશે.
- આ અનન્ય પરિયોજના NTPC દ્વારા ઇન-હાઉસ ડિઝાઇન કરવામાં આવી છે.
- તે મોટા પાયે હાઈડ્રોજન ઉર્જા સંગ્રહ પ્રોજેક્ટ્સમાં મદદરૂપ થશે તેમજ તે વર્ષ 2070 સુધીમાં કાર્બન ન્યુટ્રલ બનવાના ભારતના વિઝનને અનુરૂપ છે.
- તેમાં નજીકના ફ્લોટિંગ સોલાર પ્રોજેકટમાંથી ઈનપુટ પાવર લઈને એડવાન્સ્ડ 240KW સોલિડ એક્સાઈડ ઇલેક્ટ્રોલાઇઝરનો ઉપયોગ કરીને હાઈડ્રોજનનું ઉત્પાદન કરવામાં આવશે.
- આ અગાઉ, NTPCએ તેલંગાણાના રામાગુંડમમાં ભારતના સૌથી મોટા ફ્લોટિંગ સોલાર પ્લાન્ટના વિકાસનું કામ

શરૂ કર્યું છે.

ગ્રીન હાઈડ્રોજન મોબિલિટી પ્રોજેક્ટ

- ગ્રીન હાઈડ્રોજન મોબિલિટી પ્રોજેક્ટ માટે NTPC રિન્યૂએબલ એનર્જી લિમિટેડ (NTPC REL)એ કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખ સાથે પણ કરાર કર્યો છે.

સિંહાદ્રી સુપર થર્મલ પાવર પ્લાન્ટ

- તે આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ શહેરમાં સ્થાપિત કોલસા આધારિત પાવર પ્લાન્ટ છે.
- તે NTPCના કોલસા આધારિત સંચાલિત પાવર પ્લાન્ટો પૈકીનો એક છે.
- આ પાવર પ્લાન્ટ માટે કોલસો ઓડિશાના તાલચેર કોલફિલ્ડના કલિંગ બ્લોકમાંથી મેળવવામાં આવે છે.
- તે રાષ્ટ્રીય સંપત્તિ છે અને ઉત્પન્ન થતી ઉર્જા બહુવિધ રાજ્યો વચ્ચે વહેંચવામાં આવે છે.

પર્યાવરણ

પટનામાં એશિયાનું પ્રથમ નેશનલ ડોલ્ફિન રીસર્ચ સેન્ટર સ્થપાશે

- બિહારના પટનામાં એશિયાનું પ્રથમ નેશનલ ડોલ્ફિન રીસર્ચ સેન્ટર સ્થાપવામાં આવશે.
- ગંગેટિક રિવર ડોલ્ફિનના સંરક્ષણ અંગેનું આ મહત્વનું પગલું છે.
- ગંગા નદીના કિનારે પટના યુનિવર્સિટીના પરિસરમાં આ સંશોધન કેન્દ્ર સ્થાપવા માટે 4,400 ચો.મીટરના પ્લોટની ફાળવણી પણ કરવામાં આવી છે.
- બિહારના શહેરી વિકાસ વિભાગે ગંગા નદીથી 200 મીટરના અંતરે નેશનલ ડોલ્ફિન રીસર્ચ સેન્ટર (**NDRC**) ના નિર્માણની મંજૂરી આપી દીધી છે.

પ્રોજેક્ટ ડોલ્ફિન

- 'પ્રોજેક્ટ ડોલ્ફિન'ની શરૂઆત 'પ્રોજેક્ટ ટાઇગર'ની તર્જ ઉપર કરવામાં આવી હતી.
- વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં ડિસેમ્બર 2019માં મળેલી નેશનલ ગંગા કાઉન્સિલ (**NGC**)ની પ્રથમ બેઠકમાં આ પહેલની શરૂઆત કરવા અંગે સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવી હતી.
- ગંગેટિક ડોલ્ફિનને બચાવવા માટેનો આ એક 'સ્પેશિયલ કન્ઝર્વેશન પ્રોગ્રામ' છે.

આ પ્રોજેક્ટનું અમલીકરણ કેન્દ્રીય પર્યાવરણ, વન અને હવામાન પરિવર્તન મંત્રાલય દ્વારા કરવામાં આવશે.

ભારતની ચાર આદ્રભૂમિઓનો નવી રામસર સાઈટોમાં સમાવેશ

- તાજેતરમાં '**રામસર સંમેલન**' હેઠળ વધુ ચાર ભારતીય આદ્રભૂમિઓનો રામસર સાઇટ તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે.
- આ નવી રામસર સાઇટોમાં બે ગુજરાત તથા બે હરિયાણા રાજ્યમાં આવેલી છે.
- આ ચાર નવી રામસર સાઇટોના સમાવેશ સાથે ભારતમાં હવે કુલ 46 રામસર સાઇટો થઇ ગઇ છે.
- આ અગાઉ ભારતની 42મી રામસર સાઇટ તરીકે લદ્દાખની '**ત્સો કાર આદ્રભૂમિ**'નો સમાવેશ કરવામાં આવ્યો હતો.

નવી ઉમેરાયેલ ચાર નવી રામસર સાઈટો

ભારતમાં કેટલા ક્રમાંકની?	રામસર સાઈટ	રાજ્ય	વિસ્તાર ($કિ.મી.^2$)
43	સુલતાનપુર નેશનલ પાર્ક	ગુરૂગ્રામ (હરિયાણા)	142.5
44	ભિંડવાસ વન્યજીવ અભયારણ્ય	જજ્જર (હરિયાણા)	4.11
45	થોળ તળાવ	કડી (મહેસાણા, ગુજરાત)	6.99
46	વઢવાણ તળાવ	ડભોઇ (વડોદરા, ગુજરાત)	10.38

- ગુજરાતની બે નવી રામસર સાઇટો ઉમેરાવાના કારણે હવે ગુજરાતમાં કુલ 3 રામસર સાઇટો થઇ છે.
- આ અગાઉ ગુજરાતના સૌથી મોટા પક્ષી અભયારણ્ય નળ સરોવરને સપ્ટેમ્બર-2012માં રામસર સાઇટ તરીકે માન્યતા આપવામાં આવી હતી.

થોળ તળાવ



- થોળ તળાવ એ મહેસાણા જિલ્લાના કડી પાસે આવેલું છે.
- તે છીછરા તાજા પાણીનું જળાશય છે અને મુખ્યત્વે ખુલ્લો વિસ્તાર છે.
- તે એક માનવસર્જિત આદ્રભૂમિ છે અને તેનું નિર્માણ મુખ્યત્વે સિંચાઇના ઉદ્દેશથી વર્ષ 1912માં કરવામાં આવ્યું હતું.
- થોળ તળાવ પાસે જોવા મળતા યાયાવર પક્ષીઓના સંરક્ષણ અને સંવર્ધન માટે વર્ષ 1988માં તેને 'વન્યજીવ અભયારણ્ય' તરીકે જાહેર કરવામાં આવ્યું હતું.
- થોળ તળાવ એ '**સેન્ટ્રલ એશિયન ફ્લાઇવે**' પર સ્થિત છે તથા ત્યાં 320 કરતાં પણ વધુ પક્ષીઓની વૈવિધ્યતા જોવા મળે છે.
- ક્રેન, હંસ, સૂરખાબ અને સારસ જેવા પક્ષીઓ થોળ તળાવ પાસે જોવા મળે છે.

અને ગરીબ રાષ્ટ્રો પર એ વધારે ખર્ચનો ભાર લાદવો જોઈએ નહીં. તેથી જ ટેક્નોલોજી ટ્રાન્સફર મહત્વપૂર્ણ છે.

- તેમણે એડપ્ટેશન માટે નાણાંકીય સંસાધનો પ્રદાન કરવા વિશે પણ ચર્ચા કરી હતી કેમ કે વિકાસશીલ રાષ્ટ્રોમાં કૃષિ અને ખેડૂત આબોહવા પરિવર્તનના લીધે સહન કરી રહ્યા છે.
- તેઓએ વિશ્વને 'લાઈફ' શબ્દનો નવો અર્થ આપ્યો હતો - 'ઈટ ઈઝ લાઈફ ફોર એન્વાયર્નમેન્ટ.'



ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફોર રેઝિલિયન્ટ આઈસલેન્ડ સ્ટેટ્સ

- ભારતે આ પહેલ કોલિશન ફોર ડિઝાસ્ટર રેઝિલિયન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર (CDRI)ના ભાગરૂપે શરૂ કરી છે જે ખાસ કરીને નાના ટાપુઓમાં ક્ષમતા નિર્માણ પર ધ્યાન કેન્દ્રીત કરશે.
- નાના ટાપુઓ ક્લાઈમેટ ચેન્જના સૌથી મોટા ખતરાનો સામનો કરે છે. ભારતની સ્પેસ એજન્સી ISRO તેમને સેટેલાઈટ દ્વારા ચક્રવાત, કોરલ રીફ મોનિટરિંગ, કોસ્ટ લાઈન મોનિટરિંગ વગેરે વિશે સમયસર માહિતી પ્રદાન કરવા માટે એક ખાસ ડેટા વિન્ડો બનાવશે.

વન સન વન વર્લ્ડ વન ગ્રિડ ગ્રુપ (OSOWOG) લોન્ચ

- સૌર ઊર્જાનો પૂરતો ઉપયોગ કરવા ભારત અને યુનાઈટેડ કિંગ્ડમ દ્વારા 'OSOWOG' નામની પહેલની દરખાસ્ત કરવામાં આવી હતી.
- સૌર ઊર્જા માટે એક વૈશ્વિક ગ્રિડનો ખ્યાલ સૌપ્રથમ વર્ષ 2018ના અંતમાં ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ (ISA) ની પ્રથમ એસેમ્બલીમાં દર્શાવવામાં આવ્યો હતો.
- ISAની કન્સેપ્ટ નોટ અનુસાર વૈશ્વિક સોલાર ગ્રિડ ત્રણ તબક્કામાં લાગુ કરવામાં આવશે.

ભારતની પાંચ અતિ મહત્વાકાંક્ષી જાહેરાતો

1. ભારત વર્ષ 2030 સુધીમાં બિન અશ્મિજન્ય સ્ત્રોતોમાંથી 500 GW ઊર્જા ઉત્પન્ન કરશે.
2. વર્ષ 2030 સુધીમાં ભારત કુલ ઊર્જા ક્ષમતા પૈકી અક્ષય ઊર્જાના સ્ત્રોતોનો હિસ્સો 50 ટકાના સ્તરે લઈ જવાનો લક્ષ્યાંક હાંસલ કરશે.
3. ભારત તેની ઉત્સર્જનની તીવ્રતાને ઘટાડવાનો લક્ષ્યાંક 35 ટકાથી વધારીને 45 ટકા કરશે.
4. વર્ષ 2030 સુધીમાં ભારત 1 અબજ ટન જેટલું કાર્બન ઉત્સર્જન ઘટાડવા પ્રતિબધ્ધ છે.
5. ભારત વર્ષ 2070 સુધીમાં કાર્બન ન્યૂટ્રલ બનશે અને નેટ ઝીરો ઈમિશન ટાર્ગેટ પ્રાપ્ત કરશે.

દિલ્હીમાં પ્રદૂષણ વધતાં હવાની ગુણવત્તા 'ગંભીર શ્રેણી'માં પહોંચી



- સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના ડેટા મુજબ તાજેતરમાં દિલ્હીમાં પ્રદૂષણ વધતાં હવાની ગુણવત્તા 'ગંભીર શ્રેણી' (Severe Category)માં પહોંચી ગઇ છે.
- દિલ્હીનો એર ક્વોલિટી ઇન્ડેક્સ (AQI) 450 કરતાં પણ વધુ થઇ ગયો હતો.
- ગંભીર સ્તરનું વાયુ પ્રદૂષણ તંદુરસ્ત લોકોને પણ અસર કરી શકે છે.

રાષ્ટ્રીય હવા ગુણવત્તા સૂચકાંક (National Air Quality Index)

- નેશનલ એર ક્વોલિટી ઇન્ડેક્સ વર્ષ 2014માં 'One Number-One Colour-One Description' ની ટેગલાઇન સાથે લોન્ચ કરવામાં આવ્યો હતો.
- તેની મદદથી સામાન્ય નાગરિક પણ હવાની ગુણવત્તાનું મૂલ્યાંકન કરી શકે છે.
- હવાની ગુણવત્તા આઠ પ્રદૂષકોના આધારે માપવામાં આવે છે જે નીચે મુજબ છે:
  1. પાર્ટિક્યુલેટ મેટર (PM10)
  2. પાર્ટિક્યુલેટ મેટર (PM2.5)
  3. સલ્ફર ડાયોક્સાઇડ (SO_2)
  4. નાઇટ્રોજન ડાયોક્સાઇડ (NO_2)
  5. ઓઝોન (O_3)
  6. કાર્બન મોનોક્સાઇડ (CO)
  7. લીડ (Pb)
  8. એમોનિયા (NH_3)

AQIની વિવિધ શ્રેણીઓ

AQIમાં હવાની ગુણવત્તાની વિવિધ 6 શ્રેણીઓ છે જેમાં;

1. ગંભીર (Severe)
2. ખૂબ જ નબળી (Very Poor)
3. નબળી (Poor)
4. મધ્યમ પ્રદૂષિત (Moderately Polluted)
5. સંતોષકારક (Satisfactory)

મેલેનિન રંગદ્રવ્ય છે જે આંખો, વાળ અને ત્વચાને તેનો રંગ આપે છે. આમ રંગદ્રવ્યની ગેરહાજરી કાચબાની ઢાલ અને ચામડીના અસામાન્ય રંગમાં પરિણમે છે.

રહેઠાણ

- ખાડો કે બખોલ કરવાની વૃત્તિના કારણે આ કાચબાઓ રેતી અથવા કાદવના તળિયાવાળા પાણીમાં રહેવાનું વધુ પસંદ કરે છે.

આહાર

- તે સર્વાહારી છે જેના આહારમાં દેડકા, ઝીંગા, ગોકળગાય, જળચર વનસ્પતિ, છોડના પાંદડા, ફૂલો, ફળો, ઘાસ અને બીજનો સમાવેશ થાય છે.

નોંધ: IUCN: ઇન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઓફ નેચર

સ્થાપના: 5 ઓક્ટોબર ૧૯૪૮ (ઇન્ટરનેશનલ યુનિયન ફોર ધ પ્રોટેકશન ઓફ નેચર એન્ડ નેચરલ રિસોર્સ તરીકે)

પ્રેસિડેન્ટ: રઝાક અલ મુબારક (યુ.એ.ઈ) (ડિસેમ્બર 2021ની સ્થિતિએ)

ડિરેક્ટર જનરલ: બ્રુનો ઓબેર્લે (સ્વિટ્ઝર્લેન્ડ)

શાસન અને રાજકારણ

કેન્દ્ર સરકાર દ્વારા 'સહકાર સે સમૃદ્ધિ'ના વિઝન સાથે નવા 'સહકાર મંત્રાલય'ની રચના

- તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા 'સહકાર સે સમૃદ્ધિ'ના વિઝન સાથે એક નવા 'સહકાર મંત્રાલય'ની રચના કરવામાં આવી છે.
- તેની મદદથી દેશમાં સહકારી ચળવળને મજબૂત બનાવવામાં મદદ મળશે.
- આ મંત્રાલયના નેતૃત્વ હેઠળ સહકારી ચળવળને મજબૂત બનાવવા માટે અલગ વહીવટી, કાયદાકીય અને નીતિવિષયક માળખું પૂરું પાડવામાં આવશે.
- આ મંત્રાલય સહકારી મંડળીઓ માટે ઇઝ ઓફ ડૂઇંગ બિઝનેસની પ્રક્રિયાઓ સરળ બનાવશે અને મલ્ટિ સ્ટેટ સહકારી મંડળીઓના વિકાસને દિશા આપશે.
- કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સિતારામને આ નવા કેન્દ્રીય મંત્રાલયની સ્થાપના અંગેની જાહેરાત કેન્દ્રીય બજેટ-2021-22 માં કરી હતી.
- આ નવા મંત્રાલયની રચના સાથે કેન્દ્ર સરકારમાં હવે કુલ 41 મંત્રાલયો થઇ ગયા છે.

નોંધ: યુનાઇટેડ નેશન્સ જનરલ એસેમ્બલી (**UNGA**) દ્વારા વર્ષ 2012ને 'આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ' તરીકે જાહેર કરવામાં આવ્યું હતું.

સહકારીને લગતી કેટલીક બંધારણીય જોગવાઈઓ

- 97માં બંધારણીય સુધારા, 2011 દ્વારા સહકારી મંડળીઓને બંધારણીય દરજ્જો અને રક્ષણ આપવામાં આવ્યું છે.
- બંધારણમા ભાગ-3ના અનુચ્છેદ-19 માં પરિવર્તન કરી સહકારી મંડળી રચવાની સ્વતંત્રતા મૂળભૂત અધિકાર તરીકે ઉમેરવામાં આવી છે.
- **બંધારણના ભાગ-9(B):** કો-ઓપરેટિવ સોસાયટીના નામથી નવો ભાગ ઉમેરવામાં આવ્યો, જેમાં અનુચ્છેદ-243(ZH) થી અનુચ્છેદ-(ZT) ઉમેરવામાં આવ્યા છે.
- રાજ્યનીતિના માર્ગદર્શક સિધ્ધાંતો અંતર્ગત અનુચ્છેદ-43(B) ઉમેરવામાં આવ્યો છે.

કેન્દ્ર સરકાર દ્વારા 'જાહેર સાહસ વિભાગ'ને નાણાં મંત્રાલય હસ્તક મૂકવામાં આવ્યો



- કેન્દ્ર સરકારે વિનિવેશ (**Disinvestment**) પ્રક્રિયામાં સંકલનને વેગ આપવાના ઇરાદે જાહેર સાહસ વિભાગ (**Department of Public Enterprises**)ને નાણાં મંત્રાલય હસ્તક મૂકવાનો મહત્ત્વનો નિર્ણય તાજેતરમાં લીધો છે.
- આ અગાઉ જાહેર સાહસ વિભાગ એ કેન્દ્રીય ભારે ઉદ્યોગ અને જાહેર સાહસ મંત્રાલયનો ભાગ હતો.
- આ મંત્રાલયને હવેથી 'ભારે ઉદ્યોગ મંત્રાલય' તરીકે ઓળખવામાં આવશે.
- જાહેર સાહસ વિભાગને નાણાં મંત્રાલયમાં સમાવિષ્ટ કરવાના નિર્ણય લેવાયા પછી તેમાં કુલ 6 વિભાગો થયા છે જે નીચે મુજબ છે.
  1. **આર્થિક બાબતોનો વિભાગ** (Department of Economic Affairs)
  2. **ખર્ચ વિભાગ** (Department of Expenditure)
  3. **મહેસૂલ વિભાગ** (Department of Revenue)
  4. **રોકાણ અને જાહેર સંપત્તિ સંચાલન વિભાગ** (Department of Investment & Public Asset Management)
  5. **નાણાંકીય સેવાઓનો વિભાગ** (Department of Financial Service)
  6. **જાહેર સાહસ વિભાગ** (Department of Public Enterprises)

15 ઓક્ટોબર, 2021ના રોજ નેવલ સાયન્સ એન્ડ ટેક્નોલોજીકલ લેબોરેટરી (NSTL), વિશાખાપટ્ટનમ ખાતે કરવામાં આવ્યું હતું.

- પ્રેરણા સ્થળનું ઉદ્ઘાટન ભારતરત્ન ડો. એપીજે અબ્દુલ કલામની 90મી જન્મજયંતિની ઉજવણી તેમજ 'આઝાદી કા અમૃત મહોત્સવ' ની ઉજવણી પ્રસંગે કરવામાં આવ્યું હતું.
- આ પ્રસંગે, DRDOના ડાયરેક્ટર જનરલ (નેવલ સિસ્ટમ્સ એન્ડ મટિરિયલ્સ) ડો. સમીર વી કામત દ્વારા ડો. અબ્દુલ કલામની પ્રતિમાનું અનાવરણ પણ કરવામાં આવ્યું હતું.
- NSTL માં વરુણાસ્ત્ર, ટોરપિડો એડવાન્સ્ડ લાઈટ (TAL) અને Maareech Decoy જેવા NSTL ઉત્પાદનો પણ આ પ્રસંગે પ્રદર્શિત કરવામાં આવ્યા હતા.
- **NSTL વિશે:** NSTL સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (DRDO) હેઠળ કાર્યરત અગ્રણી નૌકા સંશોધન પ્રયોગશાળા છે. તે વિશાખાપટ્ટનમમાં સ્થિત છે. NSTL નું મુખ્ય કાર્ય અંડરવોટર હથિયારો અને સંબંધિત સિસ્ટમોનું સંશોધન અને વિકાસ છે. તે DRDO ના નેવલ R&D ડિરેક્ટોરેટ હેઠળ રચાયેલી સંસ્થા છે. NSTL ના વર્તમાન ડિરેક્ટર ડો વાય. શ્રીનિવાસ રાવ છે.

દિલ્હીનું 'રોજગાર બજાર 2.0' પોર્ટલ

- દિલ્હી સરકારે 14 ઓક્ટોબર, 2021 ના રોજ 'રોજગાર બજાર 2.0' નામનું પોર્ટલ વિકસાવવા માટે ટેન્ડર બહાર પાડ્યા છે.
- આ પોર્ટલ દિલ્હીના યુવાનોને રોજગાર સંબંધિત સેવાઓ આપશે.
- તે રાષ્ટ્રીય રાજધાનીમાં નોકરીની શોધમાં રહેલા યુવાનોને રોજગારીને લગતી માહિતી અને Artificial Intelligence આધારિત જોબ મેચિંગ પૂરી પાડશે.
- પોર્ટલ કારકિર્દી માર્ગદર્શન, કૌશલ્ય તાલીમ અને કૌશલ્ય ઓળખપત્ર મેળવવા માટે એક એન્ટ્રીગેટ તરીકે કાર્ય કરશે. સરકાર તેના માટે મોબાઇલ એપ પણ લોન્ચ કરશે.

કેન્દ્રએ આંદામાનના 'માઉન્ટ હેરિએટ'નું નામ 'માઉન્ટ મણિપુર' રાખ્યું

- કેન્દ્ર સરકારે મણિપુરના મહારાજા કુલચંદ્ર ધ્વજ સિંહ અને અન્ય 22 સ્વાતંત્ર્ય સેનાનીઓના માનમાં આંદામાન અને નિકોબાર ટાપુઓના 'માઉન્ટ હેરિએટ'નું નામ 'માઉન્ટ મણિપુર' રાખ્યા બાદ મણિપુરે રવિવારે ઉજવણી કરી હતી.
- મહારાજા કુલચંદ્ર અને અન્ય મણિપુરી સ્વાતંત્ર્ય સેનાનીઓને કાલાપાનીના માઉન્ટ હેરિએટ ખાતે કેદ કરવામાં આવ્યા હતા.
- ગૃહ મંત્રી અમિત શાહે આ પ્રસંગે જાહેરાત કરી છે કે કેન્દ્ર સરકાર મણિપુરને આંદામાન નિકોબાર દ્વીપના માઉન્ટ મણિપુરમાં સ્મારક સ્થળ સ્થાપવામાં મદદ કરશે.

રસીકરણના બીજા ડોઝ માટે 'હર ઘર દસ્તક' અભિયાન



- કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને જિલ્લા સ્તરની યોજના સાથે રસીકરણમાં નબળું પ્રદર્શન કરવાવાળા જિલ્લાઓમાં 'હર ઘર દસ્તક' (Know Every Door) અભિયાન શરૂ કરવા સૂચના આપવામાં આવી છે.
- કેન્દ્ર સરકારે એવા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો પર ભાર મૂક્યો છે જેનું રસીકરણ કવરેજ રાષ્ટ્રીય સરેરાશ કરતાં ઓછું હોય.
- કોવિડ-19 રસીકરણ અભિયાનને ઝડપ આપવાના ઉદ્દેશ સાથે હર ઘર દસ્તક અભિયાન શરૂ કરવામાં આવશે.
- આ અભિયાન અંતર્ગત વેક્સિન વાનની શરૂઆત કરવામાં આવશે તેમજ દૈનિક ધોરણે આ કવાયતની સમીક્ષા કરવામાં આવશે.

MEITY દ્વારા ડીપ ડાઈવ ઓનલાઈન ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન



- મિનિસ્ટ્રી ઓફ ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્ફર્મેશન ટેક્નોલોજી (MEITY) દ્વારા સમગ્ર ભારતમાં સાયબર સુરક્ષા ઈકોસિસ્ટમને મજબૂત કરવાના ઉદ્દેશો સાથે 'ડીપ ડાઈવ ઓનલાઈન ટ્રેનિંગ પ્રોગ્રામ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

ડીપ ડાઈવ ઓનલાઈન ટ્રેનિંગ પ્રોગ્રામ

- ડીપ ડાઈવ ઓનલાઈન ટ્રેનિંગ પ્રોગ્રામ સાયબર સુરક્ષિત ભારત ઈનિશિયેટિવ અંતર્ગત નેશનલ ઈ-ગવર્નન્સ ડિવિઝન દ્વારા આયોજિત એક વર્કશોપની શ્રેણીનો એક ભાગ છે.
- આ કાર્યક્રમ ચીફ ઈન્ફર્મેશન સિક્યુરિટી ઓફિસર્સ ($CISO_s$) અને અન્ય સહભાગીઓને સમગ્ર વિશ્વમાં

ભારત-શ્રીલંકા : ત્રિન્કોમાલી ઓઈલ ટેંક ફાર્મ ડીલ

- તાજેતરમાં ભારત અને શ્રીલંકાએ ઘણાં સમયથી બાકી રહેલા ત્રિન્કોમાલી ઓઇલ ટેંક ફાર્મ ડીલને મંજૂરી આપી છે.



- બંને દેશો વચ્ચેના તણાવભર્યા સંબંધો વચ્ચે આ ડીલ પર હસ્તાક્ષર એ એક હકારાત્મક સંકેતને પ્રતિબિંબિત કરે છે.
- આ કરાર અનુસાર ત્રિન્કો પેટ્રોલિયમ ટર્મિનલ લિમિટેડ, સીલોન પેટ્રોલિયમ કોર્પોરેશન અને ઈન્ડિયન ઓઇલ કોર્પોરેશન ભેગા મળીને ત્રિન્કોમાલી વિસ્તારમાં 61 ઓઇલ ટેન્ક બનાવશે. આ સ્થળ ભારતના તમિલનાડુથી સૌથી નજીક હોવાથી વ્યૂહાત્મક મહત્વ ધરાવે છે.

ત્રિન્કોમાલી ઓઇલ ટેંક ફાર્મ વિશે

- ઓઇલ ટેંક ફાર્મ બ્રિટિશરો દ્વારા બીજા વિશ્વયુદ્ધ દરમિયાન રિફ્યુલિંગ સ્ટેશન તરીકે વિકસાવવામાં આવ્યું હતું.
- તે ચાઈના અખાતમાં આવેલા ત્રિન્કોમાલી કુદરતી બંદર ખાતે સ્થિત છે.

નોંધ: 29 જુલાઈ, 1987ના રોજ થયેલા ભારત-શ્રીલંકા સમજૂતી કરારમાં ભારત-શ્રીલંકા સહકારથી અહિયા ઓઇલ ટેંકો બનાવવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.
- આ સમજૂતી ભારતના તત્કાલીન વડાપ્રધાન રાજીવ ગાંધી અને શ્રીલંકાના તત્કાલીન રાષ્ટ્રપતિ જે.આર. જયવર્દને વચ્ચે થઈ હતી.

- તેમાં 99 સ્ટોરેજ ટેંકોનો સમાવેશ થાય છે. જેમાં પ્રત્યેકની 12,000 કિલોલીટરની ક્ષમતા છે.
- વર્ષ 2003માં ઈન્ડિયન ઓઇલ કોર્પોરેશને (IOC) આ ઓઇલ ફાર્મમાં કામ કરવા માટે શ્રીલંકન સહાયક કંપની લંકા IOCની સ્થાપના કરી હતી.
- હાલમાં, લંકા IOC 15 ટેંકો ચલાવી રહી છે. તેમજ વધુ ટેંકો માટે નવા કરાર પર વાટા ઘાટો કરવામાં આવી રહી છે.
- ત્રિન્કોમાલી બંદરગાહ નજીક વિકસિત ઓઇલ સ્ટોરેજ ફેસિલિટી અને રિફાઇનરી ભારત અને શ્રીલંકા બંને દેશો માટે ઘણું આર્થિક મૂલ્ય ધરાવે છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા 26 ડિસેમ્બરને 'વીર બાળ દિવસ' તરીકે ઉજવવાની જાહેરાત



- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરૂ ગોવિંદસિંહ જયંતીના અવસરે જાહેર જનતાને સંબોધિત કરતી વખતે જાહેરાત કરી હતી કે, વર્ષ 2022 થી 26 ડિસેમ્બરને 'વીર બાળ દિવસ' તરીકે ઉજવવામાં આવશે.
- વડાપ્રધાનની જાહેરાત બાદ ભારતમાં 26 ડિસેમ્બરને 'વીર બાળ દિવસ'ના રૂપમાં ઉજવવામાં આવશે. આ જાહેરાત કરીને તેઓએ ગોવિંદસિંહના ચાર સાહિબજાદાઓને શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી.
- વીર બાળ દિવસ એ દિવસ છે જ્યારે સાહિબજાદે જોરાવરસિંહ અને સાહિબજાદે ફતેહસિંહે દેશ માટે કુરબાની આપી હતી અને તેઓને મુઘલો દ્વારા દીવાલોમાં ચણી લેવામાં આવ્યા હતા. આ બંને મહાન વિભૂતિઓએ કોઇ અન્ય ધર્મને પસંદ કરવાને બદલે શહીદ થવાનું પસંદ કર્યું હતું.

ગુરૂ ગોવિંદસિંહ

- 22 ડિસેમ્બર, 1666 ના રોજ બિહારના પટના સાહિબ ખાતે ગુરૂ ગોવિંદસિંહનો જન્મ થયો હતો.
- તેઓ શીખોના દસમા ગુરૂ હતા.
- તેઓની માતાનું નામ ગુજરી અને પિતાનું નામ ગુરૂ તેગ બહાદુર હતું.
- તેઓ 9 વર્ષની વયે શીખ ગુરૂ બન્યા હતા. તેઓના ચાર સાહિબજાદાઓ અજીતસિંહ, જુઝારસિંહ, જોરાવરસિંહ અને ફતેહસિંહ હતા.
- વર્ષ 1708 માં તેઓની હત્યા કરવામાં આવી હતી.
- તેઓ શીખ ધર્મમાં તેમના નોંધપાત્ર યોગદાન માટે જાણીતા છે, જેમાં વાળ ઢાંકવા માટે પાઘડીની રજુઆતનો સમાવેશ પણ થાય છે.
- ધર્મ, દેશ અને સંસ્કૃતિના રક્ષણ માટે તેઓએ સંત-સિપાહી એવી ખાલસા કોમની રચના કરી. જેમને 'ક' થી શરૂ થતી નિશાની ધારણ કરાવી. જેમાં કેશ, કડું, કિરપાણ, કાંસકો અને કચ્છનો સમાવેશ થાય છે.
- તેમના સાહિત્યિક યોગદાનમાં જાપ સાહિબ, બેંતિ ચોપાઇ, અમૃત સવૈયે વગેરેનો સમાવેશ થાય છે.
- તેઓએ 'ઝફરનામા' પણ લખ્યો છે જે મુઘલ સમ્રાટ

તેલંગાણાના રામપ્પા મંદિરનો વર્લ્ડ હેરિટેજ યાદીમાં સમાવેશ

- યુનેસ્કોએ તાજેતરમાં તેલંગાણાના મુલુગુ જિલ્લામાં આવેલ 13મી સદીમાં નિર્માણ પામેલા રૂદ્રેશ્વર (રામપ્પા) મંદિરનો વર્લ્ડ હેરિટજ યાદીમાં સમાવેશ કર્યો છે.
- રામપ્પા મંદિર એ ભારતની 39મી વર્લ્ડ હેરિટેજ સાઇટ છે.
- વર્ષ 2019માં યુનેસ્કોના વર્લ્ડ હેરિટેજ સાઇટના ટેગ માટે એકમાત્ર નામાંકન તરીકે કેન્દ્ર સરકાર દ્વારા રામપ્પા મંદિરની દરખાસ્ત કરવામાં આવી હતી.

રામપ્પા (રૂદ્રેશ્વર) મંદિર

- રામપ્પા (રૂદ્રેશ્વર) મંદિરનું નિર્માણ ઇ.સ. 1213માં કાકતિય સામ્રાજ્યના શાસનકાળ દરમિયાન કાકતિય રાજા ગણપતિ દેવના સેનાપતિ રેચેરલા રૂદ્ર દ્વારા કરવામાં આવ્યું હતું.



- આ મંદિરના પ્રમુખ દેવતા રામલિંગેશ્વર સ્વામી છે.

હડપ્પાકાળના ધોળાવીરાનો યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઇટમાં સમાવેશ



- ગુજરાતના હડપ્પાકાળના શહેર ધોળાવીરાને યુનેસ્કો દ્વારા વર્લ્ડ હેરિટેજ સાઇટમાં સ્થાન આપવામાં આવ્યું છે.
- આ સાથે જ ભારતના કુલ 40 સ્થળોને વર્લ્ડ હેરિટેજ સાઇટ્સની યાદીમાં સ્થાન મળ્યું છે. તેમજ ધોળાવીરા ગુજરાતનું ચોથું સ્થળ છે જે વૈશ્વિક ધરોહરમાં સ્થાન પામ્યું છે.
- આ અગાઉ તેલંગાણાના રામપ્પા (રૂદ્રેશ્વર) મંદિરને યુનેસ્કો દ્વારા આ યાદીમાં સ્થાન આપવામાં આવ્યું હતું.
- આ ભારતની સિંધુખીણ સભ્યતાની પ્રથમ સાઇટ છે. જેને આ યાદીમાં સ્થાન મળ્યું છે.
- ધોળાવીરાના વર્લ્ડ હેરિટેજ સાઇટમાં સમાવેશની સાથે ભારતનો વર્લ્ડ હેરિટેજ સાઇટો ધરાવતા 'સુપર- 40 ક્લબ' માં સમાવેશ થયો છે.
- 40 કે તેથી વધુ વર્લ્ડ હેરિટેજ સાઇટો ધરાવતા દેશો નીચે મુજબ છે :
    - **ભારત**
    - **ઇટાલી**
    - **સ્પેન**
    - **જર્મની**
    - **ચીન**
    - **ફ્રાંસ**

ભારતમાં આવેલી વિવિધ વર્લ્ડ હેરિટેજ સાઇટોની શ્રેણી

વર્લ્ડ હેરિટેજ સાઇટની શ્રેણી	સંખ્યા
સાંસ્કૃતિક	32
કુદરતી	7
મિશ્ર	1

ગુજરાતની વર્લ્ડ હેરિટેજ સાઇટો

ક્રમ	વર્લ્ડ હેરિટેજ સાઇટ	કયા વર્ષમાં વર્લ્ડ હેરિટેજ સાઇટ જાહેર થઈ?
1.	ચાંપાનેર કિલ્લો (પાવાગઢ)	2004
2.	રાણકીવાવ (પાટણ)	2014
3.	ઐતિહાસિક શહેર, અમદાવાદ	2017
4.	ધોળાવીરા (કચ્છ)	2021

સ્વતંત્રતાની 75મી વર્ષગાંઠે વડાપ્રધાન દ્વારા આઠમી વખત દેશને સંબોધન

- આઝાદીના અમૃત મહોત્સવ એટલે કે સ્વતંત્રતાની 75મી વર્ષગાંઠે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીના લાલ કિલ્લા પરથી આઠમી વખત દેશને સંબોધન કર્યું હતું.
- આ સંબોધન દરમિયાન તેઓએ '**सबका साथ, सबका विकास, सबका विश्वास और सबका प्रयास**'નું સૂત્ર આપી આગામી 25 વર્ષમાં 100 ટકા વિકાસના લક્ષ્ય અને રોડમેપને રજૂ કર્યો હતો.
- આ દરમિયાન વડાપ્રધાને 88 મિનિટનું લાંબું સંબોધન દેશને કર્યું હતું.

વડાપ્રધાન દ્વારા દેશના સોનેરી ભવિષ્યનાં ઘડતર માટે વિવિધ યોજનાઓનો ઉલ્લેખ



- આ તહેવાર મહિષાસુર પર દુર્ગાદેવીના વિજયને ચિહ્નિત કરવા માટે ઉજવવામાં આવે છે.

ગુજરાતમાં પ્રાર્થનાસમાજની સ્થાપનાના 150 વર્ષ પૂર્ણ

- હિંદુ ધર્મમાં પ્રવર્તતા કુરિવાજો, અંધશ્રદ્ધાઓ, ધર્મના નામે થતી જડતા તેમજ જ્ઞાતિવાદ દૂર કરવા માટે 1828માં બંગાળમાં રાજા રામમોહનરાયે બ્રહ્મોસમાજની સ્થાપના કરી હતી.
- તેના પરથી પ્રેરાઇને 31 માર્ચ,1867ના રોજ આત્મારામ પાંડુરંગ તથા મહાદેવ ગોવિંદ રાનડેએ મુંબઇમાં પ્રાર્થના સમાજની સ્થાપના કરી હતી.
- તેના પરથી પ્રેરણા મેળવીને અમદાવાદમાં 17 ડિસેમ્બર,1871માં ભોળાનાથ સારાભાઇએ પ્રાર્થના સમાજની સ્થાપના કરી હતી, તેમની સાથે તેમના મિત્રો મહિપતરામ રૂપરામ નીલકંઠ અને રણછોડલાલ છોટાલાલ પણ જોડાયા હતા.

ગુજરાતમાં પ્રાર્થના સમાજની શરૂઆતની પ્રવૃતિઓ

- વિધવા પુનઃ વિવાહ, બાળવિવાહ, જ્ઞાતિના અતિશય સંકુચિત બનેલાં જ્ઞાતિના વાડાઓ દૂર કરવા, ઉચ્ચ જ્ઞાતિના આગેવાનો દ્વારા વિદેશયાત્રા કરનારનો ત્યાગ કરવાની પ્રથા જેવા કુરિવાજોને દૂર કરીને સમાજને એક વિશાળ સ્વરૂપ આપવા માટે ત્રણ પ્રકારની પ્રવૃતિ શરૂ કરી હતી. જેમાં ધાર્મિક કુરિવાજોને દૂર કરવા, સમાજ સુધારણા અને શિક્ષણ, તેમાં પણ ખાસ કરીને સ્ત્રી કેળવણી પર ભાર મુકવામાં આવ્યો હતો.

73મા પ્રજાસત્તાક દિવસની રાષ્ટ્રવ્યાપી ઉજવણી

- 26 જાન્યુઆરી, 2022ના રોજ સમગ્ર ભારતમાં 73મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી કોરોના ગાઇડલાઇન મુજબ કરવામાં આવી હતી.
- આ વર્ષે ભારતમાં 73મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવામાં આવી.
- ગણતંત્ર દિવસ 2022 ની ઉજવણી સ્વતંત્રતાના 75 વર્ષ એટલે કે 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત આ વર્ષે કરવામાં આવી છે.

રાજપથ પર રાષ્ટ્રપતિએ તિરંગો લહેરાવ્યો

- 26 જાન્યુઆરી, 2022 ના ગણતંત્ર દિવસના અવસર પર ભારતના પ્રથમ નાગરિક એટલે કે ભારતના રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે નવી દિલ્હીના રાજપથ પર તિરંગો લહેરાવ્યો હતો અને તિરંગાને સલામી આપી હતી.
- પ્રજાસત્તાક દિવસની ઉજવણી હવે દર વર્ષે 23 જાન્યુઆરીથી 30 જાન્યુઆરી દરમિયાન એક અઠવાડિયા સુધી કરવામાં આવશે.
- આમ, આ ઉજવણીની શરૂઆત હવેથી 23 જાન્યુઆરીએ એટલે કે સુભાષચંદ્ર બોઝની જન્મજયંતી (પરાક્રમ દિવસ) થી લઇને 30 જાન્યુઆરી (શહીદ દિવસ) સુધી કરવામાં આવશે.

પ્રજાસત્તાક દિવસ ઉજવણી કાર્યક્રમ અને પરેડ

- 73 મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી માટેના કાર્યક્રમ અને પરેડનું આયોજન નવી દિલ્હીના રાજપથ પર કરવામાં આવ્યું હતું.
- આ દરમિયાન દેશના 12 રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશો અને કેન્દ્ર સરકારના 9 મંત્રાલયો અને વિભાગોની ઝાંખીઓ (**Tableaux**) પ્રસ્તુત કરવામાં આવ્યા હતા.
- આ 12 રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશોમાં અરૂણાચલ પ્રદેશ, હરિયાણા, છત્તીસગઢ, ગોવા, ગુજરાત, જમ્મુ અને કાશ્મીર, કર્ણાટક, મહારાષ્ટ્ર, મેઘાલય, પંજાબ, ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડનો સમાવેશ થાય છે.
- કેન્દ્રીય સંરક્ષણ મંત્રાલય દ્વારા આયોજિત પરેડનું નેતૃત્વ લેફ્ટનન્ટ જનરલ વિજ્યકુમાર મિશ્રા દ્વારા કરવામાં આવ્યું હતું.
- તેમજ સંરક્ષણ મંત્રાલય દ્વારા વિજય ચોક, નવી દિલ્હી ખાતે 'બીટિંગ-ધ-રિટ્રીટ' સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

> **નોંધઃ** વર્ષ 1955 થી 26 જાન્યુઆરીએ રાજપથ પર પરેડનું આયોજન કરવામાં આવે છે.
> - અગાઉ રાજપથ 'કિંગ્સવે' નામથી જાણીતું હતું.

મુખ્ય અતિથિની હાજરી વગર 73મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી

- દર વર્ષે 26મી જાન્યુઆરીએ સામાન્ય રીતે કોઇપણ દેશના વડાપ્રધાન/રાષ્ટ્રપતિ અથવા શાસકને મુખ્ય અતિથિ તરીકે આમંત્રિત કરવામાં આવે છે.
- આ વર્ષે કોવિડ-19 ના કારણે મુખ્ય અતિથિની હાજરી વગર આ ઉજવણી થઇ હતી. ગયા વર્ષે પણ કોઇ મુખ્ય અતિથિ હાજર રહ્યાં ન હતા.
- જ્યારે વર્ષ 2020 ના 71મા પ્રજાસત્તાક દિવસની ઉજવણીના મુખ્ય અતિથિ તરીકે બ્રાઝિલના રાષ્ટ્રપતિ જૈર બોલ્સોનારો ઉપસ્થિત રહ્યા હતા.

> **નોંધઃ** વર્ષ 1950 માં પ્રથમ વખત ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ સુકર્ણો ઉપસ્થિત રહ્યાં હતા.

'ગુજરાતના આદિવાસી ક્રાંતિકારીઓ' થીમ અંતર્ગત ગુજરાતનો ટેબ્લો રજૂ

- 26 જાન્યુઆરી, 2022 ના રોજ નવી દિલ્હીના રાજપથ પરની પરેડમાં ગુજરાત તરફથી 'ગુજરાતના આદિવાસી ક્રાંતિકારીઓ' ની થીમ અંતર્ગત ઝાંખીની રજૂઆત કરવામાં આવી હતી.

શરૂ કરાશે.

- વર્ષ 2021 'યુધ્ધ અભ્યાસ' કવાયત (Exercise Yudh Abhyas 2021)ની 17મી આવૃત્તિને ચિહ્નિત કરશે.
- કવાયત અલાસ્કામાં સંયુક્ત બેઝ એલ્મેન્ડોર્ફ રિચાર્ડસન (Joint Base Elmendorf Richardson) ખાતે હાથ ધરવામાં આવશે. તે 15 ઓક્ટોબરથી શરૂ થશે અને 29 ઓક્ટોબરના રોજ સમાપ્ત થશે. આ કવાયતમાં ભારતીય સેનાના ઇન્ફ્રંટ્રી બટાલિયન જૂથના 350 કર્મચારીઓ ભાગ લેશે.

ગૃહ મંત્રાલયે બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF)ની શક્તિઓમાં વધારો કર્યો



- ગૃહ મંત્રાલયે બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF)ની શક્તિઓમાં વધારો કર્યો છે. ઉન્નત/વધારાની સત્તા હેઠળ, અધિકારીઓને શોધ અને ધરપકડ કરવાની સત્તા હશે.
- પાકિસ્તાન અને બાંગ્લાદેશ સાથે આંતરરાષ્ટ્રીય સીમાઓ વહેંચતા ત્રણ નવા રાજ્યોમાં અધિકારીઓને 50 કિમીની હદ સુધી જપ્તી કરવાની સત્તા પણ હશે.
- તેમને ક્રિમિનલ પ્રોસીજર કોડ (CrPC), પાસપોર્ટ એક્ટ અને પાસપોર્ટ (ભારતમાં પ્રવેશ) અધિનિયમ હેઠળ આ કાર્યવાહી કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે.
- BSFના અધિકારીઓ પંજાબ, પશ્ચિમ બંગાળ અને આસામ રાજ્યોમાં વિશાળ વિસ્તારમાં સર્ચ અને ધરપકડ કરી શકશે.
- ઉલ્લેખિત રાજ્યોમાં, BSF ને રાજ્ય પોલીસની જેમ જ શોધવાનો અને ધરપકડ કરવાનો અધિકાર હશે.
- તેમની પાસે મિઝોરમ, નાગાલેન્ડ, મણિપુર, ત્રિપુરા અને લદ્દાખમાં શોધ અને ધરપકડ કરવાની સત્તા પણ છે.

આ નિર્ણય કેમ લેવામાં આવ્યો?

- ગૃહ મંત્રાલય મુજબ, BSFના અધિકારક્ષેત્રને વિસ્તૃત કરવાનો નિર્ણય તાજેતરમાં સરહદ પારથી ડ્રોન હથિયારોના ડ્રોપિંગની પૃષ્ઠભૂમિમાં લેવામાં આવ્યો હતો.
- આ નિર્ણય 10 રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં રાષ્ટ્રીય સુરક્ષા સંબંધિત ગેરકાયદેસર પ્રવૃત્તિઓને રોકવામાં મદદ કરશે. (જો કે નિષ્ણાતો મુજબ, તે વહીવટી અને રાજકીય મુદ્દાઓ ઉઠાવે તેવી શક્યતા છે)

સાત નવી સંરક્ષણ કંપનીઓ રાષ્ટ્રને સમર્પિત



- 15 ઓક્ટોબર, 2021ના રોજ, સંરક્ષણ મંત્રાલય દ્વારા સાત નવી સંરક્ષણ કંપનીઓ રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવી હતી. ઓર્ડનન્સ ફેક્ટરી બોર્ડ (OFB)માંથી રચાયેલી સાત કંપનીઓ નીચે મુજબ છે:
  1. Munitions India Limited (MIL),
  2. Armoured Vehicles Nigam Limited (AVNL),
  3. Troop Comforts Limited (TCL),
  4. Gliders India Limited (GIL),
  5. Armoured Vehicles Nigam Limited (AVANI),
  6. Advanced Weapons and Equipment India Limited (AWE India),
  7. India Optel Limited (IOL) and Yantra India Limited (YIL).
- આ બધી કંપનીઓએ 1 ઓક્ટોબર, 2021 થી બિઝનેસ ઓપરેશન શરૂ કર્યું. કાર્યક્ષમતા વધારવા, કાર્યકારી સ્વાયત્તતા, નવીનતા અને નવી વૃદ્ધિ સંભાવનાને અનલોક કરવા માટે સરકારે 200 વર્ષ જૂના OFB સરકારી વિભાગને સાત 100 ટકા સરકારી માલિકીની કોર્પોરેટ એકમોમાં રૂપાંતરિત કરવાનો નિર્ણય કર્યો.
- આ પગલાનો ઉદ્દેશ સંરક્ષણ સજ્જતામાં ભારતની આત્મનિર્ભરતાને સુધારવાનો છે. સરકારે નીચે જણાવેલ ઉદ્દેશો પ્રાપ્ત કરવા આ પુનર્ગઠન કર્યું છે:
  1. ઓર્ડનન્સ ફેક્ટરીઓને ઉત્પાદક અને નફાકારક સંપત્તિમાં રૂપાંતરિત કરવા
  2. ઉત્પાદન શ્રેણીમાં કુશળતા સુધારવા માટે
  3. સ્પર્ધાત્મકતા વધારવા માટે
  4. ગુણવત્તા સુધારવા માટે
  5. ખર્ચ-કાર્યક્ષમતા વધારવા અને
  6. સંરક્ષણ સજ્જતામાં આત્મનિર્ભરતા સુનિશ્ચિત કરવા.
- OFBના ગ્રુપ A, B અને Cના કર્મચારીઓ, ઉત્પાદન એકમો સાથે સંકળાયેલા કોર્પોરેટ એકમોને ટ્રાન્સફર કરવામાં આવશે. તેઓને બે વર્ષ માટે ડીમ્ડ ડેપ્યુટેશન પર ટ્રાન્સફર કરવામાં આવશે તથા સરકારી કર્મચારી તરીકે તેમની સેવાની સ્થિતિમાં કોઈ ફેરફાર થશે નહીં.
- **ઓર્ડનન્સ ફેક્ટરી બોર્ડ (OFB):** OFB સંરક્ષણ મંત્રાલય (MoD)ના સંરક્ષણ ઉત્પાદન વિભાગ (DDP) હેઠળ કામ

સન્માન છે.
- તે પ્રેસિડેન્ટ કલર્સ એવોર્ડ જેટલું જ સન્માન ધરાવે છે.
- જો કે તે પ્રેસિડેન્ટ કલર્સ એવોર્ડની તુલનામાં નાના લશ્કરી એકમોને એનાયત કરવામાં આવે છે.
- આ પુરસ્કાર ભારતના રાષ્ટ્રપતિ દ્વારા આપવામાં આવે છે.

મિસાઈલ વેસલ સ્કવોડ્રનની સિદ્ધિઓ કઈ - કઈ છે?

- આ મિસાઇલ વેસલે 'ઓપરેશન પરાક્રમ' અને 'ઓપરેશન વિજય' માં ભાગ લીધો હતો.
- ઓપરેશન પરાક્રમ વર્ષ 2001માં શરૂ કરવામાં આવ્યું હતું. ભારતની સંસદ પર હુમલાના પગલે તે લોન્ચ કરવામાં આવ્યું હતું. તેને લાઇન ઓફ કંટ્રોલ ખાતે ચાર અઠવાડિયા માટે લોન્ચ કરવામાં આવ્યું હતું. આ ઓપરેશન હેઠળ ભારતે કાશ્મીર અને પંજાબની આંતરરાષ્ટ્રીય સરહદ પર મોટી સંખ્યામાં સૈનિકો એકત્ર કર્યા હતા.
- ઓપરેશન વિજય કારગિલ યુધ્ધ 1999 દરમિયાન કારગિલક્ષેત્રમાં લોન્ચ કરવામાં આવ્યું હતું.

ધ કિલર્સઃ 22મી મિસાઈલ વેસલ સ્કવોડ્રન

- 22 મી મિસાઇલ વેસલ સ્કવોડ્રનને 'ધ કિલર્સ' તરીકે પણ ઓળખવામાં આવે છે 'ઓપરેશન ટ્રાઇડેન્ટ' દરમિયાન તેની બહાદુરી ભરેલી કાર્યવાહી માટે તેને આ નામથી ઓળખવામાં આવે છે.
- આ ઓપરેશન 4 - 5 ડિસેમ્બર, 1971ની રાત્રે લોન્ચ કરવામાં આવ્યું હતું.

DRDO અને ભારતીય વાયુસેના દ્વારા સ્વદેશી રીતે વિકસિત 'SANT' મિસાઈલનું સફળતાપૂર્વક પરીક્ષણ



- 11 ડિસેમ્બર, 2021ના રોજ ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન (DRDO) અને ભારતીય વાયુસેના (IAF) એ સંયુકત રીતે રાજસ્થાનના પોખરણ ફાયરિંગ રેન્જમાં સ્વદેશી રીતે વિકસિત 'સ્ટેન્ડ-ઓફ એન્ટિ-ટેંક' (SANT) મિસાઇલનું સફળતાપૂર્વક પરીક્ષણ હાથ ધર્યું હતું.
- DRDO અને ભારતીય વાયુસેના દ્વારા હેલિકોપ્ટરની મદદથી કરવામાં આવેલું ફ્લાઇટ ટેસ્ટિંગ આ મિસાઇલના તમામ મિશન હેતુઓને પ્રાપ્ત કરવામાં સફળ રહયું હતું.

SANT મિસાઈલ

- સ્વદેશી રીતે ડિઝાઇન અને વિકસિત કરાયેલ સ્ટેન્ડ-ઓફ એન્ટિ-ટેન્ક મિસાઇલ અત્યાધુનિક MMW સીકરથી સજ્જ છે.
- તે સુરક્ષિત અંતરેથી ચોકસાઇ સાથે ઉચ્ચ મારક ક્ષમતા પ્રદાન કરવામાં સક્ષમ છે.
- SANT મિસાઇલ 10 કિલોમીટર સુધીની રેન્જમાં લક્ષ્યોને તટસ્થ કરી શકે છે.
- સશસ્ત્ર દળો માટે SANT મિસાઇલને હૈદરાબાદના રિસર્ચ સેન્ટર ઇમરત (RCI) દ્વારા ડિઝાઇન અને વિકસાવવામાં આવેલ છે. આ માટે DRDO અને અન્ય ઉદ્યોગોની પ્રયોગશાળાઓનો સહકાર લેવામાં આવ્યો હતો.
- ભારતીય વાયુસેનાના શસ્ત્રાગારને મજબૂત કરવા માટે લોન્ગ રેન્જ બોમ્બ અને સ્માર્ટ એન્ટિ એરફીલ્ડ વેપન પછી તાજેતરના સમયમાં પરીક્ષણ કરાયેલ SANT મિસાઇલ આ હથિયારોની શ્રેણીમાં ત્રીજું છે.
- SANT મિસાઇલના સફળ ફ્લાઇટ ટેસ્ટથી ભારતની સ્વદેશી સંરક્ષણ ક્ષમતાને વેગ મળશે.

DRDO દ્વારા ઓડિશા ખાતે "સુપરસોનિક મિસાઈલ આસિસ્ટેડ રિલીઝ ઓફ ટર્પિડો સિસ્ટમ" (SMART) નું સફળ પરીક્ષણ



- 13 ડિસેમ્બર, 2021ના રોજ ઓડિશાના અબ્દુલ કલામ આઇસલેન્ડ (વ્હીલર ટાપુ) ખાતેથી ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન (DRDO) દ્વારા સુપરસોનિક મિસાઇલ આસિસ્ટેડ રિલીઝ ઓફ ટર્પિડો સિસ્ટમ (SMART) નું સફળતાપૂર્વક પરીક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું.
- આ મિશન દરમિયાન મિસાઇલની પૂરી રેન્જક્ષમતાનું સફળતાપૂર્વક પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

સુપરસોનિક મિસાઈલ આસિસ્ટેડ ટર્પિડો (SMART)

- આ હથિયાર પ્રણાલી ભારતીય નૌકાદળ માટે DRDO દ્વારા વિકસાવવામાં આવી છે.
- તે ટર્પિડો રેન્જથી વધુ દૂરની સબમરીન વિરોધી યુદ્ધ

તાજેતરમાં ભારતીય નૌકાદળના બોઈંગ P-81 એરક્રાફ્ટે ગોવા ખાતે INS હંસ પર તેની સેવાની શરૂઆત કરી છે.

- આ માટે 2 એરક્રાફ્ટને 30 ડિસેમ્બર, 2021ના રોજ ભારત લાવવામાં આવ્યા હતા અને વિમાનમાં ભારતીય નૌકાદળની જરૂરિયાત પ્રમાણે સ્વદેશી ઉપકરણો ફિટ કરવામાં આવ્યા હતા. સાથે જ તેની ફ્લાઈટ એક્સેપ્ટન્સ ટ્રાયલ પણ શરૂ કરવામાં આવી હતી.
- ભારતીય નૌકાદળે વર્ષ 2013માં આઠ P-81 એરક્રાફ્ટની પ્રથમ બેચ અમેરિકા પાસેથી પ્રાપ્ત કરી હતી. જેને તમિલનાડુ અરક્કોનમના INS રાજાલી ખાતે સેવારત કરવામાં આવી હતી.
- કેન્દ્રીય સંરક્ષણ મંત્રાલય દ્વારા વર્ષ 2009માં આઠ P-81 એરક્રાફ્ટની ખરીદી માટે બોઈંગ સાથે કરાર કરવામાં આવ્યો હતો. તેમજ વર્ષ 2016માં વધારાના ચાર P-81 એરક્રાફ્ટ પ્રાપ્ત કરવા માટે કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

P-81 એરક્રાફ્ટ

- P-81 એરક્રાફ્ટ એ લાંબાઅંતરનું દરિયાઈ જાસૂસી અને એન્ટિ સબમરીન યુદ્ધ વિમાન છે.
- તે P-8A પોસેઈડન એરક્રાફ્ટનો એક પ્રકાર છે જેને બોઈંગ કંપનીએ અમેરિકન નૌકાદળના P-3 ફ્લીટના વિકલ્પ તરીકે વિકસાવ્યું છે.
- આ એરક્રાફ્ટ સબમરીનોને લક્ષ્ય બનાવવા માટે સેન્સર અને હથિયારોથી સજ્જ હોય છે.
- તેને લાંબા અંતરની એન્ટિ-સબમરીન વોરફેર (ASW), એન્ટિ-સરફેસ વોરફેર (ASuW), ઈન્ટેલિજન્સ અને સર્વેલન્સ માટે ડિઝાઈન કરવામાં આવેલ છે.

પુણે ખાતે 'PANEX-21' લશ્કરી કવાયતનું આયોજન



- તાજેતરમાં મહારાષ્ટ્રના પુણે ખાતે માનવતાવાદી સહાય અને આપત્તિ રાહત કવાયત 'PANEX-21' નુ આયોજન કરવામાં આવ્યું હતું.

PANEX-21

- PANEX-21 એ બહુરાષ્ટ્રીય આપત્તિ રાહત કવાયત છે.
- આ કવાયતનું આયોજન BIMSTEC ના સભ્યદેશો એવા ભુતાન, બાંગ્લાદેશ, નેપાળ, મ્યાનમાર, શ્રીલંકા, ભારત અને થાઇલેન્ડ વચ્ચે કરવામાં આવ્યું હતું.
- આ કવાયતનો મુખ્ય ઉદ્દેશ કુદરતી આફતોનો સામનો કરવા માટે પ્રાદેશિક સહયોગનું નિર્માણ કરવાનો છે.
- PANEX-21 કવાયતના બીજા દિવસે BIMSTEC ના સભ્યદેશો માટે માનવતાવાદી સહાય અને આપતિ રાહત (**Humanitarian Assistance and Disaster Relief**) નું આયોજન પુણેની કોલેજ ઓફ મિલિટરી એન્જિનીયરિંગ ખાતે કરવામાં આવ્યું હતું.
- આ કવાયતમાં ભારતીય સેના, નૌકાદળ અને વાયુસેના દ્વારા બચાવ અને રાહત પ્રયાસોનું સંકલિત પ્રદર્શન જોવા મળ્યું હતું.
- આ કવાયતમાં ભાગ લેનારા દેશોને આઠ સિન્ડકેટમાં વિભાજીત કરવામાં આવ્યા હતા.
- તેમજ કુદરતી આફતોનો સામનો કરવા માટે સભ્યદેશોની ક્ષમતાનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. તેમજ સભ્યદેશોએ કુદરતી આફતોનો સામનો કરવા માટે તેઓની શ્રેષ્ઠ પધ્ધતિઓ એકબીજા સાથે શેર કરી હતી.

BIMSTEC વિશે

- BIMSTEC નું પૂરું નામ **' Bay of Bengal Initiative for Multi-Sectoral Technical and Economic Cooperation '** છે.
- બિમસ્ટેકની સ્થાપના 6 જૂન, 1997 ના રોજ થાઇલેન્ડના બેંગકોક ખાતે એક પ્રાદેશિક બહુપક્ષીય સંસ્થા તરીકે કરવામાં આવી હતી.
- તેનું વડુંમથક બાંગ્લાદેશના ઢાકા ખાતે આવેલું છે.
- શરૂઆતમાં આ સંગઠનને 'BIST-EC' તરીકે ઓળખવામાં આવ્યું હતું. જેનું પુરું નામ બાંગ્લાદેશ, ઇન્ડિયા, શ્રીલંકા એન્ડ થાઇલેન્ડ ઇકોનોમિક કો-ઓપરેશન હતું.
- વર્ષ 1997 માં મ્યાનમારનો આ સંગઠનમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ તેનું નામ 'BIMST-EC' થયું હતું, જેનું પુરું નામ બાંગ્લાદેશ, ઇન્ડિયા, મ્યાનમાર, શ્રીલંકા એન્ડ થાઇલેન્ડ ઇકોનોમિક કો-ઓપરેશન હતું.
- વર્ષ 2004 માં આ સંગઠનમાં નેપાળ અને ભૂતાનનો પૂર્ણકાલીન સભ્ય તરીકે સમાવેશ થયો હતો. ત્યારથી તે વર્તમાનના પ્રચલિત નામથી ઓળખાવા લાગ્યું છે.

બિમસ્ટેકના સભ્યદેશો

- વર્તમાનમાં બિમસ્ટેકમાં કુલ 7 સભ્યદેશોનો સમાવેશ થાય છે જે નીચે મુજબ છે.
  1. બાંગ્લાદેશ
  2. ભૂતાન
  3. ભારત
  4. મ્યાનમાર
  5. નેપાળ
  6. શ્રીલંકા અને
  7. થાઇલેન્ડ

જેઓ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PM-JAY) હેઠળ સારવાર માટે હોસ્પિટલમાં દાખલ થશે.

- આ પત્ર લાભાર્થીઓને તેમના અધિકારોથી વાકેફ કરશે કે જેની મદદથી તેઓ મફત અને કેશલેસ આરોગ્ય સેવાઓ પ્રાપ્ત કરી શકે.

અભિનંદન પત્ર

- 'અભિનંદન પત્ર' એ એક 'થેંક્યુ નોટ' છે.
- લાભાર્થીને 'PM-JAY' યોજના હેઠળ સારવાર બાદ રજા આપવામાં આવે ત્યારે 'અભિનંદન પત્ર' આપવામાં આવશે.

આયુષ્યમાન મિત્ર

- 'આયુષ્યમાન મિત્ર' એ 'PM-JAY' યોજના હેઠળ નોંધણી કરાવવા પ્રોત્સાહિત કરવા માટેની પહેલ છે.
- તેની મદદથી લાભાર્થીઓને આયુષ્યમાન કાર્ડ જારી કરવામાં આવશે.

આયુષ્યમાન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (AB-PMJAY)

- 23 સપ્ટેમ્બર, 2018ના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી દ્વારા ઝારખંડના રાંચી ખાતેથી આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (AB-PMJAY)ની શરૂઆત કરાવવામાં આવી હતી.
- આ યોજનાનો ઉદ્દેશ ગરીબ અને વંચિત લોકો માટે ગુણવત્તાયુક્ત અને સસ્તી સ્વાસ્થ્ય સેવા સુનિશ્ચિત કરવાનો છે.
- આ યોજના અંતર્ગત પ્રતિ પરિવાર પ્રત્યેક વર્ષ 5 લાખ સુધી કેશલેસ અને પેપરલેસ આરોગ્ય સેવાઓનો લાભ પ્રદાન કરવામાં આવે છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા 'આયુષ્યમાન ભારત ડિજિટલ મિશન' લોન્ચ



- 27 સપ્ટેમ્બર, 2021ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી 'આયુષ્યમાન ભારત ડિજિટલ મિશન' લોન્ચ કર્યું હતું.
- આ મિશનને 'પ્રધાનમંત્રી ડિજિટલ હેલ્થ મિશન' (PM-DHM) તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આયુષ્યમાન ભારત એ કેન્દ્ર સરકારની ફ્લેગશિપ યોજના છે જે રાષ્ટ્રીય આરોગ્ય નીતિ 2017ની ભલામણ મુજબ લોન્ચ કરવામાં આવી હતી. જેથી દેશમાં યુનિવર્સલ હેલ્થ કવરેજ પ્રાપ્ત કરી શકાય.

આયુષ્યમાન ભારત ડિજિટલ મિશન

- આ મહત્વાકાંક્ષી યોજનાનો ઉદ્દેશ દેશભરમાં આરોગ્ય સેવાને ડિજિટલ બનાવવાનો છે.
- અગાઉ આ યોજના 'નેશનલ ડિજિટલ હેલ્થ મિશન' (NDHM)ના નામથી ચાલતી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા 15 ઓગસ્ટ, 2020ના રોજ આંદામાન-નિકોબાર, ચંદીગઢ, દાદરા નગર હવેલી, દમણ-દીવ, લદાખ અને લક્ષદ્વિપમાં' આ યોજના પાઇલોટ પ્રોજેક્ટ તરીકે શરૂ કરી હતી.
- આ સ્કીમ હવે સમગ્ર દેશમાં શરૂ કરવામાં આવી છે.

મિશનની વિશેષતાઓ

હેલ્થ ID કાર્ડ

- સૂચિત યોજના હેઠળ દરેક ભારતીય નાગરિકને આધાર નંબરની જેમ એક યુનિક હેલ્થ ID કાર્ડ આપવામાં આવશે.
- યુનિક ડિજિટલ હેલ્થકાર્ડમાં વ્યક્તિની તમામ મેડિકલ હિસ્ટ્રી ડિજિટલી રેકોર્ડ કરવામાં આવશે.
- આખા દેશમાં ગમે તે સ્થળે આના કારણે વ્યક્તિની મેડિકલ ડિજિટલ હિસ્ટ્રી જાણી શકાશે.
- કેન્દ્ર સરકારની આ યોજનાથી દેશના ગરીબો અને મધ્યમ વર્ગના લોકોને વધુમાં વધુ લાભ મળશે.
- યુનિક હેલ્થ ID કાર્ડ દ્વારા દેશવ્યાપી ડિજિટલ હેલ્થ ઇકોસિસ્ટમ તૈયાર કરી શકાશે.
- દરેક વ્યક્તિ મોબાઇલ પર જ આરોગ્ય સેવાઓને લગતી માહિતી અને સારવારને લગતી માહિતીઓ મેળવી શકશે.
- આ હેલ્થ ID દરેક નાગરીકના 'આરોગ્ય ખાતા' (Health Account) તરીકે કાર્ય કરશે.

હેલ્થકેર ફેસિલિટીઝ અને પ્રોફેશનલ્સ રજિસ્ટ્રી

- આ મિશનનો બીજો મુખ્ય ઘટક 'હેલ્થકેર પ્રોફેશનલ્સ રજિસ્ટ્રી' (HPR) અને 'હેલ્થકેર ફેસિલિટિઝ રજિસ્ટ્રી' (HFR) નું નિર્માણ કરવાનો છે.
- જેની મદદથી મેડિકલ પ્રોફેશનલ્સ અને હેલ્થ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સુધી ઇલેક્ટ્રોનિક એક્સેસને સરળ બનાવી શકાય.
- HPRમાં ચિકિત્સાની આધુનિક અને પારંપરિક બંને પ્રણાલિઓ સાથે સંકળાયેલા વ્યાવસાયિકોનો સમાવેશ કરવામાં આવશે.
- જ્યારે HFR ડેટાબેઝમાં દેશની તમામ આરોગ્ય સુવિધાઓનો રેકોર્ડ રાખવામાં આવશે.

અમલીકરણ

- આ મિશનનું અમલીકરણ કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય અંતર્ગત 'નેશનલ હેલ્થ ઓથોરિટી' (NHA) દ્વારા કરવામાં આવશે.

અપેક્ષિત લાભો

- ડોકટરો, હોસ્પિટલો અને હેલ્થકેર સર્વિસ પ્રોવાઇડર્સના

DAY-NRLM યોજના અંતર્ગત દેશમાં 152 SAKSHAM (સક્ષમ) સેન્ટર લોન્ચ



- તાજેતરમાં કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા 'દીનદયાળ અંત્યોદય યોજના - નેશનલ રૂરલ લિવલિહુડ્સ મિશન' (DAY-NRLM) અંતર્ગત સમગ્ર દેશમાં 152 જેટલા SAKSHAM કેન્દ્રો લોન્ચ કરવામાં આવ્યા છે.
- 'આઝાદી કા અમૃત મહોત્સવ'ના ભાગરૂપે દેશના 13 રાજ્યોના 77 જિલ્લાઓમાં કુલ 152 સક્ષમ કેન્દ્રો નાણાકીય સાક્ષરતા અને સેવા વિતરણ માટે શરૂ કરવામાં આવ્યા છે.

SAKSHAM કેન્દ્ર

- નાણાકીય સાક્ષરતા અને સેવા વિતરણ કેન્દ્રો ગ્રામીણ ક્ષેત્રોમાં સ્વ-સહાય જૂથો (Self- help Groups) સાથે સંકળાયેલા પરિવારોની મૂળભૂત નાણાકીય જરૂરિયાતો માટે વનસ્ટોપ સોલ્યુશન / સિંગલ વિન્ડો સિસ્ટમના રૂપમાં કાર્ય કરશે.
- **ઉદ્દેશ:** આ કેન્દ્રોનો મુખ્ય ઉદ્દેશ સ્વ- સહાય જૂથોના સભ્યો અને ગ્રામીણ ગરીબોને નાણાકીય સેવાઓ (સેવિંગ્સ, ક્રેડિટ, ઈન્શ્યોરન્સ, પેન્શન વગેરે) અને નાણાકીય સાક્ષરતા પ્રદાન કરવાનો છે.
- **સંચાલન:** આ કેન્દ્રોનું સંચાલન SHG નેટવર્ક દ્વારા "ક્લસ્ટર લેવલ ફેડરેશન્સ" (CLFs) દ્વારા કરવામાં આવશે.
- પ્રશિક્ષિત કોમ્યુનિટી રિસોર્સ પર્સન્સ (CRPs) પણ આ કેન્દ્રોને જાળવવામાં મદદરૂપ થશે.

SAKSHAM એપ્લિકેશન

- આ મોબાઇલ અને વેબ-આધારિત એપ્લિકેશન કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા લોન્ચ કરવામાં આવી છે.
- તેનો ઉપયોગ સેન્ટરના કમ્યુનિટી રીસોર્સ પર્સન દ્વારા પ્રત્યેક SHG અને ગામને મળતી વિભિન્ન નાણાકીય સેવાઓ જાણવા, મુખ્ય સમસ્યાઓની જાણકારી મેળવવા, ત્યારબાદ પ્રશિક્ષણ પ્રદાન કરવા તથા જરૂરી નાણાકીય સેવાઓ પ્રદાન કરવા માટે કરવામાં આવશે.

દીનદયાળ અંત્યોદય યોજના - નેશનલ રૂરલ લિવલિહૂડ મિશન (DAY-NRLM)

- જૂન, 2011માં કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા તે લોન્ચ કરવામાં આવી હતી.
- **હેતુ:** દેશભરના ગ્રામીણ ગરીબ પરિવારો માટે બહુવિધ આજીવિકા અને નાણાકીય સેવાઓની સુલભતા દ્વારા ગ્રામીણ ગરીબીને દૂર કરવાનો ઉદ્દેશ આ યોજના અંતર્ગત રાખવામાં આવ્યો છે.
- **કાર્ય:** તેમાં સ્વ-સહાયની ભાવનાથી સામુદાયિક વ્યાવસાયિકો દ્વારા સામુદાયિક સંસ્થાઓ સાથે કામ કરવામાં આવે છે જે DAY-NRLMની એક અનન્ય દરખાસ્ત છે.
- તેના અંતર્ગત દરેક ગ્રામીણ ગરીબ પરિવારમાંથી એક મહિલા સભ્યને સ્વ-સહાય જૂથમાં સંગઠિત કરીને, તેમની તાલીમ અને ક્ષમતા નિર્માણ, તેમની સુક્ષ્મ આજીવીકા યોજનાઓને સરળ બનાવીને સાર્વત્રિક સામાજિક ગતિશીલતા પર અસર કરવામાં આવે છે.

કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા 'કૃષિ ઉડાન 2.0 યોજના' લોન્ચ

- 27 ઓક્ટોબર, 2021ના રોજ કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા હવાના માધ્યમથી કૃષિ પેદાશોની હેરફેરની સવલત માટે 'કૃષિ ઉડાન 2.0 યોજના' લોન્ચ કરવામાં આવી છે.
- કૃષિ ઉડાન 2. 0 યોજના હેઠળ ડુંગરાળ, આદિજાતિ અને ઉત્તર-પૂર્વીય વિસ્તારોના એરપોર્ટ પર કાર્ગો સંબંધિત ઇન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ કરવામાં આવશે.
- આ પ્રકારની માળખાકીય સુવિધાની મદદથી ખેડૂતોને કૃષિ ઉત્પાદનોના પરિવહનમાં મદદ મળશે.

કૃષિ ઉડાન યોજના

- કેન્દ્ર સરકાર દ્વારા કૃષિ ઉડાન યોજના 2020માં શરૂ કરવામાં આવી હતી.
- આ યોજના હેઠળ પાર્કિંગ ચાર્જ અને ટર્મિનલ નેવિગેશનલ લેન્ડિંગ ચાર્જ જેવા એરપોર્ટ ચાર્જ માફ કરવામાં આવ્યા હતા.
- તેના અંતર્ગત કૃષિ કાર્ગો વહન કરવામાં આવતા કુલ ચાર્જપાત્ર વજનના 50 ટકાથી વધુ હોય તો શુલ્ક માફ કરવામાં આવ્યા હતા.



કૃષિ ઉડાન 2. 0

- કૃષિ ઉડાન 2. 0 હેઠળ કેન્દ્ર સરકારે પસંદગીના એરપોર્ટ પર એરપોર્ટ ચાર્જીસની સંપૂર્ણ માફી આપવાનું આયોજન કર્યું છે.
- જો કૃષિ કાર્ગો વહન કરવામાં આવતા કુલ ચાર્જેબલ

- રાધાકૃષ્નન હરિકુમારનો જન્મ કેરળના ત્રિવેન્દ્રમ ખાતે 12 એપ્રિલ, 1962ના રોજ થયો હતો.
- તેઓને પરમ વિશિષ્ઠ સેવા મેડલ (PVSM), અતિ વિશિષ્ઠ સેવા મેડલ (AVSM) અને વિશિષ્ઠ સેવા મેડલ (VSM) આપવામાં આવેલ છે.

આર્મી ચીફ જનરલ નરવણેની COSCના ચેરમેન પદે નિમણૂક

- હેલિકોપ્ટર ક્રેશમાં દેશના પ્રથમ ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (CDS) જનરલ બિપિન રાવતના નિધન બાદ ફરીથી જૂની વ્યવસ્થાને કામચલાઉ ધોરણે શરૂ કરવામાં આવી છે.
- CDSનું પદ આવ્યા અગાઉ દેશમાં ચીફ ઓફ સ્ટાફ કમિટી (COSC)નું અસ્તિત્વ હતું.
- જનરલ બિપિન રાવતના નિધન બાદ CDSનું પદ ખાલી થઇ ગયું હોવાથી આર્મી ચીફ જનરલ એમ. એમ. નરવણેને ચીફ ઓફ સ્ટાફ કમિટી (COSC)ના ચેરમેન બનાવવામાં આવ્યા છે.
- અગાઉ COSC દેશના સૈન્યની ત્રણે પાંખો વચ્ચે કો-ઓર્ડિનેશનનું કામ કરતા હતી. આ કમિટીમાં સેનાના ત્રણેય પાંખના વડા સામેલ હોય છે. જનરલ નરવણે સૌથી વરિષ્ઠ હોવાના કારણે તેમને આ કમિટીના ચેરમેન નિયુક્ત કરવામાં આવ્યા છે.

નોંધ: મનોજ મુકુંદ નરવણે હાલમાં 27મા ચીફ ઓફ ધ આર્મી સ્ટાફ (COAF) તરીકે સેવા આપી રહ્યા છે.

અનુપમ રાય

- તાજેતરમાં અનુપમ રાયને જીનીવા ખાતે સંયુક્ત રાષ્ટ્ર નિઃશસ્ત્રીકરણ પરિષદમાં ભારતના આગામી કાયમી પ્રતિનિધિ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.
- તેઓ વર્ષ 1994ની બેચના ભારતીય વિદેશ સેવા અધિકારી છે જે હાલમાં દિલ્હી ખાતે આવેલ વિદેશ મંત્રાલયના મુખ્યાલયમાં સંયુક્ત સચિવ તરીકે સેવા આપી રહ્યા છે.
- તેઓ વર્ષ 1991ની બેચના ભારતીય વિદેશ સેવા અધિકારી પંકજ શર્માનું સ્થાન લેશે જેને મેક્સિકોમાં ભારતના રાજદૂત તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

વિજય કુમાર ત્રિપાઠી

- ભારતીય રેલવે સેવાના 1983 બેચના અધિકારી વિનય કુમાર ત્રિપાઠીને રેલવે બોર્ડના નવા અધ્યક્ષ અને CEO (મુખ્ય કાર્યકારી અધિકારી) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.
- હાલમાં તેઓ પૂર્વોત્તર રેલ્વેના જનરલ મેનેજર તરીકે રેલ્વે બોર્ડના ચેરમેન પદે કાર્યરત છે.

એરમાર્શલ માનવેન્દ્ર સિંહ

- 8 ડિસેમ્બરના રોજ ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ બિપિન રાવત કોઇમ્બતુર નજીક સુલુર ખાતે આવેલ ભારતીય વાયુસેના બેઝથી વેલિંગ્ટનમાં આવેલ ડિફેન્સ સર્વિસ સ્ટાફ કોલેજ તરફ પોતાના પત્ની, ડિફેન્સ અસિસ્ટન્સ, સુરક્ષા કમાન્ડો, વાયુદળના પાયલટ અને અન્ય વાયુસેનાના સભ્યો સહીત 14 લોકો સાથે મુસાફરી કરી રહ્યા હતા ત્યારે તેમનું Mi-17v5 હેલિકોપ્ટર દુર્ઘટના ગ્રસ્ત થયું હતું જેમાં સર્વે મુસાફરોનું અવસાન થયું હતું.
- આ હેલિકોપ્ટર દુર્ઘટના સંદર્ભે સરકારને રિપોર્ટ સુપરત કરવા માટે ચીફ ઓફ એર સ્ટાફ, એર ચીફ માર્શલ વી.આર.ચૌધરી દ્વારા ત્રિ-સેવાઓની તપાસ ટીમને આદેશ આપવામાં આવેલા હતા.
- તપાસ ટીમનું નેતૃત્વ એર માર્શલ માનવેન્દ્ર સિંહ કરી રહ્યા છે. માનવેન્દ્ર સિંહ ઉપરાંત આ ટીમમાં આર્મી અને નેવીના બે બ્રિગેડિયર રેન્કના અધિકારીઓનો તેમના સહયોગી તરીકે સમાવેશ કરાયો છે.
- એર માર્શલ માનવેન્દ્ર સિંહ સશસ્ત્ર દળોમાં દેશના ટોચના હેલિકોપ્ટર પાઇલટ છે.

ONGCના પ્રથમ મહિલા અધ્યક્ષ અને મેનેજિંગ ડિરેક્ટર તરીકે અલકા મિત્તલની નિમણૂક



- ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશનના માનવ સંસાધન વિભાગના નિર્દેશક અલકા મિત્તલને તાજેતરમાં કંપનીના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર (CMD) પદનો વધારાનો હોદ્દો સોંપવામાં આવ્યો છે.
- અલકા મિત્તલ આ સાથે જ સરકારની માલિકીની આ મહારત્ન કંપનીના પ્રથમ CMD બન્યા છે.
- અલકા મિત્તલ સુભાષકુમારનું સ્થાન લેશે. જેઓ 31 ડિસેમ્બર, 2021ના રોજ વયનિવૃત્ત થયા છે.
- કેબિનેટની નિમણૂક સમિતિ (ACC) એ ONGCના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર (CMD)ના પદનો વધારાનો હવાલો અલકા મિત્તલને 1 જાન્યુઆરી, 2022થી 6 મહિનાના સમયગાળા માટે સોંપવાના કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રાલયના પ્રસ્તાવને મંજૂરી આપી હતી.

ટેક્નોલોજી વેચી હતી.

સર્જિકલ સ્ટ્રાઇકના હીરો CDS જનરલ બિપિન રાવતનું હેલિકોપ્ટર ક્રેશમાં નિધન



- તમિલનાડુના કુન્નુરમાં હેલિકોપ્ટર દુર્ઘટનામાં ભારતના પ્રથમ ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (CDS) જનરલ બિપિન રાવત અને તેમના પત્નિ અને અન્ય અધિકારીઓ સહિત 13 લોકોના મોત થયાં છે.
- 14 લોકો સાથે વેલિંગ્ટનથી ઉડેલું MI-17 V5 હેલિકોપ્ટર કુન્નુરના નીલગિરિ પર્વત ઉપર ક્રેશ થઇ ગયું હતું.

CDS બિપિન રાવત

- તેઓનો જન્મ ઉત્તરપ્રદેશ રાજ્યના (તત્કાલીન ઉત્તરાખંડ) પૌરી ખાતે 16 માર્ચ, 1958 ના રોજ થયો હતો.
- જનરલ બિપિન રાવત 31 ડિસેમ્બર, 2016 થી 31 ડિસેમ્બર, 2019 સુધી સેનાના પ્રમુખપદ પર રહ્યા હતા.
- તેઓને 1 જાન્યુઆરી, 2020ના રોજ ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફની જવાબદારી મળી હતી.
- તેઓ ભારતના પ્રથમ ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ હતા.
- જનરલ બિપિન રાવતે વર્ષ 1978 માં ગોરખા રાઈફલ્સમાં જોડાઈને સેનામાં કારકિર્દીની શરૂઆત કરી હતી.
- તેઓએ યુનાઈટેડ નેશન્સ પીસ કીપિંગ ફોર્સમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી અને ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગોમાં બહુરાષ્ટ્રીય બ્રિગેડની કમાન્ડ તેઓએ સંભાળી હતી.

સેનાના મહત્વપૂર્ણ ઓપરેશનમાં તેઓની ભૂમિકા

- વર્ષ 2019 માં વાયુસેના દ્વારા બાલાકોટ સર્જીકલ સ્ટ્રાઇક સમયે ભારતીય સેના દ્વારા મજબૂત રક્ષણ પૂરું પાડવામાં આવ્યું તે સમયે તેઓ સેના અધ્યક્ષ હતા.
- વર્ષ 2017 માં ડોકલામ પ્રદેશમાં ચીની સેનાએ જમાવડો કર્યો ત્યારે સેના અધ્યક્ષ તરીકે તેઓની કામગીરી સરાહનીય રહી.
- વર્ષ 2015 માં તેઓએ મ્યાનમારમાં સરહદ પાર કરીને NSCN-Kના ઉગ્રવાદી સામેના આર્મી ઓપરેશનની આગેવાની લીધી હતી.

સેવા દરમિયાન તેઓને મળેલા સન્માનો

- પરમ વિશિષ્ટ સેવા મેડલ (PVSM)
- વિશિષ્ટ સેવા મેડલ (VSM)
- ઉત્તમ યુદ્ધ સેવા મેડલ (UYSM)
- યુદ્ધ સેવા મેડલ (YSM)
- અતિ વિશિષ્ટ સેવા મેડલ (AVSM)
- સેના મેડલ (SM)

સામાજિક કાર્યકર અને પદ્મશ્રી પુરસ્કાર વિજેતા સિંધુતાઈ સપકલનું 74 વર્ષની વયે નિધન

- પ્રખ્યાત સામાજિક કાર્યકર અને પદ્મશ્રી પુરસ્કાર વિજેતા સિંધુતાઇ સપકલનું તાજેતરમાં પુણે ખાતે 74 વર્ષની વયે નિધન થયું છે.



સિંધુતાઈ સપકલ

- સિંધુતાઇ સપકલ એક ભારતીય સામાજિક કાર્યકર હતા જેઓ ખાસ કરીને ભારતમાં અનાથ બાળકોને ઉછેરવાના તેમના કાર્ય માટે જાણીતા હતા.
- તેઓનો જન્મ 14 નવેમ્બર, 1948 ના રોજ મહારાષ્ટ્રના વર્ધા જિલ્લામાં થયો હતો.
- તેઓ 'માઇ' ના હુલામણા નામે વધુ પ્રસિધ્ધ છે.
- તેઓએ પુણેમાં એક અનાથાશ્રમ શરૂ કર્યો હતો જેમાં તેમણે 1,000 થી વધુ બાળકોને દત્તક લીધા હતા.

સિંધુતાઈ સપકલને મળેલા વિવિધ પુરસ્કારો અને સન્માનો

પુરસ્કાર	વર્ષ
પદ્મશ્રી	2021
નારી શક્તિ પુરસ્કાર	2017
સ્પેશિયલ વર્કર ઓફ ધી યર એવોર્ડ	2016
અહમદિયા મુસ્લિમ પીસ પ્રાઈઝ	2014
મધર ટેરેસા એવોર્ડ ફોર સોશિયલ જસ્ટિસ	2013
ધ નેશનલ એવોર્ડ ફોર આઇકોનિક મધર	2013
અહિલ્યાબાઇ હોલ્કર એવોર્ડ	2010

2 મહત્ત્વપૂર્ણ દિવસો

WEBSANKUL

1 જુલાઈ : રાષ્ટ્રીય ડોકટર દિવસ



- ઇન્ડિયન મેડિકલ એસોસિએશન (IMA) દ્વારા દર વર્ષે 1 જુલાઇના રોજ 'રાષ્ટ્રીય ડોકટર દિવસ' ની રાષ્ટ્રવ્યાપી ઉજવણી કરવામાં આવે છે.
- આ દિવસ પશ્ચિમ બંગાળના પૂર્વ મુખ્યમંત્રી ડો. બિધાનચંદ્ર રોયની જન્મજયંતી અને પુણ્યતિથિ નિમિત્તે ઉજવવામાં આવે છે.

1 થી 7 જુલાઈ: વનમહોત્સવ

10 જુલાઈ: નિકોલા ટેસ્લા દિવસ

11 જુલાઈ: વિશ્વ વસતી દિવસ (World Population Day)



12 જુલાઈ: મલાલા દિવસ

15 જુલાઈ: વિશ્વ યુવા કૌશલ્ય દિવસ (World Youth Skills Day)

- 'વિશ્વ યુવા કૌશલ્ય દિવસ 2021'ની થીમ - '**Reimaging Youth Skills Post Pandemic**' છે.

18 જુલાઈ: નેલ્સન મંડેલા આંતરરાષ્ટ્રીય દિવસ

- વર્ષ 2021ના 'આંતરરાષ્ટ્રીય નેલ્સન મંડેલા દિવસ'ની થીમ - '**One Hand can feed Another**' (એક હાથ બીજાને ખવડાવી શકે છે)

23 જુલાઈ: રાષ્ટ્રીય પ્રસારણ દિવસ (National Broadcasting Day)

26 જુલાઈ: કારગિલ વિજય દિવસ (વિજય દિવસ)



28 જુલાઈ: વિશ્વ હિપેટાઇટીસ દિવસ (World Hepatitis Day)

- વર્ષ 2021ના 'વિશ્વ હિપેટાઇટીસ દિવસ'ની થીમ - '**Hepatitis Can't Wait**' છે.

29 જુલાઈ: આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ (International Tiger Day)



- વર્ષ 2021ના 'આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ'ની થીમ '**Their Survival is in our hands**' (તેઓનું અસ્તિત્વ આપણા હાથમાં છે.)

1 થી 7 ઓગસ્ટ: વિશ્વ સ્તનપાન સપ્તાહ (World Breastfeeding Week)

- વર્ષ 2021ના 'વિશ્વ સ્તનપાન સપ્તાહ'ની થીમ - '**Protect Breastfeeding: A Shared Responsibility**' છે.

1 ઓગસ્ટ: અસહયોગ આંદોલન (101મું વર્ષ)

- ઓગસ્ટ 1920માં મહાત્મા ગાંધી દ્વારા અસહયોગ આંદોલનની શરૂઆત કરવામાં આવી હતી.
- અસહયોગ આંદોલન (અસહકારની ચળવળ) એ વર્ષો સુધી ચાલેલા ભારતીય સ્વતંત્રતા સંગ્રામનો મહત્વનો

વિવિધ મચ્છરજન્ય રોગો

રોગ	કયુ મચ્છર જવાબદાર?	અન્ય વિશેષતાઓ
મેલેરિયા	એનોફિલીસ મચ્છર	તે ઉષ્ણકટિબંધીય અને ઉપ-ઉષ્ણકટિબંધીય આબોહવામાં વધુ ફેલાય છે. • ક્વિનાઇન એ મેલેરિયાને અટકાવવા માટે વપરાતી દવા છે.
ડેન્ગ્યૂ	એડીસ ઇજિપ્તી, એડીસ આલ્બોપિક્ટસ	તે ઉષ્ણકટિબંધીય અને ઉપ-ઉષ્ણકટિબંધીય આબોહવામાં ફેલાય છે. • મોટે ભાગે શહેરી વિસ્તારોમાં જોવા મળે છે.
કમળો	એડીસ ઇજિપ્તી	તે આફ્રિકા અને દક્ષિણ અમેરિકાના પ્રદેશોમાં વધુ જોવા મળે છે.
એન્સેફાલિટિસ	એડીસ ક્યુલિસેટા	-----
ઝિકા	એડીસ	આ મચ્છર મુખ્યત્વે દિવસ દરમિયાન કરડે છે.
ચિકનગુનિયા	એડીસ ઇજિપ્તી, એડીસ આલ્બોપિક્ટસ	-----
વેસ્ટ નાઇલ	ક્યુલેક્સ પિપીન્સ	-----

નોંધ: '**વિશ્વ મેલેરિયા દિવસ**'ની ઉજવણી દર વર્ષે 25 એપ્રિલના રોજ કરવામાં આવે છે.

21 ઓગસ્ટ: વિશ્વ વરિષ્ઠ નાગરિક દિવસ (World Senior Citizen's Day)

શ્રાવણ પૂર્ણિમા : વિશ્વ સંસ્કૃત દિવસ

24 ઓગસ્ટ : વિશ્વ ગુજરાતી ભાષા દિવસ



- '**વિશ્વ ગુજરાતી ભાષા દિવસ**'ની ઉજવણી દર વર્ષે 24 ઓગસ્ટના રોજ કરવામાં આવે છે.
- ગુજરાતી ગદ્યના પ્રણેતા એવા શ્રી નર્મદનો જન્મદિવસ 24 ઓગસ્ટના રોજ આવે છે અને આ જ દિવસે '**વિશ્વ ગુજરાતી ભાષા દિવસ**'ની પણ ઉજવણી કરવામાં આવે છે.
- સંસ્કૃત શબ્દ '**ગુર્જરત્રા**' અને પ્રાકૃત શબ્દ '**ગુજ્જરતા**' પરથી ઊતરી આવેલ શબ્દ '**ગુજરાત**' પરથી '**ગુજરાતી**' વિશેષણ બન્યું છે.
- દર વર્ષે '**વિશ્વ માતૃભાષા દિવસ**'ની ઉજવણી 21 ફેબ્રુઆરીએ કરવામાં આવે છે.

29 ઓગસ્ટ: રાષ્ટ્રીય રમત દિવસ (National Sports Day)

- દર વર્ષે 29 ઓગસ્ટના રોજ સમગ્ર દેશમાં '**રાષ્ટ્રીય રમત દિવસ**'ની ઉજવણી કરવામાં આવે છે.
- 29 ઓગસ્ટના રોજ ભારતીય હોકીના દિગ્ગજ ખેલાડી મેજર ધ્યાનચંદનો જન્મ દિવસ આવતો હોવાથી તેઓના માનમાં દર વર્ષે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આ દિવસની રાષ્ટ્રીય સ્તરે ઉજવણી કરવામાં આવે છે તેમજ આ દિવસે રાષ્ટ્રપતિ દ્વારા દેશના ઉત્કૃષ્ટ ખેલાડીઓને રમતગમત ક્ષેત્રના વિવિધ પુરસ્કારો પણ એનાયત કરવામાં આવે છે.

1 થી 7 સપ્ટેમ્બર: રાષ્ટ્રીય પોષણ સપ્તાહ (National Nutrition week)



- દર વર્ષે સમગ્ર દેશમાં 1 સપ્ટેમ્બરથી 7 સપ્ટેમ્બર દરમિયાન સારા પોષણ અને આરોગ્ય વિશે જાગૃતિ ફેલાવવાના ઉદ્દેશ સાથે '**રાષ્ટ્રીય પોષણ સપ્તાહ**' (**National Nutrition week**)ની ઉજવણી કરવામાં આવે છે.
- કેન્દ્ર સરકાર દ્વારા પોષણ, સારો ખોરાક, સ્વસ્થ શરીર અને જીવનશૈલી પર ધ્યાન કેન્દ્રીત કરવા આ પહેલની શરૂઆત કરવામાં આવી છે.
- વર્ષ 2021ના 'રાષ્ટ્રીય પોષણ સપ્તાહ'ની થીમ - '**Feeding Smart Right from Start**' છે.
- આ વખતે રાષ્ટ્રીય પોષણ સપ્તાહની થીમ પોષણના મુખ્ય સ્ત્રોત પર કેન્દ્રીત છે.
- કેન્દ્ર સરકાર દ્વારા '**રાષ્ટ્રીય પોષણ સપ્તાહ**'ની ઉજવણીની શરૂઆત વર્ષ 1982માં કરવામાં આવી હતી.

ઉજવવામાં આવે છે.

- ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નહેરૂની જન્મજયંતીએ દર વર્ષે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- પંડિત જવાહરલાલ નહેરૂ બાળકો પ્રત્યે તેમના પ્રેમ માટે જાણીતા હતા.

14 નવેમ્બરઃ વિશ્વ ડાયાબિટીસ દિવસ (World Diabetes Day)



- વર્ષ 1922માં ચાર્લ્સ હર્બર્ટ બેસ્ટ સાથે મળીને ઇન્સ્યુલિન હોર્મોનની શોધ કરનાર સર ફ્રેડરિક બેન્ટિંગના જન્મ દિવસ નિમિત્તે દર વર્ષે 'વિશ્વ ડાયાબિટીસ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- દર દસ પુખ્ત વ્યકિતઓમાંથી એક વ્યકિત ડાયાબિટીસ સાથે જીવે છે.
- ઇન્ટરનેશનલ ડાયાબિટીસ ફેડરેશન (IDF) ડાયાબિટીસ એટલાસની 10મી આવૃત્તિના નવા ડેટા અનુસાર સમગ્ર વિશ્વમાં 537 મિલિયન પુખ્ત વ્યકિતઓ ડાયાબિટીસ સાથે જીવે છે.
- વર્ષ 2021ના 'વિશ્વ ડાયાબિટીસ દિવસ'ની થીમ - 'Access to Diabetes Care' છે.
- આ થીમ વર્ષ 2023 સુધી જળવાઇ રહેશે.

15 નવેમ્બરઃ જનજાતીય ગૌરવ દિવસ (Janjatiya Gaurav Divas)



- વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં તાજેતરમાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં 15 નવેમ્બરને 'જનજાતીય ગૌરવ દિવસ' તરીકે ઉજવવા અંગે મંજૂરી આપવામાં આવી છે.
- બહાદુર આદિવાસી સ્વાતંત્ર્ય સેનાનીઓની બહાદુરીને બિરદાવવા માટે આ દિવસની ઉજવણી જાહેર કરવામાં આવી છે.
- 15 નવેમ્બરએ બિરસા મુંડાની જન્મજયંતી પણ છે. જેને સમગ્ર ભારતમાં આદિજાતિ સમુદાય દ્વારા ભગવાન તરીકે માનવામાં આવે છે.
- બિરસા મુંડાએ બ્રિટિશ સંસ્થાનવાદી વ્યવસ્થાની શોષણ પ્રણાલી સામે લડીને ભારતની આઝાદીમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

16 નવેમ્બરઃ સહિષ્ણુતા માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ (International Day for Tolerance)

- દર વર્ષે 16 નવેમ્બરે સંયુકત રાષ્ટ્ર દ્વારા 'આંતરરાષ્ટ્રીય સહિષ્ણુતા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- આ દિવસની ઉજવણી અંગેનો ઉદ્દેશ અસહિષ્ણુતાના જોખમો અંગે જાનજાગૃતિ લાવવાનો છે.
- સંયુકત રાષ્ટ્ર દ્વારા વર્ષ 1995ને 'સહિષ્ણુતા વર્ષ' તરીકે ઉજવવામાં આવ્યું હતું.
- યુનેસ્કો દ્વારા સહિષ્ણુતા અને અહિંસાને પ્રોત્સાહન આપવા માટે 'મદનજીતસિંહ પ્રાઇઝ ફોર ધ પ્રમોશન ઓફ ટોલરન્સ એન્ડ નોન-વાયોલન્સ'ની શરૂઆત કરવામાં આવેલ છે.

16 નવેમ્બરઃ રાષ્ટ્રીય પ્રેસ દિવસ (National Press Day)



- ભારતમાં સ્વતંત્ર અને જવાબદાર પ્રેસની જરૂરિયાત માટે દર વર્ષે 16 નવેમ્બરે 'રાષ્ટ્રીય પ્રેસ દિવસ' ની ઉજવણી કરવામાં આવે છે.
- પ્રેસ અને મીડિયા ભારતની લોકશાહીનો ચોથો સ્તંભ છે.
- પ્રેસ કાઉન્સિલ ઓફ ઇન્ડિયાની સ્થાપનાની યાદમાં સમગ્ર દેશમાં આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- વર્ષ 2021ના 'રાષ્ટ્રીય પ્રેસ દિવસ'ની થીમ- "Who is not Afraid of Media?"
- વર્લ્ડ પ્રેસ ફ્રીડમ દિવસની ઉજવણી દર વર્ષે 3 મે એ કરવામાં આવે છે.
- વર્ષ 2021ના 'વર્લ્ડ પ્રેસ ફ્રીડમ દિવસ'ની થીમ 'Information as a Public Good' છે.



- વર્ષ 2021ના 'આંતરરાષ્ટ્રીય પુરૂષ દિવસ'ની થીમ- "Better Relations Between Men And Women" છે.

20 નવેમ્બરઃ વિશ્વ બાળ દિવસ
(World Children's Day)



- સંયુક્ત રાષ્ટ્ર જનરલ એસેમ્બલી દ્વારા વર્ષ 1959માં કરાયેલ બાળ અધિકારોની ઘોષણાના દિવસની યાદમાં દર વર્ષે 20 નવેમ્બરના રોજ 'વિશ્વ બાળ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- આ દિવસની ઉજવણી બાળકોના અધિકારોને પ્રોત્સાહન આપવા ઉપરાંત તેમના ધોરણોમાં સુધારો કરવા વૈશ્વિક સ્તરે કરવામાં આવે છે.
- વર્ષ 2021 'વિશ્વ બાળ દિવસ'ની થીમ- 'A Better Future for Every Child' છે.

20 નવેમ્બરઃ આફ્રિકા ઔદ્યોગિકીકરણ દિવસ
(Africa Industrialization Day)

21 નવેમ્બરઃ વિશ્વ ટેલિવિઝન દિવસ
(World Television Day)

- સમકાલીન વિશ્વમાં 20મી સદીની શરૂઆતની શોધની વધતી જતી અસરને ચિહ્નિત કરવા માટે દર વર્ષે 21 નવેમ્બરના રોજ 'વિશ્વ ટેલિવિઝન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- સ્કોટલેન્ડના એન્જિનિયર જોહન લોગી બાયર્ડ દ્વારા ટેલિવિઝનની શોધ કરવામાં આવી હતી.

નવેમ્બર મહિનાનો ત્રીજો રવિવાર 'રોડ ટ્રાફિક પીડિતો માટે વિશ્વ સ્મૃતિ દિવસ'
(World Day of Remembrance for Road Traffic Victims)



- નવેમ્બર મહિનાના ત્રીજા રવિવારે દર વર્ષે 'રોડ ટ્રાફિક પીડિતો માટે વિશ્વ સ્મૃતિ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- આમ, આ વર્ષે આ દિવસની ઉજવણી 21 નવેમ્બર, 2021ના રોજ કરવામાં આવી હતી.
- માર્ગ અકસ્માતમાં જેઓનું મૃત્યુ થયું છે અથવા ઇજાઓ થઇ છે તેવા લોકોને યાદ કરવા આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- વર્ષ 2021ના આ દિવસની થીમ - 'Remember. Support. Act' છે.
- WHO અનુસાર દર વર્ષે આશરે 1.3 મિલિયન લોકો રોડ અકસ્માતમાં મૃત્યુ પામે છે.
- રોડ અકસ્માતમાં નુકસાનને કારણે દરેક દેશોનો આશરે 3% GDP નો ખર્ચ થતો હોય છે.

નોંધઃ 'યુએન ગ્લોબલ રોડ સેફ્ટી સપ્તાહ'ની ઉજવણી આ વર્ષે 17-23 મે દરમિયાન કરવામાં આવી હતી.

19-25 નવેમ્બરઃ વિશ્વ વિરાસત સપ્તાહ
(World Heritage Week)



- ભારતમાં દર વર્ષે 19 થી 25 નવેમ્બર દરમિયાન વારસાના સંરક્ષણ અને સ્મારકોની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે 'વિશ્વ વિરાસત સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવે છે.
- સંસ્કૃતિ અને વારસાના મહત્વને સમજી અને તેની સુરક્ષા અંગે જાગરૂકતા ફેલાવવા માટે આ સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે.

ભારતમાં ધરોહર સાઈટો

- ભારતમાં આશરે 3,691 જેટલા સ્મારકો આર્કિયોલોજિકલ



- 15 જાન્યુઆરી, 2022ના રોજ ભારતમાં 74મો થલસેના દિવસ ઉજવવામાં આવી રહયો છે.
- વર્ષ 2022ના "ભારતીય થલસેના દિવસ" ની ઉજવણી **'In stride with the future'** ની થીમ અંતર્ગત કરવામાં આવી હતી.

લોંગેવાલામાં વિશ્વનો સૌથી મોટો ખાદીનો રાષ્ટ્રધ્વજ લહેરાવાયો

- 15 જાન્યુઆરી, 2022 ના રોજ 'ભારતીય થલસેના દિવસ'ની ઉજવણી કરવા માટે ખાદી ફેબ્રિકથી બનેલો વિશ્વનો સૌથી મોટો રાષ્ટ્રધ્વજ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો.
- રાજસ્થાનમાં ભારત અને પાકિસ્તાન સરહદે જેસલમેરના રણમાં આવેલા લોંગેવાલા ખાતે આ ત્રિરંગો લહેરાવવામાં આવ્યો હતો.
- લોંગેવાલાએ ભારત અને પાકિસ્તાન વચ્ચે વર્ષ 1971ની ઐતિહાસિક યુધ્ધનું કેન્દ્રસ્થાન હતું.
- આ સ્મારક રાષ્ટ્રીય ધ્વજ 225 ફુટ લાંબો અને 150 ફુટ પહોળો છે. તેમજ તેનું વજન અંદાજે 1,400 કિલોગ્રામ છે.

11 - 17 જાન્યુઆરી, 2022: રાષ્ટ્રીય માર્ગ સુરક્ષા સપ્તાહ (National Road Safety Week)

- કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલય દ્વારા 11 જાન્યુઆરી, 2022 થી 17 જાન્યુઆરી, 2022 દરમિયાન 'રાષ્ટ્રીય માર્ગ સુરક્ષા સપ્તાહ' ની ઉજવણી કરવામાં આવી હતી.
- આ સપ્તાહની ઉજવણી - 'સડક સુરક્ષા - જીવન રક્ષા' ની થીમ અંતર્ગત કરવામાં આવી હતી.

19 જાન્યુઆરી : કોકબોરોક દિવસ (ત્રિપુરી ભાષા દિવસ)

- કોકબોરોક દિવસ(ત્રિપુરી ભાષા દિવસ)એ ભારતના ત્રિપુરા રાજયમાં કોકબોરોક ભાષાના વિકાસની ઉજવણી કરવા માટે ઉજવવામાં આવતો તહેવાર છે. તેની ઉજવણી દર 19 જાન્યુઆરીએ કરવામાં આવે છે.
- કોકબોરોક ભાષા ત્રિપુરા રાજયમાં સત્તાવાર ભાષા છે.
- તે ઉત્તરપૂર્વ ભારતની પ્રાચીન ભાષાઓમાંથી એક છે.'કોક' એટલે 'ભાષા' અને 'બોરોક' એટલે 'લોકો'.
- કોકબોરોકને અગાઉ તિપ્રાકોક/ત્રિપુરીકોક તરીકે ઓળખવામાં આવતી હતી.

21 જાન્યુઆરી : ત્રિપુરા, મણિપુર અને મેઘાલય રાજ્ય સ્થાપના દિવસ

- મણિપુર, મેઘાલય અને ત્રિપુરા રાજ્યને 21 જાન્યુઆરી, 1972ના રોજ પૂર્ણ રાજ્યનો દરજ્જો મળ્યો હતો.
- વર્ષ 1949માં મણિપુર અને ત્રિપુરાને કેન્દ્રશાસિત પ્રદેશનો દરજ્જો આપવામાં આવ્યો હતો.
- ત્રિપુરા, મણિપુર અને મેઘાલય જેવા રાજ્યોને ઉત્તર-પૂર્વીય ક્ષેત્ર (પુનર્ગઠન) અધિનિયમ, 1971 અંતર્ગત પૂર્ણરાજ્યનો દરજ્જો પ્રાપ્ત થયો હતો.

23 જાન્યુઆરી : પરાક્રમ દિવસ

- 23 જાન્યુઆરી, 2022 ના રોજ કેન્દ્ર સરકાર દ્વારા નેતાજી સુભાષચંદ્ર બોઝની 125 મી જન્મજયંતી ઉજવવામાં આવી.
- સુભાષચંદ્ર બોઝનો જન્મદિવસ 23 જાન્યુઆરી ભારતમાં 'રાષ્ટ્રીય દેશપ્રેમ દિવસ' તરીકે ઉજવવામાં આવતો હતો. પરંતુ કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલયની જાહેરાત અનુસાર વર્ષ 2021 થી દર વર્ષે સુભાષચંદ્ર બોઝની જન્મજયંતી ભારતમાં 'પરાક્રમ દિવસ' તરીકે ઉજવવામાં આવશે.
- ભારતની સ્વતંત્રતા ચળવળમાં તેમના નોંધપાત્ર યોગદાનને ધ્યાનમાં રાખીને આ ઉજવણી કરવામાં આવે છે.
- કેન્દ્ર સરકાર દ્વારા પ્રથમ વખત પરાક્રમ દિવસની ઉજવણી વર્ષ-2021 માં કરવામાં આવી હતી.

દેશનાયક દિવસ

- તૃણમૂલ કોંગ્રેસે નેતાજીની જન્મજયંતીને 'દેશનાયક દિવસ' તરીકે ઉજવવાની જાહેરાત કરી હતી.

સુભાષચંદ્ર બોઝ



- **જન્મ** : 23 જાન્યુઆરી, 1897 (કટક, ઓડિશા)
- **પિતા** : રાયબહાદુર જાનકીનાથ
- **માતા** : પ્રભાવતી દેવી

3 સવાલ-જવાબ

WEBSANKUL

Q.1 એકેડેમી ઓફ મોશન પિક્ચર્સ એન્ડ સાયન્સ (ઓસ્કાર) માટેની ગવર્નિંગ બોડીમાં કયા પ્રસિધ્ધ ભારતીયોને તાજેતરમાં સ્થાન મળ્યું છે?

A. અભિનેત્રી વિદ્યાબાલન અને ફિલ્મ નિર્માતા એકતા કપૂર અને શોભા કપૂર

Q.2 ટોકયો ઓલિમ્પિકની સ્વિમિંગ ઇવેન્ટમાં ક્વોલિફાઇ થનારી ભારતની પ્રથમ મહિલા સ્વિમરનું નામ જણાવો?

A. માના પટેલ

Q.3 અમેરિકાના ઉધોગપતિ રિચર્ડ બ્રેસનન 11 જુલાઇએ અંતરિક્ષની મુલાકાતે જઇ રહ્યા છે. તેઓના આ અભિયાનમાં ભારતમાં જન્મેલા કયા મહિલા પણ જશે?

A. સિરિશા બાંદલા

Q.4 વિશ્વની સૌથી મોટી ઇ-કોમર્સ કંપની એમેઝોનના નવા CEOનું નામ જણાવો?

A. એન્ડી જેસી

નોંધ: એમેઝોનના CEO જેફ બેઝોસે તાજેતરમાં CEO પદેથી રાજીનામું આપ્યું છે.

Q.5 તાજેતરમાં ભારતીય આર્મીએ કઇ અભિનેત્રીના નામ પરથી ફાયરિંગ રેન્જનું નામ રાખ્યું છે?

A. વિદ્યા બાલન

નોંધ: કાશ્મીરમાં આવેલ ગુલમર્ગ ખાતેના એક મિલિટરી ફાયરિંગ રેન્જનું નામ 'વિદ્યા બાલન ફાયરિંગ રેન્જ' રાખવામાં આવ્યું છે.

Q.6 તાજેતરમાં કયા રાજ્ય દ્વારા બે થી વધુ સંતાન ધરાવનારને સરકારની નોકરી નહીં મળે એ અંગે ખરડાનો મુસદ્દો જાહેર કરવામાં આવ્યો છે?

A. ઉત્તર પ્રદેશ

Q.7 ઇન્ટરનેશનલ સોલાર એલાયન્સ ફ્રેમવર્ક એગ્રીમેન્ટ (ISA FA) પર હસ્તાક્ષર કરનાર પ્રથમ દેશ કયો છે?

A. ડેનમાર્ક

Q.8 વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન અનુસાર તાજેતરમાં પશ્ચિમ પ્રશાંત ક્ષેત્રમાં મેલેરિયા મુક્તનું પ્રમાણપત્ર મેળવનાર પ્રથમ દેશનું નામ જણાવો?

A. ચીન

નોંધ: મેલેરિયા મુક્તનું પ્રમાણપત્ર મેળવનાર ચીન વિશ્વનો 40મો પ્રદેશ બની ગયો છે.

- વર્ષ 2021માં અલ-સાલ્વાડોર દેશને પણ મેલેરિયા મુક્ત માટેનું પ્રમાણપત્ર આપવામાં આવ્યું છે.

Q.9 તાજેતરમાં ચર્ચામાં રહેલ 'પેગાસસ' શું છે?

A. ઈઝરાયેલની કંપની NSO દ્વારા વિકસાવવામાં આવેલ સ્પાયવેર છે

Q.10 તાજેતરમાં સૌથી નાની ઉંમરે ગ્રાન્ડ માસ્ટર બનનાર ચેસના ખેલાડીનું નામ જણાવો?

A. અભિમન્યુ મિશ્રા

Q.11 તાજેતરમાં કેન્દ્ર સરકારે LIC ચેરમેનની વય-નિવૃત્તિ કેટલા વર્ષ કરી છે?

A. 62 વર્ષ

Q.12 ગુજરાત રાજ્યનું કયું મંદિર અને કયું શહેર આગામી સમયમાં સંપૂર્ણ સૌરઊર્જાનો ઉપયોગ કરતું થશે?

A. સૂર્યમંદિર, મોઢેરા

Q.13 'મત્સ્ય સેતુ' મોબાઇલ એપ્લિકેશન કઇ સંસ્થા દ્વારા વિકસાવવામાં આવેલ છે ?

A. ICAR-Central Institute of fresh water Aquaculture (ICAR-(IFA), ભવુનેશ્વર

Q.14 ખાદી એન્ડ વિલેજ ઇન્ડસ્ટ્રીઝ કમિશન (KVIC) દ્વારા ગાયના છાણમાંથી બનાવેલ ખાદી પ્રાકૃતિક પેઇન્ટના 'બ્રાંડ એમ્બેસેડર'તાજેતરમાં કોને બનાવવામાં આવ્યા છે?

A. નીતિન ગડકરી

Q.15 ભારતનું પ્રથમ UPI અથવા ફોરટેગ આધારિત કેશલેસ પાર્કિંગ તાજેતરમાં કોના દ્વારા શરૂ કરવામાં આવ્યું છે?

A. દિલ્હી મેટ્રો રેલ કોર્પોરેશન (DMRC)

Q.16 ભવાની દેવીએ કઇ રમત સાથે સંકળાયેલ છે?

A. તલવારબાજી (ફેન્સિંગ)

Q.17 24 કલાક નળમાંથી પીવાનું શુધ્ધ પાણી ઉપલબ્ધ કરાવનાર ભારતનું પ્રથમ શહેર કયું છે?

A. પુરી (ઓડિશા)

Q.18 ભારતના પ્રથમ ખાનગી LNG સુવિધા પ્લાન્ટનું ઉદ્ઘાટન નીતિન ગડકરી દ્વારા કયાં કરવામાં આવ્યું હતું?

A. નાગપુર

Q.19 કોવિડ-19 વેકસિનના પ્રથમ ડોઝનું 100%

પ્રથમ દેશ ક્યો છે?

A. માલ્ટા

Q.609 રાજ્યના વરિષ્ઠ નાગરિકોની ફરિયાદોના નિવારણ માટે તાજેતરમાં ક્યો એલ્ડર હેલ્પલાઇન નંબર લોન્ચ કરવામાં આવ્યો છે?

A. 14567

Q.610 બ્રહ્માકુમારી સંસ્થાના આબુરોડ આંતરરાષ્ટ્રીય મુખ્યાલય ખાતે 'આઝાદીના અમૃત મહોત્સવથી સ્વર્ણિમ ભારત તરફ'ના અભિયાનની વર્ચ્યુઅલ શરૂઆત કોના દ્વારા કરાવવામાં આવી હતી?

A. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી

Q.611 તાજેતરમાં કઈ ભારતીય કંપનીના જણાવ્યા અનુસાર તેણે ડાયાબિટીસ સારવાર માટેની વિશ્વની સૌપ્રથમ દવા ભારતમાં લોન્ચ કરી છે?

A. નોવો નોર્ડિસ્ક ઈન્ડિયા

નોંધ: આ દવા ઓરલ સેમેગ્લુટાઈડ ડાયાબિટીસની સારવારમાં ઉપયોગી થશે.

- સેમેગ્લુટાઈડએ જીએલપી - 1 રિસેપ્ટર એનેલોગ (GLP-1 RA) છે જે ડાયાબિટીસની સારવાર માટેની દવા છે પરંતુ અત્યાર સુધી તે માત્ર ઈંજેક્શન સ્વરૂપે જ ઉપલબ્ધ હતી.
- ઓરલ ફોર્મમાં એટલે કે દવા સ્વરૂપે નોવો નોર્ડિસ્કે સૌપ્રથમ વાર તેને લોન્ચ કરી છે.

Q.612 ડિજિટલ બેંકિંગ પેમેન્ટ માટે તાજેતરમાં કઈ બેંકે **'bob world wave' wearable** પેમેન્ટ સોલ્યુશન લોન્ચ કર્યું છે?

A. બેંક ઓફ બરોડા (BOB)

નોંધ: **'bob world wave'** વિકસાવવા માટે બેંક ઓફ બરોડાએ NPCI સાથે ભાગીદારી કરી હતી.

- તેને ગ્રાહકો માટે સુવિધાજનક ડિજિટલ પેમેન્ટ સુનિશ્ચિત કરવા માટે ડિઝાઇન કરવામાં આવી છે.
- એવી અપેક્ષા રાખવામાં આવી રહી છે કે આગામી બે વર્ષમાં 10 % જેટલા પ્રમાણમાં નાની ટિકિટોની ચુકવણી પહેરી શકાય તેવા ઉપકરણોને ઉપયોગ કરીને કરવામાં આવશે.
- બેન્ક ઓફ બરોડા દ્વારા લોન્ચ કરવામાં આવેલ **bob world wave wearable** સોલ્યુશન ગ્રાહકોને તેમના શરીરનું તાપમાન, હૃદયના ધબકારા, SPO2 અને બ્લડપ્રેશરને મોનિટર કરવામાં પણ મદદરૂપ થશે.

Q.613 વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં મળેલી આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ તાજેતરમાં 'પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના'(**PMKSY**)ને ક્યાં વર્ષ માટે મંજૂરી આપી છે?

A. વર્ષ 2021-26

Q.614 8મી ઇન્ડિયન ઓશન ડાયલોગનું આયોજન તાજેતરમાં કઈ થીમ અંતર્ગત કરવામાં આવ્યું હતું?

A. 'Leveraging Digital Technologies for Health , Education , Development and Trade in Indian Ocean Rim Association (IORA) Member States'.

નોંધ: આ ડાયલોગનું આયોજન કેન્દ્રિય વિદેશ મંત્રાલય અને ઇન્ડિયન કાઉન્સિલ ઓફ વર્લ્ડ અફેયર્સ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું હતું.

- ઇન્ડિયન ઓશન રિમ એસોસિએશન(IORA)એ હિંદ મહાસાગર સાથે સીમા ધરાવતા 23 દેશોની આંતરરાષ્ટ્રીય સંસ્થા છે.
- IORAનું સચિવાલય મોરેશિયસના ઇબેને ખાતે આવેલું છે.

Q.615 દિલ્હીના ઈન્ડિયા ગેટ ખાતે આવેલ અમર જવાન જ્યોતિનું તાજેતરમાં શેમાં વિલીનીકરણ કરાયું છે?

A. નેશનલ વોર મેમોરિયલની જ્યોતિ સાથે

નોંધ: પાકિસ્તાન સાથે વર્ષ 1971 ના યુદ્ધને 50 વર્ષ પૂર્ણ થવાના અવસરે આ અમર જવાન જ્યોતિને નેશનલ વોર મેમોરિયલમાં વિલીન કરી દેવાઈ છે.

- નેશનલ વોર મેમોરિયલમાં અત્યાર સુધી યુદ્ધના તમામ સૈન્ય ઓપરેશન્સમાં શહીદ આશરે 26,000 જવાનોના નામ અંકિત કરાયા છે.

Q.616 તાજેતરમાં સુભાષ ભૌમિકનું નિધન થયું છે, તેઓ કઈ રમત સાથે સંકળાયેલા હતા?

A. ફૂટબોલ

Q.617 નેતાજી સુભાષચંદ્ર બોઝની 125 મી જન્મજયંતીના પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ક્યા સ્થળે સુભાષચંદ્ર બોઝની હોલોગ્રામ પ્રતિમાનું અનાવરણ કર્યું હતું?

A. ઈન્ડિયા ગેટ (નવી દિલ્હી)

Q.618 સૈયદ મોદી ઇન્ટરનેશનલ બેડમિન્ટન ટુર્નામેન્ટમાં મહિલા સિંગલ્સમાં તાજેતરમાં કોણ વિજેતા બન્યું છે?

A. પી.વી.સિંધુ

Q.619 'ગરુડ' એપ કઇ ભારતીય સંસ્થા દ્વારા લોન્ચ કરવામાં આવેલ છે?

A. ઇલેકશન કમિશન ઓફ ઈન્ડિયા (ECI)

Q.620 IPL માં નથી જોડાયેલ લખનઉની IPL ટીમનું નામ જણાવો.

A. લખનઉ સુપર જાયન્ટ્સ